श्री

पुज्यचरणुं वृत्तान्त

प्रथम द्वितीय तथा तृतीय समागम.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक २३८५० किंमत
ग्रंथनाम पंचवरवृत्तान्त
वर्गांक

શ્રી શ્રે ય સ્સા ધ ક અ ધિ કા રિ વ ર્ગ

શ્રીસદ્ગુરુ પરમાત્મા શ્રીમન્નૃસિંહાચાર્યજીરચિત ગ્રન્થો.

શ્રીસિદ્ધાન્ત સિંધુ (કાચું પુઠું)	૧-૧૨-૦
,, (પાકું પુઠું)	૨-૪-૦
શ્રીભામિની ભૂષણ ભાગ ૧	૧-૮-૦
,, ભાગ ૨	૧-૧૨-૦
,, ભાગ ૩	૧-૧૨-૦
,, ભાગ ૪	૨-૦-૦
,, ભાગ ૫	૨-૬-૦
શ્રીત્રિભુવન વિજયી ખડ્ગ નાની સાઇઝ પાકું પુઠું ...	૨-૮-૦
,, કાચું પુઠું ...	૨-૪-૦
,,મોટી સાઇઝ ફેધરવેટ પેપર	૩-૮-૦
સતી સુવર્ણા	૦-૫-૦
શ્રીનૃસિંહવાણીવિલાસ ભાગ ૧	૦-૬-૦
,, ભાગ ૨	૧-૦-૦
,, ભાગ ૩	૧-૦-૦
શ્રીસુરેશચરિત્ર	૧-૦-૦
શ્રીસદ્બોધપારિજાતક	૦-૮-૦
સન્મિત્રનું મિત્રપ્રતિ પત્ર...	૦-૬-૦
શ્રીપંચવરદવૃત્તાન્ત (નવી આવૃત્તિ)...	૧-૮-૦
સુખાર્થે સદુપદેશ	૦-૨-૦
શ્રીભારતી સ્તોત્ર	૦-૨-૦
ભામિનીભૂષણ ભાગ ૧,૨,૩, (એક જ વોલ્યુમમાં છાયાચિત્રસહિત)	૪-૦-૦
,, ભાગ ૪, ૫	૪-૦-૦
શ્રીનૃસિંહકિરણાવલિ	૧-૧૪-૦

અન્ય શ્રેયસ્સાધકો રચિત

ગુરુમહિમ્ન સ્તોત્ર (ન૦ પુ૦ સંઘવી)	૦-૪-૦
સ્ત્રી અને પુરુષ ભાગ ૧-૨ (કૌ૦ વિ૦ મહેતા.) પ્રત્યેક...	૦-૪-૦
શ્રીસદ્બોધસ્રવન્તી ,, ...	૦-૪-૦
માંગલિક કીર્તનાવલિ	૦-૨-૦
સદુપદેશશ્રેણી ૧ થી ૬૧ તથા ૭૭ થી ૮૬... ...	

મળવાનું સ્થાનઃ—

શ્રી શ્રેયસ્સાધક અધિકારિ વર્ગ.

ભૂતડીના ઝાંપે—વડોદરા.

ग्रन्थांक १५.

॥ ॐ ॥

॥ श्रीपंचवरदवृत्तान्त ॥

(प्रथम द्वितीय तथा तृतीय समागम)

रचनार

परमात्मा श्रीनृसिंहाचार्यजी.

દોહરા.

સાધક! ઇચ્છો ટાળવા, દારુણ હૃદયધ્વાન્ત,
ધરો ઉરે, આ જ્ઞાનરવિ, પંચવરદવૃત્તાન્ત.
ભવપ્રવાસશ્રમતાપથી, જો હો અતિશય શ્રાન્ત,
અવિચલશાંતિસુખદ ગ્રહો, પંચવરદવૃત્તાન્ત.

प्रसिद्ध करनार
वीरक्षेत्रादि विविधस्थलनिवासी
श्रेयःसाधकअधिकारिवर्ग.

सर्वाधिकार स्वाधीन.

अमदावाद

धी वीरविजय प्रीन्टिंग प्रेसमां, शा. केशवलाल
सांकळचंदे छाप्युं; ठे० सलापोस, अमदावाद.

संवत् १९९८ सन १९४२

मूल्य १-८-०

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૩૮૫૦

હરિગીત.

અવિનાશિ સુખઅર્થે અહિં તહિં, શું ઉપાયો શોધતા,
સંશયવિપર્યવૃદ્ધિકર ગ્રંથો ગ્રહી દુઃખિ કાં થતા,
આ સકલ સુખદ સુયુક્તિપૂર્ણ સુગ્રંથ સાધક! સંગ્રહો,
ભવતાપ સર્વ શમાવી અવિચલ સુખપદે સ્થિર થઈ રહો,

સન ૧૮૬૭ના પચિશમા આકટપ્રમાણે રજિસ્ટર કરાવ્યો છે.

॥ ॐ श्री ॥

પુરોવચન

બહુ વર્ષે આ મંગલ ગ્રન્થની દ્વિતીય આવૃત્તિનો શુભ પ્રસંગ પ્રાપ્ત થયો છે. કથાવાર્તાના આકર્ષક લોકપ્રિય તત્ત્વવિનાના, જ્ઞેયતત્ત્વ-વિષયક અથવા સાધનપ્રતિપાદક ધાર્મિક ગ્રન્થોનો પ્રચાર સાર્વત્રિક કેળવણીવાળા પાશ્ચાત્ય દેશોમાં પણ બહુ મર્યાદિત હોય છેઃ અનેક ગ્રન્થોની તો બીજી આવૃત્તિ જ થવા પામતી નથી. આ પુણ્ય ગ્રન્થમાં વાર્તાના તત્ત્વનો અભાવ કહી શકાય નહિ, પરંતુ શ્રી ભામિનીભૂષણના કથાવાર્તાના ચમકદાર હૃદયંગમ તત્ત્વમાં અને આ સદ્ગ્રંથગત સ્થિર શાંત આત્મકથા-તત્ત્વમાં કેટલું બધું અંતર છે તે વાંચનારને સહજ સમજી શકાય એમ છે.

જીવના પરમ કલ્યાણના સાધનોમાં પરમ પૂજ્ય કર્તાશ્રીએ સત્સંગને જેવું ઉચ્ચ પદ આપ્યું છે તેવું ભાગ્યે જ બીજા કોઇ સાધનને આપ્યું હશે. આશ્રમજીવન તથા ગુરુશિષ્યવ્યવહારનાં જીવંત ચિત્રો એઓશ્રીની કૃતિઓમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. ઉપરાંત સમાજના જંગમ ગુરુરૂપ વૃદ્ધ અતિથિપાસે કર્તાશ્રીએ જે કામગિરી લીધી છે તેટલી બીજા કોઇ લેખકે લીધેલી જાણ્યામાં નથી. સમુદ્રનું વાતાવરણ "ઓઝોન" તત્ત્વથી જેમ ચમત્કારિક રીતે આરોગ્યસાધક બને છે તેમ અતિથિના આગમનથી અને ઉપદેશથી કુટુંબનું વાતાવરણ એવું દિવ્ય રૂપાંતર પામે છે કે **अतिथिदेवो भव**। એ વેદવિધાનની યથાર્થતા આપણને સમજાયાવિના રહેતી નથી.

या लोकद्वयसाधनी तनुभृतां सा चातुरी चातुरी। આ લોક અને પરલોકને સાધનારી મનુષ્યોની જે ચાતુરી તે ખરી ચાતુરી છે.

શ્રીપંચવરદ સામાન્ય પુરુષ નહતા. મહાકવિ કાલિદાસે પોતાના અમર મહાકાવ્યના આરંભમાં સૂર્યવંશી રઘુરાજાઓનાં જે દૈવી લક્ષણો વર્ણ્યાં છે તેવાં તેમનામાં હતાં. તેઓ ચક્રવર્તી નરેન્દ્ર હતા, પરંતુ તેમની સત્કીર્તિનું અવલંબન તેમના વિજયાદશમીના ભવ્ય સમારોહ જેવા કોઇ લૌકિક વ્યતિકર ઉપર ન હતું. He who ruleth his spirit is greater them he who taketh a city. "નગર સર કરનાર રાજા કરતાં અંતઃકરણનો સંયમ કરનાર પુરુષ શ્રેષ્ઠ છે." તે પ્રમાણે શ્રીપંચવરદ ઐહિક કર્તવ્યનો પાર પામી, સંયમતત્ત્વને સંપૂર્ણ રીતે સિદ્ધ કરી, આધ્યાત્મિક કર્તવ્યની પરિસીમાએ પહોંચી જીવન્મુક્ત દશાના અનવધિ આનંદને ભોગવી રહ્યા હતા, છતાં સત્સંગની શુભ વાસના તેમણે જાણી જોઇને શેષ રાખી હતી. તેથી

તેમણે "પોતાના નિપુણ સેવકોને આ પ્રકારની આજ્ઞા કરી હતી કે અષ્ટ દિશાપ્રતિ સ્વેચ્છાએ વિચરનાર વિરક્ત સરખા પુરુષો જેઓ પોતાના શરીરના નિર્વાહક હેતુઓને સેવતા હોય એવા સર્વને સવિનય" પોતાના સમીપ લાવવા. પ્રથમ મહાત્માનો સમાગમ પોતે એકલાએ જ કર્યો હતો. ત્યારપછીના સમાગમમાં તેઓએ "કુટુંબનાં પુત્ર પૌત્રાદિ સઘળાં સ્ત્રીપુરુષને બેસાડવા નિશ્ચય કર્યો, કારણ કે મહાત્માઓના મુખથી શ્રવણ કરેલી નાના પ્રકારની કથા પાપથી મૂકાવનાર તથા સર્વોત્તમ અને અચલ પદને પ્રાપ્ત કરનાર હોય છે."

જે પ્રથમ તપસ્વી મહાત્માનો શ્રીપંચવરદ નરેન્દ્રને સમાગમ થયો તેઓ તેમની વિજ્ઞપ્તિઉપરથી પોતાનો સવિસ્તર વૃત્તાંત કહે છે. તપશ્ચર્યાને અંતે તેઓએ ચિત્રારણ્ય નામથી ખ્યાતિ પામેલા વનમાં પ્રવેશ કર્યો. ત્યાં અનેકાનેક ભયજનક, આશ્ચર્યકારક અને આનંદોત્પાદક વ્યતિકરો દૃષ્ટિગોચર થયા. પ્રચંડ શબ્દોએ તેમને ત્રાસ ઉપજાવ્યો; નાગમણિ તેમને માર્ગદર્શક થયો હતો; ઉપરાંત અસંખ્ય પ્રકાશક જંતુઓ, વાદિત્રઘોષ, દિવ્ય ભુવનો, સહસ્રાવધિ સ્ત્રીઓ, વિશાલ જલાશય, વિશાલપર્વત, અસંખ્ય પુરુષસ્ત્રીસમુદાય, આકાશમાં ચઢવાની અગણિત નાની મોટી સીડીઓ, નીચે પૃથ્વીમાં ઊતરવાની રચનાઓ, વિશાલ જલકુંડ, છેક નાના તથા છેક મોટા કદના મનુષ્યો, અલૌકિક સુગંધયુક્ત વાયુ તથા રમણીય નાદ, દિવ્ય ઉપવનમાં દિગંબરા દેવાંગના અને મોહક અષ્ટ સ્ત્રીઓ—જે છેવટે પાષાણ મૂર્તિઓ સિદ્ધ થઈ—ઇત્યાદિ લોકાતીત દૃશ્યોએ તપસ્વી મહાત્માને એટલો બધો મોહ ઊપજાવ્યો કે તેમનું અભિમાન ગલિત થઈ ગયું, અને તેમને તેમના નિકૃષ્ટ અધિકારને લીધે ગ્લાનિ ઉત્પન્ન થઈ. લાંબા પ્રવાસને અંતે માંગલિક અલૌકિક વચન તેમને કાને પડે છે, જેને અનુસરી તેઓ દક્ષિણ દિશામાં પ્રયાણ કરે છે. આ પ્રસંગે તપસ્વી પુરુષ ભક્તિના આવેશથી પ્રેરાઈ અસાધારણ વ્યાપકતાવાળી પ્રાર્થના કરે છે, જેમાં પરમાત્માથી આરંભી દૈવી, આસુરી તથા મિશ્ર પ્રજાનો સમાવેશ થાય છે. (પૃ. ૩૩–૩૮.) આ પ્રાર્થનાપ્રતિ વાંચનાર બંધુઓનું ખાસ લક્ષ દોરવામાં આવે છે. અંતે એક દિવ્ય પુરુષના દર્શનથી હૃદયમાં જે આનંદના ઓઘ ઊડે છે તેનું વર્ણન ગુર્જર રસસાહિત્યના એક રમણીય ઉદાહરણરૂપ છેઃ—

"હે ક્ષિતિપતિ !......નીરખવા લાગ્યો." (પૃ. ૩૮–૩૯).

એ પુરુષવરથી સૂચન કરાયલી ગુહામાં તપસ્વીએ પ્રવેશ કર્યો. આગળ ઉપર રમણીય મંદિર આવ્યું. ત્યાં એક બીજા પુરુષનું દર્શન

તપસ્વીને થયું. તે આગળનો માર્ગ સૂચવે છે. છેવટે મણિમય દિવ્ય ભુવનનું દર્શન તપસ્વીને થાય છે. ત્યાં મોટા મંડપમાં, જાણે દેવતાઓનો તથા મહર્ષિઓનો વિશાલ સમાજ ભરાયો હોય તેમ, મોટી સભા દિવ્યસરખા શરીરવાળા પુરુષોની ભરેલી તેમણે દીઠી, અને એક ઊંચા સિંહાસનઉપર જેમ દેવોના રાજા ઇન્દ્ર બેઠા હોય એમ એક ભુવનના ઈશ્વરસરખા પુરુષ તેમણે બેઠેલા જોયા. "તપસ્વીએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પવિત્ર મહાસમાજ તત્કાલ અદૃશ્ય થઈ ગયો. તપસ્વીની જિજ્ઞાસા ઉપરથી મહાત્માએ તેના મસ્તક ઉપર હસ્ત મૂકયો, જેના પ્રભાવથી તપસ્વીને જાણે સર્વજ્ઞતા તથા સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હોય એવો અનુભવ થયો.

મહાત્મા તે બીજા કોઇ નહિ પણ મહાન્ સિદ્ધેશ્વર હતા. પૂર્વે ઉરસ્વાન્ નામના શંકરની વિભૂતિરૂપ મુનિ વિચરતા વિચરતા સિદ્ધલોકમાં ગયલા તે સમયે સિદ્ધેશ્વરે તેમને વિધિસર નમસ્કાર નહિ કરેલા, તેથી અપ્રસન્ન થઇ ઉરસ્વાન્ મુનિએ તેમને શાપ દીધેલો કે–મનુષ્યલોક કે જ્યાં આવાં સ્ખલનો સામાન્ય રીતે જોવામાં આવે છે અને ક્ષંતવ્ય મનાય છે ત્યાં આપનો જન્મ થાઓ. એ શાપને સિદ્ધેશ્વરે ઇષ્ટસંકેતરૂપે સ્વીકાર્યો, પરંતુ તેમણે પણ તે સંકેતને અનુસરી ઉરસ્વાન્ મુનિને શાપ આપ્યો કે–આપ પણ મહામોહાદિ નિમિત્તોવડે વ્યાકુલીભાવને પ્રાપ્ત થતા ભ્રમણ કરતા એ લોકમાં મને એક વાર દર્શન આપજો, કારણ કે ત્યારવિના આપણને નિવૃત્તિ થનાર નથી.

ભૂમંડળપર આવી તેના અધ્યક્ષ દેવપાસે સિધ્ધેશ્વરે નિવાસસ્થાન માગતાં તેમને ચિત્રારણ્યનો પ્રદેશ આપવામાં આવ્યો. ત્યાં સિધ્ધેશ્વરે પોતાના સંકલ્પના ઐશ્વર્યથી આ બધી સૃષ્ટિ રચી હતી. જે જે વ્યતિકરોનું તપસ્વીને ચિત્રારણ્યમાં દર્શન થયું હતું તે બધા તેમણે "બ્રહ્માંડે તે પિંડે, અને પિંડે તે બ્રહ્માંડે" એ નિયમે પોતાના જ શરીરમાં હવે જોયા. પ. પૂ. કર્તાશ્રીએ પોતાના એક કીર્તન પદ્યમાં ઉપદેશ કર્યો છે—

"નગરી આ શોભીતી સાંપડી,
તેને શોધી લે આદિ રે;
જેમાં બંધાયો તું મમત્વ ધરી,
તેમાં રહે ના પ્રમાદી રે,
સાધક શિખ આ શ્રવણ ધરી."

(શ્રી નૃ૦ વા૦ વિ૦ તૃ૦ પુ૦)

એ પ્રમાણે તપસ્વીનું શરીર જ ચિત્રારણ્ય બની ગયું. નાગલોક, કુંડલિની શક્તિ, મૂલાવિદ્યા અથવા મહાવાસનારૂપ ભુવનેશ્વરી, ઉદરાકાશ, નાભિસમીપ આવેલું સૂર્યમંડળ, જીવની વિવિધ ગતિઓની સૂચક શિરાઓ, આસુરી સંપત્તિ, અસંખ્ય સંસ્કારો, અષ્ટ પ્રકૃતિઓ, તેમના અધિષ્ઠાનરૂપ હૃદયપદ્મ, દિવ્ય ગંધ, દિવ્ય સ્વર, પુરીતતિ નાડી, અનાહત નાદ, બ્રહ્મગ્રન્થિ, વિષ્ણુગ્રન્થિ તથા રુદ્રગ્રન્થિ–એ સર્વ વ્યતિકરોનું જ્યારે તપસ્વીમુનિએ પોતાની જ કાયામાં નિરીક્ષણ કર્યું ત્યારે તેમને તેજ વ્યતિકરોની બૃહત્રૂપે સિધ્ધેશ્વરે ચિત્રારણ્યમાં કરેલી વ્યવસ્થા સમજાઈ, અને તેમના ચકિતભાવની સીમા રહી નહિ. "પેલા ઉરસ્વાન્ મુનિનું શું થયું ?" એ પ્રશ્નનું ઉત્તર આપવા સિધ્ધેશ્વરથી સૂચવાતાં સર્વ રહસ્યનો એક ક્ષણમાં સ્ફોટ થઈ ગયો. શંકરની વિભૂતિરૂપ ઉરસ્વાન્ મુનિ તે બીજા કોઇ નહિ, પણ તપસ્વી મુનિ જાતે પોતે જ. અવનવા અદ્‌ભુત પ્રસંગોની મનહર ગુંથણીવાળો પ્રથમ મહાત્માનો વૃત્તાંત અહિં સમાપ્ત થાય છે.

બીજા મહાત્માના પુણ્ય સમાગમનું પ્રાણભૂત તત્ત્વ સદ્વિચાર છે. સદ્વિચારના મહિમાનો ઘોષ કરતાં એક પવિત્ર સદ્‌ગ્રન્થ જણાવે છે–

यत्पश्यत्यवदाता धीः सोपपत्तिविचारणा ।
न तन्नेत्रैस्त्रिभिः शर्वो नेन्द्रो नेत्रशतैरपि ॥

[યુક્તિયુક્ત વિચારવાળી પવિત્ર બુદ્ધિ જે દર્શન કરે છે તે શંકરભગવાન્ પોતાનાં ત્રણ નેત્રથી અને ઇન્દ્ર પોતાના હજાર નેત્રથી પણ કરી શકતા નથી.]

પ્રાપ્તવ્યનિર્ણય, કર્તવ્યનિર્ણય, ઉપાસનાભેદ, સદ્‌ગુરુશરણની શાસ્ત્રીયતા, કૃતાર્થતા અર્થાત્ જીવન્મુક્તિ સાથે ઉપદેશક આચાર્યપદની પ્રાપ્તિ, શિષ્યવૃંદની જમાવટ, સમાજનું મહાત્માપ્રતિ વલણ, વિરોધી પક્ષોની દોષયુક્ત વિવિધ પ્રવૃત્તિઓ, બુદ્ધિ તથા શ્રદ્ધાનાં તત્ત્વોને આધારે શિષ્યોના ભિન્ન વર્ગ, તેમના વિચાર તથા તેમના પ્રતિ તેમના અધિકારાનુસાર ભિન્ન ભિન્ન ઉપદેશ, અધિકારિભેદ, વાસનાક્ષય, મનોજય, અને તત્ત્વજ્ઞાનનાં વિસ્તૃત સ્વરૂપો, મદભેદ, સપ્તભૂમિકા, પુર્યષ્ટક, અવસ્થાભેદ, વર્ણાશ્રમના સામાન્ય વિશેષ ધર્મો, ભિક્ષાન્નગ્રહણપ્રકાર–ઇત્યાદિ શ્રેયસ્કર વિષયોની પરંપરા એટલા વિસ્તારથી વર્ણવામાં આવી છે કે પ. પૂ. કર્તાશ્રીએ દ્વિતીય સમાગમની સમાપ્તિએ (પૃ. ૧૮૧) ઉચ્ચારેલી ફલશ્રુતિનું યથાર્થપણું આપણે સમજી શકીએ છીએ.

"પંચવરદ વૃત્તાંત આ, ધારે ઉર ધરી સ્નેહ;
ક્રમે સહજ દોષો સકલ, પામે પદવી વિદેહ.
... ...
એવી સર્વોત્તમ દશા, લહી આ, લહે સુપાત્ર."

દ્વિતીય સમાગમની વિશિષ્ટતા એ છે કે **શ્રી भामिनी भूषण,** તૃતીય અલંકાર અંતર્ગત દિવ્યમૂર્તિ મહાત્માના આખ્યાનની પેઠે પ. પૂ. કર્તાશ્રીના જીવનઉપર એથી કંઇક પ્રકાશ પડે છે. શ્રેયસ્સાધક અધિકારિવર્ગના સદ્ગુરુશ્રી પોતાની આચાર્યપદવીપ્રતિ કઇ દૃષ્ટિથી અવલોકતા તે તેમના મહાભાગ્યશાલી શિષ્યવર્ગને તો અનુભવગોચર હતું; એ દૃષ્ટિનું સ્વરૂપ પ. પૂ. કર્તાશ્રીએ **श्री सद्बोध पारिजातक** અંતર્ગત એક પત્રમાં પોતે જ સ્પષ્ટ કર્યું છે:—

"મુખ્ય નીતિ તો એવી છે કે શિષ્યભાવનાવાળી વૃત્તિએ ગુરુભાવ કર્યા પછી ત્યાં માન આપી વર્તવું એ શિષ્યના ભૂષણરૂપ છે. પણ ગુરુભાવ તો કદાચિત્ પણ ગુરુત્વવાળી વૃત્તિમાં થવો જ ઘટતો નથી. તેથી ગુરુત્વના આરોપવાળી વૃત્તિની ગુરુત્વાભિમાનયુક્ત પ્રવૃત્તિ તે ગુરુસ્થાનના દૂષણરૂપ ગણાય છે. માટે વસ્તુતઃ ગુરુભાવ સંભવતો નથી, અને વ્યવહાર પણ તેવા ભાવને રાખી કરવાથી દૂષણ ઠરે છે." (પત્ર ૫૮, પૃ૦ ૨૪.)

"અમુક મારો શિષ્ય છે" એવું વચન સદ્ગુરુશ્રી કદી પણ ઉચ્ચારતા ન હતા, પરંતુ "અમુક ભાઇ આપણે ત્યાં આવે છે" એવી નિરભિમાનતાવિભૂષિત વાણી એમની હતી. શણગારેલી ગાદીએ બિરાજી શિષ્યગણપાસે ચરણચંપી કરાવવામાં એઓ આનંદ માનતા ન હતા, પરંતુ પિતૃભાવ અને સખાભાવથી એમનો ગુરુ-ભાવ સદા આચ્છાદિત રહેતો હતો. આની ઝાંખી દ્વિતીય સમાગમ કરાવે છે.

શ્રેયસ્સાધક અધિકારીવર્ગપ્રતિ સમાજની અનિર્વચનીય ઉપેક્ષા-બુદ્ધિથી માંડી પ્રકટ પ્રશંસાપર્યંતના વિવિધ ભાવોનું ગર્ભિત સૂચન પણ આ સમાગમદ્વારા થાય છે.

વાંચનાર વર્ગના ન્યૂન ભાગ્યને લીધે ત્રીજો સમાગમ અપૂર્ણ રહેલો. તેમાં અયોગ્ય વક્તાઓ, લેખકો, અનુચિત વર્તનવાળા લોકો અબુદ્ધ તથા પ્રબુદ્ધ મનુષ્યોનાં લક્ષણ વગેરેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. નીચેનાં અમૃતમય વચનોથી એ સમાગમ સમાપ્ત થાય છે:—

"આ વિશ્વમાં અધમ કે અધમથી પણ અધમ મનુષ્યોએ નિરાશ થવા સરખું નથી, કારણ કે તે અધમ અને અધમથી અધમ મનુષ્યો પણ યોગ્ય ઉપચારોથી ઊંચી ઊંચી પંક્તિમાં આવી શકે છે. માટે પોતાના અધિકારને જોઈ જાણીને તેથી ચઢવાનો પ્રયત્ન સાધવો ઉચિત છે. કોઇએ પણ મનુષ્યત્વ અસાધ્ય ગણીને નિરાશ થઈ બેસી રહેવું ઉચિત નથી. ગુરુજનોનો અને સત્પુરુષોનો એ જ ધર્મ શાસ્ત્રે તથા સત્શાસ્ત્રે પ્રસિદ્ધ છે કે તેમણે વિવિધ યુક્તિથી પરિચિત તથા અપરિચિત મનુષ્યને મનુષ્યત્વને પ્રાપ્ત કરી ક્રમવડે ઉત્કૃષ્ટ ગતિને પ્રાપ્ત કરવાં."

અત્યંત હર્ષની વાત છે કે આ અપૂર્ણ તૃતીય સમાગમને પરિપૂર્ણ કરવા આ વર્ગના સાંપ્રત આચાર્ય, શ્રી આદિસદ્‌ગુરુભગવાનના અર્ચનીય આત્મજ શ્રીમાન્ સુરેશ્વરાચાર્યજીને અભ્યર્થના કરવામાં આવતાં તેઓએ કૃપા કરી તે સ્વીકારી, અને એ પવિત્ર સમાગમ મંદિરને શેષ વિભાગોની પૂર્ણતાપૂર્વક સુવર્ણકલશથી દીપાવ્યું છે.

પૂર્વોક્ત અવતરણના છેલ્લા વાક્યને નિમિત્ત લઈ, તેઓએ પોતાની પ્રતિભામય સૂક્ષ્મ કલાથી શ્રી પંચવરદ રાજેન્દ્રના હૃદયમાં જીવન્મુક્તિપદથી ક્ષણિક પ્રચ્યુતિના ભાનરૂપ રમણીય ભ્રમણા ઉપજાવી, તેનું તેવું જ રમણીય નિરાકરણ તૃતીય મહાત્માપાસે કરાવ્યું છે. આચાર્યશ્રીએ સરલ મનોહર શૈલીમાં પોતાનું યશસ્વી કાર્ય કર્યું છે. મહાત્મા પોતાનો વૃત્તાંત જણાવે છે; તે દ્વારા ગુરુશિષ્યનો અવર્ણનીય આધ્યાત્મિક સંબંધ, ગુરુનું અનુપમ વાત્સલ્ય, શિષ્યની અતુલ નિરભિમાનતા, બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમના અનેક મર્મો, સંસારની દુઃખરૂપતા, દૃશ્યનું મિથ્યાત્વ–એ સર્વના પ્રતિપાદનપૂર્વક એ સમાગમની સમાપ્તિ કરવામાં આવી છે. "આંગળી આપતાં પોંચે વળગે" એ કહેવત ચાલુ પ્રસંગમાં અમને સંપૂર્ણ રીતે લાભકારક હોવાથી અમે પ. પૂ. આચાર્યશ્રીપ્રતિ ઉપકારભારથી અવનત મસ્તકે અમારી નમ્ર અભ્યર્થના ચાલુ રાખીએ છીએ કે તેઓશ્રી પોતાની કૃપા ચાલુ રાખી અમારા તથા સમાજના શ્રેયઅર્થે પોતાની અસાધારણ સામર્થ્યવાળી લેખિનીના પ્રવાહને ચાલુ રાખે.

વડોદરા,
સં. ૧૯૯૮, ગુરુપૂર્ણિમા } **શ્રેયસ્સાધક અધિકારી વર્ગ.**



सद्गुरु श्रीमन्नृसिंहाचार्यजी

प्रादुर्भाव :

सं० १९१० कार्तिक कृष्ण १४ मंगलवार.

स्थल : कठोद [सुरतसमीप]

स्वरूपावस्थान :

सं० १९५३ श्रावण शुक्ल ५ मंगलवार

स्थल : वडोदरा

॥ ॐ श्री ॥

॥ अथ प्रसिद्धिकर्तृकृतमङ्गलम् ॥

माया पूर्णशशाङ्कसुन्दरमुखी मन्दस्मितैर्मंजुलै—
र्विद्युच्चंचलवीक्षितैश्च चिकुरैर्दीर्घैर्घनश्यामलैः।
यन्माहात्म्यभरप्रतारणविधौ हन्त स्वयं वञ्चिता
तं श्रीमन्नृहरिं परं निरवधिं नित्यं निरीहं नुमः ॥ १ ॥

आकाशं गन्धवाहः शुचिसलिलधराः पंचभिः कार्यदक्षैः
शैलूषैरेभिरग्र्यैर्विरचयति जगन्नाटिकां मायिकां यः।
कृत्वा मुग्धप्रबुद्धानवरवरनरान् वर्तते निर्विकार—
स्तं सर्वज्ञं स्वतंत्रं गुरुवरनृहरिं संस्तुमः सूत्रधारम् ॥ २ ॥

त्रितापप्लुष्टानां जगदटननिर्विण्णमनसां
विशालाशातृष्णाकवलितमतीनां गतदृशाम्।
शरण्यं निष्कामं विकृतिरहितं ज्ञानवपुषं
प्रशान्तं प्राप्ताः स्मो नरहरिगुरुं सौख्यजलधिम् ॥ ३ ॥

यत्पुण्यबोधविकरालकृपाणहस्ताः
कृत्तैरहो षडरिमस्तकनालिकेरैः।
स्वस्वान्तसंयुगभुवं विकिरन्ति वीरा—
स्तस्मै सदा नृहरये प्रमुदा प्रणामः ॥ ४ ॥

धवलिता ज्वलिता दलिता दिशः
कृतिचया रिपवश्च यदीयया।
वररुचा गिरया कृपया प्रभुं
तममलं नृहरिं सततं नुमः ॥ ५ ॥

चलं धनं चलं यशश्चलं कलेवरं गृहं
चलं कलत्रपुत्रमित्रबान्धवादयश्चलाः।
नृसिंहसद्गुरोः कृपा नृसिंहसद्गुरोर्गिरा
नृसिंहपादपद्मभक्तिरेतदेव निश्चलम् ॥ ६ ॥

संसारगर्तमग्नानां मलिनीकृतवर्ष्मणाम्।
जीवानामुद्धृतौ नाथ तवैव चरणौ क्षमौ ॥ ७ ॥

अधर्मोन्मूलने दक्षं कर्मोद्धूननपण्डितम्।
मन्मथोन्मथने विज्ञं दुर्जनोन्मर्दनक्षमम् ॥ ८ ॥

हृदयोन्मीलनाभिज्ञं बन्धोन्मोचनशिक्षितम्।
नमामो भक्तिभावेन नरकेसरिणं गुरुम् ॥ ९ ॥

पूर्णिमाना चंद्रसमान सुंदरमुखवाळी माया पोताना मनोहर मंद

સ્મિતરૂપ સત્ત્વગુણથી, વીજળી જેવા ચંચલ કટાક્ષરૂપ રજોગુણથી અને દીર્ઘ તથા મેઘસમાન શ્યામ કેશરૂપ તમોગુણથી જેના અપાર માહાત્મ્યને (લિપ્ત કરી) ઠગવામાં પોતે જાતે જ ઠગાઇ ગઈ (જેના માહાત્મ્યને લિપ્ત કરી શકી નહિ) તે શ્રેષ્ઠ, દેશકાલપરિચ્છેદથી રહિત, નિષ્કામ, તથા તે માયાના નિયંતા **શ્રીનૃસિંહને** અમે સ્તવીએ છીએ. (૧)

આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી એ પાંચ કાર્યકુશળ મુખ્ય નટોથી જે પરમાત્મા આ જગતરૂપ માયિક નાટકને રચીને પ્રાકૃતજીવોને મોહ પમાડે છે તથા સંસ્કારી જીવોને યથાર્થ જ્ઞાન-સંપન્ન કરે છે છતાં પોતે નિર્વિકાર રહે છે તે સર્વજ્ઞ તથા સ્વતંત્ર સૂત્રધારરૂપ ગુરુવર **શ્રીનૃસિંહને** અમે સ્તવીએ છીએ. (૨)

ત્રિતાપથી જે દગ્ધ છે, સંસારભ્રમણથી જેમનાં મન ઉદ્વેગને પામ્યાં છે, જેમની મતિ પ્રબલ આશા અને તૃષ્ણાથી ખવાઇ ગઈ છે, અને જે અજ્ઞાનથી અંધ થયા છે એવા જીવોના નિષ્કામ, નિર્વિકાર, જ્ઞાનમય, પ્રશાન્ત, અને સુખસાગર શરણરૂપ **શ્રીનૃસિંહને** અમે પામ્યા છીએ. (૩)

જેમના પવિત્ર ઉપદેશરૂપ વિકરાલ તલવારને હાથમાં લઇને શૂરવીર સાધકો પોતાની અંતઃકરણરૂપ રણભૂમિને ષડ્રિપુનાં કાપેલાં માથાંરૂપ નાળિયેરથી પાથરે છે તે **શ્રીનૃસિંહને** સદા પ્રીતિવડે અમારા પ્રણામ છે. (૪)

જેમની શ્રેષ્ઠ કાંતિએ દિશાઓ શ્વેત કરી છે, જેમના ઉપદેશથી કર્મનો કોશ દગ્ધ થયો છે, તથા જેમની કૃપાથી ષડ્રિપુનો સંહાર થયો છે તે નિર્મલ **શ્રીનૃસિંહપ્રભુને** નિરંતર અમે સ્તવીએ છીએ. (૫)

(આ સંસારમાં) લક્ષ્મી ચલ છે, કીર્તિ ચલ છે, કાયા ચલ છે, ગૃહ ચલ છે, અને સ્ત્રી પુત્ર, મિત્ર, બન્ધુઆદિ વિષયો પણ ચલ છે; માત્ર અચલ વસ્તુ **શ્રીનૃસિંહસદ્ગુરુની** કૃપા, **શ્રીનૃસિંહસદ્ગુરુનો** ઉપદેશ, અને **શ્રીનૃસિંહનાં** ચરણપદ્મની ભક્તિ જ છે.

સંસારરૂપ કીચડમાં પડેલા અને તેથી જેમનાં સર્વાંગ મલથી વ્યાપ્ત થયેલાં છે એવા જીવોને ઉદ્ધારવામાં હે **નાથ**! આપના ચરણ જ સમર્થ છે. (૭)

અધર્મને ઉન્મૂલ કરવામાં કુશલ, કર્મને ધુણાવવામાં પ્રવીણ, કામાદિનો સંહાર કરવામાં દક્ષ, દુર્જનનું મર્દન કરવામાં સમર્થ, હૃદયકમલને વિકસિત કરવામાં પટુ, અને સંસારબન્ધ છોડવામાં પંડિત એવા **શ્રીનૃસિંહગુરુને** ભક્તિપૂર્વક અમે નમીએ છીએ. (૮-૯)

श्रेयःसाधक अधिकारि

॥ ॐ श्रीं ॥

॥ प्रसिद्धिकर्तृकृत प्रस्तावना

[प्रथम आवृत्ति]

શ્રીમહાકાલના પ્રાદુર્ભાવપશ્ચાત્, સર્વત્ર પૂજ્ય, સેવ્ય, ઉપાસ્ય, જ્ઞેય, ધ્યેય અને ઇષ્ટરૂપે સ્વીકારયલા અનન્તૈશ્વર્યાધિપતિ **મહાત્મા વરિષ્ઠ શ્રીમન્નૃસિંહાચાર્યજી**પ્રતિ, શ્રેયઃસાધકોને શ્રેયઃસિદ્ધિમાં સહાયક થઇ પડે એવું કોઇ સુબોધક આખ્યાન લખવા આ વર્ગથી પ્રાર્થના કરાઇ હતી. જીવમાત્રનું નિરન્તર હિત ચિંતવનાર તથા તત્સાધક પ્રવૃત્તિમાં આયુષ્ વ્યતીત કરનાર તે અત્યંત દયાલુ **સદ્ગુરુશ્રીએ** તે પ્રાર્થના સ્વીકારીને પ્રસ્તુત **શ્રીપંચવરદવૃત્તાન્ત** નામક કલ્યાણકારક ગ્રંથનો આરંભ કર્યો હતો. જેમ જેમ એ પુણ્યવૃત્તાન્ત અવકાશાનુસાર લખાતો ગયો હતો, તેમ તેમ **શ્રીમહાકાલ**નાં વિવિધ દર્શનોમાં તે પ્રકટ થતો ગયો હતો.

નૃપતિમાં જે જે ગુણલક્ષણાદિની આવશ્યકતા નીતિશાસ્ત્રકારો કથે છે, તે તે ગુણલક્ષણાદિથી યુક્ત **શ્રીપંચવરદ** આ પૃથ્વીના શૃંગારરૂપ હતા. તેમણે પોતાના રાજનગરમાં આવી પ્રાપ્ત થતા તત્ત્વાકારપરિણામને પામેલા મહાત્માઓનો પ્રતિદિવસ સમાગમ કરવાનો નિયમ રાખ્યો હતો. એ નિયમાનુસાર અનેક મહાત્માઓનો સમાગમ એમને થયો હતો. તે પ્રત્યેક સમાગમસમયે તે તે મહાત્માદ્વારા અનેક બોધક વિષયોનું શ્રવણ એમને થયું હતું. એમાંના **શ્રીમહાકાલ**માં પ્રકટ થયેલા પ્રથમ બે સમાગમો શ્રેયઃસાધકોને તથા અન્ય ઉદાસીન સદ્વિવેકી પુરુષોને એટલા બધા સુબોધક, સુખસ્વરૂપ થવાની સદ્યુક્તિઓથી પૂર્ણ, અને વૃત્તિને તથા મતિને ઉચ્ચ અધિકારે સ્થાપવા અર્થે નિરન્તર શ્રવણમનન કરવા યોગ્ય ભાસ્યા છે કે તેમને પૃથક્ પુસ્તકરૂપે પ્રકટ કરવા તેમણે અનેક પ્રસંગે પોતાની શુભેચ્છા પ્રદર્શિત કરી હતી. તે શુભેચ્છાનુસાર ઉક્ત સદ્ગ્રંથના પ્રથમ બે સમાગમ પૃથક્ પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં મુકવાનો મંગલમય સમય ઇશકૃપાથી આજે પ્રાપ્ત થયો છે.

પરમ પૂજ્ય, પરમ કૃપાલુના મંગલનિકેતન કરકમલશ્રીથી દેશકાલાનુસાર લખાતા સચ્છાસ્ત્રરૂપ ગ્રંથો કેવલ શ્રેયઃસાધકોને જ અત્યંત હિતકર ભાસ્યા છે એમ નથી, પરંતુ સત્સંસ્કારવાળી અને કલ્યાણની ઇચ્છાવાળી અન્ય સત્પ્રજા પણ અત્યંત પૂજ્યભાવથી તેનો આદરપૂર્વક લાભ લે છે, એ વાર્તા હવે અપ્રકટ નથી.

એ તો ખરું છે કે મૌક્તિક જેમનો આહાર નથી એવાં બગલાંઓને મૌક્તિકપ્રતિ અભિરુચિ હોતી નથી, તેમ આ સંસારમાં જન્મ ધરીને વિષયનાં તુચ્છ, ક્ષણિક સુખોનો ઉપભોગ એ જ જેમણે પોતાનું કર્તવ્યપ્રાપ્તવ્ય માન્યું હોય છે, અને તેથી કરીને નિર્વિષયી નિત્યસુખની પ્રાપ્તિનો ઉદ્યોગ એ જેમની પ્રીતિનો વિષય નથી એવા પાપસંસ્કારપ્રધાન જીવોને નિઃશ્રેયસ સધાવનાર ગ્રંથોપ્રતિ અભિરુચિ હોતી નથી, અને તેથી તેવા કેટલાક આ વર્ગથી પ્રકટતા, પ્રધાનપણે નિર્વિષયી સુખનાં સાધનોનું પ્રતિપાદન કરનાર ગ્રંથોપ્રતિ અભાવ દર્શાવે એમાં આશ્ચર્ય જેવું નથી; કારણ કે વિદ્વાનોનો એ અનુભવસિદ્ધ નિશ્ચય જ છે કે ઉગ્ર પુણ્યના સંચયવિના નિઃશ્રેયસના માર્ગમાં યોજનાર ગ્રંથોપ્રતિ જીવોની પ્રવૃત્તિ થતી નથી.

પરમાર્થમાર્ગાનુસારી પુરુષોનો અને કેવલ સંસારાસક્ત જીવોનો સ્વભાવભેદથી પરસ્પરનો વિરોધ અનાદિકાલથી ચાલતો આવે છે; પરંતુ તેમાં ભેદ એટલો હોય છે કે કેવલ સંસારાસક્ત જીવો પ્રથમોક્ત પુરુષોપ્રતિ દૃઢ દ્વેષબુદ્ધિ સેવતા તેમનું અહિત કરવા—યદ્યપિ કોઇ પણ પ્રકારે તેમનું વાસ્તવિક અહિત તેઓથી થઇ શકે એમ છે જ નહિ તોપણ—તત્પર રહે છે; અને પરમાર્થમાર્ગાનુસારી પુરુષો વૈરબુદ્ધિથી રહિત હોઇ કેવલ સંસારાસક્ત જીવોના દુષ્ટસ્વભાવમાટે તેમની દયા ધરતા, તેમના હિતનિમિત્ત, ન્યાયબુદ્ધિથી યથાર્થ પરંતુ તેમની (કેવલ સંસારાસક્ત જીવોની) ભ્રાન્ત મતિથી તેમને અયથાર્થ ભાસતા ઉપાયો સાધે છે. આ પ્રકારનો પ્રકૃતિસ્વભાવથી જ વિરોધ હોવાથી આ વર્ગથી પ્રકટતા ગ્રંથોપ્રતિ તેવાં વિરોધીવૃત્તિનાં મનુષ્યો અનેક પ્રસંગે કદાચિત્ અભાવ દર્શાવતાં પ્રતીત થાય તથા તેઓના પાપપ્રધાનસંસ્કારજન્ય દ્વેષબુદ્ધિના પ્રબલ આવેગમાં તે સદ્ગ્રંથાદિને અનેક હીન વિશેષણો યોજીને પણ પોતાના અંતઃતાપને શમાવવા પ્રયત્ન કરતા હોય તથાપિ એવા દુષ્ટ દુર્જનોનો જગત્પ્રસિદ્ધ સ્વભાવ આ વર્ગને વિદિત હોવાથી તે દુર્જનોની દુષ્ટતાથી આ વર્ગને લેશ પણ અસંતોષ થવા સંભવ નથી.

આ સ્થલે અવસર પ્રાપ્ત થવાથી લખવું આવશ્યક ગણાય છે કે આ ભૂતલમાં દુર્જન મનુષ્યોનો કે આસુરી સંપત્તિનો અસંતાભાવ કોઇ કાલે પણ હોતો નથી. તેમાં આ વર્તમાન કલિયુગ તો પાપપ્રધાન પ્રાણીની પ્રધાનતાનો કાલ જ ગણાય છે તેથી આ કાલે દુર્જનોની અધિકતા હોય એ સ્વાભાવિક છે. સંસારમાં મનુષ્યોને દુર્જ-

નસમ અનર્થ આપનાર અન્ય કોઇ પણ પ્રાણીપદાર્થ નથી, તેથી જ અમારે વારંવાર દુર્જનનાં સ્વભાવલક્ષણો વર્ણી વર્ણીને પુણ્યાંશવાળા મનુષ્યોને સાવધાન કરવા પડે છે. આ કાલે વિદ્યમાન એવા ઘણા દુષ્ટ દુર્જનો હોય અને તેમના સાક્ષાત્ દષ્ટાન્તો બહુ બોધક ગણાય, પણ આ પવિત્ર ગ્રંથોસાથે તે દુર્જનોનાં નામ જોડવાની અમને અભિરુચિ ન હોવાથી જ અમુક દુર્જને અમુક દુષ્ટ કૃત્ય કરયું છે એમ સ્પષ્ટ લખતા નથી, તોપણ સુજ્ઞ મનુષ્યોને તે દુર્મતિઓથી સાવધાન રાખવાની આવશ્યકતા હોવાથી તેમનાં અંતરૂનાં ચિત્રો સ્થલે સ્થલે અમે આપીએ છીએ. પરોપકારાર્થે જ જેમની સર્વ ક્રિયાઓ હોય છે એવા મહાત્માઓ તથા પરહિતની ઇચ્છાવાળા સજ્જન વિદ્વાન્ ગ્રંથકર્તાઓ પૂર્વકાલથી જ દુર્જનોનાં અંતઃકરણનાં ચિત્રને પોતાના ગ્રંથોમાં ચિતરતા રહ્યા છે તથા દુર્જનોના દુષ્ટ સ્વભાવોનાં સ્વરૂપ વર્ણવતા રહ્યા છે. આ વર્ગ તરફથી પ્રસિદ્ધ થયેલા **"સન્મિત્રનું મિત્રપ્રતિ પત્ર"** એ નામના ગ્રંથમાં અનેક વિદ્વાનોએ વર્ણેલાં દુર્જનોનાં લક્ષણો વર્ણ્યાં છે તે વાંચનારના લક્ષમાં હશે જ, ગુણમાં દોષોનો આરોપ કરવો એ અસાધુઓનું લક્ષણ પ્રસિદ્ધ છે. તે લક્ષણ અસાધુરૂપ દુર્જનોનું જ છે. સજ્જનોની, મહાપુરુષોની, સત્કર્મની, સત્કથાની અને અલ્પમાં કહીએ તો સદ્વસ્તુમાત્રની નિંદા કરવી એ દુર્જનોનો સ્વભાવ છે. જે દુર્જનો પોતાની જીભવડે સજ્જનોના મલને નિંદારૂપ ક્રિયાથી ધોવામાં આનંદ માનનારા છે તે દુર્જનોને નીતિમાં કહેલા **दुर्जनं प्रथमं वन्दे सज्जनं तदनन्तरम्** આ વચનાનુસાર અમે તો જ્યાં ત્યાં પ્રથમ સ્મરીએ છીએ. અનેક પાપસંસ્કારના યોગે જેમની જીભમાં બહુ ચળ આવે છે તે દુર્જનો પોતાની જીભની તે ચળ નિવારવાને તે જીભવડે સજ્જનોની કે સત્કાર્યની નિંદા કરીને તેમના અનાયાસ પ્રાપ્ત થતા શેષ મલને ધૂએ છે. આમ છતાં એકવાર મલ ધોવાથી તેમની મહારોગવડે દૂષિત થયેલી જીભ ચળરહિત થતી નથી, પણ પુનઃ પુનઃ ચળવાળી થાય છે. અને તે દુર્જનો તે પુનઃ પુનઃ પ્રાપ્ત થતી ચળને ફરી ફરી સજ્જનોની તથા સજ્જનોનાં સુકૃતોની નિંદાવડે નિવારવા યત્ન કરે છે, પરંતુ તે તેમની દુરાશા પૂર્ણ થતી નથી. જેમ કોઇ મનુષ્યને દુષ્ટ કાળી દરાજ થઇ હોય છે અને તેને તે દરાજમાં ચળ આવે છે ત્યારે તે નખવડે, છરીવડે કે તેવા જ કોઈ તીક્ષ્ણ ધારવાળા પદાર્થવડે ઘવડે છે, તે ઘવડતી વેળા તો તે દરાજીઆને સુખ ભાસે છે, પણ તે દરાજ ખણવાથી બહુ અળતરા થાય છે ત્યારે તે સંતાપને પામતો દુઃખાનુભવ કરે છે તેમ

દુષ્કર્મના દોષરૂપ દાદરસમ મહાવ્યાધિવડે દુર્જનોની જિહ્વામાં દુર્નિવારસરખા ચળ પ્રકટે છે; તેને શાન્ત કરવાને તે દુર્જનો ધવડવારૂપ સજ્જનોની નિંદારૂપ ક્રિયા કરે છે; પણ તેથી તે ચળ ન મટતાં પાછળથી તે દુર્જનને બળતરા વધે છે અને બહુ દુઃખને ભોગવતા સંતાપવશ જ રહે છે.

આ પ્રકારે દુઃખ ભોગવનાર તથા કાંઇ પણ બદલો માગ્યા વિના પોતાના ઉત્તમાંગરૂપ જીભવડે સજ્જનોના મલ ધોનાર દુર્જનને, દ્રવ્ય, લઈને મલ ધોનાર ધોબી (રજક) કરતાં શ્રેષ્ઠ માનીએ છીએ. ઘણાં મનુષ્યો તો સજ્જનોની નિંદા કરનાર દુર્જનોનો દોષ કાઢે છે પણ અમે તે બિચારા દુર્ભાગી દુર્જનનો દોષ કાઢતા નથી. કારણ કે તેના અંતર્માં રહેલાં તેના દુષ્કર્મો તેને બળાત્કારથી આ પાપરૂપ ક્રિયામાં યોજે છે તેથી તે રંક અને પુરુષાર્થહીન દુર્જનો નિરુપાય જ હોય છે. જેમ દુષ્ટ કર્મદ્વારા કારાગૃહમાં પડીને પરવશ વર્તતા જીવને સુખની કે શુભ પુરુષાર્થની આશા હોતી નથી તેમ આ દુષ્કર્મદ્વારા કારાગૃહરૂપ શરીરમાં વસતા તથા કર્મસંસ્કારવશ વર્તતા દુર્જનપણાને પ્રાપ્ત જીવને સુખની, કે શુભ પુરુષાર્થથી સજ્જન થવાની આશા હોતી જ નથી. તેથી અનાથસરખા તે દુર્જન જીવોને અમે તો સદા દયાપાત્ર જ ગણીએ છીએ, તોપણ તેમની કૃતિ અન્યને અનર્થ કરનારી ન થાય એ અર્થે પ્રસંગે પ્રસંગે અમે દુર્જનના સ્વભાવચિત્રને લખી પ્રકટાવવા યોગ્ય ગણીએ છીએ. આ ક્રિયા પણ દોષરૂપ છે, તથાપિ ગુણના આધિક્યવાળી તથા જનહિતકર હોવાથી અમે એને સાધકદશામાં કેવલ હેય ગણી નથી.

આ જગત્માં જે જે પ્રાણીઓને સ્વભાવથી જ જે જે કાર્યની રુચિ હોય છે અથવા પૂર્વ પૂર્વ કર્મસંસ્કારવશાત્ જે જે કરવું પ્રાપ્ત હોય છે તેમને તે તે દોષરૂપ જણાતું નથી. આ પ્રમાણે હોવાથી જ જગત્માં મનુષ્યોના સર્વ વ્યવહારો ચાલે છે. કેટલાંક કાર્યો એવાં પણ છે કે જો તે તે સ્વભાવનાં મનુષ્યો તે તે કાર્ય ન કરતાં હોય તો જનવ્યવહારને મોટી હાનિ હોય છે. અરુચિકર છતાં દૃષ્ટાન્તરૂપે લઈએ તો આપણે જેમને અંત્યજ ગણીએ છીએ તે ભંગીઓ કોઇ પણ ઉંચી વર્ણ પ્રસિદ્ધ રીતે ન કરે એવું સર્વ પ્રજાજનના મલને પોતાના મસ્તકે વહન કરવાનું કાર્ય કરે છે. જો દ્રવ્ય લેતાં પણ તે કાર્ય તે ન કરે તો પ્રજાને બહુ દુઃખ પ્રાપ્ત થાય. આ પ્રકારે આ સજ્જનોના પાપરૂપ મલને જો દુર્જનો પોતાની જિહ્વાવડે ન ધૂએ તો અન્ય સજ્જનો તો એ કાર્ય [illegible]

આપતાં પણ કરે નહિ, તો પછી કોણ કરે ! અને જો કોઇ જ ન કરે તો જે પાપરૂપ મલ ધોવાયા નહિ તેનું દુઃખરૂપ ફલ ભોગવવું રહે છે. આથી એમ સ્પષ્ટ થાય છે કે જો દ્રવ્ય લઇને પણ મલ વહન કરનાર અંત્યજ કેવલ તિરસ્કારને પાત્ર નથી તો આ સજ્જનના પાપરૂપ મલને દ્રવ્ય વિના જ ગ્રહણ કરનાર દુર્જનો પણ કેવલ તિરસ્કારને પાત્ર નથી, એ સહજ સિદ્ધ છે.

આ જગત્‌માં પરાપૂર્વથી જોતા, સાંભળતા આવીએ છીએ કે જે જે અવતારી પુરુષવર તથા મહાત્મા પુરુષો અને અન્ય સર્વ જિનહિતકર કાર્ય કરનાર સજ્જન પુરુષો થયા છે તે તે સદા દુષ્ટ દુર્જનોથી નિંદાતા, અને પીડા પામતા આવ્યા છે. આ વાર્તા **શ્રીરામકૃષ્ણાદિની** તથા **પાંડવોની** કથાથી સુપ્રસિદ્ધ છે. જ્યારે પૂર્વકાલ જે ન્યૂનદોષના કારણરૂપ ગણાય છે તેમાં પણ દુષ્ટ દુર્જનોનો સદ્‌ભાવ હતો તો આ કાળે તેમના અત્યન્તાભાવની આશા રાખવી એ દુરાશા જ છે.

શ્રેયઃસાધક પુરુષો તો દોષોના સાર્ગનિમિત્ત યત્ન કરનારા હોય છે તેથી દુર્જનોનાં સ્વભાવલક્ષણને રૂડે પ્રકારે જાણતા હોવા ઘટે છે અને તેથી દુર્જનની કોઇ પણ દુષ્ટ કૃતિથી તેમને આશ્ચર્ય થતું નથી પરંતુ અન્ય સુજ્ઞ જનોને પ્રસંગે દુર્જનનાં કાર્ય વ્યામોહ, ખેદ તથા આશ્ચર્યને ઉપજાવનાર થાય છે તેમને અર્થે અમે વારંવાર અભ્યાસાર્થે દુર્જનોનાં સ્વરૂપને વર્ણીએ છીએ. નીતિમાન્ વિદ્વાન્ પુરુષો તો દુર્જનપ્રતિ આચારવાના બે ઉપાય કહી ગયા છે—એક તો એ કે જો સામર્થ્ય હોય તો જોડાવતે દુર્જનનું મુખ ભાગવું, અને બીજો એ કે કંટક જેવા દુર્જનને કાંટાની પેઠે દૂર નાંખી દેવો. આમાંનો પ્રથમ ઉપાય તો અમે સેવવો બહુ ઉચિત ગણતા નથી, પણ સમયે સમયે બીજો ઉપાય સેવવા યોગ્ય ગણીએ છીએ.

આ જીવોમાં ઘણું કરીને પ્રથમાવસ્થા જેને આપણા લોકો 'ગદ્ધાપચીસી' નામથી ઓળખે ઓળખાવે છે તેમાં દુષ્ટ સંસ્કારી જીવોને દુર્જનતા પ્રાપ્ત હોય છે. ઘણું ખરું જોવામાં પણ આવે છે કે ઉન્મત્તપણું તથા દુર્જનતા પ્રથમાવસ્થામાં એટલે ત્રીસ પાંત્રીસસુધીના વયમાં દુષ્ટ સંસ્કારીઓને આવે છે. કોઇ દુષ્ટ પ્રબળ પાપવેગવાળા તો સીત્તેર વર્ષસુધી કે મરણસુધી પણ દુર્જનતાથી મુક્ત થતા નથી, તોપણ સામાન્યપણે દુષ્ટસંસ્કારયુક્ત પ્રથમાવસ્થા તથા દુષ્ટ સંગતિ દુર્જનતાના સ્થાનરૂપ હોય છે. તેથી પાપથી કે દુર્જનતાથી છૂટવાની ઇચ્છાવાળાએ સદા દુર્જનના સંસર્ગરૂપ દુષ્ટ સંગતિથી દૂર રહેવું

કોઇનું પણ હિત થાય તે દુર્જનો સહન કરી શકતા નથી.

પોતે પોતાનું અને અન્યનું અહિત કરનારા હોવાથી આ જગત્માં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જનહિતકર પુરુષો કે તેમનાં કાર્યો પ્રકટ થાય છે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે દુર્જનો પોતાના સ્વભાવથી જ તેના વિરોધી થઈ રહે છે. પરંતુ સત્તાબલવિનાના બિચારા તે દુર્જનો પુણ્યવાન્ના થતા હિતને રોકવા સમર્થ થતા નથી. કીડી, ઉંદર અને કાગડાનો દુષ્ટ સ્વભાવ સાથે દુર્જનના સ્વભાવની સમાનતા બહુ વિદ્વાનો કહી ગયા છે, તે વિચારવંતને યોગ્ય જ ભાસે છે.

આ કાલે વિપરીત કાલબલથી તથા વિરોધી સંસ્કારબલથી ઘણાં દુર્જન મનુષ્યો અનીતિનાં તથા અધર્મનાં પ્રવર્તક વિચારવર્તન પ્રકટાવે છે, તેમ જ તેમનાં વિચારવર્તનનો બહુ વિસ્તાર થાય તો ઠીક એવી દુરાશાને વશ થાય છે. પણ તેમના દુર્દૈવથી તે તેમની દુરાશા તેમને ફળતી નથી. આ કારણથી તેવા કોઇ કોઇ દુષ્ટ વિચારવર્તનને સેવવામાં પ્રીતિવાળા તેમ જ કોઇ કોઇ દુરાચરણની વૃદ્ધિની ઇચ્છાવાળા દુરાચરણી મનુષ્યો દુષ્ટાચારને અટકાવનાર સદ્ગ્રંથોની નિંદા કરે છે. પણ તે તેમનું નિંદારૂપ પાપકર્મ તેમના મુખને શ્યામતા પ્રાપ્ત કરી તે દુર્જનોના અંતરમાં જ દાહ કરતું રહે છે. તે તેમની દુષ્ટકૃતિ પુણ્યવંત સજ્જનોને કે સદ્ગ્રંથને લેશ પણ હાનિ કરી શકતી નથી.

જેમ **શ્રીસૂર્ય** ભગવાન્ પોતાના પ્રકાશસ્વરૂપ મંડલથી પ્રકટ થાય છે ત્યારે તેમને પ્રતીતિમાં આણનાર અન્ય પ્રકાશક પદાર્થની અપેક્ષા હોતી નથી, તેમ જ જે સદ્ગ્રંથો છે તે તો પ્રકટ થાય છે કે તેમની પોતાની જ પ્રભાથી સર્વત્ર પ્રતીતિમાં આવી જીવોને ઉપકારક થાય છે. આ વાર્તાથી અસૂયાદિ દોષો જ જેમનાં જીવનમરણના સાથી છે એવા દુર્જનો અંતરમાં પ્રજળે છે અને તે પોતાના દુષ્ટ સ્વભાવાનુસાર તે સદ્ગ્રંથોને દોષ અર્પવા યત્ન કરે છે. પરંતુ જેમની દુર્બલ મતિ છે તથા જેમના આશયો મલિન છે એવા દુર્જનોના તે યત્નથી તેવા ગ્રંથોની ન્યૂન પ્રશંસા તથા પ્રસિદ્ધિ થવાને બદલે અધિક પ્રશંસા તથા પ્રસિદ્ધિ થાય છે.

પોતાના દુષ્ટ આશયથી લખાયલા નિર્માલ્ય લેખોની સર્વત્ર પ્રસિદ્ધિની આશાવાળા તથા પોતે યોગ્ય ગણેલા પણ ખરું જોતાં અયોગ્ય એવા વિચારોની તથા આચારોની વૃદ્ધિની આશાવાળા અને એવા જ અનેક દોષોને આશ્રય આપનારા દુષ્ટ દુર્જનોની આશા કલ્પાંતે પણ પૂર્ણ થવા સંભવ હોતો નથી. તેથી અમે તો તેમને વિનવીએ છીએ કે તેમણે તેમની દુરાશા ત્યજી દુષ્ટકર્મથી નિવૃત્ત થવું અને ઉત્તમ લેખ લખનારા તથા સદાચારની વૃદ્ધિ ઇચ્છનારા સજ્જન પુરુષોને પણ અમે તો નિવેદન કરીએ

છીએ કે દુર્જનોની નિંદાથી તમારા કાર્યને લેશ પણ અનર્થ થવાનો સંભવ નથી, માટે તેમણે પણ સદા નિર્ભયપણે પોતાના યોગ્ય કર્તવ્યમાં પ્રમાદરહિતપણે વર્તવું.

અમે તો ઇષ્ટેચ્છાવડે અમને પ્રાપ્તબલાનુસાર સદ્ગ્રંથોની ઉત્તરોત્તર પ્રસિદ્ધિ કરીએ છીએ અને તેના શુભ પરિણામની કે ફલની આતુરતાથી આશા રાખી યત્ન કરતા નથી. તોપણ સ્વપ્રકાશ **શ્રીસૂર્ય** ભગવાન્‌ની પેઠે તે ગ્રંથો પોતાના અનુપમ પ્રકાશવડે સર્વત્ર પ્રતીતિમાં આવી સર્વ સજ્જનોને રુચિકર થાય છે. એથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે આ ક્ષણપર્યંત આ જનમંડલમાં યોગ્યાયોગ્ય પદાર્થની તુલના કરનાર પુણ્યવંત પ્રજા વિદ્યમાન છે.

પુનઃ પુનઃ કહી કહીને એ જ કહીએ છીએ કે દુર્જનની સંગતથી તથા તેમના દુષ્ટ વિચારવર્તનથી કે શિક્ષણથી સજ્જનોએ સાવધાન રહીને નિરન્તર કલ્યાણના માર્ગમાં નિઃશંકપણે પગલાં ભરતા પ્રસન્ન રહેવું, અને કદાચિત્ પણ પોતાના શુભ કર્તવ્યમાં પ્રમાદ સેવવો નહિ.

જેમ વ્યવહારમાં પ્રમાદને મોટો દોષ ગણ્યો છે તેમ જ પરમાર્થમાં પણ પ્રમાદને જ મોટો અનર્થ કરનાર માન્યો છે; તેથી પ્રમાદવશ રહી દુર્જનના સંસર્ગને સેવવો નહિ. પૂર્વે મહાપુરુષો તો દુર્જનથી દેશાન્તરે રહેવાનું કહી ગયા છે.

આ આદિ પ્રકારે પ્રાચીનઅર્વાચીન સર્વ સદ્ગ્રંથોમાં દુર્જનના સંસર્ગથી દૂર રહેવા કહ્યું છે. દુર્જનને નીચામાં નીચી ઉપમાઓ આપીને નિંદ્ય કહ્યો છે એ વાર્તા સત્ય છે તોપણ સદા ઊંચી ગતિને પામનારા સાધક પુરુષોએ તો સદા સમબુદ્ધિ કર્તવ્ય છે, કારણ કે જ્યાં સુધી હર્ષશોકાદિ દ્વંદ્વધર્મ અંતઃકરણમાં વેગથી વર્તતા હોય છે ત્યાંસુધી પરમાર્થસાધક મહાપુરુષને મુક્તત્વમાં વિઘ્ન હોય છે, માટે શ્રેષ્ઠ પુરુષોએ તો કલ્યાણમાં વિઘ્ન કરનારા દ્વંદ્વધર્મોનું વિસ્મરણ કરીને સમચિત્તવાળા થવાને જ સદા યત્ન રાખવો. **શ્રીમદ્ ભગવદ્ગીતામાં** પણ આ સંબંધમાં આ પ્રમાણે કહ્યું છે:—

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥

ભાવાર્થ:—સાધક પુરુષને ચિત્તના વિક્ષેપને કરનાર કારણરૂપ શીતઉષ્ણ સુખદુઃખ આદિ દ્વંદ્વધર્મ જ્યારે જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ત્યારે, તથા જ્યારે જ્યારે ચિત્તવિક્ષેપને પ્રકટ કરનાર કારણરૂપ જનમંડલમાં પ્રાપ્ત થતું અકારણ સ્તુતિરૂપ માન તથા અકારણ નિંદારૂપ

અપમાન પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે જે મહાપુરુષ જિતાત્મા તથા પ્રશાન્ત હોય છે અર્થાત્ અનુકૂલપ્રતિકૂલ જોવા :સાંભળવા આદિ વ્યવહારથી જેમની ઇન્દ્રિયમાં ક્ષોભ કે વિકાર થતો નથી તથા જેમની વૃત્તિમાં તે અનુકૂલપ્રતિકૂલ વ્યવહારના ભાનથી રાગદ્વેષાદિ ધર્મરૂપ વિકાર પ્રકટતો નથી, તે મહાપુરુષને જ પોતાનો સ્વપ્રકાશ જ્ઞાનરૂપ આત્મા સમાધિનો વિષય થાય છે.

ઉક્ત વચનાનુસાર કદાચિત્ દુર્જન મનુષ્યોએ આદરેલા અનુચિત વ્યવહારને કે દુર્જને વદેલાં ક્રૂર, અપ્રિય કે કેવલ પ્રતિકૂળ વચનોને જોવા જાણવાથી પણ સાધક મહાપુરુષોએ તો સ્વપરહિતાર્થે પોતાના અંતઃકરણને સદા શાન્ત નિર્વિકાર જ રાખવું જોઇએ.

વળી આગળ કહ્યું છે કે

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥

ભાવાર્થ:—સત્શાસ્ત્રે પ્રતિપાદન કરેલા પદાર્થોને વિષય કરનારી એવી શ્રીસદ્ગુરુના ઉપદેશથી રચાયેલી જે બુદ્ધિ તે જ્ઞાન, અને સર્વ પ્રકારના સંશયવિપર્યયઆદિ દોષોથી રહિત અંતઃકરણની શુદ્ધવૃત્તિદ્વારા તે શાસ્ત્રોક્ત પદાર્થને સ્વાનુભવવડે અપરોક્ષ કરવા તે વિજ્ઞાન,—આ પ્રકારનાં જ્ઞાનવિજ્ઞાનવડે તૃપ્ત છે આત્મા અર્થાત્ ચિત્ત જેમનું તે જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા છે. આ પ્રકારે તૃપ્ત હોવાથી જે કૂટસ્થ અર્થાત્ સર્વ વિકારોથી રહિત અચલ છે તથા જિતેન્દ્રિય છે અર્થાત્ રાગદ્વેષપૂર્વક શબ્દસ્પર્શાદિ વિષયોનું ગ્રહણ કરવાને જેની ઇન્દ્રિયો સ્વતંત્રપણે સમર્થ રહી નથી તે, તથા જેને મૃત્પિણ્ડ, પાષાણ અને સુવર્ણ સમાન છે અર્થાત્ જે જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત હોવાથી અચલ છે અને અચલ અવિક્રિય હોવાથી વિજિતેન્દ્રિય છે, તે આ સંસારમાં વ્યવહારાર્થે અલ્પજ્ઞ જીવોએ અવિદ્યાવડે માનેલા મૃત્પિણ્ડના, પાષાણના તથા સુવર્ણાદિપદાર્થોના ભેદને ન અનુભવતાં તે સર્વને તત્ત્વદૃષ્ટિથી સમ ગણે છે. આ સ્થલે લોષ્ટશબ્દવડે મૃત્તિકામય સર્વ પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે લોષ્ટ શબ્દ મૃત્તિકામય વાચક છે. અમરકોષમાં **लोष्टानि लेष्टवःपुंसि= लोष्टं लेष्टुः द्वे मृत्तिकाखण्डस्य**=લોષ્ટ તથા લેષ્ટુ એ બે શબ્દ મૃત્તિકાખંડના વાચક છે, એમ કહ્યું છે. અશ્મશબ્દવડે સામાન્ય પાષાણોનું તથા રત્નમણિઆદિ વ્યવહારમાં મૂલ્યવાન્ મનાતા પાષાણમય પદાર્થોનું પણ ગ્રહણ કરવું. કારણ કે રત્નમણિઆદિની પાષાણમાં જ ગણના કરાયેલી છે. અમરકોશમાં **रत्नं मणिर्द्वयोर-**

इमजातौ=रत्नं मणिर्द्वे अ..जाता રત્ન મણિ બે પથરાની જાતમાં છે એમ કહ્યું. મરકત મુક્તાઆદિને પણ એમાં જ ગણ્યાં છે. શ્લોકમાં કહેલો અશ્મશબ્દ પથ્થરનું નામ છે. અમરકોષમાં **पाषाण-प्रस्तरग्रावोपलाश्मानः शिला दृषत्=पाषाणः प्रस्तरः ग्रावा उपलः अश्मा शिला दृषत् सप्त पाषाणस्य**-આ સાત નામ પથ્થરનાં છે એમ કહ્યું છે. ગ્રંથાન્તરે સુવર્ણરજતની પણ રત્નમાં ગણના કરી છે તથાપિ મૃત્તિકા, પાષાણ અને ધાતુનું પૃથક્ ભાન કરાવવા માટે અત્ર શ્લોકમાં લોષ્ટ, અશ્મ અને કાંચનને પૃથક્ લખ્યાં છે. અત્ર કાંચન શબ્દવડે સુવર્ણાદિ સર્વ ધાતુમય પદાર્થોનું ગ્રહણ કરવું કાંચન શબ્દનાં સુવર્ણાદિ નામો કોષોમાં પ્રસિદ્ધ છે. અમરકોષમાં **स्वर्णं सुवर्णं कनकं हिरण्यं हेम हाटकम् । तप..यं शातकुम्भं गांगेयं भर्म कर्बुरम् ॥ चामीकरं जातरूपं मह.......... । रुक्मं कार्तस्वरं जांबूनदमष्टापदोऽस्त्रियाम्** એ પર્યાય શબ્દોરૂપે કાંચનનાં નામો આપ્યાં છે.

આ પ્રકારે જે મૃત્તિકામય, પાષાણમય અને ધાતુમય પદાર્થોને પરમતત્ત્વનાં જ્ઞાનવિજ્ઞાનવડે તૃપ્ત, અચલ અને વિજિતેન્દ્રિય થયેલા તત્ત્વદૃષ્ટિથી સમ ગણે છે, તે મહાત્માજ નિર્દ્વંદ્વ વા પરવૈરાગ્યથી યુક્ત હોવાને લીધે યોગારૂઢ કહેવાય છે. વળી જેમ આ મણિ રત્ન, મરકતાદિ મૂલ્યવાન્ મનાતા પાષાણોને અને સુવર્ણાદિ મૂલ્યવાન્ મનાતી ધાતુઓને, સામાન્ય પાષાણ ને મૃત્તિકાસમ ગણનાર જે મહાપુરુષને યોગયુક્ત કે યોગારૂઢ કહ્યા છે, તેમજ જે પુરુષની શત્રુમિત્રાદિમાં સમબુદ્ધિ હોય છે, તે પુરુષની તો સર્વ યોગી પુરુષોમાં શ્રેષ્ઠતા વર્ણી છે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥

ભાવાર્થ:—જે પુરુષ પ્રત્યુપકારની અપેક્ષા ન રાખીને પૂર્વ સ્નેહસંબંધવિનાનાં સર્વપ્રતિ ઉપકાર કરે છે તેવા સુહૃદ્પ્રતિ, તથા જે પુરુષ પૂર્વસ્નેહની અપેક્ષાવડે જ અન્યપ્રતિ ઉપકાર કરનાર છે તેવા મિત્રપ્રતિ, તથા અન્યવડે કરાયેલા અપકારની અપેક્ષાવિના જ માત્ર પોતાના દુષ્ટ ક્રૂર સ્વભાવથી જ જે પુરુષ બીજાને અપકાર કરે છે તેવા અરિપ્રતિ, તથા પરસ્પર વિવાદ કરનાર બે મનુષ્યમાંથી કોઇના પણ હિતની કે અહિતની ઇચ્છા નહિ કરતાં તે બેની ઉપેક્ષા કરનાર જે છે તેવા ઉદાસીન પુરુષપ્રતિ, તથા પરસ્પર વિવાદ કરનાર

બે પુરુષના હિતની ઇચ્છા કરનાર જે મધ્યસ્થ પુરુષ હોય છે તેમના પ્રતિ, તથા અન્યે કરેલા અપકારની અપેક્ષાવડે જે તે અન્યપ્રતિ અપકાર કરે છે તેવા દ્વેષ્ય પુરુષપ્રતિ, તથા કિંચિત્ સંબંધવડે જ ઉપકાર કરનાર જે પુરુષ છે તે બંધુ કહેવાય તેવા બંધુપ્રતિ, તથા શાસ્ત્રવિહિત શુભ કર્મોને કરનાર એવા સાધુ પુરુષપ્રતિ, તથા શાસ્ત્રનિષિદ્ધ અશુભ કર્મોને કરનાર જે પાપી પુરુષ હોય છે તેમના પ્રતિ અને એ જ પ્રકારે એ આદિ અન્ય સર્વ પ્રાણીઓ પ્રતિ જે પુરુષ સમબુદ્ધિ રાખે છે અર્થાત્ કોણ કેવાં કર્મોને કરનાર છે એ આદિ વિચારો પોતાના અંતરમાં ન પ્રકટાવીને જે સર્વત્ર રાગદ્વેષથી રહિત છે એવા સમબુદ્ધિવાળા પુરુષ સર્વથી ઉત્કૃષ્ટ છે.

આ આદિ અનેક શાસ્ત્રપ્રતિપાદિત વચનોથી સ્પષ્ટ થાય છે કે અંતમાં સમબુદ્ધિ જ સર્વ પરમાર્થસાધક પુરુષોને કર્તવ્ય છે, જેથી અમુક પુરુષ અમુક વ્યવહારો કરે છે માટે દુર્જન છે અને અમુક પુરુષ અમુક પ્રકારે વર્ત્તે છે માટે સજ્જન છે એ આદિ વિચારો કરવા કે તેમના પ્રતિ રાગદ્વેષ ધરવો એ અત્યંત ઉચિત નથી, માટે એમાં હેયબુદ્ધિ ધરવી ઘટે છે. તોપણ સાધકદશાપર્યન્ત સેવવાયોગ્ય નિયમને અનુસરીને પ્રસંગે જનહિતાર્થે વિવેકવચનોને નિરૂપાયથી વદવાં કે લખવાં ઉચિત ગણ્યાં છે.

આ વિચિત્ર સંસારમાં કોઇ પણ પુરુષ પોતાની, પોતાના કાર્યોની કે પોતાનાં સંબંધીની સર્વ એક સરખી રીતે સદા સ્તુતિ કરે એવી આશા રાખવી એ કેવલ દુરાશા જ છે. માટે સજ્જન પુરુષોએ સદા એ પ્રકારની દુરાશાનો ત્યાગ કરતાં પ્રિયઅપ્રિયને સહન કરતાં સમબુદ્ધિ થવાનો અભ્યાસ રાખવો એ જ સર્વોત્તમ નીતિ છે.

આ આદિ અનેક સદ્‌બોધને આપતો આ ગ્રંથ સર્વ સજ્જનોના હૃદયને તથા હસ્તને શોભાવતો વિજયી થાય તથા એવા જનહિતકર ગ્રંથો ઉત્તરોત્તર પ્રકટાવવા અમને સુયોગ મળે એ જ માત્ર ઇષ્ટપ્રતિ અમારી અભ્યર્થના છે.

આ વર્ગથી પ્રસિદ્ધ થયેલા અન્ય ગ્રંથોની પેઠે આ ગ્રંથ પણ પોતાની પ્રભાવડે સુપ્રસિદ્ધ થયો છે અને થશે તેથી એની અધિક સ્તુતિ અત્ર ન કરતાં આ સૂચનાને આ ક્ષણે આ સ્થલથી જ પૂર્ણ કરીએ છીએ.

વીરક્ષેત્ર (વડોદરા)
સંવત્ ૧૯૫૨ અધિક જ્યેષ્ઠ
શુક્લ પક્ષ ૧૨, રવિવાસર.

શ્રેયઃસાધક અધિકારિવર્ગ

॥ ॐ ॥

॥ तत् सत् ॥

॥ श्रीसद्गुरवे परमात्मने नमः ॥

॥ श्रीपंचवरदवृत्तान्त ॥

સર્વજ્ઞત્વ તથા સર્વ શક્તિના દાતા **શ્રીવિશ્વેશ્વરને** નમસ્કાર.

આ પ્રવાહરૂપે ક્રમથી વૃદ્ધિ તથા હાનિને પ્રાપ્ત થતા વેગવડે વહેતા સંસારમાં નમસ્કાર કરવા યોગ્ય કોણ છે? તે વિલક્ષણ વેગ જેને વશ વર્તે છે તે **પરમાત્મા** જ છે, જે **પરમાત્મા** સત્તાદ્વારા જગદાકાર પરિણામને પામેલા કલ્પનાના આદિ કાલથી મનાયા છે, તે પોતે જ જો સર્વરૂપ હોય તો પોતે પોતાને નમસ્કાર કરવા યોગ્ય નથી, અર્થાત્ કોઇને નમવાપણું રહેતું નથી; એમ છતાં પણ યાવત્પર્યંત સર્વપણાને પ્રાપ્ત આ કાર્યપ્રપંચરૂપ જગત્માંહેલા અસંખ્ય પ્રાણી જે સર્વ શબ્દથી ગ્રહણ કરવાયોગ્ય છે તે સર્વમાંના પ્રત્યેકને પોતાના સર્વપણાનો યથાર્થ અનુભવ નથી તાવત્પર્યંત તે પ્રત્યેકે, પ્રામભેદબુદ્ધિવડે સર્વરૂપને અથવા સર્વના સ્વામીને નમસ્કાર કરવા યોગ્ય છે. આ જગત્માં વહેનાર પ્રત્યેક, તે સંસારવાહક વેગને વશ વર્તાવનાર નથી, માટે આ પ્રત્યેકથી ભિન્ન એવા સ્વતંત્ર, સર્વદશ્યપ્રપંચને હલાવનારચલાવનાર વેગના સ્વામિત્વવાળા **પરમાત્માશ્રીને** તે પ્રત્યેક નમસ્કાર કરે અર્થાત્ નમે એ યોગ્ય છે. પ્રધાન સત્તાને ગૌણ સત્તા નિરંતર નમવા યોગ્ય છે એ નિયમ.

પોતાના પોતાપણાને યથાવત્ જાણનારે ક્રિયાના આરંભમાં નિર્દોષ ક્રિયાને નિરભિમાનપણે કરવી એ અગત્યનું છે, કારણ કે ક્રિયામાત્ર દોષના મિશ્રણવાળી છે. તે દોષમિશ્ર ક્રિયામાં રહેલા સંપૂર્ણ દોષને નિષ્ફલ કરનારી નિર્દોષ ક્રિયા છે. ત્યાં 'ક્રિયામાત્ર દોષવાળી છે', અને 'નિર્દોષ ક્રિયાને કરવી' એ બે વાક્યો વિરોધીસરખાં ભાસે છે, પણ તે વિરોધનું નિવારણ આ છે. ક્રિયાના મુખ્ય બે ભેદ છેઃ ગુણપ્રધાન, અને દોષપ્રધાન. ત્યાં ગુણપ્રધાનને ઉપર નિર્દોષ ક્રિયા કહી છે, કારણ કે તેમાં ક્વચિત્ સ્થલે ગૌણપણે દોષની સ્થિતિ હોય છે; અને દોષપ્રધાનમાં ક્વચિત્ ગુણની પ્રાપ્તિ હોય છે, તથાપિ તેને

પાપરૂપ ક્રિયા જ કહી છે. આ પ્રકારે જ આપણા પૂર્વજોએ પુણ્ય કર્મ તથા પાપ કર્મના ભેદ પાડયા છે.

આ પ્રકારે આ ક્રિયામાં ગૌણપણે આવનાર દોષોના અનિષ્ટ ફલની નિવૃત્તિજનક, સર્વેશ્વરને નમસ્કાર કરવારૂપ નિર્દોષ કર્મરૂપ મંગલને કરીને હવે શ્રેયની ઇચ્છાવાળા, નિત્યાનિત્ય વિવેકમાં પ્રવેશેલી બુદ્ધિવાળા, તથા ઉત્તરોત્તર ઇષ્ટપ્રાપ્તિની ઇચ્છાવાળા સમગ્ર અધિકારિવર્ગને સદ્બોધ આપાર, વિશ્વવિભવનું ભાન કરાવનાર, ક્ષણિક તથા ચિરકાલપર્યંત કલેશની અપ્રતીતિ કરાવનાર, સંતપ્ત વૃત્તિને શાંત કરનાર, મિથ્યા મોટાપણાના અભિમાનથી મુક્ત કરનાર તથા એ વિનાની સર્વ જાણવાયોગ્ય વાર્તાને જણાવનાર શ્રીપંચવરદના સૌમ્ય તથાપિ અદ્ભુતસરખા પ્રતીત થતા વૃત્તાંતને કહીએ છીએ.

આ દેવભૂમિમાં સર્વ પ્રકારે ઈશ્વરસદશ મનાએલા, અને પુરુષોત્તમમાં ગણાએલા અનેક દિવ્ય સામર્થ્યવાળા પુરૂષો અનેક નિમિત્તે પ્રકટયા છે, તેમાંના એક આ શ્રીપંચવરદ છે. તેમનું સંપૂર્ણ ઐશ્વર્ય વર્ણવતાં અલૌકિક સામર્થ્યવાળા પણ પાછા હઠી મૌન ગ્રહે એવું છે તો અન્ય કોણ સંપૂર્ણ અંશે કહી શકે ? કોઇ જ નહિ. તેમ છતાં જેમ સમુદ્રના અગાધ જલમાંથી પક્ષી પોતાની ચંચુના પ્રમાણમાં જલ ગ્રહણકરી કૃતકૃત્ય થાય છે તેમ તે પુનિત પુરુષના વૃત્તાંતને યથામતિ લખવા પ્રવૃત્ત થઈએ છીએ.

શ્રીપંચવરદ પૂર્વ કાલે એક દ્વીપાંતર્ગત સમગ્ર પૃથ્વીના નિષ્કંટક રાજ્યને ચક્રવર્તિપણે ભોગવી વિષયવાસનાથી મુક્ત થઈ સુખસ્વરૂપ થયા હતા. રાજ્યના ભોગસમયે અન્ય સકલ વિષયભોગ જે રાજભોગની અપેક્ષાથી અવાંતર ભોગ ગણવાયોગ્ય છે તે સર્વને સહજ સ્વભાવે ભોગવી તૃપ્ત થયા હતા. સર્વોત્તમ દેવાંગનારૂપ સ્ત્રીઓ, સંપૂર્ણ વિદ્યાકલામાં કુશલ પુત્રો, તથા સદ્ગુણી પ્રપૌત્રોવડે શોભતા તે **શ્રીપંચવરદ** પોતાના ઉત્તર વયમાં સ્વસ્વરૂપ પરમાત્મતત્ત્વમાં વિલીન ચિત્તવડે શેષપ્રારબ્ધના સંબંધે જીવનમુક્તિસુખને અનુભવતા વિદ્યમાન હતા. તે સમયમાં કીર્તિનો આશ્રયસ્તંભ એ ભૂમિમાં એમનાથી ભિન્ન ન હતો, તેથી કલાવાન્, વિદ્વાન્, ગુણવાન્ તથા નાના વિભવવાન્ અસંખ્ય પુરુષો તેમના અવલોકવામાં યથાર્થ રીતે આવ્યા હતા; જેથી તેવા પુરુષોપાસેથી તેમને પ્રાપ્તવ્ય તથા શ્રોતવ્ય કાંઇ અવશેષ રહ્યું ન હતું. યદ્યપિ સર્વાશાપરિત્યાગપશ્ચાત્ જીવન્મુક્તાવસ્થાના ભોગસમયે આ જગત્માં કાંઇ જ પ્રાપ્તવ્ય અથવા જ્ઞાતવ્ય કે શ્રોતવ્ય રહેલું નથી

જ, તોપણ આ શ્રીપંચવરદ મહાત્માએ તો પોતાની સત્ત્વશ્રવણેચ્છારૂપ એક શુદ્ધ કામનાવૃત્તિને જાગ્રત્ રાખી હતી, અર્થાત્ નિઃશેષપ્રારબ્ધક્ષયપર્યંત તેને નિત્યનિવૃત્ત રહેવા પુરુષપ્રયત્ન કર્યો ન હતો. આ કારણથી તેમણે એક પ્રસંગે પોતાના નિપુણ સેવકોને આ પ્રકારની આજ્ઞા કરી હતી કે અષ્ટ દિશાપ્રતિ સ્વેચ્છાએ વિચરનાર વિરક્તસરખા પુરુષો જેઓ પોતાના શરીરના નિર્વાહક હેતુઓને સેવતા હોય એવા સર્વને સવિનય મારા સમીપ લાવવા; તેમને મારા સમીપ લાવવામાં કોઈ પ્રકારે પણ તેમનાં અંતઃકરણને દબાણ થાય એવું કૃત્ય કરશો નહિ; આપણા નગરભીતર પ્રવેશતા, તથા નગર બહારથી માર્ગે જતા એવા પુરુષોની નિરંતર શોધ રાખી તેમને યથાયોગ્ય પ્રકારે મારા સમીપ આણવા પ્રમાદરહિતપણે યત્ન કરવો; પછી આ મારા એકાંતગૃહમાં તેમની અનુકૂલતાના સમયે તેમને તથા મને પ્રથમ નિવેદન કરીને પછી સંમાનપૂર્વક પધરાવવા; ત્યાં પધરાવ્યાપૂર્વે તેમની યોગ્ય પ્રકારે યથાર્થ સેવા ઉઠાવવી. આ પ્રકારની આજ્ઞાનો સ્વીકાર કરી તે સુજ્ઞ સેવકો નગરમાં પ્રવેશક દ્વારોએ તથા આડ માર્ગોએ યોગ્ય પ્રકારે વ્યવસ્થા કરતા હતા.

શ્રીપંચવરદ મહાત્મા, જ્યારે પુત્રોને રાજ્ય સ્વાધીન કર્યા પૂર્વ પોતે રાજસત્તાને પ્રવર્તાવતા હતા ત્યારથી જ નિરાશ્રિત પ્રવાસી માત્રને અર્થાત્ જેમને નગરમાં પોતાની આગતાસ્વાગતા કરે એવા સંબંધી સ્નેહીનો અભાવ હોય તે સર્વને યોગ્ય પ્રકારે સ્થલ, જલ, અન્ન, આવશ્યક વસ્ત્ર તથા ધનવડે સેવતા હતા, તેથી આ જગત્માં શ્રેષ્ઠ ગણાતા આ પાંચ વ્યવહારોપયોગી પદાર્થના દાતા જાણીને તેમને મૂલથી જ સર્વ પ્રજા પંચવરદ નામથી ઓળખતી, અને તેમના સ્થૂલની મુખ્ય સંજ્ઞા વડિલોએ તો ત્રિપતિ રાખી હતી.

અજ્ઞાત અવસ્થાવિનાની બાલ્યાવસ્થામાં તેમણે રૂડે પ્રકારે વિદ્યા તથા કલાનું અધ્યયન કર્યું હતું, યુવાવસ્થામાં પ્રાપ્ત પદાર્થ તથા સત્તાનો સદુપયોગ કર્યો હતો, અને ઉત્તરાવસ્થામાં સર્વ સદ્ગુણની પૂર્ણ પ્રાપ્તિપૂર્વક અધ્યાત્મજ્ઞાન સંપાદન કર્યું હતું.

આ લોકમાં આયુષ્નો ઉચિત પ્રકારે ક્ષય કરવામાં એમના જેવા પુરુષ ક્વચિત્ જ થયા હશે અને થશે, એમ માનવામાં લેશ માત્ર પણ સંશય નથી એટલું કહીને હવે એમનો ખાસ વૃત્તાંત અટકાવીએ છીએ. પ્રસંગવશાત્ આવવા યોગ્ય હશે તે આગળ આવશે.

આ સર્વઐશ્વર્યસંપન્ન **શ્રીપંચવરદની** આજ્ઞાપ્રમાણે વ્યવસ્થા કરનાર સેવકોએ ઉત્તરોત્તર જે જે મહાત્માનો શ્રવણસમાગમ એ મહાત્માને કરાવ્યો તેને ક્રમે કરી લખીએ છીએ.

પ્રથમ સમાગમ.

પોતાના એકાંત સ્થાનમાં અતિથિમહાત્માના પ્રવેશના સંધિપૂર્વે ઉભેલા **શ્રીપંચવરદે**, અતિથિના પ્રવેશસમયે મંદમંદ હસતાં સંમુખ ચાલી પ્રશસ્ત રીતે તેમને નમન સરખો ભાવ આપી આલિંગન લીધું તથા સવિનય દિવ્ય આસનઉપર તે અતિથિમહાત્માને બેસાડી પોતે પણ સુશોભિત આસનઉપર બેઠા, અને સ્વસ્થ થઈ આ પ્રકારનાં પ્રિય વચનો બોલ્યા.

હે મોહપ્રવાહના પારને પામેલા! આ સમય મોટા પુણ્યના ઉદયનો છે, કે જેમાં આપસરખા નિરામય ચિત્તના સત્પુરુષોનો સમાગમ કરવાનો રુડો અવસર મને મળ્યો છે. આપે ઉગ્ર પુણ્ય તથા પુરુષપ્રયત્નવડે પ્રાપ્ત થનાર આ સહજ્જવસ્થાને પ્રાપ્ત રહી આ ભૂમંડલઉપરનાં અનેક સ્થલોને પવિત્ર કર્યાં હશે, તથા આ લોકની સામાન્ય મર્યાદાને જાણનાર આપે અનેક સામાન્ય પ્રસગોને અવલોકન કર્યાં હશે તથા અનુભવ્યા હશે, તેમ જ આ સામાન્યાવસ્થાથી અતિરિક્ત વિશેષાવસ્થાને પ્રાપ્ત મહાજનોને અનેક સ્થલે જોયા હશે; જેથી આ સંસારમાં સામાન્ય તથા વિશેષાવસ્થાનાં સંપૂર્ણ સ્વરૂપ આપને અજ્ઞાત નહિ જ હોવાં ઘટે છે. તેથી આપના પ્રતિ મારી એ પ્રાર્થના છે કે આપે આ વર્તમાન શરીરવડે ભુક્ત આયુષ્માં જે જે વિશેષ પ્રસંગને અનુભવ્યા અથવા અવલોકયા હોય તે તે સમગ્ર પ્રસંગને કૃપા કરી, તે વિષયશ્રવણની આતુરતાવાળા મને તૃપ્ત કરવા અર્થે કથન કરો.

અતિથિ બોલ્યા, હે આપ્તકામ! આપની મુખમુદ્રા તથા વાણીઆદિની સંપૂર્ણ પ્રવૃત્તિપ્રતિ યથાર્થ લક્ષ કરતાં સ્પષ્ટ જણાય છે કે આપ નિત્યતૃપ્ત પુરુષ છો. આ સમ્યક્ પ્રકારે અર્થાત્ વસ્તુતઃ સારરૂપ છતાં અયથાર્થ દૃષ્ટિથી સારરહિત મનાતા સંસારપ્રવાહમાં પ્રાપ્તવ્યજ્ઞાતવ્ય જે છે તેને આપ સ્વાધીન કરી રહ્યાસરખા ભાસો છો, તેથી અન્ય અનેક સામાન્યવિશેષ પ્રસંગો જે મેં અનુભવ્યા છે તે તો આપના સમીપ કથન કરવા યોગ્ય ગણાતા નથી. તેમ છતાં પણ યથાર્થ શ્રવણમાં પ્રીતિવાળા આપના પ્રતિ શ્રવણ કરવા યોગ્ય માત્ર

એક જ પ્રસંગ છે, જે મેં અદ્ભુત પ્રકારે ચિત્રારણ્યની પવિત્ર ભૂમિમાં અનુભવ્યો છે.

હે સર્વૈશ્વર્યસંપન્ન ! પ્રસન્ન ચિત્તથી શ્રવણ કરો. તે શ્રવણ કરવાયોગ્ય, વાસ્તવે અદ્ભુત ન છતાં અદ્ભુતસરખો પ્રતીત થતો પ્રસંગ કહું છું.

વ્યતીત દશમે વર્ષે, મારી છેલ્લી તપશ્ચર્યાની સમાપ્તિએ, હું અપ્રસિદ્ધ તથા પ્રસિદ્ધ ક્ષેત્રોમાં વિચરવાના નિશ્ચયપૂર્વક તે તપોભૂમિનો નમસ્કારપૂર્વક પરિત્યાગ કરીને નીકળ્યો. ત્યાંથી વિવિધ ક્ષેત્રોમાં વિચરતો વિચરતો એક અલૌકિક સામર્થ્યવાળા યોગતત્ત્વવિત્ પુરુષના આ પ્રકારના સમાચારને સાંભળતો હતો કે 'તે પુરુષ **સ્વેચ્છાચારી** છે, અનિયમિતપણે ભિન્ન ભિન્ન સ્થાનોને સેવે છે, મનુષ્યાદિના સંગનો કેવલ ત્યાગ સેવે છે, અને ન ઓળખી શકાય એવી અજ્ઞાતાવસ્થાના આદરવાળા વિચિત્ર વેષથી વિકટ સ્થાનોમાં ઘણો કાલ વ્યતીત કરે છે.' આ આદિ વાર્તાને એક વિશ્વાસ કરવાયોગ્ય વૃદ્ધ મહાત્માના મુખથી શ્રવણ કરીને તેમની શોધ કરતો કાલે કરીને હું ચિત્રારણ્યમાં આવી પહોંચ્યો. આ ચિત્રારણ્ય પ્રવેશ કરતાં જ ભયની ઉત્પત્તિ કરનાર જણાયું. અષ્ટ દિશામાં અસંખ્ય વિવિધ જાતિનાં વૃક્ષોથી તે વેષ્ટિત હતું, અને મધ્યે પણ સરલ માર્ગને મૂકયા વિના સર્વ ભૂમિ વનૌષધિએ જ રોકી હતી. ગંભીર ઝાડીમાં ચાલનાર પુરુષ આગળ પાછળ તથા અન્ય બાજુએ નિર્વિઘ્ન દૃષ્ટિ ન નાંખી શકે એવી અને સત્વર ન માર્ગ કાપી શકે એવી અસરલ વૃક્ષોની ગુંજવાળી એ અરણ્યની ભૂમિ હતી.

કિંચિત્ કિંચિત્ કાલને અંતરે વિવિધ દિશામાંથી ગંભીર, જાડો અને ભયંકર, સિંહના નાદસરખો નાદ શ્રવણે પડતો. એવે પ્રસંગે કાચા હૃદયવાળા અને જીવવાની આશાવાળા નિઃસત્ત્વ પ્રાણીના પ્રાણ તો શરીરમાં ભાગ્યે જ ટકે એમ ભાસતું. ન સહન થાય એવા ભયને આપનાર શબ્દના શ્રવણથી હૃદય વેગથી ધડકવા માંડે, અને સર્વ ઇંદ્રિયો શિથિલ થઈ જાય, જેથી સશક્ત પુરુષ પણ એ પ્રાણઘાતક શબ્દોના શ્રવણ પછી એક પણ આઘુંપાછું પગલું મૂકવાને સમર્થ રહે એવું અનુમાન પણ થઈ શકે એમ ન હતું. વ્યાઘ્રાદિ વિકરાલ પશુઓ સંકડાશમાં આવેલા વૃક્ષોની વચમાંથી પ્રસંગે ભચરડાઈને નીકળી ભારે શબ્દોને કરતાં દૃષ્ટિએ પડે, ત્યારે તો સમીપમાં આવી ગયેલો અધૈર્યવાન વિષયાસક્ત પ્રાણી તો મૂર્છાને પ્રાપ્ત થયા વિના ન જ રહે. અસંખ્ય ભયંકર વિષધર તો સ્થલે સ્થલે ફરતા નિરંતર

દૃષ્ટિએ પડતા, જેથી નિર્ભય, મરણનો આદર કરનાર પુરુષ વિના કોઇ પણ આ અરણ્યમાં પ્રવેશી શકે એમ ન હતું. હે ત્રિલોકેશસરખા ભૂપતિ ! સંક્ષેપમાં કહું છું કે એ અરણ્ય આ ભૂમંડલમાં મારાં જોયેલાં સર્વ સ્થાનમાં અત્યંત વિકટ હતું.

હે મહામુક્ત ! એ ચિત્રારણ્યમાં પ્રવેશ કરવો અતિ કઠિણ હોવાથી વ્યાવહારિક મનુષ્ય તો કદાચિત્ પણ એમાં પ્રવેશ કરતા ન હતા, અને વિરક્ત પુરુષમાંના કોઇ, જે નિર્ભયતા આપનાર વિરાગને પ્રાપ્ત થયેલા તેવા, પ્રસંગે કોઇ નિમિત્તથી પ્રવેશતા; પણ થોડું ચાલીને નિષ્પ્રયોજન પ્રવેશ વિચારી પાછા હઠી જતા. આ સઘળું પ્રથમથી જાણવા છતાં પણ મૃત્યુને પણ ઉત્સવરૂપ માનનાર હું તો એ અરણ્યના અવધિને જોવા નિર્ભયપણે ઉત્તરોત્તર પ્રવેશ, એક દિશા બાંધી કરતો હવો. દિવસના ચાર પ્રહર અખંડ ચાલ્યો, તેમાં અનેક પ્રાણઘાતક પ્રસંગ આવી ગયા, પણ જે જેની ઇચ્છા કરે છે, તે તેનાથી દૂર રહે છે; અને જે જેની અનિચ્છા રાખે છે તે તેના સમીપ આવી પ્રાપ્ત થાય છે, એ નિયમાનુસાર મરણનો આદર કરનાર મને તે પ્રસંગ મરણને મેળવી શક્યા નહિ.

રાત્રિ પડવાથી અંધકારમાં માર્ગ પ્રતીત નહિ થશે એવા વિચારથી સંધ્યાકાલના સમયે મેં એવો નિશ્ચય કર્યો કે કોઇ કંટકાદિ ઉપાધિથી રહિત વૃક્ષઉપર શ્રમ જણાયેથી તથા ચાલવાને નિરુપાય થવાથી વિશ્રામ કરીશ. પણ જેમ જેમ સમય જવા માંડ્યો તેમ તેમ તો મને સૂર્ય, ચંદ્ર તથા દીપકના પ્રકાશકરતાં વિલક્ષણ પ્રકાશ સ્થલે સ્થલે જણાવા લાગ્યો. જ્યારે મેં વધારે ચોકસી કરી કે આ પ્રકાશ શેનો છે, ત્યારે મને જણાયું કે એ તો એક જાતના મોટા નાગના મસ્તકઉપર રહેલા કોઇ પ્રકાશક પદાર્થનો પ્રકાશ છે, જેને લોકો નાગમણિ કહે છે. તે નાગના આજુબાજુ ફરવાહરવાથી મારી ચારે તરફ જ્યાં જ્યાં હું ચાલતો ત્યાં ત્યાં અજવાળું જોતો. એમ કરતાં જ્યારે લગભગ મધ્ય રાત્રિનો સમય થયો ત્યારે તો મને એકસરખો અસંખ્ય દીપકોના જેવો પ્રકાશ આઠે દિશામાં રહેલાં વૃક્ષોનાં પત્રે પત્રે તથા પડખેર ગાળે ગાળે જણાવા લાગ્યો; તેથી માર્ગ તો અત્યંત સુગમતાથી કાપીશ એવો ઉમંગ મનમાં થતો જણાયો. સાનંદાશ્ચર્યથી તત્કાલ તો એ જ વિચાર કરવા લાગ્યો કે અહો ! આ વિકટ સ્થાનમાં તેમ જ નિર્જન પ્રદેશમાં આ દીપમાલસરખો, ઉત્સવનું ભાન કરાવનાર, પ્રસંગ કોણે કર્યો છે ? સકારણ વિચારતાં એમ

નિશ્ચય થયો કે જ્યોતિના સરખી લાંબી આકૃતિ આ પ્રકાશક પદાર્થની નથી, માટે દીપક તો નથી જ, પણ કોઈ પ્રકાશક પદાર્થ છે. આપ્રમાણે વિચાર કરતો અને ચાલતો હું જ્યારે તે પ્રકાશના સમીપ આવ્યો ત્યારે તો મને સ્પષ્ટ જણાયું કે આ તો એક જાતિના જંતુ છે, જેનો પૃષ્ઠનો સઘળો મધ્ય ભાગ મોટા પ્રકાશવાળો છે. તે જંતુ પત્રે પત્રે, તેમ જ વૃક્ષના સ્કંધે સ્થલે સ્થલે બેઠેલાં હતાં. એ જંતુઓ આ લોકમાં આગિયાના નામથી ઓળખાતાં ઊડતાં જંતુઓ કરતાં વધારે મોટાં અને વિલક્ષણ આકૃતિવાળાં હતાં. તેમનો પ્રકાશ કંપરહિત દીપકની પેઠે સ્થિર રહેતો. તે ઊડતાં જણાતાં ન હતાં, તેમ જ મારે તેમનાથી કોઇ પ્રયોજન ન હોવાને લીધે મેં તેઓ ઊડે છે કે નહિ એવો તપાસ કરવા કશી યુક્તિ કરી ન હતી. આપ્રમાણે પ્રકાશમાં ને પ્રકાશમાં માર્ગ કાપતો હું સૂર્યોદય થવાના સમયે તો આશરે દશ યોજન ચાલી શક્યો હતો. આ સઘળો કાપેલો માર્ગ એક સરખો ભયભરેલો પ્રતીત થતો હતો. આટલો માર્ગ કાપ્યા છતાં માર્ગમાં પ્રસિદ્ધ જલાશય એક પણ મારા જોવામાં આવ્યું નહિ, તો પણ આ મનમાં એ નિશ્ચય તો જણાતો જ હતો કે આજુબાજુ કોઇ પ્રકારનું પણ જલાશય અવશ્ય હોવું જોઇએ. કારણ કે આ અસંખ્ય પ્રાણીઓ જલપાન વિના જીવે એ અસંત અસંભવની વાર્તા છે. મારે પંદર દિવસપર્યંત ક્ષુધાતૃષાનું ભય ન હતું, તેથી મેં એ વિષેની સપ્ત દિવસપર્યંત શોધ કરવાની કાળજી રાખી ન હતી. કારણ કે પાછા નીકળેલે સ્થાને આવવાનો અવકાશ, જવાના કાલ—જેટલો મળે ત્યાં સુધી ચિંતા ન હતી. અને તેમ ન થઇ શકે તો પણ જીવવાની આશારહિત થયેલા મને શોચનીય ન હતું.

હે શાંત પુરુષ ! સજાતીય, વિજાતીય અને સ્વગતાદિ ભેદથી રહિત તથા જન્મમરણાદિ વિકારોથી અતીત આત્મસ્વરૂપને હસ્તામલકવત્ અનુભવનાર હું મદગલિત હસ્તીની પેઠે નિઃશંકપણે આ મહાભયંકર અરણ્યમાં બીજો આખો દિવસ ચાલી ગયો, ત્યારે મને એ અરણ્ય ઓછા ભયવાળું જણાવા લાગ્યું. વિષધરનાં વિશેષે કરી દર્શન થતાં અટક્યાં, અને ભયંકર શબ્દો પણ ઘણે છેટે વિશેષ કાલના અંતરે થતા સંભળાવા લાગ્યા. મનને અધિક આનંદ આપનાર વાયુનો આ શરીરે સ્પર્શ થવા લાગ્યો. ચિત્તની પ્રસન્નતા કરનાર પક્ષીઓના મૃદુ શબ્દો શ્રવણે પડવા લાગ્યા સુકુમારસરખાં દેખાતાં વૃક્ષો, લગાર અંતરે ઉગેલાં જણાવા લાગ્યાં, તેથી વસુધા પણ કંઇક

રમણીય ભાસવા લાગી. સ્થલે સ્થલે સૂર્યનાં કિરણનો પ્રકાશ પણ સ્વચ્છ જણાવા લાગ્યો. ઉત્તમ સ્વાદિષ્ઠ સરખાં ફલો પણ પ્રસંગે વૃક્ષો-ઉપર દેખાવા લાગ્યાં. સુગંધ પણ અધિક સુખનું ભાન કરાવતો પ્રતીત થવા લાગ્યો. આપ્રમાણે આગળ સુસ્થલ આવવાના અનુમાને અધિક ઉત્સાહપૂર્વક ચાલવા લાગ્યો.

હે નરેશ ! તમે નિઃશંક છો, તથાપિ શંકા થવાના સંભવથી જણાવું છું કે હું તપશ્ચર્યાના કાલે પક્ષાંતે ભોજન કરતો, તથા જલ-ની પણ તત્ત્વધારણાના બલથી મને, પક્ષની સમાપ્તિએ આહારગ્રહણ-કાલે જ આવશ્યકતા જણાતી. હું તો પક્ષાંતે પરિપાકને પ્રાપ્ત થાય એવા આહારને સેવતો, પણ અન્ય તપસ્વીઓ તો ત્રણ રાત્રિ, સપ્ત રાત્રિ, પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ, અને કવચિત્ એકાંત ગુહાદિ સ્થાનને સેવનાર પુરુષો તો છ માસે પચન થાય એવા આહારને પણ ગ્રહણ કરી ઈશ્વરના સ્મરણચિંતનમાં નિમગ્ન રહેતા. આ કાર-ણથી મને અન્નજલની શોધ કરવાનું તત્કાલ કાંઇ પ્રયોજન ન હતું.

બીજા દિવસની રાત્રિનો આરંભ થતાં તો આગલી રાત્રિકરતાં અધિક સુખનું ભાન કરાવનાર પ્રસંગનો અનુભવ થવા લાગ્યો. ઘણે દૂરથી ચિત્તને આકર્ષણ કરનાર વાદ્યંત્રના ઘોષ શ્રવણે સૂક્ષ્મ ધ્વનિરૂપે પડવા લાગ્યા. મારા પગને મારા બલવિના જ વાયુ જાણે પોતાના બલથી વેગવડે ચલાવતો હોય એમ ભાસવા લાગ્યું. મારો આગલા દિવસથી ચાલવાવડે ઉત્પન્ન થનાર શ્રમ તો કિંચિત્ પણ પ્રતીત ન થતો હવો, પણ ઉલટું અધિક બલ ચરણમાં આવેલું જણાયું. આ પ્રમાણે મોટા વેગથી ચાલતાં એક પ્રહર રાત્રિ વ્યતીત થઈ એટલે તો આજુબાજુ વૃક્ષોની પંક્તિવડે ચક્રાકાર શોભતો સુંદર ચોક આવી લાગ્યો. તેમાં ઉત્તમ પ્રકારની શોભા અને દિવ્ય મણિના પ્રકાશસરખો સ્થલે સ્થલે નેત્રને ઝંખવી નાંખે એવો પ્રકાશ જણાવા લાગ્યો; અને એવું ભાન થયું કે જાણે આ મૃત્યુલોકનો ત્યાગ કરી હું કોઇ અન્ય લોકમાં જ પ્રવેશ્યો છું. આ પ્રકારના પ્રથમ મંડપમાં પ્રવેશ કર્યો, પણ કોઇ મનુષ્ય કે દેવાદિની એ સ્થાને પ્રતીતિ થતી ન હતી. આ મંડપમાં સઘળે દૃષ્ટિ કરીને જેમ જેમ હું આગળ ચાલ્યો તેમ તેમ મંદ મંદ અસંત સુગંધયુક્ત વાયુના સાથે કોમલ સુસ્વર, સ્ત્રીઓના કંઠથી નિકળી, આવતો હોય એમ ભાન થવા લાગ્યું. ઉત્તરોત્તર આગળ વધતાં તે સ્વર લગાર લગાર સ્પષ્ટ થવા લાગ્યો. ક્રમે કરીને આવતાં

સ્થાનને અનુભવતાં, આગળનાં ભયંકર સ્થાનનું સહજ સ્વભાવે વિસ્મરણુ થતું ચાલ્યું. શરીરમાં કોઇ દૈવી સામર્થ્ય આવતું જતું હોય એમ ઉત્તર ઉત્તર ક્ષણુમાં ભાસવા લાગ્યું. આ પ્રકારે આગળ ચાલતાં ઊંચાં, ગગનની સાથે સ્પર્શ કરતાં દિવ્ય ભુવનો દેખાવા લાગ્યાં. તેમની દૂરથી જણાતી શોભા અવર્ણનીય હતી. તે દિવ્ય ભુવનોમાંથી સહસ્રાવધિ સ્ત્રીઓનો એકસરખો મળેલો, ઊંચો, નીચો, તથા મધ્યમ સ્વર, ઉત્તમ પ્રકારના નિયમમાં સ્થપાએલો, સ્પષ્ટ સંભળાવા લાગ્યો. શું ગાય છે તે સ્પષ્ટ શબ્દ તથા અર્થનું ભાન, ત્યાં સુધી થતું ન હતું. ઘણા વેગથી આગળ વધતો હું જ્યારે તે દિવ્ય મંદિરોના કંઇક સમીપ દેશમાં આવ્યો ત્યારે તો મોટા વૃક્ષોના અભાવવાળી જાણે સુવર્ણમય પૃથ્વી હોય એવી તે સ્થલની ભૂમિ જણાવા લાગી. પદાર્થોનું સ્પષ્ટ ભાન કરાવનાર સૂર્યના પ્રકાશકરતાં પણ ઉત્તમ રીતે વસ્તુમાત્રનું ભાન થાય એવો શાંત અને દૈવીસરખો દીસતો પ્રકાશ તે વિશાલ સ્થાનમાં છવાયેલો જણાયો. એક બાજુએ તે દિવ્ય ભુવનો અભ્રને અડકી રહ્યાં હોય એવાં, દીપમાલની પેઠે સ્થલે સ્થલે પ્રકાશક પદાર્થોના પ્રકાશવડે દીપતાં હતાં. ન ગણી શકાય એટલા ઉપરાઉપરી માળવાળાં તે ભુવનોની લંબાઇ પહોળાઈ પણ ન અટકળી શકાય એવી વિશાલ હતી. એ ભુવનોની પ્રત્યેક અટારીએ, જેની શોભા મનુષ્યથી યથાર્થ રીતે ન વર્ણવી શકાય એવી, મહામોહના પાશરૂપ અનેક સ્ત્રીઓ ફરતી, હસતી, રમતી, ગાતી, પરસ્પરના હાથ ધરી ઉભેલી--એમ વિવિધાકારમાં દેખાવા લાગી. હું આ સઘળું જોતો જે માર્ગમાં ચાલતો હતો એ માર્ગમાંની શોભા તો રમ્ય રમવાના સ્થાનજેવી હતી, પણ ત્યાં કોઇ સ્ત્રીઆકાર કે પુરુષાકાર પ્રાણી જણાતું ન હતું.

નિર્ભયપણે મહાઆશ્ચર્યને પામતો, દિઙ્મૂઢસરખો ભાસતો, આસપાસ જોતો, કોઇ વિલક્ષણ વેગથી હું આગળ ચાલતો હતો, પણ મારા ડાબા હાથની બાજુએ રહેલાં આ દિવ્ય ભુવનોનોનો છેડો જણાયો નહિ. આ તે રાત્રિ હશે કે દિવસ થયો છે, એનો નિશ્ચય કરવાસરખું તે ક્ષણે મને કંઇ સાધન સાંપડયું નહિ. થોડો આગળ જાઉં છું તો દૃષ્ટિ જેના પારને પામતી નથી એવું વિશાલ જલાશય જણાયું. અને રત્નસરખા દિવ્ય કોઇ જડ પદાર્થવડે બાંધેલા ઘાટ દેખાયા. તે ઘાટઉપર દૃષ્ટિ નાંખતાં અસંખ્ય સ્ત્રીઓ જોવામાં આવી. એ સ્ત્રીઓમાં કોઇ તો સ્નાન કરી આરાઉપર વસ્ત્ર પેહેરે છે, કોઇ તો જલમાં નગ્ન ક્રીડા કરે છે, કોઇ તો નાના શૃંગારને સજે છે, કોઇ તો વસ્ત્રાલંકારથી શોભતી

સખીઓસાથે પરસ્પરના હાથ ઝાલી પેલા દિવ્ય ભુવનમાં પ્રવેશે છે. આ સર્વ સમૂહનો દેખાવ જોતાં તેમાં પુરુષ એક પણ જણાતો ન હતો.

હે નિર્વિકાર ચિત્તવાળા ! આ સ્થાને તો હું દૃષ્ટિ નાંખતાં જ ગતિથી રહિત સ્થાણુની પેઠે થઈ ઉભો, અને એવા સંશયનો ભાસ થયો કે આહા! આ તે સ્વરૂપનો સ્વભાવસિદ્ધ ચમત્કાર છે કે આ તે યોગવડે પ્રાપ્ત થઈ સાધકને ભ્રષ્ટ કરનાર સિદ્ધિઓનું સામર્થ્ય છે કે આ તે સાક્ષાત્ સ્વર્ગ જ છે, કે આ મૃત્યુલોકમાં જ નિરતિશય આનંદને આપનાર આ સ્થાન પુણ્યવાન્ પ્રાણીના નિવાસાર્થે સ્થાપિત છે, કે આ કોઇ ભૂમંડલવર્તિ દેવલોક જ છે કે શું ? એમ નાના સંકલ્પને કરતો ચેષ્ટા વિનાનો થઈ ઉભો, પણ તે કોઇ મને જાણતું જણાયું નહિ. આ મનની ખાતરી થઈ કે યોગીને યોગથી, સત્યવ્રતવાળાને સત્યથી, ધર્મીને ધર્મથી, માનીને માનથી, યતિને તથા બ્રહ્મચારીને બ્રહ્મચર્યથી, તપસ્વીને તપથી, તથા અન્ય સર્વને મોહપાશવડે બાંધી ભ્રષ્ટ કરનાર ઇંદ્રની અપ્સરારૂપે સ્થાને સ્થાને વર્ણન કરાએલી સ્ત્રીઓ આ પ્રકારની જ મોહમયી હશે. આ સ્ત્રીઓના સૌંદર્યને તથા તેમના સર્વ પ્રકારના તે અવલોકેલા સમયના વર્ણનને કરવા તથા સાંભળવા મારી વિરક્તાવસ્થા તથા તમારી સ્થિતિ યોગ્ય નથી, તેથી તે નિઃસાર રસને આ સ્થલે વર્ણવવો મૂકી દેઇને આગળ પ્રસંગને સંક્ષેપમાં કહું છું.

આ રીતે દિઙ્મૂઢસરખો, ચેષ્ટારહિત હું ઉભો રહ્યો એટલી વાર મને 'આ તે સ્વપ્ન થયું છે' કે 'હું સાવધ અવસ્થામાં આ જોઉં છું' એવો ભ્રમ થયો. કેટલોએક કાલ ત્યાં એમને એમ ઠરી રહ્યો, અને અભાનસરખી અવસ્થાનો અભાવ થઈ જ્યારે પુનઃ મારી સાવધ સ્થિતિમાં આવ્યો, ત્યારે તો સૂર્યોદય થયેલો ભાસ્યો, તે દિવ્ય ભુવનો તથા જલાશય તો અદૃશ્ય થઇ ગયેલાં જણાયાં, અને આગલા દિવસના અંતમાં દીઠેલાં વૃક્ષવડે વેષ્ટિત મંડપકરતાં અધિક રમ્ય અને વિશાલ ચોકસરખું સ્થાન માત્ર ત્યાં જણાવા લાગ્યું.

આ પ્રકારે જોઇ ને આશ્ચર્યસાથે અનેક વિચાર આવવા લાગ્યા તથા તે દીઠેલા પ્રસંગની યથાર્થ પ્રતિમા વૃત્તિમાં આરૂઢ હોવાથી, સમસર્વત્ર આત્માના સ્વરૂપને અનેક વાર વિચારી દૃઢપણે નિશ્ચય કરનાર હુંસરખા આપ્તકામને પણ પુનઃ એક વાર તે પ્રસંગ અવલોકવાની આતુર ઇચ્છા પ્રકટ થઈ. એ સમયે મને એવો વિચાર થયો કે સર્વાધિપતિ મહેશ્વરને છલનાર જે કામ કહેવાયો છે તે કામે જ આ મારા સમીપ અદ્ભુત ચરિત્ર રચ્યું હશે, કે તે કામ જ આ આ અનેક સ્ત્રીરૂપે

પ્રતીત થયો હશે ? આ સમગ્ર સંસારને મૃગતૃષ્ણાના જલની પેઠે અનુભવનાર હું કયા પ્રતિબંધક સંસ્કારના ઉદયથી આ દશ્યમાં મોહવાળો થયો છું ? સર્વથા નિર્મોહાવસ્થાને ઇષ્ટ માનનાર છતાં આ મન કોના બલથી મોહવશ થયું પ્રતીત થાય છે, એ પણ જણાતું નથી. મારો આત્મસ્વરૂપનો અનુભવ યથાર્થ હશે કે અયથાર્થ એ પણ હવે કળી શકાતું નથી. આ આદિ સંશય તથા વિપર્યયના અંશસરખા અનેક મોહક વિચાર ભાસવા લાગ્યા, તે સર્વને હું યથાર્થ વિચારથી તથા મોહક વિષયમાં દોષદર્શનની અનેક યુક્તિથી નિર્બલ કરવા લાગ્યો. તો પણ આ પ્રદેશમાં જ આજે રાત્રિપર્યંત રહી સંશયનિવૃત્ત થવું એવો અંતનો નિશ્ચય વૃત્તિમાં થયો; તેથી આજુબાજુ ઘણે દૂર ન જતાં, એટલામાં જ ફરતાં, વિવિધ વૃક્ષાદિ પદાર્થોની જાતિને વિશેષ લક્ષપૂર્વક અવલોકતાં આખો દિવસ વ્યતીત કર્યો. એટલામાં મને કામીઓની પ્રિય પદાર્થના વિયોગજન્ય દુઃખદ અવસ્થાનો અંશતઃ અનુભવ થયો. દિવસનો કાલ ઘણો લાંબો જણાવા લાગ્યો. આગલા દિવસકરતાં રમણીય સ્થાન છતાં પણ તે જોતાં ચિત્તની એટલી પ્રસન્નતા ન જણાવા લાગી. વૃત્તિઓ વિવિધ રૂપે દિવસના અંતપર્યંત વેગથી સ્ફુરતી રહી, અને હું તેમને નિર્બલ કરી શાંત કરતો રહ્યો. એમ કરતાં રાત્રિનો સંધિ આવ્યો, એટલે તત્કાલ એ સ્થાનનો દેખાવ આગલી રાત્રિની પેઠે ફરવા લાગ્યો, અને ક્રમે કરી રાત્રિનો પ્રવેશ થતાં જ તે દિવ્ય ભુવનોનો ભાસ થવા લાગ્યો. જલાશયની પણ પૂર્વવત્ પ્રતીતી થવા લાગી. મહામોહક સ્ત્રીઓનો સમુદાય પણ સ્થલે સ્થલે જણાવા લાગ્યો. પ્રસંગે મારા સમીપથી તે સ્ત્રીઓ જાય, પણ મારા પ્રતિ કિંચિત્ લક્ષસરખો પણ કરે નહિ. જ્યારે જ્યારે મારા ચાલવાથી અથવા તેમના જવાઆવવાથી અત્યંત સમીપતા થતી, ત્યારે તેમના વસ્ત્રના ફડફડાટનો વાયુ મને સ્પર્શ કરતો, અને તેથી તત્કાલ એક વિલક્ષણ પ્રેમનાં પ્રેર્યાં રોમાંચ થતાં. આ ક્ષણે મેં મારા જ્ઞાનીપણાના નહિવત્ ભાનનો અનાદર કરીને મનને કહ્યું, "રે દુષ્ટ મન ! તેં મને મોટો છલ કર્યો છે! આટલા દિવસ તું બગની પેઠે કૃત્રિમ અક્રિય અવસ્થાનું ડોળ કરતું ધ્યાનસ્થ થતું ! અરે ! મેં તારા શાંતપણાને જાણી નિશ્ચય ધર્યો હતો કે હું મનોજય તથા વાસનાક્ષયના સદ્ભાવવાળો તત્ત્વજ્ઞાની તથા તત્ત્વસ્વરૂપ થયો છું, પણ તે સર્વ હવે મને વ્યર્થ જણાયું. શાસ્ત્રમાં જ્ઞાનનાં સાધનમાં જ પ્રથમ વિવેક, પછી વૈરાગ્યને કહ્યો છે. તે વૈરાગ્યનું મુખ્ય સ્વરૂપ કહ્યું છે કે આ ચૌદ લોકનાં સુખને કાકવિ-

ષ્ઠાસમાન તૈલધારાવત્ નિરંતર માનનાર પુરુષ જ વૈરાગ્યવાન્ છે; અને તે જ તેના ઉત્તરકાલે સંપત્તિપૂર્વક અર્થાત્ દેહાત્માધ્યાસની નિવૃત્તિપૂર્વક જ્યારે પ્રબલ મોક્ષેચ્છા પ્રાપ્ત થાય છે, ત્યારે જ તત્વજ્ઞાનના શ્રવણમાં અધિકારવાળો થાય છે. તો એ જોતાં આ ક્ષુદ્રહૃદયબલવાળો હું આ લોકમાં પ્રતીત થતા સ્ત્રીઆદિક વિષયોની પણ અસ્પૃહાવાળો થયો નથી, તો સંપૂર્ણ વિષયમાં કાકવિષ્ઠાસમ તિરસ્કારબુદ્ધિ થવી કયાં ! અર્થાત્ હજી હું અધિકારી સાધકની પંક્તિમાં પણ પ્રવેશ્યો નથી, તો મારા વિષે જ્ઞાનાવિર્ભાવનો સંધિ તો કયાંથી જ હોય ?

રે રે ! આ બાહ્ય ત્યાગના આડંબરવાળો હું, મંદમતિ સંસારીકરતાં પણ નીચ છું. મેં એકાંત દેશના સેવનને કરી કરવાયોગ્ય કાંઇજ કર્યું નહિ! પક્ષાંતે અન્નજલના ગ્રહણથી શરીરશોષણ કરીને પણ મેં કોઇ સ્વાર્થ સિદ્ધ કર્યો નહિ ! મેં વિવિધપ્રકારના કષ્ટવાળું તીવ્ર તપ કરી પ્રાપ્ત કરવાયોગ્ય ઉગ્રફલ અદ્યાપિપર્યંત પ્રાપ્ત ન કર્યું ! મેં બાહ્ય શત્રુનો અભાવ કરવા સર્વસંગપરિત્યાગ કર્યો, પણ આ ગુપ્તપણે હૃદયમાં રહેલા બલવાન્ અંતઃશત્રુને આ ક્ષણપર્યંત પણ જાણ્યા નહિ ! મેં મોહક પદાર્થના અભાવવાળા પ્રદેશમાં રહીને આ ઇન્દ્રિયોના જયને મિથ્યા માની લીધો! યમનિયમની યથાર્થ સિદ્ધિવિનાનો હું રાત્રિદિવસ વિવિધ આસનો વાળી ને વૃથા બેઠો, તથા વિરાગ વિના વિષયમાં અસ્પૃહાવાળો વૃત્તિનો વેષ જોઈ એ વૃત્તિઓને નિગ્રહ થવાયોગ્ય ગણી નિષ્પ્રયોજન મેં નિયમિત કાલે રેચક, પૂરક, કુંભક કરી પ્રાણાયામને આદર્યો ! તથા હૃદય, કંઠ અને પાર્શ્વવાદિ સ્થાનોને શ્રમ આપનાર નાના કુંભકને સાધવા યત્ન કર્યો ! ર રે ! આ કાકના સદશ સ્વભાવવાળા મનને હંસરૂપ જાણવામાં મેં અત્યંત અસાવધપણું વાપર્યું છે ! વિષયલાલસાના અભાવનો નિશ્ચય ન કરીને નિરર્થક મેં નિર્વિષયીસરખી તત્ત્વની ધારણાઓમાં આ આયુષ્નો ક્ષય કર્યો ! એમ છતાં પણ આ મન આ વિષયાકારપરિણામથી છૂટી હજી તત્ત્વાકારપરિણામને પામ્યું જણાતું નથી. વિષયની સ્વભાવથી જ અપ્રાપ્તિવાળા દરિદ્રાદિ પ્રાણીની પેઠે વિરાગના અનુમાનવાળો નિઃસંગી હું વ્યર્થ જ આટલો કાલ ફસાયો છું ! અહો ! ધિક્કાર છે તે ત્યાગાવસ્થાના ધારણ કરનારને કે જેમણે આ સંસારના વિષયપદાર્થના સમીપ રહીને અનેક યુક્તિ તથા પ્રસંગથી નિર્વિકાર ચિત્તનો યથાર્થ અનુભવ લીધા વિના તે મલીન ત્યાગને ધારણ કર્યો છે ! શતગુણુ અધિક ધિક્કાર છે તે ત્યાગીને કે જેમને મારી પેઠે ત્યાગના અવધિના કાલપછી વિષયેચ્છાનો અંતરમાં ઉદય થાય, અને ઉદય થયાપશ્ચાત્

તે ઇચ્છાને અધીન થવા વિચારે, પણ તે દુષ્ટ ઇચ્છાને અધીન વર્તવામાં તત્પર આ પાપરૂપ દેહનો અંત ન આણે ! હે ઇષ્ટ ! મેં રાત્રિદિવસ ધ્યાનમાં પ્રતીત કરેલા આપ કે જેમને મેં મારા સ્વરૂપે નિશ્ચય કર્યા છે, તે આ ક્ષણે કયાં અને કયા રૂપમાં છો, તેનું મને ભાન નથી; અને આ દુઃખદ મોહ જેને મેં કોઇ ક્ષણે પણ ધ્યેયરૂપ ગણી સેવ્યો નથી, તે ક્યાંથી પ્રકટ થઈ આ મારા હૃદયમાં પ્રતીત થાય છે, એ હું સમજતો નથી. રે રે! આ તે ઇષ્ટે મારા અનુભવની પરીક્ષાનો પ્રસંગ આણ્યો છે કે મને પ્રાપ્ત ઇષ્ટ ફલના વિરોધી સંસ્કારે આ બલ વાપર્યું છે, કે ઈશ્વરની અષ્ટ સિદ્ધિઓએ મને યોગભ્રષ્ટ કરવાને આ પાખંડ રચ્યું છે? આશ્ચર્ય છે કે આટલે કાલે આ અનાદિ અજ્ઞાને આવીને આ સિદ્ધસરખા હૃદયને પણ ઘેરો ઘાલ્યો છે!"

આઆદિ અનેક વિચારને કરતો હું નેત્ર બંધ કરીને બેઠો, અને ઇષ્ટનું ચિંતન કરવા લાગ્યો, પણ પ્રબલ સંસ્કારાદિના બલથી તેમાં હું સફલ થયો નહિ, ત્યારે તત્કાલ સાવધ થઈ મેં એ વિચાર કર્યો કે હવે આ સ્થાનથી આગળ ચાલીને જોઉં કે સંગ છૂટવાથી વૃત્તિસંયમ થાય છે? સાધનોના સમૂહમાં, આવી પ્રબલ વૃત્તિના વેગનો જય કરવામાં વિરોધી સ્થાન તથા સંગતિનો ત્યાગ પણ અતિ ઉચિત ગણ્યો છે. આ વાર્તાનું સ્મરણ થતાં જ હું એ જલાશય તથા દિવ્ય ભુવનને ત્યજી અન્ય વિભાગમાં વેગથી વહેવા લાગ્યો. જતાં જતાં વૃત્તિઓ ભુવનપ્રતિ વળે, અને હું બલથી આગળ વધ્યો જાઉં. આ રીતે ઘણી ત્વરિત ગતિએ ચાલતો જેમ જેમ આગળ ગયો તેમ તેમ કિંચિત્ કિંચિત્ ચિત્તની શાંતાવસ્થાને અનુભવવા લાગ્યો અને તેથી કંઇક પ્રસન્નતા પ્રતીત થઈ. એ પ્રમાણે ઘણે અંતરે ચાલી જતાં વળી એક વિચિત્ર પ્રસંગ દૃષ્ટિએ પડવા લાગ્યો. તે વૃતાંતને પણ સંક્ષેપમાં કહું છું.

ભુવન ત્યજીને જતાં આગળ જે આછો ઘેરો, ચંદ્રની ચાંદનીસરખો પ્રકાશ હતો, તે આ આગળનાં સ્થલસમીપ આવતાં પાછો વિશેષ ઉજ્જવલસરખો પ્રકાશ વધારે વધારે જણાવા લાગ્યો. એથી મને તત્કાલ તો એવી ભ્રાંતિ થવા લાગી કે અરે! આ તે હું પુનઃ તે જ ભુવનસમીપ આવ્યો કે એ ભુવન ત્યાંથી ઊડીને આ મારા સંમુખ દેશમાં આવ્યું? પણ આગળ વધતાં એ ભ્રાંતિ છૂટી ગઈ. મારે કાને લક્ષાવધિ મનુષ્યની હેરફેરનો પડઘા પડવા લાગ્યો; અને આકાશપૃથ્વીને એક કરી રહેનાર મોટો વિશાલ પહાડ હોય એવું

દેખાવા લાગ્યું. તે વેલા તો મને એવો ભાસ થયો કે અરે ! આ લોકો કહે છે કે આ આકાશ સ્તંભવિના સત્ના આધારે જ પોતાની મેળે અધર રહ્યું છે, પણ આ જોતાં આ વાર્તા ખોટી પડે છે. આ તો ઊર્ધ્વ લોકોનો આધારભૂત દિક્સ્તંભ હોય એમ જણાય છે. આવા ને આવા સ્તંભો અષ્ટદિશાપ્રતિ હશે, પણ અજ્ઞ અને અલ્પ શક્તિવાળાં વિષયનાં કીટસરખાં પ્રાણીઓ આવા વિકટ સ્થળમાં પ્રવેશીને એનાથી સજ્ઞાન થયાવિના જ માત્ર લોકવાર્તા ચલવે છે કે આકાશ તો સ્તંભવિના જ સત્થી અધર રહ્યું છે. અહાહા ! પેલું સ્થલ છોડી આ તરફ ન વળત તો આ સર્વને ન જણાયલા એવા આકાશના આધારભૂત સ્તંભને હું શી રીતે જાણી શકત ?

આ પ્રકારે અનેક તરંગને વશ થતો વેગથી જ્યારે હું આગળ ગયો ત્યારે તો અસંખ્ય પુરુષોનો સમુદાય મારી દૃષ્ટિએ પડયો. તે પુરુષો વિવિધ વિચિત્ર વેષવાળા જણાયા. કોઇ તો દિવ્ય વસ્ત્રાલંકારવાળા તથા સુંદર દિવ્ય રૂપવાળા હતા. કોઇ તો મોટા તપસ્વીસરખા જણાયા. આ અસંખ્ય પુરુષના સમૂહને જોઇને પ્રથમ તો મને એજ વિચાર આવ્યો કે આ સ્થાનની આજુબાજુ કોઇ મોટી વસતિ હશે, ત્યાંની આ સ્ત્રીપુરુષરૂપ પ્રજા આ પોતપોતાનાં રમવા તથા આનંદ કરવાનાં સ્થાનમાં આવ્યાં જણાય છે. તેમાં આ પુરુષો છે, અને પેલી આ પુરુષોની સ્ત્રીઓ હશે, અને આ તપસ્વીસરખા પુરુષો તો આજુબાજુ વસતિના આશ્રયતળે પોતપોતાનાં સ્થાનો રચી તપ કરતા હશે, તે સહજ આ સુખપ્રદ સ્થલે આવ્યા હશે. આ વિચારને વશ થયેલો હું જ્યારે વધારે આગળ ગયો ત્યારે એ સર્વ કલ્પના ખોટી ઠરી, અને ખરું તો એવું જણાયું કે એ જણાયેલો મોટો સ્તંભ તો વિશાલ પૃથ્વી રોકી રહેલો હતો, અને તે વસ્તુતઃ તો આકાશમાં ચઢવાની અસંખ્ય નાનીમોટી સીડીઓનો આધાર હતો. પેલા લક્ષાવધિ પુરુષો તો પ્રસન્નતાપૂર્વક પેલી સીડીઓઉપર ચઢતા ચાલ્યા જતા. આકાશતરફ જોતાં એક સીડીનો છેડો તો જાણે ચંદ્રમાની સાથે અડકેલો હોય એમ જણાતો, અને બીજી અનેક સીડીઓના છેડા તો આકાશમાં કોઇ કોઇ મોટાં, ચંદ્રથી પણ ઘણાં ઉંચેના સ્થાનપર્યંત ચાલી ગયેલા હોય એમ જણાયા. આ સઘળું જોઇને તો મારો એ નિશ્ચય દૃઢ થયો કે અરે ! આટલા દિવસ હું કાને સાંભળતો હતો કે પૂર્વે આ લોકવાસીને સ્વર્ગમાં જવાનો માર્ગ ખુલ્લો હતો, પણ હવે આ પાપપ્રધાન કલિયુગ આવ્યો છે તેથી તે માર્ગ બંધ થઈ ગયો છે; પણ એ વાર્તા

આથી સાચી અને સ્પષ્ટ થઈ છે. તે જ આ સ્વર્ગનો માર્ગ સામાન્ય સર્વ પ્રાણીઓ ન પ્રવેશી શકે એવા વિકટ સ્થાનમાં સ્થાપ્યો છે. મારી ઉગ્ર તપશ્ચર્યાની નિષ્ફલતાનાં આવેલાં અનુમાનો હવે વ્યર્થ છે. એ જ તપોબલના પ્રભાવે હું આ સ્થાનમાં પ્રાપ્ત થયો છું. હવે તો સુખપૂર્વક આ સીડીએ થઈને સ્વર્ગલોકમાં પ્રવેશ કરવો મને ઉચિત છે. કારણ કે પાપપુણ્યમિશ્ર દુઃખરૂપ આ મૃત્યુલોકમાં રહીને હવે મારે કોઇ અર્થની સિદ્ધિ કરવી અવશેષ નથી.

કેવલ પાપમતિને વિશેષે કરી ઉત્પન્ન કરનાર તથા પ્રધાનપણે પાપને ફલ આપી વૃદ્ધિ તથા હાનિને પહોંચાડનાર સમયરૂપ આ કલિકાલમાં જે મનુષ્યો સુકૃતોને કરતાં, સુખરૂપ ફલને ભોગવતાં મૃત્યુને સ્વાધીન થયાં છે તથા થાય છે, અર્થાત્ આ લોકથી છૂટે છે, તે ધન્ય છે, એમ ઘણા વિવેકી વિદ્વાનોના વચનથી સ્પષ્ટ થયું છે; તો હવે સર્વ આશાના પરિત્યાગવાળા મારે આ અનર્થના કારણરૂપ કલિના પ્રવેશસમયે આ લોકમાં અધિક કાલ રહી શું કરવું છે? કાંઇ જ નહિ.

આ પ્રમાણે વિચાર કરતો હું ભિન્ન ભિન્ન સીડીઓના સમીપ જઈ જઈને જોવા લાગ્યો. જોતાં તો એમ જણાયું કે કેટલાએક પુરુષો તો ઉપરાઉપરી વેગ કરીને આકળા થઈ ચઢતા અને કેટલાક તો ઉપરથી મંદમંદ હસતા પાછા ઊતરતા હતા. ચઢનારકરતાં ઊતરનારના મુખ ઉપર આનંદનું ભાન વધારે થતું જણાતું, તથા તેમનાં રૂપ તથા વેષ મોહક, અને વસ્ત્રાલંકાર અમૂલ્ય દેખાતાં. તેમના હસ્તોમાં જેનાં નામ આપણે ન જાણી શકીએ એવા તથા આ લોકમાં કદી પણ ન દીઠેલા એવા અનેક દૈવી પદાર્થો જોવામાં આવતા. તે પદાર્થો જાણે ઉપરથી જઈને લઇ આવતા હોય એમ અનુમાન થતું. આ રીતે અસંખ્ય મનુષ્યની ભીડ જે જે સીડી સમીપ હું જઈને ઉભો ત્યાં જણાઈ. તેથી મને મનમાં એ શંકા થઈ કે આ અનેક સીડીમાંથી કઇ સીડીએથી જતાં અધિક સુખપ્રદ સ્થાન આવતું હશે. એ શંકાથી હું પ્રત્યેક ઊતરનાર તથા ચઢનારના સંમુખ જોઈ બોલવા લાગ્યો કે 'અરે ભાઈઓ! તમે ક્યાંથી આવો છો, અને તમે ચઢનાર ક્યાં જાઓ છો? આ કયે સ્થલે જવાનો માર્ગ છે?' આ મારાં વચનોને તેઓમાંના કોઇ સાંભળતા કે ઉત્તર દેતા જણાયા નહિ. મારા પ્રતિ કોઇએ પણ લક્ષ ન કર્યો ત્યારે હું ઘણી સીડીઓ સમીપ ક્રમે કરીને ફરવા લાગ્યો, તથા એ જ પ્રશ્નોથી તપાસ કરવા લાગ્યો પણ કોઇએ

મને કોઈ પણ ઉત્તર આપ્યું નહિ ત્યારે મોટા આશ્ચર્યથી મેં આ રીતે વિચાર કર્યો કે હું અજાણપણે ગમે તે સીડીએ ચઢીને ગમે તે લોકમાં જઈશ, તો એથી પ્રસંગે અનર્થનો સંભવ પણ થાય; માટે યોગ્ય વિચાર કરીને ચઢવું શ્રેષ્ઠ છે. આ ચડનાર ઊતનાર તો મારો સ્પર્શ, સંસર્ગ કે સંબંધ કરતા નથી, તેમ આ પ્રસંગનું ખરૂં સ્વરૂપ જાણ્યાવિના આગળ વધવું, એમની સાથે જવું, અથવા અહિં ઉભા જ રહેવું, એ એકે યોગ્ય નથી. આ રીતે આ વિચાર કરતાં છતાં પણ માંહેથી વૃત્તિઓ, મોટા વૈભવી પદાર્થસહિત ઊતરતા પુરુષોને જોઈને પ્રેરે કે આ સીડીએ ચઢવું. તે વૃત્તિના બલવત્તર વેગમાં હું તે સીડીએ ચઢવા માંડું, થોડે ઊંચે જઈને વળી સંશય આવે કે હું આ ક્યાં અને કોની સાથે જાઉં છું એમ કહી પાછો ઊતરી પડું, એ રીતે સો સીડીઉપર ચઢ્યો અને પાછો ઊતર્યો પણ એકેના પારને પામી શક્યો નહિ; ત્યારે વળી ઉભો રહીને વિચારવા લાગ્યો કે યથાર્થ વિચાર કર્યાવિના કોઈ કાર્યમાં પ્રવેશ ન કરવો, એ સુજ્ઞની સ્થાપિત નીતિ છે, તેનું ઉલ્લંઘન કરવું સારું નથી.

પછી એ સ્થાનથી થોડે અંતરે જઈને બેઠો, અને વિચાર કરવા લાગ્યો કે 'અહોહો ! મોટું આશ્ચર્ય છે ! સંપૂર્ણ લોકના સુખમાં અનેકવાર દુઃખરૂપતા નિશ્ચય કરનાર હું, આ સ્વર્ગલોકના માર્ગમાં તથા સ્વર્ગના સુખદ પદાર્થમાં કેવો આસક્ત થતો પ્રતીત થાઉં છું ! હજી હું અશાશ્વત ચિત્તવાળો છું. એમાં કાંઈ સંદેહ નથી. આ બે રાત્રિ અને એક દિવસ મારો મોટા સંતાપમાં ગયાં એમ કહું તો ચાલે. આ સઘળું પ્રતિકૂળ સંગનું માહાત્મ્ય છે. મોક્ષના વિરોધીનો સંગ અવશ્ય ત્યજવા યોગ્ય કહ્યો છે, તથાપિ હું મંદમતિ ઉત્તરોત્તર અધિક પ્રીતિથી તેને સેવું છું. હવે તો આ સ્થાનનો પણ મારે સત્વર ત્યાગ કરવો ઘટે છે. આ સઘળા વિચિત્ર સ્વભાવવાળી દુરત્યયા મહામાયાનો મહિમા છે, એમાં હવે કાંઈ સંદેહ નથી. આ જગત્‌માં માયાપાશમાં બંધાએલા પ્રાણીઓ કેવી ભૂલ કરતા હશે, એ આ મારા સ્વાનુભવથી હવે મને સ્પષ્ટ થયું. ઘણા મૂર્ખસરખા પોતાને પંડિત માની ગૃહમાં બેઠા ફૂલાતા હશે ! કેટલા પામરસરખા પણ પોતાને મોક્ષના અધિકારીની પંક્તિમાં ગણતા હશે ! કોઈ તો સંપૂર્ણ દોષના આગાર છતાં પણ પોતાને ગુણવાન્ જ્ઞાતા માનતા હશે ! કોઈ તો વસ્તુતઃ અજ્ઞાન છતાં પોતાને તત્ત્વવેત્તા સમજતા હશે ! કોઈ તો ચંચલ તથા પરવશ ચિત્તવાળા છતાં પોતાને મોટા યોગીમાં

ઠેરવી બેસાડતા હશે! કોઇ તો કિંચિત્ પણ વિશેષ સામર્થ્ય વિનાના છતાં પોતાને સર્વજ્ઞ ઈશ્વરના સમાન ધારતા હશે! કોઇ તો લોકોમાં અપૂજ્યપણાને પ્રાપ્ત છતાં પણ પોતાનામાં પૂજ્યતાનું અભિમાન રાખતા હશે! કોઇ તો પૂજ્ય ગુણવાન્માં ગણાતા અકુલીન પુરૂષો ગુપ્તપણે પાપકર્મને કરતાં છતાં લોકમાં પોતાની શ્રેષ્ઠતાના અનુમાનથી ભયયુક્ત ચિત્તવાળા છતાં નિર્ભયસરખા થઈ વિચરતા હશે! અરેરે! આવિના અસંખ્ય પ્રાણી અનેક પ્રકારના ભ્રાન્ત વ્યવહારમાં આ માયાના સામર્થ્યને ન જાણીને પચી ગયેલા સરખા છતાં પોતાને મુક્ત તથા જીવન્મુક્ત માનતા મિથ્યા મનમાં પ્રસન્ન થયા કરતા હશે! પણ તે અસંખ્યમાંના કોઇ એક જ આ મારા સરખા યથાર્થ અનુભવથી પોતાના અંતરના પોકળને સ્પષ્ટ જાણીને સર્વ પ્રકારના મિથ્યા અભિમાનથી રહિત થઈ પોતે કંઇ જ નથી એમ નિશ્ચય કરતા હશે! અરે! આ માયાના મહિમાને ન જાણનાર આ અસંખ્ય દુર્બલ જીવો એ માયાથી કેમ જ ઠગાયા વિના રહ્યા હશે? આ અંતરના છાના છલને, સમીપ રહેનાર આ અભિમાની પણ યથાવત્ જાણતો નથી, તો ઇતર મનુષ્યો તો કેમ જ જાણી શકે? મારો તો એ અચલ સિદ્ધાન્ત હવે થયો કે કોઇ પણ વિવેકી પુરૂષે અનિયમિત કાલે ઉદ્ભૂત થનાર અસંખ્ય સંસ્કારના સમુદાયરૂપ પોતાના તથા પારકા અંતઃકરણનો સદાકાલમાટે, એક કાલના અનુમાનથી નિશ્ચયયુક્ત કોઇ પ્રકારનો પણ વિશ્વાસ કરવો નહિ. જે સ્ત્રીપુરુષ આ મન, ચિત્ત, બુદ્ધિઆદિ અંતઃકરણરૂપ વૃત્તિનો વિશ્વાસ રાખનાર હશે, તે કેવલ અસાવધ તથા નિંદાનાં પાત્ર છે.'

આ પ્રકારનો પણ વિચાર કરીને ત્યાંથી ઊઠી વળી માર્ગે ચાલ્યો ત્યાં વૃત્તિઓ તો પૂર્વવત્ આ પ્રસંગને પણ ધારણ કરી રાખી તચ્ચિંતન-પરાયણ વારંવાર થતી, પણ હું તેને ન ગણકારી તૃણવત્ લેખવી, આ અહંવૃત્તિ—જેના વડે તે સર્વનું ઉપજવું સાર્થક થાય છે, તેને સ્વરૂપમાં સ્થાપી નિર્વિઘ્નપણે ચાલવા લાગ્યો.

વિલક્ષણ વેગથી પવનના યોગે ચાલતો હું, વિકટ એ સમુદ્રને તરી પાર ઊતર્યા જેટલો આનંદ માનતો વધારે આગળ જાઉં છું, એટલે વળી એક ત્રીજા અદ્ભુતસરખા ભાસતા પ્રસંગનો અનુભવ થયો તે હવે કહું છું.

વિઘ્નકર પ્રસંગથી છૂટયો એવા પ્રકારના વિચારથી નિવૃત્ત થઇ વૃત્તિને નિરામય સ્વરૂપમાં તલ્લીન કરું છું એટલામાં તો પુનઃ ઘણાં

મનુષ્યોનો ઘોંઘાટ શ્રવણે પડવા લાગ્યો, અને ક્રમે કરી સાધ્ય પરિણામઉપર આવેલી વૃત્તિ પાછી બહિર્મુખ થવા લાગી, અને આગળ શું છે એના નિશ્ચયાર્થે સર્વ ઇંદ્રિયોને અધિક ચપલ કરવા લાગી.

હું પૂર્વોક્ત એ પ્રસંગના અનુભવથી વિકલ થયેલો પુનઃ દુઃખદ પ્રસંગના અનુમાનથી કિંચિત્ ચિંતાગ્રસ્ત સરખો જણાયો. તોપણ આ સંપૂર્ણ વિશ્વપ્રપંચ વિશ્વેશ્વરને અધીન વર્તનારી મહામાયાશક્તિનો મહિમા માત્ર છે, તેમાં કયો પ્રસંગ વસ્તુવિચાર કરતાં આશ્ચર્યને પ્રાપ્ત કરે એવો નથી, અર્થાત્ આખો સંસાર આશ્ચર્યરૂપ જ છે, માટે હું તો અવિકલ, નિરામય, સર્વનો દ્રષ્ટા માત્ર છું, વસ્તુતઃ આ પ્રપંચને ને મારે કશો સંબંધ નથી, આપ્રમાણે વિચારતો પ્રબલ ધૈર્યને ધરતો ત્વરાથી આગળ ચાલ્યો.

જેમ જેમ આગળ ચાલ્યો, તેમ તેમ જાણે હું નીચી પૃથ્વીમાં ઊતરતો જતો હોઉં એમ ભાન થવા લાગ્યું. વધારે આગળ વધીને જ્યારે ચારે તરફ નજર કરવા લાગ્યો ત્યારે તો હું આસપાસની જમીનકરતાં ઘણો ઊંડો ઊતરી આવ્યો છું એમ જાણ્યું. દૂરનાં વૃક્ષો ઘણાં ઊંચે જણાવા લાગ્યાં. આકાશમાં ચંદ્ર તથા તારામંડલને આગળકરતાં ઊંચે દેખવા લાગ્યો. ચોફેર ફરતા મોટા પર્વતની મધ્યે ચાલતો હોઉં, એમ આજુબાજુ જોતાં ભાસવા લાગ્યું. ઊંડાણમાંથી ઘેરો પણ પ્રથમકરતાં વધારે સમીપનો શબ્દઘોષ કર્ણે પડવા લાગ્યો; અને થોડે આગળ ચાલું છું એટલે તો વિવિધ વર્ણાકૃતિનાં સ્ત્રીપુરુષ-તેમાં બાલક, યુવાન્, તથા વૃદ્ધ પણ–જણાવા લાગ્યાં. કોઇ તો અધિકન્યૂન આનંદવાળાં દેખાતાં, અને કોઇ તો અધિકન્યૂન ખેદયુક્ત મુખમુદ્રાવાળાં જણાતાં. પરસ્પરમાં જેનો નિકટ સંબંધ હશે એવાં તો એકબીજાના સાથે, મને ન સમજાય એવા શબ્દોવડે વાર્તા કરતાં ચાલતાં, અને પરસ્પરથી છૂટા ન પડવાને યત્ન કરતાં ભાસતાં. જેમનો સંબંધ નહિ હોય એવાં તો એકબીજાથી અંતરે રહેવાને યત્ન કરતાં જણાતાં. તેઓ મૌનપણે કોઇના પણ સંગવિના સ્વતંત્ર ચાલ્યાં જતાં હતાં. આ વિચિત્રસરખી, ઉત્તમ, મધ્યમ, તથા મંદ પ્રકારનાં રૂપ અને વૈભવવાળી, પાર વિનાની મિશ્રસૃષ્ટિ ક્યાંથી આવે છે, એ જ વિચારમાં હું તો ગુંથાયો. પછી ચોકસી કરતાં જણાયું કે આ પર્વતસરખા આજુબાજુના ભાગમાં થોડે થોડે અંતરે અસંખ્ય ગુહાનાં દ્વાર છે, અને તેમાંથી અગણિત પ્રાણીઓ સ્થાને સ્થાનેથી નીકળતાં જાય છે. આ રીતે જોતાં એવું અનુમાન થયું કે જેમ આ ઉપરના પૃથ્વી-

તલઉપર મારા સરખા મૃત્યુલોકનિવાસી અસંખ્ય પ્રાણીનો સમુદાય રહે છે, તેમ આ પૃથ્વીના મધ્ય ભાગમાં પોકળ સ્થાન હશે, અને તેમાં આ પ્રજા રહેતી હશે. વળી આ પૃથ્વીતલતળે જૂદાં જૂદાં નીચાં સ્થાનમાં ઘણા લોક છે, જેને ભિન્ન ભિન્ન પાતાલનાં નામથી આપણા લોક જાણે છે, તે પાતાલમાંનું આ પ્રથમ સ્થાન હશે. કારણ કે હું સબલ વેગથી પૃથ્વીની સપાટીકરતાં ઘણે નીચે ઊતરી આવ્યો છું. હશે, હવે એ જોવું જોઈએ કે આ સર્વ લોકો ક્યાં જાય છે અને શું કરે છે.

વિશેષ આગળ ચાલતાં તો અનેક વિશાલ જલના કુંડ જણાવા લાગ્યા, અને તેમાં આ સઘળાં પ્રાણી સ્નાન કરતાં દેખાયાં. વિશેષ તપાસ કરવાથી સ્પષ્ટ દેખાયું કે પ્રત્યેક કુંડની એક બાજુએ સામટાં એક હારે દશથી વધારે માણસો ઊતરતાં ચાલે, એવી પૃથ્વીની નીચે ઊતરી જવાની માર્ગરૂપ ખો હતી. તેમાં તે સ્નાન કરેલાં પ્રાણીઓ વેગવડે ઊતરતાં જતાં હતાં. ઘણું ફરીને જોતાં મને જણાયું કે ત્યાં ગણી ન શકાય એટલા નાનામોટા જળકુંડ હતા, અને પ્રત્યેકની પાસે પૃથ્વીની નીચે ઊતરી જવાના માર્ગરૂપ દ્વાર હતું. તે અગણિત દ્વારોથી અસંખ્ય પ્રાણીઓ વારાફરતી ઊતરતાં જણાતાં, પણ તેમાંથી પાછું ચઢી આવતું કોઇ દેખાતું નહિ. આ સર્વ જોઈને હું વિચાર કરવા લાગ્યો કે અરે! આ સર્વ પ્રાણીના સાથે જો હું કોઇ દ્વારમાં ઊતરી જાઉં, તો પશ્ચાત્ મારૂં શું થાય. એ વિષે આ ક્ષણે હું કાંઇ પણ અનુમાન કરી શકતો નથી. જેમ પ્રથમના બે પ્રસંગો મોહના કારણરૂપ થયા હતા, તેમ રખેને આ પ્રસંગ પણ મને વિશેષ તપાસ કરતાં મોહનું કારણરૂપ નીવડે, માટે હવે આ સ્થાનથી પણ મારે સત્વર ચાલવું જોઈએ. આ પણ આશાના પાશમાં નાંખી, સ્થિતિથી ભ્રષ્ટ કરનાર આ વિચિત્ર સ્વભાવવાળી માયાનુંજ ચરિત્ર હશે! આ રીતે વિચાર કરીને સત્વર હું ત્યાંથી આગળ માર્ગ કાપી ગયો, અને પછી પાછળના જોયેલા ત્રણે પ્રસંગનું વિસ્મરણ કરવાઅર્થે, ઇષ્ટસ્મરણ કરતો વૃત્તિને સ્વરૂપસાથે સંબંધ કરાવતો આગળ ચાલ્યો. એટલું કરતાં જતાં પણ વારંવાર એ વિચાર આવતા કે અરે! આ ચિત્રારણ્યનો કોઇ અનુભવી પુરુષ મને મળે, અને આ સર્વ વાર્તાને મને સ્પષ્ટ કરીને સમજાવે કે એ જોવામાં આવ્યું તે શું છે, તો ઘણું સારું થાય.

આગળ ચાલતાં હું સૂર્યોદયની વાટ જોઉં છું, એટલામાં તો છેક નાના કદનાં અને છેક મોટા કદનાં માણસોનાં ટોળાં મારા જોવામાં

આવ્યાં. તેમનાં વિચિત્ર રૂપ જોઈને તે તો મને ત્રાસ ઉત્પન્ન કરતાં જણાયાં, અને તેમનાથી બીજે માર્ગે ચાલી જાઉં તો સારું, એવો મનમાં વિચાર થયો; કારણ તેઓ ભૂતપ્રેત હશે, એવું મને અનુમાન થયું હતું. તે નાનાંમોટાં માણસો મારી બાજુથી જતાં, પણ મારા તરફ લક્ષ કરતાં ન હતાં. હું પણ કોઈ ભય પામેલા મનુષ્યસરખી સ્થિતિમાં પડેલો આગળપાછળ જોતો સપાટાબંધ માર્ગ દેખું ત્યાં ચાલ્યો જતો. પ્રસંગે ભયંકર સ્થાન જણાય, અને પ્રસંગે આવેલું સ્થાન રમણીય લાગે. આ પ્રકારે ચાલતાં વળી હું એક સ્થલે સુંદર સ્થાન જોઈને બેઠો અને વિચારવા લાગ્યો કે આહા ! અજ્ઞાનવશ વર્તનાર હું, હજી માયાની સત્તાને અતિક્રમણ કરી ચૂક્યો નથી, એમ કહીએ તો ચાલે, કારણ મુક્ત પુરુષો તો અનુકૂલપ્રતિકૂલ બુદ્ધિથી રહિત થયા હોય છે, તેથા તેઓ રાગદ્વેષને અનુભવતા નથી, અને હું તો આ વિરૂપ પ્રાણીઓને જોઈને દ્વેષસરખું અનુભવતો હતો. વળી મુક્ત પુરુષો આ શરીરની પ્રીતિથી રહિત થયેલા અત્યંત નિર્ભય હોય છે, અને હું તો આ અરણ્યના વિકટ વિભાગોને નિર્ભયપણે ઉલ્લંઘન કરતો આવ્યો છું, તથાપિ આજે કિંચિત્ ભયના ભાસનો અનુભવ મને થયો છે. આથી હું મુક્ત છું કે બદ્ધ એ સંશય છે.

द्वितीयाद्वै भयं भवति આ વાક્યને હું અનેકવાર બોલતો, તથા બોલું છું. અને સમજું છું કે 'બીજું માનવાથી ભય થાય છે,' તેમ છતાં અદ્વિતીય સ્વરૂપાકાર પરિણામને પામી વ્યુત્થાનાવસ્થાને પ્રાપ્ત થયેલી આ વૃત્તિ દ્વૈતાભાવના નિશ્ચયવાળી છતાં, આ દ્વૈતને ક્યાંથી અને કયા કારણવડે નિશ્ચય કરે છે એ કંઈ સમજાતું નથી. કેવલ અદ્વિતીય તત્ત્વ જ છે. એથી ભિન્ન કંઈ થયું નથી, તથા થવા સંભવ પણ નથી, એવા દૃઢ નિશ્ચયવડે અત્યંત નિર્ભયાવસ્થાને પ્રાપ્ત થયેલો છતાં હું અંતરમાં આ કાલે કિંચિત્ ભયના ચિહ્નને ભાળું છું, એ તે સચું કે વૃથા ભ્રાંતિ જ છે ? આ વાર્તાનો પણ આ સ્થલે મને મારા વિના બીજો કોણ નિર્ણય કરી આપે એમ છે ? અને જો હું ભ્રાંત જ હોઉં તો હું પોતે પણ એ વાર્તાનો નિઃશંક નિર્ણય કરવા આ ક્ષણે શક્તિમાન્ નથી; કારણ કે ભ્રાંત પુરુષ ભ્રાંતિકાલે જ પોતાને ભ્રાંત નિશ્ચય કરવા અસમર્થ જ હોય છે. ભ્રાંતિના અંતમાં જ તે પોતાની પૂર્વ ભ્રાંતાવસ્થાને નિશ્ચય કરી જાણે છે; તેમ હું પણ કદાચિત્ આ ગળઉપર યથાર્થ નિર્ણય કરી શકીશ. પણ આ ક્ષણે તો આ અવસ્થાને ભોગવી છૂટવાના યત્નમાંજ મારું સામર્થ્ય વ્યય કરવું ઘટે છે.

આમ વિચારતો આગળ ચાલું છું એટલામાં મેં આજુબાજુ કોઈને દીઠું નહિ પણ બાજુએ એક ગુહાના મુખસરખું દીઠું. તેમાં હું ભયભીત સરખો "આજુબાજુ કોઇ નથી જણાતું માટે લાવ સૂર્યોદય થતાપર્યંત જેમ સૂર્યના અસ્તની વાટ જોતાં ઘુવડ પક્ષી ખાઈની બોમાં ભરાઈ બેશી રહે છે તેમ બેશી રહુ", એવો વિચાર કરીને લગાર ઊંડાણમાં જઈ ને, સંતાઈ પેસે તેની પેઠે બેઠો અને આ મારાં નેત્ર બંધ કરીને હૃદયમાં વૃત્તિને સ્થાપવા લાગ્યો. ત્યાં તત્કાલ તો આ વૃત્તિ બહારના પદાર્થની ધારણાવાળી હોવાથી તેનુંજ ધ્યેયને સ્થળે ભાન કરતી જણાઈ. પણ લગાર વધારે પ્રયત્નથી યથાર્થ ધ્યેયની પ્રતીતિ કરવાને બદલે વિઘ્નરૂપ લયાવસ્થાને પ્રાપ્ત થઈ, એટલે તો હું વૃક્ષાદિની પેઠે ગાઢ સુષુપ્તવત્ થઈને પડયો રહ્યો. કેટલો કાલ એ સ્થિતિમાં રહ્યો, એનું તો મને તે કાલે યથાર્થ ભાન કરવાને સામર્થ્ય જ હતું નહિ. એ અવસ્થામાંથી યથાર્થ જાગ્રત થયા પૂર્વે મને નાસાપુટમાંથી અલૌકિક સુગંધનું ભાન કરાવતો વાયુ સ્પર્શ કરવા લાગ્યો. તે સુગંધવડે હું મસ્ત થયો છું એટલામાં ઘણે અંતરથી આવતો હોય એવો કાનને અત્યંત પ્રિય લાગે એવો નાદ શ્રવણે પડવા લાગ્યો. આ સુગંધ તથા આનંદજનક નાદના સંબંધથી હું અંતર જાગ્રત્ થયો, પણ તત્કાલ મેં નેત્ર ઊઘાડ્યાં નહિ, પણ અંતરમાં આ પ્રકારનો વિચાર કરવા લાગ્યો, "ઓહો! દ્વૈતને ભયરૂપ ગણીને નિવૃત્તિમાં બેઠો, તો આ સ્થલ મને કેવું આનંદનું ભાન કરાવનાર નિવડયું! 'નજરે દીઠાનું ઝેર છે,' એવા અર્થનાં વચનો જનમાં બોલાય છે, એ આ ટાણે મને તો સત્ય થઈ પડયાં. હવે તો મારે આ નેત્રને ઊઘાડવાં જ નહિ, અને બાહ્ય પ્રપંચને જોવો પણ નહિ. આ સર્વ ઇંદ્રિયોમાં નેત્ર જ અત્યંત બલવાન્ અને અધિક દોષજનક છે, એમ પૂર્વ અનુભવી પુરુષોનું માનવું છે, તે આજ માનવામાં આવે છે. જોઉં, હવે આ મારાં નેત્રને મારે ઊઘાડવાં નથી, તો મારા વિના અન્ય એને કોણ ઊઘાડે છે?" આમ નિશ્ચય કરીને સ્વસ્થ બેસી રહ્યો. તેને કિંચિત્ કાલ ગયો એટલામાં તો જેમ ગૃહસ્થની સ્ત્રી બહારથી થતા પોકારને સાંભળીને તત્કાલ વ્યાકુલ અથવા સાવધાન થઈ એકદમ ગૃહનાં દ્વાર ઊઘાડી બહાર જુએ છે, તેમ આ મારા અંતઃકરણમાંથી એકાએક એવી એક વૃત્તિ ઊઠી કે 'અરે! ક્યારનો આ અલૌકિક સુગંધવાળો વાયુ તથા ચિત્તને પ્રસન્ન કરનાર નાદ ક્યાંથી આવે છે!' આ વૃત્તિએ એકદમ મારાં આ નેત્રને ઊઘાડી નાંખ્યાં

નેત્ર ઊઘડતાં તો મને સ્થાનાંતર થયેલું જણાયું. પેલો માર્ગ તથા ગુહાના દ્વારસરખું સ્થાન તો મને સ્વપ્નગત પદાર્થોની પેઠે જણાયું જ નહિ. પણ અત્ર તો નેત્રને આનંદ થાય એવું ઉપવનનું સ્થાન હોય એમ જણાયું, અને મારા સંમુખ જ એક દિગ્વસ્ત્રા ધારણ કરેલી, યુવાવસ્થાયુક્ત, અને અત્યંત મોહક સ્વરૂપવાળી દેવાંગના ઉભેલી જણાવા લાગી. તેને જોઈને વૃત્તિમાં કાંઈક વિલક્ષણતાનું ભાન તો મને થયું, પણ તત્કાલ વૈરાગ્યના મારા વેષનું તથા વૈરાગ્યના સ્વરૂપનું સ્મરણ થતાં જ ચિત્તમાં ગ્લાનિને પ્રાપ્ત થતી અનુભવીને, જેમ સુંદર રૂપાદિકને અવલોકનાર રસિક પુરુષ વિષ્ઠાપ્રતિ દૃષ્ટિ જતાં તત્કાલ અન્ય પક્ષે પોતાની દૃષ્ટિ તથા મુખને અપ્રિયરૂપતાના ચિહ્નયુક્ત ભમાવે છે, તેમ મેં મારૂં મુખ ફેરવ્યું; તો તે દિશામાં પણ તેવીજ સ્ત્રી તેટલે જ થોડે અંતરે દિગ્વસ્ત્રા દેખવામાં આવી.

આમ થવાથી હું મારા આસનને ફેરવતો ચાર દિશા અને ચાર કોણમાં ફરી વળ્યો, પણ આઠે સ્થાનમાં મને તો ત્રિભુવનમોહક સ્ત્રીની મૂર્તિ જ જોવામાં આવી અને પછી તો હે મહાત્મા નરેશ! જેમ ભયત્રસ્ત રાવણને ચઢાવેલા શરયુક્ત ધનુષ્યને કર્ણપર્યંત આકર્ષેલી ક્રોધયુક્ત નેત્રવાળી શ્રીરામની મૂર્તિ, અંતર્ તથા બહિર્ દશ દિશામાં દેખાતી હતી, તેમ મને પણ મેં ઊંચે જોયું તો ત્યાં પણ તે સ્ત્રી જ જણાવા લાગી. મેં નેત્ર બંધ કરી એવો નિશ્ચય રાખ્યો કે હવે દૃષ્ટિ માંડવી જ નહિ. તો પ્રથમ તો ચાક્ષુષવૃત્તિ બલવડે આ નેત્રને ઊઘાડવા યત્ન કરતી, અને હું ન ઊઘાડવા પ્રયત્ન કરતો. આ પ્રકારે પરસ્પર યુદ્ધ થતાં જ્યારે વૃત્તિ નિષ્ફળ થઈ ત્યારે એ મારી દુષ્ટ વૃત્તિ અંતરમાં પણ મને એ સ્ત્રીની જ મૂર્તિ સંમુખ ઉભી કરી દેખાડવા લાગી. આ પ્રકારે અત્યંત અકળાયેલો વિકલસરખો હું પુનઃ નિરુપાય થઈ નેત્ર ઊઘાડી સંમુખ ઉભેલી તે દિવ્ય તનુવાળી સ્ત્રીને નિહાળીને જોવા લાગ્યો.

નેત્રને તથા વૃત્તિને રોકવામાં આ સમયે અસમર્થ થયેલો હું તે દશ્ય વિષયરૂપ સ્ત્રીથી વૃત્તિને પાછી વાળવાનિમિત્ત નિત્યાનિત્ય વિવેકનું સ્મરણ કરતો, વિષયમાત્રમાં દોષદર્શન કરવારૂપ વિષયાસક્ત સાધકના ધર્મને આચરતો મને પોતાને તથા આ મારા વેષને તથા પ્રીતિયુક્ત જોવામાં પ્રવેશેલી વૃત્તિને ધિક્કાર તિરસ્કાર કરતો જોતો બેઠો. આટલી વેલાપર્યંત એ સંમુખ ઉભેલી સ્ત્રીની દૃષ્ટિ, જેમ ચિરકાલથી અંતર્મુખ રાખેલી યોગાભ્યાસી પુરુષની ખુમારીવાળી, આરક્ત નેત્રવાળી, તથા અ-

ત્યંત ગંભીર દેખાવવાળી હોય છે, તેવી મારા સંમુખ સ્થાપેલી હું અનુભવતો હતો, તે વિશેષ સ્પષ્ટ રીતે તેના સંમુખ સ્નેહયુક્ત નેત્રથી જોનારની પેઠે જોવા લાગ્યો ત્યારે તો મને તે સ્ત્રીનાં નેત્ર સમાધિમાં સ્થિત યોગીનાં નેત્રની પેઠે બંધસરખાં અને અચલ હોય એવાં જણાવા લાગ્યાં. તે સ્ત્રી ઊર્ધ્વ બાહુવાળા તપસ્વીની પેઠે સંપુટ મુદ્રા કરીને અર્થાત્ ઊંચા હાથ, મસ્તકથી ઉપર જોડી રાખીને બંને પગ અત્યંત સમીપ સમીપ સ્થાપીને ઉભેલી છે એમ સ્પષ્ટ જણાયું. તેના વસ્ત્રરહિત અશેષ અંગને જોતો લજ્જાગ્રસ્ત હું તેને માતારૂપે નિશ્ચય કરવાને અંતરથી અચકાતો જણાયો. આ એક પક્ષે આપત્તિરૂપ અને અન્ય પક્ષે સંપત્તિરૂપ મનાતી સ્થિતિમાં હર્ષ તથા શોક બંનેથી યુક્ત છતો ઉભયથી મુક્તની પેઠે સ્તબ્ધસરખો હું, ત્રાટક ક્રિયામાં રખાતા અચંચલ નેત્રવડે તે સ્ત્રીને સ્તંભવૃત્તિથી જોતો રહ્યો હતો, એટલામાં તો અંતરથી વૃત્તિએ દુર્નિવાર વેગવડે આ મારા શરીરને ઉભું કર્યું. આ ક્ષણે તો હું જેમ ઉન્માદ વાયુને વશ થયેલો મનુષ્ય, વિના કારણ પ્રસંગે ખડખડાટ હસવા લાગે છે તેમ ઉભો થતાં જ ખડખડાટ હસવા લાગ્યો, અને પુનઃ સાવધાન થઈને વૃત્તિસાથે યુદ્ધ કરવાને અચલ સ્થાણુની પેઠે વૃત્તિની ચેષ્ટાને જોતો ઉભો રહ્યો. આ રીતે કિંચિત્ કાલ જતાં તો હું અભિમાનીને અસાવધ કરીને તે વૃત્તિએ મને તેના અનુયાયી સરખો કરીને તે સ્ત્રીપ્રતિ પગલાં ભરતો કર્યો. આ સમયે હું અત્યંત નિર્બલપણે ઇષ્ટ તથા ગુરૂનું સ્મરણ કરીને વારંવાર દીનપણે નમસ્કાર કરતો પુનઃ દૃઢપણે ઉભો રહી આ પ્રકારનાં વચનને બોલવા લાગ્યો. "હે સંપૂર્ણ ઉપાધિથી અતીત ! હે ત્રિગુણમયી માયાથી અસંબદ્ધ, સમ, શુદ્ધચેતન સ્વરૂપ પરમાત્મન્ ! આપ તો આ જગત્પ્રપંચના દ્રષ્ટા, સ્રષ્ટા કે જ્ઞાતા ગણ્યા જતા નથી. તેથી આપને તો શરણાગતના પોકારને શ્રવણ કરી કરુણા આણવા અર્થે પ્રાર્થના કરી શ્રમ આપવાની પ્રવૃત્તિ પણ હુંસરખા આપત્તિમાં આવી પડેલાથી વિના વિચાર્યે કેમ કરાય? જો હું કેવલ અલ્પજ્ઞ હોત, અને આપના નિરુપાધિક-સોપાધિક ઉભય સ્વરૂપને ન જાણનારો હોત તો મારા વિષે એ વ્યવહાર દુર્ઘટ ન હતો, પણ હું તો આ અલ્પજ્ઞ જીવથી વિલક્ષણ અવસ્થામાં છું. કારણ કે મારા વિષે યોગ્યાયોગ્યવસ્તુવિવેક પ્રાપ્ત છે. માટે તે પ્રાપ્ત વિવેકવિચારનો ઉપયોગ કરી ઘટતી પ્રવૃત્તિ જ કરવી મને ઘટે છે. વળી હું સર્વજ્ઞ ઈશ્વર નથી કે કોઈ પણ વ્યવહારમાં નિઃશંકપણે પ્રવૃત્તિ કરૂં. આમ છતાં પણ આ ચિત્રારણ્યમાં પ્રવેશ કર્યાપૂર્વે તો હું

પોતાને ઈશ્વરસમાન જ નિશ્ચય કરી ચુકયો હતો. પણ હવે ક્રમે કરીને તે નિશ્ચય અદ્યાપિપર્યંતમાં ઘટતાં ઘટતાં અંશતઃ આ ક્ષણે અવશેષ રહ્યો છે, જેથી નિર્ભ્રાંતપણે આપના વિષે ઉદાસીનતાનું અનુમાન કરી કિંચિત્ પણ આપને કહેવું યોગ્ય નથી એવો નિશ્ચય ન કર્યો, પણ ઉલટું આપને સર્વાતિરિક્ત જાણ્યા છતાં પણ સંબોધન કરી કિંચિત્ કહ્યું છે, એ આ મારી મધ્યમાવસ્થાની જ પ્રવૃત્તિ છે, જેથી એ દોષરૂપ ગણાતી નથી. આમ છતાં પણ પુનઃ આ ભ્રાંત ચિત્તથી સવિનય યાચું છું કે આપ સર્વના સાક્ષીરૂપ હો તો આ ક્ષણે મારી ઉપર અનુગ્રહ કરજો. હવે આપના સોપાધિક સ્વરૂપને, પ્રાર્થનાપૂર્વક કહું છું કે હે વિશ્વના નિયંતા ! હે જગદાધાર ! હે ભક્તજનપાલક ! આપ આ સંપૂર્ણ વિશ્વપ્રપંચના ચાલક છો, તો મારા ઘણા કાલથી પ્રાપ્ત કરેલા યોગબલનો ક્ષય કરનાર, પૂર્વ કાલમાં અનુદ્ભૂત હોવાથી સમાધિનો વિરોધી ન થયેલો એવો આ સૂક્ષ્મ વાસનાગત સંસ્કાર આ કાલે પ્રકટપણે પ્રાપ્ત થઈને મારા પ્રાપ્ત યોગબલનો ક્ષય કરવા પ્રવૃત્ત થયો છે, તેને આપ ગતિ આપશો નહિ, અર્થાત્ સંપૂર્ણ કર્મસંસ્કારને પોતપોતાના ફલ આપવામાં પ્રવૃત્ત આપની સત્તાને આપ મારા પ્રતિની કરુણાને ઉપજાવી રોકજો. મને એ કર્મસંસ્કારનું ફલ આપવું યોગ્ય જણાય તો અન્ય એવે પ્રકારે આપજો કે જેથી આ મારા યોગબલનો ક્ષય થાય નહિ. આ ચિત્રારણ્યમાં મારો પ્રવેશ યોગબલની નિઃશેષ પ્રાપ્તિઅર્થે અનુમાન કરાયો હતો, તે આ કાલે તો પ્રાપ્ત બલનો પણ ક્ષય કરનાર કારણરૂપે પ્રતીત થયો છે. આમ છતાં પણ હજી હું આ મારા પ્રવેશને દોષ આપતો નથી, કારણ કે આ સંપૂર્ણ ઇંદ્રિયગોચર થતી ચેષ્ટાને, હજી શું છે એમ યથાર્થ રૂપે મેં જાણી નથી. હાલ તો માત્ર મારી દુર્બલતાને જ મેં અનુભવમાં આણી છે. હે અતીત, અનાગત, તથા વર્તમાન કાલના જ્ઞાતા ! મારી આ ક્ષણની તથા ભાવિમાં થનાર સ્થિતિનું યથાવત્ આપને જ જ્ઞાન છે, તેમ જ મારા પૂર્વપ્રાપ્ત બલનું તથા તેના વિરોધી પ્રબલ સંસ્કારનું પણ આપને જ જ્ઞાન છે, તો તે જ્ઞાનાનુસાર મારી થવાયોગ્ય સ્થિતિને ભલે કરો. પણ આપ યોગીઓના ઈશરૂપે પ્રસિદ્ધ છો તેથી તે નામના સાર્થકયઅર્થે આજે હું યોગીનું આપ ઈશ હોવાથી રક્ષણ કરો. હું આશ્ચર્ય પામું છું કે કોઇથી પણ ન નિવારણ કરી શકાય એવું મારું અપ્રમાદયુક્ત ધૈર્યબલ આ ક્યાં અગાપાઇ ગયું ? હે કર્મફલપ્રદાતા ! જો આપ સર્વ જીવોનાં ક-

ર્મફલને આપનાર હો તો મારું યોગબલ પ્રાપ્ત કર્યાનિમિત્તનું કરેલું આરૂઢ કર્મ આ કાલે ફલ આપવાયોગ્ય સ્થિતિમાં કેમ ગણાયું જતું નથી? અને હે માયાના પતિ! જો આપ આપના પદને પામવા યત્ન કરનાર પુરુષોને આ પ્રકારે આપના માયાબલવડે યુદ્ધ કરી હરાવી નિરાશ કરવા ઇચ્છતા હો તો એ આપની ઇચ્છા અયોગ્ય ગણી તેને ન્યાયયુક્ત પ્રવર્ત્તાવવા કૃપા કરો. ક્ષત્રિય પુરુષનો એવો ધર્મ યથાર્થ ગણાયો છે કે અસાવધને, શસ્ત્રવિનાનાને, મૂર્છિતને, યુદ્ધ કરવારૂપ પ્રતિજ્ઞાને કરી ન ઉભેલાને, ભયપ્રાપ્તને આદિ અનેક પ્રતિકૂલતાવાળાને એકાએક અસ્ત્રશસ્ત્રાદિકથી શુરવીર પુરુષે હણવો નહિ. તો આ ક્ષણે હું સંપૂર્ણ યુદ્ધના ધર્મસ્વરૂપથી રહિતને આ માયાપ્રપંચરૂપ અસ્ત્ર-શસ્ત્ર ચલાવીને આપસરખા ધર્માધ્યક્ષ તથા શૂરવીરના શિરોમણિએ હણવો યોગ્ય નથી. તેમ છતાં હણવાયોગ્ય ગણ્યો છે તો તે અયોગ્ય સંકલ્પ આપનો હોય તો તેનો પરિત્યાગ કરીને મને રક્ષો. આ સમયે હું આપના પ્રપંચનો જય કરવા અસ્ત્રશસ્ત્રને ધારણ કરવા પણ સમર્થ નથી. માટે હું અસાવધને હણવારૂપ અધર્મથી આપ રહિત થઈને મને આ ભયથી મુક્ત કરો." આઆદિ અનેક વચનો બોલીને પછી શ્રીગુરૂના સ્મરણપૂર્વક આ સ્તુતિવચન બોલ્યો. 'હે ઈશના પણ ઈશ! તમે જગદીશના નિયમનો જય કરવાકરાવવા સમર્થ ગણાવા છતાં હું દીન શિષ્ય આ વિચિત્ર સ્વભાવવાળી માયાના પ્રપંચમાં પચવાની અણી ઉપર આવી ઉગરવા પોકાર કરું છું તે શ્રવણ કરીને હજી કેમ સહાય થતા નથી? આ સંસારમાં પ્રાણીમાત્ર સમર્થનો આશ્રય આપત્તિ દૂર કરવા અર્થે જ કરે છે, અને સમર્થનું સામર્થ્ય તથા ધર્મ પણ એ જ છે કે શરણાગત આપત્તિમુકત વણ્યા કરે. શરણાગતને કોઈ પણ નિર્ભયપણે આપદા આપે, અને રક્ષક તેની અસ્પૃહા કરે તો તે રક્ષકની કીર્તિનું મોટું લાંછન આ લોકમાં પ્રસિદ્ધ ગણાય છે, તો હે સર્વજ્ઞ! આપ આ ક્ષણે કેમ અભય આપતા નથી? આ સંસારમાં અભય આપવું એ જ આપનો પ્રધાન ધર્મ પૂર્વ કાલથી નિર્વિવાદ મનાતો આવ્યો છે; તે પ્રધાન ધર્મ આજે મારું યોગ્ય પ્રસંગે રક્ષણ ન થવાથી આ માયાપ્રવાહમાં મારી સાથે વહી ગયો ગણાશે. માટે હે સર્વશકિતમાન્ ગુરો! આપ સત્વર સાવધાન થઈને હું અસાવધ-પણાને પ્રાપ્ત પીડિત શિષ્યનું તથા આપના પ્રસિદ્ધ ધર્મનું રક્ષણ કરો.

હે પંચવરદ મહારાજ! આઆદિ વચનો નેત્ર બંધ કરીને હૃદયમાં વૃત્તિ સ્થાપીને બોલી રહ્યા પછી આ અંતઃકરણપ્રતિ મેં

જોયું તો તમામ વિષમપણું, જેમ સૂર્યના ઉદયથી સમગ્ર અંધકાર નિવારણ થાય છે તેમ, શમી ગયું, અને તે દોષરૂપ વિરોધી વૃત્તિ તો જેમ સિંહના ભયંકર શબ્દને શ્રવણ કરીને મૃગજંબુકાદિ શાંત રહી છુપાઈ જાય છે તેમ, છુપી ગઈ. જેમ અસાવધ રાજાના રાજ્યમાં ચોર ધનવાન્આદિ પ્રજાને ભયની ઉત્પત્તિ કરે છે, અને પશ્ચાત્ જ્યારે સાવધાન થયેલો રાજા, પ્રજાના પોકારથી 'દુષ્ટનો નિગ્રહ કરવાને તત્પર થયેલો જણાય છે કે તત્કાલ તે મંદમતિ ચૌરકર્મ કરનાર બલરહિત થઈ ગુપ્ત થઈ જાય છે, તેમ આ મારા અંતઃકરણમાં પ્રાપ્ત યોગબલરૂપ ધનને હરી લેવાને તત્પર થયેલા કામમોહાદિક મને ગુરૂઈશ્વરથી વિમુખસરખો જોઈને, તે મારા નિરંતર રક્ષણ કરનાર ગુરૂઈશ્વરના અસાવધાનપણાનું અનુમાન કરીને, પ્રબલ થયા હતા; પણ આ ઈશ્વરગુરુની મારા પોકારવડે સાવધાનતાને જાણીને ભયયુક્તપણે ન જાણ્યા જાય એવે પ્રકારે ક્યાંય ગુપ્ત થઈ ગયા તે જણાયા નહિ. આ પ્રકારે મોક્ષમાર્ગનાં વિરોધી તથા યોગબલનો ક્ષય કરવામાં સમર્થ એવાં, અવિદ્યામય અંતઃકરણનાં સંપૂર્ણ કાર્ય જોતજોતામાં નિઃશેષ નિર્મૂલ થઈ ગયા સરખાં જણાયાં, અને તેથી મને મારો સ્વતઃ સ્વાભાવિક સામાન્ય આનંદ પુનઃ પ્રતીત થવા લાગ્યો. હે વૃદ્ધ નરાધિપતિ ! જ્યારે હું ગુહાના દ્વારસમીપ ભયયુક્ત સરખો ગુપ્તપણ બેઠો હતો ત્યારે તો કિંચિત્ કાલમાં સૂર્યોદય થશે એવા અનુમાનથી બેઠો હતો. પણ પશ્ચાત્ જ્યારે હું આ સુંગધયુક્ત વાયુ તથા નાદના સંબંધવડે જાગ્રત્ થયો ત્યારે પણ મને રાત્રિના સરખો જ ભ્રાંતિજનક સમય પ્રતીત થયો હતો. પાછળથી પૂર્વોક્ત પ્રકારે સ્તુતિ કરી અંતરમાં સાવધાન થયા પછી વિરોધી વૃત્તિઓના અત્યંત અભાવવડે સાવધાન થયેલો હું અંતરમાં સ્વરૂપસુખને અનુભવી થોડે કાલે સ્વભાવસંસ્કારના બલે પુનઃ એકાએક બહિર્મુખ થઈ શાંત ચિત્તવડે અચંચલ ગંભીર નેત્રથી આસપાસ જોવા લાગ્યો, ત્યારે પણ સમય તો મને રાત્રિના અંતસરખો જ જણાયો, તથાપિ સૂર્યચંદ્રના પ્રકાશ વિનાનો કોઇ પ્રકાશક પદાર્થનો સાદો રમણીયસરખો પ્રકાશ ભાસતો હતો. આ રીતે પુનઃ બહિર્મુખ થયેલો હું અષ્ટ દિશાઓપ્રતિ દૃષ્ટિ નાંખી વળ્યો તો તેટલેજ અંતરે તેજ રૂપ, તેજ આકાર અને સ્થિતિમાં ઉભેલી અષ્ટ સ્ત્રીઓને અનુભવવા લાગ્યો. પણ પૂર્વે જે ઊર્ધ્વ, અધઃ અને સર્વ સ્થલે તેને જ દેખવા લાગ્યો હતો, તે મોહાવસ્થા આ કાલે શમી ગયેલી હોવાથી તદ્દન વિલક્ષણ ભાન આ

કાલે થયું નહિ. આ અષ્ટ સ્ત્રીઓ કોણ હશે, મને આ સ્થલે કોણ લાવ્યું છે, અને આ સુગંધ તથા નાદ ક્યાંથી પ્રકટ થઈ પ્રતીત થાય છે, એ વાતનો મોટો સંદેહ ઉદય થતો જણાયો. મેં નિર્ભયપણે મારે સ્થલેથી આજુબાજુ દૂર દૃષ્ટિ નાંખી જોઈ, પણ આ આઠ સ્ત્રીઓ વિના કોઇ પણ પ્રાણી દૃષ્ટિએ પડયું નહિ. સુગંધમય વાયુ તો અદ્યાપિ પણ આવતો હતો, પણ નાદ તો વ્યતીત સ્વપ્નના પદાર્થની પેઠે બિલકુલ સંભળાતો ન હતો. અંતરમાંથી મને એવા વિચારનાં સ્ફુરણ થતાં જણાયાં કે આ અષ્ટ સિદ્ધિઓ, હવે મારૂં સંપૂર્ણ યોગબલ નિશ્ચય કરીને સમષ્ટિ ઈશ્વરે મારે સ્વાધીન કરી છે, પરંતુ તે અમર્યાદ અવસ્થામાં મને પ્રાપ્ત થઈ છે, માટે મને વશ વર્ત્તવારૂપ મારા સામર્થ્યને ન જાણીને છલ કરી ત્યજી જવાના સંકેતવડે આ સર્વ ચેષ્ટા કરી મને વ્યગ્ર કરતી જણાય છે. હશે હવે તો જેમ છંછેડેલો સર્પ સહજ સાધ્ય થતો નથી, તેમ હું પણ એમને પ્રપંચે ફસાઈ જાઉં એમ નથી. આ સમય તો મારે ધૈર્યબલને ધારણ કરી રાખવાનો છે, નહિ તો એક વાર આવીને ભ્રષ્ટ કરી ગયેલી સિદ્ધિ યોગીને તે જન્મમાં તો પુનઃ ભાગ્યે જ મળે છે, એ નિયમાનુસાર હું વંધ્યાની ક્રીડાસમાન, આ સંપૂર્ણ યોગાભ્યાસરૂપ ક્રિયાકર્મને કર્યા છતાં નિષ્ફલતાને પ્રાપ્ત રહીશ. યોગાભ્યાસીઓને સિદ્ધિઓ પ્રાપ્ત થતાંજ જો તે યોગી અતિ હર્ષવડે તે સિદ્ધિઓમાં, જાણીને વા અજાણતાં આસક્ત થાય છે તો તે સિદ્ધિઓ તે યોગીને પૂર્ણ બલવાળો ન જાણીને તેને અત્યંત અધીન વર્તનારી પતિવ્રતા સ્ત્રીની પેઠે અધીન વર્તતી નથી. પણ જેમ આ લોકમાં પોતાનો પતિ, ધન વિના બીજો કોઇ નથી જ, એવું માની ધનને અર્થે જ વિવિધ પુરુષને સેવનાર વારાંગના સ્ત્રીઓ પોતામાં આસક્ત ધનવાન્ પુરુષને મિથ્યા અનુકૂલ પ્રવૃત્તિ દેખાડીને ક્રમે કરીને તે ધની પુરુષનું ધન હરણ કરીને પશ્ચાત્ ધનહીન થયેલા તે પુરુષને છલ કરી ત્યજે છે, તેમ આ ઈશ્વરની અષ્ટ સિદ્ધિઓ જે ઈશ્વરપ્રતિના અચલ અભેદભાવયુક્ત પૂર્ણ યોગબલને જ પોતાનો પતિ માનનારીઓ છે, તે કિંચિત્ ભેદયુક્ત અપૂર્ણ બલવાળી અવસ્થામાં યોગાભ્યાસીના સંમુખ આવી સ્થિત થાય છે, અને તે સાધકને જો પોતામાં અત્યંત અસ્પૃહાવાળો જુએ છે અને ઈશ્વરમાં દૃઢ અભેદભાવયુક્ત પૂર્ણ યોગબલમાં જ આસક્ત થયેલો નાના યુક્તિથી અનુભવે છે, તો તો તેના પૂર્ણ બલ પામવાના સમયપર્યંત અને ત્યાર પછી પણ તેને અનુકૂલ વર્તતી અધીન જ

રહે છે; અને પૂર્ણ યોગબલમાં આસક્ત ન થઈ રહેતાં જે સકામ સાધકો સિદ્ધિના આગમનથી જ પોતાની પૂર્ણતાનું અનુમાન કરીને આ સિદ્ધિઓમાં આસક્ત થાય છે, તેને તો અનુકૂલસરખી પ્રવૃત્તિ કરી તેના પ્રાપ્ત યોગબલરૂપ ધનને નષ્ટ કરી તત્કાલ છલ કરીને ત્યજી જાય છે. આઆદિ યોગીના પૂર્ણપણાને, યોગબલના ફલરૂપ સિદ્ધિઓના સ્વરૂપને, તથા તેના વિચિત્ર સ્વભાવને જાણનારો હું અંતમાં સિદ્ધિઓવડે ન છળાવા અર્થે જ પ્રથમ શ્રીસદ્‌ગુરુને શરણ રહી સાવધ થયો છું. તો હુંસરખા સાવધાન યોગબલયુક્ત પુરુષને છળવાની આશા રાખનાર આ સર્વજ્ઞસરખી મનાતી સિદ્ધિઓ ઉપહાસને પાત્ર ઠરશે, તથા અંતે એ પોતે જ મારાથી છળાવી સંભવશે.

આઆદિ અનેક પ્રકારના વિચારવડે સાવધાન થયેલો હું તે સ્ત્રીઓના પ્રતિ દૃષ્ટિ ફેરવી બોલ્યો, હે સ્ત્રીઓ! તમે કોણ છો? અને આ નિર્જન પ્રદેશમાં અમર્યાદાવાળા વેષથી શા નિમિત્તે ઉભાં કષ્ટને વેઠો છો તે કહો. આ ક્ષણપૂર્વે તો તમે મારા પ્રતિ ક્રૂરસૌમ્યમિશ્ર સ્વભાવયુક્ત દૃષ્ટિને સ્થાપી જોતાં હતાં, અને હવે તો તમે નેત્ર બંધ કરીને જાણે આપણા ઇષ્ટમાં નિમગ્ન થયાં હો એમ પ્રતીતિ કરાવો છો. આથી તમે સિદ્ધ છો કે સાધક એ નિશ્ચય થઈ શકતો નથી. આ કાલે તો તમે ઉપાસકની અવસ્થાનો અનુભવ કરતાં પ્રતીત થાઓ છો, અને આ ક્ષણપૂર્વે તો તમે કોઇ સમાધિમાંથી તત્કાલ જાગ્રત્‌ થએલા સિદ્ધના સમાન દૃષ્ટિથી જોતાં હતાં; હશે, તમે ગમે તે હો તેની સાથે મારે કશો સંબંધ નથી. તમારા આ અલૌકિક રૂપ તથા વેષથી હું મોહને પ્રાપ્ત થવાનો નથી, માટે મારા નિમિત્તે જ આ કષ્ટ આપનાર તાપસી સ્થિતિને રાખી રહ્યાં હો તો હવે તમે તમારે માર્ગે પડો; અને અન્ય નિમિત્તે તમારી સ્થિતિ આ સ્થલે હોય તો મને ઉત્તર આપો કે આ સ્થલે મને કોણે આણ્યો છે, તમે કોણ છો, આ અરણ્યનો અધિપતિ કોણ છે અને આ અરણ્યમાં મેં જોએલા વિચિત્ર પ્રસંગ તે શું છે? આ પ્રશ્ન કર્યા છતાં પણ ઉત્તર ન આપતાં તે સ્ત્રીઓ જેમની તેમ જ અચલ ઉભી રહી. કિંચિત્‌ કાલ હું દૃષ્ટિ ફેરવી ફેરવી તેમને જોતો રહ્યો, પણ તેમની સ્થિતિમાં વિલક્ષણતા જણાઈ નહિ, ત્યારે હું આશ્ચર્ય પામીને આ પ્રકારના વિચારને પુનઃ વશ થયો. અહોહો! પરમ આશ્ચર્ય છે! આ સંસારમાં સ્ત્રીજાતિ જેને અષ્ટગુણ કામયુક્ત કહીને અત્યંત ચંચલ સ્વભાવની ગણી છે, તે સ્ત્રીજાતિમાંની આ સ્ત્રીઓ સુમેરુ પર્વતની પેઠે અચલસ્થિત તપ

કરે છે. મેં ઘણા પુરુષોને તપ કરતા ઉભેલા જોયા છે, પણ તેમનાં તનુ, ઇંદ્રિય તથા મન આવાં અચંચલ કદી જોયાં નથી. આ સ્ત્રીઓની સ્થિતિ જોતાં એ સમાધિસ્થિતિમાં તો નથી જ, પણ સમાધિસ્થિતિને ક્ષણભર ભૂલાવે એવી આરૂઢ દશામાં ઉભી છે. એમને દિક્કાલાદિકનું ભાન જણાતું નથી. તેમ જ એમણે ત્રિગુણના જયપૂર્વક અંતઃકરણનો ઇંદ્રિયસહિત અત્યંત નિગ્રહ કર્યો જણાય છે. આ હું કે જે મને પોતાને આપ્તકામ યોગીસરખો માનું છું, તે પણ આ કાલે આટલા પ્રબલ નિગ્રહને કરી શકવા સમર્થ નથી તો અન્યની શી વાર્તા? આ ભયાનક અરણ્ય જેમાં હું પણ પ્રવેશ કરીને વિકલસરખો થઈ ગયો છું, તેમાં આ અતિ ધૈર્યવન્તી સ્ત્રીઓ, જેઓ જાતિસ્વભાવથી અબલા ગણાતી આવી છે, તેઓ નિર્ભય સિંહની પેઠે સ્વસ્થ ઉભી તપ કરે છે, અને કિંચિત્ પણ વિકલતાને પ્રાપ્ત થતી જણાતી નથી. આ અદ્ભુત પ્રસંગને જોતાં મારે અવશ્ય અનુમાન કરવું ઘટે છે કે આ સ્ત્રીઓનો કોઇ પ્રબલ પુરુષ રક્ષક હોવો જોઇએ, અને તે જ આ અરણ્યનો અધિપતિ પણ હોવો ઘટે છે. અરે! આ નિર્લજ્જ સ્ત્રીઓ વિષે ઉપાસક ધર્મ પણ સંભવતો નથી. કારણ કે ઉપાસકમાત્રને આ દ્વૈતપ્રપંચનો અભાવ અંતરમાં સિદ્ધ થયેલો હોતો નથી, અને અદ્વિતીય ભાવના દૃઢ થઈ ગયા વિના અમર્યાદાવસ્થા આવતી નથી. માટે આ સ્ત્રીઓ સાધક હોય એમ પણ ઠરતું નથી. પણ ખરે, કોઇ દિગંબરમાર્ગને અનુસરનારી એ હોય તો તો એમને આ અજ્ઞાનયુક્ત ઉપાસક દશામાં પણ અમર્યાદા પ્રાપ્ત થવી સંભવે છે,

હે પંચવરદ મહાત્મન્! આ આદિ અનેક વિચિત્ર વિચિત્ર કલ્પનાને કરીને પશ્ચાત્ મેં તે સ્ત્રીઓના સમીપ જઈ તેમની યથાર્થ સ્થિતિ જોઈ જાણવા નિશ્ચય કર્યો. ત્યાં જો આ સિદ્ધિઓ હશે, તો મારે એમાં આસક્ત થવું નથી, અને જો એ સાધક અવસ્થામાં તપ કરનારી સ્ત્રીઓ હશે તો મારે એમના તપને ભંગ કરવાનું પ્રયોજન નથી, તો પણ એમના સામર્થ્યનો તથા મુખ્ય સ્વરૂપનો નિશ્ચય કર્યાવિના મારે આ સ્થલ છોડી ચાલવું યોગ્ય નથી, એવો નિશ્ચય કરીને જેમ ચોર કિંચિત્ પણ ખડખડાટ કર્યાવિના ગતિ કરે છે તેમ મેં ધીરે ધીરે તેમાંની એક સ્ત્રીપ્રતિ ગતિ કરી. જેમ જેમ હું સમીપ જતો ગયો, તેમ તેમ મને તે નિષ્કંપ ઉભેલી જણાવા લાગી. આથી સમીપ જતાં તો મને અન્ય ભ્રાંતિનો ઉદય થયો, જેથી હું ત્વરાથી અત્યંત સમીપ ગયો, અને જોયું ત્યારે તો તે ભ્રાંતિ ખરી ઠરી. એ સ્ત્રીનું શરીર કેવલ

પાષાણનું જણાયું. ઉપરથી રંગ એવો કરેલો કે સ્પર્શ કર્યાવિના પાસે ઉભેલો માણસ પણ તેને પાષાણની મૂર્ત્તિ છે, એમ જાણી શકે નહિ. મને સ્પર્શ કરી જોતાં જ્યારે તે સ્ત્રી પાષાણરૂપ જણાઈ, ત્યારે એક પક્ષથી મારી મહા અજ્ઞાનતાનો ભાસ થઈ ગ્લાનિ જણાઈ, અને બીજે પક્ષે ભયની નિવૃત્તિના મંદમંદ હર્ષથી હસવું આવ્યું. પછી તો આઠે સ્ત્રીના સમીપ જઈને સ્પર્શ કરી નિશ્ચય કર્યો કે આ સર્વ સ્ત્રી પાષાણની જ છે. **અરેરે! આ પાષાણની સ્ત્રીઓએ પણ જ્યારે મારા અંતઃકરણમાં આવડો મોટો ફેરફાર કરી નાખ્યો, તો ખરી સ્ત્રીઓ જ હોત તો શું અનર્થ ન કરત, એ કળી શકાતું નથી. આ કારણથી જ વિરક્તના ધર્મમાં પાષાણકાષ્ટની મૂર્ત્તિને પણ દૃષ્ટિ માંડીને જોવાની મના કરી છે.** હવે મારે શું કરવું, અને ક્યાં જવું? આ ચિત્રારણ્યમાં પ્રવેશ કર્યા પછી મારી એક અનધિકારીસરખી અંતઃસ્થિતિ થઈ ગઈ છે. મારું યોગબલ હણાઈ ગયા સરખું થયું છે, અને અંતઃપર જો થોડો કાલ આ પ્રમાણે જ વ્યતીત થશે તો હું કેવલ અજ્ઞાન, ક્ષુદ્ર હૃદયબલવાલા પામરની પંક્તિમાં જ આવીને ઠરીશ. માટે હવે કોને સલાહ પૂછું, અને કયે માર્ગે જાઉં, જેથી મારું ઇષ્ટ સિદ્ધ થાય. મને આ સ્થલે સૂર્યાદિક દિશાના સાધક હેતુના અભાવે પૂર્વાદિક દિશાઓનું પણ ભાન થવું કઠિણ છે. આ નિરુપાધિ સરખું રમણીય સ્થાન જણાય છે, તથાપિ એ મારા સરખાએ આ ક્ષણે સેવવાયોગ્ય નથી. આ પૂર્વ અનુભવેલા માર્ગસરખો માર્ગ નથી, પણ આ તો ગુહાસરખું જણાય છે. પ્રકાશનું કારણ જણાયાવિના પણ અત્રે પ્રકાશ જણાય છે. સુગંધનું કારણ તો આસપાસ કંઇ હશે, પણ નાદ ક્યાંથી આવ્યો, એનો કંઇ નિર્ણય થઈ શક્યો નહિ. તેમ આ સ્થલના ભોમિયાવિના તે થવો પણ કઠિણ જણાય છે. હશે ગમે તેમ હો, પણ હવે મારે આ સ્થલથી આગળ ચાલીને નિર્ણય કરવા યોગ્ય સર્વ વાર્તાનો નિર્ણય કરવો ઠીક છે. આ સ્થાન તો પ્રમાદિક દોષોની ઉત્પત્તિ કરનાર જણાય છે, માટે તત્કાલ ત્યજવા યોગ્ય છે.

આ પ્રકારે વિચાર કરીને તરત ત્યાંથી એક બાજુ ચાલવા લાગ્યો. કેટલેક દૂર નીકળી ગયો ત્યારે મને જેમ સુષુપ્તિ તથા સ્વપ્નથી જાગ્રત્ થતા હોઈએ, એવું ભાન થવા લાગ્યું. હું પુનઃ મારા પૂર્વ નિશ્ચયના બલવત્તર વેગને અંતરમાંથી આવતો અનુભવવા લાગ્યો, નિર્ભયતાનો આવિર્ભાવ થવા લાગ્યો, ઇંદ્રિયો તથા અંતઃકરણ સાવધાન થતાં

જણાયાં, પાછલા શ્રીદર્શનના પ્રસંગનું સ્વપ્નગત પદાર્થની પેઠે અસ્પષ્ટપણું પ્રતીત થવા લાગ્યું, આશ્ચર્ય પામતો હોઉં તેની પેઠે હું પોતે મને જ હસવા લાગ્યો, અને વિચારવા લાગ્યો કે આહા ! આ માયા વસ્તુતઃ પદાર્થ નથી, પણ દેખવા માત્ર છે, એમ શાસ્ત્ર કહે છે, તથાપિ એનું ન કળી શકાય એવું બલ છે, એ આ મારા સરખાને આવા પ્રસંગના અનુભવવિના શી રીતે જાણવામાં આવે ? અરેરે ! **બિચારા કેવલ વેદાંતશાસ્ત્રના જ વાંચનારા જેમને શબ્દદ્વારા જ સ્વરૂપસાક્ષાત્કાર સિદ્ધ હોય છે, એવાને આ માયા રમતમાં જ પોતાના પશુ બનાવી ત્રગડે છે, એમાં શી નવાઈ છે ?** તેમને મારી પેઠે નિત્યાનિત્યવિવેકદ્વારા વિરાગનો ઉદય તો અંતઃકરણમાં થયેલો હોતો જ નથી. રાત્રિદિવસ નાના વિષયના ચિંતનપરાયણ તેમની મતિ, યથાર્થ નિશ્ચયવિના આ સંપૂર્ણ પ્રપંચને દુઃખરૂપ કેમ જ અનુભવે ? જ્યારે નિવૃત્તિમાં રહ્યા થકા સચ્છાસ્ત્ર વેદાંતના વિચારનાર પણ, માત્ર શબ્દજ્ઞાનથી પરમાત્મતત્ત્વાકારપરિણામમતિવાળા થઈ સુખસ્વરૂપ રહ્યા હોતા નથી, અને વિવિધ અનુકૂલપ્રતિકૂલ પ્રસંગે અંતઃકરણની વિષમતાદ્વારા પ્રતીત થતા શોકમોહાદિ ધર્મને વશ થાય છે, ત્યારે કેવલ વિષય પ્રાપ્ત્યર્થે જનમૂહમાં વક્તામાત્ર થઈ બેસનાર વિષયાસક્ત વેદાંતી તો માયાના મજુર બની કલેશને જ માત્ર વહન કર્યા કરે એમાં શું આશ્ચર્ય છે ? વિવેક વિરાગ પ્રાપ્ત થયા પશ્ચાત્ દૃઢ દેહાધ્યાસને શિથિલ થયેલો જણાવનાર ષટ્સંપત્તિ, યાવત્પર્યંત પ્રકટ થઈને કેવલ મોક્ષેચ્છાને પ્રકટાવતી નથી, તાવત્પર્યંત મિથ્યા શ્રવણ કરેલાં તથા વાંચેલાં મહાવાકય કે અવાંતર વાકય આ અનધિકારીને કિંચિત્ પણ જાણવાયોગ્ય લાભ કરે છે, એમ કહી શકાતું નથી. કદાચિત્ અનુકૂલ અંતઃકરણવાળાને યોગ્ય વિચારથી ઉત્તરોત્તર અધિકાર પ્રાપ્ત કરવામાં એ ગ્રંથાવલોકન સહાય થાય છે, પણ પ્રતિકૂલ અંતઃકરણવાળાને તો અયોગ્ય વિચારદ્વારા મહા અનર્થની જ પ્રાપ્તિ કરનાર થઈ પડે છે. **અરે ! હું કે જેણે ગુરુદ્વારા સચ્છાસ્ત્રશ્રવણનો અધિકાર પ્રાપ્ત કરીને શ્રવણ કર્યું છે, પુનઃ તેનું સાધકબાધક યુક્તિના ઉપયોગસહિત મનન કર્યું છે, તથા તે નિશ્ચયનો જ તૈલધારાવત્ પ્રવાહ ચલાવવારૂપ નિદિધ્યાસ સાધ્યો છે, તેમ જ ત્યારપછી ધારણાધ્યાનસમાધિરૂપ સંયમ, સૂક્ષ્મ વાસનાના લયનિમિત્ત સાધ્યો છે, વળી મધ્યે યોગ્ય પ્રાણાયામાદિ અવાંતર સાધનને પણ આવશ્યકતાના પ્રમાણમાં સિદ્ધ કર્યાં છે, અને સંક્ષેપમાં કહીએ તો સિદ્ધદશામાં પ્રવેશ કરવા પર્યંતનાં સમગ્ર સાધ-**

તેનો અભ્યાસ કર્યો છે, તથા એ અભ્યાસ તથા વૈરાગ્યના બલથી આ ત્રિલોકના વિભવને તુચ્છવત્ લેખવ્યો છે, તે મેં આ શરીર કે જેની આસક્તિ વિદ્વાનને પણ છૂટવી અત્યંત કઠિણ છે, તેને પણ આ અરણ્યમાં પ્રવેશ કરતાં નિર્મૂલ થયાસરખી અનુભવી હતી. આટલું છતાં પણ જ્યારે યથાર્થ પ્રસંગ આવે છે ત્યારે જેમ ભય પામેલો વિષધર વા નાગણી દરમાંથી મુખ ઊંચું કરી બહારના સણુસારાને લક્ષમાં રાખી લાગ સાધી બહાર નીકળી આવે છે, તેમ આ પ્રબલ સૂક્ષ્મ વાસના અંતઃકરણમાંથી ખરા પ્રસંગે મુખ કાઢતી જણાય છે, અને બહાર નીકળવા યત્ન કરે છે; પણ જેમ સર્પસર્પિણીના પકડનાર વાદી સાવધાન ઉભા હોય છે, ત્યાંસુધી તે બહાર નીકળી શકતાં નથી, તેમ હું સાવધાનપણે સ્થિત છું તેથી આ સંસ્કારવાસના પણ બહાર પ્રકટ થઈ કશું કરવા સમર્થ થતાં નથી. અહોહો ! મારા સરખા સાધન માત્રની સીમાઉપર જઈ બેઠેલાને પણ આમ છે, તો અન્ય બિચારા વાચક જ્ઞાનીની તો આ અજ્ઞાનવાસનાસંસ્કાર કેવી દુર્દશા કરતાં હશે એ કળવું પણ કઠિન છે. આ આદિ અનેક પ્રકારના વિચારનો જ્ઞાતા, દ્રષ્ટા, તથા પ્રસંગે કર્તારૂપ જણાતો હું થોડા સમયમાં કેટલેક દૂર નીકળી ગયો. ઘણે આગળ જતાં જેમ પ્રાતઃકાલમાં ઉદય થતો સૂર્ય નીકળતો જણાય છે, તેમ હું એ ગુહાથી બહાર નીકળ્યો ત્યારે તો મને સૂર્યનું દર્શન થયું, અને શાંત તથા શોભિતું અરણ્ય દેખાવા લાગ્યું. કોઇ મનુષ્ય જાત તો મારા જોવામાં આવતી જ ન હતી. કોઇ સાથે વાર્તા કરી હૃદયને ભારરહિત કરવાનું સ્થાન પણ ત્યાંપર્યંત જડયું ન હતું. જેમ કોઇ વિકલ થયેલો પુરુષ પ્રયોજનવિના ગમે તેમ ભ્રમણ કરે છે, તેમ હું વળી આગળ માર્ગ દીઠો તેમ ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં મેં અંતઃકરણપ્રતિ લક્ષ કરી જોયું, તો મને પાછી અવ્યવસ્થા જણાવા લાગી. તે અવ્યવસ્થાનું સ્વરૂપ એવું હતું કે આ અરણ્યમાં મેં નિષ્ફલ અવિચારથી પ્રવેશ કર્યો છે. આ પ્રકારનું આદિ સ્ફુરણ થતાં જ આ પ્રકારે વિચાર વધવા લાગ્યા. અહો ! મોટું આશ્ચર્ય છે કે હું કે જેને ત્રિલોકમાં પણ કંઇ આસક્તિપૂર્વક જોવાનું અવશેષ ન હતું, તે મેં આ અરણ્યમાં કયા પદાર્થની આસક્તિથી પ્રવેશ કર્યો છે, એ કંઇ સમજાતું નથી. મને આ વિલક્ષણ ભ્રમ કોની સત્તાથી થયો ? મેં સર્વ સંશયોના છેદનપૂર્વક બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ, તથા રુદ્રગ્રંથિ, એવી જીવમાત્રને મોહ પમાડનારી જે ત્રણ ગ્રંથિઓ છે, તેમનું રુડે પ્રકારે ભેદન કર્યું છે, તેમ છતાં પણ જાણે

અજ્ઞાનગ્રંથિ જેમની તેમ હોય એવી આ પામર જીવની સ્થિતિમાં મને લાવી ભ્રાંતવત્ કરી નાંખનાર કોણ છે એની મને આ ક્ષણે સમજ પડતી નથી. એ શું છે? હું જાણે આ કોઇ બીજી સૃષ્ટિમર્યાદામાં પ્રવેશ્યો હોઉં એમ ભાસે છે. એ સાચું કે સ્વપ્ન હશે? જેમ આ જીવોને એક જ જન્મમાં કરેલા સઘળા વ્યવહારોનું, મરણઅનંતર ધારણ કરેલા બીજા શરીરમાં વિવિધ આવરણોના યોગે કેવલ વિસ્મરણ થાય છે, તેમ મારા પૂર્વયોગબલથી મને ભ્રષ્ટ થયેલો પ્રતીત કરાવનાર આ તે વિલક્ષણ આવરણયુક્ત મારો અન્ય જન્મ છે કે શું? જીવોને તો જન્માંતરમાં શરીર બીજું હોય છે, પણ આ મારું શરીર તો એનું એ જ છે, જેથી જન્માંતર નથી એ તો સ્પષ્ટ જ છે; તથાપિ સ્થાનાંતરથી આ વિલક્ષણતા જણાય છે, માટે સ્થાનમાહાત્મ્ય તો હોવું જ ઘટે છે. અરે! આ લોકમાં જેમ કોઇ કોઇનાં શરીરમાં કોપને પામેલો વાયુ ભ્રમની ઉત્પત્તિ કરે છે, જેથી તે યોગબલ તથા સ્મૃતિથી ભ્રષ્ટ થાય છે, તેમ આ મારા શરીરમાં કોઇ વાતપ્રકોપવડે મારા શુદ્ધ બલ તથા સ્મૃતિનો વિનાશ થયો છે કે શું? આઆદિ અનેક પ્રકારના વિચારને કરતો હું વાયુવશ વહેતા તૃણની પેઠે વહ્યો જતો હતો, એટલામાં મારે કાને એવો શબ્દ પડયો કે 'ધૈર્ય ધર, હવે શુભ છે.' શબ્દ સાંભળતાં જ હું અચકાઇને ઉભો. આજુબાજુ સઘળે જોયું પણ કોઇ દૃષ્ટિએ ન ચઢવાથી વળી આગળ ચાલ્યો, એટલે પુનઃ શબ્દ થયો, 'દક્ષિણ માર્ગે પ્રયાણ કરવામાં શુભ સમીપ છે.' આ શબ્દો સાંભળીને પણ હું આસપાસ જોવા લાગ્યો. પણ કોઇ ન જણાયાથી દક્ષિણ માર્ગે ચાલવા લાગ્યો. આ શબ્દો કયાંથી આવ્યા એનો વિચાર કરતો આશ્ચર્ય માનતો ચાલતો હતો, એટલામાં પુનઃ શબ્દ થયો, 'અંતે તારો જય છે, નિર્ભય થા.' આ સાંભળીને મહાશ્ચર્યથી ચિત્તની પ્રસન્નતા વધવા લાગી, અને આસપાસ જોતો ઉભો રહ્યો, પણ કોણ વારંવાર સુખદ શબ્દો બોલે છે, એ કંઇ જ સમજાયું નહિ ત્યારે મેં આ પ્રકારે વિચાર કર્યો કે અરે! આ તે કોઇ દેવ, યક્ષ, રાક્ષસ, પિશાચ કે મનુષ્ય હશે? દર્શન દીધાવિના, પરિચયવિના મને આ આપત્તિસમયમાં ધૈર્ય આપનાર શબ્દો સંભળાવે છે! સ્વાર્થપ્રયોજનવિના જીવમાત્રની કોઇ પણ ક્રિયામાં પ્રવૃત્તિ થતી નથી, એવો નિયમ છતાં આ બોલનારને મારા સાથે સબંધવિના શું સ્વાર્થપ્રયોજન હશે એ અનુમાન પણ કરાતું નથી. જેથી કેવલ પરાર્થપ્રયોજન જ આ પ્રવૃત્તિમાં હેતુ-

રૂપ ગણાય એમ છે. એવું પ્રયોજન કોઇ પરોપકારી પુરુષમાં પ્રકટવું સંભવે છે. તો તેવા દયાવાન્ પુરુષને દર્શન આપવામાં શો વિરોધ હશે, એ પણ મને વિચારથી જાણ્યું જતું નથી. હશે, ઈશ્વરને જે યોગ્ય જણાતું હશે તે થાઓ, પણ એક વાર નિર્ભ્રાંત થવાઅર્થે સંપૂર્ણ વિશ્વપ્રપંચની દૈવી તથા આસુરી પ્રબલ સત્તાને પ્રાર્થી જોઉં. હવે મારે આ સમયમાં યોગ્યાયોગ્ય પ્રવૃત્તિપ્રતિ લક્ષ કરવાનું રહ્યું નથી, અને એમ હોય તોપણ પ્રબલ સત્તાની સ્તુતિ કરવામાં કોઇ પ્રકારની પણ હાનિ નથી. આઆદિ વિચારને કરતો એક વૃક્ષસમીપ શિથિલ થઇને બેઠો, અને કાર્યકારણભાવથી રહિત પરમાત્માથી તે છેક કાર્યપરંપરામાં છેલ્લા પ્રબલ કાર્યપર્યંતની આ પ્રકારે પ્રાર્થના કરવા લાગ્યો.

'હે પરમાત્મન્! આપ આ 'હું' 'તું' આદિ શબ્દોવડે વ્યવહાર કરાતા દૃશ્ય પ્રપંચમાં છો, અથવા એ પ્રપંચ આપના વિષે છે એમ કહી શકાતું નથી. આપને આપથી ભિન્ન નામરૂપાત્મક જગત્‌ની સ્પૃહા કે અસ્પૃહા નથી. તેમ જ આ જગત્‌નું જ્ઞાન કે અજ્ઞાન આપને છે એમ પણ કહી શકાતું નથી. કેવલ સ્વરૂપ હોવાથી આપ આ પ્રતીત થતા ઉપાધિથી ભિન્ન વા અભિન્નપણે કહેવાતા નથી; તથાપિ ભેદ ભાવનાને પ્રાપ્ત અમે કે જેઓ મિથ્યા જીવત્વવાળા મનાયા છીએ તેમને યથાર્થ વિચારથી 'જે છો તે આપ જ છો' એમ જણાયા છતાં પણ આપને ભિન્નાભિન્નરહિતપણે પ્રાર્થના કરવા વૃત્તિ થાય છે. આપની પ્રાર્થના કરતાં આપના સ્વરૂપથી મિથ્યા ભેદને પ્રાપ્ત પ્રતીત થતું આ અંતઃકરણ તે સંપૂર્ણ પ્રતીતિના કારણભૂત દોષોથી રહિત થઈ આપરૂપે જ રહેવાયોગ્ય થાય છે. માટે હે સર્વ છતાં સર્વાતીત! જો આપ જ આ શબ્દ થવામાં કારણરૂપ હો તો મને દર્શન આપો, અથવા જેમ હોય તેમ જાણવાયોગ્ય કરો.

'હે શબલ બ્રહ્મ! આપ પ્રકૃતિના ગુણદોષથી અલિપ્ત છતાં પ્રકૃતિમાં વ્યાપી રહ્યા છો, આપ જગત્‌ના સ્રષ્ટા નહિ છતાં પણ આપની વ્યાપક સત્તાના બલે પ્રકૃતિવડે આ જગત્ સૃજાય છે. હે વિભો! આપ પ્રાકૃત નામરૂપાદિથી રહિત છતાં પણ આપથી અભિન્નસરખી રહેતી પ્રકૃતિમાં આપના સત્તાબલવડે જ આ અનેક દિવ્યાદિવ્ય નામરૂપ પ્રકટ થયેલાં પ્રતીત થાય છે. આપ નિર્વિકાર એક રસ છતાં પણ પ્રકૃતિમાં રહેલી આપની સત્તા, પ્રકૃતિના ગુણદોષાનુસાર કાર્યપ્રપંચને ગુણદોષરૂપ પ્રતીત કરાવે છે. આપ સદા કર્તૃત્વધર્મથી રહિત છતાં

પ્રકૃતિદ્વારા કર્તૃત્વધર્મવાળા ગણાવાયોગ્ય ઠર્યા છો; તો હે નિર્ગુણ છતાં પ્રકૃતિસંબંધે સગુણસમ મનાતા સર્વેશ્વર! આપ જ જો આ શબ્દમાં કારણરૂપ હો તો મને દર્શન આપી નિર્ભ્રાંત કરો, અથવા યથાવત્ જાણવાયોગ્ય કરો.

'હે સર્વપ્રપંચારંભક રુદ્ર ભગવન્! આપ અનુકૂલપ્રતિકૂલ ભાવનાવડે ઉત્પન્ન થતા રાગદ્વેષાદિ સમગ્ર દોષોથી રહિત છતાં આ વિષમ જગત્ના પ્રવર્તકરૂપ મનાયાથી, વિષમતાઆદિ દોષવાન્, અયથાર્થદર્શી પુરુષોવડે મનાવાયોગ્ય ગણાયા છો. આપ કેવલ સ્વાર્થ-પ્રયોજનરહિત છતાં દિવ્યાદિવ્ય લીલાતનુઓને પરાર્થપ્રયોજને ધારણ કરનાર ગણાયા છો. આપ સંપૂર્ણ સ્પૃહાથી નિર્મુક્ત છતાં પણ ઉપાસનાના પરિપાકસમયે ઉપાસકને યથેચ્છરૂપે દર્શન આપતા જણાયા છો. આપ જ સર્વસ્થલનિવાસી વિભુ છતાં પણ રુદ્રાદિ સંજ્ઞાને પ્રાપ્ત લોકમર્યાદામાં નિવાસ કરનાર મનાયા છો. આપ જ નિષ્કર્મ છતાં સંપૂર્ણ કર્મસત્તાને પ્રવર્ત્તાવનાર ગણાયા છો, તો હે કર્મફલપ્રદાતા! આપ જ જો આ શબ્દમાં કારણરૂપ હો તો મને દર્શન આપો, અથવા આ ભ્રમથી મુક્ત કરી જેમ હોય એમ જાણવાયોગ્ય કરો. આપ જ ત્રણગુણ તથા તેથી પ્રકટ થતા સમગ્ર દોષોના પ્રલયના અવધિસ્થાનરૂપ છો.

'હે સર્વ પ્રપંચના પાલક વિષ્ણુ ભગવન્! આપ પણ સંપૂર્ણ કર્મજ રાગદ્વેષાદિ દ્વંદ્વધર્મથી રહિત છતાં ન્યૂનાધિક બલસંપત્તિઆદિથી યુક્ત જગત્ના પાલનકર્તા ગણાયા છો, જેથી અયથાર્થદર્શી જીવોવડે વિષમતાદિદોષોથી યુક્ત મનાવાયોગ્ય ઠર્યા છો. સ્વાર્થપ્રયોજનવિરહિત, નિષ્કર્મ છતાં કર્મસત્તાના પાલક હોવાથી સંપૂર્ણ શુભાશુભ કર્મના કરાવનાર આપ જ છો, એવા આરોપિત ધર્મયુક્ત ગણાતા આપ સંપૂર્ણ પ્રાણીપદાર્થમાં વ્યાપક છતાં પણ દિવ્ય તથા ભૌતિક તનુઓને પ્રસંગ-વશાત્ ધારણ કરનાર તથા વિષ્ણુલોકાદિ અમુક સ્થાનમાં નિવાસ કરનાર મનાયા છો. ઉપાસનાના અંતમાં ઉપાસકની ઇચ્છાનુસાર વર આપવામાટે આપ નાના રૂપ ધરનાર તથા નાના કૃતિ કરનાર જણાયા છો. તેથી હે સર્વજ્ઞ સર્વશક્તિમાન્! આપ જ જો આ શબ્દ થવામાં કારણરૂપ હો તો મને દર્શન આપી અથવા યથાવત્ જ્ઞાન કરી શાંત કરો

'હે ક્રિયાશક્તિવડે સંપૂર્ણ નામરૂપાત્મક જગત્ના સૃજનાર મનાતા બ્રહ્મા ભગવન્! આપ જ કેવલ શુદ્ધાંશ જતાં અવશેષ રહેલા ત્રિગુણ-મય દ્રવ્યવડે આ ભૂગોલાદિ અનેક ગોલોના રચનાર તથા મૃત્યુલોકાદિ અનેક લોકોના સ્થાપનાર મનાયા છો. આપ જ પ્રાણિપદાર્થને સંસાર

વ્યવહારમાં જીવનમુક્ત જણાવા ક્રિયાવાન્ કરનાર મનાયા છો. સ્વાર્થ પ્રયોજનના અભાવવાળા છતાં પણ કર્મસત્તાના પ્રેરકરૂપ હોવાથી જીવમાત્રને જીવનના અવધિપર્યંત શારીરિક વા માનસિક ક્રિયામાં જોડી રાખનાર આપ જ ગણાયા છો. હે સર્વત્ર વ્યાપક સત્તાધીશ ! આપ જ દિક્પાલાદિ ગણોને આપઆપણા વ્યવહારમાં સાવધાનપણે ક્રિયા કરવા જાગ્રત્ રાખનાર જણાયાથી કર્તાપદને પ્રાપ્ત થયા મનાયા છો. આપ સત્તાવડે સર્વત્ર છતાં બ્રહ્મલોકાદિ સ્થાનના નિવાસી ગણાયા છો. તથાપિ સર્વ સ્થલે ઉપાસકને વર આપવા પ્રકટ થાઓ છો, જેથી આ શબ્દમાં જો આપ જ કારણરૂપ હો તો કૃપાવડે મને દર્શન આપો, વા યથાર્થ જ્ઞાનવડે સમાધાન પમાડી આ મિથ્યાક્રિયાથી મુક્ત કરો.

'હે સમગ્ર વ્યવહારની સાધક સ્વભાવસિદ્ધ શક્તિઓ ! તમે ત્રિલોકના સકલ વ્યવહારને યોગ્ય પ્રકારે તથા યોગ્ય કાલે પ્રવર્તાવનાર હોવાથી ઈશ્વરીઆદિ નામોથી ઓળખાયાં છો. તમે મુખ્ય અભાવરૂપ હોતાં નથી, છતાં તમારા પ્રતીતિમાત્ર અભાવે વ્યવહારનો અભાવ થાય છે, જેથી વિશ્વવંચકાદિ દોષોનાં પાત્રરૂપ વસ્તુતઃ નહિ છતાં, તમે જ જીવમાત્રને શુભાશુભ ક્રિયાનાં કરાવનાર નાના દોષયુક્ત ગણાયાં છો. તમે જ સર્વ જીવોને કલ્યાણમાં જોડનાર છતાં, કર્માનુસાર ક્રિયામાં પ્રવૃત્ત થતા જીવોને જોતાં જાણે તમે જ જીવને અકલ્યાણમાં જોડનાર છો, એમ અયથાર્થ મતિવાળામાં જણાયાં છો. અંતઃકરણ તથા ઇંદ્રિયોના દોષ તમારા સદ્ભાવવડે જ હોય છે, તેથી તમે જ તેનાં અધિકરણરૂપ મનાવાયોગ્ય હોવાથી મંદમતિ તમારી ઉપાસના પણ કરતાં અટકે છે. કેવલ અહિંસાના મૂલરૂપ તમને, અલ્પજ્ઞ જીવો હિંસાનાં પ્રવર્તાવનાર ગણીને ઘણા નિંદ્ય વ્યવહારોને સેવતાં તમને ઉપાસે છે. એવા દુષ્ટોનું પણ અકારણ અકલ્યાણ ન ઇચ્છનાર તમે સર્વને ઉપાસવાયોગ્ય છો. તમે જ વ્યવહારમાત્રનાં સાધક હોવાથી જો આ શબ્દનાં કારણરૂપ હો તો અનુગ્રહવડે મને દર્શન આપો, અથવા નિઃશંક કરી સુખરૂપ થવાયોગ્ય કરો.

'હે સમગ્ર દેવલોકસહિત દેવાધિપતિ ! તમે આ જીવોના પૃથક્ પૃથક્ વ્યવહારને યથાનિયમે સ્વભાવ તથા કર્મસત્તાના અનુસાર સિદ્ધ કરાવો છો. પ્રાણિપદાર્થમાત્રનાં અંગ વા ઉપાંગમાં તમારી નિરંતર સ્થિતિ હોય છે, અને તેથી જીવમાત્રના યોગ્યાયોગ્ય કરેલા વ્યાપારને તમે જાણો છો, આ પ્રપંચમાં તમારે કરવાયોગ્ય સૃષ્ટિનિર્વાહક વ્યાપારને પણ તમે કરો છો, ઉપાસકને આપણી ઉપાસનાના અવધિએ

યથાશક્તિ વર આપો છો, તથા ઈશ્વરના સિદ્ધસંકેતના જ્ઞાનવડે તમે ઉપાસકોને દૃઢ ઉપાસનાથી ભ્રષ્ટ કરવા અર્થે પણ અનુકૂલ ઉપાયોના રચનાર ગણાયા છો, તો આ શબ્દ કોણ અને શા હેતુથી કરે છે, તે આપ પ્રત્યક્ષ થઈ કૃપાવડે મને કહો, અથવા તમારા સ્વતઃસિદ્ધ સામર્થ્યવડે મને જણાવી શાંત કરો.

'હે સર્વ અસુરલોકસહિત અસુરાધિપતિ ! તમે જ્યાં ત્યાં પાપાચરણી પ્રાણીઓને તેમનાં પાપનાં ફલરૂપ દુઃખને ભોગવાવવામાં, તથા પાપનાં ફલની યથાવત્ પ્રતીતિ કરાવવામાં કારણરૂપ છો. તમસ્-પ્રધાનાદિ આસુરી સંપત્તિની પ્રધાનતાવાળાં સ્થાનોમાં નિવાસ કરી તે તે લોકમાં ગતિ કરવાયોગ્ય અન્ય પ્રાણીને ગતિ કરાવવામાં પણ તમે જ કારણરૂપ છો. કેવલ તામસી તથા રજસ્મિશ્ર ક્રિયા કરનાર અંતઃકરણમાં રહેલા સંસ્કારને વેગ આપનાર સત્તારૂપ તમે સ્વાર્થ-પ્રયોજનવિના પણ નિરંતર સર્વ જીવોના કર્માશયમાં રહ્યા રહ્યા વ્યાપારને કરો છો, તો આ શબ્દ થવામાં અથવા એનું ભાન મને કરાવવામાં તમે જ જો કારણરૂપ હો તો મને પ્રત્યક્ષ થાઓ, અથવા તમસ્ તથા રજસ્મિશ્ર સ્વભાવથી પ્રકટ થયેલા આ મારા અંતઃકરણના ભ્રમ, ભય, તથા મોહાદિને શાંત કરો.

હે સૂર્યાદિ સંપૂર્ણ ગ્રહદેવતાઓ ! તમારી દેવસમૂહમાં પ્રાર્થના કરવા છતાં પણ ગ્રહાધિપતિરૂપે પુનઃ પ્રાર્થના કરું છું કે તમે ભિન્ન ભિન્ન સ્વભાવયુક્ત દ્રવ્યોને આપણી પ્રાપ્તસત્તાથી પોષો છો તથા શોષો છો. તમે જ સંપૂર્ણ દ્રવ્યની એક સ્થલથી બીજે સ્થલે ગતિઆગતિ કરવામાં કારણરૂપ છો, તથા અન્નજલાદિદ્વારા તમે જ આ ભૌતિક શરીરમાંહેલા સમગ્ર ધાતુઆદિ પદાર્થોના પિતા છો. ભૌતિક પર-માણુમાત્રમાં તમારી સત્તાવડે જ સઘળા વિશેષ વ્યાપાર થાય છે. એ વ્યાપારોવડે જીવમાત્રનાં શરીરોમાં આધિવ્યાધિઆદિ નિમિત્ત ઉપજીને મોટા ફેરફાર થાય છે, જેથી જીવોને પ્રતીત થતા સુખ-દુઃખાદિ ધર્મમાં તમે પણ કારણરૂપ છો. જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ, ગાઢ સુષુપ્તિ, તથા ઘનસુષુપ્તિઆદિ સમગ્ર અવસ્થાયુક્ત પ્રાણિપદાર્થમાં તમારી સત્તા સદા વ્યાપાર કરતી રહે છે; જેથી આ મારા અંતઃકરણમાં થયેલા વિષમપણામાં તથા બાહ્ય શબ્દસાથે થયેલા મારા ઇંદ્રિયસંબંધ-વડે ઉપજેલા ભ્રમમાં તમે પણ કારણરૂપ હો તો કૃપાવડે યથાર્થ કારણનું મને ભાન કરાવો, અથવા પ્રત્યક્ષ થઈ ભ્રમણાદિદોષથી મુક્ત કરો.

હે સ્વતંત્ર સ્વભાવયુક્ત સિદ્ધપુરુષો ! તમે સહજ ન નિવારણ કરી શકાય એવા કર્મના બંધનને આપણા ઉગ્ર પુરુષપ્રયત્નવડે શિથિલ કરી કાઢી નાંખી નિત્યમુક્ત રહેનાર છો. તમે પ્રવૃત્તિમાં સ્વાર્થ-પ્રયોજનથી રહિત છો. ઇશ્વરના સમાન સામર્થ્યવાળા ખાસ પરાર્થપ્રયોજનવિના કિંચિત્ પણ પ્રવૃત્તિ કરનાર નથી, એવા તમે બ્રહ્માંડમાં જ્યાં ત્યાં સમગ્ર પ્રતિબંધથી રહિતપણે વિચારનાર છો. તમે પ્રાણીઓના સત્કર્મના પ્રભાવે મળનારાં સત્ફલોના અનુકૂલ સમયે તે તે પ્રાણીને યોગ્ય ફલની પ્રાપ્તિમાં પ્રસંગે નિમિત્તરૂપ થનાર છો; તથા કોઇ કોઇ પ્રસંગે નિઃસ્વાર્થપણાને પ્રાપ્ત છતાં પણ વિવિધ નિમિત્તના સંભવે નાના લૌકિક તથા અલૌકિક મન, શરીર તથા વાણીની ચેષ્ટા કરનાર છો: જેથી આ પ્રસંગે આ નાના પ્રકારની પ્રતીત થતી વિષયચેષ્ટાને જો તમે જ કરનાર હો તો મને પ્રત્યક્ષ દર્શન આપી નિઃશંક કરો, અથવા આપણા અલૌકિક સામર્થ્યવડે મારા અંતરમાં યથાર્થ જ્ઞાનને કૃપાવડે પ્રકટ કરી શાંત કરો.

હે સંપૂર્ણ ઐશ્વર્યસંપન્ન યોગી મહાત્માઓ ! તમે આપ્તકામ હોવાથી સ્વાર્થપ્રયોજનથી કોઇ પણ ક્રિયામાં પ્રવૃત્ત થતા નથી, તથા પરાર્થના જાણનારા છતાં પણ પરાર્થે ખાસ નિમિત્તવિના પ્રવૃત્ત થતા નથી, તોપણ જે જે ક્રિયા થવામાં તમે જ નિમિત્તરૂપ કર્મસત્તાથી નિશ્ચય કર્યા હો છો, તેટલી ક્રિયા તમારા દ્વારા અવશ્ય થાય છે તેથી તેમ જ તમને પ્રાપ્ત શુદ્ધ સ્વભાવસત્તાથી અન્યના ઉપર અનુગ્રહ કરવા આદિનીતિનિયમથી તમે સત્તાવાન્ છો; તેથી વા ત્રિકાલજ્ઞ હોવાથી ભાવિમાં જીવોને પ્રાપ્ત થનાર ફલને તથા તન્નિમિત્ત ઇષ્ટસંકેતને જાણનાર છો, તેથી આ મારા પ્રતિ વ્યતીત થયેલા વૃત્તાન્તના તમે નિર્વિવાદ જ્ઞાતા છો; અને આ પ્રકારના સંબંધમાંથી કોઇ સંબંધવડે આ વ્યતીત સર્વ વૃત્તાન્તમાં તમે જ કારણરૂપ હો તો મને પ્રત્યક્ષ થઇને અથવા પરોક્ષ રહીને ઇપ્સિત શાંતિ આપો.

હે અતીત, અનાગત, તથા વર્તમાન વૃત્તાન્તને જાણવાના સામર્થ્યયુક્ત દૈવી આસુરી કે મિશ્ર પ્રજા ! તમે સ્વપુરુષાર્થથી તથા શુદ્ધ સ્વભાવથી પ્રાપ્ત સત્તાબલવડે સર્વજ્ઞપણાને પ્રાપ્ત હો છો, છતાં તમે આદિનીતિને ઉલ્લંઘન કરવા સમર્થ નથી, તેથી કરવા યોગ્ય વા થવા યોગ્ય વાર્તાને જ થયેલી જાણો છો, તથા વિવિધ નિમિત્તથી બંધાયેલા સંબંધવડે અન્યને જણાવો છો. તમે સ્વતંત્ર ન હોવાથી કાંઇ ન્યૂનાધિક નવીન કરી શકતાં નથી, પરંતુ ન્યૂનાધિક જાણના સંભ-

મને તથા નિમિત્તરૂપ દ્વારને જાણો છો, જેથી આ મારાપ્રતિ વ્યતીત થતા તથા થયેલા વૃત્તાંતને તમે જાણનાં હો, અને તેમાં તમે કાંઇ પણ નિમિત્તરૂપ હો તો મારી આતુર ઇચ્છાને જાણીને પ્રત્યક્ષ થઇને અથવા અન્ય પ્રકારે મને યથાવત્ જાણવાયોગ્ય કરો. અન્ય ઉપાસ્યઉપાસકાદિ વિશેષ સંબંધ તમારે મારે નથી, તોપણ અવ્યાકૃત કુટુંબમાં તમારે મારે ભ્રાતૃભાવ સંબંધ છે માટે યોગ્ય જણાય તો મને શાંત કરો.

હે ક્ષિતિપતિ ! આ પ્રકારે મેં સર્વના પ્રતિ વૃત્તિનો વેગ નાંખી વિનયવચન કહ્યાં. પશ્ચાત્ સાવધાન થઇને એ સ્થાનથી ઊઠીને જેવો આગળ ચાલું છું તેવો જ પાછળ શબ્દ થયો કે 'હે સાધો ! ઉભો રહે, તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ને ક્યાં જવા ઇચ્છે છે ?' મેં તત્કાલ પાછું ફરીને જોયું તો તેજના પુંજસરખો, દિવ્ય દેહવાળો, અવર્ણનીય સુંદર કાંતિવાળો, વૃક્ષની છાલનું કૌપીનમાત્ર ધરનાર તથા મસ્તકે જટાવાળો, મંદમંદ હસતા મુખવાળો પુરુષ દૃષ્ટિએ પડયો. તે સમયે જેમ જન્માંધને નેત્ર આવવાથી તથા વંધ્યાસરખી માનેલી પત્નીને પતિની વૃદ્ધાવસ્થામાં તથા તે સ્ત્રીની મધ્યમાવસ્થાના મધ્યમાં જેમ પુત્રનો પ્રસવ થવાથી, તથા અત્યંત નિર્ધન પુરુષને એકાએક વસુધામાં અખુટ ધનનો ભંડાર મળવાથી, તથા વૃદ્ધાવસ્થાના અંતને પહોંચેલા, અનેક દુષ્ટ વ્યાધિના બલે મરણની અણીઉપર આવી રહેલા જીવવાની આશાવાળા પુરુષને કોઇ દૈવી ઔષધવડે નીરોગ યુવાવસ્થાયુક્ત અત્યંત રૂપવાન્ દેહની પ્રાપ્તિ થવાથી, તથા પતિઆદિ વડિલ સ્વજનોના અભાવવાળી એક જ પુત્રની વૃદ્ધ માતાને મરણની શય્યામાં સુતેલા પોતાના પુત્રના નીરોગ થઇ ઊઠવાથી જેવો અનવધિ આનંદ થાય તેવો આનંદ મને આ પુરુષને જોતાં જ થયો. મારા નેત્રમાં હર્ષનાં અશ્રુની ધારાઓ ચાલવા લાગી. હૃદય ભરાવાથી તેને ઉત્તર આપવા શબ્દ પણ નીકળી શકયો નહિ. હું તત્કાલ પાછો ફરીને દંડવત્ ભૂમિપર પડીને મારાં નેત્રનું જલ તે પુરુષનાં ચરણઉપર પાડી મને કૃતાર્થ માનવા લાગ્યો. તે પરમાર્થી પુરુષે મારી પીઠ ઠોકીને મને ધન્ય ધન્ય કહીને મારો હસ્ત ઝાલીને મને ઊઠાડયો, અને પોતાના દિવ્યસરખા દેહથી મને આલિંગન દીધું. એ ક્ષણે મારા આંતર સંતાપથી તપ્ત શરીરને ચંદનના લેપનથી પણ ન ઉપજે એવી શીતલતા તથા શાંતિ પ્રતીત થઇ. આલિંગન લીધાપછી તેમના સન્મુખ દૃષ્ટિ માંડીને જેમ કોઇ દીર્ઘકાલની તપશ્ચર્યાના અંતમાં સાધકને ઉપાસ્ય દેવતાનો સાક્ષાત્કાર થાય, અને તે જેમ પોતાના ઇષ્ટને નિર્નિમેષ નિરખે

તેમ હું આ પુરુષને અચલ દૃષ્ટિથી નિરખવા લાગ્યો. ક્રમે કરીને હું સાવધાન થતો ગયો ત્યારે પુનઃ તે પુરુષે પૂછ્યું કે 'હવે શી ઇચ્છા છે?' મેં સવિનય ઉત્તર આપ્યું કે જેમ છે તેમ યથાર્થ રૂપે આ ચિત્રારણ્યમાં અનુભવેલા પ્રસંગને જાણવા ઇચ્છું છું. ન અનુભવેલા એવા પણ આ અરણ્યના સંબંધના સમગ્ર પ્રસંગને જાણવા ઇચ્છું છું, આપના સંપૂર્ણ વૃત્તાંતને જાણવા ઇચ્છું છું. સર્વ જાણ્યા છતાં આ મારી વિષમાવસ્થાની નિવૃત્તિને તથા મારી મૂલ સ્થિતિને પામવા ઇચ્છું છું, અને એથી વિશેષ ઇચ્છા એ છે કે મારી આ અરણ્યમાં પ્રવેશ કર્યાપૂર્વની જે મૂલ સ્થિતિ હતી તે જો અપૂર્ણ હોય તો પૂર્ણપણાને પ્રાપ્ત કરો, જેથી અવશેષ કાંઇ પણ ઇચ્છા રહે નહિ. આ પ્રકારનાં મારાં વચનો શ્રવણ કરીને તે પુરુષે મારો હાથ ઝાલ્યો, અને કાંઇ બોલ્યા વિના મને સાથે લઈ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં એક ગુહાના દ્વારસરખું આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે આ ગુહામાં પ્રવેશ કર, એટલે સંપૂર્ણ ઇચ્છા પૂરી થશે. મેં કહ્યું કે આપ મને પુનઃ ભ્રમણચક્રમાં કેમ છોડો છો? મારો હસ્ત ગ્રહણ કર્યો છે તો હવે મને આપ જ નિઃસંદેહ કરીને છોડો. તે પુરુષે કહ્યું, જેમ થનાર છે તેમ જ થશે. જે દ્વારે તારે નિઃસંદેહ થવાનું છે તે જ દ્વારે થવાશે. હવે ભ્રમણચક્ર તારે નથી. તું નિર્ભય થઈ આ સ્થાનમાં પ્રવેશ કર. આપ્રમાણે બોલી મારો હાથ આગળ કરી તે દ્વારતરફ છોડી એ પુરુષ પાછા હઠ્યા. હું ચાર પગલાં આગળ ભરી પાછળ જોઉં છું તો તે પુરુષ મારી દૃષ્ટિએ પડ્યા નહિ. મારા મનમાં પૂર્વ પ્રસંગને યથાવત્ જાણવાની જેવી આતુર ઇચ્છા હતી તેથી પણ અધિક ઇચ્છા આ પુરુષ કોણ હતા એ જાણવાની રહી. પછી નિરુપાય થઈ નિર્ભયપણે મેં તે ગુહાસરખા સ્થાનમાં પ્રવેશ કર્યો. આ ચિત્રારણ્યમાં પ્રવેશ કર્યો ત્યારથી જે જે સ્થાનોએ હું વિચર્યો તે તે સમગ્ર સ્થાન કરતાં આ સ્થાન મનને અધિક આનંદ આપનાર જણાયું, અર્થાત્ મારા અંતઃકરણમાં બીજા સર્વ સ્થાનના સંબંધથી જે જે વિષમતા થતી જણાતી, તે સર્વની આ સ્થાનનો સંબંધ થતાં જ સામ્યાવસ્થા થતી જણાઈ, તેમાં પ્રથમ જ્યારે આ માર્ગ દેખાડનાર મહાત્માનાં મને દર્શન થયાં ત્યારથી જ આ અંતઃકરણમાં મોટું સારું અંતર જણાયું. **મોટા પુરુષના દર્શનથી મોક્ષમાર્ગમાં પ્રતિબંધક ક્ષુદ્ર પાપરૂપ મલ હોય છે તેનો અવશ્ય નાશ થાય છે,** એમ પૂર્વ પુરુષોનું કહેવું આજ પણ મને **અનુભવસિદ્ધ** માન્ય થયું. એ પુરુષનો શબ્દ શ્રોત્રદ્વારા મારા અંતઃકરણને

સંબંધ કરતાં જ સુખનું ભાન કરાવનાર પ્રતીત થયો. એમના સંમુખ જોતાં મારા અંતરમાં વ્યાપેલું દોષોનું પ્રાબલ્ય તત્કાલ અળપાઈ ગયું. ભ્રમ તથા ક્ષણે ક્ષણે થતું ભય શાંત થયેલ જણાયાં. પશ્ચાત્ આ સ્થાનમાં પ્રવેશ કર્યો ત્યારે મને જે પ્રસન્નતા જણાઈ તે તેમની દૃષ્ટિ તથા શરીરદ્વારા મને પ્રાપ્ત થયેલ અમૃતરૂપ શુદ્ધસાત્ત્વિક ઝરણના પ્રભાવે જ હોવી જોઈએ, એમાં કાંઇ શંકા ન હતી. ત્યારપછી ઉત્તરોત્તર મને આનંદનો પ્રવાહ પ્રાપ્ત થતો જણાયો હતો, તે તેમની સત્તાના અનૂકૂલ આ સ્થાનના માહાત્મ્યવડે હશે એમ ભાસ્યું હતું. કારણ કે એ સ્થાન ગંભીર, શાંત, નેત્રને તથા મનને પ્રિય લાગે એવું, અને વિવિધ પ્રાણીઓના કોલાહલથી વસતિવાળું જણાતું. ગુહાસરખું છતાં પણ જાણે નંદનવનથી અધિક શોભાવાળું, અંધકાર વિનાનું, કોઇ દિવ્ય તેજવડે પ્રકાશને પામેલું હોય એવું, શુદ્ધસાત્ત્વિક સામર્થ્યવાળું, સિદ્ધ પુરુષોએ સેવેલું, તથા સાધકોએ સેવવાયોગ્ય હતું. ચાલતાં ચાલતાં વિચાર કરતો કે મને અભયવચન આપી આ ઉગ્ર પુણ્યબલવિના ન પામી શકાય એવા સ્થાનનો માર્ગ દેખાડી મારો પ્રવેશ કરાવ્યો છે, તો હવે જોઉં આગળ શું થાય છે? અહો! **આ સંસારમાં માત્ર તુચ્છ વિષયોને ભોગવતાં વા મેળવતાં આયુષ્નો ક્ષય કરી મરે છે, એવા અબુધ જનોનો જન્મ વ્યર્થ જ છે, એમાં સંશય નથી.** કાલની જાલમાં પ્રવેશી તેના ગ્રાસરૂપ થવાના સંધિમાં પડેલા ઘણા પ્રાણીઓ જાણે આપણને મરણ આવનાર નથી એમ ગણીને રાત્રિદિવસ સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્ર, આદિ અનેક વિષયોના સેવનતત્પર રહે છે, અને તે વિષયો જ જાણે તે પુરુષોનું પરમ ઐશ્વર્ય હોય, એમ તેઓ ગણે છે; જેથી તે વિષયોથી વિમુખ થઈ આ સંસારચક્રમાં આપણે કોણ, ક્યાંથી શા નિમિત્તે પડ્યા છીએ, તથા અંતમાં આપણે શે રૂપે, ક્યાં અને કેવી સ્થિતિમાં પડનાર છીએ, તેમ જ આ સ્થાને આપણે શું જોવા, જાણવા, તથા કરવાયોગ્ય છે, એ આદિ કાંઇ જ જાણતા નથી, તથા જાણવા યત્ન પણ કરતા નથી. એવા પ્રાણીઓને આ પ્રપંચના સ્વરૂપનું કિંચિત્માત્ર પણ ખરે રૂપે ભાન થતું નથી. જેમ કૂવાની ભેખડમાં અથવા નદી કે સરોવર કે સમુદ્રના કોઇ દ્રહમાં પડેલા પ્રાણીને અન્ય દેશ, પદાર્થ કે સુખનું લગાર પણ ભાન થતું નથી, તેમ આ જીવો પણ પોતાના મિથ્યા માનેલા ગૃહરૂપ દ્રહમાં આયુષ્ વ્યતીત કરે છે, તેથી તેમને કાલના મુખમાં હતા ન હતા થઈ જતાપર્યંત પણ અન્ય જાણવાયોગ્ય જણાતું

નથી, અને મરણપછી તો જણાય જ શેનું ? કેટલાક પ્રાણીઓ તો પોતાને મરણ ન આવે એવી સંભાળ લેવામાં જ ધીરે ધીરે મરણના મુખમાં જઈ પડે છે. કોઇ તો મરણથી ભય પામતા એકના એક જ સ્થલમાં રહીને જીવવાના યત્નને જોડી રાખે છે, તથા 'અરે મરણ આવશે, મરણ આવશે', એવા ભયમાં ને ભયમાં કાંઇ પણ કરવા- યોગ્ય ન કરીને મરણ પામે છે. કોઇ તો અત્યંત પ્રીતિવડે પદાર્થોનાં સેવન કરે છે, પણ તે જ પદાર્થસેવનથી આપણું મરણ છે તે જાણતા નથી. આ આદિ અનેક પ્રકારે જીવમાત્ર પોતપોતાની બાંધેલી મર્યાદામાં ભ્રમી ભ્રમીને અજ્ઞાનપણામાં જ મરે છે. તે પ્રકારની આપત્તિમાંથી હું મુક્ત થઈ નીકળ્યો છું, તો આજે આ અલૌકિકસરખા સ્થાનને તથા ન કળી શકાય એવા ચમત્કારને જોઉં છું. મારા કોઇ ઉગ્ર પુણ્યસંસ્કારવિના આ સ્થાને મને આણવા કોઇ સમર્થ થાત નહિ. મારું જન્મવું પણ સાર્થક છે કે મેં આ જગત્નાં નાના પ્રકારનાં બંધનોને ત્રોડીને આ સ્વતંત્રતા મેળવી છે. આઆદિ વિચાર કરતો હું આગળ ચાલ્યો જાઉં છું એટલામાં મારા માર્ગથી દક્ષિણમાં એક રમણીય મંદિરસરખું સ્થાન જણાયું. તે તરફ હું વળ્યો, સમી- પમાં જઈને જોતાં તો જણાયું કે એક મહાપુરુષ સૂતેલા છે, તથા બે શિષ્યાસરખા સાધક પુરુષો તેમનાં ચરણસેવન કરે છે. હું સમીપ જતાં સાષ્ટાંગ કરી નમ્યો, તથા હાથ જોડી ઉભો રહ્યો, પણ મારા સંમુખ તે ત્રણમાંથી કોઇએ જોયું નહિ. જ્યારે મેં સ્તુતિ કરવા નિમિત્તે 'હે ભગવન્!' એટલું બોલી આગળ બોલવા આરંભ કરવા માંડ્યો કે તત્કાલ તે મહાપુરુષે મારા પ્રતિ દૃષ્ટિ ફેરવી, મંદમંદ હસતાં પોતાના એક શિષ્યને આજ્ઞા કરી–'રે, આને શાપિત સિદ્ધેશ્વરના સ્થાનને માર્ગે વિદાય કર'. તત્કાલ તે શિષ્ય ઊઠ્યો, અને મારો હાથ પક- ડીને મને માર્ગે પાડવા તેડી ચાલ્યો. મેં તેને તે મહાત્મા કોણ છે, આદિ ઘણા પ્રશ્નો કર્યા, તથાપિ એક અક્ષર પણ તે મારા પ્રતિ ઉત્તરમાં બોલ્યો નહિ. થોડે ગયાપછી એક ગુપ્ત માર્ગનું દ્વાર ઉઘા- ડીને મને કહ્યું 'આ માર્ગે ચાલ્યા જાઓ'. મને દ્વારમાં પ્રવેશ કરાવી પુનઃ દ્વાર બંધ કરી તે ચાલ્યો ગયો. આગળ ચાલતાં મને અંતરમાં અધિક આનંદ ભાસવા લાગ્યો. આ ચિત્રારણ્યમાં પ્રવેશ કર્યાપછી જે આવરણે આવીને મારા અંતઃકરણને આચ્છાદન કરી લીધું હતું, તે આવરણ જાણે ધીરે ધીરે છૂટી જતું હોય એમ ભાસવા લાગ્યું. ચિત્તની વિકલતા હઠવા લાગી, અને સ્થૈર્યના સદ્ભાવે શાંતતા પ્રતીત થવા લાગી.

ભયનો અંશ પણ જણાતો બંધ થયો. પાછળ જોએલા પ્રસંગોથી જે આશ્ચર્ય ઉત્પન્ન થયેલું તે, તથા તે આશ્ચર્યવડે તેને યથાવત્ જાણવાની ઉત્કટ ઇચ્છાના પ્રાદુર્ભાવે, 'એ શું હશે?' 'એ તે સાચું હશે કે સ્વપ્ન?' આદિ અનેક કલ્પનાઓ તેના સંબંધમાં ઊડયા કરતી હતી, તે કલ્પનાનો વિચિત્ર પ્રવાહ બંધ થતો જણાયો. આ અરણ્યમાં પ્રવેશ કરવામાં ભૂલ કરી છે–આદિ પશ્ચાત્તાપના ઉદ્ગારો પાછા પડી ગયા, અને આ પ્રવેશ કર્યો છે, એ જ યથાર્થ કર્યું છે, એમ ભાસ થઈ સંતોષ જણાવા લાગ્યો. આગળઉપર શું આવશે તથા હું હવે કયાં જઈશ, ઇત્યાદિ ભવિષ્યના વિચાર કરવારૂપ ભાવિપ્રતિબંધ પણ ગુપ્ત થઈ ગયો. આ પ્રકારે સઘળી અવ્યવસ્થા બંધ પડતાં આ અરણ્યમાં પ્રવેશ કરવાના સમયની પેઠે મહા-મત્ત મદગલિત હસ્તીની પેઠે મસ્તીમાં પાછો નિઃશંકપણે માર્ગ કાપવા લાગ્યો. તોપણ મારું શુદ્ધ સાત્ત્વિક યોગબલ જે તે ક્ષણે વિદ્યમાન પ્રતીત થતું, તે આ ક્ષણે તેવું સ્પષ્ટ ભાસતું ન હતું, તથાપિ તે સંબંધે મને ભયશંકા પ્રાપ્ત થતાં ન હતાં. આ પ્રકારે હું જેમ જેમ આગળ વધવા લાગ્યો તેમ તેમ હું જાણે બ્રહ્મલોકમાં પ્રવેશ કરતાં ત્યાંના અદ્વિતીય આનંદને અનુભવતો હોઉં એમ ભાસ થતો ગયો. આ સમયે મને દૃઢ નિશ્ચય થયો કે **આપત્તિકાલમાં સ્થૈર્ય જેના અંતઃકરણમાંથી છૂટતું નથી તે જ પુરુષ કૃતકૃત્ય થયો છે. સારા સુખનું ભાન થવાના સમયે તો કેવલ શબ્દજ્ઞાનવાળા પુરુષને પણ જ્ઞાનના ઉપલક્ષક હેતુઓ સેવે છે, પણ વિપત્તિના સમયમાં તે સંપૂર્ણ જ્ઞાનસૂચક હેતુઓ જેને ત્યજી જતા નથી, તે જ પુરુષને ગુરુ તથા ઈશ્વરનો સાચો અનુગ્રહ થયો છે એમ જાણવું.** આ શરીરમાં આત્મભાવના જેને દૃઢ છે તે પુરુષ વા સ્ત્રીને તો કિંચિત્ પણ કષ્ટ આવે છે ત્યારે તે કષ્ટ તેને નિશ્ચયથી ભ્રષ્ટ થયેલ જણાવે છે. જેને તે દેહાત્મભાવના શિથિલ થઈ છે, એવાને તે અધિક કષ્ટના સમયે વિકલ કરે છે, અને દેહાત્મબુદ્ધિના અભાભાવવાળાને તો અતિકષ્ટે પણ અંતરથી તે અનુભવજન્ય સુખ છૂટતું નથી. બહારથી કષ્ટયુક્ત પ્રતીત થતો છતો પણ તે ધીર મુક્તપુરુષ અંતરથી અવિકલપણે સુખાનુભવ કરતો જ રહે છે. એ સમયમાટે જ આ જગત્માં ગુરુઈશ્વરની ઉપાસના તથા સદ્વિચાર પ્રાપ્તવિવેક પુરુષો ધારણ કરે છે.

આઆદિ અનેક વિચારને કરતો, પ્રસન્ન ચિત્તથી હું આગળ

ચાલ્યો. વધારે આગળ જતાં મને છેટેથી એક દિવ્ય સ્થલ જણાવા લાગ્યું. તે જોઈને તેતરફ ઉમંગથી હું ચાલ્યો. જ્યારે હું તે દિવ્યસરખા સ્થાનસમીપ આવ્યો, ત્યારે થોડે થોડે અંતરે પોતપોતાનાં આસન રચીને જાણે સમાધિમાં બેઠા હોય એવા ઘણા પુરુષો આજુબાજુ દૃષ્ટિએ પડવા લાગ્યા. તે પ્રત્યેક સમાધિસ્થ પુરુષની પાસે એક એક શિષ્યસરખા અન્ય તેટલા જ પુરુષો જણાયા. ત્યાં હું તો એક બાજુથી પ્રત્યેક પુરુષના સમીપ થઈ જોતો ચાલવા લાગ્યો. તે પ્રત્યેક સિદ્ધની સેવામાં રહેલા સાધકને મેં વિવિધ પ્રશ્નો પૂછ્યા, પણ તે સાધકોમાંનો કોઈ પણ મારી સાથે બોલ્યો નહિ. પરિણામે એક બાજુએ માર્ગ જણાયો. ત્યાંથી આગળ ચાલ્યો, તો પૃથ્વીતલમાં ઊતરવાની સીડી જોવામાં આવી. ત્યાં હું નિર્ભયપણે ઊતર્યો. ઊતરીને જેવો હું આગળ ચાલું છું તેવો જ એક તેજસ્વી પુરુષે બાજુમાંથી આવી મારો હાથ ઝાલી ઉભો રાખ્યો, અને કહ્યું–'રે! આજ્ઞાવિના ક્યાં જાય છે?' મેં તેના મુખઉપર સાત્ત્વિક ક્રોધનાં ચિહ્ન જોયાં, તેથી વિનયવડે મેં કહ્યું, હે દયાલો! હું પ્રવાસી છું. મને આ અરણ્યના ભોમિયાએ આ માર્ગે ચઢાવ્યો છે. મને મારી શુદ્ધ સ્થિતિનું ભાન આ અરણ્યે ભૂલાવ્યું છે, તોપણ હજી આ ક્ષણે હું પૂર્વકરતાં સાવધાન છું. મને એક મહાત્માએ પોતાના શિષ્યદ્વારા આ સ્થાનનો માર્ગ ઉઘડાવી આપ્યો છે. આપ સર્વજ્ઞસરખા ભાસો છો, માટે ઇષ્ટસંકેતને જાણીને હવે મને જેમ કરવું હોય તેમ કરો. મારે ક્યાં જવું છે, એ પણ આ ક્ષણે હું કહેવા સમર્થ નથી. કોની આજ્ઞા આ સ્થલે પ્રવર્તે છે, તે હું જાણતો નથી. માટે આપ જે જાણતા હો તે પ્રમાણે મને આજ્ઞા કરો, અથવા અન્ય કોઈ સત્તાધીશ હોય તો તેમની આજ્ઞા મને કૃપા કરી મેળવી આપો. જે પ્રકારે મારું ઇષ્ટ થવા સંભવ હોય તે પ્રકારે આપ કરો. અજ્ઞાનીનું જ્ઞાતાએ અનેક પ્રકારે રક્ષણ કરવું ઉચિત છે, તે નીતિ આપને અજ્ઞાત નથી.

આ પ્રકારનાં મારા વચનોને શ્રવણ કરી તે પુરુષ મંદમંદ હસવા લાગ્યો, અને મારો હાથ છોડી મને ત્યાં જ ઉભો રહેવા આજ્ઞા કરી એક બાજુ દ્વાર ઉઘાડી પ્રવેશ કર્યો. થોડી વારે બહાર આવી મને હાથ ઝાલી અંદર તેડી ગયો. મણિમય દિવ્ય ભુવનસરખું આ સ્થાન તે વિષ્ણુપુરી, બ્રહ્મપુરી, કે શિવપુરી છે એમ સંદેહયુક્ત વિચાર કરતો, આસપાસ શોભા જોતો તે પુરુષની સાથે ચાલતાં આગળ આવ્યો, તો મોટા મંડપમાં જેમ દેવતાઓ તથા મહર્ષિઓનો મોટો સમાજ ભરાયો હોય તેમ

મોટી સભા દિવ્યસરખા શરીરવાળા પુરુષોથી ભરેલી મેં દીઠી, અને એક ઊંચા સિંહાસનઉપર જેમ દેવતાઓના રાજા ઇંદ્ર બેઠા હોય, એવા એક ભુવનના ઈશ્વરસરખા પુરુષ બેઠેલા જોયા. મેં તો સમાજસમીપ આવતાં વારંવાર દંડવત્ નમસ્કાર કર્યા, અને હું પશ્ચાત્ હાથ જોડીને તે પુરુષોત્તમના સંમુખ દૃષ્ટિ સ્થાપી ઉભો રહ્યો. તેમણે મારા સંમુખ જોઈને મંદ હાસ્ય કર્યું. તે ક્ષણે જાણે સર્વ બેઠેલા પુરુષો એક ક્ષણમાં ક્યાંય જતા રહ્યા તે હું જાણી શકયો નહિ. માત્ર હું અને તે પુરુષ એ જ રહ્યા, ત્યારે તેમણે મને પોતાના સમીપ આવી એક આસને બેસવા આજ્ઞા કરી. તેપ્રમાણે નમસ્કાર કરીને હું જઈને બેઠો. ત્યારે તેમણે મને મનોહર મધુર વાણીવડે કહ્યું, 'શી ઇચ્છા છે?' ત્યારે મેં કહ્યું, 'અંતમાં ઇચ્છારહિત થવા ઇચ્છા છે, અને અન્ય અવાંતર ઇચ્છાઓ, જેને વશ થઈ હું આપનાં ચરણ સમીપ આવ્યો છું, તે સર્વ આપ જાણો છો, માટે જેમ આપને યોગ્ય લાગે તેમ યથાયોગ્ય હોય તે કરો. આપ સ્વતંત્ર છો. હું આપને શરણ છું. શરણાગતના મનોરથ પૂર્ણ કરવા આપ સમર્થ છો...' આટલું બોલી હું બંધ રહ્યો. ત્યારે તેમણે મારા મસ્તકઉપર પ્રીતિવડે હસ્ત મૂકયો. પછી મને કહ્યું, 'હવે જે જણાય તે મને કહી સંભળાવો.' મારા મસ્તકઉપર હસ્ત મૂકતાં જ મને જાણે સર્વજ્ઞપણું તથા સ્વતંત્રપણું પ્રાપ્ત થયું હોય એમ ભાસ્યું. મારું અંતઃકરણ સર્વ દોષથી રહિત થયેલું જણાયું. અને જેમ કોઇ જન્માંધને દિવ્ય દૃષ્ટિ આપે, અને તે ત્રિલોકમાં દૃષ્ટિ ફેરવી વળે, અને હસ્તામલકવત્ લોકલોકાંતરમાં રહેલા પદાર્થનું વર્ણન કરે, તેમ હું સર્વ વાર્તાને જાણી વર્ણન કરવા લાગ્યો. કોઇ પ્રબલ સત્તા જેમ આ પ્રાણીપદાર્થને વેગ આપે છે, તેમ મારા અંતરમાંથી કોઇ સત્તાએ વાણીના પ્રવાહને વેગ આપ્યો એટલે હું આ પ્રકારે બોલવા લાગ્યો.

હે શાપ તથા વરને વશ ન વર્તનાર છતાં પણ વરરૂપ શાપને ગ્રહણ કરી આ ત્રિભુવનના રચનાર! આપ સિદ્ધલોકોના ઈશ્વરને હવે મેં ઓળખ્યા. સિદ્ધલોકોના અધિપતિ આપ કે જે સદા સ્વતંત્ર ઈશ્વરસમાન સામર્થ્યયુક્ત, લોકમર્યાદાના અંતપર્યંત સિદ્ધલોકોના ઈશપણાને પ્રાપ્ત રહો છો, તે આપની આ લીલા જોઈને હું પરમ આશ્ચર્યને પ્રાપ્ત થયો છું.

કોઇ કાલે રુદ્રના અદૃષ્ટજન્યરૂપે કોઇ એક ઉરસ્વાન્ નામના મહા સમર્થ મુનિ હતા. તે પોતાની ઇચ્છાથી આ અંડકટાહના ભીતર

જ્યાં ત્યાં વિચરતાં. તેમની ઇચ્છા અવશ્ય થનાર વ્યવહારને અવલંબીને થતી હતી. કારણ કે અદૃષ્ટજન્ય શરીરોમાં સ્વકૃત કર્મ ઇચ્છાનાં કારણભૂત હોતાં નથી. તે ઇષ્ટસંકેતાનુસાર પ્રકટતી ઇચ્છાને અનુકૂલ પ્રવૃત્ત થનાર ઉરસ્વાન્ મુનિ એક સમયે સિદ્ધલોકના અપ્રતિમ વિભવને જોતા સિદ્ધલોકમાં જ્યાં ત્યાં વિચરતા હતા. અત્યંત મોહ ઉપજાવનાર તેજવાળા એ મુનિને જે જે સિદ્ધ મળ્યા તેમણે પ્રસન્ન વદનથી એમને વાણીવડે, તે લોકનિગમાનુસાર વર્ણોચ્ચારપૂર્વક નમસ્કાર કર્યા. સઘળે જોતા જોતા તે ઉરસ્વાન્ મુનિ તે સિદ્ધલોકોના ઈશરૂપ આપના સમીપ આવી ઉભા. આપે કાંઇ પણ બોલ્યાવિના તેમના સંમુખ મંદહાસ્યથી જોયું, ત્યારે તે નિરભિમાન ઉરસ્વાન્ મુનિએ સિદ્ધલોકમાં પરસ્પર વદાતા શબ્દના ઉચ્ચારવડે નમન સૂચવ્યું. તોપણ આપ અણબોલ્યા જ રહ્યા, ત્યારે ઉરસ્વાન્ મુનિ પોતાના મનમાં ઘણા પ્રકારનો યોગ્ય વિચાર કરીને પછી મંદમંદ હસતા આ વચનો બોલ્યા. ‘ હે સિદ્ધેશ્વર! આપણા દ્વારપ્રતિ આવેલા દુર્બલ અતિથિનું પણ અપમાન ન કરવું, એ સંપૂર્ણ લોકની પ્રધાન નીતિ છે. હે લોકાધિપતિ ! કોઇ દુર્બલે પણ કરસંપુટવડે, મસ્તકવડે, વા વાણીવડે, આપણને કરેલું નમન તેવા જ કોઇ પ્રતિકારથી ન સ્વીકાર કરનાર દોષપાત્ર થાય છે. કદાચિત્ નમન કરનારાના નમનને ન જાણનાર તેને નમન ન કરી શકે તો તે દોષવાન્ ગણાય નહિ. કારણ કે નેત્રના મળવાવિના નમન ન કરવાનો નિયમ છે. આ પ્રકારના નિયમનું આ અત્યંત કરીને વિવેકના સ્થાનરૂપ લોકમાં રહીને આપે ઉલ્લંઘન કર્યું છે, એ ઓછું દુર્ઘટ કાર્ય કર્યું નથી. આપની આ કૃતિ અવિવેકની છે, માટે આ પ્રકારનો અવિવેક જ્યાં અત્યંત કરીને નિંદ્ય ગણાતો નથી, તથા અવિવેકી પ્રાણીઓનો પણ જ્યાં સમાવેશ થાય છે એવા મૃત્યુલોકમાં આપ પધારો. આ ઉત્તમ લોકના નિયમને પાલન કરવા અસમર્થ તથા ઉત્તમ અધિકારથી ભ્રષ્ટ થયેલને તેમ જ કેવલ નીચ અધિકારને ન પ્રાપ્ત થયેલને એ ભૂલોકવિના અન્ય યોગ્ય સ્થાન કોઇ નથી. આટલાં વચન બોલીને બંધ રહેલા તે ઉરસ્વાન્ મુનિને મંદમંદ હસતાં સિદ્ધેશ્વર આપ પણ આ પ્રકારનાં ઉત્તર વચનને સંભળાવવા લાગ્યાઃ–‘ હે મહામુનિ ! હું સ્વતંત્ર તથા નિત્યમુક્ત છું. એ આપ જાણો છો, તે છતાં કોઇ ઇષ્ટસંકેતને વશ વર્તી આપ ઇચ્છાનુસાર વચનોને બોલ્યા છો, તેને હું પ્રેમપૂર્વક સ્વીકારું છું. મોટા પુરુષનાં વચનનો અનાદર મોટા સશક્તે

પણ ન કરવો એવો નિયમ છે. હે સર્વજ્ઞ! જે સંકેતાનુસાર આપ આ વચનોને બોલ્યા છો, તેવા જ સંકેતાનુસાર હું બોલું છું કે આપ પણ મહામોહાદિ નિમિત્તોવડે વ્યાકુલીભાવને પ્રાપ્ત થતા ભ્રમણ કરતા એ લોકમાં મને એક વાર દર્શન આપજો. કારણ કે ત્યારવિના આપણને નિવૃત્તિ થનાર નથી.' આ પ્રકારનાં વચનોને બોલી તે મુનિને નમસ્કાર કરીને આપ ત્યાંથી આ લોકના અનુકૂલ શરીરને ધારણ કરતા આ ભૂમંડલ ઉપર આવી પ્રાપ્ત થયા. ભૂલોકના અધિપતિના સમીપ આપનું ગમન થતાં જ તેમણે પ્રસન્ન મુખથી આપનું સંમાન કર્યું. આપે સ્થાન માગ્યું કે તત્કાલ તે ભૂલોકાધિપતિએ કહ્યું કે 'હે સિદ્ધેશ્વર! આપને અર્થે આ સ્વતંત્ર સરખું સ્થાન રાખેલું જ છે, ત્યાં ઇચ્છાનુસાર નિવાસ કરો.' આ વચન સાંભળી પ્રસન્ન થયેલ આપે આ સ્થાનમાં આવીને આ ત્રિભુવનને આપના સિદ્ધસંકલ્પથી રચ્યું, જે આ ત્રિભુવન આ મૂલ ત્રિભુવનકરતાં પણ કેટલીક વિશેષતાવાળું થયું છે. હે સર્વજ્ઞ! આ ચિત્રારણ્યમાં સ્થિત ત્રિભુવનને હું જોતો આવ્યો છું, તે સંપૂર્ણ વૃત્તાંતને હવે તો આ મારા શરીરરૂપ ચિત્રારણ્યમાં રહેલ ત્રિભુવનમાં પણ હું સ્પષ્ટ અનુભવું છું. જેથી આપના સમીપ આવવા પૂર્વે જે શોકમોહભયાદિવડે મને વ્યાકુલીભાવ પ્રાપ્ત થયો હતો, તે સર્વ નિઃશેષ નષ્ટ થઈ ગયો છે. હવે મને સ્વસ્વરૂપાનંદ યથાર્થ અભિવ્યક્ત થયો છે. મેં આ ચિત્રારણ્યમાં પ્રથમ પ્રવેશ કરતાં જે ભયંકર સરખો સર્પાદિ પ્રાણીઓનો અનુભવ કર્યો હતો, તે પ્રકારનો સર્વ ભાસ મને આ શરીરાંતર્ગત ત્રિભુવનમાંહેલા કટચવકાશમાં સ્થિત નાગલોકના સ્થાનમાં તથા કુંડલિની શક્તિના સ્થાનપર્યંતમાં સઘળે આ ક્ષણે યથાવત્ થાય છે. આપ સર્વજ્ઞને તે જ્ઞાત જ છે, જેથી વિશેષ સ્પષ્ટ કરીને કહેવાની અત્ર અગત્ય ગણી નથી. પછી આગળ આવતાં જે સ્ત્રીઓના ભારે સમુદાયવાળું, જલાશયસમીપનું દિવ્ય સ્થાન જોયું હતું, તે તો શ્રીભુવનેશ્વરીનું સ્થાન હતું. એ મને હવે જણાયું છે. એ પ્રકારનું જ ભુવનેશ્વરીનું દિવ્યસરખું પ્રતીત થતું સ્થાન મારા ઉદરાકાશમાં સ્થિત સમુદ્રના સ્થાનસમીપ આ ક્ષણે હું સ્પષ્ટ અનુભવું છું. આ મૂલ ત્રિભુવનમાં સ્થિત સમગ્ર પ્રાણીઓને પોતાને વશ વર્તાવનાર જે મહાવાસના અથવા મૂલાવિદ્યા છે, તે જ ભુવનેશ્વરીરૂપે આ ત્રિભુવનમાં પ્રકટ થઈ રહે છે; અને તે જ પ્રમાણે આ ચિત્રારણ્યમાં રહેલ ત્રિભુવનના સર્વ પ્રાણીઓની પ્રત્યેક પ્રવૃત્તિમાં હેતુભૂત આપના શરીરમાં રહેલ મહાવાસના

જે આ સંકલ્પરૂપે સ્ફુરી છે, તે જ દિવ્યસરખા શરીરવાળી થઈને આ ત્રિભુવનની ભુવનેશ્વરીરૂપે એ દિવ્ય ભુવનમાં રહેલી છે. આ પ્રકારની જ આ મારા શરીરમાં રહેલી મહાવાસના જેના વડે આ શરીરાંતરૂસ્થિત ત્રિભુવન છે, તે ત્રિભુવનની ભુવનેશ્વરીરૂપે સ્થિત છે. આ મારા શરીરમાં રહેલ મહાવાસના કે જે નાના કામનાની જનેતારૂપ છે, અને તે નાના કામના પણ આ નાના વિષયાત્મક વૃત્તિઓની જનેતારૂપ છે, તે સમગ્ર કામનાઓને તથા આ કામનાઓજન્ય વૃત્તિઓને વિવિધ રમણીય રૂપવાળી સ્ત્રીઓના આકારમાં ભુવનેશ્વરીના સ્થાનસમીપ જોયેલી સ્ત્રીઓની પેઠે જ આ મારા શરીરમાં આ ક્ષણે હું જોઉં છું. હે સિદ્ધેશ્વર! આ મારા વ્યષ્ટિશરીરને પણ આ ક્ષણે હું મોટા વિસ્તારવાળા વિરાટ્સ્વરૂપજેવું અનુભવું છું. જેથી વિરાટ્ના પદાર્થોની પેઠે જ આ મારા શરીરમાંહેલા પદાર્થને પણ હું જોઉં છું. આ ચિત્રારણ્યમાં જોયેલા સ્ત્રીઓના ચિત્તાકર્ષક સમુદાયને મેં જોયો હતો, તેવો જ સમુદાય મારા નાભિસ્થ દશદલપદ્મના સમીપના ઉદરાકાશમાં હું જોઉં છું. તથાપિ તેના દર્શનથી તે ક્ષણે જેવી ચિત્તની વિલક્ષણ સ્થિતિ થઈ હતી, તેવી આ ક્ષણે વિષમતા થતી નથી, એટલી જ માત્ર તે ક્ષણ તથા આ ક્ષણમાં વિલક્ષણતા છે. વળી પૂર્વ પ્રતીત થયેલા સૂર્યાદિના પ્રકાશસમ પ્રકાશને પણ આ શરીરમાં આ નાભિના સમીપ રહેલ સૂર્યમંડલના પ્રભાવે આ ક્ષણે અંતરમાં પણ અનુભવું છું.

ભુવનેશ્વરીના સ્થાનથી કાંઇક અંતરે જઈને જોયેલા ઊર્ધ્વલોકના માર્ગને પણ હવે મેં યથાવત્ જાણ્યો છે. આ મુખ્ય ત્રિભુવનમાં સર્વને સ્પષ્ટ એવો સ્વર્ગનો માર્ગ પ્રતીત થતો નથી; પણ આપના આ ત્રિભુવનમાં તો સર્વને સુગમ અને સ્પષ્ટ એવો એ અનેક સીડીઓવાળો સ્વર્ગનો માર્ગ નિરંતર ખુલ્લો જ રહ્યો છે. એ માર્ગનું સ્મરણ થતાં હવે મને કિંચિત્ પણ આશ્ચર્ય થતું નથી. આ મારા શરીરમાં રહેલ ત્રિભુવનમાં પણ ઊર્ધ્વ લોકમાં સુખાનુભવ કરવા જવાના માર્ગરૂપ અનેક સીડીઓને હું હવે સ્પષ્ટ અનુભવું છું. આ મૂલ સ્થાનથી વિતસ્તિ+ માત્ર ઊંચે નાભિ તથા મેઢ્રના મધ્યમાં કંદનું સ્થાન છે, જ્યાંથી નીકલતી અનેક ઊર્ધ્વ પ્રદેશમાં વહેતી શિરાઓ આદિ તો નાના સીડીરૂપ છે. તે નાના દ્વારથી નાના સ્થાનમાં જવાય છે. તેમાં

+ अंगुष्ठे सकनिष्ठे स्याद्वितस्तिर्द्वादशांगुलः ॥ એક વેંત અથવા બાર આંગળ.

એક સુષુમ્ણામાર્ગ જે ઉપર જતાં પૂર્વપશ્ચિમ બે ભેદવાળો થાય છે, જે માર્ગો મૂર્દ્ધમાં રહેલ ચંદ્રના સ્થાનનો સંબંધ કરી ગયા છે, તે ઘણા વિકટ જણાવાથી વિરલ પુરુષો જ તે માર્ગથી ઉપર જઈ સુખાનુભવ કરે છે. એ માર્ગથી યોગીઓ જ ઊર્ધ્વગમન કરે છે. આ સ્વર્ગના માર્ગમાં પ્રથમ હું ચઢી ચુકેલો છતાં જ્યારે આ આપના સ્વર્ગગમનના માર્ગને જોયો ત્યારે મને મોટું આશ્ચર્ય પ્રતીત થયું હતું. એ આશ્ચર્ય લાગવામાં મારો વ્યાકુલીભાવ કારણભૂત મને હવે સમજાય છે. તે સીડીઓએ અસંખ્ય પ્રાણીઓને ચઢતાંઊતરતાં હું જોતો હતો, તેમ જ આ નાડીમાર્ગથી પણ અસંખ્ય શુભાશુભ સંસ્કારને ધારણ કરનાર પરમાણુઓ વેગવડે ચઢતાંઊતરતાં મને જણાય છે. એ પ્રત્યેક પરમાણુઓ બીજરૂપ હોવાથી નાના જીવરૂપ જ છે, એમાં પણ સંદેહ નથી. આ ક્ષણે સૂક્ષ્મને પણ સ્થૂલવત્ જોતો હું તે પ્રત્યેક પરમાણુગત જીવના શુભાશુભ સંસ્કારાનુસાર બંધાયલા રૂપને પણ યથાવત્ જોઉં છું. જેથી તે આપના ત્રિભુવનની સ્વર્ગસીડી, અને આ મારા શરીરમાંહેલી સ્વર્ગસીડી એક સરખી જ છે, એમ માનવામાં બાધ જણાતો નથી. હે ત્રિલોકપતિ! આ સ્થાનથી આગળ ચાલીને જોયેલા નીચા પ્રદેશના પ્રાણીઓનાં સ્વરૂપને પણ હવે મેં જાણ્યું છે. એ તો આ ત્રિભુવનની તમસ્પ્રધાનાદિ મધ્યમ અધિકારની ઉત્તરોત્તર અધોગતિને પ્રાપ્ત થતી પ્રજા હતી. એના સમાન પ્રજાના પ્રસંગને આ મારા ત્રિભુવનમાં પણ આ ચતુર્દલ તથા ષડ્દલપદ્મસમીપવર્તી મર્યાદામાં હું અનુભવું છું, અને તેઓને સર્વને ત્યાંથી ગતિ કરીને આ રસરુધિરનાં સ્થાનરૂપ કુંડોમાં પ્રવેશીને ઉત્તરોત્તર અધોમાર્ગને પ્રાપ્ત થતા પણ જોઉં છું. આ અસંખ્ય પરમાણુસમૂહ, જે પ્રત્યેક પરમાણુ તે તે જીવસદૃશ શરીરના અધિકારીરૂપ માનવામાં કિંચિત્ પણ બાધ ગણવાસરખું નથી, તે સંપૂર્ણને હું યથાવત્ ગતિ કરતાં અનુભવું છું. ત્યાંથી આગળ પ્રતીત થયેલ અરુચિકર પ્રાણીઓ પણ પ્રજાપીડક આસુરી સંપત્તિરૂપ હતા, તે પણ હવે મને યોગ્ય રીતે જણાયું છે. આ શરીરમાંહેલા ત્રિભુવનમાં પણ એવી આસુરીસંપત્તિને હું હવે અનુભવું છું. આ જીવોને ઉન્માદાદિ મહારોગોના તથા તેવા જ અપ્રિય શારીરિક તથા માનસિક દુઃખના પ્રસંગના સાક્ષાત્ કારણભૂત સંસ્કારવાળા જે અનેક પરમાણુઓ છે, અને જેમનું આ શરીરમાં પ્રધાન સ્થાન પૃષ્ઠદંડના સમીપમાં જ હોય છે, તે સર્વ, આસુરીસંપત્તિરૂપ છે. આ મારા ત્રિભુવનમાં પણ એવા જ અરુચિકર આકારોની

પ્રતીતિપૂર્વક તે આસુરીસંપત્તિને હું જોઉં છું જેથી તે પ્રસંગ પણ આશ્ચર્ય કે નવીનતારૂપ ભાસતો નથી. ત્યાંથી આગળ અસાવધસરખો હું એક ગુહાના દ્વારની બાજુમાં બેઠો હતો, ત્યાં સુષુપ્તવત્ થયાપછી અદૃષ્ટસત્તાવડે અચાનક આઠ સ્ત્રીઓની પ્રતિમાના મધ્ય મંડપમાં હું આવી પ્રાપ્ત થયો હતો. એ વેલા મને સુગંધ તથા નાદનું ભાન થયું હતું, જેનાથી હું ક્રમે કરી જાગ્રત્ થયો હતો. મને ભાનવિના એકથી બીજે સ્થલે હું કેવી રીતે ગયો, અથવા મને કોણ લઈ ગયું એવી શંકા તે ક્ષણે મને પ્રાપ્ત થઈ હતી, પણ હવે મને તે શંકા થતી નથી. કારણ કે આ શરીરમાં અભિમાનીને અભાનમાં રાખીને હસ્તપાદાદિ ઈંદ્રિયોવડે યથાર્થ તથા અયથાર્થ ક્રિયાના કરાવનાર સંસ્કારો હોય છે. તે સંસ્કારો યદ્યપિ મારામાં સ્વોપાર્જિત ન હતા પણ અદૃષ્ટવડે સ્થપાએલા હોવાથી હું તે અદૃષ્ટસત્તાવડે ત્યાં લઈ જવાયો હતો, એમ ગ્રહણ કરું છું, તે અયોગ્ય નથી. અર્થાત્ હું જ ત્યાં અભાનાવસ્થામાં ચાલી ગયેલો એમાં સંદેહ નથી. આ લોકમાં ઘણા પ્રાણીઓ નિદ્રાવશ થયા-પછી ઉંઘમાં ને ઉંઘમાં એક સ્થલથી બીજે સ્થલે જવાઆવવારૂપ ક્રિયા કરે છે, તથા તેવી જ અન્ય વિવિધ ક્રિયાઓ કરે છે, અને પાછળથી જાગ્રત્ થતાં પણ તે કરેલી ક્રિયાના કર્તાપણારૂપે પોતાનું ભાન થતું નથી. આ પ્રકારે લોકમાં અનુભવસિદ્ધ હોવાથી અન્ય સા-માન્ય મનુષ્યને પણ અસંભવસરખું ન જણાય તો મને પ્રત્યક્ષાનુભવ કરનારને અસંભવ ન જણાય એમાં શું આશ્ચર્ય છે ?

હે મહાપુરુષ ! પછી જે આઠ જડ સ્ત્રીઓના મધ્ય મંડપમાં હું સાવધાન થયો, તે અષ્ટ સ્ત્રીઓનાં તથા તે સુગંધનાં, તથા તે નાદનાં સ્વરૂપને હું તે ક્ષણે જાણી શકયો ન હતો, પરંતુ હવે તેને યથાવત્ સમજી શકયો છું.

આ મૂલ ત્રિભુવન, જે પ્રધાન કારણવડે રચાયું છે, તથા જે પ્રધાન કારણવડે પોષાય છે, તથા જે પ્રધાન કારણના રુક્ષભાવવડે ક્ષયને પ્રાપ્ત થાય છે, તે પ્રધાન કારણ મૂલ પ્રકૃતિ છે. તે પ્રકૃતિ કાર્યાકારપરિણામને પ્રકટ કરવા અર્થે અષ્ટ ભેદવાળી થાય છે. તે પૃથક્ પૃથક્ પ્રકૃતિના આઠ ભેદને એક એક પ્રકૃતિરૂપ ગ્રહણ કરવાથી અષ્ટ પ્રકૃતિ ગણાય છે. તે અષ્ટ પ્રકૃતિ આ દૃશ્ય જગતનું પ્રધાન નિર્વાહક કારણ હોવાથી તેની જગત્ના આરંભમાં જ પ્રતિષ્ઠા, જગત્પતિવડે કરાય છે. તે જ અષ્ટ પ્રકૃતિની આ ત્રિભુવનસ્થાપક આપે આરંભમાં

એ સ્થાનમાં પ્રતિષ્ઠા કરી છે. આપના સ્થાપેલા આ ત્રિભુવનની પોષક એ અષ્ટ પ્રકૃતિઓ વસ્તુતઃ આ મૂલ ત્રિભુવનની પ્રકૃતિથી ભિન્ન નથી, તોપણ તે પ્રકૃતિ તે ભુવનપતિના સંકલ્પાનુસાર કાર્ય કરે છે, અને આ પ્રકૃતિઓ આપના સંકલ્પાનુસાર કાર્ય કરે છે. એટલો જ માત્ર પ્રવર્ત્તક વ્યક્તિભેદથી ભેદ ગણુવાસરખો છે. પ્રકૃતિ સ્વભાવથી જડ છે, માટે આ ત્રિભુવનમાં પણ મને તે, પશ્ચાત્ જડરૂપ પ્રતીત થઈ હતી, અને ચેતનસત્તાથી ચેતનાયુક્ત પ્રતીત થઈ વ્યવહાર કરે છે, માટે મને પ્રથમ તે ચેતનવત્ પ્રતીત થઈ હતી. આ સમગ્ર કાર્યપ્રપંચને પ્રકટ કરવામાં તથા તેને શુદ્ધ જ્ઞાનથી આચ્છાદિત રાખવામાં એ જ પ્રકૃતિ કારણરૂપ છે. પણ પ્રકૃતિને આચ્છાદન કરનાર બીજો કોઇ તેવો પદાર્થ જ નથી. વસ્તુરૂપ ચેતન માત્ર પ્રકૃતિથી મહાન્ છે, પરંતુ તે સર્વને દૃશ્યરૂપે પ્રતીત થાય તેમ નથી, જેથી તે પ્રકૃતિને આચ્છાદન કરનાર અન્ય દૃશ્ય પદાર્થનો અભાવ જ છે. તેથી તેને પ્રકૃતિરૂપે ભાન કરાવવાને દિગ્વસ્ત્રયુક્ત જ સ્થાપવામાં આવી છે. આમ હોવાથી નગ્ન સ્થાપવાનો દોષ પણ સ્થાપકને બાધક ગણાતો નથી, એ સંપૂર્ણ સમાધાન આ ક્ષણે મને સ્પષ્ટ થયું છે. હવે જે સુગંધ તથા નાદની પ્રવૃત્તિ અભિવ્યક્ત થઈ હતી, તેવિષે કહેવામાટે કહું છું કે તે પ્રતીતિમાં પણ આ પ્રકૃતિસામર્થ્ય જ કારણ હતું. પ્રકૃતિ આઠ છે, તે આ છેઃ ૧ ભૂમિ અથવા ગંધ, ૨ અપ્ અથવા રસ, ૩ અગ્નિ અથવા રૂપ, ૪ વાયુ અથવા સ્પર્શ, ૫ આકાશ અથવા શબ્દ, ૬ મન અથવા સંકલ્પવિકલ્પશક્તિ, ૭ બુદ્ધિ અથવા નિશ્ચયશક્તિ અને ૮ અહંકાર અથવા કર્તૃત્વાભિમાનપૂર્વક બાહ્ય ક્રિયામાં પ્રવૃત્તિરૂપ સામર્થ્યવિશેષ.

આ જગત્ની નિર્વાહક અષ્ટ પ્રકૃતિઓને અષ્ટ દિશામાં સ્થાપીને મધ્યે રમણીય ચોક સ્થાપ્યો છે. તે ચોકના મધ્યમાં હું દિવ્ય ગંધ તથા દિવ્ય નાદને જાણતો જાગ્રત્ થતો બેઠો હતો. પૂર્વે પેલા વિચિત્ર દૃશ્ય વિષયના સંબંધથી વિકલતાને પ્રાપ્ત થયેલો હું એક ગુહાના મુખમાં પ્રવેશીને બેઠો હતો. ત્યાંથી સુષુપ્તવત્ સ્થિતિમાં જ હું અદૃષ્ટના બલે આવી આ સ્થલે બેઠેલો. ત્યાં પ્રથમ જગત્ના પ્રાણીમાત્રને પોતામાં લીન કરનાર, દિવ્ય તથા અદિવ્ય ગંધને પ્રવર્તાવનાર હોવાથી ગંધ નામને પામેલી પ્રકૃતિએ પોતાના સ્વરૂપનો પ્રાદુર્ભાવ મને મોહ પ્રાપ્ત કરવાનિમિત્તે કર્યો હતો. ત્યાં આ દૃશ્યના સંબંધથી અદિવ્ય

ગંધને તથા વિષયવતી પ્રવૃત્તિરૂપ અભ્યાસદ્વારા દિવ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધને અનુભવનાર હોવાથી દિવ્ય ગંધ માત્રને જાણનાર મારા નિમિત્ત તે ક્ષણે દિવ્ય ગંધની જ પ્રવૃત્તિ કરી હતી; તથા મધ્યવર્તી ત્રણ અર્થાત્ સ્પર્શ, રૂપ, રસ, તથા અંતર્તમવર્તી ત્રણ અર્થાત્ મન, બુદ્ધિ, અહંકારને જાગ્રત્ કરવાનિમિત્તે દિવ્ય તથા અદિવ્ય શબ્દની પ્રવર્તક હોવાથી શબ્દસંજ્ઞાને જ પ્રાપ્ત થએલી શબ્દ પ્રકૃતિએ પોતાના સ્વરૂપનો પ્રાદુર્ભાવ કર્યો હતો, જેથી દિવ્ય નાદનું શ્રવણ થયું હતું. એ બે પ્રકૃતિનું બલ સફલ થયાથી તત્કાલ જ રૂપપ્રકૃતિએ પોતાના બલનો ઉપયોગ કર્યો હતો. પછી મનનામવાળી પ્રકૃતિએ પોતાનો સ્વભાવ જાગ્રત્ કર્યો હતો, અને તેથી બુદ્ધિ-આદિ સર્વ જાગ્રત્ થતાં અહંકારદ્વારા નેત્રદ્વારને ઉઘાડીને અંતર્-પ્રકૃતિના બલે, બહારની આ સ્થાપન કરાયલી પ્રકૃતિના દર્શનનો યોગ આવ્યો હતો. આ પ્રકારે તે અંતર્ તથા બહાર રહેલ અષ્ટ પ્રકૃતિ એક જ હતી, તોપણ પ્રવર્તક વ્યક્તિના ભેદથી ભેદવાળી હતી. જેથી આ મારી શરીરસ્થ પ્રકૃતિ જેનો મેં પૂર્વે જય કરેલો, તે પણ વ્યર્થ સરખો થઈને આપની પ્રકૃતિબલે હું વિકલતાને પ્રાપ્ત થતો નાના સંકલ્પ તથા નિશ્ચયને વશ વર્તવા લાગ્યો હતો. તેથી હું ભાનવાળો છતાં પણ તે સમયે અભાનવશ થયાસરખો વિલક્ષણ પ્રકારે વર્ત્યો હતો, અને અંતમાં સાવધાન થઈ પ્રકૃતિપ્રતિમાને જડરૂપ નિશ્ચય કરી ત્યાંથી આગળ ચાલી નીકળ્યો હતો. આ સ્થલે પ્રતીત થયેલ પ્રકાશ પણ જેવો વિશોકા વા જ્યોતિષ્મતી પ્રવૃત્તિરૂપ અભ્યાસના બલે પૂર્વે આ હૃત્પદ્મમાં મેં અનુભવેલો હતો તેવો જ હતો.

હે પુરુષોત્તમ ! આ સઘળો પ્રસંગ આ મારા શરીરમાં તે સમયની પેઠે હું હવે અનુભવસિદ્ધ જોઈ શકયો છું. જે ગુહાના મુખમાં હું વિકલ થઈ બેઠેલો, તે સ્થલ તો પચનેંદ્રિયના સમીપ રહેલી પુરીતત્ અથવા પુરીતતી નામની નાડીરૂપ છે. (પુરીતતીને જ આંતરડાં અથવા હોજરી પણ કોઈ સ્થલે કહે છે.) કારણ કે આ જીવમાત્ર વિષયવ્યવહારથી શ્રમિત થઈ વિકલાવસ્થાને પ્રાપ્ત થતાં જ, વિશ્રાંતિને આપનાર અભાનાવસ્થારૂપ સુષુપ્તાવસ્થાને આ પુરીતતીના મુખમાં જ પ્રવેશને પ્રાપ્ત થાય છે. ત્યાંથી જે અષ્ટ દિશામાં સ્થપાયેલી અષ્ટ પ્રકૃતિના મધ્ય પ્રદેશમાં હું પ્રાપ્ત થતાં જ જાગ્રતના સંધિને પ્રાપ્ત થયો હતો, તે અષ્ટ પ્રકૃતિના સ્થાનરૂપ તો

આ શરીરમાં મારૂં હૃદયપદ્મ છે, જે હૃત્પદ્મ અષ્ટ દલોવાળું છે, અને જેનાં અષ્ટ દિશાપ્રતિ રહેતાં અષ્ટ દલોમાં આ પ્રથમ કહેલી જ અષ્ટ પ્રકૃતિઓને આ દેહનિર્વાહક વ્યવહારને કરવા અર્થે, આ શરીરાંતર્ગત ત્રિભુવનના પતિએ સ્થાપી છે. આ સર્વ જીવો એ પ્રકારે સુષુપ્તિમાંથી પુનઃ જાગ્રત્‌ના સંધિમાં આવે છે ત્યારે તે સર્વને મારી પેઠે તેમના અદૃષ્ટ સંસ્કારબલે અથવા સ્વકૃતકર્મસંસ્કારબલે આ પ્રકૃતિના મધ્યમાંજ લાવી પ્રાપ્ત કરાય છે; અને ત્યારપછી ક્રમે કરીને તે પ્રકૃતિ આ જીવોને મારી પેઠે જ વિષયાનુસંધાનદ્વારા જાગ્રત્ કરીને શોકમોહાદિને વશ વર્તાવે છે. ત્યાં અન્ય જીવોને અદિવ્ય વિષયોથી જોડે છે, અને મને દિવ્ય વિષયદ્વારા પ્રમત્ત કર્યો, એટલી મારા તથા અન્ય જીવોના પ્રસંગમાં વિલક્ષણતા છે. વળી સર્વ જીવો જાગ્રત્ થઈને આ જડ પ્રકૃતિને જડ તથા દુઃખરૂપે ન નિશ્ચય કરીને તેમાં જ આસક્ત રહ્યા વર્તે છે, અને હું જાગ્રત્ થયા પછી તેને યથાવત્ જડાદિ સ્વભાવવાળી નિશ્ચય કરીને તેની મર્યાદાને અતિક્રમણ કરીને નીકળ્યો, એ પણ મારા તથા અન્ય જીવોના પ્રસંગમાં વિલક્ષણતા છે. તેમ જ અન્ય જીવો પ્રકૃતિદ્વારા વિષયમાં જોડાય છે. ત્યારે તો પ્રસન્ન થતા વિષયમગ્ન થાય છે, અને અંતમાં દુઃખ ભોગવતા પુનઃ પુનઃ પ્રકૃતિને જ વશ વર્ત્યા કરે છે, અને મેં તો પ્રકૃતિના પ્રપંચને જાણીને તેની જાલથી છુટવામાટે યોગ્ય સમયે યોગ્ય પ્રકારે યોગ્ય ઇષ્ટનું સ્તુતિઆદિ સત્ક્રિયાદ્વારા સાહાય્ય માગ્યું અને તે કષ્ટથી મુક્ત થઈ આ સુખસ્થાનમાં આવ્યો, આ પણ અન્ય તથા મારામાં ગણવાસરખો ભેદ છે.

હે આ ત્રિભુવનના સદાશિવ! એ પ્રકૃતિસ્થાનનું અતિક્રમણ કરીને આગળ ચાલ્યો, ત્યારે મને વિજયધ્વનિરૂપ અભયવચનને શ્રવણ કરવાનો સંધિ આવ્યો. જેમ યોગમાર્ગથી સ્વસ્વરૂપાકારને પ્રાપ્ત થવા યોગાભ્યાસી પુરુષ પ્રવૃત્તિ કરે છે, અને જ્યારે તે હૃત્પદ્મરૂપ પ્રકૃતિસ્થાનનું અતિક્રમણ કરે છે, તથા નાના પ્રકારના દિવ્યસરખા અનાહત નાદને શ્રવણ કરે છે, તથા દિવ્ય સ્પર્શને અનુભવે છે, તથા દિવ્યરૂપોને દેખે છે, તથા દિવ્ય રસનો સ્વાદ લે છે, તથા દિવ્ય ગંધને જાણે છે, તથાપિ તેમાં આસક્ત થતો નથી, અને તે તે સમગ્ર દિવ્ય વિષયોથી વિરક્તસરખો દૃઢ વિરાગયુક્ત રહી આગળ વધે છે, ત્યારે તે હૃદયસ્થાનમાં રહેલી બ્રહ્મગ્રંથિના ભેદનપૂર્વક પ્રજાપતિ બ્રહ્માદ્વારા અભયને પામે છે, તથા તે અભયને પ્રાપ્ત થતો યોગ્ય માર્ગે વધતો જાય છે, તેમ આ પ્રકૃતિસ્થાનના અતિક્રમણપછી, તથા

નાદાદિમાં દૃઢ વિરાગવૃત્તિના અવસ્થાનપછી મને પણ આ લોકના પ્રજાપતિરૂપ આપના સંકલ્પજન્ય શરીરદ્વારા અભયવચનનો સબંધ થયો. પરંતુ તે શબ્દના અધિકરણરૂપ સ્થૂલને ન જાણવાથી વિકલ રહેલો હું, તેણે સંપૂર્ણ વિશ્વવિભવની સ્તુતિ કરી, અને ત્યારપછી તે પ્રજાપતિરૂપ પુરુષના દર્શનને પામ્યો. તેમના દર્શનથી કૃતકૃત્ય-સરખો થયેલો હું અધિક પ્રસન્ન થયો, પરંતુ કેવલ નિઃશંક થયો નહિ. તે પ્રજાપતિ પુરુષે મને અભય આપી યોગ્ય માર્ગમાં લાવીને સ્થાપ્યો. પછી તે ગુહાનું અતિક્રમણ કરતાં એક દિવ્યભુવન જણાયું, તથા ત્યાં પણ એક મહાપુરુષનાં દર્શન થયાં. હે આ ત્રિભુવનના મહેશ્વરરૂપ ! જેમ યોગાભ્યાસી પુરુષ બ્રહ્મગ્રંથિના ભેદનથી અનંતર કંઠ પ્રદેશમાં રહેલી વિષ્ણુગ્રંથિના ભેદનદ્વારા શ્રીવિષ્ણુભગવાનના અનુગ્રહના પાત્રરૂપ થાય છે, તેમ આ ત્રિભુવનના વિષ્ણુરૂપ સ્થાપેલા એ પુરુષને હવે મેં જાણ્યા છે. એમના અનુગ્રહથી આગળના ગુપ્ત માર્ગનું મને યથાર્થ ભાન હતું. તે ગુપ્ત દ્વારવડે પ્રવેશીને માર્ગ કાપતો હું આપના અનુપમ ધામપ્રતિ આવ્યો છું. જેમ યોગમાં તત્પર પુરુષ વિષ્ણુગ્રંથિના ભેદનપછી આગળ વધીને જ્યારે ભ્રૂકુટિમધ્યસ્થ રુદ્રગ્રંથિનું ભેદન કરે છે, ત્યારે તે નિર્વિઘ્ન તે રુદ્ર ભગવાનના અનુગ્રહથી શ્રીમહેશ્વરના પરમ સ્વરૂપમાં ભળે છે, તેમ આ છેલ્લી રુદ્રગ્રંથિના ભેદનરૂપ ગુહામાર્ગનું અતિક્રમણ કરીને હું આવ્યો ત્યારે તે રુદ્ર ભગવાન્‌રૂપ સ્થાપેલા આપના આ ત્રિલોકના રુદ્ર ભગવાન્‌રૂપ પુરુષનાં મને દર્શન થયાં અને જેમ કોઈ યોગાભ્યાસી પુરુષ ત્રણ ગ્રંથિના ભેદનપછી ગુરુઈશ્વરના અનુગ્રહથી બ્રહ્મરંધ્રરૂપ દ્વારમાં પ્રવેશીને સહસ્રદલપદ્મરૂપ અજરામર ચક્રમાં સ્થિત પરમાત્માના સ્વરૂપમાં ભળે છે, તેમ હું તેમના અનુગ્રહથી આ આપના સ્વરૂપની અનુપમ પ્રભામાં આ દ્વારથી આવી આ સ્થલે ભળ્યો છું, અને આ ચિત્રારણ્યના પ્રવેશથી તે આ ક્ષણપર્યન્તના વૃત્તાંતને આપના મૂલ વૃત્તાંતસહ સૂક્ષ્મમાં કહી ચુકયો છું. હવે પૂર્વવત્ હું નિર્ભ્રાન્ત થયો છું, માટે જે કાંઈ કર્ત્તવ્ય હોય તે કહો, અને આ આપની ઈંદ્રજાલ-સરખી વિભૂતિથી મને યોગ્ય ભાસે તેમ નિવૃત્ત કરો. આપના સમીપ આપના ત્રિભુવનના દેવ, મહર્ષિ તથા સિદ્ધાદિ પૂજ્ય પુરુષોની સભા હતી, તે જેમ યોગીને નિરાવરણ થવાના સમયે આ મૂલ ત્રિભુવનના દેવાદિ સર્વ આવરણરૂપ ઉપાધિસહ ગુમ થઈ જાય છે, તેમ ગુપ્ત થઈ ગઈ, એ પણ મને હવે આશ્ચર્ય પમાડનાર કથા નથી.

હે પંચવરદ મહાત્મન્ ! આ પ્રકારના વચનોને બોલતો હું તે સિદ્ધેશ્વરના સંમુખ જોતો નિર્ભયપણે અતિ પ્રસન્ન ચિત્તથી બેઠો રહ્યો; ત્યારે પ્રસન્ન મુખથી મંદમંદ હસતા તે સિદ્ધેશ્વર ગંભીર વાણીથી બોલ્યા, 'હે યોગતત્ત્વવિત્ ! આ મારો પૂર્વ વૃત્તાંત તમે મને કહી સંભળાવ્યો, પરંતુ પેલા ઉરસ્વાન્ મહામુનિનું શું થયું, એ કાંઇ કહ્યું નહિ. માટે આપની અતીત અનાગત કાલને જાણવાની શક્તિવડે તે વાર્તાને પણ મારા સમીપ કથન કરો.

આ પ્રકારનાં તે સિદ્ધેશ્વરનાં વચન શ્રવણ કરતાં જ તેમના મૂલ સંકલ્પથી જ મારા અંતઃકરણમાં જે અવશેષ પ્રતિબંધ રહ્યો હતો, તે તત્કાલ નિવારણ થયો. તેથી જેમ સૂર્યનો ઉદય થયા છતાં પણ કોઇ ગૃહ કે ગુહાના અંતર પ્રદેશમાં સામાન્ય અંધકાર રહે છે, તે પશ્ચાત્ જેમ દીપકાદિના સંભવે નિવૃત્ત થાય છે, તેમ મારા અંતરનું શેષ અજ્ઞાનમાત્ર જતું રહ્યું, અને એમ થવાથી સંપૂર્ણ વાર્તાને યથાવત્ જાણી હું આ પ્રકારનાં વચનો બોલ્યોઃ—

અહો ! આ વિચિત્ર સ્વભાવસામર્થ્યવાળી માયાનાં કાર્યના પારને પણ પામવું કઠિણ છે, તો એ માયાના પારને પામવું અત્યંત કઠિણ હોય એમાં શું આશ્ચર્ય છે ? હે સિદ્ધેશ્વર ! હવે મેં મને પોતાને પણ જાણ્યો છે. તે ઉરસ્વાન્ નામવાળો મુનિ તે હું જ છું. હવે મારા તે સ્વરૂપે જ થયો છું. એવું મને નિઃસંદેહ ભાસ્યું છે. આપના ત્યાંથી ચાલવાપછી હું ક્રમે કરીને ઘણા લોકમાં ફરી વળ્યો. પછી આપના સિદ્ધ સંકલ્પના પ્રભાવે મારે ભૂલોકમાં આવવાનો સમય પ્રાપ્ત થયો.

આ ભૂલોકમાં આર્યાવર્તાંતર્ગત કામાવતી નગરીમાં વસનાર શ્રીમહેશ્વરના પરમભક્ત અને સાક્ષાત્ મહેશ્વરના અનુગ્રહને પાત્ર થયેલા એક વૈશ્રવણ નામના પવિત્ર બ્રાહ્મણને ઘેર મારો જન્મ થયો. એ બ્રાહ્મણ ધનાધિપતિ કુબેરના સરખો ધનવાન્ છતાં ત્યાગીસરખી વૃત્તિવાળો હતો. તેમને ત્યાં મારો જન્મ થવાથી મહા આનંદ વર્ત્યો. નાના પ્રકારનાં દાન તથા યોગ્ય કાલે અનેક બ્રાહ્મણાદિને ભોજન કરાવ્યાં. ક્રમે કરીને હું મોટો થયો ત્યારે યોગ્ય સમયે મને ઉપનય-સંસ્કાર કર્યો, તથા તેનિમિત્ત મહારુદ્રપૂજનાદિ કરીને મોટાં દાન કર્યાં. પછી મને વેદાધ્યયન કરાવ્યું, તથા સમય થતાં મારું યોગ્ય સ્થાને લગ્ન કર્યું. આ સઘળું મારા નિમિત્ત કરીને તેઓ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યાં. મને પણ અંતરના ઉજ્જ્વલ સંસ્કારથી ત્યાગસરખી મતિ રહેવા લાગી, અને ધનનો સત્કર્મમાં વ્યય કરવા

લાગ્યો. એમ કરતાં તે માતાપિતાના આયુષ્યનો ક્ષય થવાથી પ્રથમ માતા, તથા પછી પિતા, એમ બંને શ્રીમહેશ્વરના સ્વરૂપમાં લયભાવને પામ્યાં. ત્યારપછી મેં મારે હાથે તેમની વિધિવત્ ઉત્તરક્રિયા કરી. પશ્ચાત્ મને પ્રાપ્ત થયેલ દિવ્ય રૂપવાળા પુત્રનું મેં વિધિવડે અન્ય સંસ્કારોપૂર્વક યથાકાલે લગ્ન કર્યું. એ સંધિમાં થોડા કાલપછી મારી મનાએલી સ્ત્રીએ પણ દેહ છોડી દીધો. ત્યારપછી પુત્રને અવશેષ સંપત્તિ સોંપીને હું તપનિમિત્ત ક્ષેત્રમાં જઈ રહ્યો. ત્યાં **શ્રીમહેશ્વરના** પ્રસાદથી મને સર્વજ્ઞ ઈશ્વરસરખા **શ્રીસદ્ગુરુના** સંબંધથી યોગનો આરંભ કરવા વૃત્તિ થઈ, જેથી તે **શ્રીસદ્ગુરુ**-ઉપદિષ્ટ માર્ગે, શાસ્ત્રપ્રતિપાદિત માર્ગે તથા અંતરથી **શ્રીમહેશ્વરની** પ્રેરણાવડે પ્રતીત થતા માર્ગે યોગની સમગ્ર ક્રિયાઓનો અભ્યાસ કર્યો. જેમ પૂર્વરચિત પદાર્થ પ્રાપ્ત થવામાં કષ્ટ પડતું નથી, તેમ પૂર્વરચિતની પેઠે આ યોગની થોડા કાલમાં જ પૂર્ણતા થઈ, અને **શ્રીસદ્ગુરુ** તથા **શ્રીપરમગુરુરૂપ શ્રીમહેશ્વરની** કૃપાથી આપ્તકામપણું તથા કૃતકૃત્યતા પ્રાપ્ત થયાં ભાસ્યાં. ત્યાંથી પછી નાના સ્થાનમાં જીવન્મુક્તિના આનંદને અનુભવતો વિચરતો હતો, એ કાલે મને આપના સિદ્ધસંકલ્પરૂપ પ્રતિબંધના યોગે આ પૂર્વસ્મૃતિનો લાભ થયેલ નહિ. ત્યારપછી તીર્થાટન કરતાં કરતાં એક વૃદ્ધ મહાત્માના મુખથી એક અતિવર્ણાશ્રમી પુરુષની વાર્તા શ્રવણ કરી. યદ્યપિ તેમની પાસે મારે પ્રાપ્ત કરવાયોગ્ય અવશેષ કાંઇ ન હતું, તથાપિ સહજ વૃત્તિ દોરાયાથી તે મળશે તો ઠીક, એવા ભાવથી વિચરતાં પરિણામે આ ચિત્રારણ્યમાં પ્રવેશ કર્યો. ત્યારપછીનો સર્વ વૃત્તાંત આપને નિવેદન કર્યો છે. એ મહાત્માને નિમિત્તરૂપ કરીને આ ચિત્રારણ્યમાં પ્રવેશ કરાવનાર આપનો પૂર્વ સંકલ્પ પણ હવે સ્પષ્ટ થયો છે.

આ પ્રકારે હું વાર્તા કહી રહ્યો કે તત્કાલ તે સિદ્ધેશ્વર પોતાના આસનથી ઉભા થયા, અને મને દૃઢ પ્રેમનું આલિંગન કર્યું. પછી ત્યાંથી એક નિમેષમાં તે અદૃશ્ય થઈ ગયા, અને તેમના સાથે એ તેમનું ત્રિભુવન પણ નહિવત્ થઈ ગયું. હું પણ નિઃસંદેહ તથા અત્યંત નિર્ભય થયેલો ત્યાંથી માર્ગ જણાયો ત્યાં ચાલવા લાગ્યો. પછી ચાલતાં ચાલતાં ગ્રામનગરાદિને ત્યજતો ત્યજતો આ તમારી મર્યાદામાં આવ્યો છું. હવે થોડા સમયમાં આ સ્થૂલ દેહની નિવૃત્તિપૂર્વક મહેશ્વરના સ્વરૂપમાં અભેદને પ્રાપ્ત થઈશ.

આ પ્રકારનાં વચનને બોલીને તે મહાત્મા મૌન રહ્યા, તથા ઊઠવાની વૃત્તિવાળા જણાયા. ત્યારે પંચવરદ હાથ જોડી સંમુખ ઉભા રહી બોલ્યા, હે મહેશ્વરરૂપ ! આપનાં દર્શનથી આજ હું કૃતકૃત્ય થયો છું. આપના વર્ણવેલા ચિત્રારણ્યના પ્રસંગને શ્રવણ કરી હું અત્યંત પ્રસન્ન થયો છું. આપનો મારા પ્રતિ નિરંતર અનુગ્રહ હોજો. આ ત્રિવિધિ તાપમાં બળતા પ્રાણીઓને અનુપમ શાંતિ આપનાર આપનાં વચન-સમાન આ જગત્‌માં અન્ય કોઈ પણ પદાર્થ નથી. આપ કૃપા કરીને આ ક્ષેત્રમાં થોડા દિવસ નિવાસ કરો, જેથી અનેક જીવનો ઉદ્ધાર થશે.

પંચવરદનાં આ વચનને શ્રવણ કરીને તે મહાત્મા બોલ્યા, આ ઇન્દ્રિયવડે પ્રતીત થતા પદાર્થમાત્ર સ્વતંત્ર નથી, અને જે સ્વતંત્ર પદાર્થ છે તે તો સર્વરૂપ છતાં સર્વકાલ સર્વ સ્થલે છે, માટે એવિષે સંકલ્પનું હવે પ્રયોજન નથી; એમ કહી આસનથી ઊઠી પંચવરદને પ્રેમાલિંગન આપી ચાલવા લાગ્યા, ત્યારે આગળ ચાલતાં પંચવરદ રાજાએ તેમની નાના પ્રકારનાં વિનયવચનોથી સ્તુતિ કરી, અને તેમને વાહનમાં બેસાડી વિદાય કર્યા; તથા :સ્થાનથી ઊઠી ચાલી નીકળે ત્યારે તેમને સ્વેચ્છાનુસાર વિચરવા દેવાને તેમ જ સ્થિતિ કરે ત્યાં-પર્યન્ત યોગ્ય સેવા ઊઠાવવાને સેવકોને આજ્ઞા આપી.

પછી એકાંતમાં બેસીને તે પંચવરદ રાજાએ સારમાત્રનું મનન કરી લીધું, તથા હવેપછીના સમાગમમાં કુટુંબનાં પુત્રપૌત્રાદિ સઘળાં સ્ત્રીપુરુષને બેસાડવા નિશ્ચય કર્યો. કારણ કે મહાત્માઓના મુખથી શ્રવણ કરેલી નાના પ્રકારની કથા પાપથી મૂકાવનાર તથા સર્વોત્તમ અને અચલ પદને પ્રાપ્ત કરનાર હોય છે. પછી અન્ય સમાગમના સંધિને આવવાના સમયપર્યંત અંતઃપુરમાં પ્રવેશ કર્યો.

॥ इति प्रथमः समागमः ॥

द्वितीय समागम

પંચવરદ રાજાની આજ્ઞાપ્રમાણે મુખ્ય સેવકે મહાત્માને અધિક સંમાનથી અંતઃપુરમાં પધરાવ્યા. શ્રીપંચવરદ પણ પ્રસન્ન મુખથી, દ્વારથી બહારપર્યંત સંમુખ ચાલતા જઈને, નીતિપૂર્વક નમન કરીને,

મહાત્માને 'પધારો, પધારો' એમ પ્રેમયુક્ત વદીને, આગળ પોતે ચાલી આવીને ઊંચા સિંહાસન ઉપર બેસવા તેમને પ્રાર્થના કરવા લાગ્યા. શ્રીપંચવરદની પ્રાર્થના શ્રવણ કરતાં મહાત્મા સિંહાસન ઉપર વિરાજમાન થયા. પછી તેમની આજ્ઞા થતાં શ્રીપંચવરદ પણ પોતાના નીચા આસનઉપર બેઠા. કિંચિત્ કાલ પરસ્પરની ચેષ્ટાને એક બીજાપ્રતિ દૃષ્ટિ માંડી અવલોકી રહ્યા પછી શ્રીપંચવરદ હાથ જોડીને આ પ્રકારે વિનયવડે વચન બોલ્યા.

પંચવરદ કહે છે, હે સૃષ્ટિ, સ્થિતિ, તથા પ્રલયના હેતુરૂપ મનાયેલા બ્રહ્મથી અભેદ થઈ રહેલા! હે શાંતાત્મન્! હે ભગવન્! આપનાં ચરણકમલનો મારાં નેત્રને સંબંધ થવાથી આજ હું કૃતકૃત્ય થયો છું. આપ કે જે પરમાત્મામાં લીન ચિત્તવડે, પોતાના મધ્યે પ્રતીત થયેલા જીવભાવને નિવૃત્ત કરી વસ્તુરૂપ થયા છો, તે અધોગતિને પામનાર પાપાત્માની દૃષ્ટિએ ક્યાંથી જ આવો? અર્થાત્ ન જ આવો. આપનાં દર્શન જ પ્રાણીનાં પ્રબલ પુણ્યના પ્રાદુર્ભાવને સૂચવે છે. આપ સ્વતંત્ર તથા સર્વજ્ઞ હોવાથી ઈશ્વરરૂપ પણ છો. આપ સ્વાર્થપ્રયોજનવિના દેહયુક્ત સ્થિત છો, એમાં અમારાં પ્રારબ્ધ જ કારણરૂપ છે. કેમકે કૃતાર્થ થયેલા મહાત્માના શરીરને જીવન્મુક્ત સ્થિતિને પ્રાપ્ત થયા પછી અન્ય જીવોનાં પુણ્યકર્મ જ આધાર થઈ ધરી રાખે છે. હે ગુણયુક્ત પ્રતીત થતા છતાં પણ ગુણાતીત! આપ જીવોના મુક્તત્વના સાધક હોવાથી સર્વ વિવેકી પ્રાણીઓના સેવ્ય તથા ઉપાસ્ય પણ છો. હે વિભો! આપ સ્વરૂપાનુભવવડે દેશ, કાલ તથા વસ્તુપરિચ્છેદથી રહિત પરમતત્ત્વરૂપ જ છો; જેથી આપ ક્યાંથી પધાર્યા અને ક્યા પ્રદેશને પવિત્ર કરવા વિચરનાર છો, એઆદિ પ્રશ્નોને અવકાશ મળે એમ નથી. તોપણ હું કે જે આ ભવાબ્ધિના એક પ્રદેશમાં રહેલ નાના દ્રહમાં પડી રહ્યો છું, તેને આપ સર્વજ્ઞનો યોગ થવાથી સુખાનુભવાર્થે કાંઈક પ્રશ્ન કરવાની વૃત્તિ થાય છે. સુખ શાથી પ્રાપ્ત થાય છે, એને ન જાણનાર અમે સુખ પામવાના ઉપાયને પૂછીએ, તોપણ તે ઉપાયની યથાર્થ યત્નવડે સિદ્ધિ થઈ પ્રાપ્તઅર્થ થવું, એ અમારી સ્વતંત્ર સત્તામાં જણાતું નથી, માટે તે પૂછવું પણ સાર્થક ગણાય નહિ. જેથી આપને યોગ્ય જણાય તે સુખાનુભવ કરાવનાર યુક્તિનું કથન કરી અંતમાં અમને શાંત કરજો. પણ કંઈક શ્રવણની ઇચ્છાવાળા આ સમુદાયને ઉત્તરોત્તર અવધિપર્યંત જવાના માર્ગનું

ભાન થાય, એવું કોઇ પુરુષનું ચરિત્ર આપ કૃપા કરી કહો; જે ચરિત્રમાંથી આ સંસારચક્રમાં ભ્રમણ કરનાર આ પ્રાણીઓ પોતાના ભ્રમણના અંતને અર્થે અનેક યુક્તિને ધારણ કરી શકે. એવું અન્ય યોગ્ય જણાય તો તેમ, નહિ તો આપને કાંઇ પ્રતિબંધ ન જણાય તો આપનું જ પવિત્ર ચરિત્ર કથન કરવા કૃપા કરો. પ્રાચીન પુરુષોનાં પવિત્ર ચરિત્રો ઘણાં શ્રવણ કરવામાં આવ્યાં છે, પરંતુ આપ સરખા સાક્ષાત્ દૃષ્ટિઆગળ સ્થિત પુરુષનું ચરિત્ર શ્રવણ કરવાનો લાભ અમને ક્વચિત્ જ મળ્યો હોય છે. વળી વ્યતીત કાલમાં થયેલ પરોક્ષ પુરુષોના ચરિત્ર કરતાં આ પ્રત્યક્ષ વિદ્યમાન પુરુષનાં ચરિત્ર આ કાલાનુસાર કૃતિ, રીતિ આદિનાં જણાવનાર હોવાની અમને વધારે ઉપયોગી થઇ પડે. માટે આપ નિસંદેહ પુરુષને સાક્ષાત્ પ્રતિબંધ ન પ્રતીત થાય તો આપના ચરિત્રને જ શ્રવણ કરાવી અમારા અવશેષ મલની નિવૃત્તિ કરો. ચરિત્રમાં મોક્ષનિમિત્ત કરાયલી સંપૂર્ણ પ્રવૃત્તિ તથા પ્રકટ થયેલ સંપૂર્ણ વિઘ્ન અવશ્ય પ્રતિપાદન થવાં જોઇએ. આપની પ્રવૃત્તિ તથા આપને આવેલાં વિઘ્ન અન્ય જીવોના ભિન્નભિન્ન સંસ્કાર હોવાથી યથાવત્ ઉપયોગી ન જણાય, તોપણ તે સર્વનું આપ કથન કરો. આપને આ લોકપરલોકના કોઇ પણ સુખની સ્પૃહા નથી, જેથી અમે અલ્પ સામર્થ્યવાળા કયા પદાર્થવડે આપને પ્રસન્ન કરીએ? આપ કે જેમને પોતાના શરીરની પણ નિર્વિઘ્ન સ્થિતિની ઇચ્છા નથી, તથા પ્રાણીમાત્રના સંગમાં સુખબુદ્ધિ નથી, એવા આપને અમારા હિતઅર્થે બોધ કરવાની પણ સ્પૃહા ન જ હોવી ઘટે. તથાપિ આપના આપ્તકામ થયા પછીની આ લોકમાં સ્થિતિ અમસરખાના પ્રારબ્ધબલથી જ છે, જેથી તે અમારા પ્રારબ્ધસંસ્કારના જ્ઞાતા આપ તે સંસ્કારના બલાબલને અનુસાર, તથા આપના સ્વતંત્ર સ્વભાવસામર્થ્યના પ્રમાણમાં તથા આ અમારા અંતઃકરણના ધારણ કરવાના અધિકારના પ્રમાણમાં સુખોત્પાદક શ્રવણ કરાવવા સ્વતંત્ર છો. આપ સર્વજ્ઞને અધિક વિસ્તારથી પ્રશ્ન કરવા પ્રયોજન ન હોવાથી સ્વલ્પમાં એ જ કે જેવડે પ્રાણીનું ઉત્તરોત્તર હિત થાય, એવું આપનું મલહરનાર ચરિત્ર શ્રવણ કરાવવા કૃપાવાન્ થાઓ.

આ પ્રકારનાં શ્રીપંચવરદનાં પ્રિય વચનોને, પ્રિયઅપ્રિય ભાવ છૂટી ગયો છે જેમનો એવા તે મહાત્મા શ્રવણ કરીને અનુગ્રહવૃત્તિથી આ પ્રકારનાં વચનો બોલ્યા.

મહાત્મા કહે છે, હે આર્ય! પોતાના મુખથી પોતાના દોષોનું કથન કરવું હોય તો આ લોકમાં પ્રાપ્તવિવેક પુરુષો કરે છે, પરંતુ પોતાના ગુણોનું પોતાના મુખથી કથન કોઇ પણ પ્રાપ્તવિવેક પુરુષ આ લોકમાં કરતા નથી. તમે મારા મુખથી મારા ચરિત્રને વદાવવા ઇચ્છો છો, તો તેમાં મારા ગુણોનું મારા મુખથી કથન થશે, એ લોકવિરુદ્ધ હોવાથી કેમ યોગ્ય ગણાશે? માટે તમને અનુકૂલ જણાય તો અન્યના ચરિત્રને કહું.

પંચવરદ કહે છે, હે ભગવન્! આપ સંપૂર્ણ લૌકિક સત્તાનું અતિક્રમણ કરી ચુક્યા છો, તેથી તથા લોકવ્યવહારથી મુક્ત થઈ વિચરો છો, તેમ જ પ્રિયઅપ્રિય, સ્તુતિનિંદા, અનુકૂલપ્રતિકૂલઆદિ સંપૂર્ણ દ્વંદ્વ ધર્મોના સાક્ષિરૂપ થઈ રહ્યા છો, તેથી તે લોકવિરુદ્ધપણું આપને યત્કિંચિત્ પણ બાધક નથી; અને શ્રવણ કરનાર શ્રદ્ધારહિત હોય તો આપ સ્વતંત્ર છો. હું આ મારા અંતઃકરણના અનુમાનથી કહું છું કે આપનાં વચનમાં આત્મસ્તુતિરૂપ દોષના આરોપથી અશ્રદ્ધા થવાનો સંભવ નથી. અશ્રદ્ધાવાન્પ્રતિ આપના ચરિત્રનું કથન દોષનિવૃત્તિરૂપ સત્ફલને આપનાર ન થવાના હેતુથી ન કથન કરવું યોગ્ય છે. પણ અત્રે તેમ નથી. પછી તો આપ સર્વજ્ઞ છો, યોગ્ય જણાય તેમ કરો. મારી તો આપના જ યથાર્થ ચરિત્રશ્રવણમાં પ્રીતિ છે.

મહાત્મા કહે છે, હે નૃપેશ! અતીત, અનાગત, તથા વર્તમાન જેને સ્પષ્ટ છે, અર્થાત્ ત્રિકાલમાં થયેલ, થતા તથા થવાના સંપૂર્ણ વ્યવહાર જેને સ્પષ્ટ છે, તેને કોઇ વ્યવહાર ભ્રમ કે મોહ ઉપજાવે એમ નથી. આ મારી મનાએલી શરીર સંપત્તિવડે જે જે વ્યવહાર અવશ્ય થનાર છે, તે તે વ્યવહાર કરવામાં મને ભ્રમ કે મોહ થતો નથી. નિષિદ્ધ વ્યવહારનું નિમિત્ત પ્રારબ્ધ તો વિશેષે કરીને પૂર્વાવસ્થામાં ક્ષય થઈ જાય છે, તેથી જ્ઞાનોત્તરાવસ્થામાં તેના અસંભવે માત્ર વિધેય વ્યવહાર થવા સંભવે છે. તે કોઇ પ્રકારે પણ બાધક નથી. શાસ્ત્ર તો જ્ઞાનના ફલની સ્તુતિ કરતાં જણાવે છે કે કદાચિત્ કોઇ અવશેષ સૂક્ષ્મ સંસ્કારના અંશથી તત્ત્વવેત્તાની દોષરૂપ પ્રવૃત્તિ થાય તોપણ તે દોષ તેને જન્મ-મરણનું કારણ થતો નથી. આ લોકમાં એવો નિયમ તો પ્રસિદ્ધ જ છે કે આધારની સ્થિતિવિના આધેયની સ્થિતિ હોતી નથી. એ નિયમાનુસાર પણ અભિમાનરૂપ આધારવિના કર્મસંસ્કારરૂપ આધેયની સ્થિતિ હોતી નથી. હવે જે તત્ત્વવિત્ મહાત્માના

બીજઅભિમાનરૂપ આધારનો ક્ષય થયો હોય છે, તે મહાત્માના કર્મરૂપ આધેય પણ નિરાધાર થવાથી ક્ષયને પ્રાપ્ત થાય છે. આ સ્થલે બીજઅભિમાનનો ક્ષય, એટલે તે બીજઅભિમાનની ગલિતાવસ્થા સમજવી. આ ગલિતાવસ્થાને પ્રાપ્ત અભિમાનીનાં કર્મ પણ ગલિતાવસ્થાને જ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે તત્ત્વવિત્ મહાત્માનું અભિમાન શિથિલ થઈ જવાથી તેને ફલ આપનાર કર્મો પણ શિથિલતાને પ્રાપ્ત થયાં તેને ફલ આપવાને તત્પર થતાં નથી, અર્થાત્ ક્રમે કરીને દગ્ધ જ થાય છે. **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा** ઇત્યાદિ વચનોવડે કર્મનું દગ્ધ થવાપણું પૂર્વ પુરુષોએ પણ સ્વીકારેલું છે.

અન્ય એવો પણ એક નિયમ છે કે કૃતકર્મ કોઇ પ્રકારે પણ ફલ આપ્યાવિના નાશને પ્રાપ્ત થતાં નથી. તે નિયમને અનુસરીને જોતાં એ કર્મોએ તે મહાત્માને ફલ આપવું જોઈએ. તોપણ પૂર્વ નિયમથી અભિમાનના સંબંધવિના કર્મ ફલ આપતાં નથી, જેથી તે મહાત્માનાં કર્મો અભિમાનવિરહિત તે મહાત્માને ફલ ન આપતાં તેમનાં સ્થૂલાદિ શરીરસાથે સંબંધ રાખનાર ઇતર મનુષ્યોને ફલ આપવા ગતિ કરે છે. ત્યાં જે પ્રાણીઓ તે તત્ત્વવિત્‌ની નિંદાદિમાં પ્રવૃત્ત થાય છે, તે પ્રાણીઓ તો તે મહાત્મામાં અસદભિમાનવાળાં ગણાય છે, અને જેઓ તે તત્ત્વવિત્‌ની સ્તુતિઆદિ કરવા પ્રવૃત્ત થાય છે, તે તો તે મહાત્મામાં સદભિમાનવાળાં ગણાય છે. આ પ્રકારનાં સત્ તથા અસદભિમાનથી સંબંધ રાખનાર સ્તુતિ તથા નિંદાનાં કરનાર પ્રાણીઓને તે મહાત્માકૃત પુણ્યપાપનાં ફલ પ્રાપ્ત થાય છે. જેથી **બીજઅભિમાનનો જ્ઞાનવડે ક્ષય કરનાર પુરુષ નિષ્કર્મ થાય છે, એમાં સંદેહ નથી.** બીજઅભિમાનનો ક્ષય થયો છે કે નહિ, એ સર્વ જીવોને પ્રત્યક્ષ હોતું નથી, તેથી પ્રસંગે એ વ્યવહારમાં જીવોને ભ્રાંતિ થાય છે, પરંતુ જેના બીજઅભિમાનનો ક્ષય થાય તેને તો તે વાર્તા સ્વસંવેદ્ય હોવાથી અજ્ઞાત રહેતી નથી. મૂલાભિમાનના ક્ષયવાળા પુરુષને ઓળખવાનાં વિશેષ લક્ષણ આગળ સ્પષ્ટ થશે, માટે હવે તમારી ઇચ્છાનુસાર ચરિત્રને ઉપયોગ પૂરતું કહું છું. ખાસ પ્રતિબંધક જે શ્રવણ કરનાર સમુદાયને શ્રવણ કરવાથી સાક્ષાત્ સુખનું સાધન નથી, તેને મધ્યે તજી દેવાશે કારણ કે તેવા પ્રસંગ પ્રત્યેક અધિકારિપરત્વે ભિન્નભિન્ન હોય છે.

ઉત્તમ બ્રાહ્મણના કુલમાં ઉત્પન્ન થયાપછી વિધિવત્ સંસ્કારવડે હું વેદાધ્યયનને અનુકૂલ થયો. બ્રહ્મચર્યાદિ નિયમોના પાલનપૂર્વક શ્રીગુરુની સેવામાં તત્પર રહીને મેં યથાશક્તિ વેદાધ્યયન કર્યું, તથા હું

ઉત્તરોત્તર કર્મમાં પ્રવેશ કરવા લાગ્યો, અનુકૂલતાપ્રમાણે શાસ્ત્રમાં પણ પ્રવેશ કર્યો. ગુરુની આજ્ઞાવડે હું નાના તીર્થ કરવા નીકળ્યો. તીર્થમાં ભ્રમણ કર્યાપશ્ચાત્ માતાપિતાના સમીપ જઈને ગૃહસ્થાશ્રમને મારે કરવાનો હતો. તીર્થમાં ભ્રમણ કરતાં મને આ દૃશ્ય પ્રપંચવિષે તથા મારા વિષે જે પ્રકારના વિચારો થયા હતા, તેમાંના કેટલાક ઉપયોગના જાણી અત્ર કહું છું. 'અહો! આશ્ચર્ય છે. શાસ્ત્ર જે સંસાર-પ્રપંચને મિથ્યા અર્થાત્ સારરહિત કહે છે, તે આ ક્ષણે તો જાણે સત્યસરખો અતિ સારરૂપ હોય એવો આ મારી દૃષ્ટિએ પડે છે! આ સર્વ મને દૃશ્યરૂપ છે અને હું આ અન્ય પ્રાણીઓના અનુભવે દૃશ્યરૂપ છું. આ રીતે એક પક્ષે હું દૃશ્યરૂપ છું, અને અન્ય પક્ષે જોતાં આ ક્ષણે મને પોતાને આ સર્વનો દ્રષ્ટા માનું છું. યથાર્થ જોતાં દ્રષ્ટા તથા દૃશ્ય શું છે તે હવે પછી મારે સ્વાનુભવથી તત્ત્વનિર્ણય કરતાં સિદ્ધ કરવાનું છે. આ સંસાર અસંખ્ય પ્રાણિપદાર્થનો સમુદાય માત્ર છે. જેમાંનું આ મારું શરીર પરમાણુજન્ય વ્યષ્ટિ શરીર છે; અને આ સમગ્ર પદાર્થ પણ પરમાણુજન્ય હોય એમ જણાય છે.

આ સઘળો પ્રપંચ એક કારણમાંથી થયો હશે, કે નાના કારણથી થયો છે, એ પણ યથાર્થ તો તત્ત્વાનુભવપશ્ચાત્ સિદ્ધ કરાશે. આ સર્વ પ્રાણીઓનું જન્મમૃત્યુરૂપ સંસારમાં આવીને મુખ્ય કર્ત્તવ્ય એક જ છે કે ભિન્ન ભિન્ન છે, એ વાર્તા પણ સહજ નિર્ણય થઈ શકે એમ નથી. આ પ્રાણીઓને પરમપ્રાપ્તવ્ય અર્થાત્ છેવટ મેળવવા યોગ્ય વસ્તુ એક જ હશે કે પૃથક્ પૃથક્, એ પણ કારણતત્ત્વના નિશ્ચયવિના નિઃસંશયપણે સિદ્ધ કરાય નહિ. મેં અસંખ્ય પ્રાણીઓને પૂછ્યું છે, જેથી એક વાર્તા તો સિદ્ધ જણાય છે કે આમાં કોઈને પણ દુઃખ મેળવવાની ઇચ્છા નથી, અને સર્વને સુખ પામવાની ઇચ્છા છે. પામવાયોગ્ય પદાર્થ સુખ તો સર્વ કહે છે તથાપિ તે સુખનું સ્વરૂપ સર્વ એકસરખું સમજતા હોય એમ જણાતું નથી. સુખ પામવાની ઇચ્છાવાળાં સર્વ છતાં પણ, આ સઘળાં પ્રાણી સુખી જણાતાં નથી, તેથી તેઓ સુખને પામવાના યોગ્ય ઉપાયને જાણતાં નથી, એ સ્પષ્ટ છે. તેમ જ કોઈને દુઃખની ઇચ્છા નથી, તેમ છતાં સર્વ પોતાને દુઃખ પામતાં અનુભવે છે, તેથી દુઃખના દ્વારને તથા તેના નિરોધના ઉપાયને તેઓ જાણતાં નથી, એમ પણ સહજ સિદ્ધ થાય છે. આ પ્રાણીઓનો મોટો સમુદાય તો માત્ર વિષયજન્ય સુખને જ પરમસુખ માનતો જણાય છે. કોઈ કોઈ, વિષયથી અતિરિક્ત સુખને

માને છે, તથાપિ તે, તે સુખાનુભવ કરતા જણાયા નથી. વિરલ પુરુષ તે સુખાનુભવ કરતા હશે, પણ તે આ જીવોને પ્રત્યક્ષ નથી. જેથી **વાસ્તવ સુખ કોઇકને જ અભિવ્યક્ત છે.** દુઃખ શરીર તથા મનદ્વારા જણાય છે. શારીરિક દુઃખને વ્યાધિ પણ કહે છે, અને માનસ દુઃખને આધિ પણ કહે છે. તે આધિવ્યાધિદુઃખને ભોગવનારાં સર્વ પ્રાણી સંસારઉપર અપ્રીતિ જણાવનારાં છે, પણ તે સર્વ આ વિષયના સંગને ત્યજનારાં નથી. કેટલાએક આમાં દુઃખનો અનુભવ થતાં વિષયથી વેગળા ખસેલાસરખા વિચિત્ર વેષવાળા જણાય છે ખરા, પણ તેઓમાંના કોઇક જ તે સ્થિતિને જાળવતા અંતપર્યંત રહે છે. તેમાંના ઘણા તો દુઃખના પ્રકટ સમયે વિરાગવાળા તથા દુઃખના અપ્રકટ સમયે રાગવાળા જણાય છે, જેથી તેઓ યથાર્થ જોતાં વિષયજન્ય કે વિષયાતીત બેમાંથી એકે સુખના ભોક્તા નથી. ઉલટા તે તો આ કાલે દુઃખને ભોગવતા છતાં ઉત્તર કાલે અનિષ્ટ પ્રાપ્ત કરનાર દુઃખના કારણરૂપ દુરિતને જ રચતા રહે છે. આ સઘળું છતાં એટલું તો નિર્વિવાદ સમજાય છે કે આ જગત્માં મેળવવાયોગ્ય માત્ર સુખ છે; અને કર્ત્તવ્ય તો જે સુખાભિવ્યંજક હોય તે છે. હવે સુખ પામવાના અધિકારવિષે વિવિધ પ્રકારે તપાસ કરતાં કોઇ તો કહે છે કે વિષય-સંગનો ત્યાગ કરનાર વિરક્ત જ અખંડ સુખનો અધિકારી છે, અને કોઇ તો કહે છે કે માત્ર અંતઃકરણ જ જેનું રાગદ્વેષાદિથી રહિત થયું હોય તે જ અધિકારી છે. કોઇ કહે છે કે પોતપોતાના યથાર્થ વર્ણાશ્રમધર્મને પાલન કરનાર જ સુખનો અધિકારી છે. કોઇ કહે છે કે ગૃહી અથવા ત્યાગી હોય, પણ યથાર્થ તત્ત્વને જાણનારો જ્ઞાની જ સુખનો અધિકારી છે. કોઇ કહે છે કે કેવલ ભગવત્પરાયણ થઇને ભગવદ્ભક્તિ કરનાર જ સુખનો અધિકારી છે; અને કોઇ મંદમતિ તો ખાઇ પીને મસ્ત રહેનારને તથા યથેચ્છ વિચરનારને જ સુખનો અધિકારી માને છે. આઆદિ અનેક પ્રકારે જનવાર્તા તથા શાસ્ત્રાધાર છે; તથાપિ યોગ્ય સુખને પ્રાપ્ત કરનાર પુરુષ જેમ છે તેમ જાણતા હોવા ઘટે છે. આ જગત્પ્રતિ દૃષ્ટિ કરતાં કોઇ તો ધનમાં જ સુખ માનનારા છે. કોઇ તો સ્ત્રીમાં, કોઇ પુત્રમાં, કોઇ ઉત્તમ ગૃહ તથા વસ્ત્રાલંકારમાં, કોઇ કીર્તિમાં, કોઇ પરોપકારમાં, કોઇ ખાનપાનમાં, કોઇ ઊંચી ઊંચી વ્યાવહારિક સત્તા મેળવવામાં, અને કોઇ તો અન્યની સ્તુતિ કરવામાં જ સુખને માનનાર છે. કોઇ શરીરના નીરોગીપણામાં, કોઇ નાના પ્રકારની લૌકિક વિદ્યામાં,

કોઇ વૈદિક વિદ્યામાં, કોઇ વિવિધ કલામાં, કોઇ સંગ્રામમાં, અને કોઇ શરીર તથા માનસ બલવડે દિગ્વિજય કરવામાં સુખ માનનાર છે, ઇત્યાદિ. વળી કોઇ પાપાત્મા તો પારકા સ્ત્રીધનાદિપદાર્થને હરણ કરી લેવામાં, તથા તેવા કોઇ તો અન્યને પીડા કરવામાં, પુણ્યવાનની નિંદા કરવામાં, અન્યનું શુભ થવાના સંભવે અશુભ કરવામાં, અન્યના ગુણોમાં દોષારોપ કરવામાં, તથા છલકપટ કરવામાં—એઆદિ અનેક નિષિદ્ધ વ્યવહારમાં જ સુખ માનનાર છે. કોઇ અધિક પુણ્યવંત પુરુષો તો એકાંતસેવનના તીવ્ર તપમાં, અને વિવિધ પ્રકારે ઇશ્વરોપાસનામાં જ સુખ માનનારા છે. આ પ્રકારે અસંખ્ય પ્રાણીઓ અનેક પ્રકારે સુખ માનનાર છે, તેમ જ સુખની અભિલાષાવડે નાના ઉપાયને તેઓ રચતા જણાય છે.

કોઇ તો દેહપતનપર્યંત અગ્નિહોત્રાદિ કર્મને જ કરે છે. કોઇ તો બ્રહ્માની, કોઇ વિષ્ણુની, કોઇ શિવની, અને કોઇ તો અન્ય દેવતાઓની ઉપાસના સુખપ્રાપ્ત્યર્થે કરે છે. તે ઉપાસના કરનારમાં પણ કોઇ તો કેવલ જપ કરનાર છે. કોઇ ધારણા તથા ધ્યાનને કરનાર છે. કોઇ તો બહાર પોતાના ઇષ્ટનિમિત્ત પ્રતિમાદિનાં સ્થાપન કરીને વિધિવત્ પૂજનાદિસહિત ઉપાસના કરે છે, અને કોઇ તો માત્ર અંતરમાં પોતાના ઇષ્ટના નિશ્ચિય કરેલા રૂપને ધારે છે, તથા ત્યાં જ માનસોપચારથી પૂજનાદિ કરીને અંતરુપાસના કરે છે. કોઇ તો સંપૂર્ણ ગુણોના આરોપપૂર્વક ઇષ્ટના સગુણસ્વરૂપને નિશ્ચય કરીને સગુણોપાસના કરે છે, અને કોઇ તો ગુણમાત્રના નિવારણપૂર્વક નિર્ગુણોપાસના કરે છે. કોઇ તો કેવલ પદાર્થના કે તત્ત્વના વિચારમાત્રને કરતા બેશી રહે છે. કોઇ તો શાસ્ત્રના ગ્રંથોના અવલોકનમાં જ આયુષ્ના અવધિપર્યંત સુખની અભિલાષાથી તત્પર રહે છે, અને કોઇ તો સિદ્ધાંતશ્રવણ કરવામાં આયુષ્ને ગાળે છે. વળી અન્ય ક્ષુદ્રબુદ્ધિ પ્રાણીઓ ક્ષુદ્ર દેવાદિની ઉપાસનાઓ પણ સુખાર્થે નાના પ્રયત્નથી કરે છે. આ પ્રકારે પ્રાણીઓની અનેક ભાતિ પ્રવૃત્તિ સુખનિમિત્ત થતી જણાય છે, પણ સુખવડે તૃપ્ત થયેલા તો કવચિત્ જ જણાય છે. જેથી સુખ પામવાનો યથાર્થ ઉપાય, તથા સુખનું સ્વરૂપ શું છે, એ નિર્ણય કરવામાં અત્યંત યોગ્યતાનો ઉપયોગ છે, એમાં સંદેહ નથી.

આ પ્રકારે વિવિધ વૃત્તિનાં સ્વરૂપ જોઇ મને એકે વિચારમાં દૃઢપણે પ્રવેશવાની ઇચ્છા થઇ નહિ. કયો એક પ્રકારનો જ ઉદ્યમ કરું કે જેથી આ વિશ્વપ્રપંચનો યથાર્થ અનુભવ કરી અંતમાં કૃતાર્થ

થાઉં, એવા વિચારમાં ને વિચારમાં હું ભ્રમણ કરતો નાના તીર્થને સેવતો માતાપિતાસમીપ આવ્યો. ત્યાં મને માતાપિતા તથા અન્ય સંબંધીઓનાં ઘણે દિવસે દર્શન થવાથી અધિક આનંદનો ભાસ થયો, તેમ જ મારા આગમનથી તે સંબંધીઓને પણ અધિક પ્રસન્નતા થયેલી જણાઈ. ગૃહપ્રતિ આવવાથી પુનઃ મારા વિચારોમાં મોટું અંતર જણાવા લાગ્યું. ગૃહસ્થાશ્રમી સ્ત્રીપુરુષોને નાના પ્રકારના આનંદનો અનુભવ થતો જોયો. રાત્રિદિવસ તેમની પોતપોતાના કામમાં પ્રવૃત્તિ જોઈ. બાલકોનાં લાલનપાલનમાં તેમનો અહોરાત્રનો કાલ ક્ષણની પેઠે વહી જતો જણાયો. બાલકોનાં પ્રિય વચનોનાં શ્રવણથી તથા છેક નાનાં જેમનાં વાણીસ્થાન ઊઘડેલાં નહિ, એવાં બાલકોના હાસ્યથી તેમનાં ચિત્ત આનંદમગ્ન જણાયાં. પુરુષોને પોતાના ગૃહમાં સ્ત્રી તથા અન્ય કનિષ્ઠ ગૃહવાસીઓપ્રતિ જેમ રાજ્યસત્તા મળી હોય તેમ સત્તાવાળા થયેલા જોયા, અને તે સત્તાથી અન્યવડે કરાતી સેવાદિ નિમિત્તથી તેઓને મોટા સુખનો અનુભવ કરતા જોયા. તેમને ત્રિલોકમાં પોતાના પ્રાપ્ત સુખથી વિશેષ અન્ય સુખ હશે કે કેમ, એવિષે કવચિત્ જ વિચાર કરતા જોયા. આ વિધિ ગૃહીઓના બાહ્ય દેખાવઉપરથી સુખનું અનુમાન કરનાર હું તે કાલે તો તે આશ્રમીઓના દુઃખવિષે કિંચિત્ પણ વિચાર કે અનુમાન કરી શક્યો નહિ. ગૃહવાસીના વિશેષ સહવાસથી મને એ જ નિશ્ચય દૃઢ થતો ગયો કે આપણા શાસ્ત્રકર્તા પુરુષોએ **आश्रमादाश्रमं गच्छेत्** આદિ વચનોવડે બાંધેલા નિયમ જ આ લોકને પાલન કરવા શ્રેષ્ઠ છે. આ બ્રહ્મચર્યના અંતમાં હું સંસારનાં સુખદુઃખનો યથાર્થ વેત્તા ન હોવાથી કેવલ ત્યાગનો પણ અધિકારી નથી, કારણ કે આ મારું ચિત્ત એક ક્ષણમાં તો વિષયમાં સુખનાં અનુમાન કરે છે, અને અન્ય ક્ષણે તો તેમાં દુઃખનાં અનુમાન કરે છે, માટે જેનો વિશ્વાસ કરવો મોટા પુરુષોએ યોગ્ય ગણ્યો નથી, એવા આ અયથાર્થ નિશ્ચયવાળા અદૃઢ મનનો મારે પણ વિશ્વાસ કરવો યોગ્ય નથી. જેથી શાસ્ત્રમાં કહ્યાપ્રમાણે મારે હવે યોગ્ય સમય થવાથી ગૃહસ્થાશ્રમમાં જ પ્રવેશ કરવો ઉચિત છે. તેમાં યથાર્થ અનુભવવડે નિશ્ચય કરીને પછી આગળ ચાલવું યોગ્ય છે. આપણા મૂલ પુરુષોએ તીવ્ર વિરાગ થયાવિના ત્યાગાશ્રમને માટે યોગ્યતા ગણી નથી. તેમ જ મને પણ આ સમગ્ર વિષયમાં દૃઢ અસ્પૃહાબુદ્ધિ પણ થઈ નથી. માટે અધિકારવિના ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થાય તોપણ તે ઇષ્ટફલને આપનાર નથી, એ નિયમાનુ-

સાર મને, સ્વરૂપથી ઉત્કૃષ્ટ છતાં પણ ત્યાગાશ્રમ શ્રેષ્ઠ ફલ આપનાર નહિ જ થાય.

ઘણા પુરુષો શ્વાનની પેઠે વિષયલાલસાવાળા છતાં પણ ત્યાગાશ્રમ લઈ, તિરસ્કારને સહન કરતા ઉદરપૂરણાર્થે દ્વારદ્વારપ્રતિ ભ્રમતા મેં જોયા છે, અને તે દુરાત્માઓને સુખનો અંશ પણ મળ્યો હોય એમ અનુમાન કરાતું નથી; તો તદ્વત્ મારે મારી દુઃખદ સ્થિતિ પોતાની મેળે વિચાર પ્રાપ્ત છતાં કરી લેવી, એ અત્યંત અયોગ્ય છે. આ મારાં વૃદ્ધ માતાપિતા કે જેમણે મોટા ઉમંગથી મારું લાલનપાલન કરતાં, પોતાના ભવિષ્યના સુખની આશાઓના આધારરૂપ ગણીને મને ઘણે કષ્ટે આ સ્થિતિને પ્રાપ્ત કર્યો છે, તેમની સર્વ આશાઓનો ભંગ કરવાથી મને કયો દોષ ન પ્રાપ્ત થાય ? અર્થાત્ સઘળા દોષના પાત્રરૂપ જ હું ઠરું એમાં કાંઇ સંદેહ નથી. માતાપિતાનો ઉપકાર કે જેનો બદલો અનંત કાલથી ચાલતી આવેલી સૃષ્ટિમાં કોઇ પણ સુપુત્રે સંપૂર્ણ રીતે આપ્યો હોય એવું સાંભળ્યું નથી, અને હવે પછી સાંભળવામાં આવે એવો સંભવ પણ નથી. ક્વચિત્ અંશે બદલો વાળવા પ્રવૃત્ત થયેલા સુપુત્રોની ગણના કરવામાં શ્રવણાદિને ગણે છે, તથાપિ તે પૂર્ણ બદલો આપનાર ગણાય નહિ. આથી કૃતઘ્નતાને પામવાના ઉપાયને મારે કદાચિત્ પણ શ્રેષ્ઠ ગણવો જાઈએ નહિ. આઆદિ અનેક યોગ્ય વિચારને કરીને મેં માતાપિતાની સેવામાં તત્પર રહેવા તથા તેમની અને શાસ્ત્રની આજ્ઞાપ્રમાણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા નિશ્ચય કર્યો. એ નિશ્ચયપ્રમાણે ક્રમે કરી મારું લગ્ન થયું, અને ઉત્તરોત્તર હું ગૃહસ્થાશ્રમના શ્રુતિસ્મૃતિમાં કહેલા ધર્મને આચરતો, પૂર્વાશ્રમ કરતાં વિલક્ષણ સુખને અનુભવવા લાગ્યો. સંપૂર્ણ વેદવિદ્યા તથા નાના શાસ્ત્રગ્રંથને રુડે પ્રકારે સમજી સાધ્ય કરનાર થયો, અને તેથી સર્વ આશ્રમીઓપ્રતિ મારી સર્વવિદ્રૂપે પ્રતિષ્ઠા બંધાઈ. કાલે કરીને ગૃહસ્થાશ્રમનાં મને નાના દુઃખનો પણ અનુભવ થવા લાગ્યો. ગૃહસ્થાશ્રમને અનુકૂલ પદાર્થો પ્રાપ્ત કરવામાં, સ્ત્રીને જોઈતા પદાર્થો યોગ્ય કાલે તેની વૃત્તિની અનુકૂલતા જાળવીને મેળવી આપવામાં, પુત્રપુત્રીના ગર્ભકાલથી તે પ્રસવકાળપર્યંતમાં, પ્રસવઅનંતર લગ્નાદિ ક્રિયા થવાપર્યંતમાં, તથા ત્યારપછી તેમના યોગ્ય પ્રકારે વ્યવહાર ચાલે એવા પ્રકારની સ્થિતિમાં તેમના આવતાપર્યંતમાં, અનેક પ્રકારનાં દુઃખનો અનુભવ મને થયો. તે જ પ્રમાણે કુટુંબનાં મનુષ્યોની, અન્ય સંબંધીઓની, જ્ઞાતિવર્ગની, તથા તેવા જ અન્ય

સ્નેહસંબંધ રાખનારની વૃત્તિઅનુકૂલ પ્રવૃત્તિ કરવામાં અનેક દુઃખનો તથા પ્રસંગવશાત્ સુખનો અનુભવ મેં કર્યો. તે સઘળી વાર્તાનો સર્વ ગૃહીઓને ન્યૂનાધિક અંશે અનુભવ હોય છે, જેથી આ સ્થલે તેનો વિસ્તાર કરવાનું અધિક પ્રયોજન નથી. આ પ્રકારે સુખદુઃખનો અનુભવ કરવાથી એ તો સ્પષ્ટ જણાયું કે **વિષયજન્ય સુખ કરતાં વિષયજન્ય દુઃખનું પ્રમાણ ગૃહીમાત્રને અધિક હોવું ઘટે છે.** દુઃખના અંશ અધિક જણાવા છતાં પણ આ સર્વ ગૃહીઓ તે અલ્પ સુખની અસ્પૃહા કરી તેથી વેગળા કેમ થતા નથી, એવી શંકા પ્રાપ્ત થતાં તેનું યોગ્ય સમાધાન આ પ્રકારે જડયું. આ ગૃહસ્થાશ્રમી જીવોને વિષયથી અતિરિક્ત સુખનું ભાન નથી. સુખવિના કેવલ દુઃખમાં તેઓ જીવવાને સમર્થ નથી. યથાર્થ સુખના સ્વરૂપને જણાવનાર સાધનોની યોગ્ય પ્રકારે ઇચ્છા કરતા નથી. તે સુખને પ્રાપ્ત કરાવનાર સાધનોની તથા તે સાધનો સધાવનારની પ્રસંગે પ્રાપ્તિ થાય છે, તો પોતાના પ્રતિકૂલ નિશ્ચયોથી તેમાં ઘટે તેમ યત્નવાન્ થતા નથી. યત્નવાન્ થાય છે તો ત્યાં પણ આરંભમાં ઈપ્સિત સુખનો અભાવ જાણી તથા કષ્ટનું અનુમાન કરી તેથી તત્કાલ નિવૃત્ત થાય છે. આઆદિ અનેક કારણોથી ગૃહસ્થાશ્રમી પુરુષો દુઃખસુખયુક્ત આશ્રમનો ત્યાગ કરી શકતા નથી. વળી સઘળાં જ મનુષ્યો આ દુઃખયુક્ત સ્થિતિની અસ્પૃહા કરી સુખસ્વરૂપ થાય, એ ન સંભવી શકે એવી દુરાશા કોણ વિદ્વાન્ કરે ? કોઇ જ નહિ. જીવમાત્ર પોતાના સંસ્કારને અધીનપણે ફલ ભોગવે છે, તેથી સર્વના તેવા સંસ્કાર હોવા સંભવતા નથી. તેમજ આ જીવો પોતાની સ્વભાવસત્તાથી પણ પ્રયત્નનો આદર કરવા સમર્થ છે, તથાપિ તેવી ઉજ્જ્વલ સ્વભાવસત્તા પણ સર્વમાં હોતી નથી. તેથી સર્વ પ્રાણીની એક સરખી સુખમાં સ્થિતિ થાય, એ આશા તો યથાર્થ તત્ત્વવિચારથી રહિત શૂન્યસરખાં અંતઃકરણમાં જ થવી સંભવે છે; અને તે નિરંતર નિષ્ફલ જ હોવી ઘટે છે. આ પ્રકારની સર્વ સંસારીને એકે કાલે વિષયસુખની અસ્પૃહા થઈ નથી, થતી જણાતી નથી, અને થવી સંભવતી પણ નથી. વિષયસુખમાં અસ્પૃહા કરી યથાર્થ સુખ પામવા તત્પર ન થયેલા એવા અનેક ગૃહસ્થાશ્રમીની એક એવી પણ શંકા આવતી જણાઈ કે આ વિષયસુખની અસ્પૃહાવાળા જણાતા એવા, ગૃહસ્થાશ્રમથી રહિત, વિરાગના વેષને ધારણ કરેલા, ઘણા, આ ભૂતલ ઉપર ભ્રમણ કરતા અમે જોઈએ છીએ, તથાપિ તેમને અમે કોઇ,

યથાર્થ સુખને પ્રાપ્ત થયેલા જોતા નથી, એમાં કારણ શું ? આ શંકાનું પણ અનુભવસિદ્ધ સમાધાન આ પ્રકારે જણાયું છે. ઘણા વિરાગના વેષવાળા પુરુષોને તો વિષયસુખની લાલસા ઘણી છતાં તેમને તે તે વિષયોની પ્રાપ્તિ થવાના અસંભવ જણાયાથી તેઓ રુડે પ્રકારે ગૃહસ્થાશ્રમી થઈ શક્યા નહિ, તેથી નિરૂપાયે તેવાઓ કેવલ વિષય સંપાદન કરવાની આશાથી જ વિરાગના મનાએલા લોકપ્રસિદ્ધ વેષમાત્રને ધારણ કરી વિચરતા થયા છે. તેઓ જ્યાં ત્યાં અનેક છલપ્રપંચવડે વિષયસુખની જ પ્રાપ્તિ કરવા મચ્યા છે. એવા દુર્ભાગી પાપાત્માઓને વિષયસુખની અસ્પૃહાવડે પ્રાપ્ત થનાર સુખ ક્યાંથી પ્રાપ્ત થવું સંભવે ? ન જ સંભવે. અને ક્વચિત્ પુણ્યવંત પુરુષો કે જેઓ યથાર્થ અસ્પૃહાવાળા થઈને વિષયાતીત સુખને પામવા પ્રવૃત્ત થયેલા છે, તેમને તો તે પ્રાપ્ત હોય જ છે. માટે યથાર્થ વિરાગવડે પણ પ્રાપ્ત કરવાયોગ્ય વિષયથી વ્યતિરક્ત સુખનો સર્વથા અભાવ જ હશે, એવી કલ્પનાવડે પ્રાપ્ત કરેલી શંકા વ્યર્થ ઠરી. હવે પુનઃ આપણા ચાલુ પ્રસંગથી સંબંધ કરીએ.

નાના પ્રકારનાં સુખદુઃખનો અનુભવ કરતાં મને જેવા વિચાર આવ્યા તે વિચારના સ્વરૂપને શ્રવણ કરો. તેમનું સ્વરૂપ આ છે. આ જગત્માં કર્તવ્ય શું છે, એ હવે મારે સત્વર નિર્ણય કરવો જોઈએ, કારણ કે નિરંતર કાલને અધીન ગતિ કરનાર આ પ્રાણીઓનો સમુદાય અચલ નથી. મારી પૂર્વે થયેલાં, મારા સમાન વયનાં, તથા મારા પછી પ્રવાહમાં પ્રાપ્ત થએલાં અસંખ્ય પ્રાણીઓ કાલપ્રતિ ગતિ કરતાં આજે જાણે ઉત્પન્ન જ નથી થયાં એવાં થઈ ગયાં છે. આ ક્ષણે વિદ્યમાન છે તે પણ ક્રમવડે નહિ થયાસરખાં થનાર છે, જેમાં મારી પણ અવશ્ય ગણના થવી ઘટે છે. આવા અશાશ્વત પ્રવાહમાં આવી પડ્યા છતાં, અને આ રૂપે મારું અસ્તિત્વ સદા રહેનાર નથી એવું નિશ્ચય કર્યા છતાં પણ આ સ્થલે મારે શું કર્તવ્ય છે એનો વિચાર તથા દૃઢ નિશ્ચય ન કરું તો મારા સમાન મૂઢ કોઈ નથી, એ સિદ્ધ છે.

આ જગત્માં થોડા કાલ જ જીવી વ્યવહાર કરવો છે, એવું જાણનાર આ વિષયલંપટ પ્રાણીઓ પણ રાત્રિ તથા દિવસમાં વિચાર કર્યા જ કરે છે કે 'હવે કાલે આપણે શું કરવાનું છે, ઉત્તરોત્તર સુખમાટે આપણે ક્યા કર્તવ્યમાં પ્રવેશ કરવો, આ પ્રાપ્ત ધનાદિનો વ્યયક્ષય થઈ ગયાપછી આપણે શાવડે સુખ ભોગવશું ? માટે

આપણું કર્તવ્ય આલસ્યથી રહિત થઈ અવશ્ય કરવું જોઈએ.' આ-આદિ વિચાર કરતા તે વ્યાવહારિક પ્રાણીઓ નિરંતર કર્તવ્યસંબંધી વિચાર કરીને, કર્તવ્યનો નિશ્ચય કરીને તે તે કર્તવ્ય કર્મને કર્યા જ કરે છે, તો પોતાની ઉત્તરોત્તર સુખરૂપ સ્થિતિમાટે મારાસરખા વિચારવાને પણ પોતાના કર્તવ્યનો નિશ્ચય કેમ ન કરવો જોઈએ? અવશ્ય કરવો જ જોઈએ.

આઆદિ અનેક પ્રકારે વિચાર કરતો હું જ્યારે યોગ્ય કર્તવ્યના સંબંધે વિચાર કરવા લાગ્યો ત્યારે આરંભમાં એવો પ્રશ્ન ઊઠયો કે જ્યાંપર્યંત પ્રાપ્તવ્ય વસ્તુનો નિર્ણય થયો નથી, ત્યાંપર્યંત યોગ્ય કર્તવ્યનો નિર્ણય થઈ શકે નહિ. કારણ કે આ વ્યવહારને સાધતાં મનુષ્યોમાં પણ પ્રથમ પ્રાપ્તવ્ય પદાર્થને નિશ્ચય કરીને જ તદનુકૂલ કર્તવ્યનો નિશ્ચય કરાતો જણાય છે. **જેને કાંઇ પણ પ્રાપ્તવ્ય હોતું નથી, તેને કર્તવ્ય પણ હોતું નથી; કારણ કે આ લોકમાં નિત્યતૃપ્ત પુરુષો આપ્તકામ હોવાથી અંતમાં અક્રિય જ થતા જણાય છે.** જેથી પ્રથમ મારે પ્રાપ્તવ્ય વસ્તુવિષયક વિચાર કરવાની અગત્ય છે, એવો નિશ્ચય કરી હું તે સંબંધે પુનઃ આ પ્રકારે વિચાર કરવા લાગ્યો.

આ વર્તમાન શરીરનો જન્મ થાય છે ત્યારથી આ લોકમાં મેળવવાયોગ્ય મુખ્ય વસ્તુ તો આહાર જ છે. કેવલ તે આહારવડે જ સર્વ વ્યવહારની સિદ્ધિ થતી નથી, કારણ કે શરીર ઢાંકવાને વસ્ત્રની અગત્ય પડે છે. આથી મનુષ્યપ્રાણીને આ લોકમાં આવીને જીવવા-પર્યંત અન્ન, જલ તથા વસ્ત્રની અગત્ય છે, એમ સર્વનું જાણવું તથા માનવું છે, જેથી એ ત્રણ વસ્તુ મેળવવાયોગ્ય ઠરે છે. ઘણા વિચારથી મનુષ્યો એવો નિશ્ચય કરે છે કે આપણા જીવનનો આધાર આ અન્નજલ જ છે. જો એ ન હોય તો આપણે એવિના અવશ્ય મરીએ. પણ આ વિચાર સંપૂર્ણ અંશે ખરો નથી. કારણ કે ઘણાં મનુષ્યોને આપણે મરતાં જોઈએ છીએ, તેમના સમીપ અન્નજલ વિદ્યમાન હોય છે તથાપિ તે મરે છે. **માટે કેવલ અન્નજલ જ જીવનનો આધાર નથી, પણ અન્નજલાદિ પદાર્થોને ગ્રહણ કરાવનાર તથા તેમને જઠરમાં પ્રાપ્ત થયાપછી યથાવિધિ જીર્ણ કરનાર જે શરીરસ્થ સામર્થ્ય છે, તેસહિત આ અન્નજલાદિ પદાર્થ આપણા જીવનનો આધાર છે.** હવે તે શરીરસ્થ સામર્થ્ય શી વસ્તુરૂપ છે, તથા તેની હાનિ, વૃદ્ધિ તથા સમસ્થિતિ શાવડે થાય છે, તેના યથાર્થ

સ્વરૂપને અદ્યાપિપર્યંત આ લોકો જાણતા હોય એમ ભાસતું નથી, કારણ કે આ પ્રાણીઓને આપણે મરણને પ્રાપ્ત થતા જોઈએ છીએ. જો તે મુખ્ય જીવનના આધારભૂત કારણને આ જીવો જાણતા હોય, તથા તેની હાનિવૃદ્ધિઆદિનાં સ્વરૂપને યથાવત્ જાણતા હોય તો અવશ્ય આ પ્રાણીઓ મરણને પ્રાપ્ત થતા જણાય છે તે ન જણાવા જોઈએ. આટલા વિચારપછી એમ સિદ્ધ થયું કે આ જગત્‌માં મનુષ્યોએ મેળવવાયોગ્ય મુખ્ય પદાર્થ અન્નજલાદિ જ નથી, પણ તે અન્નજલાદિ પદાર્થો જે સામર્થ્યવડે આપણા જીવનના આધારરૂપ થઈ રહ્યા છે, તે સામર્થ્યનું તેના કાર્યકારણના સ્વરૂપસહિત યથાર્થ જ્ઞાન જ પ્રાપ્તવ્ય છે. એટલું તો સિદ્ધ જ છે કે આ પ્રાકૃત પ્રાણીમાત્રને મરણ પ્રિય નથી, અને એમ છે તો જીવવું જ સર્વને પ્રિય છે; એ નિઃસંદેહ વાર્તા છે; જેથી મરણને અટકાવનાર તથા જીવનને જાળવનાર કારણનું યથાર્થ જ્ઞાન જ માત્ર મુખ્ય મેળવવાયોગ્ય વસ્તુરૂપ છે, એ નિર્વિવાદ સિદ્ધજેવું થયું. હવે જો તે જીવનના જાળવનાર અથવા જીવનના આધારરૂપ કારણનું પણ જ્ઞાન હોય તથાપિ તે કારણરૂપ ઉપયોગી પદાર્થો ન હોય તોપણ કાર્ય સધાતું નથી. જેમ કોઇ રોગને નિવૃત્ત કરનાર ઔષધનું યથાર્થ જ્ઞાન આપણને હોય, પરંતુ તે ઔષધરૂપ પદાર્થ અસ્તિત્વમાં વા આપણી પાસે વિદ્યમાન ન હોય તો કેવલ તે જ્ઞાનથી તે રોગની નિવૃત્તિ થતી નથી. તેમ જ કેવલ ઔષધરૂપ પદાર્થ હોય પરંતુ તેના કાર્યની ઉત્પત્તિ કરવાનું અર્થાત્ તેને યથાવિધિ ઉપયોગમાં લેવાનું જ્ઞાન ન હોય તો તેથી પણ રોગનિવૃત્તિરૂપ અર્થ સિદ્ધ થતો નથી. આમ છે માટે જીવનના આધારભૂત કારણનું યથાર્થ જ્ઞાન, તથા તે આધારભૂત ઉપયોગી પદાર્થના અસ્તિત્વનું જ્ઞાન, એ ઉભય પ્રાપ્તવ્ય ગણાય. તેમાં અન્નજલાદિ પદાર્થ તો આ લોકમાં ન્યૂનાધિકપણે પણ પ્રાપ્તવત્ પ્રતીત થાય છે, તથા તેના અસ્તિત્વનું જ્ઞાન પણ પ્રાપ્તવત્ છે, તથાપિ જીવનના આધારભૂત કારણનું તથા તે કારણની હાનિવૃદ્ધિઆદિના નિમિત્તાદિનું યથાર્થ જ્ઞાન માત્ર અપ્રાપ્ત જણાય છે. જેથી મુખ્ય પ્રાપ્તવ્ય તો તદ્વિષયક જ્ઞાન જ ઠરે છે. માતાના સ્તનમાં દુધ જન્મકાલથી જ પ્રકટ થાય છે, અને પછી અન્નજલાદિ પદાર્થોનું જ્ઞાન તથા તેની પ્રાપ્તિ પણ આ લોકમાં પ્રસિદ્ધ છે, જેથી એ પદાર્થ પ્રાપ્તરૂપ નથી એવી બલવાન્ શંકા કોઇ કરે તો તે યોગ્ય ઠરે એમ નથી. આમ હોવાથી જીવનનું મુખ્ય કારણ, તેનું જ્ઞાન, તથા તેની હાનિવૃદ્ધિઆદિ ઇચ્છાનુસાર કરી શકવા પૂરતું યથાર્થ જ્ઞાન પ્રાપ્તવ્ય ઠરે છે.

આ પ્રકારે કેવલ જીવવાના સંબંધમાં વિચાર કરતાં પ્રાપ્તવ્યવિષયક પૂર્વોક્ત નિશ્ચય થાય છે. હવે એવિના વિચાર કરતાં વિશેષ એ જણાય છે કે આ જીવો, માત્ર જીવવાથી જ પ્રાપ્તસંતોષ હોતા નથી, પણ જીવીને વિવિધ વિષયો ભોગવવાની આશાવાળા હોય છે. તે વિષયોમાં મુખ્ય સ્ત્રી છે. કારણ કે ધનાદિ સંપૂર્ણ વિષયપદાર્થની પ્રાપ્તિવાળા પુરુષો પણ સ્ત્રીવિના પોતાને સંતોષમાં રહેતા અનુભવતા નથી, તેમ જ અન્ય પણ તેમને અસંતોષમાં જ જુએ છે. આમ છતાં પણ માત્ર સ્ત્રી જ પ્રાપ્તવ્ય નથી, કારણ કે સ્ત્રીવાળા પુરુષો સ્ત્રી પ્રાપ્ત છતાં પણ પોતાને અસંતોષમાં જ અનુભવે છે. તે અસંતોષનું કારણ એ જણાય છે કે તેઓમાં સ્ત્રીરૂપ વિષયને યથાવત્ ભોગવવાનું સામર્થ્ય હોતું નથી. જેથી સ્ત્રીરૂપ વિષય છતાં પણ તેના ઉપભોગાર્થે યોગ્ય બલ વા સામર્થ્યની અપેક્ષા રહે છે, તેમાં સ્ત્રીરૂપ પદાર્થ સહજ પ્રાપ્ત થાય એમ છે, કારણ કે પ્રકટ પદાર્થરૂપે તેનું અસ્તિત્વ સર્વને જ્ઞાત છે. પરંતુ આંતર સામર્થ્યના યોગ્ય કારણનું યથાર્થ જ્ઞાન આ જીવોને હોય એમ જણાતું નથી. માટે મુખ્ય પ્રાપ્તવ્યરૂપ આ વિષય નથી, પણ તે તે વિષયભોગ ભોગવવાના સામર્થ્યના નિર્વાહક હેતુનું યથાર્થ જ્ઞાન જ છે. આ પ્રકારે સમગ્ર ઇંદ્રિયોના વિષયમાટે નિર્ણય થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ પાંચ વિષયોને અનુકૂલપણે યથેચ્છ ભોગવવાના સામર્થ્યના નિર્વાહક હેતુઓનું યથાર્થ જ્ઞાન અપ્રાપ્ત હોવાથી પ્રાપ્તવ્યરૂપ ગણાતું ઘટે છે. આ લોકવ્યવહારમાં પણ ન પ્રાપ્ત થયેલ પદાર્થને જ પામવા યોગ્ય ગણ્યા છે.

આટલા વિચારથી એ નિશ્ચય થયો કે જીવનના આધારનું યથાર્થ જ્ઞાન, તથા પ્રત્યેક અવયવના યથાર્થ સામર્થ્યના નિર્વાહક હેતુનું જ્ઞાન, વ્યવહાર જોતાં પ્રાપ્તવ્યરૂપ છે. વળી સ્ત્રીવિષય તથા વિષયભોગનિમિત્ત આંતર સામર્થ્ય પ્રાપ્ત હોય, તથાપિ તેવડે જીવને સંતોષ નથી. કારણ કે આ લોક તથા શાસ્ત્રપ્રતિ લક્ષ કરતાં સ્પષ્ટ જણાય છે કે ગૃહીએ સ્ત્રીસેવન વિશેષે કરીને પ્રજા ઉત્પન્ન કરવા નિમિત્તે કર્તવ્ય છે. તો તે પ્રજા ઉત્પન્ન થવામાં અનુકૂલ સામર્થ્યના અભાવવાળા ગૃહીઓ નિરંતર અસંતોષમાં જ રહે છે, જેથી તેમને પ્રજાની ઉત્પત્તિમાં કારણરૂપ હેતુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્તવ્ય છે. વળી પ્રજામાં—પુત્રપુત્રીરૂપ પ્રજામાં—પણ કોઇ તો માત્ર પુત્રરૂપ પ્રજામાં જ આસક્ત હોય છે. તેવા સર્વ ગૃહી પુરુષોને પુત્ર તથા પુત્રીની ઉત્પત્તિમાં જે યથાર્થ હેતુ હોય તેનું જ્ઞાન પણ પ્રાપ્તવ્ય છે. કારણ કે તે

જ્ઞાનવિના ઇચ્છાપ્રમાણે પ્રજા પ્રાપ્ત કરી શકાય નહિ. આથી એ નિશ્ચય થાય છે કે પ્રજાની ઉત્પત્તિ કરવાયોગ્ય સામર્થ્ય છતાં પણ ઇચ્છાનુકૂલ પ્રજાની ઉત્પત્તિ કરવાઅર્થે તેસંબંધી યથાર્થ જ્ઞાન પણ પ્રાપ્તવ્ય છે. વળી પૂર્વોક્ત જ્ઞાન જ પ્રાપ્તવ્ય છે એટલું જ નહિ પણ તેવિનાના પ્રત્યેક વિષય જ્યારે જ્યારે ઇચ્છા થાય ત્યારે ત્યારે તે તે વિષયની તત્કાલ પ્રાપ્તિ થાય એ પ્રકારનું સામર્થ્ય, અથવા તો સંપૂર્ણ વિષયમાત્રને યોગ્ય કાલે પ્રાપ્ત કરી શકાય, એવી વિવિધ યુક્તિનું યથાર્થ જ્ઞાન આ જીવને પ્રાપ્તવ્ય પદાર્થરૂપ છે.

આ વિચારપ્રમાણે પ્રાણીઓને જે પ્રાપ્તવ્ય છે તેનો નિર્ણય થયો. તો આ એકકરતાં અધિક પ્રાપ્તવ્ય પદાર્થમાટે યત્ન કરીને તે સર્વવડે પ્રાપ્તવ્યરૂપ શું ઠરે છે, તેવિષે વિચાર કરવો ઘટે છે.

આ જગત્માં સર્વ મનુષ્યાદિ પ્રાણીઓ પોતાથી ભિન્ન અન્ય સર્વ પ્રાણિપદાર્થને વિષયરૂપ ગણતા હોવા જોઈએ. કારણ કે પોતાના માનેલા સઘળા પદાર્થોનો ભોક્તૃત્વધર્મ પોતામાં સર્વ માને છે. આથી જગત્માં પ્રાણિપદાર્થોનો ભોગભોક્તા અથવા વિષયવિષયી સંબંધ ઠરે છે. એ ભોગના અથવા વિષયના સંબંધવડે ભોક્તા વા વિષયી સુખ માને છે, જેથી વિષયી પ્રાણીઓ સમગ્ર વિષયને માત્ર સુખપ્રાપ્ત્યર્થે જ સેવે છે. માટે સકલ જીવનો પ્રાપ્તવ્ય પદાર્થ માત્ર સુખ જ ઠરે છે. પ્રાપ્તવ્ય સુખ છે અને તે દૃશ્ય વિષયના સંબંધદ્વારા જીવો ઇચ્છે છે. તે સંબંધ પણ જીવો અનુભવે છે, તથાપિ સુખનું વિરોધી જે દુઃખ જીવોમાં દેખાય છે, તેનો અભાવ થતો જણાતો નથી, તેથી કેવલ વિષયસંબંધથી જ સુખ થાય છે, એમ મનાતું નથી. જો એક વિષયના સંબંધથી જ સુખ મળે છે એમ માનીએ તોપણ તેમ જણાતું નથી. કારણ કે સુખાભિલાષી જીવોને સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્ર, ગૃહ આદિ અનેક વિષયોમાંથી એક એક વિષય તો પ્રાપ્ત હોય છે, તથાપિ તેમને સુખ પ્રાપ્ત હોતું નથી. કદાચિત્ કહે કે અનેક વિષયોના સંબંધથી સુખ થાય છે; તો એક કાલે એક જીવને અનેક વિષયપદાર્થસાથે સંબંધ થવો સંભવતો નથી. કારણ કે પ્રત્યેક વૃત્તિ એક કાલે એક જ વિષયસાથે યથાર્થ રીતે સંબંધ કરી શકે છે. જેથી અનેક વિષયના એક કાલે સંબંધથી સુખ મળે છે એ વાર્તા અસંભવ છે. ભિન્ન ભિન્ન કાલે ભિન્ન ભિન્ન વિષયથી સુખ મળે છે, એમ જો અંગીકાર કરે તો ભિન્ન ભિન્ન-વિષયસંબંધની ઉદ્દય થતી ઇચ્છાના સમયે જ ઇચ્છેલો વિષય આવીને પ્રાપ્ત થાય એમ સર્વને

હોવું નથી, તેથી યથાકાલે સંબંધ ન થવાથી સુખનો અભાવ રહેવાનો; અથવા તો ઇચ્છાકાલે જ ઇષ્ટ વિષયને સંમુખ લાવી પ્રાપ્ત કરવારૂપ સામર્થ્ય જો સર્વને પ્રાપ્ત હોય તો તેવડે સુખ હોવું ઘટે, પણ તે સર્વ જીવને અપ્રાપ્ત જણાય છે. જેથી વિષયસંબંધદ્વારા સદા સુખ પ્રાપ્ત રહેવાની જે આશા તે તો દુરાશા જ છે. આ સઘળું જોતાં જીવમાત્રને સુખ તથા તન્નિમિત્ત કંઇ પણ પ્રાપ્તવ્ય છે, અને પ્રાપ્તવ્ય છે તો તદર્થે કાંઇ પણ કર્તવ્ય છે. હવે પ્રાપ્તવ્ય પદાર્થમાં અનેક વિચારથી માત્ર સુખ જ નીકળે છે. તો તે એક સુખપ્રાપ્ત્યર્થે અનેક કર્તવ્ય રહે છે કે કોઇ એક જ કર્તવ્ય ઠરે છે, એવિષે વિચાર કરવો જોઈએ. ત્યાં સામાન્ય પ્રકારે જોતાં પ્રાપ્તવ્ય અર્થ ન પ્રાપ્ત થવામાં જે કારણો હોય તેની નિઃશેષ નિવૃત્તિ કરવી એ જ માત્ર કર્તવ્ય જણાય છે. જેથી હવે પ્રાપ્તવ્ય અર્થ, આ જીવોને ઇચ્છાનુકૂલ સમયે ન પ્રાપ્ત થવામાં જે કારણ હોય તેનો માત્ર નિશ્ચય કરવો ઠરે છે. તેવિષે વિચાર કરતાં જણાય છે કે આ જીવોની ઇચ્છા નાના અર્થાત્ અનેક છે. આ જીવો અલ્પજ્ઞ, પરતંત્ર, તથા અલ્પ સામર્થ્યવાળા છે. જેથી ઇચ્છાનુકૂલ વિષય ન પ્રાપ્ત થવામાં કારણ તો માત્ર અલ્પજ્ઞપણું, પરતંત્રપણું તથા અલ્પશક્તિમત્પણું જ જણાય છે. એ ત્રણની જો નિવૃત્તિ થાય તો સર્વજ્ઞપણું, સ્વતંત્રતા, તથા સર્વશક્તિમત્પણું પ્રાપ્ત થાય અને તેમ થાય તો ઇચ્છાનુકૂલ સમયે ઇપ્સિતાર્થનો સંબંધ કરી શકાય, અને તદ્દ્વારા સુખ પ્રાપ્ત કરી શકાય, જેથી પ્રથમ કહેલ ત્રણની નિવૃત્તિ અને પશ્ચાત્ કહેલાં ત્રણની પ્રાપ્તિનિમિત્ત જે કાંઇ કર્તવ્ય હોય તેનો હવે વિચાર કરવો જોઇએ.

આ દશ્ય પ્રપંચમાં મનુષ્યાદિ સર્વ પ્રાણી અલ્પજ્ઞ, પરતંત્ર તથા અલ્પશક્તિવાળાં હોય એમ જણાય છે. જેથી એમની સત્તામાં નહિ એવા સર્વજ્ઞત્વાદિ ધર્મની એ અલ્પજ્ઞત્વાદિ ધર્મયુક્ત પ્રાણીપાસે યાચના કરવી નિરર્થક છે, કારણ કે આ લોકમાં જે જે પદાર્થ જેની સત્તામાં હોય છે તે તે પદાર્થ જ તેની પાસે માગી શકાય છે, અને તે દાતા પણ પોતાની સત્તાના પદાર્થને જ પ્રસન્ન થવે આપી શકે છે. આપ્રમાણે મનુષ્યાદિ અલ્પજ્ઞ પ્રાણીપાસે માગવારૂપ કર્તવ્ય અથવા તેમને પ્રસન્ન કરવારૂપ કર્તવ્ય ઠરતું નથી; જેથી સર્વજ્ઞત્વાદિક ધર્મને પોતાને વશ વર્તાવનાર કોઇ હોય તો તેની ઉપાસના જ માત્ર કર્તવ્ય છે. આપણી વૃદ્ધપરંપરાથી સ્વીકાર કરાતાં શાસ્ત્રમાં તો આ સંપૂર્ણ દેખાતા સ્થૂલ, તથા નહિ દષ્ટિએ દેખાતા એવા સૂક્ષ્મ

પદાર્થમાત્રના ધણી એક ઈશ્વર છે, તે જ માત્ર સર્વજ્ઞત્વાદિ ધર્મના પતિ કહેલા છે. જેથી તે ધર્મો ઈશ્વરોપાસનાદ્વારા ઈશ્વરની પ્રસન્નતાવડે જ જીવો પ્રાપ્ત કરી શકે છે. અન્ય અનેક ઉપાયવડે પણ પ્રાપ્ત કરી શકે એમ નથી.

અન્ય ઘણા વિરોધી વિચારના પ્રાણીઓ ઇંદ્રિયવડે અપ્રત્યક્ષ એવા, શાસ્ત્રપ્રતિપાદિત ઈશ્વરના અસ્તિત્વવિષે શંકા કરે છે. તે પ્રતિકૂલ વિચારવાળા એમ કહે છે કે સર્વજ્ઞત્વાદિ ધર્મયુક્ત ઈશ્વર છે જ નહિ; અને આ જગત્ તો જડ પદાર્થના સ્વભાવવડે પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે, અને તે સ્વભાવપ્રમાણે જ પાછું લય પામે છે. આ પ્રકારનો તે પ્રાણીઓનો વિચાર છે, પણ તે વિચાર જે વિચારવડે અયોગ્ય જણાય છે તે આ છેઃ—

કેવલ જડ પદાર્થ જેવા કે કાષ્ટપાષાણ છે, એવા જડ પદાર્થોના સંયોગવડે જો આ જ્ઞાનવાળા મનુષ્યાદિ જીવોની ઉત્પત્તિ થતી હોય તો આજે પણ તેવા જડ પદાર્થોવડે મનુષ્યાદિ પ્રાણીઓની ઉત્પત્તિ થવી જોઈએ. પણ તેમ થતું જણાતું નથી. તેમ જ તે જડના સંયોગવડે જગત્ થાય છે એવું માનનાર જડવાદીઓ જડપદાર્થના સંયોગથી ઉત્પન્ન થતાં મનુષ્યાદિ પ્રાણીને દેખાડીને અથવા તેવા જડપદાર્થોના સંયોગ કરી તેવાં પ્રાણીઓ ઉપજાવી પ્રત્યક્ષાનુભવ કરાવતા નથી જેથી પાયાવિનાનું તેમનું, કેવલ જડજડના સંયોગથી જગત્ના ઉપજવાવિષેનું અનુમાન અત્યંત અયોગ્ય હોવાથી સ્વીકારવાયોગ્ય જણાતું નથી. કદાચિત્ કોઇ જડવાદી જ્ઞાનવિરહિત જડપદાર્થના સંયોગ કરીને આપણા સંમુખ એક મનુષ્ય વા ઇતર જ્ઞાનયુક્ત પ્રાણીને ઉપજાવી આપે તો તેના અનુમાનની યથાર્થતા સ્વીકારાય. પણ તેમ આ ક્ષણપર્યંત થયું નથી. આઆદિ અનેક કારણોવડે અનીશ્વરવાદ અયોગ્ય ગણીને પછી ઈશ્વરના અસ્તિત્વના સ્વીકારાર્થે જે પ્રકારનાં અનુમાન ગ્રહણ કર્યાં તે આ છેઃ—

આ જગત્માં હું પોતે પોતાની મેળે ઉત્પન્ન થયો નથી, હું કેવલ પોતાના જ બલવડે સ્થિતિમાં નથી, અને હું પોતાની જ ઇચ્છાવડે લયને પામતો નથી. જેથી હું પરતંત્ર છું. આ પ્રાણિપદાર્થમાં માત્ર બે જાતિ જણાય છેઃ એક જ્ઞાનસંયુક્ત અને એક જ્ઞાનવિરહિત. ત્યાં જ્ઞાનવિરહિત તો શુષ્ક કાષ્ટપાષાણાદિ છે, જેને આપણે જડ માનીએ છીએ; અને બીજી જ્ઞાનસંયુક્ત તો મનુષ્યાદિ છે, જેને આપણે કેવલ જડથી વિલક્ષણ જાણીએ છીએ. મનુષ્યાદિ શરીરોમાં જ્ઞાનરૂપ

વિશેષતાવડે તેને કેવલ જડ સંજ્ઞા અપાતી નથી, માટે તેને સંયોગી સંજ્ઞા આ સ્થલે ગણવી. આમ જોતાં એક કેવલ જડ, અને બીજો સંયોગી, એ બે ભેદ જણાય છે. (ચેતન કે જે સૂક્ષ્મથી સૂક્ષ્મ છે, તથા ઇંદ્રિયનો વિષય નથી, તે અપ્રત્યક્ષ હોવાથી આ સ્થલે તેનું પરમતત્ત્વરૂપે અસ્તિત્વ સ્વીકારવા પ્રતિપાદન કર્યું નથી. તે આગળ પ્રસંગવશાત્ થશે, કારણ કે આ વિચારપર્યંતમાં તેની અનિવાર્ય અગત્ય પડી નથી.)

કેવલ જડપાષાણાદિથી લીલાં વૃક્ષાદિ જડમાં વિલક્ષણતા છે. તથાપિ જ્ઞાનવિરહિત તથા જ્ઞાનયુક્ત એવા બે ભેદવાળા પદાર્થ નિશ્ચય કરતાં તે વૃક્ષાદિની જડમાં જ ગણના કરી છે. તે વૃક્ષાદિ જડની વૃક્ષાદિવડે જ પરંપરાં ઉત્પત્તિ થતી જણાય છે, અને મનુષ્યાદિ જ્ઞાન-સંયુક્તની તે તે જ્ઞાનયુક્ત પ્રાણીવડે જ ઉત્પત્તિ થતી જણાય છે. કેવલ જડ કારણવડે જ્ઞાનયુક્ત કાર્યની તથા જ્ઞાનયુક્ત કારણવડે કેવલ જડ કાર્યની ઉત્પત્તિ થવારૂપ નીતિ આ ક્ષણપર્યંત જોવામાં આવી નથી. તેથી કેવલ જડ પદાર્થના સંયોગથી આ જગત્ની ઉત્પત્તિ નથી, પણ જ્ઞાનરૂપ વિલક્ષણ વસ્તુ જ આ જગત્ની ઉત્પત્તિમાં કારણ હોવી ઘટે છે. જ્ઞાનયુક્ત પ્રાણીઓ જ આ જડ પદાર્થના વ્યવહારાનુકૂલ પરિણામ કરે છે. મૃત્તિકાને અનેક પાત્રાકાર પરિણામને કરનાર કુલાલાદિ પ્રાણીઓ છે. અન્નાદિ પદાર્થોને ઉત્તરોત્તર બીજદ્વારા વધારનાર કૃષીવલાદિ છે. તે અન્નાદિ પદાર્થને આહારરૂપે ગ્રહણ કરવાને નાના પરિણામને પમાડનાર પણ પ્રાણીઓ છે. વસ્ત્રાદિ પરિણામ પણ મનુષ્યદ્વારા જ થાય છે. સુવર્ણાદિ સમગ્ર ધાતુઓઆદિ પદાર્થના વ્યવહારને અનુકૂલ પરિણામ પણ જ્ઞાનયુક્ત પ્રાણિદ્વારા જ થાય છે. જેથી મુખ્યાંશથી જોતાં કેવલ જડ પદાર્થોને વિવિધાકાર પરિણામ પમાડી ઉપયોગ કરનાર જ્ઞાનયુક્ત પ્રવાહ છે. નાના યંત્રોની રચના તથા શસ્ત્રાસ્ત્રની રચના તથા પ્રવૃત્તિ પણ સંયોગીવડે જ થાય છે. તેથી જેમ આ લોકમાં કેવલ જડ અર્થાત્ જ્ઞાનવિરહિત પદાર્થની યોગ્ય વ્યવસ્થા અથવા કાર્યાકાર પરિણામ જો સંયોગીવડે જ થાય છે, તો આ મોટાં પૃથિવ્યાદિ કાર્યોની પણ તેના જ્ઞાનવિરહિત વિવિધ કારણથી વિલક્ષણ આકાર, પરિણામ, સ્થિતિ આદિ કરવામાં પણ તે જ પ્રકારે કોઇ જ્ઞાનસત્તા વા સંયોગી જ કારણરૂપ ઘટે છે.

આ પ્રકારના વિચારથી એમ જણાય છે કે કવલ જડ, કેવલ પરતંત્ર છે. આ મનુષ્યાદિ અલ્પજ્ઞ છે, તેથી કેવલ અજ્ઞકરતાં ઓછાં

પરતંત્ર છે, તથાપિ પરતંત્ર તો ખરાં જ. જ્યારે હું પોતે મારી ઉત્પત્તિ, સ્થિતિ તથા લયમાં કારણરૂપ નથી, ત્યારે મારા સમાન આ સમગ્ર સંયોગી પણ પોતપોતાની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરવામાં સ્વતંત્રકારણરૂપ નથી; અને જ્યારે આ સમગ્ર સંયોગીમાં પ્રત્યેક પોતાની ઉત્પત્તિ સ્થિતિ, તથા લયમાં કારણરૂપ નથી, ત્યારે તે સંયોગીમાંનો એક અથવા તેમાંના અનેક આ સકલ પ્રાણિપદાર્થની ઉત્પત્તિ સ્થિતિ તથા લયમાં કારણરૂપ નથી, એ સહજ સિદ્ધ છે. માટે આ લોકમાં જેમ સમગ્ર નપુંસક મનુષ્યો પુત્રપુત્રીરૂપ પ્રજાને ઉત્પન્ન કરનાર કારણરૂપ નથી, જેથી દેખાતી પુત્રપુત્રીરૂપ પ્રજાને ઉત્પન્ન કરનાર તે નપુંસકથી વિલક્ષણ કોઇ પુરૂષાર્થવંત મનુષ્યો જ કારણરૂપ હોવા ઘટે છે, તેમ આ સંપૂર્ણ પરતંત્ર પ્રવાહ જ્યારે એ પ્રવાહની ઉત્પત્તિમાં કારણરૂપ નથી, ત્યારે તેથી વિલક્ષણ કોઇ સ્વતંત્ર વસ્તુ જ કારણ હોવું ઘટે છે, અને તે સ્વતંત્ર જ સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન્ પણ હોવું ઘટે છે, કારણ કે જે સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન્ ન હોય તે સ્વતંત્ર પણ હોવું ન જ જોઈએ. વળી જે સ્વતંત્ર હોય તે સામાન્ય કે વિશેષ સ્વરૂપે વ્યાપક પણ હોવું જોઈએ. કારણ કે કોઇ પણ કારણસત્તા અનેક હોય તો તે પ્રત્યેક પરતંત્ર જ ગણાય. માટે વિભુ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ અને સ્વતંત્ર એવું આ જગત્પ્રવાહનું કોઇ મુખ્ય પ્રવર્તક કારણ હોવું જ જોઈએ. એ જ કારણને મૂલ તત્ત્વવિત્ પુરૂષોએ ઈશ્વરાદિ સંજ્ઞા આપી છે, એમ જણાય છે. તો એ કારણરૂપ ઈશ્વરની ઉપાસના કરવી એ જ જીવમાત્રને કર્ત્તવ્યરૂપે નીકળે છે.

આટલાપર્યંતમાં આઆદિ અનેક વિચાર કરીને ઈશ્વરોપાસના કર્ત્તવ્ય છે એમ સિદ્ધ કર્યું, અને ઉપાસનાવડે ઉપાસ્યના સ્વરૂપધર્મની સિદ્ધિ થયાપશ્ચાત્ તેથી અન્ય કર્ત્તવ્યની અપેક્ષા જણાય તો અન્ય કર્ત્તવ્યવિષે વિચાર કરવો એવો નિશ્ચય સ્થાપ્યો.

આ ઉપર વર્ણવેલા વિચારમાંથી એ સિદ્ધાન્ત નીકળ્યો કે વિભુત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્ત્વ, તથા સ્વતંત્રત્વ એ આપણા સ્વાભાવિક વા સ્વરૂપધર્મની પેઠે આપણામાં અભિવ્યક્ત કરી લેવા, એ જીવમાત્રને પ્રાપ્તવ્ય છેઃ અને એ લક્ષણ વા ધર્મ મેળવવાઅર્થે જેમાં એ સ્વરૂપલક્ષણરૂપે વા સ્વધર્મરૂપે છે એવા કારણસ્વરૂપ ઈશ્વરની ઉપાસના કરવી એ કર્ત્તવ્ય છે.

આ પ્રાપ્તવ્ય તથા કર્ત્તવ્યનો નિશ્ચય કરીને અન્ય અનેક પ્રમાણુથી તેને દૃઢ કર્યો. તે પ્રમાણોમાંનાં ઉપયોગી આગળ પ્રસંગત્રશાત્

આવશે. હવે આ નિશ્ચયની સિદ્ધિને અર્થે આગળ થયેલી વાર્તાને શ્રવણ કરો.

આ પ્રકારે પ્રાપ્તવ્ય તથા કર્તવ્યને નિશ્ચય કરીને મેં દઢપણે ઈશ્વરોપાસનાને આરંભ કરવાપૂર્વે આ પ્રકારને વિચાર કર્યો. ઈશ્વર સઘળે વ્યાપક હોવાથી તે વ્યાપક સ્વરૂપની ઉપાસના કોઈ એક દેશ તથા પદાર્થમાં કરવી કે સર્વ દેશ તથા સર્વ પદાર્થમાં કરવી? કોઈ અમુક આકારવાન્ પદાર્થદ્વારા કરવી કે કોઈ પણ પદાર્થના સાક્ષાત્ સંબંધવિના કરવી? ત્યાં આ વૃત્તિ કે જેની સ્વભાવ તથા કર્મસંસ્કારથી વિષયસાથે સંબંધવાળી રહી વ્યાપાર કરવામાં પ્રવૃત્તિ થાય છે, તેને કોઈ પણ દેશ વા પદાર્થના સંબંધવિના ઈશ્વરના વ્યાપક સ્વરૂપમાં સ્થાપવી, એ આરંભમાં અત્યંત કઠિન છે. આ હું ઘણા કાલથી વિહિત કર્મના આરંભમાં વૃત્તિને ઉપાસ્ય દેવતાના વ્યાપક સ્વરૂપમાં જોડવા યત્ન કરૂં છું પણ તે યથાઘટિત તેમાં સ્થપાતી નથી, જેથી અંતમાં આ અગ્નિના કુંડસહિત અગ્નિના પ્રકટ જ્વાલાવાળા સ્વરૂપનું ધ્યાન કરીને વિરમું છું. પરંતુ સ્પષ્ટ ઉપાસ્ય દેવતાના વ્યાપક સ્વરૂપને વૃત્તિ અનુભવતી નથી. આ વૃત્તિ એટલી ચંચળ છે કે થોડો કાલ પણ એક પદાર્થને અવ્યભિચારીપણે સેવતી નથી. જે વિષયને આરૂઢ કરવા ઇચ્છા કરૂં છું તેના સાથે સંબંધ થતાં થતાં તે તત્કાલ બીજા બીજા વિષયથી સંબંધ કરતી ભ્રમી જાય છે. એ જ પ્રમાણે રાત્રિદિવસમાં અસંખ્ય પ્રાણિપદાર્થરૂપ વિષયસાથે સંબંધ કરી વળે છે. એવી અતિ ચંચલ વૃત્તિને કાંઈ પણ પદાર્થના સંબંધવિના જ ઈશ્વરના વ્યાપક સ્વરૂપમાં જોડવી એ સાધારણ વાર્તા નથી. જપ કરતાં પણ સાવધાનતા રાખવા છતાં એ વૃત્તિ મધ્યે મધ્યે આડાઅવળા વિચારમાં ઊતરી પડે છે. તેને વારંવાર વાળી જપમાં જોડવા છતાં પણ પાછી છટકી જાય છે. એક પક્ષથી મંત્રને જપ ચાલ્યા કરે છે, અને બીજે પક્ષે તે બીજા વિચારમાં પ્રવેશી જાય છે. પશ્ચાત્ જાણવામાં આવ્યેથી વાળી વળે છે, પરંતુ કોઈ કોઈ પ્રસંગે તે વાળી વળતી પણ નથી. ઉલટી નિર્લજ્જ થઈને તે ન ઇચ્છેલા વ્યાપારને જ દઢપણે કરતી ચાલે છે; અને કોઈ પણ ઇંદ્રિયદ્વારા વ્યાપારમાં જોડીએ છીએ તો તે ઇંદ્રિયવ્યાપારને કરતી છતી બીજું કાંઈ પણ કર્યાવિના રહેતી નથી. જેથી એમ તો નિશ્ચય જણાય છે કે આ ઘણા કાલથી વિષયસંબંધદ્વારા તદાકારસરખી થયેલી વૃત્તિ તે વિષયાકારપરિણામવાળી પોતાની અવસ્થાને એકે કાલે ત્યાગ કરી કોઈ પણ મર્યાદાવાળા દેશ

વા પદાર્થવિનાના કેવલ વ્યાપક સ્વરૂપમાં જોડાઈ સ્થિર થાય એમ નથી. આ પ્રકારે સ્વાનુભવથી જોતાં જણાય છે કે આપણાં શાસ્ત્રમાં કહેલી નિર્ગુણ કે સગુણ ઉપાસના, જેમાં વ્યાપક સૂક્ષ્મ તત્ત્વવિના કોઇ પણ સ્થૂલનો સંબંધ વૃત્તિએ કરવો નહિ, એવા નિયમ સ્થપાયા છે, તેવી નિર્ગુણ કે સગુણ ઉપાસના કરવાને આ સંસારના વિષયી પ્રાણીઓનો પ્રથમ જ અધિકાર નથી. કારણ કે તે વિષયીઓની વૃત્તિ ગાઢ સુષુપ્તિ કે સુષુપ્તિ વિના કોઇ પણ પ્રધાનાવસ્થામાં વિષયના સંબંધવિના રહી શકતી નથી; અને જો તેવાં વિષયાકારવૃત્તિવાળા મનુષ્યોને કેવલ વિષયરહિત અંતર્બાહ્ય રહેવા બલાત્કારથી સંભવ આવે તો પ્રસંગે તેનો ભયંકર પરિણામ પણ થવો સંભવે છે. માટે આ વૃત્તિ પોતાના વિષયકારપરિણામને ક્રમે કરીને છોડતી જાય અને ઉત્તરોત્તર જતાં નિર્વિષયી સ્થિતિમાં અવિકલપણે સ્થિર થાય એવા ક્રમવડે, ઉપાસનાનો આરંભ કરવો જોઈએ, જેથી વિલક્ષણ પરિણામ થાય નહિ.

યથાક્રમ ઉપાસનાના સગુણ તથા નિર્ગુણ એ બેમાંથી પ્રત્યેકના બે બે ભેદ પાડવા ઘટે છે. એક તો સગુણ પદાર્થાકાર ઉપાસના અથવા સગુણ સાકાર ઉપાસના; અને બીજી સગુણ સૂક્ષ્મ તત્ત્વાકાર ઉપાસના અથવા સગુણ નિરાકાર ઉપાસના. ત્યાં ઉપાસ્યને વિષે ગુણો વા ધર્મોના આરોપણપૂર્વક જે ઉપાસના થાય તે સગુણોપાસના છે. તેમાં ઉપાસ્યને વિષે ગુણ વા ધર્મનો આરોપ છતાં આકારનો પણ આરોપ કરવામાં આવે તે સગુણ સાકાર ઉપાસના છે. જેમ કે વિષ્ણુલોકનિવાસી, ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરનાર ઘનશ્યામ વર્ણવાળી મનોહર મૂર્તિવાળા વિષ્ણુ ભગવાનની અથવા એ જ પ્રકારે બીજા સ્થાનાધિપતિ ઉપાસ્ય દેવતાઓની ધારણામાં લેવાતું રૂપ તે આકાર; તથા જગતના પાલન કરનાર, જીવમાત્રનાં કર્મફલને આપનારા, દયા ક્ષમા આદિથી યુક્ત ઇત્યાદિ ધર્મો જે આરોપાય તે ગુણ; આ પ્રકારે આકાર તથા ગુણનો જેમાં આરોપ કરાય છે, એવા ઉપાસ્ય સ્વરૂપની ઉપાસના તે સગુણ સાકાર ઉપાસના છે; અને જેમાં ગુણોનો વા ધર્મોનો આરોપ કરવામાં આવે, તથાપિ આકારનો આરોપ કરવામાં આવે નહિ એવી ઉપાસના તે સગુણ નિરાકાર ઉપાસના છે. જેમકે દશ દિશમાં અનવધિપણેવ્યાપક, જેના વિના અણુમાત્ર પણ જગા ખાલી નથી એવા, હસ્તપાદાદિ કર્મેન્દ્રિય તથા શ્રોત્રત્વગાદિ જ્ઞાનેંદ્રિય જેને નથી છતાં સર્વજ્ઞ, સર્વના કારણરૂપ

સર્વને નિયમમા ચલાવનાર, સર્વના દ્રષ્ટા, કૃપા ઉદારતા આદિથી યુક્ત, ઉપાસકના રક્ષક ઇત્યાદિ ઇત્યાદિ. આ પ્રકારે જેમાં સર્વજ્ઞત્વાદિ ધર્મો વા ગુણોનો આરોપ કરવામાં આવે પરંતુ ગોળ, લંબ, ત્રિકોણ, ચતુષ્કોણાદિ વા મનુષ્યાદિ પ્રાણીશરીરસમાન વા ઇતર કોઇ પણ પ્રકારના આકારનો આરોપ કરવામાં આવતો નથી, પણ ઉલટા નિરાકારાદિ શબ્દોના આરોપવડે આકારના નિષેધપૂર્વક ઉપાસ્યસ્વરૂપની જે ઉપાસના કરવામાં આવે તે સગુણ નિરાકાર ઉપાસના છે. બીજી નિર્ગુણ ઉપાસનાના પણ એ જ પ્રકારે બે ભેદ પાડવા ઘટે છે. તેમાં પ્રથમ નિર્ગુણ સાકાર, અને બીજો નિર્ગુણ નિરાકાર. ત્યાં ગુણમયી માયાના સંબંધવાળા છતાં ગુણનો જેના સાથે ગુણગુણી ભાવસંબંધ કદાચિત્ પણ થતો નથી એવા, સ્વતઃ શરીરી નહિ છતાં પણ ઉપાસકને સામયિક શરીરવાળા ઉપાસનાના અંતમાં પ્રતીત થતા, શરીરના સમગ્ર ગુણ વા ધર્મથી અસંબદ્ધ એવા પ્રકૃતિસ્થાનમાં વ્યાપેલા છતાં અંડાકાર બ્રહ્માંડોના અંડકટાહની મર્યાદાવડે અંડાકારપરિણામવાળા, તે નિર્ગુણસાકાર ઉપાસ્ય છે. તેમની વિવિધ પ્રકારે કરાતી ઉપાસના તે નિર્ગુણ સાકાર ઉપાસના છે. પરમ તત્ત્વરૂપે પ્રકૃતિને વ્યાપીને પણ પ્રકૃતિવિકૃતિઆદિ જડ પરિણામને પ્રાપ્ત સંપૂર્ણ સૂક્ષ્મ દ્રવ્યની મર્યાદાથી ઇતર સર્વ પ્રદેશમાં વ્યાપક તેમ જ જેના સાથે પ્રકૃતિનો સાક્ષાત્ વા પરંપરા કાર્યાકારપરિણામ થવામાં કદાચિત્ પણ સંબંધ થતો નથી એવા તથા એ પ્રકૃતિ નામના સૂક્ષ્મ દ્રવ્યના ગુણના સંબંધથી પણ અતીત હોવાથી ગુણાતીત તથા અમર્યાદ હોવાથી જેને કોઇ પ્રકારનો પણ આકાર બાંધી શકાતો નથી એવા, અર્થાત્ દેશકાલવસ્તુપરિચ્છેદથી રહિત ઉપાસ્યની જે વિવિધ પ્રકારે ઉપાસના કરવામાં આવે છે, તે નિર્ગુણ નિરાકાર ઉપાસના છે. એ ચારે પ્રકારની ઉપાસનાના પુનઃ સકામ તથા નિષ્કામ એવા બે ભેદ છે. ત્યાં જે ઉપાસના કેવલ મોક્ષસુખવિનાના સમગ્ર ઐહિક કે પારલૌકિક સુખની અભિલાષાવડે કરવામાં આવે તે સકામ ઉપાસના ગણાય છે, અને જે ઉપાસના કેવલ મોક્ષનીજ અભિલાષાવડે કરવામાં આવે છે, તે નિષ્કામ ઉપાસના. મેં નાના કર્મ સકામપણે કર્યાં છે, અને તેમાં આવી ગયેલી ઉપાસના પણ સકામપણે મારાથી કરાઈ છે. તથાપિ ઉપાસકે ઉપાસ્યાકારપરિણામને પામવાપર્યંત જે ઉપાસનામાં અવિચ્છિન્ન તૈલધારાવત્ વૃત્તિને સ્થાપવી જોઈએ તે મારાથી રૂડે પ્રકારે સ્થપાઈ નથી, અને તેથી જ મને હજી ઉપાસનાસંબંધે તૃપ્તિ થઈ નથી. ઉપાસ્યાકાર-

પરિણામને પામવાયોગ્ય અંતઃકરણનું સ્થૈર્ય તે તે સકામ ઉપાસનાકાલે ન હોવાથી જ તદાકારપરિણામને મારાથી પમાયું નથી. જે ઉપાસનામાં સ્થૈર્યનું વિરાધી અને ચાંચલ્યનું સાધક સકામપણું વિદ્યમાન હોય છે તે ઉપાસના ક્વચિત્ આગ્રહી પુરુષને જ ઉપાસ્યાકાર પરિણામને પ્રાપ્ત થવા દે છે; જેથી મને યોગ્ય પરિણામઉપર ન આણનાર આ વિક્ષેપના કારણરૂપ સકામપણાનો હવે મારે સત્વર અંતરથી ત્યાગ કરવો જોઈએ, અને યોગ્ય પ્રકારે નિષ્કામ ઉપાસનાનો જ આરંભ કરવો જોઈએ. કોઈ કોઈ પ્રસંગે નિષ્કામમાં ગણી શકાય એવાં કર્મોનું મારાથી અનુષ્ઠાન કરાયું છે, તોપણ તે આજપર્યંત મને નિષ્કામ ઉપાસનામાં જોડનાર થયું નથી. તથાપિ આજે મને નિષ્કામ ઉપાસનામાં જે દૃઢ અભિરુચિ ઉત્પન્ન થઈ જણાય છે, તે સકામ કર્મોપાસના તથા પ્રસંગવશાત્ કરાયલાં નિષ્કામ કર્મનું જ ફલ છે, એમાં કાંઇ સંદેહ નથી.

આઆદિ અનેક પ્રકારના વિચારને કરીને તત્ત્વસાક્ષાત્કારપર્યંત અથવા તો અંતમાં તત્ત્વાકારપરિણામને પામવાપર્યંત દૃઢપણે નિષ્કામ ઉપાસના કર્યા કરવાના નિશ્ચયપૂર્વક મેં ક્રમથી **પ્રથમપ્રાપ્ત સગુણ સાકાર ઈશ્વરની નિષ્કામ ઉપાસનાનો આરંભ કર્યો.** આ ઉપર વર્ણવેલા અષ્ટ ઉપાસનાના ભેદને યોગ્ય પ્રકારે સિદ્ધ કરનાર પુરુષને ક્રિયાપ્રધાન વિચારપ્રધાન તથા મિશ્ર માર્ગમાં પ્રવૃત્ત થનાર અધિકારીવડે કરાતાં સમગ્ર સાધનોનો ઉપયોગ છે, અને તે ઉપાસનામાર્ગે જનાર પુરુષને સઘળા સાધનના પ્રકાર સહજ આવતા જાય છે, જેથી તે ઉપાસકને તે ત્રણે માર્ગનાં યથાક્રમવડે પૃથક્ પૃથક્ સાધનો કરવાની અપેક્ષા રહેતી નથી[1]

આ ઉપાસનાના આરંભથી તે એની સિદ્ધિપર્યંતમાં નાના અંતર્ તથા બહિર્ વિઘ્નો પ્રતીત થયાં. પણ તે સર્વને ઉપાસ્યસ્વરૂપમાં વૃત્તિના દૃઢતાપૂર્વક અનુસંધાન કરવારૂપ પ્રયત્નદ્વારા મેં નિષ્ફલ કર્યાં હતાં.

વૃત્તિમાં ઉપાસ્યાકારપરિણામને પામવાયોગ્ય સામર્થ્ય આણવા અર્થે તેને નાના સ્થાનમાં નાના પદાર્થાકારપરિણામને પમાડવાનો અભ્યાસ સાધકે વા ઉપાસકે કરવો પડે છે. તેપૂર્વે વૃત્તિને વિષયસાથે સંબંધ કરવાનાં દ્વારરૂપ ઇંદ્રિયોને આપણે અધીન વર્તાવવાને

---

૧ ઉપર કહેલાં ક્રિયાપ્રધાન, વિચારપ્રધાન તથા મિશ્રપ્રધાન માર્ગનાં મુખ્ય સાધનોનાં સ્વરૂપ **શ્રીસિદ્ધાન્તસિન્ધુ** ગ્રંથના **પ્રથમ રત્નના** અંતમાં વિસ્તારપૂર્વક વર્ણન કરાયાં છે, માટે આ સ્થલે પુનઃ તેમને સ્ફુટ કરી લખ્યાં નથી.

અર્થાત્ ઉપાસ્યવિષયક વ્યાપારમાં જ પ્રવૃત્ત થવાના અનુકૂલ વેગવાળી કરવામાં આવે છે. ઉપાસકને વૃત્તિનો નિરોધ કરવાના સમયે વારંવાર વિઘ્ન નાંખનાર સર્વ ઇંદ્રિયોમાં પ્રધાન એવી શ્રોત્ર, ત્વક્ તથા ચક્ષુષ્ ઇંદ્રિય છે. તેમનો પ્રથમતઃ રૂડે પ્રકારે જય કરવો અવશ્યનો છે. ત્યાં ઉપાસનાકાલે ઉપાસ્યથી વ્યતિરિક્ત પદાર્થમાત્રના સંબંધમાં ઉપાસકની ઇચ્છાથી તે તે ઇંદ્રિયની નિવૃત્તિ રહેવી એ જ આ સ્થલે ઇંદ્રિયનો રૂડે પ્રકારે જય સમજવો.

ઉપાસકને વિઘ્નનાં પ્રત્યક્ષ દ્વારરૂપ આ ચાર છેઃ—

૧ પ્રતિકૂલ શરીર, ૨ પ્રતિકૂલ વેગવાળી વૃત્તિ, ૩ પ્રતિકૂલ વિષયના સંબંધમાં આસક્ત ઇંદ્રિય, અને ૪ પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો સંગ વા સમીપતા. ઉપાસના સિદ્ધ કરાવવામાં પણ અનુકૂલ થવાથી એ જ ચાર સાહાય્યક છે. અનુકૂલ શરીર એટલે રોગાદિ વ્યથાથી રહિત નીરોગ શરીર. અનુકૂલ અંતઃકરણ, મન, વા વૃત્તિ, એટલે આલસ્યપ્રમાદાદિ દોષોના ઉત્પાદક તામસ સ્વભાવથી તથા કામક્રોધ-રાગદ્વેષાદિ દોષોના પ્રવર્તક રાજસ સ્વભાવથી રહિત અંતઃકરણ, મન વા વૃત્તિ. અનુકૂલ ઇંદ્રિય એટલે અનુકૂલ વસ્તુરૂપ ઇષ્ટને જ સર્વ વિષયના અધિકરણરૂપ માનીને તેમાં જ વેગવડે પ્રાપ્ત થનારી ઇંદ્રિય અને અનુકૂલ પ્રાણિપદાર્થની સમીપતા એટલે સદ્ગુરૂ અથવા સમાન સાધનબલવાળા ઉપાસક પુરુષો તથા તેમાં અવશ્ય ઉપયોગી પદાર્થની સમીપતા. આ ચાર. ઉપાસના સિદ્ધ કરાવવામાં હેતુરૂપ છે. એથી પ્રતિકૂલને પૂર્વોક્ત પ્રતિકૂલના અર્થરૂપ જાણવા.

આ ચાર વિઘ્નમાં પ્રથમ જે પ્રતિકૂલ શરીરરૂપ વિઘ્ન છે, તે તો ઈશ્વરની કૃપાથી મારામાં મુખ્ય પ્રતિબંધકરૂપ જણાયું નથી. પ્રસંગવશાત્ જ્વરાદિ ક્ષુદ્ર વ્યાધિઓ આવીને પીડતા, પણ તે ખાસ સાધકાવસ્થામાં મને પીડનાર થયા ન હતા, અર્થાત્ શરીર તો અનુકૂલ જ હતું, એમ ગણવામાં કોઇ મોટો વિરોધ નથી. પ્રતિકૂલ વેગવાળું, અંતઃકરણ, મન વા વૃત્તિ, એ ઘણે પ્રસંગે ઉપાસનાના આરંભમાં વિઘ્ન કરનાર જણાયાં હતાં. જ્યારે જ્યારે હું ઉપાસનાનો આરંભ કરી બેસું ત્યારે ત્યારે છંછેડેલાં નાગનાગણી કે વ્યાઘ્રની જાતિ જેમ સંમુખ પ્રાપ્ત થનારને અવશ્ય હાનિ કરે છે, તેમ એ મન તથા નાના વૃત્તિ મને ક્ષણે ક્ષણે વિકલ કરતાં. જ્યારે હું ઇષ્ટનું અનુસંધાન કરવાનો આરંભ કરું ત્યારે તત્કાલ તો એ મન તથા વૃત્તિ સજ્જન મિત્રની પેઠે મારી ક્રિયામાં અનુકૂલ થઈ પ્રવેશ કરતાં; પણ

જેમ કપટી મિત્ર, ઉપરથી આપણા ઇષ્ટની જ ઇચ્છા કરતો છતાં અંતરથી આપણું અનિષ્ટ જ કરવામાં અભિરુચિવાળો રહીને લાગ સાધીને આપણને અસાવધ કરીને આપણને અનુચિત વ્યવહારમાં જોડીને આપણું અનિષ્ટ જ કરે છે, તેમ એ મન તથા વૃત્તિ પ્રથમ અનુકૂલ ભાવ દેખાડીને પછી ક્રમે કરી મને અસાવધ કરીને અનિષ્ટના જનક વ્યવહારના ચિંતનમાં જોડી દેતાં તેઓ બંને જોડાતાં હતાં. વળી ક્ષણપશ્ચાત્ પુનઃ સાવધાન થઈને એમના છલને જાણીને એ મનવૃત્તિને તિરસ્કાર કરીને, અત્યંત લજાવીને, એમનાથી પૃથક્-પણાના નિશ્ચયને આગળ સ્થાપીને પુનઃ હું ઇષ્ટોપાસનામાં પ્રવેશ કરતો. આપ્રમાણે અનેક વાર એ મન તથા વૃત્તિઓસાથે યુદ્ધ કરતો, તથા પ્રસંગે એમની સ્તુતિ કરતો ઉત્તરોત્તર મારી ઉપાસનામાં દઢ થતો ગયો. યોગ્ય કાલ તથા પ્રયત્નના યોગે સગુણ સાકાર નિષ્કામ ઉપાસનામાં હું સફલ થયાસરખો જણાયો. નિશ્ચય કરેલા ઇષ્ટસ્વરૂપની અંતર્ વા બહિર્ ઇપ્સિત સ્થાનમાં યથાવત્ પ્રતીતિ, ઉપાસનાના નિયમિત કાલપર્યંત વિજાતીય વૃત્તિના વ્યવધાનરહિત ઇષ્ટસ્વરૂપના અવલોકનમાં જ તત્પરતા, તથા ઇષ્ટસ્વરૂપનું અનુસંધાન થયાપછી મન વા ચિત્ત તથા વૃત્તિનો ઇંદ્રિયોસહિત જે અચલ ભાવ થઈ રહેવો, એ આ સ્થલે સફલતા સમજવી.

આ પ્રકારે અન્ય વ્યવહારસંબંધી સમગ્ર વ્યાપારની રૂડે પ્રકારે સિદ્ધિ કરીને વ્યવહારની પરિસીમાઉપર આવી રહેલો હું દિવસ-રાત્રિના આરંભમાં તથા અંતના સમયમાં પવિત્રપણે શુદ્ધબુદ્ધિપૂર્વક ઇષ્ટોપાસના કરવા લાગ્યો. તેથી ક્રમે કરીને મારા અંતઃકરણના પ્રબલ રાજસતામસ ભાવ શિથિલ થતા જણાયા. ત્યારપછી ઉત્તરોત્તર પ્રવૃત્તિ કરવામાં આ મન તથા વૃત્તિરૂપ અંતઃકરણ મને સાક્ષાત્ પ્રતિ-બંધક જણાયું નહિ.

અંતઃકરણની શિથિલતા થવાથી ઇંદ્રિયોની પણ પોતપોતાના વિષયમાં જે અત્યંત આસક્તિપૂર્વક ગતિ હતી તે રોકાઈ જતી જણાઈ. તેથી આ ઇંદ્રિયોની અયોગ્ય પ્રવૃત્તિરૂપ પ્રતિબંધની પણ વિશેષ અંશે નિવૃત્તિ જણાઈ હતી. ચોથું વિઘ્ન જે પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો સંગ વા સમીપતા છે, તે પ્રથમતઃ મેં પ્રયત્નપૂર્વક ત્યજ્યું હતું. તેણે મને પ્રથમ તો મારા કાર્યમાં પ્રવેશ કરી કષ્ટ આપ્યું નહિ, પણ પછી પાછળથી મને એ વિઘ્ને ઘણો સંતાપ આપ્યો હતો. તે હવે સ્પષ્ટ કરીને કહું છું. પ્રીતિપૂર્વક સર્વ શ્રવણ કરો. સગુણ સાકાર

ઉપાસનાનો પરિપાક થયાપછી સગુણ નિરાકાર ઉપાસનામાં આ અંતઃકરણ વૃત્તિસહિત જોડાયું, ત્યારે સંપૂર્ણ વિશ્વપ્રપંચ ઇષ્ટથી વસ્તુતઃ પૃથક્ નથી એવો મને દૃઢ અનુભવ થયો. ઉપાસનાકાલે સર્વ જગત્નો પ્રથમ ઉપાસ્યમાં લય થતો, અને પછી આ દેહમાં 'હું છું' એવું માનનાર જે ઉપાસક, તે હું પણ ક્રમે કરીને ઉપાસ્યસંમુખ વિલાઈ ગયાસરખો થતાં—અર્થાત્ ઉપાસ્ય સર્વ સ્થલે હોવાથી, સંમુખ વિલાઈ ગયોસરખો થતાં, એટલે ભિન્નાસ્તિત્વરૂપે પોતાની પ્રતીતિ કરતો હતો તે પોતે પણ તેમાં લય ભાવને પામી જતાં–ઉપાસ્યમાત્રની સ્થિતિ રહેતી. એ કાલ કેવલ ઉપાસ્યાકાર એટલે સુખસ્વરૂપાકાર થયેલો હું પૃથક્ભાવથી રહિત, ઉપાસ્યમાં લયભાવને પામી રહેતો; અને ઉપાસનાના સમયના અવધિએ પુનઃ જાગ્રત્ કરનાર સંસ્કારના બલે ક્રમે કરીને પ્રથમ મારી પ્રતીતિ કરતો, પછી ઉપાસ્ય સ્વરૂપને અનુભવતો, અને પછી ઉપાસ્યના સર્વવ્યાપક સ્વરૂપમાં જ જગત્ને પૂર્વવત્ અનુભવતો. આ પ્રકારના સગુણ નિરાકાર ઉપાસ્યના સ્વરૂપસાથે નિરંતર વૃત્તિનું અનુસંધાન કરતો હું ઉત્થાનાવસ્થામાં પણ પૂર્વકરતાં અધિક સંતોષ તથા નિર્ભયતાનો અનુભવ કરવા લાગ્યો, તથા અંતઃકરણ પણ સંપૂર્ણ સંશયવિપર્યયદોષથી રહિત થયેલું અનુભવમાં આવવા લાગ્યું.

મહાપ્રલયના સમયે મૂલ પ્રકૃતિવિચ્છિન્ન ચેતન જે શબલ બ્રહ્મ, મહાકાલ વા મહેશ્વરાદિ સંજ્ઞાથી અનુભવાય છે તે, રુદ્ર ભગવાનની ઇષ્ટેચ્છાને તૃપ્ત કરવાનિમિત્ત દિવ્ય લીલાતનુને ધારણ કરી તે રૂપે પ્રતીત થાય છે. એ નિર્ગુણ સાકાર સ્વરૂપ છે. તે નિર્ગુણ સાકાર ઇષ્ટસ્વરૂપને જોતાં જોતાં જેમ તે મહેશ્વરથી વ્યતિરિક્ત સ્થાનને કાર્યાકારપરિણામથી રહિત કેવલ પ્રકૃતિરૂપે તે રુદ્રો અનુભવે છે, અને તે પ્રકૃતિસ્થ ચેતનસત્તાના બલે પ્રસરતું પ્રકૃતિદ્રવ્ય વેગવડે મહેશ્વરના નિર્ગુણ સાકાર સ્વરૂપને નિર્ગુણ નિરાકાર સત્તારૂપે કરી તેમાં મળી જઈ પછી રુદ્રોનાં દિવ્ય તનુને પોતામાં ગુપ્ત કરી દે છે, અર્થાત્ લય કરી દે છે, તેમ પ્રથમ સગુણ સાકાર ઉપાસ્યના સ્વરૂપને અનુભવતો હું તદ્ભિન્ન નામરૂપજગત્ને સામ્યાવસ્થાવાળી પ્રકૃતિરૂપ જ અનુભવતો હતો, તે પ્રકૃતિરૂપ દ્રવ્ય જે મારા સગુણ સાકાર ઉપાસ્યથી ભિન્ન સત્તાવાળું નથી, તેમાં પ્રથમ આ સગુણ સાકાર સ્વરૂપ એકભાવને પામી જતું, અને પછી જેમ દશ દિશને પૂર્ણ કરતું જલ પ્રાણિપદાર્થમાત્રને ઢાંકતું આવીને મધ્યસ્થિત કોઇ એક દ્રષ્ટાના ઉપર ફરી વળી તેને પોતામાં ગુપ્ત કરી

કેવલ પોતે જ સર્વ સ્થલે હોય છે તેમ મારા સગુણ સાકાર સેવ્ય, સગુણ નિરાકાર સ્વરૂપને પામી, હું દ્રષ્ટારૂપ મધ્યસ્થ ઉપાસકને આચ્છાદન કરી રહેતા, અને પછી ઉપાસનાના નિયમિત સમયની સમાપ્તિએ, જેમ સર્ગકાલે પુનઃ સામ્યાવસ્થાવાળા પ્રકૃતિસ્થાનમાં પ્રથમ રુદ્ર ભગવાન્ પ્રકટ થઇને પશ્ચાત્ સંપૂર્ણ સૃષ્ટિનું મંડાણ થાય છે અને જેમ અંતમાં ઉચ્ચસ્થાનાવચ્છિન્ન દ્રષ્ટાને ગુપ્ત કરવાપર્યંત પ્રવર્તેલું જલ પુનઃ ઊતરીને પ્રથમ દ્રષ્ટાને પ્રકટ કરીને પછી સંપૂર્ણ સ્થાન તથા પદાર્થને સ્પષ્ટ કરે છે, તેમ મારા ઉપાસ્ય, પ્રથમ પોતામાં મારી પ્રતીતિ મને કરાવીને પછી પોતાના વ્યાપક સ્વરૂપમાં જ આ સંપૂર્ણ જગત્ની જેમની તેમ પ્રતીતિ મને કરાવતા અનુભવાતા હતા.

આ પ્રકારે સગુણ સાકાર તથા સગુણ નિરાકાર ઉપાસનામાં મારો દઢતાથી ઉત્તમ પ્રકારનો પ્રવેશ થયો, ત્યારે મને ઉપાસનાકાલે તથા ઉત્થાનકાલે પણ અવર્ણનીય આનંદ પ્રતીત થતો હતો.

પ્રથમથી જ લોકોમાં મારી ઉત્કૃષ્ટતા સજ્જન પુરુષો પરસ્પર ચર્ચતા હતા, તથા હું ઉત્તરોત્તર વ્યવહારની અધિક કાળજીને ત્યજીને પરમાર્થનિમિત્તે ઇષ્ટોપાસનામાં તત્પર રહું છું એ વાર્તાને પણ સર્વ સજ્જનો જાણતા હતા, તેથી ક્રમે કરીને સજ્જનોદ્વારા મારી અધિક સ્તુતિ થવા લાગી. આ જગત્ ગુણદોષવાળી પ્રકૃતિનું કાર્ય હોવાથી સંપૂર્ણ જગત્ ગુણદોષથી નિરંતર યુક્ત જ હોય છે. (પ્રકૃતિને ગુણમયી કહી છે. દોષવાળી કહેવાયોગ્ય નથી. પણ જ્યાં જ્યાં ગુણનું સ્થાન હોય છે ત્યાં ત્યાં દોષનો પણ ભાવ જ હોય છે, માટે પ્રકૃતિને ગુણદોષવાળી કહેવામાં કોઇ વિરોધ નથી. રજસ્, સત્ત્વ, તથા તમસ્ એ ગુણો પણ એક બીજાની અપેક્ષાથી આ લોકમાં કાર્યની પ્રવૃત્તિવડે દોષરૂપ જ ગણાય છે.) આ જગત્માં ઈશ્વરના પણ અવિરોધ તથા વિરોધને સાધનાર જીવો છે, તો ઇતર દેવ કે મનુષ્યના વિરોધ તથા અવિરોધને સાધનાર પ્રજા હોય એમાં શું આશ્ચર્ય છે? શિકાર કરનારા શિકારીઓ જે પશુપક્ષીને મારે છે, તેમનું કાંઇ સકારણ વૈર પ્રત્યક્ષ નથી. તેમ જ મત્સ્યને મારનાર માછીનું ને મત્સ્યનું કાંઇ સકારણ વૈર પ્રત્યક્ષ નથી. તોપણ તે દુષ્ટ જનો પ્રતિદિવસ તેમને મારે છે. તેમ જ જગત્માં સત્પુરૂષ તથા દુર્જનોનું કાંઇ સકારણ વૈર પ્રત્યક્ષ નથી. પરંતુ તે દુર્જનો પોતાના દુષ્ટ સ્વભાવને વશ રહી નિરંતર દ્વેષ વધારી નિંદાને કરે જ છે.

આ પ્રકારના નિયમને અનુસરીને ઘણા સજ્જનો તથા દુર્જનો

ક્રમે કરીને મારી સ્તુતિ તથા નિંદા કરવામાં પ્રવૃત્ત થયા. તેમ જ કેવલ દૂર રહીને જ સ્તુતિ ન કરતાં સજ્જનો તો વારંવાર મારા સંગની ઇચ્છા રાખતા મારા સમીપ આવવા લાગ્યા, અને પોતાના શ્રેયઃનિમિત્તે નાના પ્રકારની શંકાના નિવારણાર્થે મારા પ્રતિ પ્રશ્નો કરી સમાધાન લેવાને ઇચ્છાવાળા જણાયા. તેમને સમયની અનુકૂલતાએ યથાશક્તિ સમાધાન આપવામાં પ્રથમ તો મને પણ કોઇ મોટો વિરોધ જણાયો નહિ, તેથી ઉત્તરોત્તર એ વ્યવહાર વધવા લાગ્યો.

આ સંસારમાં ઇશ્વરની કૃપા ઐશ્વર્ય અથવા તો એમાંથી એક પણ જ્યાં હોય છે, ત્યાં સાધારણ રીતે લોકોની વિવિધ નિમિત્તથી પ્રવૃત્તિ જણાય છે. ત્યાં અલૌકિક ઐશ્વર્યવાન્‌ના સમીપ તો આ લોકના વિષયપદાર્થના સુખની લાલસાવાળા પ્રાણીઓ જાય છે, અને કૃપા તથા અલૌકિક ઐશ્વર્ય જેમની પાસે હોય છે તેમની પાસે તો આ લોકપરલોકનાં સમગ્ર સુખની અભિલાષાવાળાં, તથા અલૌકિક નિત્ય નિરામય સુખની અભિલાષાવાળાં, એમ સમગ્ર પ્રાણીઓની પ્રવૃત્તિ થાય છે. તથાપિ ઉજ્જ્વલ સ્વભાવસંસ્કાર કે પુણ્યકર્મના સંસ્કારવિના કૃપાવાળા તથા અલૌકિક ઐશ્વર્યવાળા પુરુષોનો પ્રાણીઓને સંબંધ જ થતો નથી. કોઇ અલ્પ પુણ્ય વા સુસ્વભાવના સંસ્કારયોગે આગંતુક સંબંધ થાય છે, તો તે તત્કાલ ઉત્તરોત્તર વૃદ્ધિને પામતો રહેતો નથી; મધ્યે જ પ્રતિબંધ આવી સંબંધ છૂટી જાય છે. તેથી તેવા મહાત્માપુરુષસમીપ નિરંતર અધિક મનુષ્યોનો સંબંધ જામ્યો રહેતો નથી, પણ નદીના જલની પેઠે પ્રવાહરૂપ સંબંધ થાય છે. કોઇ કોઇ પ્રબલ સુસંસ્કારના યોગવાળા પુરુષો ઇચ્છાના અવધિપર્યંત અર્થાત્ આપ્તકામ થવાપર્યંત પણ ટકી રહે છે.

જેમ લૌકિક ઐશ્વર્યવાળા તથા ઇષ્ટકૃપાવાળા પુરુષો પણ હોય છે, તેમ જ કેવલ કૃપાપ્રાપ્ત પુરુષો પણ હોય છે, અને એ જ પ્રકારે એ કૃપા તથા લૌકિકઅલૌકિક ઉભય ઐશ્વર્યવાળા પુરુષો પણ આ જગતમાં હોયછે. એમાંના પ્રત્યેકને વિવિધ સંસ્કારબલવાળા પુરુષો પૂજ્યબુદ્ધિથી સેવે છે. તેમાં ઉત્તરોત્તર ક્રમથી શ્રેષ્ઠતાનો આ નિયમ જાણવો. જગત્‌માં સામાન્ય જીવોકરતાં લૌકિક ઐશ્વર્યવાળા શ્રેષ્ઠ છે- (લૌકિક ઐશ્વર્યમાં ધનાદિ પદાર્થ તથા વિવિધ વિવિધ વિદ્યાકલાદિનો સમાવેશ જાણવો.) તેનાથી કેવલ કૃપાપાત્ર શ્રેષ્ઠ છે; (ઉત્તમ સદ્‌ગુણનીતિવાન્ તથા ઈશ્વરપરાયણ બુદ્ધિવાળો, સર્વનું નિરંતર શુભ જ ચિંતવનાર, તથા મોક્ષેચ્છાવાળો મુમુક્ષુ કૃપાપાત્ર જાણવો.) તેનાથી કૃપા તથા લૌકિક

ઐશ્વર્યવાળો શ્રેષ્ઠ છે; તેનાથી કૃપા તથા અલૌકિક ઐશ્વર્યવાળો શ્રેષ્ઠ છે; તેનાથી કૃપા, તથા લૌકિકઅલૌકિક ઐશ્વર્યવાળો પુરુષ શ્રેષ્ઠ છે; અને એ સઘળાકરતાં પણ એ ત્રણ પ્રાપ્ત કર્યાપછી એ ત્રણની અપેક્ષાઉપેક્ષાથી રહિત થઈને નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત જીવન્મુક્ત પુરુષ શ્રેષ્ઠ ગણાવો યોગ્ય છે. પરંતુ તેની સ્થિતિ વ્યવહારદશાના અંત્યાગ્ર ઉપર થઈ જવાથી આ ક્રમમાં તેની ગણુના કરવી ઉચિત નથી.

આ પ્રકારના પુરુષોપ્રતિ, નાના પ્રકારના સંબધવાળા અસંખ્ય જીવોને, આ સૃષ્ટિપ્રવાહ વહ્યા કરે છે. તેમાં મારા પ્રતિ પણ મારાથી અનુકૂલપ્રતિકૂલ ભાવના સંસ્કારવાળો પ્રાણીઓનો પ્રવાહ આવતો તથા જતો જોયો. અનુકૂલ બુદ્ધિવાળા પ્રાણીઓ તો મારા સમીપ આવીને પોતાનું હિત પ્રધાનપણે તથા અહિત અત્યંત ગૌણપણે કરી જતા હતા. અત્યંત અનુકૂલ પ્રાણીઓ તો મારાથી સંબંધ કરીને પોતાનું કેવલ હિત જ સાધતા હતા. પ્રતિકૂલ મનુષ્યો જેઓ મારા પ્રતિ આવતા તેઓ તો પ્રધાનપણે અહિત અને ગૌણપણે પોતાનું હિત સાધી જતા. અત્યંત પ્રતિકૂલ પ્રાણીઓ તો મારાથી સંબંધ કરીને તેવડે પોતાનું કેવલ અહિત સાધી લેતા હતા, અને મારાથી અનુકૂલપ્રતિકૂલ બુદ્ધિથી રહિત પુરુષો તો પ્રસંગવશાત્ પોતાના પ્રાપ્ત હિતને જ માત્ર સિદ્ધ કરી લેતા હતા. આ પ્રકારના સહસ્રાવધિ મનુષ્યનો નિરંતર મારા પ્રતિ આવજાનો વ્યવહાર થવા લાગ્યો. ક્રમે કરી મનુષ્યની પરંપરાદ્વારા ચાલેલી મારી કીર્તિને શ્રવણ કરીને અન્ય પ્રદેશથી પણ ઘણા મનુષ્યો, જતાં આવતાં માર્ગમાં શોધ કરીને કોઇ તો માત્ર દર્શનની લાલસાથી તથા કોઇ તો દર્શન તથા સમાગમથી બોધવાર્તાને અથવા શાસ્ત્રના સિદ્ધાન્તને શ્રવણ કરવાની લાલસાથી, આવવા લાગ્યા. કોઇ તો માત્ર ચેષ્ટા જ જોવાને, કોઇ મારી સ્થિતિ તથા કૃતિ જોવાને, કોઇ મારું વકતૃત્વ જોવાને, કોઇ મારા આશ્રમનો વૈભવ જોવાને,કોઇ મારા સાત્વિકરાજસતામસ સ્વભાવની મર્યાદાનાં અનુમાન કરવાને, કોઇ મારા જ્ઞાન વા અજ્ઞાનની તુલના કરવાને, અને કોઇ તો મારા દંભી કે અદંભીપણાના નિર્ણય કરવાને આવતા હતા. આ પ્રકારે અનેક મનુષ્યોના નિરંતર સહવાસથી પણ કેટલાક દિવસપર્યંત તો મારા અંતઃકરણમાં કોઇ પ્રકારની પણ મુક્તત્વના માર્ગની વિરોધી ભાવના પણ પ્રતીત થઈ નહિ, તેમ જ મારી વૃત્તિને નિયમિત તત્ત્વાનુસંધાનનો વ્યવહાર ચાલતો તેમાં કિંચિત્ પણ વિલક્ષણતા જણાઈ નહિ. કારણ કે મારા નિયમિત

નિવૃત્તિ સેવવાના સમયવિનાના કાલમાં જ આ જનસંગરૂપ ઉપાધિનો નિરંતર સંબંધ રહેતો હતો. મારા દ્વારા શાસ્ત્રના સિદ્ધાન્તને નિર્વિવાદપણે શ્રવણ કરી સિદ્ધ કરનાર પુરુષો પોતાનાં અંતઃકરણમાં કર્ત્તવ્યના બાંધેલા નિશ્ચયોના અનુસાર આ પ્રકારના વિચારો કરવા લાગ્યા:–

આ સઘળાં શાસ્ત્રો જીવના દુઃખરૂપ બંધની નિવૃત્તિના ઉપાયને વર્ણન કરે છે, જીવને દુઃખરૂપ બંધની પ્રતીતિરૂપ પ્રાપ્તિનાં કારણો તથા આ દૃશ્ય પ્રપંચનું દુઃખપ્રદ સ્વરૂપ વર્ણે છે, એ બંધનિવૃત્તિ કરનાર અધિકારીના સ્વરૂપને વર્ણે છે, બંધનિવૃત્તિપર્યંતના માર્ગને દેખાડતાં મધ્યે આવનાર વિઘ્નોને તથા બંધનિવૃત્તિપર્યંતમાં અધિકારીને પ્રતીત થનાર સાક્ષાત્ સિદ્ધ તથા અવાંતર ફલનાં સ્વરૂપને સ્પષ્ટ કરીને કહે છે, તથા અંતમાં સિદ્ધ દશાનાં સ્વરૂપને સ્પષ્ટ કરી જણાવે છે. મધ્યે મધ્યે વ્યવહારની શ્રેષ્ઠ, મધ્યમ, તથા નેષ્ટ અવસ્થાઓનાં સ્વરૂપને, તેના સાધક હેતુઓને, તથા તેથી થતા લાભને તેમ જ હાનિને વર્ણે છે. વળી વ્યવહારની ઉત્તરોત્તર શ્રેષ્ઠતા અનુભવવાના નિમિત્તે નાના પ્રકારના નીતિના નિયમોને સૂચવે છે. આ સઘળું રુચે તેવે પ્રકારે પ્રાણીઓના લક્ષમાં આણવામાટે નાના રચનાવડે નાના પ્રકારની આખ્યાયિકાના નિરૂપણપૂર્વક નાના ગ્રંથો આજપર્યંત થયા છે, થાય છે, ને થશે. પણ તે સર્વમાં સુખનાં તથા દુઃખનાં વિરોધી અને અવિરોધી સ્વરૂપ તથા કારણને જ માત્ર પ્રતિપાદન કરાય છે, એમાં કોઇ સંદેહ નથી. આ સઘળાનો આપણે કેવલ ઇષ્ટની જ ઇચ્છા રાખનારે સાર કાઢવા જતાં માત્ર એ જ નીકળે છે કે આ મનનો અમન ભાવ કરવો; આ વિપરીત બુદ્ધિને સંશયવિપર્યયરૂપ નિશ્ચયને ન કરનાર નિર્દોષ કરવી; આ વિષયસંસ્કારવાળા ચિત્તના અતિ ચંચલપણારૂપ સ્વભાવનો તેના કારણસહિત લય કરવો, અને ચાંચલ્યવિરહિત, સ્થૈર્યયુક્ત ચિત્તનો અચંચલ સ્વભાવ પ્રકટ અનુભવવો; આ દૃશ્યપ્રતિ બંધાયલો અભિમાનીનો મમત્વભાવ ક્રમે કરીને નિર્મૂલ કરવો; તથા શરીરીની આ અહંભાવનાની શિથિલતા તથા લય, અથવા તો અપરિચ્છિન્ન મહત્ શુદ્ધાભિમાનનો અચલ ભાવ પ્રકટાવવો. આ સઘળું ક્રમથી થતાં જીવન્મુક્તિસુખનો અનુભવ કરતાં અંતમાં મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકારનો એકકાલાવચ્છિન્ન દૃઢ સ્વરૂપભાવનાવડે લય થઇ પુનરુત્થાનરહિત સ્વરૂપે રહેવું.

આ પ્રકારના કર્ત્તવ્યને નિશ્ચય કરી સિદ્ધાન્તાનુસાર યત્ન કરવામાં પોતાને અસમર્થ જાણતા એવા કેટલાક શ્રદ્ધાવંત અધિકારીઓએ તો

આ પૂર્વોક્ત વિચારપ્રમાણે અંતમાં કર્તવ્ય છે, એમ જાણતાં છતાં પણ પોતાના અંતઃકરણમાં આ પ્રકારનો વિવિધ વિચારદ્વારા નિશ્ચય બાંધ્યો હતોઃ એ વિચાર તથા નિશ્ચયને પણ સ્વલ્પમાં કહું છું.

આ વિશ્વપ્રપંચ જે વ્યવહારકાલમાં નામરૂપથી જ વ્યવહરાય છે, તે નામરૂપ પ્રપંચને જગત્, સંસાર, આદિ ભિન્ન ભિન્ન શ્રવણગોચર થતા શબ્દોથી ઓળખાવવામાં, આ લોક તથા શાસ્ત્રનો પ્રયત્ન જણાય છેઃ અને આ જગત્રૂપ પ્રપંચ જેના વડે ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને પ્રાપ્ત થતો તથા જેને વિષે પરતંત્રરૂપ વર્તતો પ્રતીત થાય છે, તેને તથા જે આધારઆધેયભાવથી રહિત ગણાતા છતાં પણ તથા કાર્યકારણાદિ સંજ્ઞાઓ વસ્તુતઃ જેમાં ઘટતી નથી છતાં પણ જેને આધારરૂપ તથા કારણરૂપ ગણવામાં આવે છે તેને જ મહેશ્વર શબલ બ્રહ્મ આદિ શબ્દોથી ઓળખવામાં લોકશાસ્ત્રનો પ્રયત્ન જણાય છે. આથી પરતંત્ર વર્તતો પ્રપંચ તથા તેનો પ્રવર્તક હેતુ એમ બે જ, અંતમાં તથા આરંભમાં ગણવા યોગ્ય છે. પક્ષાંતરે એને જ અનાદિ તથા અનંત ગણવામાં આવે છે, તથા તત્ત્વવિચારમાં પક્ષે પ્રપંચને અનાદિસાંત, તથા હેતુને અનાદિસિદ્ધ, અર્થાત્ અનાદિઅનંત નિશ્ચય કરવામાં આવે છે. આ પ્રપંચ અનાદિસાંત હોવાથી સ્થિર નથી, અને અસ્થિર હોવાથી અંતમાં અથવા પદાર્થોનાં રૂપાંતરસ્થાનાંતરમાં દુઃખદ થાય છે. પ્રતીત કરનારને દુઃખદ હોવાથી એને દુઃખરૂપ કહ્યો છે. આ પ્રપંચની પ્રતીતિ કરનાર સર્વને સુખ પ્રિય છે, દુઃખ પ્રિય નથી, માટે દુઃખરૂપ હોવાથી આ પ્રપંચ પ્રીતિથી સેવવા યોગ્ય નથી. એમ છતાં પણ જનોની પ્રીતિ પ્રપંચમાં હોય છે, તથા તે પ્રીતિવડે દુઃખનો અનુભવ પણ તેમને જણાય છે. આ કારણથી જ શાસ્ત્ર તથા સત્પુરુષો, જનોને ક્રમે કરી પ્રપંચની આસક્તિથી મુક્ત થવા કહે છે, તથા વિષયપદાર્થમાત્રમાં આસક્તિવડે આગ્રહપૂર્વક જનોની પ્રવૃત્તિ થાય છે, તે ટાળવાઅર્થે જ દૃશ્યવિષયમાત્રમાં અસ્પૃહારૂપ વિરાગને સાધવા બોધે છે. અસ્પૃહારૂપ વિરાગ અંતઃકરણમાં પ્રકટ થવાથી પદાર્થલાલસા શિથિલ થાય છે, અને તેથી વિષય પ્રાપ્ત થતાં તથા અપ્રાપ્ત રહેતાં અંતઃકરણમાં સંતાપ થઈ દુઃખાનુભવ થતો નથી, જેથી વિરાગાદિ સાધનો સુખેચ્છક જનોને અવસ્ય ઉપયોગી છે એમાં સંદેહ નથી. આ પ્રકારે જોતાં તત્ત્વાકારપરિણામને પામવાની અર્થાત્ સુખસ્વરૂપ થઈ રહેવાની ઇચ્છાવાળા સર્વ જનોએ લોકલોકાંતરમાં પ્રાપ્ત થતાં સંપૂર્ણ વિષયજન્ય સુખમાં અસ્પૃહારૂપ શુદ્ધ

વિરાગને જ પ્રથમ સિદ્ધ કરવો ઘટે છે, એમ સિદ્ધ થયું. પણ એવો શુદ્ધ વિરાગ જ્યાંપર્યંત આપણને પ્રાપ્ત થયો નથી, ત્યાંપર્યંત આપણે સકામકર્મોપાસના કરવાની અગત્ય છે; અને તેમ કરતાં નિષ્કામકર્મોપાસનાનો અધિકાર પ્રાપ્ત થશે ત્યારે જ આપણે વિરાગને પ્રાપ્ત કરી શકીશું.

હવે સકામકર્મોપાસના તથા નિષ્કામકર્મોપાસના કોઇ પણ ઉપાસ્ય દેવતા સિદ્ધ કર્યાવિના થઈ શકે નહિ. જેથી કોઇ શાસ્ત્રે વિધાન કરેલા, તથા લોકપરંપરાથી ઉપાસ્યરૂપે ગણાયેલા એવા ઉપાસ્યને સિદ્ધ કરવા જોઈએ.

ત્યાં ઉપાસનાપ્રતિપાદક વિવિધ શાસ્ત્રગ્રંથપ્રતિ લક્ષ કરતાં જણાય છે કે તેમાં વિવિધ સ્વરૂપે અનેક ઉપાસ્ય દેવતાની ઉપાસનાને શ્રેષ્ઠ કહી છે. પ્રત્યેક ઉપાસનાને તે તે શાસ્ત્રમાં શ્રેષ્ઠ કહી છે તેથી ગમે તેની ઉપાસના કરીએ તો ચાલે એમ છે. પણ તે સઘળા ઉપાસ્ય સ્વરૂપમાંથી કયા એક સ્વરૂપને જ પ્રધાનપણે ઉપાસ્યરૂપે ગ્રહણ કરવું, એ નિશ્ચયમાં પ્રવેશતાં વારંવાર વ્યામોહ થાય છે. વળી તેવા જ ગ્રંથોમાં એક ઉપાસ્યની શ્રેષ્ઠતા અને બીજા સર્વ ઉપાસ્યની ગૌણતા પણ પ્રતિપાદન કરી હોય છે. તેથી પણ અમુક દેવને જ ઉપાસ્યરૂપ ગ્રહણ કરવા, એવો નિઃશંક નિર્ણય થતો નથી. આ લોકપ્રવૃત્તિપ્રતિ લક્ષ કરતાં પણ તેમજ થાય છે, કારણ કે ઘણા લોકો તો **શિવ**ની ઉપાસના કરે છે, ઘણા તો **વિષ્ણુ**ની કરે છે, ઘણા તો **શક્તિ**ની કરે છે, કેટલાક તો **બ્રહ્મા**ની કરે છે, કેટલાક તો **સૂર્ય**ની કરે છે, કેટલાક તો **સરસ્વતી**ની કરે છે, કેટલાક તો **ગણેશ**ની કરે છે, કેટલાક તો વિવિધ દેવની કરે છે, અને એ જ પ્રમાણે અન્ય વિવિધ ઉપાસના કરે છે. જે લોકો જેની ઉપાસના કરે છે, તેને જ તેઓ શ્રેષ્ઠ ગણે છે, અને બીજાને ગૌણ ગણે છે. આ પ્રમાણે લોક તથા શાસ્ત્રથી ભેદબુદ્ધિ સ્થપાતાં એક ઉપાસ્યને ગ્રહણ કરવામાં વારંવાર શંકા રહેવી ઘટે છે. માટે હવે જેમાં લોકશાસ્ત્રદૃષ્ટિથી પ્રધાનપણે અવિરોધપૂર્વક ઉપાસ્યરૂપતા સિદ્ધ થાય તેને જ ઉપાસ્યરૂપે ગ્રહણ કરવા નિશ્ચય કરીએ.

અનેક પ્રકારના વિચારથી, શાસ્ત્રથી, તથા લોકપરંપરાથી ચાલતા આવેલા વ્યવહાર નિશ્ચય કરવા જતાં એક સદ્ગુરૂદેવની ઉપાસના જ સર્વકરતાં અધિક અવિરોધવાળી છે. તે શાસ્ત્ર તથા લોકવ્યવહારથી અવિરોધપણે સિદ્ધ કરાવનાર વિચારનું સ્વરૂપ આ છે:

શાસ્ત્રમાં પ્રબલપણે સ્થલે સ્થલે એવો ભાવ જણાવ્યો છે કે આ

અધિકારની ઇચ્છાવાળાએ જેવી **પરમાત્માદેવમાં** ભક્તિ રાખવી ઘટે છે તેવી જ **શ્રીગુરુદેવમાં** પણ રાખવી ઘટે છે; અર્થાત્ **પરમેશ્વરથી** અભેદપણે ગુરુભક્તિ કરનાર જ આ પરમ રહસ્યને પામે છે. વળી એવા ભાવનાં પણ પ્રબલ પ્રમાણવાકયો છે કે પરમતત્ત્વસ્વરૂપને યથાવત્ અનુભવનાર પુરુષની સેવા અથવા ઉપાસના સર્વ પ્રકારની કામનાને પરિપૂર્ણ કરી આપનાર છે. અર્થાત્ સમગ્ર સકામ જનોએ સેવ્ય, ઉપાસ્ય, **પરમતત્ત્વજ્ઞ શ્રીસદ્દગુરુદેવને** જ જાણવા. વળી એવો પણ નિશ્ચય પ્રબલ પ્રમાણવાકયો કરી આપે છે કે બ્રહ્માત્મઐકય યથાર્થપણે અનુભવનાર પુરુષ બ્રહ્મરૂપ જ હોય છે, અર્થાત્ બ્રહ્મ જેમ ઉપાસ્ય છે તેમ તે સ્વરૂપજ્ઞ શ્રીસદ્દગુરુ પણ પ્રધાનપણે ઉપાસ્ય જ છે. વળી એવાં પણ શાસ્ત્રવચનો પ્રસિદ્ધ છે કે સર્વાત્મભાવ, દઢ સ્થાપનાર મહાપુરુષ જ સર્વતઃ અભેદ હોવાથી **શિવ, વિષ્ણુ, બ્રહ્મા** આદિ સકળ દેવરૂપ છે; અર્થાત્ સાક્ષાત્ પરબ્રહ્મરૂપતાને પ્રાપ્ત તે પુરુષ હોવાથી અન્ય સમગ્ર દેવદેવીઆદિ અવાંતર ઉપાસ્ય દેવરૂપ પણ છે જ, એમાં શંકા કરવા યોગ્ય કાંઇજ નથી. વળી એવાં પણ વચનો છે કે સર્વ ઉપાસ્ય દેવતા, અધિકારીઉપર પ્રથમતઃ **શ્રીસદ્દગુરુદેવનો** અનુગ્રહ જાણે છે ત્યારે જ પ્રસન્ન થાય છે. અર્થાત્ **શ્રીગુરૂદેવવિના** અન્ય ઉપાસ્યની સિદ્ધિ જ થઇ શકતી નથી. આ જ કારણથી સ્થાનપરત્વે પ્રતિપાદન કરાયું છે કે ગુરુદેવથી અધિક કોઇ નથી. આઆદિ અનેક પ્રમાણુવચનોથી પ્રતીત થાય છે કે **શ્રીસદ્દગુરુદેવના** અનુગ્રહવિના પરમપદને પ્રાપ્ત થવાતું નથી. અર્થાત્ તે પરમતત્ત્વાનુભવ કરનાર મહાપુરુષ જ પરમ પદને પામે છે, તથા પમાડે છે; જેથી પ્રત્યક્ષ પ્રધાન ઉપાસ્ય શાસ્ત્રદષ્ટિથી સર્વરૂપ **શ્રીસદ્દગુરુદેવ** જ ઠરે છે. હવે વ્યવહારદષ્ટિથી જોતાં પણ એમ જ જણાય છે. આ લોકમાં ઉપાસકમાત્ર કોઇ પણ ગુરુદ્વારા પોતાના ઉપાસ્યને સિદ્ધ કરે છે. સઘળા લોકોને ધર્મ, કર્મ તથા ઉપાસનાનું યથાવત્ જ્ઞાન **શ્રીગુરુદ્વારા** જ મળે છે. ઇષ્ટાભિમુખ થવા ઇચ્છનાર સર્વ મનુષ્યોએ કેવે પ્રકારે પ્રવેશ કરવો, એ વાર્તા અનુભવી માર્ગદર્શકવિના પોતાની મેળે જાણી શકાતી નથી.

લૌકિકવૈદિક સઘળા પ્રકારના વ્યવહારની વિદ્યામાં પ્રવૃત્તિ ગુરુવડે જ થાય છે. **જેમ આ લોકમાં રોગનાં સ્વરૂપ તથા વિવિધ ઔષધોને પ્રતિપાદન કરનાર વૈદ્યશાસ્ત્રના અનેક ગ્રંથો તથા ઓષધો પ્રત્યક્ષ હોય છે, તોપણ રોગીઓને અનુભવી વૈદ્યની અપેક્ષા રહે છે, તેમ જ શાસ્ત્રાદિ સાધન છતાં પણ આ ભવદુઃખરૂપ**

મહાવ્યાધિની નિવૃત્તિઅર્થે ગુરુની અપેક્ષા છે. ઉપાસકોને જ્યારે જ્યારે ઉપાસ્યસિદ્ધિમાં વિઘ્ન કે વિલંબની પ્રાપ્તિ થાય છે, ત્યારે પણ શ્રીગુરુદ્વારા જ પ્રાપ્તસંશયવિપર્યયને નિવૃત્ત કરવા પડે છે.

ઉપાસ્ય દેવતાને પ્રસન્ન કરનાર મંત્ર તથા તત્સંબંધી સંપૂર્ણ વિધિ શ્રીગુરુદ્વારા જ ગ્રહણ કરવામાં આવે છે,

આઆદિ અનેક પ્રકારે વિચારી જોતાં શ્રીગુરુના અનુગ્રહવિના કોઇ પણ ઉપાસ્ય દેવતા સિદ્ધ થતા નથી, તો સર્વ ઉપાસ્ય દેવતાને પોતાના સ્વરૂપમાં અભેદભાવે અનુભવનાર હોવાથી સર્વ દેવમય ગણાતા પ્રત્યક્ષ શ્રીગુરુદેવને જ શામાટે ઉપાસ્યદેવ જાણી ન સેવવા ? સર્વથા સેવવા જ જોઇએ.

વળી અન્ય દેવતાઓનાં દિવ્ય તનુને ન જાણનાર તથા જોનાર એવા સર્વ ઉપાસકો તે તે ઉપાસ્ય દેવતાનિમિત્તે ધાતુઆદિની પ્રતિમા સ્થાપીને તેના પ્રતિ સર્વોપચારથી પૂજનાદિ વ્યવહાર કરીને ઇષ્ટાર્પણ માને છે, અને તે તે પૂજનાદિ વ્યવહારથી પણ તે સર્વજ્ઞ ઉપાસ્ય દેવતા પ્રસન્ન થાય છે, તો સર્વદેવમય શ્રીગુરુના તનુપ્રતિ અર્પેલા પૂજનાદિથી ઇષ્ટ ઉપાસ્ય પ્રસન્ન થાય એમાં શું આશ્ચર્ય ? આ પ્રકારે કોઇ પણ ઉપાસ્યના ઉપાસક છતાં પણ શ્રીગુરુદ્વારા કરેલી ભક્તિપૂર્વક પૂજાને સ્વીકારી તે તે ઉપાસ્ય પ્રસન્ન થવા સંભવે છે, તો સર્વ ઉપાસ્યનિમિત્ત અથવા સાક્ષાત્ ઉપાસ્યરૂપ ગણીને શ્રીગુરુદેવની જ ઉપાસના કરવી અધિક યોગ્ય છે, એ વાર્તાને કોણ બુદ્ધિમાન્ અનુચિત ગણે ? કોઇ જ નહિ.

આવિના અનેક વિધિએ પ્રકારાંતરથી વિચાર કરીને તે શ્રદ્ધાવંત ઉપાસકોએ, પ્રપંચના હેતુરૂપ, પ્રવર્ત્તક, નિવર્ત્તક, સ્થાપક, રક્ષક આદિ અનેક સત્તાધીશ ઉપાસ્ય દેવતાની પ્રીતિઅર્થે તથા સર્વ દુઃખની નિવૃત્તિઅર્થે શ્રીસદ્‌ગુરુ દેવની ઉપાસના જ માત્ર આપણે તાત્કાલિક કર્ત્તવ્ય છે, એવો દૃઢ નિશ્ચય કર્યો.

આ પ્રકારનો નિશ્ચય કર્યા પછી તે સર્વ શ્રીસદ્‌ગુરુદેવની ઉપાસના કરવાને વિધિવત્ પ્રવૃત્તિ કરવા લાગ્યા.

જેમ આ લોકમાં અન્ય ઉપાસકો પોતાના ઇષ્ટને સર્વોત્કૃષ્ટ માની સેવે છે. તેમ તેમણે પણ શ્રીસદ્‌ગુરુને સર્વોત્કૃષ્ટ ગણી સેવવાનો આરંભ કર્યો.

એ લોકોએ પોતાના યોગ્ય પ્રકારના વિચારોવડે સિદ્ધ કરીને આ સ્થૂલ જે આ ક્ષણે તમારા સમીપ વિદ્યમાન છે, તેમાં સદ્‌ગુરુ-

બુદ્ધિ સ્થાપી, અને તે સઘળા આ સ્થૂલપ્રતિ વિધિવત્ પૂજનઅર્ચન કરવા લાગ્યા.

આ સ્થૂલનું તે વેળાએ હું દઢ આત્મબુદ્ધિથી અથવા દઢ મમભાવથી સેવન કરતો ન હતો; તોપણ એમાં શિથિલ થયેલું અદઢ અભિમાન તથા મમત્વ હતું; જેથી મેં તેમને તેમના શુદ્ધાશુદ્ધ નિશ્ચય સંબંધે આ પ્રકારના પ્રશ્ન કર્યા, તથા તેનાં ઉત્તર પણ આ પ્રકારનાં તેમણે દીધાં.

પ્રશ્ન—તમે આ પંચભૂતનું દશ્ય શરીર જેમાં મળમૂત્રાદિ દોષરૂપ પદાર્થો છે, તેને ઉપાસ્ય દેવને સ્થાને કેમ ગ્રહણ કરો છો ?

ઉત્તર—અમે સત્શાસ્ત્રદ્વારા જાણ્યું છે કે બે હાથવાળું, તથા પરમાત્મતત્ત્વના સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળું અંતઃકરણ જેમાં વિદ્યમાન હોય એવું શ્રીસદ્ગુરુનું સ્થૂલ સેવવા યોગ્ય છે. બ્રહ્મતત્ત્વને યથાવત્ જાણનાર બ્રાહ્મણ પણ પૂજવા યોગ્ય છે. તો આ સ્થૂલમાં અમે પૂજન કરવાની અયોગ્યતાનો નિશ્ચય કેમ કરીએ ? વળી કેવલ ભૌતિક શરીર માત્રનું પણ પૂજન વિધિરૂપ છે. મહાત્માનાં મૃત શરીરોનું પણ પૂજન કરવામાં આવે છે, તો ચેતનાયુક્ત મહાત્માનાં શરીરનું પૂજન કેમ ઉચિત ન ગણાય ? વળી કાષ્ઠ, પાષાણ, મૃત્તિકા, અને ધાતુઆદિની પ્રતિમાઓને પણ અમે ઉપાસ્ય દેવતાનિમિત્ત ઇષ્ટબુદ્ધિથી વિધિવત્ પૂજીએ છીએ, તો આ પ્રત્યેક સચેત ઇંદ્રિયો જે વિવિધ દેવતાઓની સત્તાથી દેવયુક્ત ગણાય છે, તે ઇંદ્રિયોવાળા તથા દેવોના સત્તારૂપે નિવાસસ્થાનરૂપ, અંતઃકરણચતુષ્ટય અથવા પંચક જેમાં વિદ્યમાન છે, એવા મહાપુરુષના શરીરને અમે પૂજ્ય કેમ ન ગણીએ ? અમારા વડિલની પૂર્વપરંપરાથી અમારો કુલાચાર પણ મહત્સેવાનો છે, જેથી આપ મહાપુરુષ શ્રીસદ્ગુરુના પ્રત્યક્ષ સ્થૂલને અમે સેવીએ છીએ, તે શાસ્ત્રની આજ્ઞારૂપે, ધર્માચરણરૂપે, તથા કુલાચાર જાણીને અવશ્ય કર્ત્તવ્યરૂપ નિશ્ચય સાધીને જ સેવીએ છીએ. વળી આપ કહો છો કે મલાદિ દોષયુક્ત શરીર છે, તો તે પણ શંકારૂપ નથી. કારણ શરીર તથા શરીરીનો ભેદ છે. તેમ જ પ્રત્યેક શરીર મલાદિ દોષ તથા અંતઃકરણાદિ ગુણરૂપ પદાર્થોવાળું છે, જેથી ગુણની પ્રધાનતાવડે અમે તેને સેવીએ છીએ. જો મલાદિ દોષના સંબંધમાંથી આ સ્થૂલાવચ્છિન્ન મહાપુરુષ પૂજવા કે ઉપાસવાયોગ્ય ન ઠરતા હોય તો પરમેશ્વર પણ પૂજ્ય તથા ઉપાસ્ય નહિ ઠરશે. કારણ કે જેમ આ સ્થૂલમાં ગુણદોષ છે, તેમ જ પરમાત્માને આશ્રિત રહેનારી મલિનસત્ત્વા તથા

શુદ્ધસત્ત્વા પ્રકૃતિ, અથવા અવિદ્યા તથા વિદ્યા માયા એ પણ પુરુષોત્તમરૂપ પરમેશ્વરનું દોષયુક્ત સ્થૂલ જ ગણાય છે, આ સર્વ શરીરોના શરીરીઓનું પરમ ધામરૂપ છે. આથી નિશ્ચય થાય છે કે જેમ ગુણદોષયુક્ત પ્રકૃતિસ્થ ચેતનરૂપ પુરુષોત્તમ સર્વોત્કૃષ્ટ સેવ્ય તથા ઉપાસ્ય ગણાય છે, તેમ ગુણદોષયુક્ત શરીરસ્થ ચેતનરૂપ મહાપુરુષ પણ પૂજવાયોગ્ય છે. જેમ પુરુષોત્તમ પરમાત્મા, દૃષ્ટિના વિષયરૂપ પ્રત્યક્ષ ન હોવાથી, પ્રકૃતિ દ્વારા જ પૂજવામાં આવે છે, તેમ આ શરીરસ્થ અથવા અંતઃકરણાવચ્છિન્ન ચેતનરૂપ તત્ત્વજ્ઞ મહાત્મા પુરુષ પણ પ્રકૃતિરૂપ શરીરદ્વારા જ પૂજવા યોગ્ય છે.

આ લોકમાં જેમ રાજ્યસત્તાધારી પ્રધાનથી તે દ્વારપાલપર્યંત સમગ્ર સત્તાધારીઓ, વ્યક્તિ તથા અધિકારપરત્વે નમન કરવાયોગ્ય ગણાય છે, તેમ વિશ્વાધિપતિ ઈશ્વરદ્વારા જેમને સત્તા પ્રાપ્ત થયેલી હોય છે એવા મહાત્મા પુરુષો પણ વ્યક્તિ તથા અધિકારપરત્વે નમન કરવા યોગ્ય ગણાય છે. એ નમન વસ્તુતઃ રાજાને જ ગણાય છે, તેમ જ રાજ્યસત્તાધારીનું કોઈ અપમાન કરે છે, તો તે પણ ખરું જોતાં રાજાનું જ અપમાન ગણાય છે,–તેમ જ આ સંપૂર્ણ પ્રજામાં જેઓ અંતઃકરણપૂર્વક ઈશ્વરાભિમુખ થયા હોય છે, તે સઘળા વિશ્વાધિપતિ મહારાજાની સત્તા ધારણ કરનાર ગણાય છે. તેમાં જેમ આ લોકમાં દ્વારપાલથી તે પ્રધાનપર્યંત અધિક ચઢતા ક્રમે સત્તાવાન્ ગણાય છે, તેમ અત્ર પણ જ્ઞાનસદ્‌ગુણાદિની અધિકતાએ શ્રેષ્ઠત્વ હોય છે. એ શ્રેષ્ઠત્વને પ્રાપ્ત પર્યંતના સર્વ ઈશ્વરાભિમુખ મહાપુરુષનું પૂજનાદિ તે શ્રીપરમાત્મા પુરુષોત્તમનું જ પૂજન ગણાય છે. આઆદિ અનેક પ્રકારના લોકરૂઢિ, તથા શાસ્ત્રના મર્મનો વિચાર કરીને અમે પરમ ઉપાસ્ય શ્રીપરમેશ્વરની પ્રસન્નતાઅર્થે આપ મહાપુરુષોને વિષે ઉપાસ્યબુદ્ધિ સ્થાપી વિધિવત્ પૂજનાદિ કરીએ છીએ; અને તે પૂજનાદિ સત્ક્રિયા પરમ ઉપાસ્યને વિષે અર્પાય છે, તથા તે ફલપ્રદાતા સર્વજ્ઞ પુરુષોત્તમ આ અમારા યોગ્ય વર્તનના જ્ઞાતા હોવાથી અવશ્ય ફલ આપશે એવો અમારો દૃઢ નિશ્ચય છે.

પ્રશ્ન—જે શરીરમાં તમે ઉપાસ્યબુદ્ધિ સ્થાપો છો, તે શરીરી ઈશ્વરાભિમુખ છે, તથા ઉત્કૃષ્ટ અધિકારપ્રાપ્ત છે, એવો નિશ્ચય કયાં પ્રમાણોથી કર્યો છે ?

ઉત્તર—તે શરીરીના અંતરઆશયો, જે વાણીદ્વારા પ્રકટ થાય છે, તે શ્રવણ કરીને તથા તેમની તદનુકૂલ થતી બાહ્ય ક્રિયાઓ

જોઈ જાણીને, તેમ જ શાસ્ત્રમાં એવા પુરુષોનાં ઉત્તમોત્તમ જે જે ગુણલક્ષણોનાં સ્વરૂપ કહ્યાં છે, તે તે પ્રસંગવશાત્ તેમનામાં અભિવ્યક્ત થયેલાં પ્રતીત થવાથી અમે યોગ્ય નિશ્ચય, જેમ અન્ય અર્થમાં યથામતિ કરીએ છીએ, તેપ્રમાણે આ પક્ષમાં પણ કર્યો છે. આ લોકમાં સર્વ પ્રાણીઓ, પોતાને યોગ્ય લાગ્યાવિના સારી વા નઠારી ક્રિયામાં પ્રવેશ કરતા નથી. તોપણ ક્રિયામાં પ્રવેશ કર્યાપૂર્વે કેવલ પોતાને જ યોગ્ય લાગ્યાથી ક્રિયાનું નિર્દોષપણું સિદ્ધ કરવું ઉચિત નથી. પણ ઉત્તમ પુરુષોએ, સેવવાયોગ્ય કહીને જેને નિર્દોષ ગણી છે, તથા ઉત્તરોત્તર બુદ્ધિમંત ધીર પુરુષો જેને સેવતા આવ્યા છે, તથા જે નીતિ અથવા ક્રિયાને સેવનારાની આ કાલે પણ શ્રેષ્ઠ લોકોવડે સ્તુતિ કરાય છે, તે સેવવાયોગ્ય નીતિ અથવા ક્રિયાને સ્વાનુભવ, લોક તથા શાસ્ત્ર એ ત્રણવડે સિદ્ધવિહિત નિશ્ચય કરીને પછી નિર્દોષ ગણવી, તથા સ્વીકારવી એ ઉચિત છે. આ પૂર્વોક્ત રીતિને અનુસરીને અમે સેવ્ય તથા ઉપાસ્યની યોગ્યતા નિશ્ચય કરી છે, જેથી હવે અમારે એમાં અધિક પ્રમાણની અપેક્ષા નથી.

આઆદિ ઘટિત પ્રશ્નોત્તરવડે તેમના નિશ્ચયને તેમના મુખે સ્પષ્ટ કરાવી લક્ષમાં લઈને પછી મેં એ સંબંધમાં મૌન રાખ્યું.

મારા તરફનો અવિરોધ જણાયાથી પશ્ચાત્ તેમણે પરસ્પરમાં વિચાર કરી નિશ્ચય કર્યાપ્રમાણે પ્રસંગવસાત્ ઇષ્ટદેવ તથા નરાધિપતિ સમીપ રહેતાં દંડ, છત્ર, ચામરાદિ ચિહ્નસહિત તેઓ આ શરીરનું વિધિવત્ પૂજન કરવા લાગ્યા તથા પોતાને તેઓ પ્રસન્નતા પ્રાપ્ત અનુભવવા લાગ્યા. આ પ્રકારે દિવસો વ્યતીત થતાં તદનંતર આવનાર મનુષ્યો પણ પોતાને કંઇક શ્રદ્ધા પ્રાપ્ત થવાથી અન્ય સાધકોની પેઠે સર્વ આચાર કરવા લાગ્યા. આ પ્રકારે ઉત્તરોત્તર સમાગમી મનુષ્યોની સંખ્યા વધવાથી તેમના સર્વના પ્રસંગવશાત્ આવતા મનના સંશયોનું છેદન કરવાનિમિત્ત મારે પ્રતિદિન અધિક સમય રોકવાનો સંભવ આવતો ગયો.

એક વેલા અવકાશના સમયે આ જનસંગના પ્રાપ્ત ઉપાધિના સંબંધમાં મને આ પ્રકારના વિચારો અંતઃકરણમાં સ્ફુરતા પ્રતીત થયા.

આ પ્રાણિપદાર્થનો સંગ ઇચ્છાવિના આવી પ્રાપ્ત થયો છે તથા આ શરીરને સદ્ગુરુરૂપે જનમંડલમાં પ્રસિદ્ધ થવાની ઇચ્છાવિના જ હવે ઘણા લોકો સદ્ગુરુરૂપે માનવા લાગવાથી ઘણું ખરું નગરમાં સર્વ સ્થલે તેમ જ બહાર પણ ગ્રામગ્રામાંતરમાં કે દેશદેશાં-

તરમાં પણ પ્રસિદ્ધિ થવા લાગી છે. આથી પ્રતિદિવસ ઉપાધિની વૃદ્ધિ થવાનો સંભવ જણાય છે, કાંઇ ઘટવાનો સંભવ નથી.

આ છત્ર, દંડ, ચામરાદિ ચિહ્ન પણ આ શરીરીની ઇચ્છા-વિના જ આવી પ્રાપ્ત થયાં છે. એમાં અનાદર ન કરવાથી હવે પછી પણ એવા ને એવા અનેક શુભ અર્થાત્ વિહિત ગણાયેલા પદાર્થો આવવાનો સંભવ રહ્યો છે, અને એ પ્રકારે અનેક વૈભવી પદાર્થો સમીપ રહેવાથી ઉત્તરોત્તર અધિક સાવધાનતા રાખવાનો પ્રસંગ આવશે.

ઘણા વેદાંતસિદ્ધાન્તના વક્તાઓ એવું માને છે કે જ્ઞાન થયા પછી શુભાશુભ કર્મ નડતાં નથી, અને શેષ પ્રારબ્ધથી શુભાશુભ કર્મમાં જ્ઞાનવાન્‌ની જે પ્રવૃત્તિ થાય છે તેનો તેને દોષ નથી. કારણ કે ઉત્તર જન્મોનાં કારણરૂપ સંચિત કર્મના કોશનો તો જ્ઞાનદ્વારા ક્ષય થાય છે; આગામિક કર્મ પણ ઉત્તર જન્મના અભાવે ફલ આપવા અસમર્થ થવાથી ક્ષય જ થાય છે; અને શેષ પ્રારબ્ધનો તો આ દેહના ક્ષયસમયે ભોગદ્વારાં ક્ષય જ થાય છે. આથી જ્ઞાનીને શેષ પ્રારબ્ધથી કરાતાં શુભાશુભ કર્મનો દોષ નડતો નથી એમ માને છે.

આ માનવામાં એક સંદેહ એ ઉદ્ભવે છે કે જ્ઞાનીની શેષ પ્રારબ્ધથી શુભ કર્મમાં કદાચિત્ પ્રવૃત્તિ થાય તો ભલે પણ અશુભ કર્મમાં પ્રવૃત્તિ થવી સંભવતી નથી. કારણ કે અશુભ કર્મને કરાવનાર કારણરૂપ પાપકર્મનો તો જ્ઞાન થયાપૂર્વે જ ક્ષય ઘટે છે. જ્યાં-પર્યંત પાપરૂપ મલ અવશેષ હોય છે ત્યાંપર્યંત જ્ઞાન થતું નથી એવો શાસ્ત્રનો નિશ્ચય છે. **ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मणः** ઇત્યાદિ વચનોવડે એ સ્પષ્ટ છે.

વળી શાસ્ત્રમાં મલવિક્ષેપ તથા આવરણ એ ત્રણ દોષ અંતઃ-કરણમાં રહ્યા છે. એ દોષની નિવૃત્તિ થયે જ જ્ઞાનનો પ્રાદુર્ભાવ સંભવે છે. આમ છે તો અશુભ ક્રિયા કરાવનાર કારણરૂપ પાપસંસ્કાર જેને મલદોષ કહ્યો છે તેની તો જ્ઞાન થયાપૂર્વે જ નિવૃત્તિ થવી ઘટે છે, અને તે પાપરૂપ મલ મટવાથી જ ચિત્તની ચંચલતા-રૂપ વિક્ષેપ મટે છે. તે વિક્ષેપ મટવાથી જ આવરણભંગ થાય છે, અને ત્યારપછી જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. આ વિધિએ જોતાં જ્ઞાન થયાપૂર્વે પાપરૂપ મલની નિવૃત્તિ થાય છે, જેથી પાપસંસ્કારદ્વારા થતી અશુભ કર્મમાં પ્રવૃત્તિ તે જ્ઞાનીમાં ઘટતી નથી. આથી એમ સિદ્ધ થવું ઘટે છે કે અશુભ કર્મમાં પ્રવૃત્તિ જેની થાય છે તેને જ્ઞાન થયું નથી.

આ સ્થલે કદાચિત્ કોઇને એવી શંકા થાય છે કે પૂર્વે પરાશર,

વ્યાસ, દુર્વાસા આદિ મહાપુરુષોમાં પણ કામક્રોધાદિના સંચારથી તેમની અનિષ્ટ કર્મમાં પ્રવૃત્તિ થઇ છે એવું પુરાણાદિક ગ્રંથોમાં પ્રસંગે પ્રતિપાદન કરાયેલું પ્રતીત થાય છે, તો શું તે પુરુષો સઘળા યથાર્થ જ્ઞાનથી રહિત હતા ?

આ શંકા સૃષ્ટિના યથાર્થ સ્વરૂપના અજ્ઞાનથી જ સ્ફુરતી હોવી ઘટે છે, માટે એ બલવતી નથી. સંસારમાં લીલાતનુ તથા અદૃષ્ટ-જન્યતનુદ્વારા પ્રત્યેક ક્રિયા ઇષ્ટઅદૃષ્ટસંકેતાનુસાર થાય છે. તે પુરુષો-દ્વારા સાભિમાન સ્વકૃત કર્મસંસ્કારના અભાવને લીધે સ્વાર્થબુદ્ધિજન્ય ક્રિયા થતી નથી, તેથી તે ક્રિયાના તેઓ અભિમાની નથી, જેથી તેવા પુરુષોનાં દૃષ્ટાંત જીવને વિષે સામ્યતા જણાવવામાં ઘટતાં નથી. આમ છતાં પણ જે જે મહાત્મા પુરુષોદ્વારા કોઇ અનુચિત કૃત્ય થયાનું વર્ણન પુરાણાદિ ગ્રંથમાં હોય છે તો તે જ ગ્રંથોમાં તે તે પુરુષોવડે થયેલાં અલૌકિક કૃત્ય પણ વર્ણ્યાં છે. તેથી તે અલૌકિક સામર્થ્યવાળા મહાપુરુષોનાં દૃષ્ટાંત જીવોને અનિષ્ટકૃતિનિમિત્તે ઉપયો-ગનાં નથી. જીવોએ તો શ્રીદધ્યઙ્ગઅથર્વણાદિ મહાત્મા પુરુષોનાં નિર્વિકારપ્રવૃત્તિનિમિત્તનાં દૃષ્ટાંતો જ ગ્રહણ કરવાં ઉચિત છે; અને કદાચિત્ દુવાસા, વ્યાસાદિનાં દૃષ્ટાંત ગ્રહણ કરે તો તેમના જેવા અલૌકિક સામર્થ્યને પોતામાં પ્રાપ્ત થયેલું અનુભવ્યા પછી જ ગ્રહણ કરવાં ઘટે છે. પરંતુ આજકાલ તો અજ્ઞાનાવરણયુક્ત અંતઃકરણવાળા, જીવત્વને પ્રાપ્ત મનુષ્યો પોતામાં અલૌકિક દૈવી સામર્થ્યનો અભાવ છતાં પણ પોતાને તે પૂર્વ દૈવી સામર્થ્યવાન્ મહાત્માની પંક્તિમાં ગણાવવા ઇચ્છે છે, તથા તેમનાં દૃષ્ટાંતથી પોતે દુષ્ટ કર્મ કરીને પોતાને તેમની પેઠે નિર્દોષ તથા નિર્લેપ જ્ઞાની ગણાવવા ઇચ્છે છે, તથાપિ તેમની એ પ્રવૃત્તિ અત્યંત અયોગ્ય જ ગણાવી ઘટે છે. જેથી પૂર્વનાં દૃષ્ટાંત આપીને કોઇ કહે કે દુર્વાસા ક્રોધી હતા અને તેમને જ્ઞાન હતું તેમ અમે પણ ક્રોધી છીએ તથાપિ અમને જ્ઞાન છે; એ જ પ્રમાણે કામી લોભી આદિનાં દૃષ્ટાંતો આપે અને પોતે જ્ઞાની છે એમ સિદ્ધ કરવા યત્ન કરે પણ તે મુખ્ય ઉભય અંશથી અસમ્યક્ હોવાથી સ્વીકારવા કે માનવા યોગ્ય નથી. આટલું કહીને એ જ નિશ્ચય જણાવવાનો છે કે **અંતઃકરણમાં અશુભ પ્રવૃત્તિના કારણરૂપ પાપસંસ્કારોનો અભાવ થયાવિના જીવોને જ્ઞાન થતું નથી એ વાર્તા નિર્વિવાદ સત્ય છે.**

જ્ઞાનવાન્ પુરુષને જ્ઞાનદ્વારા થતી તૃપ્તિ તથા શાંતિના યોગે કદા-ચિત્ પણ કોઇ પ્રકારના શુભાશુભ વિષયમાં ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ થતી

ઘટતી નથી. તેમ છતાં પણ સહજ પ્રાપ્ત કારણના બલે રાગાદિથી રહિત પ્રવૃત્તિ થાય તો તે જ્ઞાનની વિરોધી સંભવતી નથી. કારણ કે જ્ઞાનીને પરતઃસિદ્ધ પ્રારબ્ધનો ભોગ સ્વતઃ ઇચ્છા કર્યાવિના પણ થવો સંભવે છે. આમ છતાં પણ પરેચ્છાવડે સહજ પ્રાપ્ત અશુભ વિષયમાં જ્ઞાનીની પ્રવૃત્તિ થવી ઘટતી નથી. કારણ કે સાધકાવસ્થાના અવધિ-પર્યંત સમગ્ર પ્રકારની વિષયકામનાનો કારણસહિત ઉચ્છેદ થવો સંભવે છે.

આ પ્રકારે ખરું જોતાં મારા વિષે શુભાશુભ કામનાનો સંભવ ન હોવો ઘટે એમ છે. તોપણ હસ્તામલકવત્ **જેમને આત્મસાક્ષાત્કાર થયો છે એવા પુરુષોએ પણ આ વિચિત્ર સ્વભાવવાળી માયાનો વિશ્વાસ કરવો યોગ્ય ગણ્યો નથી**, તથા મરણપર્યંત અર્થાત્ દેહ-પતનપર્યંત પણ કામાદિ વિકારો અંતઃકરણમાં પ્રવેશવાસરખો અવસર આપવો યોગ્ય ગણ્યો નથી. તાત્પર્ય માત્ર એ જ છે કે સદા સાવધાન રહેવું.

હવે આ સમયે આ સાધકો મારી ઇચ્છાવિના આ સર્વ વૈભવી પદાર્થો લાવે છે તથા તે તે પદાર્થો મારા સમક્ષ સ્થાપે છે તેનો હું અનાદર કરતો નથી, તો કાલે કરીને કોઇ મદ્યાદિ અશુભ પદાર્થો લાવી મારી ઇચ્છાવિના મને અર્પણ કરી સમક્ષ મૂકે તો તેનો અનાદર કરવા વૃત્તિને વેગ આપવો કે કેમ ? વળી આપણી ઇચ્છા-વિના કોઇ દુરાચરણમાં કે વિષયસુખમાં આસક્ત સ્ત્રી વ્યભિચારાદિ કર્મમાં પ્રવેશ કરવા પોતાની ઇચ્છાથી પ્રેરે તો પ્રવૃત્તિ કરવી કે કેમ ? જો આ પ્રકારે અન્યની શુભેચ્છા સ્વીકારવા વૃત્તિ વિરોધ ગણતી નથી તો આગળ જતાં અશુભ વિષયને પણ સ્વીકારવા વિરોધ ગણશે એનો શો વિશ્વાસ ? શુભાશુભ અવશેષ પ્રારબ્ધ ભોગવવાં પડે છે એવા વિચારવાળા પુરુષો તો આવા સંપૂર્ણ નિંદ્ય વ્યવહારમાં થતા પ્રવેશને વિરોધી કદાચિત્ નહિ ગણતા હશે પણ મારે તો એ સંપૂર્ણ અશુભ વ્યવહારને વિરોધી ગણી અવશ્ય સાવધાન રહેવું ઉચિત છે.

વિરક્તાવાસ્થાવાળા તથા એકાંતસેવન કરનારા મહાપુરુષોએ તો સદા વિરોધી વાસનાને ઉપજાવનાર જનસંગનો ત્યાગ સેવેલો હોય છે તેથી તેમને તો સર્વ પ્રકારે વિરોધની નિવૃત્તિ જ રહેવી સંભવે છે, પણ ગૃહસ્થાશ્રમીને અથવા તો મિથ્યા ત્યાગના વેષમાત્રને ધારણ કરી ગૃહસ્થ સ્ત્રીપુરુષોના સહવાસમાં પ્રીતિવાળા રહીને તેમના સહવાસને સેવનારા મિથ્યા ત્યાગીઓને તો અનેક વિરોધની પ્રાપ્તિનો સંભવ આવવો ઘટે છે. તેમાં જે મિથ્યા ત્યાગીઓ અથવા મિથ્યા જ્ઞાનના

ડોળવાળા ગૃહસ્થો છે તેઓ તો તેવાં દુરાચરણની ઇચ્છાવાળા હોવાથી જ પોતાની પાપવાસનાને પૂર્ણ કરવાની ધારણાપૂર્વક બોધક થઈને જનસંગને સેવે છે; અને તેમાં પોતાની દુષ્ટેચ્છાને પૂર્ણ કરીને મસ્ત રહે છે, તથા પોતાને દોષવાન્ ગણી લજાતા નથી. પણ જે ગૃહસ્થો પોતાની ઉત્તરોત્તર થયેલી ઉત્કૃષ્ટ દશાને બ્રહ્મનિર્વાણપદપર્યંત લાવી સ્થાપવાને પ્રયત્નવાળા છે તેમને તો આવા જનસંગમાં રહીને સાવધાન રહેવું ઘટે છે.

આઆદિ અનેક પ્રકારના વિચારોને સ્ફુરતા જાણીને પછી મેં નિશ્ચયપ્રતિ લક્ષ કરી આ પ્રકારે સમાધાનમાં વૃત્તિઓને સ્થાપી.

આ જગત્‌માં સોપાધિક તથા નિરુપાધિક પ્રારબ્ધવાળા મહાત્માઓ છે. ત્યાં જેમને ગૃહસ્થાશ્રમની નિવૃત્તિ રૂડે પ્રકારે થાય અર્થાત્ યોગ્ય સમયે એટલે ઉત્તરાવસ્થાએ સ્ત્રીનો કાલ થાય, માતાપિતાની પણ ત્યાંપર્યંતમાં નિવૃત્તિ થાય, પુત્રો પણ પોતાના વ્યવહારને ચલાવવા યોગ્ય થાય અને એવિના પ્રબલ પ્રતિબંધ હોય તે શમે એવે અવસરે સંસારદશાનો ત્યાગ થઈ એકાંતસેવનમાં પ્રવેશ થાય તથા પશ્ચાત્ જેમને જનસંગરૂપ ઉપાધિનો સંસર્ગ રહેવાનો સંભવ ન જ આવે એવા પુરુષો તો નિરુપાધિ પ્રારબ્ધવાળા મહાત્મા ગણાય છે; અને જેમને ઉપરનાં સઘળાં કારણોમાંનું કોઈ બલવાન્ કારણ વિદ્યમાન રહીને ગૃહસ્થાશ્રમની સમાપ્તિદ્વારા ત્યાગમાં કે એકાંતસેવનમાં પ્રવેશ કરવાનો સ્વાભાવિક પ્રસંગ ન જ આણે અને તેથી ગૃહસ્થાશ્રમમાં જ જેમનું આયુષ્ય ખપે તથાપિ જે જ્ઞાનારૂઢ હોય, શિથિલાભિમાનમાં સ્થિત હોય, જનસંગમાં રહેવા છતાં દોષમાત્રથી મુક્ત રહેવા સમર્થ હોય, એવા મહાત્મા પુરુષ સોપાધિ પ્રારબ્ધવાળા ગણાય છે. આ પ્રકારના બંને પુરુષ અન્ય સદાચરણી ધર્મજ્ઞ ગૃહસ્થાશ્રમી કરતાં શ્રેષ્ઠ છે; અને જેઓ સ્ત્રી, માતાપિતા કે પુત્રાદિ પ્રતિના સ્વધર્મનો લોપ કરીને સર્વોત્કૃષ્ટ પ્રકારે વિરાગની પ્રાપ્તિવિના જ ત્યાગી થઈને ગૃહક્ષેત્રધનાદિની લાલસાવાળા રહીને, સ્ત્રીપુરુષના સંસર્ગને સેવતા જ્યાં ત્યાં જનસમુદાયમાં વિચરતા રહે છે એવા ત્યાગીઓ તથા સ્વધર્મના અજ્ઞાનવાળા અને સદાચરણથી રહિત એવા ઇચ્છાનુસાર વિચરનારા ગૃહીઓ એ બંને નેષ્ટ છે. એવા પુરુષો ઉપાધિગ્રસ્ત હોવાથી અધમ ગણાય છે અને તેમનો સંસર્ગ પણ સુજ્ઞ પુરુષોએ કરવો અનુચિત છે.

આ પ્રકારનાં સ્થિતિનાં સ્વરૂપ જોતાં અને મારી સ્થિતિને સ્પષ્ટ અનુભવતાં મારી ગણના આ કાલે સોપાધિ પ્રારબ્ધવાળા પુરુષમાં

ગણવા યોગ્ય છે, અને તે શ્રેષ્ઠ હોવાથી હેય નથી. પણ જ્યારે આ સ્થિતિથી ભ્રષ્ટ થવાનો અસાવધાનપણાથી પ્રસંગ આવે ત્યારે તો મારી ગણના પણ પરિણામે નેષ્ટમાં જ કરવી ઘટે. આથી મારે આ સ્થિતિમાં રહેતાંપર્યંત શુભાશુભ વ્યવહારને જાણીને શુભ વ્યવહારમાં સ્વેચ્છા વા પરેચ્છાથી પ્રવેશવાનો સમય આવે તો નિરપેક્ષભાવે પ્રવેશ કરવો, પણ અશુભ વ્યવહારનો પ્રસંગ આવે ત્યાં તો અવશ્ય વૃત્તિને બલ આપીને સાવધાન રહી તેથી નિરંતર બચવું. મારા વિષે ઇચ્છાનો ઉદય તો નહિવત્ જ થઈ ગયો છે, જેથી પરેચ્છાવડે આવતા શુભ ભોગને આસક્તિરહિતપણે આવવા દેવા, પણ અશુભને તો સદા દૂરથી જ ત્યજવા.

શુભાશુભ વિચાર, આગ્રહનિગ્રહરૂપ પ્રવૃત્તિ, તથા ગ્રહણત્યાગની ભાવના જ્ઞાનીમાં સ્ફુરવી સંભવતી નથી; જેથી જ્ઞાની મહાત્માએ વિધિનિષેધ ગણવો ઘટતો નથી એવું ઘણા માને છે, અને તેથી આ પ્રકારની મારા વડે પ્રવૃત્ત થતી વિધિનિષેધની ભાવનાને તેઓ નિંદ્ય ગણશે. તથાપિ એમ ગણવામાં તેમનું અજ્ઞાન સ્પષ્ટ છે, એટલે આથી કોઇને અનર્થ થવાનો સંભવ નથી. **આ વિધિનિષેધ કેવલ અતિવર્ણાશ્રમી જીવનમુક્ત પુરુષો, જેઓ છઠ્ઠી તથા સાતમી ભૂમિકામાં સ્થિત હોય છે તેમના વિષે જ સંભવતો નથી, કારણ કે તેમને દેહનું કે વ્યવહારનું ભાન નથી.** એવી અત્યંત અંતર્મુખાવસ્થામાં રહેલા તે પુરુષોની કોઇ પણ વ્યવહારમાં સ્વતઃ પ્રવૃત્તિ થતી નથી, અને પરતઃ જે જે વ્યવહાર કરાવાય તેનું યથાવત્ ભાન પણ તેમને હોતું નથી. એવા પુરુષોનાં શાસ્ત્રમાં ઘણે સ્થલે લક્ષણો વર્ણવ્યાં છે, જેથી તેમાં સંદેહ થવાનું કારણ નથી.

આ પ્રકારે અતિવર્ણાશ્રમી જીવન્મુક્ત તથા છઠ્ઠી સાતમી ભૂમિકામાં સ્થિત એવા મહાત્મા પુરુષના વિધિનિષેધરહિત વ્યવહારનું જો કોઇ અધમ મનુષ્ય પોતાને જ્ઞાની માનીને અનુકરણ કરે તથા તેમાં દોષ નથી એવું પાછો બીજાઆગળ કહે તો એવો કેવલ બહિર્મુખ પુરુષ અજ્ઞાની જ તથા અધોગતિને પાત્ર જ જાણવો ઘટે છે.

જો કેવલ શબ્દજ્ઞાનમાત્રથી અર્થાત્ કોઇ પણ વેદાંતના ગ્રંથ વાંચી સાંભળીને જાણે કે **ब्रह्म सत्यं जगन्मिथ्या** બ્રહ્મ સત્ય છે અને આ નામરૂપાત્મક જગત્ મિથ્યા છે, અને **अहं ब्रह्मास्मि** તે બ્રહ્મ જે સત્ય છે તે હું છું, અર્થાત્ મારે જન્મમરણ નથી, બંધમોક્ષ

નથી, પાપપુણ્ય નથી, વિધિનિષેધ નથી, જાતિવર્ણઆશ્રમ નથી, સ્ત્રીપુરુષાદિ ભેદ નથી, મારે શરીર નથી, મારે આધિવ્યાધિદુઃખ નથી, મારે વિષે ત્રિવિધ તાપ નથી, હું અજર અમર કેવલ બ્રહ્મ છું, ત્રિગુણથી રહિત છું, પરમતત્ત્વ છું, પંચ કોશથી અતીત છું, રાગ-દ્વેષાદિ સકલ દ્વંદ્વ ધર્મથી અલિપ્ત છું, આઆદિ અનેક શબ્દોને તથા વાક્યોને પાઠ કરી રાખે અને અન્યના સમીપ બોલી બતાવે અને એટલાથી જ પોતાને જ્ઞાની જીવન્મુક્ત માને, સઘળાં વ્યવહારનાં કર્મ ઇચ્છાપૂર્વક કરે, નિંદ્ય કર્મો પણ કરે, એવો પાપાચરણી હોઈને કોઇ એને એની કરણીસંબંધે પૂછે તો કહે કે વિધિનિષેધ અમારે નથી, કોઇ કર્મ અમને નડતું નથી, અમારી ક્રિયા તો સઘળી શેષ રહેલા પ્રારબ્ધથી થાય છે, તે પ્રારબ્ધ તો દેહના અંતે નષ્ટ થવાનું છે, અમારાં સંચિતઆગામી કર્મ તો અમને આ બ્રહ્મજ્ઞાન થયું ત્યારથી બળી ગયાં છે એટલે હવે અમારે કાંઇ ભય નથી,-આઆદિ વચનો બોલે તો તેવા પણ મુક્ત ગણાવા જોઈએ, પણ મૂલ શાસ્ત્રનો આવો દુષ્ટ સિદ્ધાન્ત નથી.

વળી તેવા અધમ મનુષ્યો શાસ્ત્રના તાત્પર્યને ન જાણીને એમ માને તથા કહે કે અંતઃકરણથી હું ન્યારો છું, અને અંતઃકરણને ને મારે કશો સંબંધ નથી, તેથી અંતઃકરણમાં હર્ષ, શોક, કામ, ક્રોધ, લોભ, મોહઆદિ અનેક દોષ હોય અને તે તેપ્રમાણે વર્તે તેમાં મને કશી હાનિ નથી,-આપ્રમાણે બોલે પણ સુખદુઃખ આવે ત્યારે પોતાને સુખીદુઃખી માને, ત્રિવિધ તાપમાં પોતાને બળતો અનુભવે, અને તેથી બચવા ઉદ્યોગ કરે એવો સંતપ્ત છતાં વળી પોતાને જ્ઞાની માને અને વિધિનિષેધ ગણે નહિ એવા અધમોવડે શાસ્ત્રના સિદ્ધાન્તને આધુનિક મૂર્ખ લોકો દૂષિત ઠેરવે છે; એટલું જ નહિ પણ અનેક મનુષ્યો આ પ્રકારના ખોટા નિશ્ચયથી પાપાચરણી થાય છે એ અત્યંત અનર્થ કરનાર હોવાથી ખોટું છે.

જો શાસ્ત્રનો આ પ્રકારનો જ સિદ્ધાન્ત હોય તો શાસ્ત્રકર્તા આ વિદ્યાના અધિકારી માટે પ્રથમ વિવેકાદિ ચાર સાધન શા માટે લખે? તેઓ ઇંદ્રિય તથા મનનો નિગ્રહ કરવાઆદિમાટે શમદમાદિ તથા યમનિયમાદિ સાધનો શા માટે લખે? ન જ લખે; પરંતુ લખ્યાં છે માટે નિશ્ચય થાય છે કે આ પ્રકારનાં સાધનોદ્વારા અંતઃકરણનો દોષોસહિત જય કરે નહિ ત્યાં પર્યંત આ વિદ્યાનો પ્રવેશક પણ થતો નથી તો પારંગત તો થાય જ ક્યાંથી?

આ મહાવિદ્યા નિર્દોષ અંતઃકરણમાં પ્રકટીને જ આપણા સત્ફલને પ્રકટ કરે છે; જેથી શ્રેયસાધકે સદા આપણા અંતઃકરણને દોષરહિત રાખવા યત્નવાળા થવું, એ પ્રકારનો મેં પ્રથમથી કરેલો નિશ્ચય મને અનેક વિચાર કરતાં પણ યથાર્થ જ જણાયો.

આ પ્રકારે અંતઃકરણને સાવધાન રાખવા છતાં મેં મારા સમીપ આવનાર સર્વ સુજ્ઞ મનુષ્યોને યથાઘટિત બોધ આપવાનો મારો સ્વધર્મ ત્યજ્યો નહિ. જેમ જેમ મેં સમીપ આવનારને પ્રિય તથા હિતકર એવાં યથાર્થ વચનોવડે સરલપણે સુબોધ આપવાનો વ્યવહાર ચાલુ રાખ્યો તેમ તેમ અધિક મનુષ્યોની મારા પ્રતિ પ્રવૃત્તિ થવા લાગી.

આ સંસારમાં એવો સ્વભાવ જણાય છે કે જ્યાં અધિક ઉપાધિસંબંધ થાય કે પછી વિવિધ પ્રકારે વિરોધ આવે છે. એ જ કારણથી, [1]**अति सर्वत्र वर्जयेत् । अति परिचयादवज्ञा**[2] આદિ વચનો વિદ્વાનોના મુખથી નિકળેલાં પ્રતીત થાય છે. વિરોધ થવામાં પ્રાણીઓની વિવિધ કારણોથી બંધાએલી ભિન્ન ભિન્ન પ્રકૃતિ જ કારણરૂપ છે. સજાતીય, વિજાતીય, તથા સ્વગત ભેદ સર્વ પ્રાણિપદાર્થમાં છે, અને તેથી જ પ્રાણિપદાર્થમાં વિરોધ પ્રતીત થવાનો સંભવછે.

મનુષ્યમાત્રની એકસરખી પ્રકૃતિ નથી. પ્રત્યક્ષ જણાય છે કે સર્વ મનુષ્યની મુખમુદ્રા એકબીજાથી સર્વ અંશે સમાન નથી. શરીરનો વર્ણ તથા પ્રમાણ પણ પરસ્પરમાં ભેદ પ્રતીત કરાવતાં જણાય છે. જ્યારે બહારનું દશ્ય રૂપ જ સર્વનું સમાન નથી તો પછી ન દેખી શકાય એવું મનુષ્યનું અંતઃકરણ તો ક્યાંથી જ સમાન હોય ? ન જ હોય. અંતઃકરણનો ભેદ સંસ્કારના ભેદથી હોય છે, અને સંસ્કારભેદથી સર્વની રુચિ તથા પ્રવૃત્તિ પણ ભેદવાળી હોય છે. જે ક્રિયા એકને અનુકૂલ ભાસે તે અન્યને પ્રતિકૂલ ભાસે. આમ હોવાથી જ્યારે જ્યારે અનુકૂલપ્રતિકૂલ ભાવનાનાં પ્રાણીઓ એક સ્થલમાં કે એક પ્રકારના સંબંધમાં આવે છે ત્યારે તેમને પરસ્પરમાં અણધાર્યો વિરોધ પ્રતીત થાય છે, અને તેથી સમુદાયમાં કલેશનો આવિર્ભાવ થાય છે. આ નિયમથી મારા સમીપ આવનાર મનુષ્યોમાં પણ પ્રસંગવશાત્ વિરોધ તથા કલેશનો સદ્ભાવ લાગ્યો. જ્યાંપર્યંત મારી સમીપતા હોય ત્યાંપર્યંત તો સર્વને અવિરોધ વર્તે, પણ તેમના પરસ્પરના અન્ય સંબંધોમાં પ્રસંગવશાત્ વિરોધ થતો. આમ છતાં પણ તે સર્વમાં જેમને મારા મુખથી ગુણદોષનાં તથા વિવિધ પ્રકૃતિનાં તથા

૧ અતિ સર્વત્ર ત્યજવું. ૨ અતિ પરિચયથી અવજ્ઞા થાય છે.

પરસ્પરમાં થનાર કલેશમાત્રનાં કારણસહિત તે કલેશોનાં સ્વરૂપને તથા વિરોધના શમનના વિવિધ વિચારનાં સ્વરૂપને શ્રવણ કરવાનો સમય આવ્યો હતો તેવા વિવેકવાળા સાધકોને તો કદાચિત્ કલેશનાં કારણો પ્રતીત થતાં કે તત્કાલ તેના શમનની યુક્તિનો ઉપયોગ કરતા અને અવિરોધીપણે પરસ્પરના સંબંધથી સુખરૂપ લાભ લેતા, અને જેઓ ખરા સાધકરૂપ ન હતા પણ માત્ર દેખાદેખી મારા સમીપ આવતા, અને જેમને મારા મુખથી ગુણદોષાદિનાં સ્વરૂપનો તથા સિદ્વચારનો તેમ જ આ વિચિત્ર જગત્‌નાં સામાન્યવિશેષ સ્વરૂપનો શ્રવણસાક્ષાત્કાર થયેલો ન હતો તેવાં મનુષ્યોને તો પરસ્પરમાં ક્ષણે ક્ષણે વિરોધ આવતો, તથા તેઓ તે વિરોધને શમાવવાની યુક્તિથી પણ અજ્ઞાન હોવાથી તે વિરોધને સત્વર શમાવી શકતા ન હતા; એટલું જ નહિ પણ ઉલટા પોતપોતાના પ્રાપ્ત દોષોને વશ વર્તીને તેઓ તે કલેશમાં પ્રતિક્ષણે વધારો કરતા હતા. ક્ષુદ્ર કારણોથી પણ તેઓ પરસ્પરમાં ક્રમથી ભારે વૈર ઉપજાવી લેતા હતા, અને તેનાં અનિષ્ટ પરિણામ રાત્રિદિવસ સહન કરતા પ્રજળતા હતા. આમ છતાં પણ જે લોકો કોઇ પણ સત્પુરૂષના સંબંધવિનાના તથા સચ્છાસ્રના શ્રવણાદિથી અંતઃકરણમાં પડતા સંસ્કારવિનાના હોય છે તેવા ઇતર મનુષ્યોનાં અંતઃકરણ જેટલાં અવર્ણનીય કિલષ્ટ હોય છે તેટલાં તે લોકનાં ન હતાં. તેઓ ઉત્તરોત્તર સહજ સહજ સંબંધથી પણ ઉજ્જવલ સંસ્કારોને ધારણ કરતા હતા, તથા ક્રમે કરીને પ્રતિદિવસ પોતાની વર્તણુકને સુધારવાની સ્પૃહાવાળા થતા હતા. પોતાને દોષરૂપ જોઈ જાણીને મનમાં લજ્જાતા હતા, જેથી થોડા સમયમાં તેમને પણ સુધરવાનો સંભવ હતો. **મનુષ્યમાત્રને સુધારવાના નિયમોમાં એ પણ એક નિયમ છે કે તેણે પોતાના કરતાં વધારે વિદ્વાન્, ગુણવાન્ તથા બુદ્ધિમાન્ મનુષ્યોના સંબંધમાં વિશેષ સમય વસવું.** આ નિયમ તેમને પ્રાપ્ત હતો, કારણ કે ચેષ્ટા માત્ર જોવા નિમિત્તે પણ તેમાંના ઘણાખરાને એ સમુદાયને સેવવાનો પ્રસંગ આવતો હતો.

આ પ્રકારે અનેક અનુકૂલપ્રતિકૂલ સ્વભાવનાં મનુષ્યોનો આવવા જવાનો પ્રસંગ વધવાથી મારે એક વ્યાપારનો વધારો થયો હતો. તે આ હતો. આવનાર મનુષ્યોને કોઇ પણ વ્યાવહારિક નીતિ કે પારમાર્થિક નીતિસંબંધે પરસ્પરમાં ચર્ચા ચાલતી અને તેમાં બે મત પડતાં. ત્યાં એક કહે કે મારું ખરું, અને બીજો કહે કે મારું ખરું.

આમ મતભેદ થવાથી તેઓ પ્રસંગે યોગ્ય નિર્ણયઅર્થે તે વિવાદના વિષયને મારા સમીપ લાવતા. તેમને વિવિધ પ્રકારનાં યોગ્ય સમાધાનથી યથાર્થ નિશ્ચયઉપર લાવવાને વિસ્તારથી મારે વિવેચન કરવું પડતું. આમાં પણ મારો કેટલોક સમય વ્યતીત થવા લાગ્યો.

આ વ્યાપાર પણ જનહિતકર હોવાથી હેયરૂપ ન હતો. પણ પ્રસંગે એમ થતું કે ઉભયમાંથી એકનો પક્ષ ખોટો હોય અને તેને ખોટો કહેવાનો પ્રસંગ આવે તો તેથી તેના બંધાયલા દુરાગ્રહથી તેને ખોટું લાગતું; અને મારા વિરોધી પક્ષકારનો પક્ષ કરી મારા પક્ષને દોષવાળો કહે છે, એવું વિપરીત ભાન તેને તેની મતિની દુર્બલતાને લીધે થતું, અને તેથી તે ખેદને પ્રાપ્ત થતો. વળી જેના પક્ષને યથાર્થ નિશ્ચય કરવામાં આવે તે પણ પ્રકૃતિવૃત્તિની પરીક્ષા કરી વર્તન કરનાર ન હોય તો તે પુનઃ પેલા સામા પક્ષકારને સ્વાભિમાનપૂર્વક કહે કે 'કેમ હું કહેતો હતો તે જ ખરૂં ઠર્યું કે નહિ? તમારૂં બોલવું ખોટું છે એ હવે બરાબર સમજાયું કે નહિ? તમને તો મારા ભાઈ! બરાબર સમજણ નથી ને ખોટી ટેંચ કરવાનો સ્વભાવ પડ્યો છે. આવી ખોટી તકરાર હવે કોઇ જોડે કરો તો લગાર જોઈ વિચારીને કરજો. નહિ તો મિથ્યા મૂર્ખ ઠરશો, કેમ સમજ્યા કે નહિ?' આઆદિ અનેક પ્રકારનાં વચનો તેને સંભળાવે, તેથી તેને પુનઃ દુરાગ્રહ વધે, અને પ્રમાણવચનોનો પણ અનાદર કરે. આ પ્રકારના પ્રસંગ આવે તે ઉપાધિરૂપ જણાતા. પણ બંને બુદ્ધિમાન્ અને દુરાગ્રહવિનાના પુરુષોમાં જ્યારે ચર્ચા થતી અને તેઓ નિર્ણય કરાવવા આવતા ત્યારે તો તેથી સર્વને લાભ થતો, અને તે ઉભય પણ પ્રસન્ન થતા. તેવા પ્રસંગો ઉપાધિરૂપ જણાતા ન હતા.

ચર્ચાના નિયમને જાણનારા, બલવત્તર પ્રમાણને સમજનારા તથા દુરાગ્રહવિનાના સુજ્ઞ પુરુષો નિર્વિવાદ નિશ્ચય કરવાને સમર્થ થાય છે. પણ ચર્ચાના યથાર્થ નિયમને ન જાણનારા, પ્રમાણની યોગ્યતાને ન જાણનારા, પોતાનાં વચનને જ ખરાં કરવાની ઇચ્છાથી દુરાગ્રહને કરનારા, અને તત્વપદાર્થ કે વસ્તુવિવેકવિનાના અલ્પજ્ઞ જીવો નિર્વિવાદ નિઃશંક નિર્ણય કરી સમાધાનને પ્રાપ્ત થઈ શકતા નથી.

ઘણા મનુષ્યો તો એવા હોય છે કે પોતાની બુદ્ધિ દુર્બલ છતાં પણ પોતાને મોટા બુદ્ધિમાન્ સમજે; પોતે અજ્ઞાનાવૃત અંતઃકરણવાળા છતાં પોતાને જ્ઞાની માને; પોતે કામક્રોધાદિ દોષોને વશ વર્તનાર છતાં

પોતાના મનથી પોતાને કામક્રોધાદિ દોષોને વશ વર્તાવનાર માને; અનેક પાપના સંસ્કારવાળા પોતાના અંતઃકરણને નિષ્પાપ શુદ્ધ માને; અત્યંત ચિત્તચાંચલ્ય વિક્ષેપદોષવાળા છતાં પોતાને સ્થિર ચિત્તના નિર્વિક્ષેપ માને;પોતે અદઢ નિશ્ચયવાળા છતાં પોતાને દઢ નિશ્ચયવાળા માને; અને પોતે અપ્રમાણિક છતાં પોતાને પ્રામાણિક માને. આઆદિ અનેક દોષના પાત્રરૂપ છતાં પોતાને નિર્દોષ માને, અને કદાચિત્ કોઇ તેમના દોષને જણાવે તો તેના પ્રતિ રોષ ધરે. આ પ્રકારના સ્વભાવવાળા મનુષ્યોને સત્વર તો શું, પણ ઘણે કાલે તથા ઘણે કષ્ટે પણ આગ્રહથી કર્મોપાસના કર્યાવિના યથાવત્ બોધ થતો નથી. ઘણો કાલ કર્મોપાસનાનો અભ્યાસ રાખવાથી અંતઃશુદ્ધિનો સંભવ થવે દુરાગ્રહ છૂટી તે મનુષ્યો નિર્મલ થાય છે.

વળી કેટલાક મનુષ્યો એવા સ્વભાવના હોય છે કે પોતે પોતાને દોષવાન્ જાણે છે પણ તે દોષ છોડવાની ઇચ્છા રાખતા નથી, અને તે દોષ છોડવાની સલાહ આપનારને શત્રુતુલ્ય ગણે છે. જ્ઞાન પામવાની તથા સુખ મેળવવાની ઇચ્છાવાળા હોય છે, પણ જ્ઞાનના તથા સુખના ઉપાયને કરવામાં પ્રીતિવાળા હોતા નથી. ઘણા આળસુ અને પ્રમાદી હોય છે. એ જ પ્રમાણે અનેક દોષના પાત્ર છતાં તથા પોતાને દોષપાત્ર જાણતાં છતાં પણ દોષથી છૂટવાના ઉપાયને, જણાવનાર જણાવે છે, ત્યારે પ્રીતિ કે ઉત્સાહવડે તેને આદરતા નથી. આવા મનુષ્યોને પણ સ્વલ્પમાં બોધ થતો નથી. એવા મનુષ્યોને પણ પ્રથમ અંતઃકરણશુદ્ધિમાટે કાલ તથા યોગ્ય પ્રયત્નની અગત્ય હોય છે. તેપ્રમાણે જો સમય તથા પ્રયત્નનો વ્યય કરે તો તેમને પરમાર્થ પ્રાપ્ત કરવામાં અધિક સુગમતા થાય છે.

કેટલાક મનુષ્યો એવા હોય છે કે તેમને પોતાના દોષનું જ્ઞાન હોય છે તે દોષોથી છૂટવાની ઇચ્છા હોય છે, તથા યત્ન કરવાની વૃત્તિ હોય છે, પણ તેમને જ્યાંપર્યંત યોગ્ય માર્ગદર્શક પ્રાપ્ત થતો નથી ત્યાંપર્યંત તેમને પણ શ્રેયઃ સાધવામાં મોટી વિડંબના રહે છે.

કોઇ કોઇ મનુષ્યોને નિર્દોષ થવાની ઇચ્છા, આગ્રહ તથા પ્રવર્તક પ્રાપ્ત હોય છે, તથાપિ ગૃહી અવસ્થામાં માતાપિતા, સ્ત્રી, કે બંધુઆદિ સ્વજનોના પક્ષથી નાના પ્રકારનાં વિઘ્ન આવવાના સંભવ હોય છે. તે વિઘ્નરૂપ પ્રતિબંધથી તેઓ સત્વર ઈપ્સિતાર્થ પ્રાપ્ત કરી શકતા નથી. એ જ પ્રમાણે કોઇને સઘળી અનુકૂલતા તથા સ્વજનોના પક્ષથી પણ પ્રતિબંધ હોતો નથી તો તેમને પોતાના શરીરની પ્રતિકૂલતા

અર્થાત્ વ્યાધિગ્રસ્ત શરીર હોવાથી ધારવાપ્રમાણે યત્ન કરવા સંભવ આવતો નથી, જેથી તેમને પણ શ્રેયઃ સાધવામાં વિઘ્ન રહે છે.

આઆદિ અનેક પ્રકારનાં વિઘ્નો મનુષ્યોને કલ્યાણના માર્ગમાં નડે છે. તે સર્વ વિઘ્નોના ભયથી મુક્ત રહીને કોઇક મનુષ્ય જ યત્ન આરંભી એક જન્મમાં કૃતકૃત્ય થાય છે, ઘણા અનેક જન્મમાં કૃતાર્થ થાય છે અને ઘણા તો અનેક જન્મે સત્સંસ્કારની પ્રાપ્તિ કરતા અધિક કાલે આ જન્મમૃત્યુરૂપ સંસારથી ઉદ્ધરે છે.

ઘણા મનુષ્યો તો ઈશ્વરને ન માનનારા થાય છે, અને તેઓ મોક્ષના સ્વરૂપને સમજી સ્વીકારતા નથી. એવાનો તો આ દુઃખરૂપ સંસારથી કેટલે કાલે છૂટકો થશે એનું કાંઇ પ્રમાણ નથી.

આ વિધિ અનેક પ્રકારનાં મનુષ્યો જે સંસારમાં વિદ્યમાન છે, તે સર્વપ્રકારનાં મનુષ્યોનો મારા સમીપ પણ પ્રવેશ હતો. એ મારા સમીપ આવનાર મનુષ્યોનો મેં ત્રણ ભેદમાં સમાવેશ કર્યો હતો. ૧ શ્રદ્ધાવાન્, ૨ અર્ધશ્રદ્ધાવાન્ અર્થાત્ કંઇક શ્રદ્ધા તથા કંઇક અશ્રદ્ધાના અંશવાળા મિશ્ર ભાવના, અને ૩ અશ્રદ્ધાવાન્, ત્યાં પ્રથમ શ્રદ્ધાવાળાં તો શુદ્ધ પ્રેમવાળાં હોવાથી આજ્ઞાનુસાર યત્ન કરનારાં તથા મારી પ્રીતિ સંપાદન કરવા અર્થે અત્યંત પ્રીતિથી સદ્વર્તનને સેવનારાં હતાં. બીજાં મધ્યમ તો જ્યારે જ્યારે શ્રદ્ધાવાન્ના સંબંધમાં બેસે ઉઠે કે રહે ત્યારે ત્યારે તો પૂર્ણ વિશ્વાસથી મારાં વચનોને અનુસરે; અને જ્યારે જ્યારે અશ્રદ્ધાવાન્ અધમના સંસર્ગમાં રહે ત્યારે ત્યારે તો મારાં વચનોમાં અવિશ્વાસવાળાં થઇને મારામાં વ્યર્થ દોષારોપ કરીને પોતાનાં સુકૃત્યનો ક્ષય કરતાં કેવલ સદ્વર્તનમાં આરૂઢ રહેતાં ન હતાં. ત્રીજાં અધમ તો અશ્રદ્ધાવડે જ્યારે ત્યારે મારાં વચનોમાં તથા વર્તનમાં દોષદર્શન કરવાના અભ્યાસવાળાં હતાં. તે મારાં સમાગમી છે, એમ લોકમાં અનેક પ્રકારના પોતાના સ્વાર્થ માટે જણાવતાં, પણ અંતરથી દ્વેષી સરખાં રહેતાં. એ અશ્રદ્ધાવાન્ અધમ મનુષ્યોથી મને અથવા શ્રદ્ધાવાન્ને તો કિંચિત્ પણ અનર્થની પ્રાપ્તિનો સંભવ ન હતો, પણ તેઓ પેલાં મધ્યમ મનુષ્યોને નિરંતર અનર્થનાં કારણરૂપ થઇ પડતાં હતાં.

હવે એ શ્રદ્ધાવાન્, અર્ધશ્રદ્ધાવાન્ તથા અશ્રદ્ધાવાન્, એમ ત્રણ પ્રકારનાં તે મારા સમીપ આવનાર મનુષ્યો પોતપોતાના નિશ્ચયને જે જે પ્રકારના વિચારથી દૃઢ કરી રાખતાં તે તે વિચારનાં સ્વરૂપને તેમનાં અંતઃકરણને સ્પષ્ટ કરવા નિમિત્ત અત્ર સ્વલ્પમાં કહું છું.

૧ અશ્રદ્ધાવાન્ અધમ સંસ્કારવાળા મનુષ્યો તો એમ માનતા તથા અન્યને મનાવવા યત્ન કરતા કે આ આપણા **શ્રીગુરુ** છે ખરા, અને આપણે એમને **શ્રીગુરુરૂપે** માન આપીએ છીએ ખરા, પણ જેવા શાસ્ત્રમાં લખ્યા છે તેવા એ શ્રીગુરૂ નથી. શાસ્ત્રમાં ખરા ગુરુને તો નિઃસંગ ને નિર્લેપ કહ્યા છે, અને આ ગુરુ તો આપણો સર્વ મનુષ્યોનો સંગ રાખે છે, અને આપણાં સુખદુઃખોને શ્રવણ કરીને તે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે ઉપાયની યોજના કરી આપવાની કાળજીવાળા છે; તેથી લિપ્તમાં ગણાય એવા છે. વળી ખરા ગુરુ તો, સ્ત્રી, પુત્ર, ગૃહ, ક્ષેત્ર, તથા ધનાદિ પદાર્થનો ત્યાગ કરીને કૌપીનમાત્રને ધારણ કરીને નિરંતર વિચરતા રહે તે છે. તેમનાથી પૂરી એક રાત્રિ પણ એક જગાએ રહેવાય નહિ, અને આ ગુરુ તો આપણી પેઠે સ્ત્રી, પુત્ર, ગૃહ, ક્ષેત્ર, તથા ધનાદિ પદાર્થના સંગ્રહવાળા છે, ઘણો કાલ એકજ સ્થાનમાં રહે છે, તથા સારાં વસ્ત્રોને ધારણ કરે છે, માટે એ કાંઇ ખરા ગુરુ ગણાય નહિ. વળી શાસ્ત્રમાં તો કામ, ક્રોધ, લોભ, મોહ તથા ભય આદિ દોષોથી રહિતને ગુરુ કહ્યા છે, અને આ ગુરુમાં તો સઘળા દોષો હશે એમ અનુમાન કરવાને કારણ છે. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે "**संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते। क्रोधाद्भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ॥ स्मृतिभ्रंशात् बुद्धिनाशोबुद्धिनाशात् विनश्यति ॥ ભાવઃ**—આ પ્રાણિપદાર્થના સંગથી કામ ઉપજે છે, કામથી ક્રોધ પણ ઉપજે છે, ક્રોધથી મોહ પણ થાય છે, સંમોહથી આ કરવાયોગ્ય છે અને આ કરવાયોગ્ય નથી, એ પ્રકારની જે સ્મૃતિ તે લોપ થાયછે, અને સ્મૃતિ લોપ થવાથી બુદ્ધિમાં બિગાડ થાય છે, અર્થાત્ યોગ્યાયોગ્ય નિશ્ચય કરવાનું સામર્થ્ય ઘટી જાય છે, અને તેમ થવાથી અયોગ્ય આચરણનો સંભવ આવે છે અને તેથી જ્ઞાનસુખનો વિનાશ થાય છે. આપ્રમાણે શાસ્ત્રવચનપ્રમાણથી સ્પષ્ટ જ છે કે આ ગુરુને આપણઆદિ પ્રાણીઓનો સંગ છે, તેથી એમનામાં સંગથી પ્રાપ્ત થતી દોષોની પરંપરા સઘળી જ આવવી જોઈએ, અને તે દોષસમૂહ આવે એટલે ગુરુપણું ગણાય નહિ. વળી શાસ્ત્રમાં તો ગુરુને નિરુપાધિવાળા કહ્યા છે, અને આ ગુરુ તો ઉપાધિવાળા છે, કારણ કે દંડછત્રચામરાદિ દેવનૃપના સમીપ રહેનાર સર્વ ચિહ્નોને પોતાના સમીપ રાખે છે, અને તેના અંગે વાહનાદિ ઉપાધિ પણ એમની પાછળ છે. વળી શાસ્ત્રમાં તો નિરન્તર જ્ઞાનમાં તલ્લીન રહેનારા ગુરૂ કહ્યા છે, અને વ્યવહારના સંબંધવાળી વાર્તામાત્રને ન બોલનાર

તથા ન સાંભળનાર એવાને ગુરુ કહ્યા છે, અને આ તો આપણને બોધ આપવાને જાગ્રત્ રહેછે, એટલે જ્ઞાનમાં તલ્લીન તો નથી જ રહેતા; અને બોધ આપે છે ત્યારે વ્યવહારને લગતાં દૃષ્ટાન્તોને વારંવાર કહીને સઉને સમજાવે છે, એટલે વ્યવહારકથન કરવારૂપ દોષ પણ એમનામાં છે. એટલે શાસ્ત્રસિદ્ધ ગુરુમાં આ ગુરુની ગણના કરવી ઘટિત નથી.

શાસ્ત્રમાં બાલવત્ કે ઉન્મત્ત પિશાચવત્ વિચરનારને ગુરુ કહ્યા છે; અને આ ગુરુ તો બાલક કે ઉન્મત્ત પિશાચની પેઠે વિચરતા જણાતા નથી. આ તો આપણી પેઠે સાધારણ મનુષ્યવત્ વિચરેછે. તેથી પણ એમની ગુરુમાં ગણના કરવી ઉચિત નથી. વળી શાસ્ત્રમાં તો દિગંબર રહેનાર તથા પોતાના શરીરનું પણ ભાન જેમને હોતું નથી તેવાને ગુરુ કહ્યા છે, અને આ તો પાંચે વસ્ત્ર આપણી પેઠે ધારણ કરનાર છે અને પોતાનાં તથા સંબંધીઓનાં તેમ જ ઇતર સર્વનાં શરીરના ભાનવાળા છે. સર્વના રક્ષણના ઉપાયને પણ કથન કરે છે, માટે ગુરુપણું સંભવતું નથી. શાસ્ત્રમાં તો સર્વાર્થ સધાવનાર, મૌનને ધારણ કરનાર તથા શરીરના રક્ષણમાટે પોતાને હાથે નહિ જમનારને મહાત્મા કહ્યા છે, અને આ તો બોલે છે તથા પોતાને હાથે જમે છે. વળી શાસ્ત્રમાં તો શત્રુમિત્રભાવથી રહિત રહેનારને ગુરુ કહ્યા છે; અને આમને તો સગાંસંબંધી તથા આપણે શિષ્યો છીએ, એટલે આપણા ઉપર એમને મિત્રબુદ્ધિ હશે અને જેઓ એમને નહિ માનનાર હશે, તેમના ઉપર તો એમની શત્રુબુદ્ધિ હશે, જેથી ગુરુપણાનો વાંધો સમજવો. આઆદિ અનેક પ્રકારના વિચારને વશ થતા તે અશ્રદ્ધાવંત મનુષ્યો પોતાની અશ્રદ્ધાને દૃઢ રાખતા હતા, તથા અન્યમાં અશ્રદ્ધા દૃઢાવવાને એવા અનેક તર્કવિતર્ક કરીને સંભળાવતા તથા સમજાવતા હતા.

હવે શ્રદ્ધાવંત મનુષ્યના વિચારોને શ્રવણ કરો.

તે શ્રદ્ધાવંત ઉત્તમ સંસ્કારવાળા અધિકારીઓ પોતાના મનમાં વિચાર કરતા કે "અહો ! આપણે કેવા સુભાગ્યવંત છીએ કે આપણે જેવા જોઈએ તેવા તથા જેવા શાસ્ત્રમાં કહ્યા છે તેવા **શ્રી**સદ્‌ગુરુ પ્રાપ્ત થયા છે. આ આપણા **શ્રી**ગુરૂ પરમદયાલુ છે. શરણાગત જનોને અધોગતિથી ઉગરવાને નિરન્તર પ્રયત્નવાળા છે. એમને કોઇ પ્રકારનો પણ સ્વાર્થ સાધવો હોય એમ પ્રતીત થતું નથી. કેવલ પરોપકારાર્થ અવશેષ આયુષ્ ગાળે છે. એ સંગી છતાં પણ નિસંગી તથા નિર્લેપ છે, કારણ કે ઇતર પ્રાણીઓને સંગદ્વારા જે કામક્રોધાદિ દોષ ઉપજે છે તે દોષોનો અંશમાત્ર પણ એમનામાં પ્રતીત થતો નથી. આ જગત્‌માં અન્ય લોકોના નિશ્ચયથી તથા શાસ્ત્રથી

પણ એમ સિદ્ધ થાય છે કે જે સંગી છતાં નિઃસંગી તથા નિર્લેપ છે, તે પુરુષોત્તમ છે. એમનું હૃદયબલ પણ અવર્ણનીય શક્તિવાળું હોવું ઘટે છે. કારણ કે ઘણા ક્ષુદ્રહૃદયબલવાળા મનુષ્યો માયાના કાર્યપ્રપંચથી તથા પ્રપંચના સંબંધથી ઉપજતા દોષોના ભયથી ત્રાસ પામીને ત્યાગી થઈ જ્યાં ત્યાં ભાગતા ફરે છે તો પણ તે ત્યાગીઓ તે પ્રપંચથી કે દોષોથી બચી શકતા નથી. શત્રુના ભયથી ભાગતા ફરનારને આ લોકમાં પણ કોઈ શૂરવીર કે ધીરપુરુષ કહેતા નથી, તથા તેમના પરાક્રમની સ્તુતિ ગવાતી નથી. પણ જે પુરુષ અલૌકિક હૃદયબલવાળા હોઈને શત્રુના વિનાશપર્યન્ત રણભૂમિમાં શત્રુના સંમુખ રહીને યુદ્ધ કરે છે, તથા અવિકલપણે રહેતાં અન્તે શત્રુનો પરાભવ કરે છે તેમને વિજયી, શૂરવીર, તથા ધીર, બુદ્ધિમંત પુરુષો કહે છે, તથા તેમના ગંભીર હૃદયબલની સ્તુતિ સર્વત્ર ચિરકાલપર્યંત ગવાય છે. જેથી અકાલે સંગના ભયથી ત્યાગ કરી નીકળેલા કાયર પુરુષ આપણા શ્રીગુરુ નથી પણ અપ્રમાદયુક્ત ધૈર્યવાળા તથા શૌર્યાદિ સમગ્રદૈવીસંપત્તિવાળા છે. જેથી સકલ સેવ્યરૂપ શ્રીગુરૂઓની પંક્તિમાં શ્રેષ્ઠ છે. વળી કેવલ બાહ્ય ત્યાગવાળા પુરુષો, શાસ્ત્રમાં પણ ગુરુપદને યોગ્ય કહ્યા નથી. કારણ કે તેમની એક સ્થલમાં અધિક કાલપર્યન્ત સ્થિતિ હોતી નથી, જેથી તેઓ સાધકોને યોગ્ય સમયે યોગ્ય ઉપાયો લેવામાટે ઉપયોગી થઈ પડતા નથી; અને પ્રતિદિવસ નવા નવા ત્યાગીઓનો થોડો થોડો સમાગમ કોઈ એક પ્રકારના દૃઢ નિશ્ચયમાં સ્થાપવાને સમર્થ થતો નથી; પણ ઉલટો પ્રસંગપરત્વે તેવા અનેક પુરુષદ્વારા અનેક પ્રકારનું શ્રવણ કરવાથી સાધકની મતિમાં ભ્રમ થવાનો સંભવ આવે છે, અને પ્રત્યેક નિશ્ચયથી સદા ભ્રષ્ટ રહેવાય છે; આમ હોવાથી એક સ્થલમાં અધિક નિવાસ કરનાર મહાત્મા સાધકોને માટે શ્રેષ્ઠ કહ્યા છે. કારણકે જ્યારે ત્યારે તે એક પોષકથી જ તેમના નિશ્ચયો પોષાય છે. વળી ત્યાગીઓમાં પણ અનેક પ્રકારના નિમિત્તોથી ત્યાગાવસ્થાને પ્રાપ્ત થયા હોય છે. તેમાંથી સ્વલ્પ સહવાસથી યોગ્ય પુરુષ કોણ છે તેનો નિર્ણય કરી તથા તેમને યોગ્ય જાણ્યા પછી તેમનાં વચનમાં વિશ્વાસ કરવા અનુકૂલતા ભાગ્યે જ આવે છે, જેથી વિચરતા ત્યાગીથી પણ સાધકને સંતોષ થવો કઠિન છે, અને મઠ બાંધીને ગ્રામમાં કે નગરોમાં રહેલા ત્યાગીઓમાં તો ત્યાગીના ધર્મના અભાવે ત્યાગીપણાનો અસંભવ હોય છે. જેથી તેવા ઉભયભ્રષ્ટ પુરુષનો સંગ પણ શ્રેયસ્કર ભાગ્યે જ નીવડે છે. જેથી સઘળા પ્રકારથી વિચાર કરી જેનાં સુખદુઃખ, લાભઅલાભ, જયઅજય, આદિ સમગ્ર દ્વંદ્વ-

ધર્મની પ્રતીતિએ જેમનું અંતઃકરણ સદા નિર્વિકાર રહે છે એવા આપણા આ **શ્રીસદ્‌ગુરુ** જ શ્રેષ્ઠ છે.

ઘણા ઓછા મતિવાળા મનુષ્યો ગૃહીસરખા પ્રતીત થતા પુરુષને અયોગી જ જાણે છે, પણ યોગીશ્વર યાજ્ઞવલ્કયાદિને પૂર્વકાલથી જ યોગીશ્વર સંજ્ઞા ગૃહી હોવા છતાં અર્પાયલી છે. વળી **શ્રી**કૃષ્ણાદિ લીલાતનુધારીઓની પણ યોગીશ્વર સંજ્ઞા ગૃહી છતાં પ્રસિદ્ધ છે, તો આપણા **શ્રી**ગુરુને યોગીશ્વરરૂપે જાણવામાં આપણે કિંચિત્ પણ અણઘટતું કરીએ છીએ એમ નથી. વળી કોઇ એમ કહે કે વૈભવી પદાર્થોથી રહિત ત્યાગી, ગુરૂપદે ગણવાયોગ્ય છે, તો તે પણ સર્વત્ર સંભવતું નથી. **શ્રી**શુકદેવજીજેવા ગર્ભયોગી તથા ત્યાગીને પણ, વૈભવી ગૃહી જનકપાસે શાંતિનિમિત્ત જવું પડયું હતું એમ પૂર્વ ગ્રંથથી સ્પષ્ટ છે. વળી કોઇ એમ માને છે કે સંપૂર્ણ વ્યવહારથી રહિત થયેલા તથા જ્ઞાનમાં ગર્ક થઈ ગયેલા પુરુષો ગુરુ ગણવાયોગ્ય છે, પરંતુ આ કહેવું અનનુભવનું છે. કારણ કે સંપૂર્ણ વ્યવહારથી રહિત અને જ્ઞાનમાં જ ગર્ક થઈ ગયેલા તો સપ્તમી ભૂમિકામાં સ્થિત પુરુષ હોય છે. તેમનું સ્વતઃ કે પરતઃ ઉત્થાન થતું જ નથી, તો તેવા પુરુષ સાધકને શી રીતે બોધ કરી શકે ? અને બોધ ન કરી શકે તો નિઃસંદેહ થવાની ઇચ્છાવાળાને તેમનો શો ઉપયોગ ? એવા મહાત્મા તો દર્શનમાત્રને અર્થે જ છે. પ્રસિદ્ધ રીતે લોકમાં કહેવાય છે કે કોઇ ગુરુ તો પાંદડા જેવા છે, અર્થાત્ પત્ર જેમ જલમાં તરે છે, પણ તે પત્રઉપર કોઇ પદાર્થ મૂકીએ તો તેને તે તારી શકતું નથી તેથી તે બુડે છે, તેમ જે પુરુષ પોતે તરે છે, પણ શરણાગતને ન તારતાં ડુબાવે છે તે ગુરુ શ્રેષ્ઠ નથી. વળી એક ગુરુ પાષાણજેવા છે તે પોતે બુડે છે અને શરણાગતને પણ બુડાડે છે; અને એક ગુરુ તો શુદ્ધ નૌકાજેવા છે કે જે પોતે તરે છે ને શરણાગતને તારે છે. આ નૌકાજેવા ગુરુ સર્વોત્તમ છે; અને આપણા **શ્રી**ગુરુ તે સર્વોત્તમ પંક્તિના છે, કેમકે પોતે મહામુક્તાવસ્થાને ભોગવતાં છતાં અન્ય સર્વને તારે છે. કોઇ કોઇ પુરુષો તો બાલ કે ઉન્મત્ત પિશાચવત્ વર્તનારા હોય છે. તે બાલાદિવત્ વિચરનારાઓ પૂર્ણાવસ્થાને પામેલા હોતા નથી, તેથી ઉપાધિરહિત રહી પૂર્ણ થવાને તેમ રહે છે, અર્થાત્ તેઓ સાધક છે; અને સાધક હોવાથી તેઓ પોતાના મનના અવિશ્વાસવાળા હોય છે, તેથી પણ તે નિઃસંગ રહે છે. વળી તેમના નિરુપાધિપ્રારબ્ધના બલથી પણ તેમને તે સ્થિતિમાં રહેવાની કદાચિત્ ઇચ્છા ન હોય

તોપણ તે પ્રારબ્ધબલવડે તેમાં રહેવું પડે છે. આઆદિ પ્રકારથી તે બાલાદિવત્ વિચરનારા અપૂર્ણ છે અને તેથી જ તેઓ સંગથી ભયભીત રહે છે. તેથી તેવા પુરુષો **શ્રીસદ્ગુરુરૂપે** સાધકોએ સેવવાયોગ્ય નથી. આમ હોવાથી સમ્યક્ સ્થિતિવાળા આપણા **શ્રીસદ્-ગુરુ** જ સર્વ પ્રકારથી શ્રેષ્ઠ છે, અને સાધકોએ સેવવાયોગ્ય છે. વળી જેઓને શરીર તથા વસ્ત્રાદિનું ભાન નથી, એવા પુરુષો પણ શાંત ચિત્તથી અને સાવધાનપણે વારંવાર સાધકના ચિત્તનું સમાધાન કરવા પ્રવૃત્ત થાય એમ સંભવતું નથી, તેથી તેઓ પણ ગુરુપદને યોગ્ય નથી. જેથી સદાકાલ દયાલુ સ્વભાવથી ચિત્તની સમ અવસ્થા પ્રતીત કરાવતા આપણા **શ્રીગુરૂ** જ એ પદે યોગ્ય છે. કોઇ કોઇ મનુષ્ય તો શમદમાદિ સાધનસંપત્તિને સાધવા તથા અનધીન મન તથા ઇંદ્રિયોને ક્રમથી નિર્દોષ કરવાને મૌનાદિ વ્રતને સેવનાર મૌનધારીને જ ગુરુપદને યોગ્ય માને છે, પણ તે સાધક હોવાથી સદ્ગુરુપદને યોગ્ય નથી. વળી તે મૌનઆદિ વ્રતને આચરનારામાં કોઇ કોઇ સરલ અને કોઇ તો દંભી હોય છે, તેમની પરીક્ષા પણ તત્કાલ થવી કઠિન છે. તેમ જ તે મૌનવાળા પુરુષને પ્રશ્ન થવાથી તત્કાલ સમાધાનની આશા ઓછી છે. કદાચિત્ તેવા સરલ પુરુષ લખીને સમાધાન આપે, તોપણ તે અધિક લખવાના ભયથી સ્વલ્પમાં ઉત્તર આપવા જાય છે, તેથી સાધકને સમાધાન થવું પણ કઠિન છે. માટે તેવા પુરુષો સાધકને **શ્રીગુરુરૂપે** ઉપયોગી નથી. આઆદિ અનેક પ્રકારથી જોતાં રાગદ્વેષાદિ દોષોથી રહિત, શત્રુ, મિત્ર તથા ઉદાસીન પુરુષોપ્રતિ સમબુદ્ધિથી વર્તતા પ્રતીત થતા આપણા **શ્રીગુરુ** જ શ્રેષ્ઠ છે. ઘણા સામાન્ય વિચારના મનુષ્યો એમ માની બેસે છે કે વનમાં વાસ કરનારા જ મોટા પુરુષ છે, પરંતુ ખરું જોતાં તેમ નથી. પૂર્વકાલથી અનેક વિચાર કરતાં એ નિશ્ચય સિદ્ધ થઇ ચુકયો છે કે **જે સમર્થપુરુષ પોતાના અંતરમાં રહેલા છ રિપુને વશ વર્તાવનાર થયો નથી તે વનમાં વસ્યો તો તેથી પણ શું લાભ? કાંઇ જ નહિ; અને જે પુરુષ અંતરમાં રહેનાર ષડ્રિપુને વશ વર્તાવનાર થયો છે તે પુરુષ ઘરમાં રહેલ હોય તો તેથી પણ શું હાનિ? કાંઇ જ નહિ.**

વળી જે પુરુષોની વિષયોપ્રતિની પ્રવર્તતી સ્પૃહા છૂટી નથી, જેમને વસતિમાં કે વસતિસમીપ ગૃહરૂપ મઠમાં રહેનારી વૃત્તિ છૂટી નથી, જેમને સ્ત્રીપુરુષાદિના સહવાસની સ્પૃહા નિર્મૂલ થઇ નથી, તથા જેમને પ્રાપ્ત પદાર્થોના રક્ષણની તથા અપ્રાપ્ત પદાર્થ પ્રાપ્ત કરવા-

નિમિત્તના ઉદ્યોગની આશા છૂટી નથી, તેવા પુરુષ કદાચિત્ ત્યાગના વેષવાળા હોય તો તેથી પણ શું ? અને પ્રાપ્તિ, અપ્રાપ્તિ તથા વિનાશના સમયમાં પદાર્થના નિમિત્તથી જેમનાં ચિત્તમાં હૃદ્બલને ક્ષીણ કરનાર ક્ષોભ થતો નથી અને સમાધાનવૃત્તિ વર્તતી હોય છે તો તેવા ગૃહીને ગૃહમાં કરેલા નિવાસથી પણ શું હાનિ ?

જ્યાંપર્યંત એક સ્થિતિનો ત્રાસથી ત્યાગ કરવાની ઇચ્છા અને અન્ય સ્થિતિને સુખની લાલસાથી ગ્રહણ કરવાની ઇચ્છા અંતરમાં સ્ફુરતી હોય છે ત્યાંપર્યંત રાગદ્વેષનાં મૂલ દૃઢ હોય છે; જેથી તેવા પુરુષને વિષે સર્વત્ર પૂર્ણપણું સંભવતું નથી. પણ જેમને પ્રાપ્ત સ્થિતિમાં જ નિર્દોષપણે સ્થાપી રાખનાર સામાન્ય વૃત્તિ અવશેષ રહી હોય છે તેવા પુરુષ જ ઉપદેષ્ટા તથા સદ્ગુરુપદને યોગ્ય છે.

કોઇ તો મહાત્માના સરખા વેષને તથા મહાત્માસરખી બાહ્ય સ્થિતિને જોઈને તથા મહાત્માસરખા વિદ્વાન્ છે એમ જાણીને તેવા વેષવાળાને, સ્થિતિવાળાને તથા વિદ્વત્તાવાળાને સદ્ગુરૂપદની યોગ્યતા-વાળા ગણે છે. પણ તે યોગ્ય નથી. કારણ કે ઘણા વેષધારીઓ સ્વાર્થ સાધવા વેષ ધરે છે; અને ઘણા બહારથી મહાત્માપણાનું ડોળ દેખાડનાર પ્રસિદ્ધ રીતે પોતાની ઉત્તમ સ્થિતિ હોય એવું કોઇ કાલે ભાન કરાવે છે, પણ અંતરમાં ભારે છલવાળા હોવાથી અન્ય સમયે ગુપ્તપણે અન્ય સ્થિતિને સેવે છે. તેમજ ઘણા વિદ્વાનો હોય છે પણ પોતાના કોઇ પણ નિશ્ચયમાં દૃઢ હોતા નથી. એક કાલે એક નિશ્ચય કરે, અને અન્ય સમયે તેને દોષવાળો સમજીને તેને ત્યજવા આદરે. એવા અદૃઢ ચિત્તવાળા વિદ્વાનો, તથા પ્રથમ કહેલા મિથ્યા વેષધારી તથા છલથી સ્થિતિ દેખાડનારા મનુષ્યો પણ શ્રીગુરૂપદને યોગ્ય નથી. પણ આ આપણા શ્રીસદ્ગુરૂ તો મિથ્યા વેષવાળા નથી, તથા બાહ્ય સ્થિતિમાં પણ કાલે કાલે ભેદને પામનારા નથી, તથા અદૃઢ નિશ્ચયવાળા નથી, અર્થાત્ સદા નિરુપાધિવેષવાળા, અચલ સ્થિતિવાળા તથા દૃઢ નિશ્ચય-વાળા છે; જેથી સર્વપ્રકારથી એ જ આપણે તો સેવ્યછે. આઆદિ અનેક પ્રકારના વિચારોને કરીને તે શ્રદ્ધાવંત પુરુષો પોતાના નિશ્ચયમાં દૃઢ રહેતા હતા.

હવે ત્રીજા પ્રકારનાં જે મધ્યમ સંસ્કારથી પ્રવર્તતાં મધ્યમ સ્વભા-વનાં મનુષ્યો હતાં તે તો શ્રદ્ધાવંતના તથા અશ્રદ્ધાવંતના વિચારોને શ્રવણ કરીને ક્ષણે શ્રદ્ધાવંત અને ક્ષણે અશ્રદ્ધાવંત રહેતાં હતાં. તેઓ તે બે પક્ષના વિચારોને ત્રોડવા કે બલવાન્ કરવા પોતાની વિચાર-

શક્તિને વધારે કામે લગાડે એવાં ન હતાં; જેથી તેઓ પોતાની મેળે જ પોતાનું હિત કે અહિત કરતાં ન હતાં. પણ અમુક મનુષ્ય કહે છે તે ઠીક જ કહેતા હશે, અને અમુક કરે છે તે સમજીને જ કરતા હશે, એવા અનુમાનથી જેવા જેવા મનુષ્યસાથે જ્યારે જ્યારે સંબંધ થાય ત્યારે ત્યારે તેવા તેવા ભાવને પોતામાં ઉપજાવી લેતા હતા. આમ હોવાથી તે મધ્યમ પ્રકૃતિનાં મનુષ્યોના વિચારો હવે સ્પષ્ટ કરીને અત્ર જણાવવા અવશેષ રહેતા નથી.

આ વિધિ અશ્રદ્ધાવંત, શ્રદ્ધાવંત તથા અર્ધશ્રદ્ધાવંત એમ ત્રણે પ્રકારનાં મારા સમીપ આવનાર મનુષ્યો પોતપોતાનાં આંતર બલના પ્રમાણમાં નિશ્ચયો બાંધી વર્તતાં.

એવિના પણ ઘણાં મનુષ્યો આવતાં, પણ તે નિરંતર આવતાં ન હતાં. કોઇ કોઇ દિવસ આવતાં. તેઓ પૂર્વોક્ત ત્રણ પ્રકારનાં મનુષ્યની પેઠે ગુરુબુદ્ધિ સ્થાપીને જ આવતાં ન હતાં પણ પ્રસંગે કાંઇ પૂછવા કે ચર્ચા જોવા, સાંભળવા કે કરવાને આવતાં. તેમાં પણ ઘણા પ્રકારના નિશ્ચયવાળાં આવતાં હતાં. હવે તે પૂછવા આવનારના ભેદ સમજાય માટે અત્ર તેમનાં સામાન્ય સ્વરૂપને કહું છું, જે સ્વરૂપ સાધકોને પ્રસંગવશાત્ ઘણાં ઉપયોગનાં છે. તે પૂછવા આવનારામાંથી કોઇ સરલ અંતઃકરણવાળા પુરુષો તો પોતે એક વાર કે અનેક વાર શ્રવણથી કે ગ્રંથાવલોકનથી પોતાના મનમાં કરેલા નિશ્ચયો યથાર્થ છે કે અયથાર્થ, એ જાણવા અર્થે પ્રશ્ન કરતા હતા; તથા પોતાનો નિશ્ચય અયથાર્થ ઠરે તો યથાર્થ નિશ્ચય કરવાની ઇચ્છાવાળા હતા. તેમની પ્રશ્ન પૂછવાની શૈલી આ પ્રકારની હતી:—

"હે ભગવન્! અમે અમુક સ્થલથી અથવા અમુક ગ્રંથમાંથી અમુક વાર્તા અમુક પ્રકારના રૂપમાં જાણી છે. તે અમુક અમુક કારણોથી ખરી છે, એવો અમારો નિશ્ચય આજપર્યન્ત બંધાયો છે. તો એ નિશ્ચય સાચો છે કે એમાં કોઇ દોષ છે, તે આપ કૃપા કરીને કહો. અને કદાચિત્ એ નિશ્ચય અયથાર્થ જ હોય તો એ સંબંધમાં યથાર્થ નિશ્ચય શું કરવો તે પણ કહેવા આપ દયા લાવશો." આ પ્રકારના પ્રશ્ન કરનારા વિશેષે કરીને શુદ્ધ મનના હોય છે, અને તેથી તે યોગ્ય ઉત્તર પામવાની યોગ્યતાવાળા હોય છે; જેથી તેવા પ્રશ્નકારો આવતા તે ઉપાધિ કરનાર જણાતા ન હતા. કારણ કે તેમને સકારણ સમાધાન આપતાં તેઓ તત્કાલ સ્વીકારતા અને દુરાગ્રહ કરતા ન હતા.

અન્ય કેટલાક તો એવા આવતા હતા કે તેમને જે વિષય નવીન જ જાણવાનો હોય તથા જેવિષે તેમણે કાંઇ પણ નિશ્ચય બાંધ્યો ન હોય તે જ પૂછતા. તેમની પૂછવાની શૈલી આ પ્રકારની હતી.

"હે દયાસાગર! અમે અમુક વિષય જાણવાની ઇચ્છાવાળા છીએ. એ સંબંધમાં અમે આજપર્યન્ત કોઇદ્વારા કશું જાણ્યું નથી, તથા તેસંબંધમાં અમે પોતે પોતાની મેળે પણ વિચાર કરીને કાંઇ નિશ્ચય બાંધ્યો નથી. તેમ જ અમે અમારા વિચારથી કદાચિત્ અયથાર્થ નિશ્ચય બાંધી દઇએ, અને પછી તેમાં અમને દુરાગ્રહ થાય તો અનર્થ થાય; જેથી અમે અમારા વિચારથી હવે પછી નિશ્ચય કરવા ઇચ્છતા નથી. માટે આપ કૃપા કરીને એસંબંધમાં જે કાંઇ જણાવવાયોગ્ય હોય તે અમારા પ્રતિ કહો."

આ પ્રકારના પ્રશ્ન કરનાર પણ શુદ્ધ મનના ગણાય છે. જેથી તેમને ઉત્તર આપવામાં પણ કષ્ટ નથી. એવાઓને હું ઉત્તર આપતો તથા તે ઉત્તરને પ્રમાણયુક્ત જાણીને તેઓ સ્વીકારતા; જેથી તેમના વડે પણ કાંઇ ઉપાધિનો સંભવ રહેતો ન હતો. આ બે પ્રકારના પ્રશ્ન કરનારમાં પણ કોઇ કોઇ પુરુષ ખલ હોય છે. પણ પ્રાપ્તવિવેક કુશલ પુરુષ તેવાં મનુષ્યોની તેમની સાથે સંબંધ થવાથી તત્ક્ષણ પરીક્ષા કરી લે છે, અને પછી તેમની સાથે ઘટિત વ્યવહાર કરે છે, જેથી વિશેષ કષ્ટનો સંભવ આવતો નથી. હું પણ તેવા મનુષ્યોને જાણી તેમનાથી ઘટિત પ્રવૃત્તિ કરતો હતો.

કેટલાએક પ્રશ્ન કરનારા એવા હોય છે કે પોતે યથાર્થ કે અયથાર્થ ગમે તેવો નિશ્ચય કોઇ પણ વિષયમાં કર્યો હોય અને તે નિશ્ચય સપ્રમાણ ખોટો ઠરે તો કદાચિત્ પણ તે છોડવો નથી એવો દૃઢ આગ્રહ રાખે છે. તેવાં મનુષ્યો પોતાના નિશ્ચયપ્રમાણે આ પુરુષ જાણે છે કે નહિ, એ જાણવાઅર્થે પ્રશ્ન કરે છે, અને જો તે ઉત્તર આપનાર પુરુષ તેના જાણવાપ્રમાણે અનુકૂલ ઉત્તર આપે તો તે પૂછનાર તેને ઠીક ગણે છે, અને જો તે ઉત્તર આપનાર અન્ય પ્રકારથી ઉત્તર આપે તો તે પૂછનાર તેને અજ્ઞાન સમજે છે. આવિના બીજા કોઇ પ્રકારનું પણ ફલ તે પ્રશ્ન કરનાર પ્રશ્ન પૂછીને મેળવતા નથી. એવા પ્રશ્ન કરનારા અયોગ્ય અને અધમ ગણાય છે. કારણ કે યોગ્ય વિચારશૂન્ય તે પ્રશ્નકાર પોતાને લાભ કરતા નથી, અને અન્યને હાનિ કરે છે. એવા પ્રશ્ન કરનાર પણ મારા સમીપ ઘણા આવતા હતા, તેમની, વાતચીતમાં આગળથી પરીક્ષા કરીને હું સ્વધર્માનુસાર યોગ્ય ઉત્તર આપતો હતો,

કેટલાએક મનુષ્યો તો નવીન ઇચ્છાવાળા હોતા નથી, તેમ જ જાણેલું હોય તે નક્કી કરવાની ઇચ્છાવાળા પણ હોતા નથી, અને પરીક્ષા કરનાર આ ત્રીજા પ્રકારના પણ નથી હોતા. માત્ર ગમત સમજીને અથવા કાલવ્યય કરવાનિમિત્તે અથવા મિથ્યા અન્યને ઉપદ્રવ કરવાનિમિત્તે તેવે સ્થલે જાય છે. પછી પ્રસંગ કે સંબંધવિનાના ગમે તેવા પ્રશ્ન કરે છે, અને અન્તમાં હાસ્ય કે ક્રોધ કરે છે.

એવા પ્રશ્ન કરનારા અધમમાં અધમ ગણાય છે. કારણ કે તેઓ પોતે હાનિ સહે છે અને અન્યને પણ હાનિ પહોંચાડે છે. એવાં મનુષ્યને અને ઉપર કહેલા ત્રીજા પ્રકારનાં મનુષ્યને વસ્તુતઃ ઉત્તર આપવાની અગત્ય નથી, તોપણ હું પોતાના સ્વીકારેલા ધર્મને અનુસરીને સમીપ આવેલાને યથાઘટિત ઉત્તર આપતો હતો. આઆદિ વિવિધ પ્રકારના પ્રશ્ન કરનાર મનુષ્યો મારા વિષે ગુરુબુદ્ધિ નહિ છતાં પણ આવતા. એ આવનારમાંથી પણ ઘણા મનુષ્યો થોડે કાલે અને ઘણા તો ઘણે કાલે પણ પોતાનું હિત કરી લેતા હતા. કેટલાક તો માત્ર વાર્તા કરવાની શૈલી તથા યુક્તિઓને જ શિખી જતા, અને પછી ઉદરનિમિત્ત વક્તા થઈને બેસતા હતા.

આ પ્રકારે અનેક ભાતિના લોકો આવવાથી રાત્રદિવસ મારા આશ્રમનો માર્ગ જનારઆવનારની ભીડવાળો પ્રતીત થતો. સ્ત્રીપુરૂષ તથા બાલકરૂપ પ્રજા તથા તે પ્રજાદ્વારા નાનામોટા રાજ્યકર્તાઓની મારા પ્રતિ પ્રવૃત્તિ થઈ. સ્થલે સ્થલે સજ્જનોના મુખથી મારી સ્તુતિ ગવાવા લાગી. આમ થવાથી ઘણા લોકોનો મારા પ્રતિ અકારણ દ્વેષ થઈને ક્રમથી વધવા લાગ્યો. જે જે મનુષ્યો મારા સમીપ આવતા, તેમના અનેક વ્યવહાર નિમિત્તથી થયેલા શત્રુઓ તે સર્વ પોતાના શત્રુનો સંગી મને ગણીને મારા વિષે પણ વિનાકારણ શત્રુબુદ્ધિ રાખવા લાગ્યા, અને તે લોકો જ્યાં પોતાના શત્રુની નિંદા કરે, ત્યાં મારી પણ અનેક દોષના આરોપપૂર્વક નિંદા કરે. બીજા કેટલાએક જે ધર્મોપદેશ કરીને પોતાનો નિર્વાહ કરતા, તથા ધનાદિ પદાર્થ સંપાદન કરતા, તેઓ પણ મારા ઉપર શત્રુભાવ રાખવા લાગ્યા. કારણ કે તેમના સમીપ જનાર મનુષ્યો તેમને ત્યજીને મારા સમીપ આવવા લાગ્યા, અને તેથી તેમની આવક ન્યૂન થવાથી તેમની આજીવિકા ચાલવાસંબંધી તેમને ભય થવા લાગ્યું. આ કારણથી તે સઘળા જ્ઞાનવૈરાગ્યવિનાના તથા ઇષ્ટમાં અવિશ્વાસવાળા ધર્મોપદેશકો પણ શત્રુભાવથી જ્યાં ત્યાં મારી નિંદા કરવા લાગ્યા, અને મને પ્રાણાન્ત કષ્ટ આપવાની ઇચ્છાથી નાના પ્રકારનાં છલ તથા યુક્તિઓ રચવા લાગ્યા.

તેવિના કેટલાએક યશકીર્તિના ભૂખ્યા, જેઓ પોતાનાં યશકીર્તિને દિશાઓપ્રતિ સ્થાપવાની દુરાશાવાળા હતા તેઓ પણ મારાં યશકીર્તિને જ્યાં ત્યાં શ્રવણ કરીને તેમના પોતામાં રહેલા અસૂયાઆદિ દોષોથી શત્રુ થયા હતા. તેથી તે યશકીર્તિના લોભીઓ પણ જનજનપ્રતિ સ્થલે સ્થલે મારી નિંદા કરવાનો ઉદ્યોગ રાત્રદિવસ લઈ બેઠા હતા. વળી ચોથા કેટલાએક દુર્જનો તો પરસ્પર કલેશ કરાવવાના વ્યાપારવાળા હોવાથી દેખાદેખી જાણ્યાવિના તથા સાક્ષાત્ સંબંધવિના પણ સાંભળી સાંભળી જ્યાં ત્યાં નિંદા કરતા. શત્રુના પક્ષમાં બેસે ત્યારે તેમને અનુકૂલ બોલી, આ પક્ષની નિંદા કરે; અને તેમને દ્વેષ વધે એમ મિથ્યા યુક્તિ રચીને ઉશ્કેરણી કરે, અને આ પક્ષમાં બેસે ત્યારે તે શત્રુઓના દોષ પ્રતિપાદન કરી વૈર વધરાવવા જેવી વાર્તા કરી કસ ચઢાવે.

આઆદિ અન્ય અનેક મનુષ્યો જેવા કે શાસ્ત્રવેત્તા પંડિતો, પુરાણપાઠકો, અને સામાન્ય કથાવાર્તા કરનારાઓ, તેમનામાંથી જેમનાં અન્તઃકરણ અધિક દોષવાળાં હતાં તેઓ પણ પોતાની આજીવિકામાં કે પોતાની પ્રતિષ્ઠામાં હાનિ થવાના અનુમાનથી શત્રુતા રાખતા હતા, અને જ્યાં ત્યાં પોતાના બેસવા ઉઠવાનાં સ્થલોમાં પ્રસંગ લાવીને અનેક દોષોના આરોપપૂર્વક મારી નિંદા કરતા હતા.

આ પ્રકારે સ્થલે સ્થલે જેમ દુર્જનોના મુખથી મારી નિંદા થતી હતી, તેમ સજ્જનોનાં મુખથી સ્તુતિ પણ સ્થલે સ્થલે થતી હતી. એ સ્તુતિ તથા નિંદાના પ્રભાવથી મને સમજણમાં આવેલાં બાલકો, યુવાવસ્થાવાળાં, તથા વૃદ્ધ એમ સર્વ જાણવા લાગ્યાં, જેથી ભાવકુભાવથી પણ આવનારજનાર સ્ત્રીપુરુષાદિની સંખ્યા વધતી ચાલી, અને તેમ તેમ શત્રુઓનાં અન્તઃકરણ અધિક અધિક પ્રજળવા લાગ્યાં. પશ્ચાત્ મારા સમીપ આવનાર સજ્જનોની પ્રાર્થનાથી મેં વિવિધ ઉપયોગી ગ્રંથ લખવાનો આરંભ કર્યો. એ ગ્રંથોમાં વ્યવહારોપગી તથા પરમાર્થસિદ્ધિમાં ઉપયોગી સંપૂર્ણ વાર્તાને પ્રતિપાદન કરી હતી. એ ગ્રંથો એવા સરસ સુબોધ આપનાર નીવડ્યા કે તે અત્યંત પ્રીતિવડે સ્થલે સ્થલે વંચાવા લાગ્યા. લેખકોવડે તેની અનેક પ્રતિઓ થઈ, અને તે દેશાન્તરમાં પ્રસરી. આ પ્રકારે જ્યારે મારા વડે રચાએલા ગ્રંથો સ્થલે સ્થલે પ્રસર્યા અને તેમાં લોકોની અભિરુચિ થઈ, એટલે તે ગ્રંથ રચનારરૂપે પણ મારી સ્તુતિ થવા લાગી; અને તેથી જેટલા ગ્રંથ રચીને પોતાની આજીવિકા ચલાવવા ઇચ્છતા

તથા તે પોતાના ગ્રંથોવડે પોતાની અમર કીર્તિ રાખવાની ઇચ્છાવાળા હતા, તે સર્વ મારા પ્રતિ તથા મારા ગ્રંથોપ્રતિ દ્વેષ કરતા થયા, તથા નિંદા કરવા લાગ્યા. તેઓ નિંદા કરતાં છતાં મારા ઉત્તમ પ્રકારના રચાયેલા ગ્રંથોને ગુપ્ત રીતે વાંચતા, તથા તેમાંની યુક્તિ તથા રીતિને પોતાના ગ્રંથમાં પ્રવેશાવતા. તેમ છતાં પણ તેમના ગ્રંથપ્રતિ સજ્જનોની અભિરુચિ ન જોઈને, તેઓ અન્તરમાં અધિક અધિક તપ્ત રહેતા. આ પ્રકારની રાજાપ્રજામાં મારી કીર્તિ જાણીને તથા તેમની મારા પ્રતિ પ્રેમભાવનાયુક્ત પ્રવૃત્તિ જોઈને, મને સત્વર કોઇ પ્રકારે પણ હાનિ થાય તો ઠીક એવી ઇચ્છાથી તે સર્વ દુર્જનો ઉદ્યોગ કરવા લાગ્યા. મુખ્ય મુખ્ય રાજસેવકોમાંના તથા ગૌણ ગૌણ રાજસેવકોમાંના જેઓ પોતે દુરાચરણી તથા દુર્જનોના સંસર્ગી હતા તેમના સમીપ પણ તે નિંદક દુર્જનો નિંદા કરવા લાગ્યા, તથા તેમનાં અંતરમાં પણ મારા પ્રતિ દ્વેષ પ્રકટે એવા ભાવનાં વચનો નિરન્તર સંભળાવવા લાગ્યા. પરંતુ જે જે મુખ્ય તથા ગૌણ રાજસેવકો સદ્‌ગુણી તથા સજ્જન હતા અને જેઓ મને રૂડે પ્રકારે જાણતા હતા તેમના સમીપ તે જનોનું કાંઇ ન ચાલવાથી તેઓ પોતાની ધારણપ્રમાણે મને કાંઇ હાનિ કરી શકયા નહિ, પરંતુ આજુબાજુથી અનેક ભયનાં કારણોને ઉપજાવવા લાગ્યા. તથાપિ અનુકૂલ ઇષ્ટબલથી કોઇ પ્રકારની પણ સાક્ષાત્ હાનિનો સંભવ આવ્યો નહિ. મારા સમીપ આવનાર સજ્જનોને પણ તે દુર્જન નિંદકો અનેક પ્રકારથી હાનિ પહોંચાડવા યત્ન કરતા, પરંતુ તેમના ઇષ્ટ અદૃષ્ટ બલના યોગથી તેમને કોઇને તે હાનિ કરી શકયા ન હતા.

હે નૃપેશ! આ સઘળી વાર્તા આ સર્વ શ્રોતાઓને અત્યંત ઉપયોગની નથી. તો પણ આપે પ્રથમ પ્રશ્નમાં જ એમ ઇચ્છા જણાવી છે કે "ચરિત્રમાં મોક્ષનિમિત્ત કરાયલી સંપૂર્ણ પ્રવૃત્તિ, તથા પ્રાપ્ત થયેલ સંપૂર્ણ વિઘ્ન અવશ્ય પ્રતિપાદન થવાં જોઈએ ઇત્યાદિ". આથી આ મારી પ્રવૃત્તિ તથા વિઘ્નનાં સ્વરૂપને વર્ણું છું. આમાંથી પણ સાર ગ્રહણ કરનાર સાધકને ઘણું સમજવાનું તથા લક્ષમાં રાખવાનું છે, માટે કહ્યું છે. આ મારા મુખથી મારા ચરિત્રનું કથન થાય છે તેથી એમાં આત્મસ્તુતિરૂપ દોષ છે. પણ તેને દોષરૂપે શ્રોતા જોશે નહિ. એવી તમારી નિશ્ચયવૃત્તિ પ્રથમથી જ તમે સ્પષ્ટ કરી છે, જેથી એ સંબંધમાં હવે પુનઃ પુનઃ શ્રોતાનું ધ્યાન લાવવાની અગત્ય

નથી. હવે મૂલ પ્રસંગપ્રતિ સર્વ લક્ષ આપો. પ્રથમ કહ્યાપ્રમાણે તે અનેક સજ્જનો મારી સ્તુતિ કરતા, અને અનેક દુર્જનો મારી નિંદા કરતા. ત્યાં મારી સ્તુતિ તો પ્રસંગે મારા સમીપ આવનાર સજ્જન સાક્ષાત્ પણ કરતા, તેથી તે મારા શ્રવણમાં આવતા સ્તુતિવચનોને હું જાણતો, તથા મારા પરોક્ષ કાલમાં અન્ય સ્થલે કરાતી સ્તુતિને અન્યના મુખથી મારે શ્રવણ કરવાનો પ્રસંગ આવતો; અને નિંદા તો મારા સમીપ આવીને દુર્જનો ભાગ્યે જ કરતા, જેથી તે દુર્જનોના મુખથી નિંદા શ્રવણ કરવાનો પ્રસંગ મને ક્વચિત્ જ મળતો. મારા સમીપ આવનાર સુજ્ઞ જનોમાં જે શ્રદ્ધાવંત અધિકારીઓ હતા, તે તો દુર્જનના સંસર્ગરહિત રહેનાર હોવાથી તેમને નિંદા શ્રવણ કરવાનો પ્રસંગ ભાગ્યે જ આવતો, અને તે કદાચિત્ શ્રવણ કરેલા નિંદાવચનને, તે નીતિજ્ઞ હોવાથી પોતાને મુખે મારા સમીપ બોલીને મને શ્રવણ કરાવતા ન હતા. વ્યવહારમાં પણ વિવેકી મનુષ્યો કોઇની નિંદા તેમના શત્રુનાં મુખથી પરોક્ષ કાલમાં શ્રવણ કરીને તેને મુખે કહેતા નથી. કારણ કે દુર્જન શત્રુ પણ જ્યારે પરોક્ષ કાલમાં નિંદા કરે તો સજ્જન મિત્રે તેના સંમુખ તેની નિંદાનાં વચનો કેમ જ કહેવાય? ન જ કહેવાય. એ સંબંધમાં દૃષ્ટાંત છે કે—"કોઇ **क** નામના પુરુષે **ख** નામના પુરુષની નિંદા **ग** નામના પુરુષઆગળ કરી તે **ग**, **ख** નો મિત્ર હતો. તે **ग** મિત્રે પોતાના **ख** મિત્રઆગળ જઈને કહ્યું કે 'ભાઈ **क** એ તમારી ઘણી નિંદા મારા સમીપ કરી. તે નિંદામાં આ પ્રકારનાં વચનો બોલ્યો હતો.' આ સાંભળીને **ख** બોલ્યો, 'ભાઈ! તે **क** મારો શત્રુ છતાં તેણે પાછળ નિંદા કરી, જેથી તેનું દુઃખ મને ન હતું. પણ તે નિંદા તમે મિત્ર થઈને મારા સંમુખ કરી, એથી મને ઘણું દુઃખ થયું. અર્થાત્ તમે જ આ ક્ષણે શત્રુનું કામ કર્યું.' આ સાંભળીને **ग** ને ઘણું ખોટું લાગ્યું, અને તે દિવસથી તેણે શિખામણ લીધી કે કોઇએ કોઇને અપ્રિય વચન કહ્યાં હોય તે આપણે કદાચિત્ પણ તેને મુખે કહેવાં નહિ." આ પ્રકારના નીતિના નિયમને અનુસરીને તે શ્રદ્ધાવંત વિવેકી સજ્જનો તો મારે મુખે તે નિંદાનાં વચનો કથન કરતા નહિ પણ પોતે મનમાંજ તેનું સમાધાન લઈ વિસ્મરણ કરતા; અને જે અર્ધશ્રદ્ધાવંત તથા અશ્રદ્ધાવંત હતા, તે તો નીતિનિયમની અજ્ઞાનતાથી તથા અવિવેકથી યુક્ત હોવાને લીધે તે બહાર શ્રવણ કરેલાં નિંદાવચનોને તે જ શબ્દોમાં મારા સમીપ કથન કરતા. તે સાંભળીને હું મંદમંદ

કસતાં તેમને સમાધાન આપતો કે—"ભાઈ! દુર્જનનો સ્વભાવ એવો જ હોય છે એમાં કાંઇ આશ્ચર્ય પામવાનું નથી. કદાચિત્ એ નિંદાવચન ખરાં હોય તો તે બોલનારને ગુરુરૂપ ગણીને આપણે સુધરવું જોઈએ, અને જો તે ખોટાં હોય તો આપણે તેનું ખેદરહિતપણે વિસ્મરણ કરવું જોઈએ, અને દુર્જનના એવા સ્વભાવને જાણીને તેથી આપણે બચવું જોઈએ. આ વચનો સાંભળીને પ્રસંગે તે કહેનારા સમાધાન માનતા, અને પ્રસંગે સમાધાન નહોતા પણ માનતા. ઘણા મનુષ્યના સંસર્ગને લીધે પછી તો મારે ઘણો કાલ એવાં અનુકૂલપ્રતિકૂલ વચનો સાંભળવામાં તથા તેનાં સમાધાન આપવામાં જતો. લોકોમાં ચર્ચાતી ખરી અને ખોટી વાર્તાઓ મારા સમીપ લાવતા, પણ તેનું પોતાના અન્તરમાં તોલન કરીને તે મધ્યમ તથા મંદબુદ્ધિવાળાં મનુષ્યો સમાધાન લેનાં ન હતાં. હવે તેઓ મારા સમીપ જે જે લોકવાર્તા લાવતા, તેમાંથી સમજવા અર્થે થોડી અત્ર કહું છું.

૧ પુરુષ કહેતો "હે ભગવન્! લોકો અમને એમ કહે છે કે તમારા શ્રીસદ્ગુરુ તો તમને કેવલ કર્મનો બોધ આપે છે, જે કર્મ આ જીવને બંધન આપનાર છે. માટે જો મોક્ષની કે ખરા સુખની ઇચ્છા હોય તો કોઇ જ્ઞાન આપે એવા ગુરુને સેવો. કારણ કે 'જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી મોક્ષ થતો નથી,' એવાં ઘણાં શ્રુતિવચનો છે. વળી જેમ અંધારાને ને અજવાળાને વિરોધ છે તેમ કર્મને અને જ્ઞાનને વિરોધ છે. માટે સત્વર કર્મથી છૂટીને જ્ઞાન પામવાનો ઉપાય કરો. તો આ વાર્તા સાચી કે જુઠી?"

૨ પુરુષ કહેતો "હે ગુરો! હે ત્રાતા! અમને કોઇ ડાહ્યા પુરુષો એમ કહે છે કે તમારા ગુરુ તો ઉપાસના બતાવીને તમને ઉલટા ભ્રમણચક્રમાં નાંખે છે. આ દ્વૈતમાં તો તમે કંઇ કાલથી પડ્યા પડ્યા સડો છો, તોપણ હજી તમને તમારા ગુરુ દ્વૈતમાં ને દ્વૈતમાં જ ડુબકાં ખવરાવે છે. ઉપાસનામાં ઉપાસ્ય ને ઉપાસકનો ભેદ રહે છે. એટલે દ્વૈત થાય છે, અને શ્રુતિમાં તો દ્વૈતથી ભય જ મળવાનું કહ્યું છે. "**द्वितीयाद्वै भयं भवति**" માટે જો ભયરહિત થવું હોય તો એ ઉપાસના પડતી મૂકો અને એ ગુરુને બદલીને બીજા કોઇ બ્રહ્મવેત્તાને ગુરુ કરો. તો આ વાર્તા અમારે માનવી કે કેમ?"

૩ પુરુષ—"હે દયાના સમુદ્રજેવા ગુરો! અમને કોઇ કોઇ વિદ્વાનો એમ કહે છે કે 'આ તમારા ગુરુ તો બ્રહ્મજ્ઞાની છે. એ તો જગતને, જીવને, કે ઈશ્વરને માનતા નથી; અને બ્રહ્મ છે, બ્રહ્મ

છે, એમ કહે છે, ને કર્મની ને ભક્તિની નિંદા કરે છે. પણ જોજો! કર્મને ભક્તિવિના તરવાનો ઉપાય નથી. આ બ્રહ્મજ્ઞાન તો શિલાજેવું છે. તેથી જો એ જ્ઞાનશિલાને કોટે બાંધશો તો બુડશો. માટે એ ગુરુને અને જ્ઞાનને પડતું મૂકો, અને કોઇ મહાત્માને શરણ જઇને ભગવાનની ભક્તિ કરો; અને જો એક બ્રહ્મ જ છે અને બીજું કાંઇ નથી એવું માનો તો તો આ ખાવાપીવાનું બધું છોડીને જડજેવા થઇને બેસો, નહિ તો મિથ્યા જ્ઞાનથી નરકમાં ગતિ થશે, અને દુઃખી થશો.' તો એ વચનમાં અમારે વિશ્વાસ કરવો કે નહિ?"

૪ પુરુષ—"હે યોગીશ્વર! અમને ઘણા લોકો એમ કહે છે કે તમારા ગુરુ તો એકલો યોગમાર્ગ જાણે છે, અને તે માર્ગે તમને સઉને ચઢાવે છે પણ શાસ્ત્રમાં યોગમાર્ગનું તો મોટા પુરુષોએ ખંડન કરી નાંખ્યું છે; ને વળી યોગનો માર્ગ તો દ્વૈતવાદીનો છે, તેથી યોગીને મોક્ષ મળવાના વાંધા છે. યોગ તો લોકો સિદ્ધિ મેળવવાને સાધે છે. પણ સિદ્ધિઓ તો ઉલટી બંધન કરનારી છે, માટે ભાઇ! લગાર વિચાર કરો, અને એવા યોગના માર્ગમાં મિથ્યા શ્રમ કરવા પડશો નહિ; અને વળી યોગ તો ત્યાગીને કરવાનો છે. તેથી એવા ગુરુને પડતા મૂકીને કોઇ સત્પુરુષના ચરણ પકડો, કે કાંઇક કરતાં આ સંસાર પાર ઉતરાય! તો એ વાર્તા સાચી હશે કે કેમ?"

૫ પુરુષ—"હે મહાત્મન્? અમને ઘણા લોકો એમ કહે છે કે તમારા ગુરુને કાંઇ તત્ત્વજ્ઞાન થયું નથી, અને યોગી પણ નથી. પણ એ તો કાંઇક ઉપાસનાવાળા છે, ને કાંઇક મંત્રશાસ્ત્રના પ્રયોગ કર્યા હશે, તેથી તમને સઉને મોહ પમાડીને વશ કરી લે છે. કાંઇ એમની પાસે મોક્ષનો કે કલ્યાણનો માર્ગ નથી. માટે મિથ્યા એમનામાં વિશ્વાસ કરવાથી શું ફલ છે? જો મોક્ષની ઇચ્છા હોય તો અન્ય સ્થલે કોઇ તત્ત્વજ્ઞ મહાત્માની શોધ કરો. તો આ વાત સાચી હશે કે ખોટી?"

૬ પુરુષ—"હે દયાલુ ગુરો! અમને ઘણા લોકો એમ કહે છે કે તમારા ગુરુ તો કેવલ વિદ્વાન્ છે. એમને કાંઇ તત્ત્વાનુભવ થયો નથી, અને એકલા વિદ્વાનને કાંઇ ગુરુ કરવા કહ્યા નથી. કારણ કે કેવલ વેદશાસ્ત્રપુરાણાદિ ગ્રંથો ભણવાથી મોક્ષ મળતો નથી. મોક્ષ તો સ્વસ્વરૂપાનુભવથી જ મળે છે. માટે એવા વિદ્વાનની પાછળ ભમવાથી શું ફળ! જો મોક્ષની ઇચ્છા હોય તો કોઇ અનુભવી પુરુષની શોધ કરો, અને તેમને શરણ થાઓ. એમના પાસે તમે કદાચિત્ ગ્રંથો ભણશો તો તેથી તમારાં મુખ તથા હૃદયનું શોષણ થશે,

પરંતુ મોક્ષ મળવાનો નથી, માટે કાંઇ સમજીને આશ્રો. તો એ તેમનું બોલવું લક્ષમાં લેવા યોગ્ય છે કે નહિ?"

૭ પુરુષ—"મહારાજ! લોકો અમને એમ કહે છે કે તમારા ગુરુ તો ગ્રંથોમાં કર્મ ઉપાસનાની ને જ્ઞાનની વાતો કરે છે. પણ એમ વાતો કરવા સાંભળવાથી કાંઇ સિદ્ધિ નથી. એવા વાર્તા કરનારની શી ખાત્રી? માટે એમને પડતા મૂકીને કોઇ યોગી મહાત્માને સેવો કે જેને ત્રણ કાલ સૂઝે છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાનને જાણનારા હોય અને જેને અષ્ટ સિદ્ધિઓ અધીન હોય એવાને ગુરુ કરો, કે તેથી કાંઇ કલ્યાણનો રસ્તો આવે. તો આ વાર્તા ખરી કે ખોટી?"

૮ પુરુષ—"હે ગુરો! હે દેવ! લોકો તો એમ કહે છે કે તમારા ગુરુ તો પદાર્થના લોભવાળા છે, કેમકે એમના આશ્રમમાં પદાર્થોનો સંગ્રહ છે, ને વળી પદાર્થો લે છે. એમને તૃષ્ણા પણ છે, કારણ કે પદાર્થોના રક્ષણમાં બહુ કાળજી રાખે છે. ઉત્તમોત્તમ વિભવના પદાર્થોમાં એમને મોહ પણ છે, કારણ કે તેવા પદાર્થો આવે છે, તેનો ઉપભોગ કરે છે, અને સદા સાથે રાખવા ઇચ્છે છે. એમને ક્રોધ, ભય ને કામ પણ છે. કારણ કે પ્રસંગે મોટે શબ્દે બોલતા, બીજાથી ડરતા અને વિવિધ ઇચ્છા કરતા જણાય છે. વળી લોકલજ્જા પણ રાખે છે, કારણ કે આમ કરવાથી લોકમાં ખોટું અને આમ કરવાથી લોકમાં સારું કહેવાય એમ પ્રસંગે બોલે છે. આગળ આગળ સુખ થવાની આશાઓ પણ બાંધે છે, કારણ કે અમુક વસ્તુનું રક્ષણ કે સંચય કર્યો હોય તો આગળ અમુક પ્રસંગે કામ આવે એવું સઉને ઘણી વાર સમજાવે છે. આઆદિ દોષો એમની દેખીતી રીતભાત ઉપરથી ને બોલવાથી એમનામાં સિદ્ધ થાય છે; તો એવા દોષવાળા ગુરુને તમે શા માટે સેવો છો? દોષવાળા ગુરુને સેવનારા અધોગતિએ જાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, માટે તમે જો કલ્યાણની ઇચ્છા રાખતા હો તો કોઇ દોષવિનાના દેખાય એવા ગુરુને સેવો. તો હે દાતા! આપનામાં એ દોષો છે કે નથી એવિષે અમને સમાધાન આપો."

૯ પુરુષ—"હે દેવાધિદેવ! કોઇ લોકો તો કહે છે કે તમારા ગુરુ તો ઘણા અભિમાની અને મોટાઈવાળા છે. કારણ કે સઉપાસે પોતાને દંડવત્ પ્રણામ કરાવે છે. વળી પોતાનું પૂજન કરાવે છે, તથા આરતિ ઊતરાવે છે."

૧૦ પુરુષ—"કોઇ લોકો તો કહે છે કે તમારા ગુરુ તો દંભી છે.

કારણ કે લોકમાં ખ્યાતિ થવા નાના ગ્રંથો રચે છે. વળી અસૂયા દ્વેષવાળા પણ છે, કારણ કે બીજાની નિંદા કરે છે, અને પોતાને વખાણે છે."

હે નૃપેશ ! આઆદિ અનેક મનુષ્યો અનેક પ્રકારની લોકવાર્તા મારા સમીપ આવીને કહેતા, પણ નિત્ય મારા સમીપ આવતાં છતાં મારા સમીપ અધિક કાલ રહેવા છતાં, અને પ્રમાણગ્રંથોને શ્રવણ કરેલા હોવા છતાં, તેમ જ મારી પ્રત્યેક પ્રવૃત્તિને જોનાર જાણનાર છતાં, તે પ્રબલ મતિવિનાના પોતાની મેળે તે લોકવાર્તાના વિરોધ શમાવીને તે શંકાનું સમાધાન ન લેતાં મને જ સાક્ષાત્ પૂછતા હતા. હું તે સર્વની વાર્તાને પ્રસંગે શ્રવણ કરીને મંદમંદ હસતાં મૌન રાખતો, અને પ્રસંગે ઘટિત ઉત્તર આપતો.

અનેક દુષ્ટ સ્વભાવના મનુષ્ય આઆદિ અનેક પ્રકારનાં મારા સમીપ આવનાર મનુષ્યોને વિરોધી વચનો સંભળાવીને આવતાં રોકવાને યત્ન કરતા. પણ કોઇ વિલક્ષણ દેહપ્રારબ્ધના કે ઇષ્ટસંકેતના યોગથી ક્રમે કરીને અધિક લોકોની પ્રવૃત્તિ શ્રદ્ધાભક્તિપૂર્વક મારા આશ્રમપ્રતિ થવા લાગી. એ જાણી જોઇને તે વિરોધી, વિદ્વાન્પણાના ડોળવાળા અભિમાની પંડિતો અધિક અધિક પ્રજળવા લાગ્યા.

અંતઃસંતાપને શાંત કરવાનિમિત્તે તથા લોકને ભ્રમ ઉપજાવવાઅર્થે પશ્ચાત્ તેઓ લોકમાં એવી વાર્તા ચલાવવા લાગ્યા કે એ તો આપણા પરંપરાથી ચાલતા આવેલ શ્રુતિસ્મૃતિઉક્ત ધર્મ કરતાં કાંઇ વિલક્ષણ બોધ આપીને એક નૂતનધર્મ ચલાવવા લાગ્યા છે, અને તેમ કરીને પોતાનો સ્વાર્થ સાધવા ઇચ્છે છે; જેથી એ નૂતન ધર્મ ચલાવવાસરખો એમનો પ્રયત્ન અમને અત્યંત અરુચિકર થઇ પડયો છે. કારણ કે નૂતન ધર્મ ચાલવાથી લોકમાં પરસ્પર વિરોધ વધીને સામાજિક અહિત થવાનો સંભવ છે. લોકમાં એવા પ્રકારના મતભેદ વૃદ્ધિને પામવાથી કુસંપ વધશે, અને તેથી અંતે દેશની સમૃદ્ધિનો સમૂલગો નાશ થઇ જશે. આઆદિ અનેક યુક્તિવચનોને વદતા, તથા અન્યદ્વારાએ લોકોમાં પ્રસિદ્ધ કરતા પોતાની ધારણા પાર પાડવા ઇચ્છતા, તથાપિ તે પ્રકારના તેમના યત્ન સઘળા નિષ્ફલ જવા લાગ્યા.

આમ કરતાં જ્યારે તેઓ કોઇ પ્રકારે પણ મારી સ્થલે સ્થલે પ્રસરેલી સુકીર્ત્તિને ન્યૂનતા પમાડી શકયા નહિ, અને અધિક અધિક પ્રસરતી અનુભવવા લાગ્યા, ત્યારે મોટા સંતાપથી નિશ્વાસ નાંખતા તેઓ પોતાના મનમાં આ પ્રકારના વિચારો કરવા લાગ્યા, તથા અન્ય નૂતન યુક્તિઓને રચવા લાગ્યા.

'અહો ! આશ્ચર્ય છે ! આજ કેટલોક કાલ થયા આપણે યત્ન કરીએ છીએ, પણ આ પુરુષપ્રતિની લોકોની પ્રીતિ કિંચિત્ અંશે પણ ન્યૂન થયેલી જણાતી નથી. અનેક દોષોનો આપણે એમનામાં આરોપ કરીને લોકમાં તે મિથ્યા વાર્તાને સ્થલે સ્થલે પ્રસરાવી. એ દોષોમાંનો એક દોષ પણ જેનામાં જણાય તેનો કોઇ સંગ કરે નહિ, અને આ તો તેવા સઘળા દોષના કોશરૂપે જ આપણે એમને સર્વત્ર પ્રસિદ્ધ કર્યા છે, તોપણ લોકો એમને ત્યજતા નથી, પણ ઉલટા અધિકાધિક પ્રવેશતા જાય છે. અરેરે ! હવે તે અન્ય એવો શો ઉપાય કરીએ કે જેથી આ પુરુષની કીર્તિ ઝાંખી થાય, અને આપણી કીર્તિ પ્રસરે ? એ પોતાની ખ્યાતિ વધારવાને ખરું જોતાં યત્ન પણ કરતા નથી, તેમ છતાં વધે છે, અને આપણે રાત્રદિવસ યશકીર્ત્તિ મેળવવા મરી મથીએ છીએ, અર્થાત્ અત્યંત યત્ન કરીએ છીએ, તોપણ લગારે વધતાં નથી. આથી એમ ભાસે છે કે એ કાં તો ઉગ્ર પુણ્યવાન્ હોય અથવા તો કોઇ અંશાવતાર હોય. આ લોકમાં પ્રસિદ્ધ છે કે સાક્ષર ઉલટા થાય તો રાક્ષસસમ થાય છે. આ પ્રકારે આપણે એની કીર્ત્તિનો નાશ કરવા રાક્ષસ જેવા થઈને મચ્યા, પણ મહારાક્ષસીજેવી એની પ્રચંડ કીર્ત્તિ આપણને ગળી ગઈ, અને પોતે ઉલટી વિસ્તારને પામી. આપણે શું ખોટું નથી કરી ચુકયા ? આપણે એમની ખોટી નિંદા કરી અને પાપ વહોર્યું. એમના ગુણમાં દોષબુદ્ધિ કરવાકરાવવારૂપ અસાધુપણું પણ સેવ્યું. એમનું અહિત કરવાને આપણે અસત્ય બોલ્યા, અનેક પ્રકારથી છલ કર્યું, પણ તે સર્વ વ્યર્થ ગયું, અને આપણું અનિષ્ટ કાલાંતરે પણ કરવાને તે દુષ્કર્મરૂપે ઉભું રહ્યું. પૂર્વે થયેલી વાર્તા આપણે જાણી છે કે દમયંતીના સ્વયંવરમાં લાલસાવડે દેવતાઓ નલનાં રૂપ લઈને આવી બેઠા હતા. તે દમયંતીને નલના કંઠમાં વરમાલા આરોપતી જાણીને આગળ આગળ માથાં કાઢતા હતા, અને ખરો નલ તો પ્રયત્નરહિત થઈને બેસી રહ્યો હતો. પણ અંતે તે ખરા નલને જ દમયંતી વરી, અને પેલા આગળ આગળ માથાં કાઢનારા ખોટા નલો કોણ હતા તે દમયંતીના સતીત્વને પ્રભાવે અને શુદ્ધ સંકલ્પ બળથી પ્રકટ થઈ ગયું. તેમ આપણે એ પુરુષને વરી ચુકેલીજેવી આ એની સુકીર્ત્તિને આ ટાણે વરવાની આશાથી આગળ માથાં કાઢવા લાગ્યા પણ અંતે આપણે વિષણ્ણ થયા, અને એ દેવને દુર્લભ એવી કીર્ત્તિરૂપ દમયંતી તો એને જ વરી રહી, આપ્રમાણે આપણો સઘળો શ્રમ

વ્યર્થ ગયો, ત્યારે હવે શું આપણે મૌન ધરીને બેસી રહેવું? ના ના એમ તો નહિ જ, કહ્યું છે કેઃ--

आरभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

અર્થ—કનિષ્ઠ બલવાળા મનુષ્યો તો વિઘ્નના ભયથી કાર્યોનો આરંભ જ કરતા નથી; મધ્યમ બલવાળા કાર્યનો આરંભ કરીને પણ વિઘ્ન નડવાથી પાછા હઠી જાય છે; માત્ર ઉત્તમ પુરુષો જ ગમે તેટલાં વિઘ્ન આવે તો પણ એક વાર આરંભેલું કાર્ય (અપૂર્ણ) છોડી દેતા નથી. આમ છે, માટે હવે તો આપણે અનેક વિઘ્નભયથી પણ પાછા ન હઠતાં ધારણાની સિદ્ધિપર્યંત યત્ન જ કરવો. ત્યાં જેમ એમણે ધર્મના પ્રતિપાદક ગ્રંથો લખ્યા છે, તેમ આપણે પણ લખી ચુક્યા છીએ. પણ એથી તો આપણને કાંઇ ધારેલો લાભ થયો નથી. હવે તો માત્ર એક જ ઉપાય અવશેષ રહ્યો છે તે કરવો. તે એ છે કે હવે આપણે કોઇક નૂતન પ્રક્રિયાવાળી ધર્મની શાખા કાઢવી, અને તેમાં એવી કોઇ યુક્તિ રચવી કે આ તમામ લોકો એમનો પરિત્યાગ કરીને આપણા પ્રતિ વળે. આપણે એમને નૂતન ધર્મ કાઢવાનો આરોપ મૂકી નિંદતા હતા, તેથી કદાચિત્ સુજ્ઞ લોકો આપણને કહેશે કે તમે આમ કહેતા હતા ને આ શું? તો આપણે યુક્તિથી તેમનું સમાધાન કરી કહીશું કે આમાં નૂતનપણું કાંઇ નથી. આ-આદિ વિચારને કરીને પછી તેમણે ધીરે ધીરે એકબીજાદ્વારા લોકમાં વાર્તા ચર્ચાવવા માંડી. પણ તેમની કોઇએ કાંઇ ગણના કરી નહિ, ત્યારે તેમણે પુનઃ નાના યુક્તિ મતિઅનુસાર સાધીને તેને નવીન ગ્રંથોમાં સ્થાપીને તેની અમુક પ્રતિયો કરાવી, સ્થલે સ્થલે તે ગ્રંથને પ્રવર્તાવ્યા. તેમાં લોકોને અભિમુખ કરવા અર્થે સ્થાપેલી પ્રધાન યુક્તિ એ હતી કે "અમે કામરૂદેશની ચમત્કારી વિદ્યા લાવ્યા છીએ. તે વિદ્યાથી ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ મળે છે, કામાક્ષી-દેવી પ્રસન્ન થાય છે, અને તેનાથી જીવ ઇચ્છામાં આવે એવા ચમત્કારો કરી શકે છે. આ વિદ્યા આપણા દેશમાં અમે જ લાવ્યા છીએ; અન્ય કોઇ યથાવત્ જાણતું નથી. માટે જેમને એ વિદ્યા જાણવાની

ઇચ્છા હોય તેમણે અમારા સમીપ આવવું." આઆદિ અનેક વચનો એવા ભાવમાં વદતા કે જેથી આશાના પાશમાં બંધાયલા જીવોને સદ્યઃ મોહ થાય અને તેઓ એમના પ્રતિ વળે.

હે નરેશ ! આપણા લોકમાં એવો સ્વભાવ પ્રતીત થાય છે કે એક વ્યાપારમાં કોઇને લાભ પ્રાપ્ત થયો જાણે છે કે અન્ય તેવા જ વ્યાપારમાં પ્રવેશ કરે છે. પણ એમ જાણતા નથી કે લાભહાનિનાં નિમિત્તઉપાદાન કારણ કોને શું શું હોય છે; અને આપણને આ ઉદ્યોગમાં લાભ છે કે હાનિ, એ પણ ન જાણનાર તે, દેખાદેખી અવિચારપણે કાર્યમાં પ્રવેશ કરે છે. આ નિયમને અનુસરનારા તેઓ પૂર્વોક્ત પ્રકારે નવી વિદ્યાના ઉપદેષ્ટા થઇને કીર્ત્તિ મેળવવા મચ્યા. જેમ એકનું દેખીને અન્ય કાંઇ કરે છે તેમ તેમનું દેખીને બીજા પણ કેટલાએક તે પ્રમાણે જ "ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનારી તથા કોઇ ન જાણે એવી સરલ અને સુગમ યુક્તિવડે પ્રાપ્ત થતી ચમત્કારી વિદ્યા દ્વીપાતરમાંથી અમે લાવ્યા છીએ; તેનાથી મનુષ્યને ત્રણ કાલનું જ્ઞાન થાય છે, અને આ લોકમાં જ દેવપણું પ્રાપ્ત થાય છે" ઇત્યાદિ વચનો લોકમાં પ્રસરાવતા ઉપદેષ્ટા થઇને બેઠા. આમ થવાથી મંદબુદ્ધિવાળાં ઘણાં મનુષ્યોને વ્યામોહ થવા લાગ્યો કે આમાં શું ખરું હશે, અને કોને ત્યાં જવું તથા પ્રથમ કયી વિદ્યા લેવી. આ વ્યામોહને વશ થયેલા યોગ્ય નિશ્ચય કરવામાં અસમર્થ એવા તે મંદમતિજનો જ્યાં ત્યાં પ્રવેશ કરવા લાગ્યા. વળી કોઇ તો અધિક લોકની પોતાના પ્રતિ પ્રવૃત્તિ કરાવવા અર્થે આ પ્રકારના નિયમો બાંધી લોકને જણાવવા લાગ્યાઃ—"આ સ્થાનમાં અર્થાત્ અમારા માર્ગમાં કોઇને પણ નિરાશ કરવામાં આવશે નહિ. ભલે કોઇ સ્વદેશી હો વા પરદેશી હો. આગળથી ચાલતા આવતા વર્ણના તથા આશ્રમના ભેદને અમે પાળશું પળાવશું નહિ, સ્ત્રીપુરૂષનો, ઊંચનીચનો, ગુરુશિષ્યનો તથા પંડિતઅપંડિતનો આ માર્ગમાં અભેદભાવે સ્વીકાર કરીશું. સમાન હકથી સર્વને વર્તાવીશું. ધર્મસંબંધી વિચાર અને તત્ત્વનો નિર્ણય કરવો એ આ માર્ગનો શ્રેષ્ઠ સિદ્ધાન્ત છે. કોઇ ઇશ્વર નથી, કોઇ જીવ નથી અને મોક્ષ નથી. જે છે તે સઘળું અભેદ છે. તોપણ જે કાંઇ પામવાથી કે મેળવવાથી સર્વનું ઉત્તમ હિત થાય છે તે જ મેળવવું એ આ માર્ગનો સિદ્ધાન્ત છે. આઆદિ કેટલીએક ગુપ્ત વાર્તા છે, તે અમારી સાથે સંબંધ થવાથી સઉ સઉના અધિકારપ્રમાણે સમજાવવામાં આવશે."

હે રાજન્! આઆદિ અનેક વચનો, જેમાં પરસ્પરવિરોધ ઘણે અંશે આવે એવા નિયમરૂપે લોકને જણાવીને પછી ઇચ્છાનુકૂલ ધર્મની ચર્ચા કરવા લાગ્યા.

આ મનુષ્યોમાં જેમ પોતપોતાની શક્તિઅનુસાર ઉત્કૃષ્ટ, મધ્યમ, અને નિકૃષ્ટ જાતિના વિષયપદાર્થોમાં ઉત્તમપણાનું ભાન કરીને તેદ્વારા સુખ માની દિવસ નિર્ગમન કરે છે, તેમ તે સમયનાં મનુષ્યો યોગ્યાયોગ્ય નિશ્ચય કરવાની પોતાની શક્તિઅનુસાર નિશ્ચય કરીને જે તે સ્થલે ભ્રમવા લાગ્યા. કોઇ નિશ્ચય બાંધવામાં અસમર્થ મનુષ્યો તો સઘળે સ્થલે થોડો થોડો કાલ જવા લાગ્યા અને કોઇ પૂછે તો બુદ્ધિમાનના મુખથી સાંભળેલું વચન કહે કે 'અમે તો ભ્રમરની પેઠે પ્રત્યેક માર્ગમાંથી મધુની પેઠે સત્ત્વાંશરૂપ સાર સમજી લઇએ છીએ, અને પછી એક બે સ્થલે યોગ્ય નિશ્ચય થયેથી બેશી જઇશું.' કોઇ તો કહે કે 'જાણવું સઉનું પણ કરવું આપણી મરજીપ્રમાણે.' આ-આદિ અનેક પ્રકારનાં ઉત્તર આપતાં તે પ્રાણીઓ જ્યાં ત્યાં ભટકતાં, પણ સાર કશો કાઢી શકતાં નહિ. આપ્રમાણે ચર્ચા ચાલવાથી ધીરે ધીરે એવા ઘણા મનુષ્યો ઉપદેષ્ટા થઇને બેસવા લાગ્યા. ત્યાં કોઇ તો 'નિર્ગુણ પરમેશ્વર જ ખરા છે, અને તે નિરાકાર જ છે' એમ કહેતા. કોઇ તો કહેતા કે 'પરમેશ્વર તો સગુણ અને સાકાર જ છે.' કોઇ જાડી મતિવાળા કે જે પરમેશ્વરના અતિદુર્વિજ્ઞેય સ્વરૂપને અનુભવવામાં અસમર્થ હતા તે તો બિચારા 'એક નન્નો સો રોગને હણે' એ કહેવત અનુસાર નાસ્તિક થઇને જ બેસવા લાગ્યા. કોઇ કહે કે 'એકલા વેદ સાચા;' કોઇ કહે કે 'વેદ, શાસ્ત્ર, પુરાણ બધું સાચું.' અને કોઇ તો કહે કે 'વેદ શાસ્ત્ર પુરાણ બધું જ ખોટું.' આઆદિ અનેક પ્રકારના નિશ્ચયો બાંધતા અનેક પ્રવર્ત્તકો થઈ બેઠા, અને તેઓ પછી તો પરસ્પરમાં ભારે દ્વેષ ધરનારા થયા, અને લોકોને મહા-અનર્થ કરનાર નીવડ્યા. દિવસો જતાં તે પરસ્પર દ્વેષ વધતા ગયા, જેથી એક બીજાની નિંદા કરવા લાગ્યા. તેમાંથી પરિણામમાં એમ થવા માંડ્યું કે પોતાનો સિદ્ધાન્ત ગમે તે હોય, પણ સામાવાળા જે વસ્તુ માને તેને પેલા નિંદે, અને ન માને. આથી પશ્ચાત્ તેઓ પોતપોતાના સિદ્ધાન્તથી પણ ભ્રષ્ટ થતા ચાલ્યા. જે વાતની એક જણ હા કહે તેની બીજા પક્ષવાળાએ ના કહેવી, એ જ તેમનો સિદ્ધાન્ત પરિણામે થઇ રહ્યો.

હે રાજન્! આ પ્રકારે અનાચારનું બીજ રોપાયું, પણ તેથી

કાંઇ મારા પ્રતિ વિરોધ ધરનારાઓની ધારણા પાર પડી નહિ. કારણ કે જે જે શ્રદ્ધાવાન્આદિ સુજ્ઞ મારા સમીપ આવતા, તેઓ તો મારા સમીપ આવતા જ હતા. પણ જે લોકો તેમને ત્યાં જતા તે પણ ત્યાં મારી નિન્દા શ્રવણ કરીને, તથા તેમનું વર્ત્તન અદઢ અને ન સેવવાયોગ્ય જાણીને પુનઃ મારા પ્રતિ આવતા, તથા તેમની સઘળી ગુહ્ય વાર્તાને મારા સમીપ લાવતા. તથાપિ કોઇની એવી વિરોધી વાર્તાને શ્રવણ કરવામાં અધિક રુચિવિનાનો હું તેમાં વારંવાર લક્ષ આપતો નહિ. પણ પ્રસંગે હું તેમને કહેતો કે 'ભાઈઓ ! એકની અપ્રતિષ્ઠા વધારનારી વાર્તા હોય તેને ખાસ પ્રયોજનવિના અન્યના સમીપ કથન કરવી એ પણ દોષ છે. માટે તમે એ વ્યવહારથી બચીને તમારું જેમાં શ્રેયસ્ છે એવી નીતિને ધારણ કરો, અને આ દોષો કે જે નિરંતર દુઃખના જ દાતા છે તેમને નિર્મૂલ કરવાને યત્ન કરો. આઆદિ વચનોથી તેઓ ક્રમે કરી સુધરતા અને અન્યને ઉપાધિ કરવાની ઇચ્છાથી અળગા રહેતા.

આ વિધિ વિવિધ મતસ્થાપક થયા તેમ જ તેમની મતિ તથા વૃત્તિઅનુકૂલ મનુષ્યો તેમના અનુયાયીઓ પણ થયા; અને તેથી જેમ તે મૂલ પુરુષો એક બીજાનો દ્વેષ કરતા અને નિંદા કરતા, તેમ જ 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે તે સઉ સઉના અનુયાયીઓ પણ એકબીજાપ્રતિ દ્વેષ કરતા તથા એકબીજાની નિંદા કરતા, અને એકબીજાનું અહિત કરવામાં પ્રસન્નતાથી પગ ધરતા. એકબીજામાં વિરોધ વધવાથી એકબીજાના મતનું ખંડન કરવા તથા એકબીજાને ગૌણ પાડવા પરસ્પરમાં વિરોધી ગ્રંથો સર્વેએ લખવા માંડ્યા. આમ થવાથી બુદ્ધિમંત ઉદાસીન પુરુષોના લક્ષમાં આવ્યું કે આ મંદમતિ મનુષ્યોનાં કૃત્ય આગળઉપર અધિક અનર્થ કરનાર થઇ પડશે, પણ એ મદાંધ મનુષ્યોને કોણ કહે. કોઇનું વચન માને એવી એમની સરલ મતિ ન હતી.

આ પ્રકારે જાણતા છતાં પણ તેવા પરોપકારી સજ્જનોએ તેમને પ્રસંગવશાત્ કહ્યું કેઃ–હે ભાઈઓ ! તમે પોતાને નખથી શિખા-પર્યંત શાણપણવાળા સમજો છો, પણ એ તમને મિથ્યાભ્રમ થયો છે એમ જાણજો. તમે રાગદ્વેષાદિ દોષોને દોષરૂપ જાણતાં છતાં સેવો છો, અને અનીતિએ વર્તો છો તો તમારી તે વર્તણુક જોઇ જાણીને બીજાઓ પણ તે પ્રમાણે ચાલશે, અને આ તમારા અનર્થ-કર ગ્રંથોમાં પ્રતિપાદન કરેલા અયોગ્ય સિદ્ધાન્તોને બીજાઓ પણ સ્વીકારશે; અને એનો પરિણામ અનર્થકર જ નીવડશે, માટે કંઇક

સમજીને વિરામ પામો. જુઓ, ભાઈ! આ સૃષ્ટિનો કદાચિત્ આરંભ હશે તો તે આરંભથી તે અંતપર્યંત જે આ ઉત્તમ મધ્યમ મંદ આદિનો ભેદ છે તે નિર્મૂલ થવાનો નથી. આ તમે ભેદભાવનાની નિવૃત્તિની ઇચ્છાવાળા છતાં ભેદભાવની વૃદ્ધિના ઉપાયોને શા માટે સાધો છો? તમારામાં પણ ક્રમે કરીને આવા ઉપાયોને સાધતાં ભેદભાવ અત્યંત દૃઢ થતો જાય છે, અને થશે, અને એમ થવાથી ઉત્તરમાં જવાની ઇચ્છાવાળા તમે તમારાં કૃત્યથી દક્ષિણમાં તણાયા જશો; માટે ભાઈ! વિચાર કરો અને સરલ થાઓ. તમે પૂર્વે કહેતા હતા કે 'નવીન મતો થવાથી લોકમાં કુસંપાદિ વધીને સાર્વજનિક હિતનો નાશ થાય છે, અને તેથી તેમ થાય એ અમને રુચતું નથી.' અને હવે આ તેવું જ કૃત્ય તમને કેમ રુચ્યું? હવે તમે પોતાનાં નેત્ર ઉઘાડીને જુઓ કે આ તમારા સંગીઓનાં અંતઃકરણમાં રાગદ્વેષાદિ દોષો વધ્યા છે કે ઘટ્યા છે? આ અનેક નવા મતો સ્થપાતા જવાથી કુસંપ વધીને પરસ્પરમાં વૈર વધ્યું છે કે ઘટ્યું છે? માટે હે સજ્જનો! શુદ્ધ વિચારથી સમાધાનમાં પ્રવેશ કરો અને આ અનીતિનો ત્યાગ કરો.

આઆદિ અનેક વચનો તે સજ્જન ઉદાસીન પુરુષોએ તેમને કહ્યાં. પણ તેમના હૃદયમાં પડેલા વળ કંઇ છૂટ્યા નહિ, અને ઉત્તરોત્તર પોતાની ધારણા પાર પાડવાની આશાથી મચ્યા રહ્યા.

હે મહાપુરુષ! એમને એમ કેટલોક કાલ વ્યતીત થયાપછી દૈવગતિથી તેમનાં કૃત્યના અનિષ્ટ પરિણામ થવા લાગ્યા અને તેથી તે પ્રવર્ત્તકોને મહા પશ્ચાત્તાપ કરવાનો સમય સમીપ આવ્યો. ત્યાં કામરૂદેશથી આણેલી વિદ્યાના તથા દ્વીપાંતરમાંથી આણેલી વિદ્યાના દેનારાઓના તથા ગુપ્તવાર્તાના કહેનારાઆદિ મતપ્રર્ત્તકોના અનુયાયીઓએ તેમની આજ્ઞાનુસાર તથા તેમના ગ્રંથાનુસાર વિવિધ પ્રયોગોને સિદ્ધ કરી પોતે સર્વશક્તિસાન્ થવાની ઇચ્છા રાખી હતી. પણ જ્યારે તે પ્રયોગોને તેઓએ સાધવા અર્થે યત્ન આરંભ્યો ત્યારે ક્રમે કરીને તેઓ સર્વ પ્રકારે શક્તિહીન થવા લાગ્યા, અને ધારેલી ચમત્કારી વિદ્યા કંઇ સાધ્ય થઈ નહિ. વળી તેમાંના ઘણા તો અનાચારમાં પ્રવેશી અનર્થને પામવા લાગ્યા, અને એમ થવાથી તે અનુયાયીઓ તથા અન્ય તે તે અનુયાયીના જાણનારાઓ તે મતપ્રવર્ત્તકોને અપયશ આપવા લાગ્યા તથા નિંદવા લાગ્યા અને પોતાને પણ તે અનુયાયીઓ ધિક્કારવા લાગ્યા.

આ પ્રકારે જ્યારે વિપરીત પરિણામ તે મતપ્રવર્ત્તકોના લક્ષમાં આવ્યો ત્યારે તેઓ પોતાના મનમાં આ પ્રકારે ખેદયુક્ત બેશીને વિચાર કરવા લાગ્યા કે–અરેરે! આપણી ધારણા પાર પડી નહિ, પણ ઉલટો આપણને જ અપયશ મળ્યો. આપણને અનુયાયીઓ સારા મળ્યા નહિ. આપણે પણ આગળ પાછળનો કશો વિચાર કર્યો નહિ, પુણ્યને બદલે અધિક પાપ વ્હોર્યું. હવે પણ જો આપણે સત્વર ચેતીશું નહિ તો વળી આગળ ઘણું સહન કરવું પડશે. આપણે સજ્જનોની શિક્ષા માની નહિ ને હવે અનુકૂલ પરિણામ ન થયાથી તેઓ સર્વ હસશે, અને આપણે પણ તે સહન કરવું પડશે. આમ છતાં પણ આગળઉપર મોટી અપકીર્તિમાંથી ઉગરવા અર્થે સત્વર કોઇ ઉપાય યોજવા જોઇએ.

આઆદિ અનેક પ્રકારથી ખેદ તથા વિચાર કરીને પછી તે પશ્ચિમબુદ્ધિ મતપ્રવર્ત્તકો પોતાના દોષોનું આચ્છાદન કરતા પોતાના અનુયાયીઓને આ પ્રકારનાં વચનો પ્રસિદ્ધ રીતે કહેવા લાગ્યા.

હે અનુયાયીઓ! તમે સારા નીવડ્યા નહિ. તમે ઘણા અસાવધ અને ઓછા ધૈર્યવાળા છો. તમે અમારા કહેવાના રહસ્યને સમજવાને અશક્તિમાન્ છો. આ અમારી આપેલી ચમત્કારી વિદ્યાના તમે પાત્ર નથી. તમે અમારા ભાવને ન સમજીને ઉલટી રીતે વર્ત્યા તેથી તમને પ્રતિકૂલ ફલ મળ્યું છે. માટે હવે અમે પ્રસિદ્ધ રીતે કહીએ છીએ કે એ વિદ્યાને સાધ્ય કરવાની આશા અને યત્ન તમે ત્યજી દો. એ અમારી આપેલી વિદ્યાને હવે તમે વિષવલ્લીરૂપ જાણીને કદાચિત્ પણ સેવશો નહિ. આ ડિંડિમ વગાડીને કહીએ છીએ કે જો હવે તમે એ વિદ્યા-પાછળ મચ્યા રહેશો તો કામાક્ષીદેવીઆદિ જે ફલ આપનાર છે તે તમને પ્રતિકૂલ ફલ આપશે, અને તે પ્રતિકૂલ ફલ એવું આપશે કે તમે તેનાથી પછી મુક્ત થઈ શકશો નહિં. માટે હવે આજથી તમે એ ચમત્કારી વિદ્યાનાં ઉત્તમ ફલની આશાને ત્યજીને બેસજો, અને અન્ય કલ્યાણને માર્ગે પ્રવેશ કરજો.

આ પ્રકારનાં અનેક વચનો સાંભળીને નિરાશ થવાથી નિસ્તેજ તથા દુર્બલ થઈ ગયેલા તેમાંના કેટલાક વિચારવાળા અનુયાયીઓ પોતાના મનમાં આ પ્રકારના વિચાર કરવા લાગ્યાઃ–'અરેરે! આ અશાશ્વત ચિત્ત-વાળા પ્રવર્ત્તકોને કહે ચાલ્યા એ આપણે ઘણું ખોટું કર્યું છે. આપણને ધિક્કાર છે! શુભ ફલ મેળવવાની આશાવાળા આપણે અશુભ ફલ

મેળવીને બેઠા છીએ. આટલા દિવસનો કરેલો શ્રમ પાણીમાં ગયો. કદાચિત્ પણ આપણને પાછું નહિ મળે એવું અમૂલ્ય આયુષ્ આપણે વ્યર્થ ખોઈ નાંખ્યું છે. જો આટલા દિવસ નિષ્કામપણે ઈશ્વરોપાસના કરી હોત તો અંતઃકરણની શુદ્ધિરૂપ શુભફલ પ્રાપ્ત થાત, પણ અવિચારને વશ રહેલા અને આશાના પાશમાં બંધાયલા આપણે વિત્ત ખોઈને વિનાશ લીધા જેવું કર્યું છે. અરેરે! આપણે આવા અયોગ્ય પ્રવર્ત્તકોની મતિએ ચાલીને વિનાકારણ સત્પુરુષોની તથા ઈશ્વરની પણ અવજ્ઞા કરી છે. હશે, આજપર્યંત તો જે થયું એ થયું પરંતુ આજપછી જો ચેતીને ચાલીશું નહિ, તો આગળ આપણે મોટા અનર્થને પામીશું.'

આઆદિ વિચાર કરીને તેમણે તે પ્રવર્ત્તકોને ત્યજી દેવાનો નિશ્ચય કર્યો, અને શ્રેયસ્ સાધવા અન્ય યોગ્ય પુરુષને શરણ થવા નિશ્ચય કર્યો. આપ્રમાણે વિચાર કરી કરીને જ્યારે ઘણા લોકો તેમનાથી વેગળા થવા લાગ્યા, ત્યારે સંતાપવડે તે દ્વેષી પ્રવર્ત્તકો આ-પ્રમાણે બડબડવા લાગ્યાઃ—

'અરે! આ મૂર્ખ લોકોને સારાસારનો વિચાર નથી. પોતાના કલ્યાણની તેમને ગરજ નથી. અમે ગાંઠનું ગોપીચંદન કરીને એમનું ભલું કરવા યત્ન આરંભ્યો તો તેનો લાભ લેવાનું પણ એમનામાં સામર્થ્ય નથી. એમના દુર્દૈવથી એમને અવળી મતિ સૂઝે છે તેમાં અમે નિરુપાય છીએ.' આ પ્રકારનાં અનેક વચનો શેષ રહેલા અનુ-યાયીઓને સંભળાવતા, પણ તેથી કોઇ લાભ થયો નહિ.

આટલું છતાં પણ જેમ હાર પામેલા જુગારી જિતવાની આશાથી દ્વિગુણ રમે છે, તેમ તેઓ મારા પ્રતિનો દ્વેષ તથા કીર્તિની આશા ત્યજીને ન બેસતાં ઉલટા દ્વિગુણ ધરવા લાગ્યા. જેમ જેમ પાપ વધે છે તેમ તેમ મતિ પણ ભ્રષ્ટ થતી જાય છે, તેથી તેમ જ પૂર્વના કોઇ પ્રબલ દોષથી તત્કાલ તો તેમની મતિમાં અધિક દોષ પ્રતીત થવા લાગ્યો. પ્રથમ તો મારો દ્વેષ માત્ર કરતા; પણ પછી મોટા સંત મહાત્મા તથા સમર્થ આચાર્યો જેમના શરણથી અનેક જીવો ઉદ્ધરી ગયેલા એવા વિદ્યમાન તથા અવિદ્યમાન મહાપુરુષોને પણ તેઓ નિંદવા લાગ્યા. સ્થલે સ્થલે પોતાની સ્તુતિ યુક્તિથી કરતા તેમના અવગુણ બોલવા લાગ્યા, અને એમ કરીને લોકમાં ભારે ભ્રમ પ્રવર્ત્તાવવા લાગ્યા. એમનાં આવાં કૃત્યને જોઈ જાણીને કેટલાએક સજ્જ-

નોએ ભ્રમમાં ભૂલતા લોકોને ચેતાવવાઅર્થે આપ્રમાણે સ્થલે સ્થલે પ્રસંગવશાત્ બોધ આપવા માંડ્યોઃ—

હે આશાવંત લોકો! તમે તમારી મતિને સાવધાન રાખો. મિથ્યા આશાથી માથાઉપર દુઃખને વહોરતા અટકો. આશાના પાશમાં બંધાયલા ઘણા મનુષ્યો આ જગત્માં અનર્થને જ પામ્યા છે, તેમાં પણ આ તમારી તો દુરાશા છે. તમે અન્યને કહે લાગો છો, પણ તમારા હિતાહિતનો વિચાર તમે કરતા નથી. તમે કષ્ટ વેઠ્યા છતાં પણ જ્યારે તમને તે કામરૂદેશની વિદ્યાનો લાભ થયો નહિ, અને કામાક્ષીદેવીનાં કે છેવટ ભૂતપ્રેતનાં પણ તમને દર્શન થયાં નહિ અને માગ્યા વર મળ્યા નહિ, ત્યારે હવે તમારે સમજવું જ જોઈએ કે એ પ્રવર્ત્તકપાસે એ સાચી વિદ્યાનો લેશ પણ નથી. ભાઈઓ! તમે જાણો છો કે એ લોકોમાંથી કોઇ પણ કામરૂદેશમાં કે કુશ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક કે પુષ્કરદ્વીપમાં જઈ આવ્યા નથી, અને એમ છે ત્યારે તમે સમજતા નથી કે એ તો મિથ્યા ભ્રમવાના માર્ગ છે? સમજણમાં આવેલું બાલક પણ જાણે છે કે ખરા ગુરુવિના જ્ઞાન થતું નથી. અરે સમજુ માણસો! તમે જાણતા નથી કે દેવદેવીને સાધ્ય કરવાનું કે અન્ય ઉપાયથી કોઇ પ્રકારની પણ મોટી શક્તિ મેળવવાનું કામ સહેલું નથી, અર્થાત્ ઘણું કઠિન છે? આજકાલ જ્યાં ત્યાં મનુષ્યો ધર્મના યથાર્થ જ્ઞાતા અને પ્રવર્ત્તક થઈ ને બેસતા જણાય છે, અને મંદમતિ જીવોને વ્યામોહમાં નાંખે છે, પણ તમે કે જેઓ મોટી મતિવાળા છો તેઓ પોતાની તે મતિનો ઉપયોગ કેમ કરતા નથી? એક જણ સગુણ અને સાકાર ઈશ્વર જ મનાવે છે અને બીજો નિર્ગુણ અને નિરાકાર ઈશ્વર મનાવવા મત તાણે છે તો તે બંને તો કાંઇ એક સમયે ખરા નહિ જ હોય? કાં તો બંને ખોટા, કાં તો બંને ખરા, અને કાં તો એક ખોટો અને એક ખરો એમ હોવું ઘટે છે; તો એ સંબંધમાં તમે બુદ્ધિમાન્ છતાં વિચાર કેમ કરતા નથી, અને પાછળથી પશ્ચાત્તાપ થવાસરખું કરો છો? વળી હે ભાઈઓ! જે સ્થિતિમાં ગુરુશિષ્યનો કે સ્ત્રીપુરુષનો કે ઉચ્ચનીચનો આદિ ભેદ પ્રતીત થાય નહિ, એવી પરિણામી સ્થિતિમાં આવ્યાવિના જ ગુરુશિષ્યાદિ ભેદભાવનારહિત થવાની ઇચ્છા કરો છો એથી તમારૂં હિત શી રીતે થશે? તમે જાણો છો કે આ લોકમાં જ્યાં ત્યાં ક્ષુદ્ર વ્યવહારના જ્ઞાનમાં પણ ગુરુબુદ્ધિની અગત્ય પડે છે. ખરું જોતાં જે **શરીરમાં અર્થાત્ અંતઃકરણમાં સત્ત્વ કે**

બુદ્ધિબલ અધિક છે તે ગુરુપદ છે, અને જે અંતઃકરણમાં સત્ત્વ કે બુદ્ધિબલ ન્યૂન છે તે શિષ્યપદ છે. આ પ્રકારનો ગુરુશિષ્યભાવ તો સામાન્ય રીતે સઘળે જ સંભવે છે. તમે જ વિચાર કરો કે સમાન બુદ્ધિવાળાનો સંબંધ થવાથી શું અધિક ફલ મળવાનો સંભવ છે? કાંઇ જ નહિ. જો કદાચિત્ ન્યૂન બુદ્ધિબલવાળાને અધિક બુદ્ધિબલવાળાનો સંબંધ થાય તો તે ન્યૂનતાવાળાને અધિકપણું પ્રાપ્ત થવાનો સંભવ છે. સ્પષ્ટ સમજાય એવું છે કે જ્યાં કેવલ સ્ત્રીઓનો કિંવા કેવલ પુરુષોનો કે કેવલ નપુંસકોનો સમુદાય વસતો હોય, ત્યાં પ્રજાની વૃદ્ધિનો સંભવ હોતો નથી, પણ ભેદવાળી પ્રજાથી, તેમાં પણ પ્રજા-વૃદ્ધિનાં સાધનવાળી સ્ત્રીપુરુષરૂપ પ્રજાના સંબંધથી જ પ્રજાવૃદ્ધિનો સંભવ હોય છે. ત્યાં વંધ્યા સ્ત્રી અને પુરુષનો સંબંધ પણ વ્યર્થ છે, તેમ જ પ્રજોત્પાદક બલરહિત વીર્યવાળા પુરુષનો તથા સ્ત્રીનો સંબંધ પણ પ્રજાની વૃદ્ધિમાં હેતુ નથી. આપ્રમાણે કાંઇ ગમે તેનો સંબંધ ગમે તે ફલ આપે એમ થતું નથી; અને એ જ પ્રમાણથી સમજાય છે કે બંને નપુંસકવત્ સમાન બુદ્ધિવાળાનો સંબંધ કાંઇ મતિને વધારનાર નથી તેમ જ નીચી મતિવાળાનો સંબંધ ઊંચી મતિવાળાની મતિને વધારનાર નથી, અને કુટિલ મતિ બલવતી હોય તે પણ અનિષ્ટજનક છે. **જેથી શુદ્ધસાત્ત્વિકબલવાળી મતિના પુરુષ તે જ ગુરુમતિવાળા હોવાથી ગુરુરૂપ** છે, અને તેવા પુરુષ જ, જે સંપૂર્ણ ઓછી મતિવાળા હોવાથી શિષ્યરૂપ હોય તેમના વડે ગુરુરૂપે સેવ્ય તથા સંબંધ કરવાયોગ્ય ગણાય છે. આપ્રમાણે ગુરુ પણ અધિક ઉત્કૃષ્ટ મતિવાળા હોય છે, તો મોક્ષપ્રદાયિની સર્વોત્તમ વિદ્યાના દાતા **શ્રીસદ્‌ગુરુ** તો તેથી પણ શ્રેષ્ઠ મતિવાળા હોવા ઘટે એમાં શું આશ્ચર્ય છે? હે ભાઈઓ! આપણા પૂર્વે થઇ ગયેલા મોટા પુરુષો ભવિષ્યની વાર્તા લખી ગયા છે,. તેમાં લખ્યું છે કે આગળ કલિના પ્રવેશપછી ઘણા પાખંડવડે હણાયલા જનો ધર્મને નામે ધતિંગ ચલાવશે, અર્થાત્ ધર્મમાં પાખંડ અને છલ વધારીને લોકોને યથાર્થ ધર્મથી ભ્રષ્ટ કરશે, તો તે પ્રાચીન લેખપ્રમાણે થતું આજ અમારા જોવા સાંભળવામાં આવે છે. અમે પણ ઘણે સ્થલે ફરીએ છીએ, જોઈએ, સાંભળીએ છીએ, અને તેથી સમજીએ છીએ કે જ્યાં ત્યાં આજે પાખંડની વૃદ્ધિ થતી જણાય છે, અને સાધુઓ કરતાં પાખંડીઓ અધિક પૂજ્ય ગણાવા પ્રયત્ન કરતા જણાય છે.

ખરું જોતાં આપણાં શાસ્ત્રોમાં સર્વ વાર્તા ધર્મના સંબંધમાં

સ્પષ્ટ લખી ગયા છે, તેમ છતાં પણ લોકો તેને ન જોઈને ગમે તેમ ભ્રમે છે, એમાં પૂર્વ પુરુષોનો શો દોષ છે ?

આજકાલ જૂદાં જૂદાં સ્થલોમાં ધર્મનાં નિમિત્તથી નાનાં મોટાં અનેક મંડલો મળીને અનેક પ્રકારના વિચારો કરે છે, અને તે સર્વ મૂલ આપણા પૂર્વ પુરુષોની ચર્ચેલી વાર્તાઓ જ કરે છે, છતાં જાણે અમે જ કાંઇ અલૌકિક શોધી લાવીને આ દીન પ્રજાનાં દુઃખ ટાળીએ છીએ, એવું ડોળ કરે છે. આથી બુદ્ધિમંત પુરુષોને ઘણું આશ્ચર્ય થાય છે.

આ જોતાજોતામાં અનેક શાખાઓ નીકળી છે. કોઈ તો કહે છે કે જીવ અને ઈશ્વર જૂદા છે, અને તે પાછા એક થાય છે, અને તે જીવોને ઈશ્વરમાં એક થવાની યુક્તિ અમારી પાસે આવે તેને અમે આપીએ છીએ. એ યુક્તિ બીજાપાસે મળે એમ નથી.

કોઇ તો કહે છે કે જીવ ને ઈશ્વર જૂદા છે તે સદા જૂદા જ રહેવાના છે. કોઇ કાલે એક થવાના નથી; પણ આ જીવોને ઈશ્વરની પ્રાપ્તિ અથવા ઈશ્વરના સમીપ સ્થિતિ થવાથી અખંડ સુખ મળે છે, અને તેપ્રમાણે સુખ મેળવવાના ઉપાયો અમારી પાસે આવે તો અમે જીવને સહજમાં બતાવીએ છીએ. બીજા પાસે એ કલ નથી.

કોઇ તો કહે છે કે ઈશ્વર આ જીવોને પોતામાંથી પેદા કરે છે, અને પાછા પોતામાં શમાવી દે છે, પણ કર્મબંધનથી તે ઈશ્વરના સ્વરૂપમાં જૂદા જ રહે છે. તેમને તે બંધનથી છોડાવીને અમે ઈશ્વરમાં મેળવી આપીએ છીએ. આ સંકેત અમે જ જાણીએ છીએ, અન્ય કોઇ જાણતું નથી.

કોઇ તો કહે છે કે ઈશ્વર હોય તો ભલે, પણ ઈશ્વરને અને જીવને કાંઇ સંબંધ નથી. જીવો પોતાના કર્મથી બંધાય છે, અને પોતાનાં કર્મથી છૂટે છે. તે જીવને છોડવનારાં જે કર્મ છે, તે કર્મને અમે જ જાણીએ છીએ, અને અમારી પાસે આવે તેને તે કર્મની ગતિ ઓળખાવીએ છીએ.

કોઇ તો કહે છે કે ઈશ્વર જ નથી, આ જગત્ તો પોતાની મેળે જ થાય છે અને અળપાઈ જાય છે, એટલે એમાં જીવ એવું કાંઇ છે જ નહિ તો પછી તેને છૂટવાનો ઉપાય શું કરવા જોઇએ ? ખાવું, પીવું, વિષયનાં સુખ લેવાં, અને મોત આવે ત્યારે મરવું. ખાનપાનાદિક વિષયસુખ મેળવવાની યુક્તિ અમારી પાસે છે, તે જેને જોઇએ તેણે અમારી પાસે આવવું.

કોઇ તો કહે છે કે વિવિધ શક્તિને આપનારી કામાક્ષી દેવીની ઉપાસના અમે જ કામરૂ દેશથી લાવ્યા છીએ; તે જે આવે તેને અમે આપીશું.

કોઇ તો કહે છે કે દ્વીપાંતરમાંથી દેવતાઓને વશ કરવાની વિદ્યા અમે લાવ્યા છીએ. તેનાથી દેવ વશ થાય છે, અને ધારેલા મનસુબા પાર પડાય છે. માટે એ વાત શિખવી હોય તેણે અમારી પાસે જ આવવું.

કોઇ તો કહે છે કે અમે સમાધિમાંથી જાગીને હવે આ લોકોને તે સમાધિજ્ઞાનનો બોધ આપવા પરોપકારબુદ્ધિથી બેઠા છીએ, તે જે આવશે તેને સમાધિ શિખવશું અને સિદ્ધિઓ પણ મેળવી આપશું.

કોઇ તો કહે છે કે અમને ઇશ્વરનાં સાક્ષાત્ દર્શન થાય છે, અને થયેલો, થવાનો, તથા થતો સર્વ વૃત્તાંત અમને સૂઝે છે. ઇશ્વરની આજ્ઞાથી અમે જીવોને બોધ આપીએ છીએ, માટે જેને ઇશ્વરને મળવાની ઇચ્છા હોય તેણે અમને મળવું.

કોઇ તો કહે છે કે મોટા મોટા યોગીશ્વરો અમારે અધીન છે, અને તેઓ અમને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે સઘળા પ્રકારનું સાહાય્ય આપે છે. માટે જેમને યોગીશ્વરનાં દર્શન કરવાં હોય, તથા ઇચ્છાપ્રમાણે અર્થ સારવા હોય તેણે અમારી પાસે આવવું.

હે ભાઈઓ! અમે તમને કેટલા ગણાવીએ? આવા ને આવા અનેક મનસૂઝી વાત કરનારા આજકાલ જ્યાં ત્યાં દૃષ્ટિએ પડે છે, અને આ જીવો આશાના પાશમાં બંધાયલા હોવા છતાં અધિક આશાના પાશમાં બંધાતા જ્યાં ત્યાં ભ્રમે છે, અને પોતાનું આશાબંધન ન છૂટવાથી, કે ન પરિપૂર્ણ થવાથી પછી પશ્ચાત્તાપ કરતા શોકથી રુદન કરે છે.

આ પ્રકારના અનેક ભ્રમમાં નાંખનાર પુરુષો દોષોથી ડરતા નથી; અને આ મંદમતિ જીવોને દોષ તથા ગુણનાં સ્વરૂપની ખબર નથી, તેથી તેઓ અધિક દુઃખી થાય છે. પણ ભાઈઓ! તમે બુદ્ધિમાન્ છો, તો વિચાર કરીને વર્તો અને તમારા પોતાના હિતને તથા અહિતને સમજો અને નિર્ભય રાજમાર્ગે વહ્યા જાઓ, કે જે આપણા મૂલ પુરુષો સંદેહરહિતપણે લખી ગયા છે, અને જે માર્ગે વહીને આપણા પૂર્વજો સુખાનુભવ કરી ગયા છે.

આજકાલ ઘણા પુરુષો અન્યની નિંદા કરવા અર્થે ગુરુપદનો નિષેધ કરે છે, અને તે જ પાછા નિરુપાયથી મનોરથ પૂર્ણ કરવા

ગુરુ થાય છે, અને પાછા કહે છે કે ગુરુની જરૂર નથી એમ નથી, પણ આ અમારી પેઠે ખરેખરું જણાવનાર ગુરુવિના બીજા ખોટા ગુરુની જરૂર નથી, એમ અમારું કહેવું હતું અને છે, સમજ્યા કેની ?

હે સજ્જનો ! આ પ્રકારે અનેક વિધિ પાખંડ ચાલે છે, તો તે સર્વનાં મૂલ તપાસીને પછી તેમાં વિશ્વાસ કરવા યોગ્ય ગણજો. આપણો પૂર્વથી ચાલતો આવેલો શ્રુતિસ્મૃતિઆદિથી પ્રમાણરૂપ અને ભયરહિત જે યથાર્થ ધર્મ છે તેને જ અનુસરવું, અને આપણા જે અંતરના દોષોને ઓળખાવીને તેને ટાળવાના યોગ્ય ઉપાયને પ્રતિપાદન કરે છે તથા આપણા અંતપર્યંતના કર્ત્તવ્યને પ્રતિપાદન કરે છે તે સચ્છાસ્ત્રોને માન આપીને વર્તવું; અને એ જ પ્રમાણે આપણા પૂર્વ પુરુષોએ જે જે પ્રકારના દોષોથી રહિત અને જે જે પ્રકારના ગુણોથી યુક્ત ગુરુના સ્વરૂપને વર્ણવ્યું છે તેવા ગુરુને માન આપીને ચાલવું, એ જ આપણા કલ્યાણનો માર્ગ છે.

હે ભાઈઓ ! સ્થિતિના ભેદથી આપણા પૂર્વ પુરુષોએ તત્ત્વદૃષ્ટિથી એવાં વચનો પણ કહ્યાં છે કે ‘ આ હું નથી, તું નથી અને જે પ્રતીત થાય છે તે આ લોક પણ નથી. કોઇ ગુરુ નથી, શિષ્ય નથી, સ્ત્રી પુરૂષ અને નપુંસક નથી, પશુ પક્ષી અને જડ કાંઇ નથી. પણ માત્ર સચ્ચિદાનંદસ્વરૂપ શિવતત્ત્વ જ છે. ’ આ વચનો જે સ્થિતિમાં વદીને તેઓ સ્થિર થયા છે તે સ્થિતિનો વિચાર ન કરીને આપણે હમણાં એ વચનો બોલીને એનો ઉપયોગ કરવા જઇએ, તો તે સુખપ્રદ થાય એમ નથી જ. આ તમે કે જેઓ કુલીન છો, વર્ણાશ્રમની મર્યાદાના પાલનપૂર્વક પ્રાપ્તવ્યકર્ત્તવ્યના નિશ્ચયને કરીને યોગ્ય ક્રમથી કૃતકૃત્ય થવાને પ્રયત્ન કરો છો, તેમને અનેક પ્રકારનાં અનર્થજનક વચનોને શ્રવણ કરીને તેના તાત્પર્યને સમજ્યાવિના ગમે તેમ વર્તવું યોગ્ય નથી. આ અમે કે જે વિનાકારણ અર્થાત્ સ્વાર્થવિના જ તમને આ પ્રકારનાં વચન કહીએ છીએ, તેનો વિચાર કરીને જો ઘટિત જણાય તો તે વચનોને ઉપયોગમાં લેજો, અને ન ઘટિત જણાય તો તમારી ઇચ્છાપ્રમાણે જે યોગ્ય લાગે તેમ કરજો. કારણ કે આ જગત્માં એવી લોકપ્રસિદ્ધ કહેવત જ છે કે ‘ કહેનાર કહી છૂટે અને વહેનાર વહી છૂટે.’ અમારાં વચનથી અમારા ઉપર રોષ ધરશો નહિ. જો તમને અણઘટતું બોલ્યા છીએ એમ સમજાય તો આ અમારા અપરાધની તમે અમને ક્ષમા આપજો.

હે પંચવરદ મહાત્મન્ ! આઅાદિ અનેક પ્રકારનાં પ્રિય તથા

અપ્રિય વચનોવડે અનેક સજ્જન પુરુષોએ તે ભ્રમિત થતી પ્રજાને ચેતવણી આપવાઅર્થે સ્થલે સ્થલે પ્રયત્ન આરંભ્યો, અને તેથી ઘણી વિચારશીલ પ્રજાએ તો તે નવીન બંધાતા સમુદાયોમાં પ્રવેશવું બંધ કર્યું. આમ થવાથી વિનાકારણ તે દ્વેષી પ્રવર્તક પુરુષોને મારા પ્રતિ અધિક દ્વેષ ધરવાનું કારણ ઉત્પન્ન થયું. કારણ કે તેમના પ્રતિ પ્રવેશતાં મનુષ્યોને મેં સજ્જનોદ્વારા સાવધાન કરાવ્યાં, એવો તેમણે મારા ઉપર આરોપ રાખી દૃઢ કર્યો હતો.

મારા સમીપ આવનાર મંદ તથા મધ્યમ મતિવાળી પ્રજાદ્વારા જે પૂર્વે કહેલાં વચનો લોકોક્તિરૂપે તે દ્વેષી પુરૂષોએ તથા તેમના અનુયાયીઓએ મને શ્રવણ કરાવ્યાં હતાં તે વચનોનાં સ્પષ્ટ ઉત્તર નહિ મળશે, તો તે મંદ તથા મધ્યમ મતિવાળી પ્રજાને વ્યામોહ થશે, એવા અભિપ્રાયથી તેમના સમાધાનાર્થે મારા સમીપ આવનાર ઉત્તમ અધિકારીઓએ પ્રસંગવશાત્ પ્રયત્ન કર્યો હતો તે પ્રયત્ન આ પ્રકારનો હતો.

મારા પરોક્ષ કાલમાં તે ઉત્તમ અધિકારીઓએ તે મંદમધ્યમ અધિકારવાળાને એકઠા કરીને, તેમણે લોકોક્તિરૂપે કહેલાં વચનનું ક્રમવાર આ પ્રકારે પોતાની મતિઅનુસાર સમાધાન આપ્યું હતું:—

હે ભાઈઓ ! તમારામાંના કોઇને લોક કહે છે કે તમારા ગુરુ તો કેવલ કર્મનો જ બોધ કરે છે, તો તમે અત્ર આવનાર છતાં તમને એ વાર્તા સાચીજૂઠી કેમ સમજાતી નથી ? આપણે સ્પષ્ટ જાણીએ છીએ કે આપણા ગુરુ અધિકારપ્રમાણે બોધ કરે છે, તથા યોગ્ય યુક્તિઉપાયો સર્વને આપે છે. જે માણસના અંતઃકરણમાં પાપકર્મરૂપ મલના અધિક અંશ હોય છે તેમને તો કર્મ પ્રધાનપણે અને ઉપાસના ગૌણપણે કરવા આપે છે; અને તમારામાંના કોઇને લોકો કહે છે કે તમારા ગુરુ તો તમને ઉપાસના આપીને ભ્રમણચક્રમાં નાંખે છે, તો તે વાર્તા પણ ખોટી છે. કારણ કે આપણા ગુરુ તો જેનાં અંતઃકરણમાં પાપરૂપ મલના અંશ ન્યૂન હોય છે અને ચિત્તની ચંચલતારૂપ વિક્ષેપ અધિક હોય છે તેમને તો પ્રધાનપણે ઉપાસના અને ગૌણપણે કર્મ જેમાં શમાયાં હોય છે એવી ક્રિયા આપે છે. આ વાર્તાને જાણવા છતાં પણ તમે મિથ્યા શ્રમ આપવા આવાં લોકનાં મિથ્યા વચનોને ગુરુસમીપ શામાટે લાવો છો ? અને સચ્છાસ્ત્રના શ્રવણથી પણ આપણે જાણીએ છીએ કે કર્મથી મલદોષ મટે છે અને ઉપાસનાથી વિક્ષેપ દોષ ટળે છે, તો પછી આવી શંકાનું શું

પ્રયોજન છે ? કાંઇ જ નહિ. વળી આપણા ગુરુ તો નિષ્કામ કર્મ તથા ઉપાસનાથી મલવિક્ષેપ દૂર કરીને તથા વિવેકવૈરાગ્યાદિ સાધનસંપન્ન કરીને અધિકાર પ્રાપ્ત થયાથી આવરણને દૂર કરનાર જ્ઞાન પણ આપે છે, જેથી તે લોકોનાં વચન અજ્ઞાનથી બોલાયલાં છે, એમ જાણી આપણે ત્યજવાં જોઇએ.

વળી તમારામાંના કોઇને લોકો કહે છે કે તમારા ગુરુ તો જીવ, ઇશ્વર તથા જગત્‌ને માનતા નથી ને બ્રહ્મ છે એમ કહે છે. વળી કર્મ તથા ભક્તિની નિંદા કરે છે અને એકલું બ્રહ્મજ્ઞાન આપે છે, પણ એ જ્ઞાન તો શિલારૂપ હોવાથી બુડાડનાર છે, તો આ તે લોકોનું વચન પણ મિથ્યા છે. કારણ કે આપણા ગુરુ તેમ કરતા નથી. લોકો જે કહે છે તે તો દગ્ધજ્ઞાનીમાટે કહે છે કે જે બોલે છે કાંઇ અને ચાલે છે કાંઇ. જેમની નિંદ્ય પ્રવૃત્તિ છુટતી નથી અને જેઓ અભેદ બ્રહ્મજ્ઞાનની વાતો કરે છે એવા જ્ઞાનીઓનું તે જ્ઞાન શિલારૂપ છે. કારણ કે અભિમાનપૂર્વક નિષિદ્ધાચરણને કરે છે અને બોલે છે કે અમને કર્મ નડતાં નથી, કેમકે અમે જ્ઞાની છીએ. તો એવા જ્ઞાનીઓ તો અજ્ઞાની જ છે, અને તેમને લોકો જે દોષ આપે તે યથાર્થ જ છે; અને આપણા ગુરુ તો એવું જ્ઞાન આપતા નથી, તેમ જ એવા જ્ઞાનીરૂપે વર્તતા નથી, તેથી એ લોકવચન પણ આ સ્થલે વ્યર્થ છે. વળી આપણા ગુરુ તો પાપકર્મ અથવા સામાન્ય નિષિદ્ધાચરણાદિ દોષની નિવૃત્તિઅર્થે પણ પ્રાયશ્ચિત્તનું વિધાન કરે છે, અને ઇચ્છા જણાવનારને તે નિયમિત પાપકર્મની નિવૃત્તિઅર્થે અસાધારણ પ્રાયશ્ચિત્ત આપે છે, અને અનેક પાપકર્મની નિવૃત્તિઅર્થે ઇચ્છનારને વિધિવત્‌ સાધારણ પ્રાયશ્ચિત્ત આપે છે, તથા તેને ઘટિત સમયે અન્ય કરવાયોગ્ય કર્મઉપાસના પણ આપે છે. જેથી ઇચ્છાનુસાર નિંદ્ય આચરણ કરવું અને અભેદજ્ઞાન વદવું, એવાં મનુષ્યને માટે લોકો એ પ્રકારે કહે છે તે સંભવે છે, પણ આપણા સ્થાનમાં તે સંભવતું નથી, માટે એ પણ શંકારૂપ નથી.

વળી તમને ઘણાને લોકો કહે છે કે તમારા ગુરુ તો એકલો યોગમાર્ગ જાણે છે, અને તમને સઉને તે માર્ગે ચલાવે છે તો એ વાર્તા પણ ખોટી છે; કારણ કે આપણા ગુરુ તો યોગ, સાંખ્ય, વેદાંતાદિ સર્વને જાણે છે, અને યથાઘટિત માર્ગે સઉને ચઢાવે છે. વળી તે લોક કહે છે કે યોગમાર્ગનું તો મોટા પુરુષે ખંડન કર્યું છે તો યોગપ્રતિપાદિત સાધનોનું કોઇએ ખંડન કર્યું નથી, અને તેમાં પણ

સંયમરૂપ ધારણા ધ્યાન સમાધિ આદિ અંતરંગ સાધનોનું તથા યમ-નિયમાદિ બહિરંગ સાધનોનું તો સઉએ અનુકૂલપણું જ સ્વીકારેલું છે. કેટલાકે તો એ જ સાધનોને કિંચિત્ સ્વરૂપભેદ કરીને અન્ય નામથી સ્વીકારેલાં છે. જેથી સર્વાંશે યોગનું ખંડન કર્યું હોય એમ નથી, માટે તે લોકનું વદવું વ્યર્થ છે; અને એ જ પ્રમાણે 'યોગ તો સિદ્ધિને માટે જ કરવાનો છે તથા ત્યાગીઓને જ કરવાનો છે,' એ વચનો પણ દુર્બલ જ છે, કારણ કે જો ત્યાગીને માટે જ યોગ હોય તો તે સિદ્ધિને માટે જ છે એમ સંભવતું નથી. કારણ કે ખરા ત્યાગી થયેલાને સિદ્ધિના ત્યાગની પણ વૃત્તિ હોવી જ ઘટે; અને કેવલ ત્યાગીને માટે જ એ માર્ગ હોય તો એ યોગના અંગરૂપ પ્રાણાયામનું ગૃહસ્થ પુરુષોનાં નિત્યકર્મમાં વિધાન કરે નહિ. પણ તે કરેલું છે માટે કેવલ ત્યાગી જ એ માર્ગના અધિકારી છે એમ બોલવું પ્રમાણરૂપ નથી. આમ હોવાથી હે ભાઈઓ! એ લોકોનાં દૂષિત અંતઃકરણમાંથી અવિચારપૂર્વક નિકળેલાં તે મિથ્યા વચનો સાંભળવાયોગ્ય પણ નથી તો ગ્રહણ કરવાયોગ્ય કે તેઉપર વિચાર કરવાયોગ્ય તો હોય જ ક્યાંથી?

વળી તમારામાંના કોઈને લોકો કહે છે કે 'તમારા ગુરુ કાંઈ તત્વજ્ઞ નથી. એ તો મંત્રશાસ્ત્રના પ્રયોગથી તમને વશ કરી લે છે. એમના પાસે મોક્ષનો કે કલ્યાણનો માર્ગ નથી,' તો આ વાર્તા પણ આપણને નિરંતર અત્ર આવનારને ભ્રમોત્પાદક જણાતી નથી, કારણ કે આપણે જાણીએ છીએ કે આત્મતૃપ્ત તથા આપ્તકામ આપણા શ્રીગુરુ આપણી પાસે કોઈ પદાર્થની આશા રાખતા નથી, તેમ માગતા નથી, તો પછી આપણા જેવા પશુને વિનાકારણ મંત્રપ્રયોગથી વશ કરવાનું એમને પ્રયોજન શું? વળી મોક્ષનો અને કલ્યાણનો માર્ગ આપણને સચ્છાસ્ત્રદ્વારા શ્રવણ કરાવે છે, તથા અધિકારપ્રમાણે સર્વને કલ્યાણના માર્ગમાં જોડાવા યુક્તિ પણ આપે છે; જીવનું, ઈશનું, તથા વસ્તુનું સ્વરૂપ લક્ષમાં આણે છે; પદાર્થમાત્રનાં સ્વરૂપનો વિચાર, તથા તત્સંબંધી અંતિમ નિર્ણય આપણને વારંવાર યથાઘટિત પ્રકારે સમજાવે છે, તથા પ્રત્યેક પ્રકારે શ્રેયસ્ના સંબંધમાં ઊઠતી આપણી અનેક શંકાને ઉત્તમ પ્રકારથી છેદીને સમાધાન આપે છે; જેથી મોક્ષ તથા કલ્યાણનો માર્ગ એમને હસ્તામલકવત્ છે, એમાં પણ સંદેહ થવાનું આપણને કારણ નથી. વળી શાસ્ત્રમર્યાદાથી આપણે શ્રીસદ્-ગુરુને ઈશ્વરસમ કે તેથી પણ અધિક સ્વીકારીએ છીએ, તો તેમને

મંત્રશાસ્ત્રઆદિ કશું અજ્ઞાત નથી, એમ માનવામાં પણ આપણને કાંઇ વિરોધ નથી, તો એવી શંકાઓ આપણા શ્રીગુરુસમીપ મૂકી આપણે અધિક અજ્ઞાનપણું જણાવવું એમાં શું લાભ છે ? કાંઇ જ નહિ.

વળી તમારામાંના ઘણાને લોકો કહે છે કે 'તમારા ગુરુ તો એકલા વિદ્વાન્ છે. એમને કંઇ તત્ત્વાનુભવ નથી, અને અનુભવીને જ ગુરુ કરવા કહ્યા છે.' તો આપણા ગુરુ એકલી વિદ્યા ભણવાથી અર્થાત્ શાસ્ત્રઅધ્યયન માત્રથી જ કૃતકૃત્યતા થાય છે એમ કહેતા જ નથી. આપણને નિરંતર કહ્યા જ કરે છે કે તત્ત્વાભ્યાસવિના કે તત્ત્વાનુસંધાન થયાવિના સ્થિતપ્રજ્ઞ થવાતું નથી; અને લોકો કહે છે કે 'ભણવાથી તો હૃદય તથા કંઠનું શોષણ થશે. કંઇ ઉત્તમ ફલ થવાનું નથી,' તો શાસ્ત્રનો અનભ્યાસ પણ ઉત્તમ ફલ આપે એમ નથી. શાસ્ત્રના અભ્યાસથી પૂર્વ પુરુષોએ જાણવાયોગ્ય પદાર્થોના તથા કરવાયોગ્ય વિચારોના સંબંધમાં નિશ્ચયો કર્યા હોય છે તે સર્વ જાણવામાં આવે છે, અને આપણને તેમાં પ્રતિપાદન કરાયેલાં સૂક્ષ્મ ગુણદોષોનાં સ્વરૂપ સમજાય છે; જેથી તે દોષોને ઓળખી આપણે તેનાથી બચી શકીએ, અને તે ગુણોને ઓળખીને તેને સંપાદન કરીએ. માટે શાસ્ત્રનો અભ્યાસ નિરર્થક છે એમ પણ નથી. આ પ્રકારના વિચારથી આપણે આપણા ગુરુમાં નિર્દોષપણું જાણીએ છીએ તો પછી પૂરાપરિચયવિનાના લોકોના બોલવાથી મિથ્યા શંકાશીલ થવાનું કાંઇ પ્રયોજન નથી.

વળી તમારામાંના કોઇને લોકો કહે છે કે 'તમારા ગુરુ તો શિખી સાંભળી જેમ કોઇ વાર્તા કરે તેમ, કર્મ, ઉપાસના ને જ્ઞાનની વાર્તા કરે છે. પણ એમ વાર્તા માત્ર કરવા સાંભળવાથી કાંઇ અર્થ સરતો નથી, અને સિદ્ધિ થતી નથી. માટે કોઇ ત્રિકાલજ્ઞ, સિદ્ધિઆદિ ઐશ્વર્યવાળા ગુરુને સેવો કે કલ્યાણ થાય ને રસ્તો આવે.' તો એ સંબંધમાં આપણે ઉત્તમ પ્રકારે સમાધાન લેવાનું છે, કેમકે આપણા ગુરુ આપણને નિત્ય કહે છે તથા શાસ્ત્રદ્વારા જણાવે છે કે વાર્તામાત્ર કરવાથી કોઇ વ્યવહારની પણ રૂડે પ્રકારે સિદ્ધિ થતી નથી, તો જે શ્રમસાધ્ય પદાર્થો હોય તેની પ્રાપ્તિ તો સંભવે જ કેમ ? માટે પ્રમાદાદિ દોષોથી રહિત થઇને યોગ્ય અધિકારપ્રમાણે સર્વ પોતપોતાનાં પ્રાપ્ત સાધનોનો અભ્યાસ કરો; અને ત્રિકાલજ્ઞ તથા સિદ્ધિવાળા પુરુષ કંઇ દુકાન માંડીને બેસતા નથી ને લોકમાં કોઇ પ્રસિદ્ધિપત્ર ચોઢતા નથી કે આપણે તેમના સમીપ જઇએ. તેથી જે લોકો તમને

કહેતા હોય તેમને એ જ કહેવું કે ત્રણુ કાલની વાર્તા જાણીને અમને જે જે થનાર છે તે કહેનારો અને તેની સિદ્ધિના બલથી કિંચિત્ પણુ કષ્ટ આપ્યાવિના આપણું પોતાના સિદ્ધિબલથી તત્ક્ષણુ કલ્યાણુ કરી નાંખે એવો પુરુષ તમે બતાવો તો અમે તેમની પાસે આવવાને તૈયાર છીએ. આમ ઉત્તર આપવાથી તે મિથ્યા ભ્રમમાં નાંખનાર મનુષ્યો પોતાની મેળે જ નિવૃત્ત થશે.

વળી તમારામાંના કોઈને લોકો કહે છે કે તમારા ગુરુ તો લોભવાળા, તૃષ્ણુાવાળા, ક્રોધ ભય અને કામવાળા છે, તથા લોકલજ્જાવાળા અને આશાવાળા જણુાય છે, તો એવાને તમે કેમ સેવો છો? આ પ્રકારનાં બોલનાર મનુષ્યો મિથ્યા બોલે છે, એવું આપણુને સ્પષ્ટ છતાં એ લોકનાં વચનો શામાટે સાંભળી લેવાં જોઈએ? આટલા દિવસથી આપણે આવીએ છીએ, પણુ આપણા કોઈની પાસે કોઈ પદાર્થ માગતા નથી. તેમ પદાર્થની પ્રાપ્તિ માટે જ કોઈ ઉદ્યોગ કરતા નથી, તો પછી એમનામાં લોભ, આશાતૃષ્ણુા અને કામનું આપણુાથી કેમ અનુમાન થાય? આપણું જેમાં હિત હોય છે, તેમ જ સઉનું જેમાં શ્રેયસ્ હોય છે, એવાં કાર્ય કરવામાં આપણા સરખાની ઇચ્છાથી પ્રવેશ કરે છે, એ કાંઈ કામ નથી. આપણુને વિષયોનો તથા અન્ય ઉપાધિ કરનાર દુર્જન પ્રાણીઓનો સંસર્ગ ન રાખવાને તથા તેમનાથી વિરોધ ન કરવાને બોધ આપે છે, એથી એમનામાં કાંઈ ભય ગણુાય નહિ. વળી મૃત્યુના ભયથી પણુ ભયનાં ચિહ્ન જેમનામાં પ્રતીત થતાં સમજાતાં નથી તો અન્ય ભયનું અનુમાન પણુ કેમ જ થાય?

વળી વિપરીત શબ્દો જેમના મુખમાંથી નીકળતા નથી, કોઈ વાર દંતની પંક્તિ ઓષ્ઠ ઉપર દાબીને કે નેત્ર ને ભ્રૂ ચઢાવીને બોલતા જણુાતા નથી કે વિકલપણે ગભરાટથી બોલતા નથી તો એમનામાં ક્રોધનું અનુમાન શી રીતે કરવું? વળી જે પુરુષ સદાચારના શિખવનાર છતાં વર્ણાશ્રમધર્મના પાલન કરનાર છે, તથા મનના અજયવાળા આપણુને નીતિનિયમમાં સ્થાપવાના વ્યાપારને સ્વીકારનારા છે, તે પુરુષ આપણુને ઓળખાવવા માટે નિંદ્યાનિંદ્ય વિષયનું પ્રતિપાદન કરે તથા નિષિદ્ધ વ્યવહાર ન કરવાનું સૂચવે, તથા લોકવ્યવહારનીતિનું પાલન કરવા આપણુને જણુાવે, તેથી તેમનામાં આપણે લોકલજ્જાવાળા છે એવો દોષારોપ કરવો એ કેટલું અણુઘટતું છે? વળી પ્રિય પદાર્થના નાશથી થવાયોગ્ય શોક કે કલેશ એમનામાં પ્રતીત થતા નથી તો પછી એમનામાં મોહ છે, એવું આપણુાથી કેમ કહેવાય?

આઆદિ અનેક પ્રકારના વિચારથી તથા આપણા સહવાસના અનુભવથી આપણે એમને નિર્દોષ સમજીએ છીએ, તેમ છતાં તમે લોકનાં દુષ્ટ મતિથી બોલેલાં વચનો શ્રવણ કરી તેને શંકાના કારણરૂપે હૃદયમાં રાખો છો, એ તમને કેટલું અનિષ્ટ કરનાર છે તેનો વિચાર કરો.

વળી હે ભાઈઓ ! તમારી મતિની બુદ્ધિમંતોએ શી પ્રશંસા કરવી તે જણાતું નથી. કારણ કે શાસ્ત્રઆજ્ઞાથી તથા પૂર્વકાલથી ચાલતી આવેલી નીતિથી આપણે આપણી મેળે વિધિવત્ શ્રીગુરુનું પૂજન કરીએ છીએ, તથા અભિમાનનિવૃત્તિઅર્થે આપણી ઇચ્છાથીજ દંડવત્ પ્રણામ કરીએ છીએ. શ્રીગુરુ પોતે તો આપણને ઉલટા અમુક અમુક કષ્ટ શા માટે કરો છો એમ કહે છે, તોપણ આપણે આપણા હિતમાટે કર્યાં જઈએ છીએ. આમ છતાં પણ તે નિમિત્તે ઉલટો તે ગુરુપર દોષારોપ દુર્જનો કરે છે કે એ ગુરુ તમારી પાસે પૂજન તથા દંડવત્ કરાવે છે, અર્થાત્ આજ્ઞા કરી કરાવે છે, અને તેથી તે અભિમાની છે; તો એ પ્રકારનો મિથ્યા આરોપ જાણતાં છતાં આપણે તેને મનમાં દોષરૂપે લઈએ અને આ પ્રકારના લોકવચનો જેને તમે પોતે જ સમાધાન આપી નિવારણ કરી શકો એમ છે, તેને માટે તમે જ ઉલટા ગુરુને પૂછો છો કે લોકો આ પ્રકારના દોષ મૂકે છે તે યથાર્થ છે કે અયથાર્થ, એ કેવું આશ્ચર્ય છે ?

વળી તમારામાંના કોઈ એવી મિથ્યા લોકવાર્તા લાવે છે કે તમારા ગુરુ તો ખ્યાતિની લાલસાથી ગ્રંથો લખે છે, માટે દંભી છે; અને અન્યની નિંદા કરે છે માટે અસૂયાદોષવાળા છે. તો વિચાર કરો કે આપણે આપણા અને અન્ય અનેકના કલ્યાણમાટે પ્રાર્થના કરીને જે પુરુષને ગ્રંથ લખવાનો શ્રમ આપીએ છીએ, અને તે દયાથી સ્વીકારે છે, તો તેનો બદલો તે પુરુષને દોષથી આપવો એ આપણને કેમ રુચે ? ન જ રુચે; અને વળી ગ્રંથમાં નિંદ્ય વ્યવહારને નિંદ્યરૂપે પ્રતિપાદન કરે, એ શુદ્ધ વ્યવહાર છતાં તેને દોષરૂપ ગણવો એ કેમ ઘટે ? ન જ ઘટે.

આમ છે માટે હે ભાઈઓ ! તમે યોગ્ય વિચાર કરીને સમાધાનને પામો, મિથ્યા વચન બોલનારના સંગથી મુક્ત રહેવાનો અભ્યાસ રાખો, અને આપણને નિર્દોષ પ્રતીત થાય એવા પુરુષને સેવી સુખાનુભવ કરો.

હે નરાધિપતિ ! આઆદિ અનેક પ્રકારનાં વચનોવડે તે સજ્જન મનુષ્યોએ તેમને સમાધાન આપ્યું, તેથી પછી તે લોકો તેવા વ્યવ-

હારથી નિવૃત્ત થઈને સરલપણે પોતાનું હિત સાધવા લાગ્યા, અને ક્રમે કરીને પોતે નિર્દોષ થવાને યત્ન કરવા લાગ્યા. આ પ્રકારે જ્યારે ઘણા સજ્જનોએ ઘણા મનુષ્યોને જ્યાં ત્યાં ભ્રમથી ભટકવાના અભ્યાસથી મુક્ત કરવા માંડ્યા, ત્યારે તે યશોભિલાષી દ્વેષી નવીન ધર્મપ્રવર્ત્તકોને પોતાની ઇચ્છા ન પૂર્ણ થવાના અનુમાનથી અધિકાધિક દ્વેષ થવા લાગ્યો અને તે દ્વેષથી તેમણે મને તથા મારા સમીપ આવનારાઓને કોઇ પ્રકારે ક્લેશ થાય એવા ઉદ્યોગ પ્રયત્નપૂર્વક જારી રાખ્યા.

આ હું કે જે તે સમયે ક્લેશનાં કારણોથી પણ વૃત્તિમાં ક્લેશના ભાવને કદાચિત્ પણ અનુભવતો ન હતો, તેને તો તેમના યત્નથી કંઇ પણ વિપરીત ફલ થયું નહિ. મારા સમીપ જે સત્ત્વપ્રધાન અંતઃકરણવાળા અને ગુણોની સત્તાપ્રતિ જય મેળવનારા આવનારજનાર પુરુષો હતા તેમને પણ તે દ્વેષીઓના યત્નથી કાંઇ અધિક હાનિનો સંભવ આવ્યો નહિ. જેઓ શ્રદ્ધાવંત હતા, પણ શુદ્ધરજસ્પ્રધાન અંતઃકરણવાળા હતા, અને રજઃતમઃસ્વભાવનો અત્યંત કરીને જય કરનારા ન હતા તેમને તથા તેથી ઊતરતાઓને માત્ર તે દ્વેષીઓના પ્રયત્નથી કાંઇક ક્લેશની પ્રતીતિનો સંભવ આવ્યો, અને જેમ તેમને ક્લેશની પ્રતીતિ તે દ્વેષીઓદ્વારા થતી તેમ તે પુરુષોએ પણ તે દ્વેષીઓને નખથી શિખાપર્યંત જ્વાલા ઊઠે અને તેમનું સર્વાંગ દગ્ધ થાય એવાં વાગ્બાણ વિહિત માર્ગે મારવા માંડ્યાં. આમ થવાથી પશ્ચાત્ તેમના પરસ્પરના વાગ્યુદ્ધથી પ્રસંગે પરસ્પરને ક્લેશનાં કારણ થતાં. મારા સમીપ આવનારને ક્લેશનું કારણ આવવા છતાં પણ તેમને સત્સંગતિના યોગથી તથા પોતાના દોષોને ઓળખી તેનો જય કરવાના અભ્યાસથી અર્થાત્ ષટ્સંપત્તિના સામાન્ય અભ્યાસના બલથી ક્લેશની પ્રતીતિ ઓછા પ્રમાણમાં અને અલ્પ કાલ થતી; અને તે દ્વેષધારીઓને તો નિરંતર સંતાપ પ્રકટ રહેતો હતો. કારણ કે તેમને સાધન અભ્યાસની ન્યૂનતા હતી, અને દોષરૂપ કારણોથી તેઓ અસાવધાન થયા હતા.

હે બ્રહ્મવિદ્વર મહાત્મન્ ! આ પ્રકારે અનેક વિધિ અનર્થની પ્રવૃત્તિ લોકમાં થતી જાણીને મેં તે સમયે આ પ્રકારનો વિચાર કર્યો. "અહોહો ! આ વિચિત્ર સ્વભાવવાળી માયાનો કેવો મહિમા છે ! અવિદ્યા પોતાની સ્વતંત્ર સત્તાથી રહિત છતાં પણ પોતાના સ્વભાવથી કેવી બલવતી પ્રતીત થાય છે ! આ કાર્યરૂપ પ્રપંચમાં પ્રકૃતિસ્વભાવથી તથા કર્તૃત્વાભિમાનપૂર્વક કરાયેલાં શરીરીઓનાં કર્મબલથી કેટલો અનર્થ થાય

છે, એનું કાંઇ પ્રમાણુ કાઢી શકાતું નથી. આ બે હેતુથી પ્રકટતા ગુણદોષ ધર્માધર્મને પ્રકટાવીને ક્લેશની પ્રતીતિ કરાવે છે. પ્રાપ્તવિવેક પુરુષને પણ લેશરૂપ અવશેષ રહેલી હોવાથી એ અવિદ્યા ક્લેશની પ્રતીતિ કરાવે છે, તો આ અવિવેકથી બદ્ધવત્ પ્રતીત થતા શરીરીઓને તે અવિદ્યા અત્યંત ક્લેશ પ્રતીત કરાવે એમાં શું આશ્ચર્ય છે!"

આ લોકમાં ધર્મની પ્રવૃત્તિ સુખને અનુભવાવનાર હોવાથી અવસ્ય કર્તવ્ય છે, એમ જાણીને યોગ્ય પુરુષો થોડો કાલ પણ પ્રસંગપરત્વે ઉપદેષ્ટાધર્મને સ્વીકારે છે; અને સુજ્ઞ પુણ્યાત્મા તેનો ઉત્તમ પ્રકારે લાભ લે છે, પરંતુ તે સુખ સધાવનાર પુરુષોની નિર્દોષ પ્રવૃત્તિ છતાં પણ પાપાત્માઓને તે પ્રવૃત્તિ ક્લેશના કારણરૂપ નીવડે છે. જેમ ઉષ્ણકાલમાં ઉષ્ણતા, વર્ષાકાલમાં વૃષ્ટિ અને શીતકાલમાં શૈત્ય પ્રતીત થાય છે, તે સૃષ્ટિના નિર્વાહને અર્થે પ્રતીત થાય છે, તથા તે ત્રણે કાલના ધર્મો જ્યારે હીન, મિથ્યા કે અતિમાત્ર યોગથી[1] પ્રવર્તે છે, ત્યારે તો રોગના વિશેષ અંશે કારણરૂપ થાય છે પણ સમ્યક્ યોગથી પ્રવર્ત્તતા તે તે ધર્મ રોગાદિક દોષની પ્રવૃત્તિના હેતુ ગણાતા નથી, તેમ છતાં પણ તે તે કાલના ધર્મની પ્રવૃત્તિના સમયે જે જે શરીરમાં તે કાલધર્મના વિરોધી દોષોની સંપ્રાપ્તિ હોય છે તે શરીરીને તે સમ્યક્ પ્રકારે વર્તતો કાલધર્મ પણ દુઃખના કારણરૂપ થઈ પડે છે, તેમ આ લૌકિકવૈદિક ધર્મના પ્રવર્ત્તક પુરુષો પણ અસમ્યક્ ધર્મની પ્રવૃત્તિ કરે છે તો તો તે દુઃખોત્પાદક જ છે, પરંતુ ઉત્તમ પ્રવર્ત્તકવડે પ્રવર્ત્તાતો સમ્યક્ ધર્મ દુઃખના હેતુરૂપ ગણાતો નથી; છતાં તે સમ્યક્ ધર્મના વિરોધી એવા જે પાપરૂપ દોષની પ્રધાનતાવાળા પ્રાણીઓ છે તેમને તે સમ્યક્ ધર્મ પણ દુઃખના કારણરૂપ પ્રતીત થાય છે. આ સ્થલે જેમ તે સમ્યક્ ધર્મપ્રવર્ત્તક કાલ વસ્તુતઃ કોઇનું અહિત કરનાર ગણાતો નથી, તોપણ વિરોધી દોષની પ્રધાનતાવાળા તેને અહિતકર ગણે છે, તેમ આ મારા વડે પ્રવર્ત્તાતો સમ્યક્ ધર્મ ક્લેશના કારણરૂપ વસ્તુતઃ નથી, છતાં પાપાત્માને પોતાના દોષથી તે ક્લેશના કારણરૂપ લાગે છે. આમ થવાથી મને કાંઈ હાનિનો કે ખેદનો સંભવ નથી. કારણ કે પૂર્વકાલથી સમયાનુસાર એમ

૧ વૃષ્ટિ, ઉષ્ણતા અથવા શૈત્ય જે સમયે જેટલાં જોઇએ તેથી ન્યૂન હોય તે હીન યોગ; જે સમય જેટલાં જોઈએ તેથી અધિક હોય તે અતિમાત્ર યોગ; અને જે સમયે જોઈએ તે સમયે ન હોતાં અન્ય સમયે હોય તે મિથ્યા યોગ.

થવાનો સદા સંભવ જ હોય છે. આજકાલ આટલામાં અનેક અનુકૂલ પ્રતિકૂલ વિચારનાં મંડલો પરસ્પર રાગદ્વેષાદિ વિકારોને વધારતાં વૃદ્ધિને પામતાં જાય છે; અને તેથી પ્રજાના હિતમાં વધઘટ થવાનો સંભવ લોકોને પ્રતીત થવાથી સજ્જન પુરુષો એકના ગુણ અને બીજાના દોષ સ્થલે સ્થલે વદે છે; અને તેથી ઘણાં વિચારશીલ મનુષ્યો અધિક અનર્થને પામતાં અટકે છે; તો પણ કોઇ કોઇ સ્થલે અનર્થના બીજરૂપે એ સંસ્કાર રહેશે, અને તે કાલાંતરે પણ અનર્થ આપનાર થશે. આમ થવામાં પણ પ્રાપ્તવિવેક પુરુષને કદાચિત્ પણ અનર્થ થવાનો સંભવ નથી. કોઇ યથાર્થ દૃષ્ટિવિનાના મનુષ્યો આ અનર્થમાં મને પણ નિમિત્ત કારણરૂપે ગણાતા હશે, કેમકે ભ્રમયુક્ત મતિમાં યથાર્થ જ્ઞાનનો સંભવ હોતો નથી. આ સંબંધમાં ગમે તેમ હોય અને થાય, તેવિષે મારે અધિક વિચારનું પ્રયોજન નથી. પણ મારે હવે મારા તથા મારા સમીપ આવનાર બુદ્ધિમંત પુરુષોના અવશેષ કર્ત્તવ્યસંબંધમાં જે કાંઇ વિચાર કરવાનો હોય તથા તે સંબંધમાં જે કાંઇ હવે કહેવાયોગ્ય અવશેષ રહ્યું હોય તે નિર્ણય કરીને અવશ્ય કહેવું જોઈએ. આ પ્રાણીઓનો આ પ્રકારનો સંબંધ અધિક યોગ્ય નથી, તેમ જ ક્રમથી પણ આંતર સ્થિતિનો ફેરફાર થવાનો સંભવ હોય છે, તો તે નિયમાનુસાર થયાપૂર્વે સર્વે પ્રકારના ઉપાધિનો સંબંધ ગૌણ થઇ જવો જોઈએ. ઘણા પૂર્વ પુરુષોનો પણ એવો જ નિશ્ચય છે કે **જે પુરુષને આ ઇન્દ્રિયોવડે અર્થરૂપ વિષયના જ્ઞાનરૂપ જાગ્રદવસ્થાનો અભાવ હોય છે, અને વળી જે પુરુષને શુભાશુભ સંપૂર્ણ વાસનાઓથી રહિત થયે સ્વસ્વરૂપનો અખંડ એકરસ આનંદાનુભવ છે તે જીવન્મુક્ત છે.** આ સ્થલે તાત્પર્ય એ છે કે આ ઇંદ્રિયોના લયપૂર્વક સુષુપ્તિ અવસ્થા જે સર્વ જીવોને હોય છે, તેવી અજ્ઞાન સુષુપ્તિ નહિ છતાં પણ જેની જાગ્રદવસ્થા એવી હોય છે કે તે જાગ્રદવસ્થામાં પણ શ્રોત્રાદિ ઇંદ્રિયો શબ્દાદિ વિષયોનું ગ્રહણ કરી શકે નહિ. આથી તે જીવન્મુક્ત દશાવાળો પુરુષ જાગ્રદવસ્થામાં છતાં પણ સુષુપ્તિમાં સ્થિત ગણાય છે. આમ હોવાથી હવે પછીની આ શરીરીને અર્થાત્ મને એવી સ્થિતિ પ્રાપ્ત થવાનો સંભવ છે કે જેમાં આ શ્રોત્રત્વક્ચક્ષુરાદિ ઇંદ્રિયોવાળો શરીરી અંતરમાં જાગ્રત્વત્ છતાં પણ સુષુપ્તની પેઠે બાહ્ય વિદ્યમાન વિષયોનું ગ્રહણ કરી શકશે નહિ, જેથી ક્રમે કરીને સર્વ વ્યવહારથી રહિતપણું થશે; અને તેમ થયા પછી જ કર્તવ્યનો અવધિ આવશે. એ પ્રકારની ખરી કૃતકૃત્યતા

પ્રાપ્ત થયા પછી કોઇ પણ પુરુષ વ્યવહાર કરવાને સમર્થ થાય નહિ. તેથી આ સમીપ આવનાર મનુષ્યોને હવે કહેવાયોગ્ય કહી લેવું ઘટે છે, કેમકે પછી કહેવા સાંભળવાની આશાનો ઉચ્છેદ થશે. સર્વજ્ઞ પુરુષોનો એ જ સિદ્ધાન્ત છે કે જ્યારે આ મનથી ઊઠતી સમગ્ર ઇચ્છાઓનો અભાવ થાય છે, ત્યારે યોગ્ય અભ્યાસવડે જય કરાયેલું તે મન તૈલધારાવત્ અખંડ એકરસ આનંદસ્વરૂપ પ્રત્યગાત્માવિષે સ્વસ્વરૂપાનંદને અનુભવતાં સંતુષ્ટ રહે છે. વળી આ બ્રાહ્મણપણું જે જગત્માં સર્વોત્તમ છે, તે જેને પ્રાપ્ત હોય છે તેને તો સ્વભાવથી જ આપ્તકામપણું હોય છે, અને તેથી જ તેઓ અન્ય પ્રયત્નવિના જ ક્રમથી જીવન્મુક્તિસુખનો અનુભવ કરનાર થાય છે. **જે બ્રાહ્મણપણું મૂલ પુરુષોએ શ્રેષ્ઠ કહ્યું છે અને જેને દેવતા પણ અધીન વર્તે છે, તે બ્રાહ્મણપણાનું સ્વરૂપ સર્વને એકે કાલે પ્રાપ્ત થવું ઘણું કઠિન છે. કારણ કે તે ઈશ્વરસંકેતથી અથવા તો ઉગ્ર પુણ્યબલથી જ પ્રાપ્ત થવું સંભવે છે.** આઆદિ અનેક ઘટિત વિચાર કરીને પછી જનસંગરૂપ ઉપાધિની નિવૃત્તિઅર્થે મારા સમીપ આવનાર તે ત્રિવિધ પ્રકૃતિના મનુષ્યસમુદાયને એક સમયે પ્રથમ તે અશ્રદ્ધાવંત મંદ સંસ્કારવાળા મનુષ્યોને ઉદ્દેશીને આ પ્રકારનાં વચન કહ્યાં :—

'હે સદ્વિદ્યાની ઇચ્છાવાળા સજ્જનો! તમે આ જગત્માં જન્મ ધરીને મનુષ્યોએ શું જાણવાનું છે, શું મેળવવાનું છે અને તેઅર્થે શું કરવાનું છે, એનો પ્રથમ તો યોગ્ય વિચાર કરો; અને તે વિચાર કરતાં જે કાંઇ નિશ્ચય થાય તે નિશ્ચયપ્રમાણે વર્તવાનો આગ્રહથી આરંભ કરો. કારણ કે જે આ શરીરવડે સર્વ સુખ સાધવાનું છે તે આ શરીર ક્ષણભંગુર છે. આ શરીર ક્ષણિક છે, તેમ અનેક વિઘ્નને પ્રાપ્ત થનારું છે, તેથી એની આશાએ દિવસો કાઢ્યા કરવા અનુચિત છે. આ શરીરનો નાશ થયાપૂર્વે તથા એમાંથી શક્તિ હણાઈ ગયાપૂર્વે જ પુરુષાર્થ કરીને કૃતકૃત્ય થવું ઘટે છે. કાર્યના આરંભપછી પણ વ્યાધિ તથા આધિઆદિ વિઘ્નોથી આપણે સદા બચી શકતા નથી, તેથી તે વિઘ્નના પ્રવેશથી પણ ઘણો કાલ વ્યર્થ જવાનો સંભવ છે, માટે સદા સાવધાનપણે વિચાર કરો અને અભ્યાસને આરંભો.

પ્રાપ્તવિવેક પુરુષોનો એવો નિશ્ચય છે કે અંતરમાં રહેલા દોષોને જ્યાંપર્યંત આપણે ટાળતા નથી, ત્યાંપર્યંત આપણને કર્તવ્યનું ભાન તથા નિર્વિઘ્ન તેમાં પ્રવૃત્તિ થવી એ બનતું નથી, તેથી સદા આપણા

અંતરમાં સાવધાન રહીને દોષોનો જય કરો. આ જગત્‌માં ઘણા મનુષ્યો તો કેવલ અન્યના દોષો જ જુએ છે, અને તેવડે તે અન્યની નિંદા કરે છે; અને કેટલાએક તો પોતાના તથા અન્યના દોષો જોનારા છે, પરંતુ તેઓ પોતાના દોષને ગુપ્ત રાખવામાં અને અન્યના દોષોને પ્રકટ કરવામાં જ સાવધાન હોય છે. વળી કોઇ કોઇ તો અન્યના તથા પોતાના દોષોને જાણે છે, તથા તેઓ પોતાના તથા પરના દોષોને ટાળવા અર્થે વિચાર તથા ઉદ્યોગને કરે છે; અને કોઇ બુદ્ધિમાન્ પુરુષ તો અન્યના દોષનો અલક્ષ કરીને પોતે જ પ્રથમ નિર્દોષ થવાને પ્રયત્ન કરે છે. સાધક અવસ્થાવાળા આ બુદ્ધિમંત પુરુષો સૌમાં શ્રેષ્ઠ છે, એમ જાણજો. કારણ કે પોતે નિર્દોષ થયા-વિના પોતાનો કે અન્યનો અર્થ સારી શકાતો નથી. આમ છે માટે પ્રથમ પોતાના તથા પરના દોષોનાં સ્વરૂપને જાણીને પછી તે **પારકા દોષો આપણામાં ન આવે, અને આપણા હોય તે જાય, એવો ઉદ્યોગ કરજો**. તમે જે જે મનુષ્યને કોઇ પણ પ્રકારના સંબંધથી સેવો, તેને દોષોની અધિકતાથી રહિત જાણીને સેવજો. જે જે પુરુષને તમે ગુરુબુદ્ધિથી સેવવા ઇચ્છો તે તે પુરુષને પ્રથમ નિર્દોષ છે કે નહિ એ પ્રકારે કસી લેજો, અને જો તે પુરુષને તમારી વૃત્તિ દોષરૂપ જાણે તો તમારે તેમાં ગુરુબુદ્ધિ સ્થાપવી નહિ; અને **કદાચિત્ અસાવધપણે ગુરુબુદ્ધિ સ્થાપ્યા પછી તમને દોષ જણાય, અને તમારી મતિ શ્રદ્ધાથી તે પુરુષને ન અનુસરે તો તત્કાલ ગુરુબુદ્ધિનો ત્યાગ કરીને તેમનાથી મુક્ત થઈ અન્ય સ્થલથી આપણા કલ્યાણને સાધવું. કારણ કે જેના વચનમાં આપણને વિશ્વાસ હોતો નથી, તેમના દ્વારા આપણે આપણું હિત સાધી શકતા નથી,** યદ્યપિ પૂર્વ પુરુષોએ ગુરુમાં દોષબુદ્ધિ કરવાથી હાનિ જણાવી છે, તોપણ જો આપણી મતિ તેને દોષવાન્ જુએ અને તે દોષ ન સહન કરવા યોગ્ય અને વસ્તુતઃ હોય તો તેનો ત્યાગ કરવા વિલંબ કરવો નહિ. કારણ કે અશ્રદ્ધાવડે કરેલો શ્રમ યથાવત્ ફલ આપનાર થતો નથી. અન્ય કાંઇ યથાર્થ નિશ્ચય કરવા યોગ્ય મતિ આપણને પ્રાપ્ત ન હોય, તો શાસ્ત્રે વિધાન કરેલી એવી વૃદ્ધપરંપરાથી ચાલતી આવેલી ધર્મનીતિને અનુસરીને ચાલવું, અને જ્યારે યોગ્ય મતિનો આપણામાં પ્રાદુર્ભાવ થાય, ત્યારે આપણે યોગ્યા-યોગ્ય વિચાર કરીને યોગ્ય વર્તન કરવું. તે પણ સચ્છાસ્ત્રથી અત્યંત વિરુદ્ધ ન હોવું જોઈએ. આઆદિ વચનો કહીને કહ્યું કે હે ભાઈઓ!

જો તમને મારાં વચનમાં વિશ્વાસ હોય તો આમાંથી સાર ગ્રહણ કરીને તેપ્રમાણે વર્તજો અને ન હોય તો યથારુચિ વર્તજો.'

એપછી મેં સમય જોઈને મારા સમીપ આવનાર અર્ધશ્રદ્ધાવંત મધ્યમ અધિકારીઓને આ પ્રકારનાં વચનો કહ્યાં:—

હે ભક્તિમંત સુજ્ઞ મનુષ્યો! તમે જાણો છો કે આ જગત્માં મતિ જેવા જેવા સહવાસને સેવે છે તેવા તેવા પ્રકારના બલને તથા વેગને ધારણ કરે છે, માટે સહવાસ કરતાં યોગ્ય વિચારને કરજો. સજ્જન તથા દુર્જનોનાં શરીર ઉપર કોઇ વિલક્ષણ પ્રસિદ્ધ ચિહ્ન હોતાં નથી. સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય એવાં ચિહ્નો તે સજ્જન તથા દુર્જનનાં મુખાદિ અંગ ઉપર હોય છે, પણ તે સર્વ, અપરીક્ષક સ્થૂલ બુદ્ધિને સમજાય એવાં હોતાં નથી. માટે તમારે તો સજ્જન તથા દુર્જનોને તેમના વ્યવહારદ્વારા ઓળખવા. તમે શાસ્ત્ર શ્રવણ કરનાર છો તેથી સજ્જન તથા દુર્જનનાં વ્યવહારલક્ષણને રૂડે પ્રકારે સમજો છો, તેથી દુર્જનોને પારખીને તેમનાથી દૂર રહેજો, અને સજ્જનોને ઓળખીને તેમના પ્રતિ પ્રીતિ રાખજો. તે સજ્જનોના ઉજ્જવલ વ્યવહારને જોઈ જાણીને શિખજો તથા શાસ્ત્રે વિધાન કરેલા સજ્જનોના સદ્ગુણને સેવજો. સજ્જનતા આવ્યાવિના સુખનો અધિકાર આવતો નથી, માટે દુર્જનોને ઓળખીને તેમનાં વચનમાં વિશ્વાસ કરતા અટકજો અને સજ્જનોના માર્ગમાં ચાલજો.

આ સંસારમાં મનુષ્યોની અનેક પ્રકારની પ્રકૃતિ બંધાયેલી હોવાથી સૌને એકસરખા રુચિ કે અરુચિ હોતી નથી. માટે આપણાથી પ્રતિકૂલ અને શાસ્ત્રથી પ્રતિકૂલ એવી જે પ્રકૃતિઓની રુચિ તે આપણી રુચિ જાણવી નહિ. પણ આપણને અનુકૂલ અથવા આપણાથી શ્રેષ્ઠની અનુકૂલ તથા શાસ્ત્રને અનુકૂલ એવી જે પ્રકૃતિની રુચિ તે આપણી રુચિ જાણવી. તામસ તથા સાત્ત્વિક સ્વભાવનાં લક્ષણ તમે શાસ્ત્રદ્વારા શ્રવણ કરચાં છે તેથી તે લક્ષણોવડે તમારી પોતાની પ્રકૃતિ ઓળખીને તમારાથી ઊંચા ગુણની અભિલાષા રાખીને અર્થાત્ તામસ સ્વભાવવાળાએ રાજસની તથા રાજસ સ્વભાવવાળાએ સાત્ત્વિક સ્વભાવવાળાની એમ ઉચ્ચની સદા સંગતિ રાખવી; અને મહાત્મા જેમનો શુદ્ધસત્ત્વપ્રધાન સ્વભાવ હોય છે, તેમની તો બનતા સુધી સઉએ યથાવકાશ સંગતિ સેવવી.

શુદ્ધસત્ત્વપ્રધાનસ્વભાવવાળા મહાત્માની શુદ્ધ ભાવે સમીપતા તથા દૂર રહેવા છતાં વૃત્તિની અભિમુખતા રાખવી, એ સદા લાભ

કરનાર છે; અને અશુદ્ધ ભાવ ધરનારને પણ સંબંધ હોય તો તેથી કાંઇ હાનિ નથી, પણ સ્વલ્પ લાભનો જ સંભવ હોય છે. માટે કેવલ શુદ્ધ ભાવ ન બંધાયો હોય તોપણ પ્રસંગવશાત્ તેમનો સહવાસ કરવો.

કોઇ પુરુષના દોષોને દોષરૂપે જાણવા તથા તેમની નિંદા કરવી એ જ માત્ર આપણું કર્તવ્ય છે એમ સમજવું નહિ. પણ તેવા દોષોનો આપણામાં આવિર્ભાવ ન થવા દેવાને તથા આપણામાં હોય તો ત્યજવાને સાવધાન રહેવું એ જ માત્ર કર્તવ્ય છે એમ જાણવું.

આ જગત્‌માં કોઇ પણ પ્રાણિપદાર્થ કેવલ ગુણરહિત કે કેવલ દોષરહિત ભાગ્યે જ હોય છે. માટે આપણી વૃત્તિ અથવા ઇંદ્રિયથી જે જે પ્રાણિપદાર્થનો સંબંધ થાય તે તે પ્રાણિપદાર્થમાં પ્રતીત થતા દોષોનો ત્યાગ કરવો અને તે તે પ્રાણિપદાર્થના ગુણમાત્રનું ગ્રહણ કરવું. કારણ કે ગુણથી સુખ મળે છે અને દોષથી દુઃખ મળે છે.

આ વિશ્વમાં અવિવેકીને દુઃખનાં કારણોની બહુલતા છે. માટે સંભાળથી અને વિવેકથી મતિને દૃઢ કરવી. કારણ કે મતિની મંદતા કલેશને આણનાર છે અને વિવેકવડે કરાયેલી સૂક્ષ્મ મતિ કલેશનો નાશ કરનાર છે.

હે ભાઇઓ! તમે જેમ વ્યવહારને સાધવામાં યત્ન રાખો છો તેમ પરમાર્થ સાધવામાં પણ પુરુષપ્રયત્નને અંગીકાર કરજો. તેમાં સચ્છાસ્ત્રરૂપ પ્રમાણવચનોવડે નિષિદ્ધ કરાયેલો એવો જે પરનિંદા, પરદ્રવ્યાદિ પદાર્થહરણ, મનવાણીશરીર અથવા શસ્ત્રાદિવડે અન્યનું અન્યાયવડે પીડન વા હનન, અસત્યભાષણઆદિ કર્મ કરવારૂપ અશાસ્ત્રીય પ્રયત્ન, કર્તાને અધોગતિની પ્રાપ્તિ કરનાર છે; અને શ્રુતિ-સ્મૃતિઉક્ત પ્રમાણવચનો જે સચ્છાસ્ત્રરૂપ છે તેવડે વિધાન કરાએલો એવો જે સાત્ત્વિક યજ્ઞ, સાત્ત્વિક દાન, સાત્ત્વિક તપ, સગુણ-નિર્ગુણસ્વરૂપે પરમેશ્વરનું ધ્યાનઆદિ કરવારૂપ જે શાસ્ત્રીય પ્રયત્ન છે, તે શાસ્ત્રીય પ્રયત્નને પ્રીતિપૂર્વક કરજો. કારણ કે પ્રથમાવસ્થાથી જ આરંભેલા એ શાસ્ત્રીય પ્રયત્નના અભ્યાસથી સમગ્ર સદ્‌ગુણોનો ઉદય થતાં અને દોષમાત્રનો ક્ષય થતાં મોક્ષરૂપ પરમપુરુષાર્થ જે ખરો પરમાર્થ છે તે પ્રાપ્ત થાય છે.

અનેક પ્રકારના મનુષ્યોના ભિન્ન ભિન્ન અધિકાર અને સંપત્તિ હોય છે, તેથી અમુક પુરુષ જેમ કરે છે તેમ હું કરું તો જ મારું શ્રેયસ્ થશે, એવો સર્વ ક્રિયાસંબંધે નિશ્ચય કરવો નહિ. પણ આપણાથી નીચા અધિકારવાળાને તથા આપણાથી ઊંચા અધિકારવાળાને

તેમનાં લક્ષણોથી ઓળખવા, અને તે નીચા અધિકારીને કરવાયોગ્ય વ્યવહારથી બચીને ઊંચા અધિકારવાળા પુરુષોનો જે જે લક્ષણોવડે ઊંચો અધિકાર બંધાયો છે, તે તે લક્ષણોને પ્રાપ્ત કરવા અર્થે પ્રયત્ન કરવો, અને આપણા અધિકારના અનુકૂલ તથા ઉચ્ચ અધિકારની પ્રાપ્તિ કરનાર એવાં જે જે કૃત્ય હોય તે તે કૃત્યને પ્રયત્નવડે સાધતા રહેવું.

કોઇ પણ પ્રાણિપદાર્થ નિત્ય નથી, માટે તેમાંથી આસક્તિનો ક્રમે કરી ઘટાડો કરીને આપણા આયુષ્યનો સદુપયોગ કરવો. પણ આપણા અધિકારવિના ગૃહસ્થાશ્રમનો કે ગૃહસ્થધર્મનો ત્યાગ કદાચિત્ પણ કરવો નહિ. આપણા આશ્રમવ્યવહારને નિભાવીને શાસ્ત્રીય પ્રયત્નનો અભ્યાસ રાખવો. નિષ્પક્ષપાતપણે શ્રેયસ્નો બોધ આપનાર પુરુષનો જ વિવેકવડે સંગ કરવો. અન્ય ભ્રાંત મનુષ્યોનો સંગ કદાચિત્ પણ પ્રીતિથી કરવો નહિ.

આઆદિ અનેક પ્રકારનાં વચનો તે અર્ધશ્રદ્ધાવંત મનુષ્યોને ઉદ્દેશીને બોલ્યા પછી મારા સહવાસને સેવનાર તથા વારંવાર સમીપ આવનાર શ્રદ્ધાવંત, ઉત્તમ સંસ્કારવાળા મનુષ્યોને ઉદ્દેશી આ પ્રકારનાં વચનો શ્રવણ કરાવતો હવો:—

"હે પ્રાપ્તવિવેક સજ્જન પુરુષો ! તમે આ સંસારપ્રવાહના સ્વરૂપને તથા તેના મૂલને રૂડે પ્રકારે વિવેકવિચારવડે જાણો છો, અને તે જ પ્રમાણે આ જગત્માં પ્રાપ્તવ્ય તથા જ્ઞાતવ્ય શું છે તેને પણ તમે જાણો છો; અને તેનિમિત્તે અધિકારીએ શું કર્ત્તવ્ય છે, એ પણ તમે યથાવત્ જાણો છો. આમ છતાં પણ સમય જાણીને કંઇક કહું છું તે શ્રવણ કરજો.

જગત્માં મુખ્ય તથા અમુખ્ય એવા બે પ્રકારના અધિકારીઓ છે. તે મુખ્ય અમુખ્ય બંને જાતિના અધિકારીઓ વ્યુત્પન્ન તથા અવ્યુત્પન્ન એમ પુનઃ બે પ્રકારના છે; જેથી સમાસતઃ ચાર પ્રકારના અધિકારી થાય છે:–૧ વ્યુત્પન્ન મુખ્ય અધિકારી, ૨ અવ્યુત્પન્ન મુખ્ય અધિકારી, ૩ વ્યુત્પન્ન અમુખ્ય અધિકારી, અને ૪ અવ્યુત્પન્ન અમુખ્ય અધિકારી. એ ચારેનાં યથાક્રમે સ્વરૂપ આ છે.

૧ શુદ્ધ અંતઃકરણવાળા જે પુરુષોને પદપદાર્થની શક્તિલક્ષણારૂપ સંગતિનું જ્ઞાન છે, અર્થાત્ શાસ્ત્રના અર્થતાત્પર્યને નિશ્ચય કરવામાં કુશળમતિવાળા છે, તથા જે અંતઃકરણની શુદ્ધિવાળા છે, તે વ્યુત્પન્ન મુખ્ય અધિકારી છે.

૨ જેઓ પદપદાર્થની શક્તિલક્ષણારૂપ સંગતિના જ્ઞાનપૂર્વક

શાસ્ત્રના અર્થતાત્પર્યને સ્વતઃ નિશ્ચય કરવામાં અસમર્થ છતાં શુદ્ધ અંતઃકરણવાળા તથા અન્યદ્વારા શાસ્ત્રના અર્થતાત્પર્યને શ્રવણ કરી નિશ્ચય કરવામાં સમર્થમતિવાળા છે તે અવ્યુત્પન્ન મુખ્ય અધિકારી છે. આ વ્યુત્પન્ન તથા અવ્યુત્પન્ન મુખ્ય અધિકારીઓને આત્મજ્ઞાનની પ્રાપ્તિ-અર્થે તે સકલ શાસ્ત્રના અધ્યયનની કે શ્રવણની કંઇ અપેક્ષા નથી. સ્વલ્પ તાત્પર્યશ્રવણમાત્રથી જ તેમને તે જ્ઞાન થવાનો સંભવ છે.

૩ જે પુરુષો પદપદાર્થની શક્તિલક્ષણારૂપ સંગતિના જ્ઞાનવાળા હોય, અને તેથી શાસ્ત્રના અર્થતાત્પર્યને નિશ્ચય કરવાયોગ્ય મતિવાળા હોય, પરંતુ અશુદ્ધ અંતઃકરણવાળા હોય, તથા વિષયપ્રાપ્તિની ઇચ્છા-વાળા અને રાજસીતામસી વૃત્તિઓવડે અસમ્યક્ ચિત્તવાળા હોવાથી દુરાગ્રહી છતાં જે પંડિતમાં ગણાતા હોય, તે વ્યુત્પન્ન અમુખ્ય અધિ-કારી ગણાય છે.

૪ જે પુરુષો પદપદાર્થની સંગતિના જ્ઞાનથી રહિત હોય તથા મલિન અંતઃકરણવાળા હોય, તેમ છતાં પણ શાસ્ત્રના અર્થતાત્પર્યને જાણવાઅર્થે શાસ્ત્રશ્રવણ કરનારા હોય, અસંભાવનાવિપરીતભાવનાના આવિર્ભાવવાળા હોય, અને વિષયપ્રાપ્તિમાં પ્રીતિવાળા તથા રાજસી-તામસી વૃત્તિવાળા હોવાથી સ્થૂલચિત્તવાળા હોય તે અવ્યુત્પન્ન અમુખ્ય અધિકારી છે.

આ પ્રકારના ચારમાં પ્રથમના બંને મુખ્ય અધિકારીને જ્ઞાન સુખસાધ્ય છે અને અન્ય બેને જ્ઞાન કષ્ટસાધ્ય છે. એવિનાના જે મનુષ્યો શાસ્ત્રના અર્થતાત્પર્યને જાણવાની ઇચ્છાવિના, વેદશાસ્ત્રમાં અશ્રદ્ધાવાળા, મલિન અંતઃકરણવાળા મોક્ષના હેતુરૂપ જ્ઞાનની અસ્પૃ-હાવાળા, પ્રબલ વિષયવાસનાવાળાઆદિ દોષવાળા હોય છે તે સર્વ અનધિકારી ગણાય છે. તેવાઓને તો તેવી સ્થિતિમાં જ્ઞાન અસા-ધ્યરૂપજ હોય છે.

હે ભાઈઓ ! તમારામાંથી ઘણા કે જે ઉપાસનામાં પ્રવેશ કરી ચુક્યા નથી, તેમણે તે ઉપાસનામાં સદા દૃઢ રહેવું ઉચિત છે. કારણ કે સગુણબ્રહ્મના સાક્ષાત્કારપર્યંત ઉપાસના કરનાર પુરુષને આત્મસાક્ષાત્કાર થવાથી જીવનમુક્તિને માટે અન્ય સાધનોની આપેક્ષા રહેતી નથી; અને જે પુરુષોએ પ્રથમ સગુણબ્રહ્મના સાક્ષાત્કારપર્યંત ઉપાસના કરી હોતી નથી, પણ **तत्त्वमसि** આદિ મહાવાક્યના શ્રવણમાત્રથી જ **अहंब्रह्मास्मि** એ પ્રકારનું જ્ઞાન જેમને થયું હોય છે, તેમને તો જીવન્મુક્તત્વનિમિત્ત તે મહાવાક્યજન્ય જ્ઞાનનો અભ્યાસ કરવો પડે

છે. એ અભ્યાસને પણ તત્ત્વાભ્યાસ કે તત્ત્વજ્ઞાનાભ્યાસ કહે છે. એ તત્ત્વજ્ઞાનમાં વાસનાક્ષય તથા મનોજયની અપેક્ષા હોવાથી જીવન્મુક્તત્વ નિમિત્તે, તે તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય તથા મનોજય વા મનોનાશ એ ત્રણેનો અભ્યાસ તે મહાવાક્યજન્યજ્ઞાનવાને એકે કાલે કરવાથી જ જીવનમુક્તત્વ સિદ્ધ થાય છે, કારણ કે વાસનાક્ષયમાં તત્ત્વજ્ઞાનનો, તત્ત્વજ્ઞાનમાં વાસનાક્ષયનો, મનોનાશમાં એ બંનેનો, તથા એ ઉભયની સિદ્ધિમાં મનોજયનો ઉપયોગ હોય છે.

આ વિશ્વપ્રપંચ જે દશ્ય છે, તે સર્વ મિથ્યા છે; અને સચ્ચિદાનંદરૂપ અદ્વય આત્મા વસ્તુતઃ સત્ય છે, તેથી આત્મા જ સર્વરૂપ છે, આત્માથી ભિન્ન કોઇ પણ વસ્તુ નથી. આ પ્રકારનું તત્ત્વજ્ઞાન જો દઢ હોય છે તો જ વિષયમાત્રના અભાવના ભાનથી રાગદ્વેષાદિ વાસનાનો ક્ષય હોય છે, અને તે તત્ત્વજ્ઞાન દઢ ન હોય તો આ વિષયોમાં સત્યવત્ પ્રતીતિનો તથા સુખબુદ્ધિનો અભાવ થાય નહિ; અને તેથી રાગદ્વેષાદિરૂપ વાસના વિદ્યમાન્ રહે છે. આમ હોવાથી વાસનાક્ષયમાં તત્ત્વજ્ઞાનનો ઉપયોગ છે; અને એ જ પ્રમાણે જ્યારે નિત્યાનિત્યવસ્તુવિવેકદ્વારા વિષયમાત્રની અનિત્યતા નિશ્ચય કરાય, અનિત્યમાં દુઃખરૂપતા સિદ્ધ કરાય, અને તેથી તે દશ્ય અનિત્ય વિષયમાત્રમાં દોષદર્શન કરાય તથા નિઃસંગતા સેવાય ત્યારે જ તે રાગદ્વેષરૂપ વાસનાનો ક્ષય થાય છે; અને ત્યારે જ આચાર્ય તથા શ્રુતિના પ્રસાદવડે તત્ત્વજ્ઞાન દઢ થાય છે. જો વાસનાક્ષય ન હોય તો રાગદ્વેષાદિથી મન દૂષિત હોય છે; અને દૂષિત મનવાળા પુરુષને શમદમાદિ સાધનસંપત્તિનો અભાવ હોવાથી, સત્શાસ્ત્રશ્રવણની યોગ્યતાનો અભાવ હોય છે, અને તેથી તેને મહાવાક્યજન્ય તત્ત્વજ્ઞાનનો આવિર્ભાવ થવો સંભવતો નથી. જેથી વાસનાક્ષયનો તત્ત્વજ્ઞાનમાં ઉપયોગ છે.

એ જ પ્રમાણે મનોનાશનો પણ તત્ત્વજ્ઞાનમાં ઉપયોગ છે, કારણ કે મનોનાશ થવાથી જ સર્વદ્વૈતપ્રપંચને વિષય કરનારી વૃત્તિ નિર્મૂલ થાય છે; અને સર્વ વૃત્તિરૂપ ઉપાધિથી રહિત પુરુષને જ પૂર્વપ્રાપ્ત શ્રુતિઆચાર્યના પ્રસાદથી બ્રહ્માત્મસાક્ષાત્કાર થાય છે; અને મનોનાશનો અભાવ હોય છે તો વિક્ષેપ વિદ્યમાન હોય છે, અને તેથી તે વિક્ષિપ્ત પુરુષને બ્રહ્મસાક્ષાત્કાર હોતો નથી. એ જ પ્રમાણે તત્ત્વજ્ઞાનનો પણ મનોનાશમાં ઉપયોગ છે. કારણ કે તત્ત્વજ્ઞાનથવાથી તે પુરુષને દશ્યપ્રપંચના મિથ્યાપણાનો નિશ્ચય થાય છે, અને તેથી એ મન તે બાધિતપ્રપંચપ્રતિ પ્રવૃત્ત થતું નથી; અને સત્યરૂપ

નિશ્ચય કરાયલું આત્મતત્ત્વ તે મનના વિષયરૂપ હોતું નથી; તેથી તે મનની તે આત્મસ્વરૂપપ્રતિ પણ પ્રવૃત્તિ થતી નથી. જેથી અંતર્-બહિર્ પ્રવૃત્તિથી રહિત થયેલું મન કાષ્ટરહિત અગ્નિની પેઠે પોતાની મેળે જ લયભાવને પામી રહે છે; અને જો એ તત્ત્વજ્ઞાન ન હોય તો આ દશ્યપ્રપંચમાં સત્યપણારૂપ ભ્રાન્તિની નિવૃત્તિ થતી નથી; તેથી વિષયપદાર્થાકારપરિણામવાળી વૃત્તિઓવડે મન વૃદ્ધિને પામતું ક્રમે કરીને સ્થૂલ થતું જાય છે; તે સ્થૂલ મનનો અન્ય ઉપાયથી પછી સહસા નાશ થતો નથી.

વળી પૂર્વોક્ત પ્રકારે વાસનાક્ષયમાં મનોનાશની અને મનોનાશમાં વાસનાક્ષયની પણ આ પ્રકારે જોતાં અપેક્ષા છે. આ મનનો નાશ, લય કે સમ્યક્ જય થયા પછી કોઇ પ્રકારની પણ વૃત્તિ પ્રકટતી નથી. તેથી વૃત્તિને પ્રકટ કરનારી વાસનાનો સહજ ક્ષય થાય છે. અને મનોનાશ નથી હોતો તો વિષયભોગમાં પ્રવૃત્ત મનદ્વારા અનેક વાસના સ્ફુરે છે, કારણ કે અંતરમાં વિષયનું મનન તથા બહિર્ વિષયનો સંગ એ વાસનાને વધારનાર હેતુ છે, અને જો વાસના વિદ્યમાન હોય તો રાગદ્વેષાદિવડે વૃદ્ધિને પામેલું મન વિષયાભિમુખ રહે છે, તેથી તે વિવિધ વિષયાકારપરિણામને પામે છે; અને તે વિષયમગ્ન થયેલ મનનો સહજ નાશ થતો નથી; પણ વાસના ક્ષય પામવાથી વૃત્તિઓનો ઉદય થતો નથી અને વૃત્તિના અભાવે મનનો નાશ સહજ થાય છે.

આ પ્રકારે, મનોજય, વાસનાક્ષય, તથા તત્ત્વજ્ઞાનને એકબીજાની અપેક્ષા છે. માટે જ તે ત્રણેનો એકે કાલે એટલે યુગપત્ અભ્યાસ કરવો, પૂર્વપુરુષોએ ઉચિત ગણ્યો છે. મહામુનિ **શ્રીવસિષ્ઠે શ્રીરામને** બોધ કરતાં કહ્યું છે કેઃ—

वासनाक्षयविज्ञानमनोनाशा महामते ।
समकालं चिराभ्यस्ता भवन्ति फलदायिनः ॥

હે મોટી મતિવાળા ! વાસનાક્ષય, તથા તત્ત્વજ્ઞાન, અને મનોનાશ એ ત્રણે મિશ્ર પ્રકારે ઘણો કાલ અભ્યાસ કરવાથી ફલ આપનાર થાય છે.

હે સુજ્ઞ પુરુષો ! આપ્રમાણે જે પુરુષો અકૃતોપાસ્તિ છે, અર્થાત્ પ્રથમ સગુણ બ્રહ્મની ઉપાસનાદ્વારા સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર જેમને થયો નથી, અને મહાવાક્યના શ્રવણમાત્રથી આત્મજ્ઞાનના સ્વરૂપને

જાણનાર છે, તથા જે અધિક લૌકિકવૈદિક વ્યાપારના યોગે ચિત્તની વિશ્રાંતિથી રહિત છે, તેમણે તો જીવન્મુક્ત દશામાં પ્રતીત થતા દૃષ્ટ સુખની અભિવ્યક્તિનિમિત્ત મનોનાશાદિ ત્રણનો પુનઃ પુનઃ આવૃત્તિરૂપ અભ્યાસ કરવો, અને જે પુરુષો કૃતોપાસ્તિ છે, અર્થાત્ જેમણે આત્મ-સાક્ષાત્કારથી પૂર્વ સગુણ બ્રહ્મના સાક્ષાત્કારપર્યન્ત ઉપાસના કરી છે, અને જેમને ચિત્તવિશ્રાંતિ પ્રાપ્ત છે, એવા પુરુષોએ તે દૃષ્ટ સુખના હેતુરૂપ જીવન્મુક્તિ નિમિત્ત અન્ય કાંઇ કર્તવ્યની અપેક્ષા નથી. કારણ કે તે કૃતોપાસ્તિ જ્ઞાનવાનને તો જીવન્મુક્તિ સહજ સાધ્ય હોય છે.

હવે પૂર્વે કહ્યા પ્રમાણે વાસનાક્ષય તથા મનોજય તત્ત્વજ્ઞાનમાં ઉપયોગી હોવાથી અવશ્ય કર્તવ્ય છે. વાસના જ બલવતી હોવાથી મનોજય તથા તત્ત્વજ્ઞાનને સ્થિર રહેવા દેતી નથી. તેથી તે વાસનાનો ક્ષય કરવા અધિક સાવધાન થવું ઘટે છે. એ વાસનાક્ષયનો અભ્યાસ કરનાર સાધકોને ઉપયોગી થઈ પડે એઅર્થે પૂર્વ પુરુષોએ પ્રતિપાદન કરેલું વાસનાનું સ્વરૂપ અત્ર સ્વલ્પમાં કહું છું.

વાસનાનું સામાન્ય સ્વરૂપ આ છે. મારી સ્ત્રી, મારા પુત્ર, મારું ગૃહ, મારૂં કુલ, મારી જ્ઞાતિ, મારો દેશ, મારી ભાષા, મારૂં રૂપ એ-આદિ આ વિશ્વમાં અપ્રતિમ વા અદ્વિતીય છે, એ પ્રકારની સ્વવિષ-યક ઉત્કૃષ્ટભાવના તથા અન્યવિષયક નિકૃષ્ટભાવના તે વાસના છે. મૂલ વાસનાના શુદ્ધ તથા મલિન એવા બે ભેદ છે. તેમાં મલિનવાસના જન્મમરણાદિ અનર્થની પ્રાપ્તિ કરનારી છે, અને શુદ્ધવાસના તે સર્વ અનર્થની નિવૃત્તિ કરનારી છે. ત્યાં પ્રથમ મલિનવાસના ત્રણ પ્રકારની કહેલી છેઃ ૧ લોકવાસના, ૨ શાસ્ત્રવાસના, અને ૩ દેહવાસના. પ્રથમ લોકવાસનાનું સ્વરૂપ આ છે. " મારે એવી રીતે વર્તવું કે સકલ લોક મારી સ્તુતિ કરે, અને કોઇ પણ મારી નિંદા કરે, એવું આચરણ મારે કરવું નહિ. " આ પ્રકારની જે ભાવના છે તે લોકવાસના છે. આ લોકવાસના પૂર્ણ થવી અસંભવ છે. કારણ કે આ વિચિત્ર સ્વભાવવાળા જગત્માં સર્વજ્ઞ સર્વશક્તિમાન્ ઈશ્વરની તથા સમગ્ર ઐશ્વર્યયુક્ત લીલાતનુધારીની પણ નિંદા કરનાર મનુષ્યો હોય છે, તો અન્યની નિંદા કોઇ જ ન કરે એમ તો બને જ કયાંથી ? આથી તે લોકવાસના દુષ્પ્રાપ્યવત્ છે. તેથી એને મલિન ગણી છે. એ મલિન લોકવાસના ન વધારતાં યોગ્ય ઇચ્છાવાળા રહી આપણા હિતને જ સાધવા વિચારવું. બુદ્ધિમંત પુરુષોનો એ તો નિશ્ચય જ છે કે સર્વ લોકો સ્તુતિ કરે, એવો કોઇ પણ ઉપાય આજપર્યંત લોકમાં કે શાસ્ત્રમાં

પ્રસિદ્ધ નથી, માટે લોકોવડે કરાતાં સ્તુતિનિંદાપ્રતિ લક્ષ ન કરતાં નિર્દોષ પ્રવૃત્તિદ્વારા હિતને જ સાધવું.

બીજી શાસ્ત્રવાસનાનું સામાન્ય સ્વરૂપ આ છે. શાસ્ત્રના તાત્પર્યનું ગ્રહણ ન કરતાં માત્ર શાસ્ત્રોનાં અધ્યયનસંબંધી ભાવરૂપ વાસના છે તે શાસ્ત્રવાસના છે. એ શાસ્ત્રવાસના પણ ૧ પાઠવાસના, ૨ અર્થ-વાસના, અને ૩ અનુષ્ઠાનવાસના એવા ભેદથી ત્રણ પ્રકારની ગણાય છે. વેદશાસ્ત્રોનો પાઠ માત્ર જ અમારે કર્ત્તવ્ય છે, એ વિના શ્રેયસને માટે અમારે કંઇ પણ કર્ત્તવ્ય નથી, એવા નિશ્ચયપૂર્વક જે પુરુષો આયુષ્નના અવધિપર્યંત પાઠમાત્રને આગ્રહથી કરે છે, અર્થતાત્પર્યપ્રતિ લક્ષ આપવાની આવસ્યકતા ગણુતા નથી, તેવા પુરુષોનો તે પાઠને જ કર્ત્તવ્યરૂપે સ્વીકાર કરાવનાર હેતુરૂપ જે નિશ્ચય છે, તે પાઠવાસના છે; જે આજે વેદાદિના પઠન કરનાર કોઇ કોઇ પુરુષોમાં પ્રતીત થાય છે.

વેદશાસ્ત્રોના અર્થ માત્રને જ જાણુવાથી અમે કૃતકૃત્ય થઈશું; અમારે કૃતાર્થતાનિમિત્તે અન્ય કોઇ પુરુષાર્થની અપેક્ષા નથી, એવા નિશ્ચયદ્વારા જેઓ તે વેદશાસ્ત્રાદિના તાત્પર્યને જાણુવાપ્રતિ લક્ષ ન આપતાં મરણુપર્યંત માત્ર અર્થ જાણુવાનો પ્રયત્ન જ કરે છે, તેમનો તે પ્રયત્નમાં દૃઢ રાખનાર જે નિશ્ચય છે તે અર્થવાસના છે; જે આજે પણ કોઇ કોઇ પુરુષમાં જણાય છે, કે જેઓ વેદશાસ્ત્રોને અર્થસહિત ભણ્યા કરતા છતાં તાત્પર્યને જાણુનારા હોતા નથી, અને તાત્પર્યપ્રતિ તેમનું લક્ષ ગયેલું પણ જણાતું નથી. આ પાઠવાસના તથા અર્થવા-સના પૂર્ણ થવી કઠિન છે; કારણુ કે આયુષ્ અલ્પ છે, અને સમગ્ર વેદશાસ્ત્રોનાં પઠન કરવામાં કે અર્થ જાણુવામાં અધિક કાલની અપેક્ષા છે. આ કારણુથી જ એ ઉભય વાસનાને દુઃસંપાદ્ય ગણીને તેને મલિનવાસના જ કહી છે. વેદશાસ્ત્રોના પાઠને કરે, તથા તે સર્વને અર્થસહ જાણે, પણ તેના દ્વારા નિત્યતૃપ્તિરૂપ ફલ જે તાત્પર્યને જાણુનારને જ પ્રાપ્ત થાય છે તે ન મેળવે, તો તેની મતિનું વેદાદિ સર્વ શાસ્ત્રના પાઠમાં કે અર્થમાં ભ્રમવું તે નિષ્પ્રયોજન છે. જેમ આ દર્વી (કડછી) સર્વ પાકસાહિત્યમાં ભમે છે, પણ એને સ્વાદ કે તૃપ્તિ નથી તેમ. આમ છતાં પણ જેઓ શ્રદ્ધાભક્તિપૂર્વક વેદશાસ્ત્રના પ્રતિશબ્દને ઈશ્વરની સંજ્ઞાતુલ્ય ગણીને પાઠ કરે છે, તેમનો શ્રમ કાંઇ કેવલ નિષ્ફલ નથી, કારણુ કે તેવી શ્રદ્ધાથી પાઠ કરવાથી તથા અર્થ જાણુવાથી પણ અંતઃકરણુની શુદ્ધિરૂપ ફલ થાય છે. શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રમાં વિધાન કરેલાં જે નાનાવિધ કર્મ છે, તે કર્મોનાં અનુષ્ઠાનમાં

જ જેઓ પોતાનું સઘળું આયુષ્ ગાળે છે, તેઓની અનુષ્ઠાનવાસના છે. આ અનુષ્ઠાનવાસના પણ નિત્યતૃપ્તિમાં પ્રતિબંધક છે.

આ કહેવાથી એમ સમજવાનું નથી કે વેદશાસ્ત્રનો પાઠ કરવા કે તેના અર્થ જાણવા, કે વિધાન કરેલાં કર્મોનું અનુષ્ઠાન કરવા યત્ન જ ન કરવો, પણ સર્વનો ઉપયોગપૂરતો અભ્યાસ રાખવો, અને કર્ત્તવ્યના અવધિનો નિશ્ચય કરીને પ્રાપ્તવ્યને પ્રાપ્ત થવાપ્રતિ લક્ષ રાખવું. આ વાસનાઓને શાસ્ત્રમાં અધ્યાત્મજ્ઞાન અથવા પરમશાંતિ અથવા નિત્યતૃપ્તિરૂપ ફલમાં પ્રતિબંધક ગણી છે, પણ તે ક્યારે કે જ્યારે એ વાસનાનો મરણપર્યંત પણ તે પુરુષ અંત જ આણતો નથી ત્યારે.

આ સર્વનો સાર માત્ર એ જ છે કે જાણવા જેટલું અધ્યયન તથા ઉપાસનામાં પ્રવેશ થવાપૂરતાં કર્મોનાં અનુષ્ઠાન કરવાં; અને જેઓ આસક્તિવડે વ્યવહારને સેવનારા છે તેમણે તો કર્મનાં અનુષ્ઠાન તથા ઉપાસના આશ્રમના અવધિપર્યંત ઉપયોગ પૂરતાં સેવવાં, અને ઉત્તરોત્તર અધિકારની પ્રાપ્તિ થયાપછી જ પૂર્વ પૂર્વ કર્ત્તવ્યથી મુક્ત થવું.

હવે ત્રીજી દેહવાસનાનું સ્વરૂપ શ્રવણ કરો. આ ભૌતિક સ્થૂલશરીરવિષયક જે અભિનિવેશ છે તે દેહવાસના છે. એ વાસના બે પ્રકારની છેઃ ૧ દેહવિષયક, અને ૨ દેહસંબંધી ગુણવિષયક. તેમાં 'હું બ્રાહ્મણ છું,' 'હું ક્ષત્રિય છું,' 'હું વૈશ્ય શૂદ્ર કે મનુષ્ય છું,' એવું જે દૃઢ ભાન છે તે દેહવિષયક વાસના છે. દેહસંબંધી ગુણવિષયક વાસના બે ભેદવાળી છેઃ ૧ શાસ્ત્રીય, તથા ૨ લૌકિક તેમાં પ્રથમ શાસ્ત્રીય વાસના પણ ૧ ગુણાધાનપ્રયુક્ત, અને ૨ દોષનિવૃત્તિપ્રયુક્ત, એ ભેદથી બે પ્રકારની છે.

આ સ્થલે શાસ્ત્રે વિધાન કરેલાં ગંગાસ્નાનાદિવડે શરીરમાં સદ્ગુણો ધારણ કરવાની જે વાસના છે તે ગુણાધાનપ્રયુક્ત છે; અને શૌચઆચમનાદિકવડે દેહ તથા મુખાદિના દોષોની નિવૃત્તિની જે વાસના છે તે દોષનિવૃત્તિપ્રયુક્ત છે. એ જ પ્રમાણે લૌકિક વાસના પણ બે ભેદવાળી છે. તૈલમર્દનાદિવડે અથવા સુગંધી પદાર્થોવડે અથવા તાંબુલાદિનાં ભક્ષણવડે દેહમાં સૌંદર્યાદિ ગુણોને ધારણ કરવાની જે ઇચ્છા છે તે ગુણાધાનપ્રયુક્ત લૌકિક વાસના છે, અને મલનિવર્ત્તક ઔષધ તથા જલાદિવડે શરીરના મલોને નિવારણ કરવાની જે આશા છે, તે દોષનિવૃત્તિયુક્ત લૌકિક વાસના છે.

આ દેહવાસના પણ જ્ઞાનમાં પ્રતિબંધક હોવાથી અમર્યાદપણે રહેલી મલિન વાસના જ ગણાય છે. આ પ્રકારની લૌકિક વાસના

શાસ્ત્રવાસના તથા દેહવાસનાવિના દંભ, દર્પ, અભિમાન, ક્રોધઆદિ આસુરી સંપત્તિની સંતતિરૂપ દોષસમુદાય છે તે, તથા સ્ત્રીપુત્રધનાદિની જે નિરંતર આસક્તિ છે તે પણ વાસનારૂપે સુખનાં વિરોધી છે. તેથી મલિન વાસનામાં જ ગણાય છે.

આ સર્વ પ્રકારની મલિનવાસના, સદ્વિવેક જે નિત્યઅનિત્ય વસ્તુના નિર્ણયદ્વારા અંતમાં વિષયોમાં દોષદર્શન કરાવે છે, તે વિવેકવડે તથા સત્પુરુષોના સંગવડે અનેક સદ્‌ગુણોના ધારણ કરવાથી તથા દોષમાત્રનું જ્ઞાન થવાથી, ક્રમે કરીને છૂટી જાય છે. માટે હે સજ્જનો ! જે પ્રકારથી સર્વ વાસનાઓ નિર્મૂલ થાય એવા ઉપાયોને પ્રીતિવડે સદા સેવજો; કારણ કે વાસના જ જન્મમરણાદિ અનેક દુઃખનું કારણ છે. જે ઉત્તમ અભ્યાસવડે અંતઃકરણમાં મલિનવાસનાનો ઉદય જ ન થાય તે અભ્યાસ જ વાસનાક્ષયનો ઉપાયરૂપ હોવાથી સેવ્ય છે. વળી હે સુજ્ઞ પુરુષો ! આ દશ્યપ્રપંચના સ્મરણનો પરિત્યાગ તથા પોતાના શરીરના મરણનું જે સ્મરણ, તે રાગાદિથી નિવૃત્ત કરનાર છે, કારણ મરણના અભિમુખ થયેલા પુરુષને સર્વ પ્રિય વિષયો પણ અપ્રિયરૂપે ભાસે છે.

આઆદિ અનેક ઉપાયોવડે આ મલિન વાસનાનો વિધિવત્ અર્થાત્ આશ્રમાદિના નિયમવડે યથાધિકાર ત્યાગ કરવો; અને શુદ્ધવાસના જે પુનઃ પુનઃ જન્મમરણના કારણરૂપ મૂલને નાશ કરનારી છે તથા પુનઃ ન ઊગનાર એવાં દગ્ધબીજની પેઠે દેહની સ્થિતિમાત્રમાટે જ રહેનારી છે તેને પ્રાપ્ત કરવી, જે અંતમાં પોતાનો ક્ષય પોતાની મેળે જ કરી રહે છે. હે ભાઈઓ ! વ્યાધની જાલમાં પડેલાં પક્ષીઓ, પંજરમાં પડેલા સિંહવ્યાઘ્રાદિ વિકરાલ પશુઓ તથા કૃત્રિમ હસ્તિનીઓની વાસનાવડે ખાડામાં પડેલા મહોન્મત્ત હસ્તી જેમ દીન થઈ જાય છે તેમ જેના અંતઃકરણમાં પૂર્વોક્ત મલિન વાસનાઓનો ઉદય થાય છે તે પુરુષો વાસનાના યોગથી મહાદીન થઈ જાય છે; જે દીનત્વ આ મનુષ્યને અનર્થકર હોય છે; **અને ધીરવીર પુરુષો જે સર્વ વિષયમાં આસક્તિવિનાની મતિવાળા અર્થાત્ વાસનાથી રહિત થયેલા હોવાથી શુભ ફલની પ્રાપ્તિથી હર્ષને પામતા નથી અને અશુભ ફલની પ્રાપ્તિથી ખેદ કે શોકને પ્રાપ્ત થતા નથી તે મહાપુરુષો આ જગત્‌માં કદાચિત્ પણ દીનત્વને પ્રાપ્ત થતા નથી.** કોઈ પુરુષ અત્યંત બલવાળો, વિદ્યાવાળો, કલાવાળો કે અનેક ગુણવાળો હોય પણ જેના અંતઃકરણમાં આ વાસનાગ્રંથિ બંધાયલી

હોય છે તે તેના સર્વ પ્રકારના શ્રેષ્ઠપણાવાળો છતાં પણ ક્ષુદ્ર છે અને અને ગમે તે મનુષ્યને અધીન થઈ જાય છે. પણ આ દીનત્વને આણનારી વાસના જેના અંતઃકરણમાં પ્રકટ થઈ શકતી નથી તે યદ્યપિ ક્ષુદ્ર બલવાળો હોય તથાપિ ક્રમે કરીને મહાબલવાન્ થઈ બેસે છે. માટે વાસના જ સદા હેય છે. **અંશતઃ રહેલી વાસના પણ અનર્થને આપનારી છે એમ જાણજો.** જેમ ગર્ભમાં રહેલ રજોવીર્યનું બિંદુ પણ વિદ્યમાન હોવાથી ક્રમે કરીને વૃદ્ધિને પામે છે, અને અવિદ્યમાન એવો કોઇ પણ પદાર્થ વૃદ્ધિને પામતો જણાયો નથી (**मूलं नास्ति कुतःशाखाः** એ ન્યાયે.), તેમ આ વાસના જો અંશમાત્ર પણ હોય છે અને તેને હણવાને આલસ્ય કે પ્રમાદ રહે છે તો પછી તે ક્રમે કરીને વૃદ્ધિને પામે છે. તેથી વાસનાક્ષયમાટે સર્વ પ્રાપ્તવિવેક પુરુષોએ સદા સાવધાન રહેવું ઘટે છે. હે સુમતિમંત પુરુષો! શાસ્ત્ર, યુક્તિ, તથા અનુભવવડે જે પુરુષોએ આત્મતત્ત્વનો યથાર્થ દૃઢ નિશ્ચય કર્યો છે, તેમનામાં વાસના પ્રકટતી નથી, અને કદાચિત્ પૂર્વકાલની વાસના હોય તો તે દૃઢ નિશ્ચયથી છૂટી જાય છે.

વળી જે પુરુષ સર્વ ઉપાધિરહિત આત્મસ્વરૂપનું નિરંતર સ્મરણ કરે છે, તથા આ મિથ્યા અર્થાત્ સારરહિત પ્રપંચમાં રાગદ્વેષવડે બંધાવાથી કોઇ અવિનાશી ફલની પ્રાપ્તિ થનારી નથી એવા નિશ્ચયને જે મનમાં આરૂઢ રાખે છે, તેની વાસના વૃદ્ધિને પ્રાપ્ત થતી નથી. આ શરીર અને એમાં 'અહમ્' પ્રતીતિના વિષયરૂપ 'હું' તથા આ સંપૂર્ણ દૃશ્ય વિષયભોગ વસ્તુતઃ નથી પણ સર્વ સ્વરૂપ જ વ્યાપી રહ્યું છે એવો નિશ્ચય ક્રમથી જેના અંતઃકરણમાં બલવાન્ થઈ રહે છે, તેની સર્વ પ્રકારની પ્રવૃત્તિ ક્રમે કરીને ક્ષીણ થતાં આ વાસના ક્ષીણ થઈ જાય છે, પણ વધવા પામતી નથી.

'હું, તું, તે, આ' ઇત્યાદિ શબ્દની જેમાં પ્રવૃત્તિ થાય છે, એવી આ સંસારવિષયક ભેદભાવના જે શત્રુ, મિત્ર, તથા રાગદ્વેષને ઉપજાવનારી છે, તે ભેદભાવના જો શાંત થાય છે તો પછી વાસના વધતી નથી. તેમજ જ્યાંપર્યંત હેય અને ઉપાદેય બુદ્ધિ છે ત્યાંપર્યંત વાસનાની સ્થિતિ છે. તે શમવાથી પણ વાસના શમી જાય છે.

આ જગત્ જે અનેક વિચારથી કારાગૃહરૂપ નિશ્ચય થઇ ચુકયું છે તેમાંથી મુક્ત થવામાટે તો પૂર્વોક્ત ત્રણ વાસનાઓ જે શૃંખલારૂપ છે તેને અવશ્ય ત્રોડવી ઘટે છે. કારણ કે વાસનારૂપ બંધન ત્રુટયાવિના મુક્ત થવાતું નથી.

હે ભાઈઓ ! આ ચિત્ત જ્યારે અધિક અધિક પ્રેમથી પ્રત્યગાત્માપ્રતિ વળે છે અને પ્રત્યગાત્માનું અનુસંધાન જ કરતું રહે છે, ત્યારે એ ચિત્ત વિવિધ વાસનાથી ક્રમવડે મુક્ત થતું જાય છે, અને એ પ્રમાણે કરતાં જ્યારે એ વિવિધ મલિનવાસનાઓ નિઃશેષ નિર્મૂલ થાય છે, ત્યારે પ્રતિબંધકના અભાવથી સ્વરૂપનો અનુભવસાક્ષાત્કાર થાય છે. આ વૃત્તિઓ અથવા મન સ્વરૂપાનુસંધાનમાં તત્પરતાવડે જ પોતામાં રહેલી વાસનાનો ઉચ્છેદ કરી શકે છે. રાજસી તથા સાત્ત્વિકી વાસનાનો આશ્રય કરીને તામસી વાસનાનો જય કરવો. સાત્ત્વિકી વાસનાવડે રાજસી વાસનાનો જય કરવો અને શુદ્ધ સાત્ત્વિકીવડે સત્ત્વગુણની વાસનાનો જય કરવો; જેથી અંતમાં વાસનારહિત થવાથી સ્વરૂપાનંદમાં મગ્ન થવાય.

હે સુજ્ઞ પુરુષો ! જ્યાંપર્યંત આ શરીરમાં અહંભાવનાનો ક્ષણિક પણ ઉદય થાય અર્થાત્ જ્યાંપર્યંત એ અહંભાવનાનો નિઃશેષ લય ન થાય ત્યાંપર્યંત અધ્યાસની નિવૃત્તિઅર્થે નિરંતર ગુરુઉપદિષ્ટ માર્ગે સાવધાનપણે ઉજ્જવલ યત્નવડે અભ્યાસ કરતા રહેવું.

હે બુદ્ધિમંત પુરુષો ! પૂર્વોક્ત વાસનાક્ષયનિમિત્તે જે પ્રકારનો અભ્યાસ પૂર્વ મહાત્મા પુરુષોએ કર્યો છે તથા અન્ય સર્વ ઉત્તમ અધિકારીને કરવાયોગ્ય કહ્યો છે તે અભ્યાસનું સ્વરૂપ પણ સ્વલ્પમાં કહું છું.

વિઘ્નરૂપ અન્ય સર્વ વાસનાનો ક્ષય કરવાઅર્થે સાધક પુરુષોએ તે અભ્યાસ કે જેને ચિન્માત્રવાસના દૃઢ કરવાનો અભ્યાસ કહ્યો છે તે કરવો છે. આ ચિન્માત્રવાસનાનું મુખ્ય સ્વરૂપ પ્રથમ શ્રવણ કરો. આ નામરૂપાત્મક સર્વ જગત્ ચૈતન્યરૂપ સત્તાસ્ફૂર્તિવડે પ્રતીત થતું હોવાથી પોતે પોતાની સત્તાથી જ પ્રતીત થતી વસ્તુરૂપ નથી. અનુભવથી પણ પ્રતીત થાય છે કે આ જગત્ સ્વતઃસત્તાસ્ફુરણથી રહિત છે; અને જ્યારે આ નામરૂપાત્મક જગત્ સ્વતઃસત્તાસ્ફુરણથી રહિત છે ત્યારે અધિષ્ઠાન ચૈતન્યના સત્તાસ્ફુરણપૂર્વક જ આ જગત્‌નું સત્તાસ્ફુરણ હોય છે, એમાં સંદેહ નથી. આ પ્રકારના નિશ્ચયદ્વારા 'જગત્' શબ્દવડે ગ્રહણ કરાતા નામરૂપ અંશનું મિથ્યાપણું નિશ્ચય કરીને તે નામરૂપ બે અંશરૂપ જગત્‌ની ઉપેક્ષા કરીને સર્વમાં પૂર્ણ અસ્તિભાતિપ્રિયરૂપ અધિષ્ઠાન ચૈતન્ય હું છું એ પ્રકારની ભાવના નિરંતર કરવી. આ ભાવનાને જ ચિન્માત્રવાસના કહી છે. આ ચિન્માત્રવાસનાના બે ભેદ છે. એક તો કર્તાકર્મકરણ એ ત્રિપુટીના

સ્મરણપૂર્વક કેવલ ચિન્માત્રવાસના થાય છે, અને બીજી તો કર્તા-કર્મકરણરૂપ ત્રિપુટીના વિસ્મરણપૂર્વક કેવલ ચિન્માત્રવાસના થાય છે. આ સ્થલે 'આ સર્વ જગત્‌ને હું આ મનવડે ચિન્માત્રરૂપ જાણું છું' એવા નિશ્ચયથી જે અધિષ્ઠાન ચેતનની આત્મરૂપ ભાવના કરવી તે ભાવના તો ત્રિપુટીપૂર્વક ચિન્માત્રવાસના છે. એ ભાવનાની દૃઢતાને જ સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. કર્તાકર્મકરણ એ ત્રિપુટીના સ્મરણથી રહિત 'હું ચિન્માત્ર છું' એવા નિશ્ચયથી જે અધિષ્ઠાન ચેતનની આત્મરૂપે ભાવના કરવી તે કેવલ ચિન્માત્રવાસના છે. આ કેવલ ચિન્માત્રવાસનાના અભ્યાસવડે દૃઢ થતી ભાવનાદ્વારા જે અંતે સ્થિતિ થાય છે તેને જ અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. આ દ્વિવિધ ચિન્માત્રવાસનાનો દૃઢ અભ્યાસ કરવાથી પ્રથમ કહેલી સર્વ મલિન વાસના નિવૃત્ત થઈ જાય છે. હે સુજ્ઞ પુરૂષો ! આઆદિ અનેક પ્રકારના વાસનાક્ષયનિમિત્ત ઉપાયો છે, જેમાંના ઘણા મેં તમને પૂર્વે અનેકવાર કહ્યા છે. હવે આ વાસનાક્ષયમાં ઉપયોગી એવા મનોનાશના સ્વરૂપને સ્વલ્પમાં કહું છું તે લક્ષમાં રાખજો.

આ શરીરમાં અંતઃકરણની શાખારૂપ હોવાથી જે અંતઃકરણ પણ કહેવાય છે અને જેનો સંકલ્પવિકલ્પ ધર્મ કહ્યો છે તે મન છે. એ મન સાવયવ છે તથા કામક્રોધાદિ પરિણામવાળું છે. વળી એ મન સત્ત્વ, રજસ્‌, તમસ્‌ એ ત્રણ ગુણરૂપ છે, અને તેથી જ એ ત્રણ ગુણના યથાક્રમે ત્રણ વિકાર જે સુખ, દુઃખ, અને મોહ ગણાય છે તે આ મનમાં પ્રતીત થાય છે. આ પ્રકારે સત્ત્વાદિ ત્રણ ગુણરૂપ આ મન છતાં પણ જ્યારે સંસ્કારાદિ અનેક અવાંતર કારણોથી રજસ્તમસ્‌ની અધિકતાવાળું હોય છે ત્યારે તે અત્યંત સ્થૂલ થયું પ્રતીત થાય છે. એ સ્થૂલતાવડે એ મન સૂક્ષ્માત્સૂક્ષ્મ આત્મસ્વરૂપના સાક્ષાત્કારની યોગ્યતાવાળું રહેતું નથી. જેમ સુવર્ણની સૂક્ષ્મ રજને સોનીઓ સમાણીવડે જ લઈ શકે છે, સર્પ પકડવાના મોટા સાણસા-વડે લઈ શકતા નથી, તેમ અતિ સૂક્ષ્મ આત્માનો સાક્ષાત્કાર તે વિરજસ્તમઃ[1] સૂક્ષ્મ મનથી જ થઈ શકે છે, કાંઈ રજસ્તમસ્‌ની અધિકતાવાળા, કેવલ વિષયાભિમુખ રહેનાર હોવાથી વિષયાકારપરિ-ણામને પામેલા એવા સ્થૂલ મનથી થઈ શકતો નથી. આ પ્રકારે હોવાથી આત્મસાક્ષાત્કારની ઇચ્છાવાળા બુદ્ધિમન્ત પુરૂષોએ પોતાના મનની સૂક્ષ્મતા અવશ્ય કરવી ઘટે છે. રાજસતામસ વૃત્તિઓના નિરોધ-

૧ રજોગુણ તથા તમોગુણથી રહિત.

વિના તે મનની સૂક્ષ્મતા થતી નથી; જેથી તે રાજસતામસ વૃત્તિયુક્ત સ્થૂલ મનને તે વૃત્તિઓના નિરોધદ્વારા સૂક્ષ્મ કરવા અભ્યાસની આવશ્યકતા છે. અભ્યાસવડે આ મનની રજસ્તમસ્થી રહિતપણારૂપ જે સૂક્ષ્મતા થાય છે એને જ મનનો નાશ તમે આ સ્થલે સમજજો. વસ્તુતઃ મનોનાશ બે પ્રકારનો છે: ૧ સરૂપ નાશ, અને ૨ અરૂપ નાશ. આ સ્થલે આ મન સ્વરૂપથી વિદ્યમાન રહે અને અનેક યુક્તિ-ઉપાયવડે તે મનની વૃત્તિઓનો જે નાશ થાય તે સરૂપ નાશ છે; અને મનનો પુનઃઉત્થાનથી રહિત જે સ્વરૂપથી જ નાશ થાય છે તે અરૂપ નાશ છે. આ પ્રથમ કહેલો સરૂપ નાશ તો જીવનમુક્તિના સાધક હેતુરૂપ છે, અને બીજો અરૂપ નાશ તો વિદેહમુક્તિના સાધક હેતુરૂપ છે. જેથી તમારે તો જીવન્મુક્તિના વિલક્ષણ આનંદને અર્થે આ પ્રથમ કહેલા મનના સરૂપ નાશને જ સેવવા યત્ન રાખવો.

હે ભાઈઓ ! આ મન રજસ્તમસ્થી યુક્ત હોવાથી પ્રવૃત્તિ-માર્ગમાં જોડાઈને રાગદ્વારા જીવને જન્મમરણાદિથી પ્રતીત થતાં બંધનને પ્રાપ્ત કરે છે, અને એ મન જ રજસ્તમસ્થી રહિત થતાં નિવૃત્તિમાર્ગમાં જોડાતાં વૈરાગ્યવડે આ જીવને સર્વ બંધનથી મુક્ત કરે છે. રાગદ્વેષાદિ ક્લેશને ઉપજાવનાર કારણરૂપ હોવાથી આ મન જ અવિદ્યારૂપ છે અને એ અવિદ્યારૂપે મનનો નાશ થવાથી જ અવિદ્યા-વડે પ્રકટતા સર્વ ક્લેશનો નાશ થાય છે, અર્થાત્ મનના નાશથી જ કાર્યસહિત અવિદ્યાનો નાશ થાય છે.

આ મન જે પોતાથી પ્રકટતી વૃત્તિઓદ્વારા કર્મેન્દ્રિય તથા જ્ઞાને-ન્દ્રિયને વિષયોમાં વ્યાપારવાળી રાખે છે તે વિષયોનું તે વૃત્તિ તથા ઇન્દ્રિયરૂપ દ્વારથી ગ્રહણ કરે છે, અને તે વિષયોના સંબંધવાળું એ મન ઉત્તરોત્તર અનેક પ્રકારના વિકારવાળું થાય છે. કોઈ પણ પુરુષ સાવધાનપણે જ્યારે એ મનના નાશનિમિત્ત નિશ્ચય કરાયલા અનેક ઉપાયોમાંના યોગ્ય ઉપાયને અર્થાત્ પોતાના અધિકારને અનુકૂલ ઉપાયને સાધે છે ત્યારે જ એ મન નિર્દોષ થઈ શાંત થાય છે.

મનના નાશમાં વૃત્તિનિરોધની અપેક્ષા છે. તેથી વૃત્તિનિરોધના ઉપાયદ્વારા વૃત્તિસહ મનનો નાશ કરવો ઉચિત છે. આ વૃત્તિનિરોધના અનેક ઉપાય પૂર્વકાલથી નિશ્ચય કરાયા છે, જેથી મનનો સહજ જય કે નાશ થાય છે. એ અનેક ઉપાયમાંનો મુખ્ય ઉપાય એ જ છે કે સત્પુરુષનો સંગ કરવો. સત્પુરુષના સંગથી અન્ય સર્વ ઉપાયની

પ્રાપ્તિ થાય છે. સત્પુરૂષના વેષ માત્રને ધરનાર પુરુષ તે સત્પુરુષ નથી, પણ શાસ્ત્રે વર્ણેલા અનેક શુભ લક્ષણવાળા જે સત્પુરુષ હોય તે જ સંગ કરવાયોગ્ય કહ્યા છે. તેવા સત્પુરુષના સંગથી આપણો અધિકાર તથા અનુકૂલ ઉપાય પ્રાપ્ત કરાય છે અને તે દ્વારા મનોનાશ થાય છે.

ઘણા મદાંધ મનુષ્યો સત્પુરુષના સમીપ જઈ શકતા નથી. તેમણે તો પ્રથમ સુવિચારદ્વારા મદનો ત્યાગ કરવો ઉચિત છે. એ મદ વિશેષે કરીને આઠ પ્રકારનો હોય છેઃ—૧ કુલમદ, ૨ શીલમદ અથવા આચારમદ, ૩ ધનમદ, ૪ વિદ્યામદ, ૫ રૂપમદ, ૬ રાજ્યમદ ૭ યૌવનમદ, ૮ તપોમદ.

૧ અમારા સમાન કોઇ કુલીન નથી, અર્થાત્ સર્વ કુલવંત પુરુષોમાં અમારું કુલ જ શ્રેષ્ઠ છે એ પ્રકારનું જે કુલાભિમાન છે એ જ કુલમદ છે.

૨ આ સઘળા આચાર કે શીલને પાલન કરનાર મનુષ્યોમાં અમારો આચાર જ શ્રેષ્ઠ છે, અર્થાત્ જેવું શુદ્ધાચરણ અમે કરીએ છીએ એવું કોઇ કરતું નથી એવા વિચારથી જે પોતાને જ સર્વથી શ્રેષ્ઠ શુદ્ધાચરણરૂપ શીલવાળા ગણવા, એ આચારમદ અથવા શીલમદ કહેવાય છે.

૩ આ અનેક ધનવંત પુરૂષોમાં સર્વથી અધિક ધનવંત અમે જ છીએ, અર્થાત્ અમારાથી આ ધનવંત પુરુષોમાં કોઇ પણ શ્રેષ્ઠ ધનવાન્ નથી એવા નિશ્ચયથી જે પોતાને શ્રેષ્ઠ ધનવાન્ માનવાનું અભિમાન વધે છે, એ અભિમાન જ ધનમદ છે.

૪ આ સમગ્ર વિદ્વાનોમાં અમે શ્રેષ્ઠ વિદ્વાન્ છીએ, અન્ય કોઇ વિદ્વાન્ અમારાથી શ્રેષ્ઠ નથી, એવા નિશ્ચયથી બંધાએલું જે પોતાના શ્રેષ્ઠ વિદ્વાન્પણાનું અભિમાન છે તે વિદ્યામદ છે.

૫ આ સઘળાં મનુષ્યોમાં સર્વથી શ્રેષ્ઠ રૂપવાન્ અમે જ છીએ, અમારાથી શ્રેષ્ઠ રૂપવાન્ કોઇ નથી એવું જે રૂપવિષયક અભિમાન છે તે રૂપમદ છે.

૬ આ અમારૂં રાજ્ય સર્વથી શ્રેષ્ઠ છે, સારી પ્રજા, કલા, વિદ્યા, કોશ, ફલદ્રુપ પૃથ્વી, સેનાઆદિ અનેક નિમિત્તોથી સર્વ રાજ્ય-કરતાં અમારૂં રાજ્ય શ્રેષ્ઠ છે, અમારાથી શ્રેષ્ઠ અન્ય રાજ્ય નથી, એવું જે અભિમાન છે તે જ રાજ્યમદ છે.

૭ આ સઘળા યુવાવસ્થાયુક્ત મનુષ્યમાં અમારું યૌવન જ શ્રેષ્ઠ છે, અમારા સમાન વયનાં અન્ય સર્વ મનુષ્યોમાં કોઇનું પણ યૌવન બલાદિ નિમિત્તથી અમારા કરતાં શ્રેષ્ઠ નથી, એવું જે અભિમાન છે તેજ યૌવનમદ છે.

૮ સર્વ તપસ્વી પુરુષોમાં અમારું તપ શ્રેષ્ઠ છે, અમારા સમાન ઐશ્વર્ય આપનાર તપ કોઇનું નથી એવો જે પોતાના તપની અનેક નિમિત્તથી શ્રેષ્ઠતા જણાવનાર સાભિમાન નિશ્ચય એ જ તપોમદ છે.

આ અષ્ટવિધ મદ જો તે મદાંધના અંતઃકરણમાં નિશ્ચયરૂપે અથવા અભિમાનથી માત્ર કથન કરવા રૂપે રહે છે તો તો તે વિશેષતઃ તેને જ હાનિ કરે છે અને જો તે મદવડે અથવા મદના નિમિત્તિવડે અન્યને પીડા કરે છે, તો અન્યને પણ હાનિ કરનાર થાય છે. આ પ્રકારે સ્વપરને હાનિના કારણરૂપ મદ વિવેકવડે ત્યજવો ઉચિત છે.

આ સંસારમાં એકએકથી શ્રેષ્ઠ પદાર્થો હોય છે, તેથી કોઇએ પણ પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન ધરવું એ વ્યર્થ છે. એકએકથી અધિક ધનવાન્ અધિક વિદ્વાન્ તથા અધિક બલવાન્ હોય છે, એ સર્વથી શ્રેષ્ઠ ગણાતા જ નથી. સર્વ પ્રકારે સર્વથી શ્રેષ્ઠ તો એક સર્વજ્ઞ સર્વ શક્તિમાન્ ઈશ્વર જ છે, એવા નિશ્ચયથી સૌએ મદરહિત રહેવું યોગ્ય છે.

સદા એક સ્થિતિમાં નહિ રહેનાર સંસારમાં, વ્યષ્ટિશરીરધારી જીવોએ કોઇ પણ ક્ષુદ્ર ક્ષણિક નિમિત્તથી મદ ધરવો ઉચિત નથી. કારણ કે મદનાં કારણો એક કાલે વિદ્યમાન હોવા છતાં પણ અન્ય સમયે તે સર્વ અળપાઈ જાય છે.

આઆદિ અનેક સદ્વિચારથી જે પ્રાણીઓ મદને ત્યજી શકતા નથી, તે મદાંધ પ્રાણીઓ પોતાના હિતને સમજી શકતા નથી, અને તેથી તેવા મંદ સંસ્કારવાળા પ્રાણીઓ સત્પુરુષસમીપ જઈ શકતા નથી. એમ છતાં પણ ઘણાં મનુષ્યો પ્રયત્ન તથા સંસ્કારબલથી વિવેકવિચારવડે મદરહિત થાય છે, અને સત્પુરુષસમીપ પણ નિરભિમાનપણે જાય છે.

હે સજ્જનો ! તમે કે જેઓ યોગ્ય માર્ગે સાધનસંપત્તિ પ્રાપ્ત કરતાં મનોજયની યોગ્યતાઉપર આવ્યા છો, તેમણે તો તે પોતાનાં પ્રાપ્ત સાધનના અભ્યાસવડે મનોજયદ્વારા ઈપ્સિતાર્થને પ્રાપ્ત થતાં

અંતમાં કૃતકૃત્ય થવું. મારા સમીપ આવનારમાંથી જેમને મારાવડે સાધનાદિ જાણવામાં આવ્યું હોય અને તેમાં જેમને વિશ્વાસ દૃઢ થયો હોય તેમણે તો તે ક્રમઉપર માર્ગ કાપતા ચાલવું. જેમને સાધનાદિ જાણવાયોગ્ય મારાવડે જાણવામાં ન આવ્યું હોય, અને જાણવાની આતુરતા હોય તેમણે પ્રસંગવશાત્ પૂછી લેવું; અને જેમને જાણવામાં આવ્યા છતાં તેમાં વિશ્વાસ દૃઢ થતો ન હોય તેમણે તો મદના ત્યાગપૂર્વક અન્ય કોઇ પણ વિશ્વાસપાત્ર સત્પુરુષદ્વારા સાધનાદિને જાણવા યત્ન કરવો. કારણ કે **સત્પુરુષનો સંગ મનોજયમાં મુખ્ય ઉપાયરૂપ છે, અને સાધનાદિનું યોગ્ય જ્ઞાન તેમના દ્વારા જ પમાય છે.** ઘણા મનુષ્યો એમ સમજે છે કે સત્પુરુષો મુખથી બોલી બોધ આપ્યા કરે અથવા શાસ્ત્રગ્રંથોનું શ્રવણ કરાવ્યા કરે તો જ તેમના સમીપ જવાથી આપણું હિત થાય છે, પણ વસ્તુતઃ એમ જ નથી. કારણ કે **સત્પુરુષની પ્રત્યેક સ્થિતિ, અનુકૂલ મતિથી તેમના સમીપ રહેનારના હિતની સાધક છે. તેમનું સ્વાભાવિક બોલવું તથા વિવિધ સ્વાભાવિક ભાવમાં વર્તવું એ બોધરૂપ જ હોય છે.** આમ છતાં તે સત્પુરુષો સમયાનુસાર બોધ આપે જ છે, જેથી સત્પુરુષના સમીપ જવું સદા હિતકર જ છે. વળી જ્યાં સત્પુરુષનો નિવાસ છે તે સ્થાન પણ પવિત્ર ગણાય છે, તેમ જ તેમની સ્વભાવસિદ્ધ સત્તામર્યાદામાં રહેવાથી આપણા યત્નવિના પણ અનુકૂલ ફળ મળવાનો સંભવ હોય છે. જેથી સત્પુરુષના સમીપ સ્વલ્પ કાલ શ્રવણાદિ નિમિત્તવિના પણ નિવાસ નિરર્થક ગણાય એમ નથી.

સત્પુરુષના સંગથી કર્તવ્ય, પ્રાપ્તવ્ય કે જ્ઞાતવ્યસંબંધમાં યથાર્થ જ્ઞાન થાય છે, શાસ્ત્રના સિદ્ધાન્ત યથાવત્ સમજાય છે તથા તેવડે અંતમાં કૃતકૃત્યતા પ્રાપ્ત થાય છે. માટે ઉત્તમ સંસ્કારવાળા મતિમંત પુરુષોએ તો નિરભિમાનપણે સત્પુરુષોનો સંગ સેવવો, અને અન્ય જીવોએ પણ શુભ સંસ્કારની અભિવૃદ્ધિ અર્થે મહાપુરુષનો સંગ કરવા આગ્રહ રાખવો.

હે કલ્યાણને ઇચ્છનારાઓ! આ સંસારમાં કોઇ પણ દૃશ્ય કાર્યરૂપ પદાર્થનો નિત્ય સંબંધ રહેવો સંભવતો નથી, અને તેથી આપણાં આ માયાનાં કાર્યરૂપ શરીરોનો સંબંધ સદાકાલ ટકશે નહિ એ સિદ્ધ છે, તેમ છતાં એ સદા ટકશે અથવા અમુક કાલસુધી ટકશે એવી મિથ્યા આશાને વશ વર્તવું ઉચિત નથી. એક ક્ષણ પણ જેનો વિશ્વાસ નહિ કરી શકાય એવાં આ શરીરોનો વિશ્વાસ કરવો, એ તત્ત્વજ્ઞ

પુરુષોને યોગ્ય ભાસતું નથી, તોપણ વ્યવહારસંયુક્ત પ્રતીત થતા તેવા પુરુષો શરીરનો વિશ્વાસ કરતા હોય એમ અન્યને પ્રતીત થાય છે, તથાપિ તેઓ વસ્તુતઃ વિશ્વાસ કરતા હોતા નથી. કારણ કે તેઓ વ્યવહારની સિદ્ધિ કે અસિદ્ધિએ ઘટિત વા અઘટિત થયાના અનુમાનથી હર્ષશોકાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. વ્યવહારમાં વર્તતા પ્રાપ્તવિવેક પુરુષોને પ્રાપ્તવ્યવહારનિમિત્ત પ્રસંગે પ્રાણિપદાર્થોની સ્થિતિ-સંબંધમાં વિશ્વાસ કરતા હોય એવે પ્રકારે વર્તવું પડે છે, કારણ કે તેમ વર્ત્યાવિના અર્થાત્ સમયપૂર્વે આરંભ કર્યાવિના સમયે સમયે કરવાના વ્યવહારોમાં વિઘ્ન રહે છે.

આ કારણથી વ્યવહાર પૂરતો દશ્ય પદાર્થની સ્થિતિસંબંધમાં વિશ્વાસ કરવો, પણ અંતઃકરણપૂર્વક વિશ્વાસ કરવો ઘટતો નથી, કારણ કે પ્રાણિપદાર્થોની સ્થિતિ તેમને કે ઇચ્છા કરનાર પુરુષને અધીન નથી.

હું ઘણા કાલથી આશ્રમના અવધિની વાટ જોતો શરીરની સ્થિતિમાં જાણે વિશ્વાસ કરીને નિવૃત્તિમાં જવાની વૃત્તિને આ ક્ષણ-પર્યંત વેગ આપતો નથી, પણ હવે આ મારી પ્રવૃત્તિ પણ જાણે પોતાના અંત ઉપર આવી હોય એમ સૂચવે છે. ખરું જોતાં ઉપાધિ-રૂપ પ્રારબ્ધ નિવૃત્તિમાં જનાર પુરુષોને પ્રતિબંધ કરે છે, અને તે પુરુષો પણ વસ્તુવિવેકવાળા હોવાથી તથા સૃષ્ટિક્રમને જાણનાર હોવાથી તે પ્રતિબંધક પ્રારબ્ધનો અભિભવ કરવા યત્ન કરતા નથી પણ તેનો ભોગથી જ અંત આણે છે; તેમ મારે પણ તે પ્રારબ્ધનો ભોગથી અંત આણવાનો હોય તો તેના વિરોધી થવાનું નથી. પણ તાત્કાલિક વૃત્તિનું બલ જોતાં પ્રતિબંધકનું બલ સ્વલ્પ પ્રતીત થાય છે. આઆદિ અનેક કારણોથી વિચાર કરતાં પણ તમારો મારો શરીરદ્વારા સંબંધ નિત્ય નથી, માટે તમે આ શરીરસંબંધમાં આસક્તિ ત્યજીને સ્વરૂપ-સંબંધ જે નિત્ય છે તેમાં નિષ્ઠા સ્થાપજો, અને સદા કરવાયોગ્ય ક્રિયા-વિચાર કરીને આપ્તકામ થતાં કૃતકૃત્ય થઈ સુખમય રહેજો.

તમારામાંના જેમને મહાત્માના સમાગમની આવશ્યકતા હોય તેમણે વેષધારીને નહિ, પણ યથાર્થ મહાત્માને શોધી તેમને શરણ થવું, અને તેવા મહાત્માનો લાભ ન થવા પર્યંત ઇષ્ટસ્મરણાદિવડે અધિકારમાં વધવું.

હે સજ્જનો ! આટલું કહેવાથી એમ ગ્રહણ કરવાનું નથી કે હવે અન્ય ક્ષણમાં આપણો સંયોગસંબંધ નિવૃત્ત થશે. મારાં એ વચનોનો ભાવ માત્ર એટલો જ છે કે **અનિત્ય શરીરાદિપ્રતિનો પ્રેમ દુઃખો-**

ત્પાદક હોવાથી નિત્યસુખનો વિરોધી છે, માટે ક્રમે કરીને ત્યજવાયોગ્ય છે.

આ પ્રકારનાં અનેક વચનો શ્રવણ કરીને પ્રેમમાં વિલીન ચિત્તવાળા તે ઉત્તમ અધિકારીઓ સાવધાન થઈને પોતાના અગ્રણીદ્વારા આ પ્રકારનાં વચનો મને શ્રવણ કરાવવા લાગ્યા.

હે ભગવન્! આપના અજરામરત્વને પ્રાપ્ત કરનાર સુબોધવડે અમે કે જે સ્વરૂપથી અજરામર છીએ અને તે અજરામરત્વનું વિસ્મરણ કરી રહ્યા હતા તેમને પુનઃ તે સ્વરૂપની પ્રતીતિરૂપ પ્રાપ્તિ થઈ છે અને તેથી એક પક્ષથી તો અમે આપના અનુગ્રહવડે આ ક્ષણથી જ કૃતકૃત્ય થયા છીએ. તથાપિ આ વિચિત્ર મહામાયાનો પ્રભાવ વિલક્ષણ બલવાળો હોવાથી આપે કરેલી આજ્ઞાનુસાર મનોનાશ, વાસનાક્ષય તથા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સેવવા નિશ્ચયવાળા થઈ રહીએ છીએ. હે પરમાત્મન્! આપ કે જે અંતરમાં અંતર્યામિરૂપે અને બહિર્ આચાર્યરૂપે રહીને અમારા અંતરના તથા બહિરના તાપોને શમાવો છો, તથા સદા અનુપમ શાન્તિતૃપ્તિને આપો છો, એ આપનો અમારા પ્રતિનો અમારાથી અનેક પ્રયત્ને પણ ન વાળી શકાય એવો ઉપકાર છે.

અમારા અંતઃકરણના દોષોને તથા તેના કારણરૂપ સંસ્કારવાસનાઆદિને અને તે દોષ તથા કારણવડે દૃઢ બંધાયલી હૃદયગ્રંથિને આપ આપના બોધરૂપ કુઠારવડે છેદો છો એ આપનો અમારા ઉપર મોટો અનુગ્રહ છે.

હે ઈશ! આપના અનંત ઉપકારને જાણનાર છતાં પણ અલ્પ બલવાળા અમે તેનો કોઇ ઉપાયવડે બદલો વાળી શકવાના નથી, તો પણ આપને જ અમારૂં સર્વસ્વ માનનારા અમે એથી અસંતોષને પ્રાપ્ત થતા નથી.

આ ક્ષણપર્યંત અમે કે જેમણે આપના માહાત્મ્યને જાણીને વા ન જાણીને સેવાપરાયણ મતિ રાખી છે, તથા પ્રેમથી વા પ્રેમવિના પણ જેમણે પ્રણામો કર્યા છે, તેમને તો આ ભવભ્રમણચક્ર છૂટવામાં કોઇ પ્રકારે સંદેહ કરવાસરખું નથી, એવો અમારી મતિનો અચલ ભાવ છે. ત્યાં જેઓ ભાનપૂર્વક આપના અભિમુખ થયા છે તેઓને તો આ કાલે જ દુઃખનો અત્યન્તાભાવ થવો છે; અને જેઓ અભાનપૂર્વક અભિમુખ થયા છે તેમને તો શુભવાસનાના ઉદયદ્વારા સ્વલ્પ કાલમાં દુઃખનો અત્યાન્તાભાવ થવો છે, જેથી આપના અભિમુખ

થયેલ કોઇને જ દુઃખની નિવૃત્તિમાં સંદેહ નથી. આમ છતાં પણ જેમનાં અંતઃકરણ સંશયવિપર્યયાદિવાળાં છે તેમને આપે આ સમયે ઘટિત ઉપદેશ કર્યો છે, જેથી હવે સમીપસ્થમાંથી કોઇને પણ આપે કૃપાનું પાત્ર ગણ્યું નથી એમ નથી.

હે વિશ્વેશ ! આપે સ્વભાવથી જ પ્રકટીને અમસરખા અસંખ્ય જીવોનો ઉદ્ધાર કર્યો છે અને આપની સદાકાલ માટે સ્થપાયેલી આ સત્તાવડે અતઃપર પણ અસંખ્ય જીવોનો ઉદ્ધાર થશે.

અન્ય અનેક અધમ જીવોનાં કુવચનોરૂપી કીડાઓ અમારી શુદ્ધ નિષ્ઠારૂપ વેલીને ખાઈ જવાના સંધિમાં હતા, એટલામાં આ પ્રબલ ધારાવડે વર્ષતો મેઘરૂપ બોધ વર્ષ્યો છે અને તેથી તે દુર્જનોનાં વચનોરૂપ કીડાઓનો ક્ષય થયો છે અને અમારી શુદ્ધ નિષ્ઠારૂપ લતાઓ પ્રફુલ્લ થઈ રહી છે.

આઆદિ અનેક સ્તુતિવચનોને વદવાના ઉત્સાહવાળા તે સર્વ અધિકારીઓને પ્રેમ સૂચવતાં તે વ્યાપારથી તે સમયે નિવૃત્ત કરીને પછી મેં આ પ્રકારનાં સામાન્ય વચનો સર્વપ્રતિ કહ્યાં.

હે સુજ્ઞ પુરુષો ! આ લોકમાં અન્યવડે કરાયલી સ્તુતિથી આનંદ માનવો તથા અન્યવડે કરાયલી નિંદાથી દુઃખ માનવું એ જીવનો ધર્મ ગણાય છે, અને સ્તુતિનિંદાવડે જેમને સુખદુઃખનું ભાન થતું નથી તેઓને મુક્ત મહાત્મા ગણ્યા છે. સારૂં કામ કરનારની કે સદ્વસ્તુની સર્વ શુભ વાસનાવાળા સ્તુતિ કરે છે અને તેમની જ અશુભ વાસનાવાળા નિંદા કરે છે, તેમ જ નિંદ્ય વ્યવહાર સેવનારની તથા તેવાં નિંદ્ય કાર્યોની દુર્જનો સ્તુતિ કરે છે અને સજ્જનો નિંદા કરે છે. એવી સ્તુતિનિંદાના કરનાર પ્રતિ જે રાગદ્વેષ સ્ફુરે છે એ જીવનો સ્વભાવ ગણાય છે, અને જેમને તેવાઓપ્રતિ પ્રીતિ કે વૈર ઉત્પન્ન થતું નથી તેમને મુક્ત ગણ્યા છે.

જેમ દૂધની ઇચ્છાવાળાએ વન્ધ્યા ગાયને, પુત્રની ઇચ્છાવાળાએ કામવાસનાવિનાની અથવા ગર્ભ ધારણ કરવાના સંસ્કારથી રહિત સ્ત્રીને, તથા આલોકપરલોકમાં પુત્રદ્વારા સુખની પ્રાપ્તિની ઇચ્છાવાળાએ આ લોકમાં ઉજ્જ્વલ કીર્તિવડે તથા ધનવડે ન સંતોષ પમાડનાર તેમ જ પિતરોને પ્રસન્ન કરનાર પિતૃનિમિત્ત કરાતાં કર્મોમાં નિષ્ઠાવિનાના કુપુત્રને સેવવા કે પ્રીતિથી પાલન કરવાયોગ્ય ગણ્યા નથી, તથા જે ધન સુપાત્રને દાન આપવામાં કે સારા

ઉપયોગમાં ન આવતાં પાપરૂપ ક્રિયાદ્વારા પાપરૂપ દુઃખના કારણને જ ઉપજાવનાર છે તે ધનને સંભાળવું ઉચિત ગણ્યું નથી, તેમ જે વાણીવડે કે લેખવડે પરમાત્મામાં કે ઇશ્વરમાં દૃઢ નિષ્ઠા બંધાતી નથી, તેવી વાણીને કે લેખને સાંભળવા કે જોવા યોગ્ય ગણ્યાં નથી, તથા તેવા દુષ્ટ વક્તાનો કે લેખકનો સંગ મોક્ષની કે શુભની ઇચ્છાવાળાએ સેવવાયોગ્ય જાણ્યો નથી, અને જેમ ઉપર કહેલા ઈપ્સિતાર્થને ન પ્રાપ્ત કરનાર ગો, સ્ત્રી, પુત્ર, ધનાદિનું સેવન દુઃખ આપનાર પરિશ્રમમાત્ર જ છે તેમ જે વેદાદિ વિદ્યાવડે પંડિતાઇને પ્રાપ્ત થયેલ મનુષ્યને જો તે વેદશાસ્ત્રપ્રતિપાદિત સાધનોમાં નિષ્ઠા ન બંધાય અને પરમાત્માપ્રતિ વૃત્તિનું અનુસંધાન સાધનોમાં અનુષ્ઠાનવડે ન થાય તો તેની પંડિતાઈ મિથ્યા શ્રમરૂપ ગણાય છે, માટે હે સાધકો! **અત્યંત વિદ્વાન્ જ માત્ર થવાની આશા ન બાંધતાં શુભલક્ષણવાળા થવાને પ્રયત્નવાળા થવું.** ત્યાં કોઇપણ પ્રાણીને દુઃખ થતું હોય અને તે ટાળવાને આપણે સશક્તિ હોઈએ તો તે પીડા જોઈ જાણીને સહન ન કરતાં તેને હરવા યોગ્ય ઉદ્યોગ કરવો. વાણીમાં તથા ક્રિયામાત્રમાં સત્યબલને પ્રધાનપણે ધારણ કરી રાખવું. અપરાધ કરનારપ્રતિ ક્ષમા રાખવી. કોઇની ઉત્કૃષ્ટતા જોઈને ન બળવું તથા તેની ઉત્કૃષ્ટતાને સહન કરીને તેને દુષ્ટ ઉપાયોથી તોડવા મિથ્યા યત્ન ન કરવો. આ જગત્માં વિવિધ પ્રકારના સંબંધથી જેમણે આપણા ઉપર ઉપકાર કર્યા હોય તેમના પ્રતિ તથા જેમણે અપકાર કર્યા હોય તેમના પ્રતિ ઉપકાર કરવાની સદા વૃત્તિ સેવવી. સુખના તથા દુઃખના સમયમાં સમબુદ્ધિવડે અવિકલપણું સેવવું. ઇન્દ્રિયોને અધીન ન વર્તતાં તેમને આપણે વશ વર્તાવવા સાવધાન રહેવું. પ્રિય તથા અપ્રિય વિષયોના દર્શન સમયે કે તેમની પ્રાપ્તિના સમયે ક્ષોભરહિત અંતઃકરણવાળા રહેવાનો અભ્યાસ રાખવો. જેવડે ઈશ્વર તથા સત્પુરૂષોનો અનુગ્રહ થાય એવું સદાચરણ સેવવું. પોતાના જ સુખની સ્પૃહા રાખીને અન્યના પદાર્થોને સદા ગ્રહણ કરી સુખ કે મોટાઈ ન માનવાપણું; કેવલ આ લોકમાં જ પોતાને સુખ આપનારી ક્રિયાઓને કરવી અને અન્ય ક્રિયાઓને ન કરવી એવા અનર્થકર નિશ્ચય ન કરવાપણું; પોતે અનેક પ્રકારના વિચારથી, યુક્તિથી કે અનુભવથી અથવા શાસ્ત્રની સંમતિથી કરેલા સ્વધર્મસંબંધી જે નિશ્ચયો તે નિશ્ચયોથી અનેક દુર્જનોવડે ભ્રષ્ટ કરવાને પ્રયત્નો કરાયા છતાં પણ ભ્રષ્ટ ન થવાપણારૂપ સ્થિરતાને સેવવાપણું;

ગુરુઈશ્વરને આશ્રય લેવાની શુભેચ્છા રાખવી, પ્રત્યેક વ્યવહારમાં અતિ ઉતાવળા ન થવાપણું; પોતે કે અન્ય કોઇ હાનિને ન પ્રાપ્ત થાય એવું સર્વ વ્યવહારમાં સાવધાનપણું; પોતે જે ક્રિયા કરે તેથી અન્યને હાનિને સંભવ જાણી તે ગુપ્તપણે કરી લેવાઆદિ અન્યાયથી વર્તવારૂપ વિકારથી રહિત રહેવાપણું; નિરંતર ગુણદોષના વિચારવડે ગુણની ઉત્કૃષ્ટતા નિશ્ચય કરવી તથા તે તે ગુણોની પ્રાપ્તિના ઉપાયને સાધવાપણું; અનેક વિચારવડે દુઃખને તથા દુઃખનાં કારણોને પોતાથી પૃથક્ જાણવામાં કુશલતા, પોતાની પ્રતિષ્ઠા સર્વ કરે એવી ઇચ્છાથી રહિત અર્થાત્ માન મેળવવાની ઇચ્છાથી રહિત રહેવાપણું; તથા અન્યને માન આપવામાં પ્રીતિવાળા રહેવું, પોતાને પ્રાપ્ત વિદ્યા તથા સદ્વિદ્યા અન્યને આપવામાં ઉદારતા, એઆદિ અનેક શુભગુણરૂપ લક્ષણો છે તેને પ્રાપ્ત કરવાં, એ જ આ સંસારમાં જીવનું મુખ્ય કર્તવ્ય છે.

હે સુજ્ઞ બંધુઓ! અનેક યત્નવડે પણ આ સંસારમાં જન્મ ધારણ કરેલા મનુષ્યે દુઃખની આત્યંતિકી નિવૃત્તિ સાધવી છે અને સુખાનુભવપૂર્વક શમવું છે; માટે શરીરની સ્થિતિના વિશ્વાસથી કરવા-યોગ્ય આગળ કરીશું, એવા વ્યર્થ નિશ્ચય ત્યજીને જ્યારથી કરવાયોગ્ય જાણવામાં આવે ત્યારથી તેને યથાશક્તિ કરવા આરંભવું. કદાચિત્ વ્યવહારધર્મના અધિક ભાર વહન કરવાના સમયે કરવાયોગ્ય ન્યૂનતાથી થાય તો તેથી દુઃખી ન થવું તથા "અરેરે! અમુક કરવા યોગ્ય મારાથી અધિક અંશે થતું નથી" એવા ઉદ્ગારોથી અંતઃકરણને ખેદયુક્ત રહેતું અનુભવવું નહિ.

અંતપર્યંતમાં કરવા યોગ્ય નિશ્ચયોનાં સ્વરૂપને ક્રમવડે **શ્રીસદ્-**ગુરુદ્વારા યથાવત્ જાણી લેવાં અને પછી સંદેહરહિતપણે સમય પરત્વે યથાશક્તિ તે નિશ્ચયોને દૃઢતાથી ધારણ કરવા.

આઆદિ અનેક સામાન્ય વચનોવડે તે સર્વને સંતોષ આપીને તે સમયે તે પ્રસંગનો અંત આણ્યો. સર્વ પોતપોતાના સ્થલે ગયા. પશ્ચાત્ પ્રતિદિવસે વિવિધ પ્રસંગોથી સર્વ અધિકારીઓ પોતપોતાને જાણવા યોગ્ય વાર્તા મને પૂછી લેતા. એપ્રમાણે વળી ઘણા દિવસો વ્યતીત થયા.

હે પંચવરદ મહાત્મન્! આ વિશ્વમાં પ્રતીત થતી કાલગતિથી દૃશ્ય પદાર્થમાત્ર ગતિમા પ્રતીત થાયન્ છે. જે સ્વરૂપથી કોઇ પદાર્થ-

રૂપ નથી એવા આ શરીરાદિ સંયોગી પદાર્થો ક્રમથી રૂક્ષ થઈ જાય છે, અને અંતે તેમના પૃથક્ પૃથક્ જાતિના અણુઓ પોતપોતાના સજાતીય સમૂહમાં નિવાસ કરે છે; અને સમય પ્રાપ્ત થતાં વળી તે જ અણુઓ અન્ય વિવિધ જાતિનાં શરીરોના કારણરૂપ થાય છે તથા તે શરીરરૂપે પણ—સંયોગ પામવાથી—થઈ રહે છે. જેમ એ અણુઓ સંયોગ પામી પૃથક્ થાય છે, તેમ તે અણુઓથી રચાયેલાં આ શરીરો પણ અનેક પ્રકારથી અન્ય શરીરો સાથે સંબંધવાળાં થાય છે, અને સંબંધ કરાવનાર હેતુઓનો અભાવ થવાથી તે શરીરોનો સંબંધ પણ છૂટી જાય છે. જે શરીરોને તેના નિકટના સંબંધીઓ પ્રાણની પેઠે રક્ષે છે અને જેના વિયોગને તેઓ ક્ષણમાત્ર પણ ઇચ્છતા નથી તે જ શરીરોને તે સંબંધ કરાવનાર હેતુઓના અભાવે પ્રસંગે સામાન્ય પ્રીતિના વિષયરૂપે પણ ગણતા નથી અને ત્યજે છે. અજ્ઞાનવશ શરીરિમાત્ર પરતંત્ર હોવાથી ઇચ્છાપર્યંત સંબંધને નિભાવી શકતા નથી, અને ઇચ્છાના અભાવે સ્વસત્તાથી તે સંબંધને ત્રોડી શકતા નથી, તોપણ પ્રસંગે મિથ્યાભિમાનથી સંબંધ થવામાં, ટકવામાં તથા છૂટવામાં પોતાની ઇચ્છાને કારણરૂપે માને છે. વસ્તુતઃ તો યોગમાત્ર પોતાના કારણને અધીન વર્તે છે, અને તેથી જ અતિપ્રિય પદાર્થોને કે પ્રાણીને તેમના સંબંધીઓ પોતાની ઇચ્છાના અવધિપર્યંત રક્ષી શકતા નથી, તેમ જ અત્યંત અપ્રિય પદાર્થને કે પ્રાણીને ત્યજવાની ઇચ્છા છતાં પણ તત્ક્ષણ તે સંબંધીઓ ત્યજી શકતા નથી.

આ પ્રકારના સ્વભાવ, વાસના તથા સંસ્કારાદિ હેતુઓવડે વિદ્યમાન પ્રાણિપદાર્થરૂપ આ સંસાર પરવશ વહ્યા કરે છે, જેથી એને સ્વરૂપથી જાણનાર મહાત્મા પુરુષો આસક્તિના વિષયરૂપ કે સુખના કારણરૂપ ગણી સેવતા નથી.

આમ છતાં પણ કોઇ કોઇ વિરક્ત મહાત્મા જનસંસર્ગવાળા પ્રતીત થાય છે, તેઓના ત્યાગના તે પ્રતિબંધક હેતુઓ નિઃશેષ નિવૃત્ત થયા નથી એમ જાણવું. ઘણા વેષધારી ત્યાગી તો ઇચ્છાના અભાવવાળા કે વિષયમાં સુખબુદ્ધિના અભાવવાળા હોતા નથી, તેથી તેમની તો વિરક્ત મહાત્મામાં કે સર્વોત્તમ ગૃહસ્થ મહાત્મામાં ગણના કરી શકાતી નથી; માત્ર ખલપુરૂષોમાં જ તેમની ગણના કરવી ઘટે છે. કારણ કે સ્વધર્મના પાલનરૂપ સદાચારથી રહિત તે વેષધારીઓ ધર્મભ્રષ્ટ હોવાથી પતિત ગણાય છે.

આ વાર્તાને હું, તે પૂર્વે વિવિધ પ્રકારે ધર્મસંબંધમાં કરેલા વિચારોથી તથા નિશ્ચયોથી જાણનારો હતો, તેથી મેં સમય આવ્યા પૂર્વે વ્યર્થ ત્યાગાશ્રમને સેવવાની વૃત્તિને વેગ આપ્યો ન હતો.

જેમ ગૃહસ્થાશ્રમમાં મને આસક્તિ ન હતી તેમ જ ત્યાગાશ્રમ ધરવાની પણ આસક્તિ મને પ્રતીત થતી ન હતી. તેથી સાક્ષીની પેઠે આવનાર સમયના સ્વરૂપને અનુભવતો એવો હું, યથાનિયમે કાલને વ્યતીત થતો અનુભવવાના સાધનોદ્વારા કાલનીવસ્તુતઃગતિ નહિ છતાં પણ તેને ક્ષણાદિ અંશવડે ગત થતો અનુભવતો હતો.

સમીપ આવનાર ઉત્તમાદિ અધિકારીઓ પણ મારો સમાગમ અધિક કાલ રહેશે કે નહિ એવી શંકાવડે પોતપોતાના અંતઃકરણમાં પ્રાપ્ત સંપત્તિના પ્રમાણમાં આગ્રહથી સમાગમ કરવા લાગ્યા, તથા અધિક પ્રીતિવડે પ્રાપ્ત શંકાઓથી નિવૃત્ત થવા લાગ્યા.

આપ્રમાણે વળી થોડા માસ વ્યતીત થતાં દૈવયોગથી શરીરોત્પાદક સંસ્કારના અભાવના યોગે અકસ્માત્ ઇષ્ટનું સ્મરણ કરતાં ગૃહિણીએ પોતાના શરીરનો અહંકારના સાક્ષીમાં લયપૂર્વક ત્યાગ કર્યો. આમ થવાથી મારે ગૃહસ્થાશ્રમની સમાપ્તિ થઇ.

પછી સર્વ વ્યવહારમાં કુશલ એવા પુત્રોને વ્યવહારભાર અર્પી મેં એકાંતસેવનમાં નિરુપાધિપ્રારબ્ધભોગનો નિશ્ચય કર્યો.

આ નિશ્ચયને જાણવાથી સમીપ આવતા વિવેકી પુરુષોનાં અંતરમાં સ્વાભાવિક શોક પ્રાપ્ત થયો, અને તેથી એક સમયે તેવા સર્વ, ચિંતાગ્રસ્તસરખા પ્રતીત થતા મારા સમીપ આવી વિધિવત્ નમન કરીને બેઠા અને પ્રમુખ પુરુષદ્વારા આ પ્રમાણે નિવેદન કરવા લાગ્યા.

'હે ભગવન્! આ લોકમાં તથા પરલોકમાં પ્રાપ્ત થતાં દુઃખથી મુક્ત કરનાર આપ જ અમારે તો માતાપિતા તથા તારક ઈશ્વરરૂપ છો. હે દેવ! આપની અમૃતમયી કૃપાદૃષ્ટિ જ અમારા અંતઃકરણના જયદ્વારા અમને આજરામરત્વને પ્રાપ્ત કરનાર છે. હે પરમાત્મન્! આ વિશ્વપ્રપંચમાં જીવોને શાંતિતૃપ્તિનો અનુભવ કરવાઅર્થે સ્થાનરૂપ આપ જ છો. અધિકારીઓને આપ જ પંચક્લેશની નિવૃત્તિપૂર્વક પરમાનંદનો અનુભવ કરાવનાર પરમપુરુષ છો, તથા અનધિકારી જીવોને અધિકારમાં સ્થાપનાર અમોઘ ઐશ્વર્યવાળા **શ્રીસદ્‌ગુરુ** પણ આપ જ છો. આ જીવોને જેમ પરમાત્માપ્રતિ આરોપાયલા નામરૂપ શબ્દોનું સ્મરણ પાપરહિત કરે છે તેમ આપના પ્રતિ આરોપાયલા નામરૂપશબ્દોનું સ્મરણ પણ અમોઆદિ જીવોનાં પાપને ક્ષય કરનાર છે.

હે ત્રાતા! પ્રેમવડે કરાતું આપનું સ્મરણમાત્ર પણ અમને નિર્દોષ કરવા સમર્થ છે તો આપનાં દર્શન અમને શું શું ઉત્તમ ફલ આપે છે એ અમે કળી શકતા નથી. એવાં અમર્યાદ ફલદ આ આપનાં દર્શન અમને જ્યાંસુધી આપમાં અભેદભાવે સ્થિત થઈએ ત્યાં સુધી નિરંતર થાય એ જ અમારી ઈચ્છા છે.

હે સર્વૈશ્વર્યસંપન્ન! જેમ આપના શરણને પ્રાપ્ત થયેલા અમે આ દુસ્તર સંસારને સ્વલ્પ આયાસે તર્યા છીએ તેમ આપથી અભિન્ન એવા આપના ઓજસને પ્રાપ્ત આપની આ સત્પ્રજાના શરણને પ્રાપ્ત રહી અમારી ઉત્તરોત્તર થતી પ્રજા પણ આપના તથા આપની પ્રજારૂપ આપનાં અનેક સ્વરૂપના ગુણાનુવાદ ગાતાં ગાતાં અલ્પ આયાસથી આ ભવસાગરને તરે એ જ અમારી દૃઢ કામના છે.

હે દાતા! આ સંસારમાં જે અન્ય અનેક પ્રકારનાં દાન આપનાર દાતાઓ છે, તેમનાથી જે દાન આપી શકાતું નથી તે દાન આપીને આપે અમને આપ્તકામ કર્યા છે; તેમ જ આપની લીલારૂપ પરંપરાવડે અમારી પરંપરાને આપ્તકામપણું પ્રાપ્ત થતું રહે એ જ અમારે, જો ઇચ્છા કરવારૂપ રહ્યું છે એમ ગણીએ તો, છે.

હે દયાના સમુદ્ર! આપ જેમ દયાવડે અમને આજપર્યંત જાગ્રત્સ્વપ્નમાં પ્રત્યક્ષ થયા છો તેમ જ અમારા શરીરોની સ્થિતિપર્યંત આપ અમને દયાપાત્ર ગણશો, એ અમારી પ્રર્થના છે.

આ અમેઆદિ આપના શરણાગત જનોમાંથી જેમનાં અંતઃકરણમાં દોષવશાત્ અસંતોષ અવશેષ રહ્યો હોય તેમનાં અંતઃકરણમાં આપની કૃપાના પ્રભાવે સંતોષ પ્રસરે, તથા જે જીવો પોતાના દુર્ભાગ્યથી આપના શરણને પ્રાપ્ત થઈ શક્યા નથી તેવા સુભાગ્યહીન જીવોના અંતઃકરણમાં પણ સત્સંસ્કારનો આવિર્ભાવ થાય એ અમારી અભિલાષા છે.

હે શરણાગતવત્સલ પ્રભો! આપના શરણને પ્રાપ્ત મનુષ્યોમાંથી જેમને પ્રયત્નમાં પ્રમાદ રહ્યો છે, એવાઓને પણ આપના અનુપમ શરણના પ્રભાવથી દોષની નિવૃત્તિપૂર્વક ઉદ્ધાર થાય એવી અમારી પ્રાર્થના છે. આપના ન કળી શકાય એવા મહિમાને યથાવત્ ન જાણનાર અમે આ પ્રકારની યાચના સર્વના મનના સમાધાનાર્થે કરીએ છીએ, નહિ તો આપ સર્વજ્ઞ વિભુની સત્તા સર્વત્ર ઘટિત જ કરે છે અને કરશે એ અમારો નિશ્ચય છે.

હે પંચવરદ મહાત્મન્! આઆદિ અનેક પ્રકારનાં વચનો

બોલતા તે અધિકારીને શાંત રાખીને સર્વના સમાધાનાર્થે મેં આ પ્રકારનાં વચનો કહ્યાં:-

હે સજ્જન સખાઓ! તમારી સર્વ પ્રકારની શેષ કામનાઓને પૂર્ણ કરનાર સર્વાંતર્યામી વિશ્વવ્યવસ્થાપક ઈશ્વર સર્વને સદા સમીપ વિદ્યમાન છે, તેથી નિઃશંક તથા નિર્ભય રહેવું, અને પોતપોતાના કર્તવ્યને યથામતિ યથાશક્તિ કરતા રહેવું.

આ સંસારમાં મહાત્મા પુરુષ સાથે વિશેષે કરીને ત્રણ પ્રકારના સંબંધમાં રહેનારરૂપે સર્વ મનુષ્યોનો સમાવેશ થાય છેઃ ૧ શિષ્યરૂપે, ૨ ભક્તરૂપે કે ૩ તટસ્થરૂપે.

ત્યાં જે પુરૂષ તત્ત્વજ્ઞ મહાત્માદ્વારા મુખ્ય કર્તવ્યના સ્વરૂપનો નિશ્ચય કરીને તેમના ઉપદેશદ્વારા કૃતકૃત્યતા પ્રાપ્ત થવા પર્યંત પ્રયત્નશીલ હોય છે તે તો શિષ્ય છે.

નાના પ્રકારની કામનાઓને વશ વર્તતાં તેમાંની કોઇ એક અથવા સર્વ કામનાની સિદ્ધિઅર્થે જે મનુષ્યો મહાત્માની સેવા વા પૂજનઅર્ચનાદિ પ્રીતિવડે કરે છે તે ભક્ત છે.

આવા બે ભેદથી ભિન્ન જે મનુષ્યો છે તે તટસ્થ ગણાય છે.

આ શિષ્ય તથા ભક્તમાં ગણાતા મનુષ્યોના તેમને પ્રાપ્ત સંસ્કાર તથા અધિકારબલના ન્યૂનાધિકપણાથી ઘણા ભેદ હોવા સંભવે છે. તોપણ તે પ્રત્યેકમાં મુખ્ય બે ભેદ ગણાય છેઃ ૧ દૃઢ ચિત્તવડે દૃઢ નિશ્ચયવાળા, અને ૨ અદૃઢ ચિત્તવડે અદૃઢ નિશ્ચયવાળા.

આ પ્રકારે જેમ શિષ્ય તથા ભક્તના દૃઢ અદૃઢ ચિત્તનિશ્ચયના ભેદથી બે બે પ્રકાર છે તેમ જ ત્રીજા તટસ્થમાં પણ બે ભેદના મનુષ્યો છે. એક તો સત્સંસ્કાર પ્રધાન હોવાથી સન્માર્ગવર્તી અને બીજા અસત્સંસ્કાર પ્રધાન હોવાથી અસન્માર્ગવર્તી.

આ વિધિથી સર્વ મનુષ્યો મહાત્મા પુરુષસાથે સંબંધવાળા છે તેથી મહાત્માપુરુષદ્વારા સર્વને લાભનો સંભવ છે. **યદ્યપિ અસન્માર્ગવર્તી તટસ્થ મનુષ્યો પાપકર્મ કરનાર, અનાચારથી વર્તનાર તથા વિપરીત મતિના પ્રભાવે પ્રતિકૂલ ગતિવાળા હોવાથી ઈશ્વરની અવજ્ઞા, મહાત્માની નિંદાઆદિ અનેક દુષ્ટ આચરણ કરનાર હોય છે, અને તેથી તેઓ દુષ્ટ સંસ્કારની વૃદ્ધિદ્વારા અનર્થને પ્રાપ્ત કરે છે, તથાપિ તેમને વિરોધી ભાવથી પણ મહાત્માનું સ્મરણ તથા સમયે દર્શન થાય છે, જેથી તે મહાત્માના સહજ સ્વભાવથી પ્રસરતા ઐશ્વર્યથી સત્સંસ્કારનો**

તેમનામાં આવિર્ભાવ થાય છે, અને તેવડે તેમને કાલે કરીને સદ્‌ભાવના પ્રકટે છે, અને મહાત્માના શરણનો અધિકાર પ્રાપ્ત થાય છે, જેથી સર્વનું હિત કરનાર મહાત્માના સંબંધમાં સર્વ મનુષ્યો લાભને પ્રાપ્ત કરે છે એ કથન યોગ્ય છે.

આ વિશાલ ભૂમિના સર્વ મનુષ્યોને કોઇ એક જ મહાત્માનું શરણ પ્રાપ્ત થાય એ અત્યંત કઠિન વાર્તા છે, પણ સ્થલે સ્થલે પ્રકટતા મહાત્માઓના સંસર્ગમાં વિશેષે કરીને મનુષ્યો આવે એમ સંભવે છે.

આ લોકમાં જીવોના અજ્ઞાનથી તથા સંસ્કારાદિ નિમિત્તથી અધિકારમાં ભેદને પામેલાં અનેક પ્રકારનાં મનુષ્યોવડે મહાત્મા શબ્દથી ઓળખાતા પુરુષોમાં પણ ભેદ રહેવાનો સંભવ છે. તેમ જ કર્મવશ વર્તતા છતાં મોટી આશાવડે બંધાયલા જીવો કાલે કાલે વિલક્ષણ સ્થિતિને વશ થાય છે, અને તેમાં કારણવશાત્ પ્રસંગે ગુણનું અને પ્રસંગે દોષનું આધિક્ય દેખાય છે. આ વાર્તાને તમે સર્વ જાણો છો તોપણ પ્રસંગ પ્રાપ્ત થવાથી વળી કહું છું કે આ જગત્‌માં કોઇ તો મહાત્માને અર્થે શ્રવણ કરેલા અથવા કોઇ કાષાયવસ્ત્રાદિ વેષવાળા મહાત્માના જોયેલા વેષમાત્રથી તેવા સામાન્ય વેષધારી મનુષ્યને જ મહાત્મા માને છે. કોઇ તો કેવલ પંડિતપણાને પ્રાપ્ત થયાની પ્રતીતિ કરાવનારને જ મહાત્મા માને છે. કોઇ તો યોગ્યાયોગ્ય પણ અધિક બોલનારાને તથા સર્વનો તિરસ્કાર કરનારને મહાત્મા માને છે. કોઇ તો કેવલ નહિ બોલનાર મૌન ધારણ કરનારને અને કોઇ એકલા ફરનારને કે એકલા બેશી રહેનારને જ મહાત્મા માને છે. કોઇ તો સમર્થ વિદ્વાનને, કોઇ સદાચારવાળાને અને કોઇ સદાચારવાળા સમર્થ વિદ્વાનને જ મહાત્મા માને છે. કોઇ તો સદ્‌ગુણને ધારણ કરેલાને, કોઇ તો સદા સત્કર્મપરાયણ રહેનારને અને કોઇ તો સદ્‌ગુણી છતાં સત્ક્રિયાવાનને જ મહાત્મા માને છે. કોઇ તો વેદવેત્તાને, કોઇ તો શાસ્ત્રવેત્તાને, કોઇ વેદશાસ્ત્ર ઉભયના વેત્તાને, અને કોઇ તો સર્વના અર્થતાત્પર્યને જાણનારને જ મહાત્મા માને છે. કોઇ તો ચમત્કાર દેખાડનાર મંત્રતંત્ર જાણનારને, કોઇ તો કેવલ પોતાને અનુકૂળ વર્તી વિવિધ લોકવ્યવહારની યુક્તિ જણાવનારને, અને કોઇ તો માત્ર યથેચ્છાચરણ કરનારને જ મહાત્મા માને છે. આઆદિ અનેક પ્રકારથી જીવો પોતપોતાના પ્રાપ્ત અધિકારના પ્રમાણમાં નિશ્ચય કરીને મહાત્મા માને છે, અને તેમને સર્વને જેવા

જેવા મહાત્મા મળે છે તેવા તેવા મહાત્માના સંબંધનું જેવું ફલ હોય છે તે તે ફલ મળે છે, અને સર્વ પ્રકારથી યોગ્યતાવાળા મહાત્મા પુરુષના સંબંધથી સર્વોત્તમ ફલ મળે છે. આમ છે માટે હે ભાઈઓ! યોગ્ય વિચારવડે મહાત્માના સ્વરૂપનો નિશ્ચય કરીને પછી અધિક યોગ્યતાવાળા મહાપુરુષનો સંબંધ સેવવો એજ અતિ ઉત્તમ વાર્તા છે.

જેમાં મહાત્મા પુરુષનાં ઘણાં લક્ષણ હોય અને દોષ ઓછા હોય તેવા પુરુષનો પણ અધિક માનથી સહવાસ સેવવો અને એટલું સાવધાનપણું રાખવું કે આપણું અંતઃકરણ તેમના ગુણના સંસ્કારને ધારણ કરે પણ દોષના સંસ્કારને ધારણ કરે નહિ.

આ જગત્‌માં પ્રકૃતિભેદ હોવાથી ગુણદોષના સ્વરૂપનો નિશ્ચય પણ વિલક્ષણ રીતે કરાય છે, તોપણ જે સ્વાભાવિક ગુણદોષ છે તે તો સર્વમાન્ય સરખા જ હોય છે.

આપણી યોગ્ય દૃષ્ટિથી જે દોષ ગણાતા હોય તેને આપણે ન સેવવા, અને અન્યમાં તે દોષો જેવા તેનું પ્રયોજન એટલું જ સમજવું કે એવા દોષો આપણામાં ન પ્રવેશે.

હે ભાઈઓ! સર્વ પ્રકારના વિચારથી તથા સર્વ પ્રકારની ક્રિયાથી બુદ્ધિમંત પુરુષોએ સુખસ્વરૂપ થવું છે, જેથી અનેક વિરોધી તર્કાદિથી પણ પ્રાપ્તવ્યરૂપ નિશ્ચય કરાયલા હેતુનું વિસ્મરણ કરીને અન્ય માર્ગમાં વહેતા થવાય નહિ, એટલી સાવધાનતા રાખવી.

આપણા મૂલ પુરુષોએ આત્માના સામાન્ય પ્રકારે ત્રણ ભેદ કહ્યા છે, એક ગૌણ આત્મા, બીજો મિથ્યા આત્મા, અને ત્રીજો મુખ્ય આત્મા. તેમાં સ્ત્રીપુત્રાદિ જેઓ પ્રીતિપાત્ર છે તે ગૌણ આત્મા ગણાય છે, અન્નમયાદિ પંચકોશગત જે મિથ્યા અહં છે તે મિથ્યા આત્મા છે, અથવા આ અન્નમયાદિ કોશરૂપ શરીર સમુદાય છે તે મિથ્યા આત્મા છે, અને તે મિથ્યા આત્મારૂપ કોશગ અહંનું અથવા અન્નમયાદિરૂપ શરીરસમુદાયનું જે અધિષ્ઠાનરૂપ છે, જેને સત્ ચિદ્ આનંદ એક રસ છતાં સાક્ષી આત્મા ગણે છે તે મુખ્ય આત્મા છે.

આ પ્રકારના ત્રિવિધ આત્મામાંથી પ્રથમના બે અર્થાત્ ગૌણ અને મિથ્યા આત્મામાંથી તો વિવેકવિચારાદિથી આત્મબુદ્ધિ છૂટી જાય છે; અને એ બેમાં આત્મત્વઅભાવના નિશ્ચયથી નિવૃત્ત થયેલી બુદ્ધિ એકરસ સુખસ્વરૂપ મુખ્ય આત્માવિષે જ સ્થિરતાને પ્રાપ્ત થાય છે; માટે પોતાની યોગ્યતાપ્રમાણે ગૌણ આત્મા તથા મિથ્યા આત્મારૂપ મનાયેલાં સ્ત્રી, પુત્ર તથા શરીરાદિથી મતિ તથા વૃત્તિને પાછી વાળીને

મુખ્ય આત્મામાં સ્થિર કરવાનો અભ્યાસ, **શ્રીગુરુએ** વિધાન કરેલે માર્ગે રાખવો. કારણ કે એ અભ્યાસના અંતમાં જ્યારે પોતાના સત્-ચિદ્‌આનંદ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે જ કૃતકૃત્ય થવાય છે.

હે વિવેકી પુરુષો! આ વ્યવહારસંબંધી તથા પરમાર્થસંબંધી સઘળી ક્રિયાઓને કરાવનાર મુખ્ય હેતુ દેહાભિમાન છે. તે દેહાભિમાનની નિવૃત્તિ કૃતકૃત્યતાનિમિત્તે કર્તવ્ય છે. ક્રિયામાત્રના કારણરૂપ દેહાભિમાનના સામાન્ય રીતે બે ભેદ છે. એક કર્મજન્ય દેહાભિમાન અને બીજો ભ્રાંતિજન્ય દેહાભિમાન. એમાં કર્મજન્ય દેહાભિમાન કર્મના ક્ષયથી અને ભ્રાંતિજન્ય દેહાભિમાન ભ્રાંતિના નિવારણથી નિવૃત્ત થાય છે. ત્યાં વિવેકજ્ઞાનથી ભ્રાંતિજન્ય દેહાભિમાન તો નિવૃત્ત થાય છે, અને કર્મજન્ય દેહાભિમાન તો ભોગવડે થયેલા કર્મના નાશથી અથવા તો યોગબલથી કરેલા કર્મના અભિભવથી નાશ થાય છે. માટે સુજ્ઞ સુખેચ્છક પુરુષોએ યથાવિધિ ઉભય પ્રકારથી પ્રકટતા દેહાભિમાનનો લય કરવા અભ્યાસને સેવવો.

હે સુજ્ઞ સખાઓ! આ જગત્‌માં બુદ્ધિમન્ત પુરુષોએ મનમાં રહેલી સર્વ કામનાઓનો ક્ષય કરીને અખંડ એકરસ આનંદસ્વરૂપ પ્રત્યક્ આત્મામાં તે અકામ મનવડે અર્થાત્ યોગાભ્યાસવડે વશ કરેલા મનદ્વારા પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરતાં સંતુષ્ટ થવું છે. ઘણા પુરુષોને અનેક જન્મના પુણ્યરૂપ શુભ સંસ્કારના બલથી એકાએક **तत्त्वमसि** આદિ મહાવાકયના શ્રવણથી જીવબ્રહ્મની એકતાનું જ્ઞાન થાય છે. પણ તે જ્ઞાન તો વ્યવહારમાં વિશેષે કરીને મતિના સંચારથી તથા વિષયોના સંબંધથી થતી આસક્તિવડે વિસ્મરણ થઈ જાય છે, અને તેથી તેવા જ્ઞાનવાળી મતિને અસ્થિર પ્રજ્ઞા જ કહી છે, અર્થાત્ તે યથાર્થ જ્ઞાનસુખાનુભવમાં અનુપયોગી સરખી જ ગણાય છે; અને યોગાભ્યાસવડે ચિત્તને વશ કરનાર જે પુરુષો છે તેમની મતિ તો સ્થિરપ્રજ્ઞા કહેવાય છે, કારણ કે તેમનું ચિત્ત નિરંતર બ્રહ્મચિંતન કરે છે; અન્ય વિષયાદિ પદાર્થનું આસક્તિપૂર્વક ચિંતન કરતું નથી, જેથી તેમની મતિ સદા અચલ રહે છે. આથી તે સ્થિરપ્રજ્ઞા જ્ઞાનસુખાનુભવમાં ઉપયોગી હોવાથી સર્વ મુમુક્ષુઓને પ્રાપ્તવ્ય ગણી છે.

હે બુદ્ધિમંતો! તમે જાણો છો કે જે પુરુષનું ચિત્ત વિષયમાં આસક્ત છે તથા શમદમાદિ સાધનોના અભાવથી એકાગ્રતાથી રહિત છે તે પુરુષને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થવું અત્યંત કઠિન છે.

જેમ સાધક પુરુષને શ્રવણમનનનિદિધ્યાસરૂપ સાધનના પૂર્વે

શમાદિ સંપત્તિ પ્રાપ્ત કરવી પડે છે તેમ જ પ્રત્યાહારધારણાધ્યાનાદિ સાધનના પૂર્વે યમનિયમાદિ સાધનરૂપ સંપત્તિ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. એવિના ચિત્તનિરોધ થાય નહિ. અને ચિત્તનિરોધ થયાવિના સ્થિરપ્રજ્ઞા થાય નહિ. આમ છે માટે વિઘ્નોના નિવારણપૂર્વક ચિત્તૈકાગ્ર્યદ્વારા સ્થિરપ્રજ્ઞા કરીને સુખાનુભવ કરવો. જેમ યોગાભ્યાસીને વ્યાધિઆદિ નવ વિઘ્નો* નડે છે તેમ જ લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ, એ ચાર પણ સમાધિમાં પ્રવેશ કરનારને પ્રતિબંધ કરનાર હોવાથી વિઘ્નરૂપ છે. તેમાં લય એટલે નિદ્રા; વિષયોના પુનઃ પુનઃ અનુસંધાનવડે વૃત્તિનું ચાંચલ્ય તે વિક્ષેપ; રાગદ્વેષાદિ દોષોવડે જે ચિત્તનો સ્તબ્ધીભાવ તે કષાય; અને સમાધિના આરંભમાં જે સવિકલ્પ આનંદનું આસ્વાદન છે તે રસાસ્વાદ. ત્યાં લય વિઘ્નનો તો સ્વલ્પ ભોજનથી, પ્રાણાયામથી તથા નિદ્રાશેષની નિવૃત્તિઆદિ ઉપાયોથી જય થાય છે; અને વિક્ષેપ વિઘ્નનો જય તો બ્રહ્મચિંતન, ઉપાસના, સત્સંગ, અને વિષયોમાં દોષદર્શનાદિ ઉપાયોથી કરાય છે. સર્વત્ર સમતત્ત્વભાવના કરવાથી તથા તત્ત્વવિચાર વા તત્ત્વાભ્યાસથી કષાયની નિવૃત્તિ કરાય છે; અને એમ થવાથી સમ બ્રહ્મતત્ત્વને પ્રાપ્ત ચિત્તને તે બ્રહ્મથી ચલાયમાન ન કરીને સમાધિના આરંભમાં પ્રાપ્ત થતા સવિકલ્પક આનંદને ઉદાસીન બ્રહ્મપ્રજ્ઞાવડે યુક્ત રહી ન આસ્વાદન કરવાથી રસાસ્વાદ જિતાય છે.

આ વિધિ અનેક ઉપાયોવડે તે લયાદિ વિઘ્નોની નિવૃત્તિ કરીને દૃઢ બુદ્ધિમાન્ સાધકે પ્રથમ સંપ્રજ્ઞાત સમાધિમાં પ્રવેશ કરવો ઘટે છે. અને તે સંપ્રજ્ઞાત સમાધિના અભ્યાસથી જ્યારે મન પ્રત્યક્ આત્મામાં એકાગ્રતાને પ્રાપ્ત થાય છે ત્યારે ત્યાં અતીત, અનાગત, વ્યવહિત,

---

* તે નવ વિઘ્ન આ છેઃ–૧ વ્યાધિ એટલે ધાતુઓની વિષમતાથી જ્વરાદિ પીડા થવી તે. ૨ સ્ત્યાન એટલે સત્કર્મમાં અપ્રીતિ. ૩ સંશય એટલે જે વસ્તુનો નિશ્ચય કરવા ઇચ્છા હોય તે વસ્તુનું યથાવત્ જ્ઞાન ન થવું તે. ૪ પ્રમાદ એટલે સમાધિનાં સાધનોના ગ્રહણમાં પ્રીતિ ન થવી, તથા તે સાધનોનો યથાવત્ વિચાર ન થવો તે. ૫ આલસ્ય એટલે શરીર અને મનને આરામ આપવાની ઇચ્છાથી પુરુષાર્થને ત્યજી બેસવું તે. ૬ અવિરતિ એટલે વિષયસેવનમાં તૃષ્ણા રહેવી તે. ૭ ભ્રાંતિદર્શન એટલે વિપરીત જ્ઞાન હોવું તે, જેમકે અનાત્મમાં આત્મબુદ્ધિઆદિ. ૮ અલબ્ધભૂમિકત્વ એટલે સમાધિની પ્રાપ્તિ ન થવી તે. અને ૯ અનવસ્થિતત્વ એટલે સમાધિની પ્રાપ્તિ થવાનો સંભવ આવતાં પણ તેમાં ચિત્તની સ્થિતિ ન થવી તે.

દૂરસ્થ, સૂક્ષ્માદિ સર્વ પદાર્થોને વિષય કરનાર યોગજન્ય પ્રત્યક્ષના હેતુરૂપ પ્રજ્ઞા પ્રકટે છે, જેને પૂર્વ પુરુષોએ ઋતંભરાપ્રજ્ઞા સંજ્ઞા આપી છે. આ ઋતંભરાપ્રજ્ઞા પણ નિર્વિકલ્પ સમાધિમાં વિઘ્નરૂપ હોવાથી તેનો નિરોધ કરીને સંપ્રજ્ઞાત સમાધિના અભ્યાસદ્વારા આત્મસાક્ષાત્કારથી પરવૈરાગ્યના આવિર્ભાવપૂર્વક સર્વ વૃત્તિઓના નિરોધરૂપ અસંપ્રજ્ઞાત સમાધિમાં તે સ્થિત થાય છે. એ પ્રકારની જે સર્વ વૃત્તિઓથી રહિત મનની યથાનિયમે યથાક્રમે કારણદ્વારા બ્રહ્માકારરૂપે સ્થિતિ છે તે અસંપ્રજ્ઞાત સમાધિ છે તેને પ્રાપ્ત રહીને કૃતકૃત્ય થવાય છે; અથવા જીવબ્રહ્મના એકત્વનો પ્રતિપાદક જે પ્રણવ શબ્દ છે તે પ્રણવ શબ્દના જપપૂર્વક તેના અર્થનું ચિંતન છે તે ઈશ્વર પ્રણિધાન છે, અને તે ઈશ્વરપ્રણિધાનથી સાધકપ્રતિ ઈશ્વરનો અનુગ્રહ થાય છે; અને તે ઈશ્વરાનુગ્રહથી પણ આ અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થાય છે; અથવા પ્રથમ કહેલા અભ્યાસદ્વારા સર્વ વૃત્તિઓની નિવૃત્તિવાળા પરમાનંદપ્રકાશક ચિત્તની જે સ્થિતિ છે તે પણ અસંપ્રજ્ઞાત સમાધિ જ ગણાય છે. એ સ્થિતિ સર્વ સાધક પુરુષોને સત્વર પ્રાપ્ત થવી કઠિન હોવાથી તેમણે અભ્યાસવડે ભૂમિકાક્રમને પ્રાપ્ત થઈને મુક્તાવસ્થા તથા જીવન્મુક્તાવસ્થાને ઉપાધિરૂપ પ્રારબ્ધના ક્ષયપર્યંત અનુભવવી અને કૃતાર્થ થવું

આ ભૂમિકા સપ્ત ભેદવાળી છે, તેમ જ તે જાગ્રદાદિ ચાર અવસ્થાવાળી છે. એ સાતમાંની પ્રથમ ભૂમિકા જે શુભેચ્છા નામવાળી ગણી છે તે તો યોગપ્રતિપાદિત પ્રત્યાહારરૂપ* તથા વિચાર પ્રધાનમાર્ગપ્રતિપાદિત શ્રવણરૂપ છે. બીજી જે વિચારણા નામવાળી ભૂમિકા છે તે તો યોગપ્રતિપાદિત ધારણારૂપ તથા અન્ય માર્ગપ્રતિપાદિત મનનરૂપ છે. ત્રીજી તનુમાનસા ભૂમિકા તો યોગપ્રતિપાદિત ધ્યાનરૂપ તથા અન્ય સાધનક્રમાનુસાર નિદિધ્યાસનરૂપ છે. આ ત્રણ ભૂમિકાઓ તો સાધનરૂપ છે, અને તે જાગ્રદવસ્થાની ભૂમિકા ગણાય છે. એ ભૂમિકામાં સાધકના રાગદ્વેષાદિ દોષો સામાન્યભાવને પામે છે, તેથી અન્ય જીવવત્ વ્યવહાર તે સાધકો કરી શકતા નથી. એ પછી સત્ત્વાપત્તિ નામની ચતુર્થ ભૂમિકા છે. એ ભૂમિકા સ્વપ્નાવસ્થારૂપ છે, કારણ કે એમાં પ્રાપ્ત સાધક આ સર્વ પ્રપંચને સ્વપ્નતુલ્ય અનુભવે છે, એના અંતઃકરણના દોષોની સામ્યાવસ્થા થયેલી હોવાથી એને બ્રહ્મસાક્ષા-

* આ પ્રત્યાહારાદિ યોગપ્રતિપાદિત સાધનનાં સ્વરૂપને તથા અન્ય સાધનક્રમાનુસાર પ્રાપ્ત શ્રવણાદિના સ્વરૂપને **શ્રીસિદ્ધાન્તસિન્ધુના પ્રથમ** રત્નના ઉત્તર ભાગમાં સ્પષ્ટ લખ્યાં છે, ત્યાં આવશ્યકતા જણાયે જોવાં.

ત્કાર થાય છે જેથી તે મુક્ત ગણાય છે. એને જ શાસ્ત્રમાં બ્રહ્મવિત્ કહે છે. તેમ જ આત્માવિષે અપરોક્ષ અનુભવરૂપ ક્રીડાવાળા હોવાથી અર્થાત્ આત્મબ્રહ્મના અપરોક્ષ જ્ઞાનવાળા હોવાથી એ પુરુષોને આત્મક્રીડ પણ કહે છે. એથી આગળ પંચમી ભૂમિકાને **અસંસક્તિ** કહે છે. એ સુષુપ્તિઅવસ્થારૂપ છે. કારણ કે એ ભૂમિકામાં સ્થિત પુરુષની વિશેષે કરીને સ્વરૂપાભિમુખ જ વૃત્તિ રહે છે. જેમ નિદ્રા અર્થાત્ સુષુપ્તાવસ્થાવાળો પુરુષ સ્વતઃ તથા પરતઃ જાગ્રત્ થઈને આવશ્યક વ્યવહારોને કરે છે તેમ આ પુરુષ પણ આવશ્યક વ્યવહારાર્થે સ્વતઃપરતઃ ઉત્થાનવાળા હોય છે. એ ભૂમિકામાં અધિક સ્થૈર્યના સદ્ભાવે અધિક સુખાવિર્ભાવ હોય છે. એ ભૂમિકામાં પ્રાપ્ત પુરુષને જીવન્મુક્ત ગણ્યા છે, કારણ કે ત્યાં સુખાનુભવની અધિકતા હોય છે, બ્રહ્માત્મૈક્ય જ્ઞાનની દૃઢતર સ્થિતિ હોવાથી એ પંચમી ભૂમિકામાં સ્થિત પુરુષને શાસ્ત્રમાં બ્રહ્મવિદ્વર કહે છે. એ **અસંસક્તિ** ભૂમિકામાં સ્થિત પુરુષો આનંદસ્વરૂપ આત્માના નિરંતર અપરોક્ષ અનુભવવાળા હોવાથી શાસ્ત્રમાં તેમને આત્મરતિ પણ કહે છે, કારણ કે વિજાતીય વૃત્તિઓના તિરસ્કારપૂર્વક સજાતીય અર્થાત્ આત્માકાર વૃત્તિના પ્રવાહથી આત્મસાક્ષાત્કારરૂપ રતિવાળા તેઓ હોય છે, અને તેથી એ આનંદસ્વરૂપ આત્માના નિરંતર અપરોક્ષ અનુભવવાળાને આત્મરતિ કહ્યા છે.

એપછી છઠ્ઠી ભૂમિકા **પદાર્થાભાવિની** છે. એ ગાઢ સુષુપ્તિના પ્રથમ પાદરૂપ છે. એ ભૂમિકામાં ગયેલા પુરુષને પોતાની મેળે જાગ્રત્ થઈને વ્યવહાર કરવાપણું રહેતું નથી. માત્ર પરતઃ ઉત્થાન જ હોય છે. એ પુરુષો અધિક અંતર્મુખ હોવાથી અધિક સુખાનુભવવાળા હોય છે. એ છઠ્ઠી ભૂમિકામાં પ્રાપ્ત પુરુષને શાસ્ત્રમાં બ્રહ્મવિદ્વરીયાન્ કહે છે. તેમ જ બ્રહ્માત્મૈક્ય અનુભવરૂપ વૃત્તિની તે આત્માભિમુખતાને ધ્યાનરૂપ ગણી છે; અને એ પ્રકારના ધ્યાનરૂપ ક્રિયામાં વિદ્યમાન તે પુરુષોને ક્રિયાવાન્ પણ શાસ્ત્રમાં કહ્યા છે. એ પછી સાતમી ભૂમિકા તે **તુરીયા** કહેવાય છે. એ ગાઢ સુષુપ્તિના દ્વિતીય પાદરૂપ કહેવાય છે. એમાં પ્રવેશેલો પુરુષ સ્વતઃ કે પરતઃ ઉત્થાનને પ્રાપ્ત થતો નથી, કારણ કે તે અભેદભાવને પામવાથી સુખસ્વરૂપ થઈ રહે છે. એ સાતમી ભૂમિકામાં સ્થિત પુરુષને શાસ્ત્રમાં બ્રહ્મવિદ્વરિષ્ઠ કહ્યા છે. આ પ્રકારની સાત ભૂમિકા છે. તેમાં પ્રથમની ત્રણ સાધકની છે, ચોથી મુક્તની છે, અને પાંચમી, છઠ્ઠી તથા સાતમી એ ત્રણ ભૂમિકા જીવન્મુક્તની છે. ચતુર્થ ભૂમિકાથી જે મુક્તત્વ પ્રાપ્ત થાય છે એ

તો સર્વને સમાન જ છે. માત્ર જીવન્મુક્તિના સુખનો અધિક અધિક અનુભવ એટલું આ પાછળની ત્રણ ભૂમિકામાં શ્રેષ્ઠત્વ છે. હે સજ્જનો! આ પ્રકારની સાત ભૂમિકામાં ચઢતો આવેલો પુરુષ જ આ ભ્રમણ-ચક્રથી મુક્ત થયો સુખસ્વરૂપ હોય છે.

જેના અસ્તિત્વવડે આ અભિમાનીનું પુનઃ પુનઃ ઉત્થાન થાય છે અને જેના ઉચ્છેદથી આ અભિમાનીનું સ્વતઃ કે પરતઃ ઉત્થાન જ થતું નથી તે પુર્યષ્ટક છે. એ પુર્યષ્ટક આ છેઃ ૧ પંચકર્મેન્દ્રિય, ૨ પંચજ્ઞાનેન્દ્રિય, ૩ અંતઃકરણચતુષ્ટય અથવા અંતઃકરણપંચક, ૪ પંચ પ્રાણ, ૫ પંચ સૂક્ષ્મ ભૂત, ૬ અવિદ્યા, ૭ કામ, અને ૮ કર્મ. એમાં વાક્, પાણિ, પાદ, ઉપસ્થ અને પાયુ એ પાંચ કર્મેન્દ્રિય છે. શ્રોત્ર, ત્વક્, ચક્ષુસ્, રસન અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અને મતાંતરથી ગણતાં અંતઃકરણરૂપ મુખ્ય વૃત્તિસહ પાંચ અંતઃકરણ છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પંચ પ્રાણ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ તન્માત્રા જેનાવડે પ્રકટે છે તે આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ પરસ્પર અમિલિત હોવાથી સૂક્ષ્મ પંચભૂત કહેવાય છે. અવિદ્યા શબ્દથી આ સ્થલે કાર્યઅવિદ્યાનું ગ્રહણ કરવું છે. તે કાર્ય અવિદ્યા ચાર પ્રકારની છેઃ ૧ અનિત્યમાં નિત્યબુદ્ધિ, ૨ અશુચિમાં શુચિત્વબુદ્ધિ, ૩ અસુખમાં સુખબુદ્ધિ, ૪ અનાત્મમાં આત્મબુદ્ધિ. અમુક પદાર્થ જોઈએ એ પ્રકારનું જે પ્રસંગપરત્વે થતું આદિ સ્ફુરણ છે તે કામ છે. આઠમી પુરી જે કર્મ છે તેના ત્રણ ભેદ છે. સંચિત, આગામી અને પ્રારબ્ધ. આ ત્રણ પ્રકારનાં કર્મ પણ વિહિત તથા નિષિદ્ધ એવા ભેદથી બે પ્રકારનાં છે. તેમાં વિહિત કર્મ ધર્મરૂપ ગણાય છે અને અવિહિત કર્મ અધર્મરૂપ ગણાય છે. એ ધર્મઅધર્મને અદૃષ્ટ પણ કહે છે. ધર્મરૂપ અદૃષ્ટ આ પુરુષને સુખની પ્રાપ્તિ કરે છે, અને અધર્મરૂપ અદૃષ્ટ આ અભિમાનીને દુઃખની પ્રાપ્તિ કરે છે. હવે યથા-ક્રમે એ સંચિતાદિ કર્મનાં સામાન્ય સ્વરૂપ કહું છું. પૂર્વ જન્મોમાં તથા આ જન્મમાં કરેલાં જે જે કર્મો વર્તમાન શરીરમાં ફલ ન આપતાં કેવલ અદૃષ્ટરૂપે રહે છે તે કર્મ સંચિત કહેવાય છે. તત્ત્વજ્ઞાન થયા પછી જે જે કર્મ કરાય છે તેને આગામી કર્મ કહે છે; (જે કર્મ વર્તમાન જન્મમાં જ્ઞાન થયા પૂર્વે વા પછી કરાય છે તેને ક્રિય-માણ પણ કહે છે. તેમાંથી જે જે કર્મ આ જન્મમાં જ ફલ આપી જનાર છે તે તો પ્રારબ્ધમાં પ્રવેશે છે, અને જે જે ક્રિયમાણ આ

જન્મમાં નહિ પણ ઉત્તર જન્મોમાં ફલ આપનાર હોય છે તે તે કર્મ સંચિતકોશમાં પ્રવેશે છે, અને કેવલ પ્રારબ્ધના ફલરૂપ હોય છે તે તે તો પ્રારબ્ધસાથે જ ક્ષયને પામે છે.) અને સંચિત કોશમાંથી ફલ આપવાની તૈયારી પર આવેલાં જે જે કર્મો આ વર્તમાન શરીરનાં આરંભક હોય છે તે તે કર્મ તો પ્રારબ્ધ કહેવાય છે. આ ત્રણમાંથી પ્રથમનાં બે અર્થાત્ સંચિત અને આગામી એ બે કર્મનો તો ફલભોગવડે કે વિરોધી કર્મવડે અથવા બ્રહ્મજ્ઞાન વા તત્ત્વજ્ઞાનના આવિર્ભાવ વડે ક્ષય થાય છે; અને પ્રારબ્ધકર્મનો તો ભોગથી જ ક્ષય મનાય છે, તત્ત્વજ્ઞાનથી કે વિરોધી કર્મથી ક્ષય થતો મનાતો નથી. પણ એ કર્મો તે માત્ર શરીરરૂપ સંયોગનાં નિર્વાહક પ્રારબ્ધ જ સમજવાં. અન્ય ફલ આપનાર પ્રારબ્ધનો તો યોગવડે અભિભવ થાય છે. આ પ્રકારનું જે પુર્યષ્ટક છે તે જ લિંગશરીર અથવા સૂક્ષ્મશરીર કહેવાય છે. એ પુર્યષ્ટકરૂપ સૂક્ષ્મશરીર જેમ જેમ તત્ત્વજ્ઞાનનાં સાધનના બલથી સાધક પુરુષોવડે જિતી લેવાય છે તેમ તેમ તે સાધકોને તે ન્યૂને વિઘ્ન કરનાર થતું જાય છે, અને જેમ જેમ તે સાધકો એનો જય કરે છે તેમ તેમ તેઓ ઊંચી ઊંચી ભૂમિકામાં સ્થિતિ કરતા જાય છે. જ્યારે એ પુર્યષ્ટકનો કેવલ જય કરે છે ત્યારે તે પુરુષો ઉત્થાનરહિત સપ્તમ ભૂમિકામાં સ્થિત થાય છે. માટે હે ભાઇઓ! આ અભિમાનીને આ સંસારપ્રવાહમાં નિરંતર આકર્ષી લાવનાર આ અષ્ટપુરીઓના સમુદાયનો જય કરવો સર્વ સાધકોને ઉચિત છે.

હે સાધકો! આ જીવાત્માને શરીરસંબંધથી છ અવસ્થાઓ ભોગવવાની યોગ્યતાવાળો ગણ્યો છે. તે છ અવસ્થા આ છેઃ જાગ્રત્ સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા, મરણ અને સમાધિ. આ છમાંથી પ્રથમ પાંચ અવસ્થાનો તો સર્વ જીવો અનુભવ કરવા સમર્થ છે. પણ છઠ્ઠી જે સમાધિ અવસ્થા છે, તેનો અનુભવ વિરલ પુરુષ જ કરવા સમર્થ છે. યદ્યપિ કાલાંતરે એ સમાધિ અવસ્થાનો અનુભવ કરવાને પણ સર્વ જીવો અધિકારી થાય છે તથાપિ એક કાલે સર્વ જીવો એનો અનુભવ કરવાના અધિકારી થઈ શકતા નથી. કારણ કે તે અવસ્થા ભોગવવાના અધિકારીમાં ધર્મરૂપ અદૃષ્ટની વિશેષે કરીને આવશ્યક્તા છે, અને તે સર્વ જીવોને તે ધર્મરૂપ અદૃષ્ટની પ્રધાનપણે પ્રાપ્તિ હોતી નથી. હવે અવસ્થાનાં સ્વરૂપ પણ સ્વલ્પમાં કહું છું.

ઇન્દ્રિયપ્રવર્તક દેવતાઓની સત્તાથી પ્રવર્તતી શ્રોત્રાદિક ઇન્દ્રિયોવડે આ અભિમાનીને જે અવસ્થામાં શબ્દાદિક વિષયનો અનુભવ થાય છે

તે અવસ્થાને જાગ્રદવસ્થા કહે છે. જાગ્રત્માં ફલ આપનાર અદૃષ્ટાદિ નિમિત્ત શમવાથી તથા ઇન્દ્રિય સામયિક ઉપરતિને પ્રાપ્તથવાથી માત્ર જાગ્રતના અનુભવજન્યસંસ્કારબલથી તથા માનસ ફલ આપી નિવૃત્ત થનાર અદૃષ્ટસંસ્કારબલથી આ અભિમાનીને જે અવસ્થામાં શબ્દાદિક વિષયો તથા તેનું જ્ઞાન પ્રકટે છે તે અવસ્થાને સ્વપ્નાવસ્થા કહે છે. જે અવસ્થામાં જાગ્રતસ્વપ્ન એ બે અવસ્થાઓને ભોગવાવનાર કર્મસંસ્કારાદિનો ઉપરામ હોય છે તથા જે સમયે આ સ્થૂલસૂક્ષ્મ શરીરના અભિમાનની નિવૃત્તિથી સર્વ વિશેષ જ્ઞાનોનો અભાવ હોય છે, તથા જ્યારે બુદ્ધિની કારણઅજ્ઞાનરૂપે સ્થિતિ હોય છે ત્યારે ભોગવાતી તે અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહે છે. દંડાદિકના ઉગ્ર પ્રહારવડે વિષાદ પ્રાપ્ત થવાથી આ અભિમાનીના સર્વ વિશેષ જ્ઞાનનો ઉપરામ જે સમયે હોય છે તે સમયની અવસ્થાને મૂર્છાવસ્થા કહે છે. પૂર્વોક્ત સુષુપ્તિ અવસ્થા તથા મૂર્છાવસ્થામાં મુખ્યત્વે કરીને એ ભેદ છે કે સુષુપ્ત પુરુષનું મુખ શાંત, પ્રસન્નતા પ્રતીત કરાવનારસરખું, અને કંપરહિત હોય છે; અને મૂર્છાવસ્થાવાળાનું મુખ વિશેષે કરીને ભયંકરસરખું અને શરીર કંપાદિ ઉપાધિયુક્ત હોય છે. આ મૂર્છાવસ્થાને અર્ધસુષુપ્તિપણ કહે છે. આ શરીરને ભોગ આપનાર કર્મોના નિવૃત્ત થયાથી સામાન્ય તથા વિશેષ અભિમાનની નિવૃત્તિ થાય છે ત્યારે એ સ્થૂલ શરીરમાં જે સૂક્ષ્મ શરીરનું ભાવિ શરીરના આરંભાર્થે પૃથક્ થવું અને ભાવિ શરીરની પ્રાપ્તિપર્યંત જે અવસ્થામાં તે સૂક્ષ્મ શરીરનું રહેવું થાય છે તે અવસ્થાને મરણઅવસ્થા કહે છે. મરણ અને મૂર્છામાં માત્ર એટલો જ ભેદ હોય છે કે મૂર્છાવાળાને પુનઃ એના શરીરમાં શેષ ભોગનાં કારણ હોય તો જાગ્રત્ થવાનો સંભવ હોય છે, જ્યારે મરણઅવસ્થાપછી તે સંભવ હોતો નથી. અને સર્વ અનાત્માકાર વૃત્તિઓથી રહિત થયેલા ચિત્તની જે આત્માકાર અવસ્થા છે તેને સમાધિ અવસ્થા કહે છે.*

આ ૭ અવસ્થામાંથી છેલ્લી કહેવાયલી સમાધિ અવસ્થા જ નિર્વિષય આત્યન્તિક સુખનો અનુભવ આપનારી અવસ્થા છે, અને ઉજ્વલ પ્રયત્નવડે જ પ્રાપ્ત થાય છે. માટે હે ભાઈઓ! અંતમાં આ સમાધિઅવસ્થાના અનુભવ માટે ચિત્તને વિષયસંસર્ગથી મુક્ત રાખવાનો અભ્યાસ પ્રીતિવડે સેવજો. જગત્માં જન્મ ધરીને ઉત્તમ પુરુષોએ કૃતકૃત્ય થવાનો આ જ એક રાજમાર્ગ છે.

* સમાધિનું સ્વરૂપ **શ્રીસિદ્ધાન્તસિન્ધુના** પ્રથમ રત્નમાં અંતના સાધનવર્ણનવિભાગમાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે ત્યાં જોવું.

હે બુદ્ધિમંત પુરુષો ! જ્યાંસુધી પુરુષ આ સમાધિરૂપ અવસ્થાને અનુભવવા અસમર્થ હોય છે ત્યાંસુધી તે પ્રાણીને વર્ણાશ્રમ ધર્મકર્મનું પાલન અવશ્ય કરવું હોય છે. જે સમયમાં આ મનુષ્યો, વર્ણાશ્રમ ધર્મનું પાલન કરે છે તે સમયમાં તેમણે વર્ણાશ્રમના સામાન્ય વિશેષ ધર્મોનું પાલન કરતાં સમાધિ અવસ્થાપર્યંત પોતાના અધિકારને વધારવો જોઇએ.

સામાન્ય વિશેષ ધર્મોનું સ્વરૂપ અનેક વાર મેં તમને કહ્યું છે, તોપણ આ પ્રસંગ પ્રાપ્ત થવાથી વર્ણાશ્રમના સામાન્ય ધર્મોને સંક્ષેપમાં તમને કહું છું.

૧ દયા, ૨ ક્ષમા, ૩ અનસૂયા, ૪ શૌચ, ૫ અનાયાસ, ૬ મંગલ. ૭ અકાર્પણ્ય, અને ૮ અસ્પૃહા, એ સામાન્ય ધર્મો છે.

૧ આપણા બંધુવર્ગના, મિત્રવર્ગના, આપણા પ્રતિ દ્વેષ કરનાર શત્રુવર્ગના તથા સાક્ષાત્ બન્ધુમિત્રશત્રુભાવથી રહિત જે અન્ય વર્ગના પ્રાણીઓ છે એ સર્વને આપત્તિમાં આવેલા જાણીને તે આપત્તિથી તેમનું જે રક્ષણ કરવું તે અર્થાત્ તેમને આપત્તિમાં પ્રાપ્ત થયેલા જોઈ જાણીને તેથી તેમને મુક્ત કરવાનો જે મનમાં સ્વાભાવિક ભાવ ઊઠે છે તે દયા છે.

૨ પોતાને પ્રારબ્ધ કે સ્વભાવવશાત્ બાહ્ય આધિભૌતિક દુઃખ પ્રાપ્ત થવાથી અથવા આધ્યાત્મિક દુઃખ પ્રાપ્ત થવાથી અથવા તે દુઃખના ઉત્પાદક શત્રુઆદિના પ્રાપ્ત થવાથી તે પુરુષ જે સામર્થ્યવડે ક્રોધવશ થતો અથવા ક્રોધવશ વર્ત્તતો હણવા પ્રયત્ન આદરતો નથી તે સામર્થ્યરૂપ સદ્‌ગુણનું નામ ક્ષમા છે.

૩ ઉત્તમપુરુષો જે ગુણવડે ગુણવાન્ પુરુષોના ગુણનું છેદન કરવા પ્રવર્તતા નથી તથા જેવડે અન્ય પુરુષોના અલ્પગુણોની પણ સ્તુતિ કરે છે તથા જેવડે તે ઉત્તમ પુરુષો અન્ય પુરુષોના દોષોને કથન કરવામાં પ્રીતિવાળા હોતા નથી તે સદ્‌ગુણનું નામ અનસૂયા છે.

૪ માંસમદ્યાદિક ન ગ્રહણ કરવાયોગ્ય પદાર્થોનો તથા તેના ગ્રહણ કરવામાં પ્રીતિવાળાં મનુષ્યોનો જે અંતરથી ત્યાગ કરવો તથા વિદ્યાદિક ગુણવાળા પુરુષોનો સમાગમ સેવવો તથા પોતાને પાળવાયોગ્ય ધર્મમાં સ્થિતિ કરવી એ શૌચ છે, અર્થાત્ અંતર્બહિર્ પવિત્રતાનાં કારણોને સેવતાં પવિત્ર રહેવું તે શૌચ છે.

૫ જે શુભકર્મો કરવાવડે પુરુષના શરીરને વા મનને અત્યંત

પીડા પ્રાપ્ત થવાનો સંભવ હોય વા થાય તો તે શુભકર્મથી પણ રહિત રહેવાપણું જેવડે થાય છે તે અનાયાસ કહેવાય છે.

૬ શાસ્ત્રવિહિત શ્રેષ્ઠ આચરણોને જે સદા સેવવાપણું છે તથા શાસ્ત્રનિષિદ્ધ અશ્રેષ્ઠ આચરણોને જે સદા ત્યજવાપણું છે તે સેવવાપણું તથા ત્યજવાપણું જેવડે થાય છે તે સ્વભાવને મંગલ કહેછે.

૭ આપણા આશ્રમસ્થાનમાં જે અલ્પ અન્નધનાદિ પદાર્થો હોય તેવડે પણ દીનત્વથી રહિત મન રાખીને પ્રતિદિવસ અતિથિબ્રાહ્મણોને જે યત્કિંચિત્ પદાર્થ આપવાનો ઉત્સાહ છે તે અર્થાત્ જે ગુણવડે તે ઉત્સાહ થાય છે, તે ગુણ અકાર્પણ્ય છે.

૮ પરના અર્થને ન ચિંતન કરીને અર્થાત્ અન્યને પ્રાપ્ત થયેલા અનેક ઉત્તમોત્તમ પદાર્થનું ચિંતન ન કરતાં જે પોતાને યથાન્યાય પ્રાપ્ત થતા ધનાદિ પદાર્થો છે તેવડે જ જે સંતોષને પ્રાપ્ત રહેવું તે, અર્થાત્ જે બલવડે એ સંતોષગુણ વિદ્યમાન હોય છે તે બલનું નામ અસ્પૃહા છે.

આ અષ્ટ ગુણ સર્વને સામાન્યપણે સેવવાયોગ્ય છે. તેને સેવતાં તથા પોતપોતાના વર્ણાશ્રમના જે પૃથક્ પૃથક્ ધર્મ છે તે આદિ સર્વ વિશેષ ધર્મોને સેવતાં તમે સ્વસ્વરૂપાનુભવ કરી સુખરૂપ રહેજો.

હે બુદ્ધિમંત પુરુષો! અધિક દુઃખની પ્રાપ્તિના સમયમાં ઉદ્વેગરહિત રહીને તથા વિશેષ સુખની પ્રાપ્તિના સમયમાં અંતઃકરણમાં સુખની સ્પૃહાવડે પ્રતીત થતા હર્ષાદિને ન અનુભવતાં સદા પ્રસન્ન રહેજો.

હે પ્રાપ્તવિવેક પુરુષો! ઇન્દ્રિય તથા મનને પોતાને વશ વર્તાવતા રહેજો. કારણ કે ઇન્દ્રિય તથા મન જેનાં સ્વાધીન નથી તે પુરુષો સર્વ શાસ્ત્રના જાણનાર હોય છે તો પણ તે અંતઃકરણ તથા ઇન્દ્રિયો તે પુરુષોને શાસ્ત્રપ્રતિપાદિત સાધનોમાં કે નિશ્ચયમાં સ્થિર થવા દેતાં નથી, અને તેથી તેવા અજિતેન્દ્રિય પુરુષો શાસ્ત્રપ્રતિપાદિત ફલને પ્રાપ્ત પણ કરી શકતા નથી.

જેમ પ્રકોપને પામેલો વાયુ ઉદરમાં અન્નાદિકને સ્થિર રહેવા દેતો નથી, તેમ મનુષ્યને અધઃપતન કરનાર દુષ્ટ પ્રારબ્ધરૂપ વાયુ કોઇ પ્રકારે પણ તેને ઉત્કૃષ્ટ ગતિનાં કારણોમાં સ્થિર થવા દેતો નથી. માટે પુરુષોએ શુભ પ્રયત્નવડે તે પ્રતિકૂલ વાયુરૂપ દુષ્ટ સંસ્કારનો જય કરવો ઉચિત છે. એ સંસ્કારનો જય પણ ઇન્દ્રિય તથા અંતઃકરણના જયવડે જ થાય છે. માટે સદા અતર્બહિર્ ઉપાધિનો જય કરવા યત્ન રાખજો.

હે ભાઈઓ! પુનઃ પુનઃ એનું એ જ કહીને તમને જાગ્રત્ કરું છું કે તમે સાવધાનપણે આપણા કર્તવ્યને લક્ષમાં રાખીને, તેના વિશેષે કરીને અવિરોધી વ્યવહારોને કરજો, અને નિત્યપ્રાપ્ત નિત્યમુક્ત સ્વસ્વરૂપાકાર સ્થિત થવારૂપ અંતિમ નિશ્ચયનું વિસ્મરણ કરશો નહિ.

તમે જાણો છો કે આ સંસારમાં જે પુરુષ ફલની અભિલાષારૂપ સંગથી રહિત હોય છે તથા કર્તૃત્વભોક્તૃત્વરૂપ અધ્યાસથી રહિત હોય છે, તે પુરુષ જ અભેદ જ્ઞાનમાં અવસ્થિત ચિત્તવાળા હોય છે, અને અભેદ જ્ઞાનમાં અવસ્થિત ચિત્તવાળો પુરુષ જ મહામુક્ત કે જીવન્મુક્ત હોય છે.

આ પ્રકારના જીવન્મુક્તત્વને પ્રાપ્ત થવાઅર્થે પુરુષોને ચતુર્થાશ્રમ સ્વીકારવાની શાસ્ત્રમાં આવશ્યકતા ગણી છે. જે પુરુષોને સ્વાભાવિક જીવન્મુક્તત્વ સર્વ સ્થલે હોય છે તેમને અર્થે કાંઇ શાસ્ત્રે તે ચતુર્થાશ્રમનું વિધાન કર્યું નથી, કારણ કે તે નિત્યમુક્ત હોવાથી સદા આશ્રમાતીતસરખા જ હોય છે.

ગૃહસ્થાશ્રમને સેવનાર જે પુરુષને અંતઃકરણમાં વિષયપ્રતિની તથા સંબંધિપ્રતિની સૂક્ષ્મ આસક્તિ વિદ્યમાન હોય છે તે પુરુષને સ્વશરીરની પણ સૂક્ષ્મ આસક્તિ હોય છે. તે આસક્તિને ત્યજવાઅર્થે ગૃહસ્થે યોગ્ય સમયે જીવનની સમાપ્તિપૂર્વે એકાંતસેવનાર્થે ચતુર્થાશ્રમનું ગ્રહણ કરવું ઘટિત છે. એ આશ્રમમાં શરીરની સ્થિતિપર્યંત માત્ર દેહનિર્વાહક કર્મ કર્તવ્ય હોય છે. શરીરારંભક પ્રારબ્ધના ભેદથી તે પુરુષનાં તે સ્વલ્પ કર્મ પણ ભેદવાળાં હોય છે અને તેથી તેવા પુરુષોને ભિક્ષાઅન્ન ગ્રહણ કરવામાં પાંચ પ્રકાર કહ્યાછે: ૧ માધુકર, ૨ પ્રાક્પ્રણીત, ૩ અયાચિત, ૪ તાત્કાલિક, અને ૫ ઉપપન્ન.

આ પાંચ પ્રકારનાં સ્વરૂપ આ છે:—પ્રથમથી મનમાં સંકલ્પ કર્યાવિનાનાં જે ત્રણ, પાંચ કે સાત ગૃહમાંથી, દ્વારે જતાં જે અન્ન પ્રાપ્ત થાય તે માધુકર છે. શયનથી ઊઠયા પૂર્વે કોઇ ભક્તિમાન્ પુરુષે ભિક્ષાન્નનિમિત્ત પ્રાર્થના કરી હોય છે, તો તે ભિક્ષાન્ન પ્રાક્પ્રણીત કહેવાય છે. ભિક્ષાઅટનના ઉદ્યોગપૂર્વે કોઇએ નિમંત્રણ કર્યું હોય તો તે ભિક્ષાન્ન અયાચિત કહેવાય છે. ભિક્ષાના અટનમાટે ઉદ્યોગ કર્યા પછી કોઇ પુરુષે ભિક્ષામાટે પ્રાર્થના કરી તો તે ભિક્ષાન્ન તાત્કાલિક કહેવાય છે, અને ભિક્ષાનાસમયઉપર જ પોતાના આસનઉપર કોઇ ભક્તિમાન મનુષ્ય પક્વ અન્ન લાવે તો તે અન્ન ઉપપન્ન કહ્યું છે.

આ પંચ પ્રકારથી અન્ન ગ્રહણ કરતાં તે યતિ પુરુષે વાસના-રહિત થવું છે. એથી ભિન્ન અન્ય ઉદ્યોગોથી તેણે અન્નાદિ ગ્રહણ ન જ કરવું એવું વિધાન છે.

એ યતિને અર્થે વસ્ત્રનો પણ નિયમ છે કે તેમણે બે કૌપીન તથા તે કૌપીનઉપર બાંધવાનાં બે કટિવસ્ત્ર તથા શીતની નિવૃત્તિઅર્થે એક કંબલાદિરૂપ કંથા એટલાં જ વસ્ત્ર સમીપ રાખવાં. પાદુકા તથા જલપાત્ર રાખવા પણ કહ્યું છે. એથી અધિક પદાર્થોનો સંગ્રહ ઉપયોગી ગણાયો નથી.

સમાધિસ્થિતિ ન હોય ત્યારે અર્થાત્ ઉત્થાનાવસ્થામાં યતિને અન્ય વ્યાપારોનો ભિક્ષાન્નમાટે કે વસ્ત્રમાટે પણ નિષેધ કહ્યો છે. કોઇ પણ સંન્યાસીએ ઉત્પાતકથન કરીને અર્થાત્ ભૂકંપાદિક સ્વાભાવિક થતા વિલક્ષણ પ્રસંગોનાં શુભાશુભ ફલકથનરૂપ ઉત્પાતકથન કરીને જીવવાની આશા કરવી નહિ. નેત્રભુજાઆદિનાં સ્ફુરણથી થતાં શુભા-શુભ ફલોનું કથન તે નિમિત્તકથન છે તે પણ ન કરવું. નક્ષત્રવિદ્યાવડે પણ અન્નાદિની આશા ન કરવી અર્થાત્ ગ્રહનક્ષત્રાદિના સંબંધથી શુભાશુભ ફલકથન કરવારૂપ નક્ષત્રવિદ્યાથી જીવવું નહિ. અંગવિદ્યાથી અર્થાત્ હસ્તપાદમુખાદિની રેખાઓનાં શુભાશુભ ફલકથનવડે પણ ભિક્ષાન્ન પ્રાપ્ત કરવા ધારવું નહિ. અનુશાસનથી અર્થાત્ અમુક પ્રકા-રનો નીતિ માર્ગ છે, અમુક નીતિમાર્ગે તમારે વર્તવું, અમુક અની-તિએ ન વર્તવું ઇત્યાદિ કથનરૂપ જે અનુશાસન છે તેવડે પણ જીવવા ઇચ્છવું નહિ. વળી અમુક શાસ્ત્રમાં અમુક અર્થનું પ્રતિપાદન કર્યું છે ને અમુક શાસ્ત્રમાં અમુક અર્થનું પ્રતિપાદન કર્યું છે ઇત્યાદિ કથનરૂપ જે વાદ* છે તેવડે પણ જીવવા આશા કરવી નહિ.

હે સાધકો ! આઆદિ નિષેધ કરેલા માર્ગોને ત્યજીને વિધાન કરેલા માર્ગથી જ ભિક્ષાન્ન પ્રાપ્ત કરીને સંન્યાસીએ જીવન્મુક્તિની ઉત્તરઉત્તર ભૂમિકામાં સ્થિત થતાં કૃતકૃત્ય થવું છે. જ્યાંસુધી કર્મ-સંગ તથા ફલસંગ હોય ત્યાંસુધી એ પુરુષે વિધિનિષેધનું સ્મરણ કરવું ઉચિત છે; અને જ્યારે તે પુરુષ કર્મસંગથી મુક્ત થયેલો નિ-રાશ્રય થાય છે તથા ફલસંગથી રહિત થયો નિત્યતૃપ્ત થાય છે ત્યારે તેને સ્વભાવથી જ વિધિનિષેધનું વિસ્મરણ થાયછે અને તેમ થયા પછી તે પુરુષ શરીરી પ્રતીત થતો છતો સર્વાતીત હોય છે.

* ન્યાયશાસ્ત્રમાં વાદનું આ પ્રકારનું સ્વરૂપ છે:—

આ પ્રકારે છે, માટે હે સજ્જનો! હવે મારે સંબંધ તથા આસક્તિરહિતપણે જ્યાં ત્યાં વિચરવું રહ્યું છે, અને યથાક્રમે નિત્યનિવૃત્તિને પ્રાપ્તવત્ છું તથાપિ નિત્યનિવૃત્તિને પ્રાપ્ત રહેવું છે.

આ મારાં વચનોનો યથાશક્તિ યથાનિયમે ઉપયોગ કરીને તમે સર્વ પણ મુક્ત છતાં જીવન્મુક્તત્વને યથાકાલે અનુભવજો અને સુખસ્વરૂપ રહેજો.

હે પંચવરદ મહાત્મન્! આ પ્રકારે તે સર્વ સુજ્ઞ સાધક પુરુષોને કહીને પછી મેં નિશ્ચય કરેલે સમયે સર્વ સજ્જનોના સમુદાયથી પૃથક્ થઈને પ્રયાણ કર્યું. ઘણા તો મારા વિયોગથી સંતાપને અનુભવવાના ભયથી થોડા દિવસ મારી પાછળ પાછળ આવ્યા, પણ તેમને સમાધાન આપીને પોતપોતાને આશ્રમે વિદાય કર્યા, અને પછી યથાપ્રાપ્ત ધર્મોને સેવતો હું એકાંત રહેવા તથા વિચારવા લાગ્યો.

ક્રમે કરીને મને સ્નેહિસંબંધીનું સામાન્યપણું જે પૂર્વથી સિદ્ધ હતું તે વિશેષે કરીને સિદ્ધ થઈ રહ્યું. આશ્રમોના અવધિપર્યંતના કર્તવ્યને કર્યું હતું, અને પ્રાપ્તવ્ય શેષ ન રહેવાથી અંતઃકરણ શાંત રહ્યું હતું તોપણ આ દેહરૂપ પ્રારબ્ધના અવધિપર્યંત અંતરમાં પ્રાપ્ત

तत्त्वबुभुत्सोः कथा वादः ।

અર્થ—તત્ત્વવસ્તુના બોધનની ઇચ્છાવાળા બે પુરુષોની જે પરસ્પર પ્રશ્નોત્તરરૂપ કથા છે તેનું નામ વાદ છે.

જ્યારે આ પ્રકારના વાદની પણ સંન્યાસીને શાસ્ત્રની આજ્ઞા નથી, તો પછી જલ્પ અને વિતંડાની તો આજ્ઞા હોય જ કેમ? ન્યાયશાસ્ત્રમાં જલ્પનું લક્ષણ આ છેઃ—

उभयपक्षस्थापनवती विजिगीषुकथा जल्पः ।

અર્થ—વાદીના પક્ષને તથા પ્રતિવાદીના પક્ષને એમ ઉભય પક્ષને સ્થાપન કરનારી એવી જે પરસ્પરમાં જિતવાની ઇચ્છાવાળા વાદિપ્રતિવાદી બંનેની પ્રશ્નોત્તરરૂપ કથા છે તે જલ્પ છે (અર્થાત્ પોતપોતાના પક્ષને સ્થાપવાના આગ્રહવાળા બે જણનો જે વાદ છે તે જલ્પ છે.)

અને વિતંડાનું લક્ષણ આ પ્રમાણે છેઃ—

स्वपक्षस्थापनहीना विजिगीषुकथा वितंडा ।

અર્થ—પોતાના પક્ષના સ્થાપનની ઇચ્છારહિતપણે જે પરસ્પરમાં જિતવાની ઇચ્છાવાળા પુરુષોની કથા છે તે વિતંડા છે.

વેગને અધીન વર્તતાં વિચરતાં વિચરતાં આ સ્થલમાં આવવું થયું અને તમારી ઇચ્છાથી જે કાંઇ કહેવા યોગ્ય હતું તે કહેવાયું.

પોતપોતાની મતિઅનુસાર તાત્પર્યને નિશ્ચય કરીને સર્વ શ્રોતાઓ અંતમાં સ્વરૂપસુખાનુભવ કરે એ જ આ પ્રવૃત્તિની સાર્થકતા છે.

આટલું બોલીને મૌન રહેલા તે મહાત્માપ્રતિ બે હસ્ત જોડીને **શ્રીપંચ**વરદ આ પ્રમાણે બોલે છે:—

હે ભગવન્! આપ કે જે આ વિશ્વમાં અદ્વિતીયરૂપ છો અને અમને પુનઃ પુનઃ ન પ્રાપ્ત થાઓ એવા છો તેમનું હું શાવડે આતિથ્ય કરું? વિશ્વની તારક સત્તા અનેક વાર સ્થલે સ્થલે આપ-સરખા દયાલુ પુરુષરૂપે પ્રકટે છે, પણ અમે કે જે આ કાળે જ તે સત્તારૂપ આપનાં દર્શનને પામ્યા છીએ તેમને આપના આ દર્શનથી જ ધન્ય અને કૃતાર્થ સમજું છું.

આ જીવોને ઉગ્ર પુણ્યના સંચયવિના આપનાં દર્શન જ પ્રાપ્ત થતાં નથી તો આપના મુખથી આ અમૃતધારાનું પાન કરવું એ કાંઇ અતિ મોટા પુણ્યસંચયવિના હોય જ કેમ?

હે સુખસ્વરૂપ! આપ નિત્યતૃપ્તને હું શાવડે સંતોષને પ્રાપ્ત કરી પ્રસન્ન કરું કે જેવડે અમારું નિરંતર કલ્યાણ હોય? આપ કે જે વિશ્વવ્યવસ્થાપક ઈશ્વરના વિભવને પણ અસ્પૃહાવડે અવલોકનાર છો તેમને કયો ક્ષુદ્ર પદાર્થ અર્પવા ઇચ્છા કે યાચના કરું?

આઆદિ વિનયવચનને બોલતા તે **પં**ચવરદ મહારાજે તે મહાત્માને ત્યાંથી ઊઠવાની પ્રવૃત્તિવાળા જોયા કે તત્કાલ તેમનું પ્રીતિ-વડે પૂજન કર્યું. પૂજનની સમાપ્તિમાં વસ્ત્રધનાદિ પદાર્થો ચરણસમીપ અર્પણ કર્યા, એટલે તે સર્વ પદાર્થોને જેમના તેમ પડેલા રહેવા દઈને તે મહાત્મા પ્રસન્ન મુખમુદ્રાવડે ઊઠીને ચાલતા થયા. રાજાઆદિ સર્વ ગૃહદ્વારપર્યંત પાછળ પાછળ ચાલ્યા, અને પછી પ્રધાનગૃહમાં બેસવા પ્રાર્થના કરી તેપ્રતિ અલક્ષ કરતા નગરથી બહાર ચાલી નીકળ્યા.

શ્રીપંચવરદ મહાત્મા પોતાના પરિવારસહ પ્રસન્ન થયા અને એ મહાત્માના સ્વરૂપનો લક્ષ કરતાં તેમના બોધનું મનન સર્વ પોતપો-તાની શક્તિપ્રમાણે કરવા લાગ્યા.

હવે પછી અન્ય મહાત્માના સમાગમસુખની આશાવડે હર્ષયુક્ત રહેલા તે સર્વ પોતપોતાના વ્યવહારમાં પ્રવેશ કરતા હવા.

॥ इति द्वितीयः समागमः ॥

દોહરા

પંચવરદવૃત્તાન્ત આ, ધારે ઉર ધરિ નેહ;
શમે સહજ દોષો સકલ, પામે પદવિ વિદેહ. ૧

જીવન્મુક્તિપર્યંતનાં, સાધનતણું સ્વરૂપ;
વર્ણ્યું છે બહુ સ્વલ્પમાં, તોપણ કહ્યું અનુપ. ૨

જે જાણ્યા સમજ્યાવડે, જીવત્વથી છુટાય;
દ્વિતીય આ સુસમાગમે, જોતાં સર્વ જણાય. ૩

અધિકારીને સુખ દિયે, સાધકને અધિકાર;
મતિમંદને સુમતિ દિયે, ટાળી પ્રબલ વિકાર. ૪

શ્રોતા વક્તા ને વળી, પાઠક જે મતિમાન્;
હૃદય ધરે તાત્પર્યને, પામે તે સંમાન. ૫

અધિક કહ્યાથી અધિક શું, જાણે સર્વ પ્રબુદ્ધ;
જિજ્ઞાસુ જન સુખ લિયો, ધારી નિશ્ચય શુદ્ધ. ૬

વિશ્વપતિ શ્રીગુરુવિષે, વહે વૃત્તિ દિનરાત્ર;
એવી સર્વોત્તમ દશા, લહિ આ, ગ્રહે સુપાત્ર. ૭

તૃતીય સમાગમ.

મહામંગલરૂપ **શ્રીમહેશ્વર**ના સ્મરણને તથા તેઓશ્રીપ્રતિ નમસ્કારને પ્રારમ્ભે આદર કરીને આ જીવના અન્તઃકરણમાં રહેલા અજ્ઞાનરૂપ તમસ્‌ની આત્યન્તિકી નિવૃત્તિ કરવામાં સમર્થ એવા **શ્રીપંચવરદવૃત્તાન્ત**ના આ **તૃતીય સમાગમ**ને લખીએ છીએ. જેનું નામ દુષ્ટ દોષોનું વિરોધી છે એવા નરેશ **શ્રીપં**ચવરદ મહાપુરુષે મુક્તત્વની સિદ્ધિઅનન્તર જીવન્મુક્તિસુખની અભિવ્યક્તિનિમિત્ત વિવિધ સ્થિતિને અનુભવતાં અનેક મહાપુરુષોનો સમાગમ કર્યો છે. તેમાંના તૃતીય મહાત્માના સમાગમને અત્ર વર્ણવીએ છીએ. જેવી રીતે પ્રથમ બે સમાગમ ઉત્તમ તાત્પર્યવડે હૃદયમાં સ્થાપવા યોગ્ય છે તેવી રીતે આ તૃતીય સમાગમ પણ તેના અપૂર્વ અર્થતાત્પર્યથી સર્વ પુણ્યવન્ત અધિકારી પુરુષોએ નિર્દોષ પ્રેમવડે સદા હૃદયમાં સ્થાપવા યોગ્ય છે. **આ ક્લિષ્ટ સંસારમાં મહાત્મા પુરુષનો સહવાસ, તથા તેમના મુખથી પ્રાપ્ત થતું તત્ત્વજ્ઞાનનું શ્રવણ સર્વજીવોને દુર્લભ છે**, તથાપિ આ **શ્રીપંચવરદ** મહાપુરુષે મહાત્મા પુરુષવરોના મુખથી શ્રવણ કરેલું જે તત્ત્વજ્ઞાન છે તે તત્ત્વજ્ઞાન આ **શ્રીપં**ચવરદવૃત્તાન્ત પ્રસિદ્ધ થવાથી સર્વને સુલભ છે. પુણ્યના સંચયવિના ક્ષુદ્ર વિષયભોગજન્ય આનન્દ પણ પ્રાપ્ત થતો મનાયો નથી, તો આ **અતિ દુર્લભ એવો સ્વરૂપાનન્દનો અનુભવ જીવને ઉગ્ર પુણ્યસંચયવિના કેમ જ પ્રાપ્ત થાય?** ન જ થાય. આ પ્રમાણે હોવાથી આ શ્રેયસ્કર વૃત્તાન્ત પ્રસિદ્ધ થયા છતાં પણ પુણ્યવન્ત મહાત્માઓને જ તેમની ઉજ્જ્વલ શ્રદ્ધાભક્તિવડે એ પ્રાપ્ત થવા સમ્ભવ છે.

શ્રીપંચવરદની આજ્ઞાવડે મહાત્મા પુરુષોની શોધમાં વિચરતા તેમના વિવેકી રાજસેવકોએ વિનયવડે પ્રાપ્ત કરેલા મહાત્મા પુરુષને મન્દિરના સમાગમમંડપમાં પધરાવવાની **શ્રીપં**ચવરદની આજ્ઞા મેળવીને, યોગ્ય સમયે ઘટિત સર્વ વ્યવસ્થા કરીને પછી પધરાવ્યા. પોતાના સ્વજનોસહિત મંડપમાં બેઠેલા **શ્રીપં**ચવરદ મહાત્મા સંમુખ દ્વારપર્યન્ત જઈને વાહનમાંથી તેમને ઊતારીને સવિનય નમન કરીને નેત્ર તથા સુવચનવડે ઉજ્જ્વલ પ્રેમનું ભાન કરાવીને સંમાનપૂર્વક મંડપમાં પધરાવીને રચી રાખેલા આસને પ્રાર્થનાપૂર્વક બેસાડીને પછી

સંમુખ ઊભા રહીને નમ્ર ભાવથી હસ્ત જોડીને આ પ્રમાણે સ્તુતિપ્રાર્થના કરવા લાગ્યા :—

હે ભગવન્! આ સંસારમાં અમારા આયુષ્નો આજનો દિવસ આપના દુર્લભ દર્શનવડે ધન્ય માનીએ છીએ. જેમ સર્વાધિપતિ શ્રીમહેશ્વર પોતાના લીલાવિગ્રહવડે કાલે કાલે મન્દ વેગવાળી થઈ સામ્યાવસ્થાને પ્રાપ્ત થયેલી માયાસત્તાને કાર્યાકારપરિણામરૂપ જાગ્રદવસ્થાને પામેલી તથા સમયે સમયે કારણાકારપરિણામરૂપ સુષુપ્તાવસ્થાને પામેલી પ્રતીત કરાવે છે, તેમ શ્રીમહેશ્વરના અપ્રતિમ લીલાતનુરૂપ આપ આ પરમાર્થસમ્બન્ધી વેગ મન્દ પડવાથી સામ્યાવસ્થાને પામેલી અમારા અન્તરમાં સ્થપાયેલી સંસ્કારસમૂહરૂપ માયાસત્તાને બોધવચનવડે જાગ્રત્ કરો, અને બોધામૃતરસવડે તૃપ્ત કરીને પછી આપ્તકામ થયેલી તેને આપ સ્વરૂપાવસ્થાનરૂપ સુપ્તાવસ્થાને પ્રાપ્ત કરો, જેથી કૃતાર્થ થયેલા અમે આપ મહેશ્વરસ્વરૂપથી સદા અભેદ થઈ રહીએ. હે દેવાધિદેવ! આપ અમારા સરખા ભૌતિક તનુને ઉપરથી ધારણ કરીને અમારા સમાન પ્રતીત થાઓ છો; તથાપિ અત્યન્ત શુદ્ધ આન્તર તનુવડે આપ પુરુષવર છો, અને તેથી આપ સર્વોત્તમ અને સર્વના પૂજ્ય છો. હે પુરુષોત્તમ! આપ જ પોતાની શક્તિવડે આ વિશ્વને રચો છો, પાળો છો અને સંહારો છો, તેથી આપ જ વિશ્વ વ્યવસ્થાપક ઈશ્વરરૂપ છો. હે ત્રાતા! સર્વ જીવોના અન્તર્, બહિર્ અને મધ્ય એમ સર્વ દેશમાં વ્યાપીને આપ જ જીવોના ઉત્તમ પુરુષાર્થ સધાવીને આ દુ:ખદ મોહસમુદ્રથી તારનારા છો. હે સર્વજ્ઞ ઈશ! આપ અમારા અન્તરના સર્વ વ્યવહારના સાક્ષી છો અને તેથી આપ અમારા અન્તરના અભિવ્યક્ત તેમ જ અનભિવ્યક્ત સર્વ સંસ્કારને જાણો છો. તોપણ અમે અમારા અલ્પજ્ઞપણાના પ્રભાવે આપમાં અમારા અલ્પજ્ઞપણાનો આરોપ કરીને અન્તરમાં રહેલી કામનાઓને પૂર્ણ થવાઅર્થે આપસમીપ પ્રકટ કરીએ છીએ. અમે અવિદ્યાને વશ વર્તતા જાણવા યોગ્ય કંઇ પણ જાણી શકતા નથી, અને તેથી જ અમે સદા ભ્રમમાં જ ભમીએ છીએ. અમે અમારા તથા આ દૃશ્યપ્રપંચના કારણને કે એ કાર્યપ્રપંચના સ્વરૂપને જાણતા નથી. આ દિશાઓના અન્તને તથા તેમાં વર્તતા મહત્તત્ત્વના અવધિને કે તેના સાચા સ્વરૂપને જાણતા નથી તો પછી તે શાથી પ્રકટે છે એને તો અમે કેમ જ જાણી શકીએ ? આ અપારસરખા જણાતા સંસૃતિમંડપમાં શું પરિચ્છિન્ન

પ્રતીતિમાં આવતા પદાર્થોનું
અને શું અપરિચ્છિન્ન છે તથા અનેક પ્રતીતિમાં આવતા પદાર્થોનું
સ્વરૂપ શું છે અને શા શા નિમિત્તથી કયા કયા પરિણામને તે પામે
છે એમાંનું કાંઇ પણ અમે યથાવત્ જાણતા હોતા નથી. આ આદિ
મધ્ય તથા અન્તવિનાના પ્રતીત થતા સંસારમાં પ્રકટ થએલા અમે
મનુષ્યો તેમણે શું કરવું છે, શું જાણવું છે અને શું મેળવવું છે
એ અમે જાણતા નથી. સ્વલ્પમાં કહીએ તો અમે હિતઅહિતના
યથાર્થ જ્ઞાનરહિત હોવાથી અને મોહ તથા આશાઆદિ બન્ધનના
હેતુઓને પ્રાપ્ત હોવાથી પશુરૂપ છીએ. હે સર્વોત્તમ દાતા! આપના
પ્રતિ હસ્ત જોડીને દીનપણે એ જ યાચીએ છીએ કે અમારે જાણવા-
યોગ્ય પામવાયોગ્ય તથા કરવાયોગ્ય જે કાંઇ હોય તે આપ
કૃપા કરીને અમને શ્રવણ કરાવો, અને હે સર્વશક્તિના ઇશ! અમારા
ઉપર અન્તમાં એવો અનુગ્રહ કરો કે જેથી ન જણાયેલા કાલથી
પ્રાપ્ત થયેલું આ અમારું અજ્ઞાન તથા દીનત્વ ટળે, અને નિરન્તર
સુખાનુભવ કરતા કૃતકૃત્ય થઇ રહીએ.

હે ભગવન્! જીવના સ્વરૂપને યોગ્ય પ્રકારે ન જાણી શકનારા
અમે પોતાને જીવ માનીએ છીએ. જીવ કોઇ મૂલ પદાર્થરૂપ છે કે
સિદ્ધતત્ત્વરૂપ છે કે સંયોગી પદાર્થરૂપ છે કે કોઇ પદાર્થના વા પદાર્થ-
સંયોગના ધર્મરૂપ છે તે પણ અમે યથાવત્ જાણતા નથી. શાસ્ત્ર
તથા સત્પુરુષદ્વારા શ્રવણ કરીએ છીએ કે જીવ અમર છે, પણ અમે
વસ્તુત: જીવ નિત્ય છે કે અનિત્ય છે તે જાણતા નથી. અલ્પજ્ઞપણું
અને પરતંત્રપણું એ જીવનું લક્ષણ મનાયું છે. જો જીવ સદા જીવનો
જીવ જ રહેતો હોય તો પછી ને જીવને પ્રાપ્તવ્ય શ્રેષ્ઠ કંઇ પણ રહેતું
નથી, અને તેથી પુરુષાર્થ કંઇ પણ હોય એમ સમ્ભવતું નથી. જો
એ જીવને કોઇ પણ ઊંચી સ્થિતિગતિ પ્રાપ્ત થતી હોય તો તે જીવનું
અલ્પજ્ઞત્વાદિ ધર્મવાળું સ્વરૂપ રહેવું ન જોઇએ, અને તેમ થતું હોય
તો તેની જીવ સંજ્ઞા બદલાવી જોઇએ. આઆદિ સંશયોથી નિવૃત્ત
કરવાને આપ કૃપા કરી જીવનું સ્વરૂપ, તેને કરવાયોગ્ય પુરુષાર્થ, તે
પુરુષાર્થથી થતી જીવના સ્વરૂપની વિલક્ષણતા તથા જીવના કર્તવ્યના
અવધિસાથે તેની પ્રાપ્ત થતી અન્તિમ સ્થિતિઆદિના સ્વરૂપને કથન
કરો, અને અનુગ્રહવડે અમને સન્દેહરહિત કરો.

વળી અમે શાસ્ત્ર તથા સત્પુરુષદ્વારા જાણ્યું છે કે આ સંસાર-
પ્રપંચને નિયમમાં ગોઠવી ચલાવનાર એક સર્વજ્ઞ તથા સ્વતંત્ર ઇશ્વર
છે. પણ અમે જીવદશામાં તે ઇશ્વરનો સાક્ષાત્કાર કરી શકતા નથી.

તેથી અમે યથાવત્ જાણુતા નથી કે તે ઈશ્વરનું સ્વરૂપ કેવું છે, તેમની સ્થિતિ ક્યાં છે, તેમનું સર્વજ્ઞપણું તથા સ્વાતંત્ર્ય કેવા પ્રકારનું છે, તેમનું કર્તવ્ય કંઈ છે વા નથી, ઈશ્વરનો અને જીવનો શો સમ્બન્ધ છે, જીવના હિતમાં ઈશ્વર ક્યારે, કેવે નિયમે અને કેટલું કરી શકે છે, જીવઈશ્વરના સાક્ષાત્કારાર્થે મનુષ્યે શું કરવું, કેવી સ્થિતિએ કે યોગ્યતાએ આવેલો જીવ ઈશ્વરના અનુગ્રહને કે સાક્ષાત્કારને પ્રાપ્ત કરી શકે, આ સૂર્યમંડલ તથા ભૂમંડલઆદિ સ્થિતિનાં સ્થાન કે આધારરૂપ મહાન્ પદાર્થો પોતપોતાનાં સ્વતંત્ર કારણોથી પ્રકટે છે કે તેને તે સ્વતંત્ર ઈશ્વર જ ઉપજાવે છે, અને ઉપજેલા પ્રતીતિમાં આવતા આ દશ્યપદાર્થો ઉત્તરોત્તર કેવી વિલક્ષણુતાને પામે છે, અને વિલક્ષણુતાને પ્રાપ્ત થવામાં તેમનું કોઈ ભિન્ન કારણ છે કે સ્વતંત્ર ઈશ્વર જ તે સર્વ વ્યવહારના કર્તા છે—આઆદિ ઈશ્વરસ્વરૂપવિષયક અનેક સંશયો જે જીવોનાં અન્તરમાં સ્ફુરવાનો સમ્ભવ હોય છે, તેને સર્વને આપ યોગ્ય પ્રકારે ઘટિત ભાસે તેમ કૃપા કરી પ્રતિપાદન કરો કે જેથી અમે જ્ઞાતવ્ય જાણીને ગતસન્દેહ થઈ રહીએ.

આપ કે જે શાન્તિતૃપ્તિઆદિ સર્વ દિવ્ય ગુણોના અધિષ્ઠાનરૂપ છો તે આપને અમે ઘટિત માનથી અને યોગ્ય શબ્દોથી વિનવી શકીએ એમ નથી, તથા અમારા અન્તરમાં રહેલા સંશયના સમૂહને જોઈએ તેવા રૂપમાં પ્રકટ કરી વાણીવડે યથાવત્ આપને નિવેદન કરી શકીએ એમ નથી. તોપણ દયાના સમુદ્રરૂપ આપ અમારી જિજ્ઞાસાને અનુકૂલ સર્વ સમાધાન સ્પષ્ટ કરી કથન કરો, અને અમારાં અન્તરમાં નિરન્તર દુઃખ આપતા રહેલા સંશયરૂપ શૂલને નિવારણ કરો. જીવ, ઈશ અને દશ્યપ્રપંચરૂપ જગત્થી ઈતર કોઈ અવશ્ય જાણવા તથા સમજવા યોગ્ય વસ્તુનું સ્વરૂપ શેષ રહેતું હોય તો કૃપા કરી તે પરમ જ્ઞાતવ્ય વસ્તુપ્રતિ પણ અમારું લક્ષ દોરવશો.

હે નરોત્તમ! કેવા પ્રકારની શુશ્રૂષાથી આપ પ્રસન્નવદનને પ્રસન્ન કરવા તે ન જાણનાર અમે આપના પ્રતિ થતા અમારા સર્વ દોષોની પ્રથમથી ક્ષમા યાચીએ છીએ. શું શું પ્રથમ જાણવું ઉચિત છે તથા જિજ્ઞાસાથી પ્રશ્ન કેવા ક્રમથી કે નિયમથી પૂછવા તેને ન જાણનાર અમે અયોગ્ય પ્રકારે આગળ પાછળ પ્રશ્ન કરીએ તોપણ સર્વજ્ઞ આપ કૃપાવડે અમારા શંકારૂપ પ્રશ્નોને નિયમમાં ગોઠવીને ઘટે તે પ્રકારે સમાધાન આપશો.

હે ઈશ ! જો આપને યોગ્ય ભાસે તો આપના વૃત્તાન્ત સાથે જોડીને અમારી સર્વ શંકાઓનું નિવારણ કરશો.

આ પ્રકારનાં વચનો વદીને મહાત્મા પંચવરદ તથા મહાત્માને અભ્યુત્થાનવડે સંમાન આપનાર આ ક્ષણપર્યન્ત ઊભેલા સર્વ સ્વજનો મહાત્માને નમન કરી કરીને આજ્ઞા પ્રાપ્ત કરી પોતપોતાના આસને બેઠા.

આ પ્રકારનાં શ્રીપંચવરદનાં વચનો શ્રવણ કરીને મન્દ મન્દ હસવાવડે ચિત્તની પ્રસન્નતાને પ્રતીત કરાવતા, શ્રોતાના મનને હરણ કરનારી તથા શ્રોત્રેન્દ્રિયને પવિત્ર કરનારી તથા શ્રદ્ધાભક્તિવડે શ્રવણ કરનારના અન્તરમાં આનન્દને અભિવ્યક્ત કરનારી એવી નિર્દોષ વાણી તે મહાત્મા આ પ્રકારના અર્થને વહન કરતી વદવા લાગ્યા.

મહાત્મા વદે છે :—હે મુક્ત મહાપુરુષ ! તમારી વાયુતત્ત્વની પેઠે દિશાઓમાં પ્રસરેલી સુકીર્તિની યથાર્થતા આજે તમારો સાક્ષાત્કાર થવાથી નિર્ણય કરી જાણી છે. તમારી મુખાકૃતિથી, તમારાં નેત્રના સ્વરૂપથી અને તમારી વાણીથી તથા વર્તનથી તમારું અન્તર અવિદ્યાદોષકૃત બન્ધથી મુક્ત થયું છે, એ જાણીને પ્રસન્નતા ભાસે છે. પ્રજાપતિના, પૃથ્વીપતિના અને કુલપતિના ધર્મને રૂડે પ્રકારે જાણીને તે ધર્માનુકૂલ વર્તન કરતા છતાં તમે સર્વ વિકારોથી રહિત થયેલા રહો છો એ તમારા મોટા પરાક્રમને જાણવાથી સત્પુરુષના હૃદયમાં પણ આનન્દાવિર્ભાવ થાય એમાં આશ્ચર્ય નથી. તમારાં દર્શન તથા તમારો સહવાસ પુણ્યવન્ત પ્રાણીઓને પ્રાપ્ત થાય એ નિઃસંદેહ વાર્તા છે. જેના અન્તરથી માલિન્ય નિવૃત્ત થયું છે, જેનું અન્તર સ્વપરભાવવડે પ્રકટતા રાગદ્વેષાદિ ક્લેશજન્ય તાપથી તપ્ત નથી, જેનું અચંચલ ચિત્ત વસ્તુમાં સ્થિર થયું છે, જેની બુદ્ધિ અમર્યાદ, અવિક્રિય પરમાત્મતત્ત્વમાં અભેદભાવથી શમી રહી છે, અને આવરણભંગથી જેનો અન્તર્બહિર્ સર્વત્ર વર્તતો સ્વરૂપાનન્દ એકરસ થયો ભાસે છે, અને જેને કંઇ પણ કરવું પામવું શેષ રહ્યું ન હોવાથી અનુપમ પરમ સુખથી નિત્યતૃપ્તિ અનુભવમાં પ્રકટી છે એવા મહાપુરુષનાં દર્શન તથા સમાગમ બહુ પુણ્ય સંચયવાળાને જ હોય છે, એવું સચ્છાસ્ત્રનું તથા સત્પુરુષોનું સુદૃઢ મત છે. હે પંચવરદ મહાપુરુષ ! દિશાઓપર્યન્ત પૂર્ણ આકાશની પેઠે જે સ્વરૂપથી પૂર્ણ છે, સામ્યવસ્થાવાળી પ્રકૃતિની પેઠે જેમની અન્તર્બહિર્ની સર્વ ક્રિયાઓ શૂન્યભાવને પામી છે અને જેમને પુનઃ કદાચિત્ પણ શરીરીપણાના ભાસથી જાગ્રત્ થવાનો સમ્ભવ

નથી એવા વિદેહમહાત્મા તો દર્શન કરવામાત્ર હોય તો હોય છે, તેમના દ્વારા મુમુક્ષુતા કે મુક્તત્વને શરીરીઓ પ્રાપ્ત કરી શકતા નથી. પણ જેમ દ્વારમધ્યે ઊભો રહેલો પુરુષ ગૃહમાં અને બહિર્ દૃષ્ટિ નાંખતો ઉભયસ્થલની વાર્તાને જાણે છે, તથા જેમ જાનુ, કટિ, ઉર કે કંઠપર્યન્ત જલમાં ઊભેલો પુરુષ જલના તથા તટના અનુભવવાળો હોઈ ઉભયસમ્બન્ધી વાર્તા કરે છે, જેમ ભૂલોકમાં સ્થિત યોગી દૂરદર્શનરૂપ તથા આકાશગમનાદિરૂપ પોતાના યોગબલથી પ્રાપ્ત સામર્થ્યવડે આ લોકની તથા અન્ય સર્વ લોકની વાર્તાને જાણે છે, તેમ જીવન્મુક્તની પ્રથમ તથા બીજી, અને ભૂમિકાના ક્રમથી પાંચમી અને છઠ્ઠી ભૂમિકામાં રહેલો જીવન્મુક્ત મહાત્મા પુરુષ, પ્રકૃતિના જયને કરીને પ્રકૃતિના પારને પામેલો તથા સ્વરૂપના સાક્ષાત્કારવાળો આ માયા તથા અવિદ્યાનાસ્વરૂપને તથા પરમાત્મસ્વરૂપને યથાવત્ અનુભવતો હોવાથી તે ઉભયસમ્બન્ધી વાર્તાને જાણે છે. આ પ્રકારે ઉભયનાં સ્વરૂપને જાણનાર છતાં પાંચમી ભૂમિકામાં સ્થિત મહાપુરુષ પ્રસંગવશાત્ પોતાની મેળે પણ અને અન્યવડે પ્રેરણા કરવાથી પણ જીવના હિતમાં પ્રવૃત્ત હોય છે, અને છઠ્ઠી ભૂમિકામાં સ્થિત મહાપુરુષ તો અન્તઃકરણની અધિકતર વિલીનાવસ્થાવાળો હોવાથી માત્ર પરતઃ ઉત્થાનવાળો હોય છે; તેથી તે પોતાની મેળે જીવના કોઈ હિતને અર્થે જાગ્રત્ હોતો નથી, માત્ર અન્યના પ્રેરવાથી જ પાંચમીમાં સ્વતઃ પરતઃ ઉત્થાન અને છઠ્ઠીમાં કેવલ પરતઃ ઉત્થાન હોય છે, અર્થાત્ અધિક અને અધિકતર લીનાવસ્થા એ જ એ બે ભૂમિકાની વિલક્ષણતામાં હેતુ છે. અવિદ્યાસંસ્કારયુક્ત અન્તઃકરણનું અભિમાનીસહ અસ્તિત્વ એ જ દુઃખ વા ક્લેશરૂપ બન્ધનું કારણ હોય છે; અને અવિદ્યાસંસ્કારવિરહિત માયાબલમાત્રથી વિદ્યમાન અભિમાની ઈશત્વને અનુભવતો મુક્તાવસ્થા સેવે છે અને પછી અવિદ્યા તથા માયાબલનો દ્રષ્ટા હોઈ તે દ્રષ્ટાપણાથી પણ રહિત શુદ્ધ સ્વરૂપાવસ્થાનને પ્રાપ્ત હોય છે ત્યારે અભિમાની શરીરી કે દ્રષ્ટાઆદિ સંજ્ઞા નિવૃત્ત થયે બન્ધમોક્ષવ્યવહાર વિરમે છે, તથાપિ બન્ધમોક્ષની અપેક્ષાથી તેને નિત્યમુક્ત કહે છે.

હે સાધુ મહાત્મન્! આ પ્રમાણે હોવાથી અન્તિમ, સ્વતઃપરતઃ ઉત્થાનરહિત સપ્તમ ભૂમિકાને સ્પર્શ કરીને જે, તીરે અથડાઈ પાછા વળેલા સમુદ્રના તરંગની પેઠે, સ્વરૂપાનુભવ કરી અવિદ્યા તથા માયાલેશથી પાંચમી તથા છઠ્ઠી ભૂમિકામાં સ્થિત અન્તઃકરણજન્ય વૃત્તિથી વ્યવહાર કરતા ભાસે છે, તે મહાત્મા પુરુષ જ પોતે તૃપ્ત હોઈ અન્ય

આભાસમાત્ર પ્રતીત થતા શરીરી કે અભિમાનીઓને સંતૃપ્ત કરવા-રૂપ પરોપકારમાં પ્રવર્તે છે. અન્તિમ ભૂમિકામાં આરૂઢ થયેથી તે જ પુરુષો અવિદ્યા તથા માયાલેશથી વિમુક્ત થયા અર્થાત્ અવિદ્યા તથા માયાનો સ્વસ્વરૂપથી પૃથક્ અભાવ અનુભવતા આનન્દમગ્ન તે નિમિત્તાભાવથી પ્રવૃત્તિના અભાવવાળા હોય છે. જેથી કલ્યાણની ઇચ્છાવાળાએ સત્સંગરૂપે સેવવા યોગ્ય પાંચમી છઠ્ઠી ભૂમિકાવાળા પુરુષો જ છે, એ નિર્વિવાદ સત્ય છે. એવા મહાત્મા પુરુષો સર્વત્ર દુર્લભ છે, તથાપિ પ્રબલ પુણ્યાંશવડે જેમને ઈશ્વરપ્રસાદ પ્રાપ્ત છે તેમને આ વિશ્વમાં કંઈ પણ દુર્લભ નથી.

હે આત્મયાજિન્! આ નામરૂપાત્મક જગત્માં પ્રકટીને આપે કરવાયોગ્ય કર્યું છે તથાપિ શુદ્ધ સ્વધર્મના વિચારથી તથા સ્વજનોના હિતને અર્થે મહાત્મા પુરુષોનો આપ સંગ ઇચ્છો છો એ અતિ ઉત્તમ નીતિ છે. વિચારપ્રધાનમાર્ગે સ્વરૂપાનુસન્ધાન કરનાર પુરુષોને નિરન્તર તત્ત્વચિન્તન કે તત્ત્વવિચારનું શ્રવણ સાધનરૂપ ગણાય છે. દશ્યપદાર્થનો અન્તર્બહિર્ જેમને સંસર્ગ હોય તેમણે વૃત્તિને સદાકાલ અર્થાત્ પ્રતિદિવસ આવશ્યક દેહવ્યવહારથી અતિરિક્ત સર્વ સમયમાં, વસ્તુ-વિચારાદિ ઉપાયને સેવવા ઉચિત ગણ્યા છે. કારણ વિષયસંસર્ગથી વિષયસમ્બન્ધી સંસ્કાર અન્તઃકરણમાં પડે છે, અને તે પડેલા કે પડતા સંસ્કારો અન્તરમાં રહેલા સંસ્કારોને જાગ્રત્ કરે છે અને ઉત્તરોઉત્તર વિષયવાસનાને વધારે છે. તેથી **જેમને અન્તર્બહિર્ વિષયસંસર્ગ હોય તેમણે વસ્તુવિચાર તથા વિવેકવિચાર કર-વામાં પ્રમાદ સેવવો યોગ્ય નથી.** આ જનમંડલમાં એવાં ઘણાં-મનુષ્યો જોવામાં આવ્યાં છે કે જેમનો એકવાર આત્મશ્રેયાર્થ પરમાર્થ-વિચારમાં રૂડે પ્રકારે પ્રવેશ થયો હોય તોપણ પછી વ્યાપારબાહુલ્ય તથા અન્તર્બહિર્ વિષયસંસર્ગ અધિક થવાથી પ્રથમ તે વિચારમાં પ્રમાદ અને પછી તે વિચારોનું વિસ્મરણ અને અન્તમાં તે પરમાર્થ સમ્બન્ધી વિચારક્રિયામાં ઇષ્ટબુદ્ધિનો અભાવ થાય છે, અને તેથી તે પ્રાપ્ત જન્મમાં પરમાર્થથી ભ્રષ્ટ થાય છે. માટે કૃતનિશ્ચયાનુસાર સ્થિતિ પ્રાપ્ત થવાપર્યન્ત મનુષ્યોએ અવશ્ય કરવાયોગ્ય કાર્યમાં કદાચિત્ પણ પ્રમાદ રાખવો નહિ, પણ ઉત્તરોત્તર વિવેકપૂર્વક અધિક યત્ન કરતા રહેવું.

મને અનુભવ છે કે આ લોકમાં ઘણા વેદશાસ્ત્રનું અધ્યયન કરનારા અને વિદ્વાન્માં ગણાતા પુરુષો પણ પરમાર્થમાં અશ્રદ્ધાવાળા

હોય છે, શાસ્ત્રે વિધાન કરેલી વાર્તાના સત્યત્વમાં પણ સંશયવાળા હોય છે અને તેથી કર્તવ્યપ્રાપ્તવ્યસમ્બન્ધી યથાર્થ નિશ્ચય કરવામાં તેઓ અજ્ઞાની મનુષ્યસમ હોય છે. તે આપ્તવાકયમાં અશ્રદ્ધાવાળા મિથ્યાવિદ્વાન્માં ગણાતા પુરુષો તે વેદશાસ્ત્રને માત્ર આજીવિકાના સાધનરૂપ ગણીને ભણે છે અને સભામાં પક્ષ બાંધી વઢવામાં કે અન્યને પ્રબોધી વા ક્રિયા કરાવી ધનાદિ પ્રાપ્ત કરવામાં જ તેનો ઉપયોગ કરે છે. આ પ્રકારે કેવળ આજીવિકા કે વિવાદાર્થ ભણેલી તે વિદ્યા તેમને ખરું સુખ આપનારી હોતી નથી. મારા માનવાસમજવાપ્રમાણે વેદશાસ્ત્રના નિર્દોષ સિદ્ધાન્તો તો કેવલ તદનુકૂલ આચરણ કરનારના કલ્યાણાર્થે જ છે, માત્ર આજીવિકા ચલાવવાને કે અન્યને પ્રબોધવાને અર્થે નથી. માટે હે સજ્જનો! વેદશાસ્ત્રના સર્વોત્તમ શ્રેયસ્કર સિદ્ધાન્તને સત્પુરુષદ્વારા જાણીને તદનુકૂલ વર્તીને ઉત્તમોત્તમ ફલ મેળવવું એજ જન્મ ધર્યાનું સાર્થકય છે એમ જાણવું.

આ પ્રતીત થતા અસંખ્ય પ્રાણીઓમાં મનુષ્ય પ્રાણીઓ શ્રેષ્ઠ ગણાય છે, તથાપિ કેટલાંક અધમ મનુષ્યોપ્રતિ જો વિવેકદૃષ્ટિથી આપણે જોઈએ તો તેઓ ઊંચી જાતિના પશુપક્ષીથી પણ નેષ્ટ ગણવાયોગ્ય ઠરે છે. તેમની મતિ તથા તેમનાં આચરણ મનુષ્યને શોભે એવાં હોતાં નથી. આમ મનુષ્યના સમાન આકારવાળાં શરીર છતાં સર્વમાં મનુષ્યત્વ ન હોવાથી મનુષ્યસમ શરીર છતાં તેમની પશુઓમાં ગણના કરાય છે. આ કારણથી જેમને મનુષ્યશરીર પ્રાપ્ત હોય એવા સર્વ શરીરીએ **પ્રથમ મનુષ્યત્વ પ્રાપ્ત કરવાને નિરન્તર દૃઢ ઉદ્યોગ કરવો જોઈએ.** જ્યારે મનુષ્યત્વ આવે છે ત્યારે તેમને સત્પુરુષ અને સચ્છાસ્ત્રોદ્વારા ઊંચો અધિકાર પ્રાપ્ત કરવાની અભિલાષા પ્રકટ થાય છે. સચ્છાસ્ત્ર તથા સત્પુરુષોદ્વારા જ્યારે શુભેચ્છા પ્રકટે છે ત્યારે તેમને ઉત્તરોત્તર વિવેકવિરાગનો તથા વિવકવિરાગદ્વારા પ્રાપ્ત થતી શમદમાદિ છ સમ્પત્તિનો અધિકાર થાય છે, અને અન્તઃકરણની શુદ્ધિથી મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે. તે થયે શ્રવણમનનાદિનો અધિકાર આવે છે, તે પછી નિદિધ્યાસનની અન્તિમ અવસ્થાએ તત્ત્વજ્ઞાન થાય છે, તે પછી ચિત્તની સ્થિરતાવડે ક્રમે કરી મુક્તત્વનો તથા જીવન્મુક્તત્વનો તેઓ અનુભવ કરે છે; અને ત્યારેજ આ સંસારમાં જન્મ ધરેલો મનુષ્ય કૃતકૃત્ય ગણાય છે. આઆદિ વિવિધ પ્રકારના સાધનક્રમ વર્ણ્યા હોય છે, પણ અન્તિમ ફલમાં ભાગ્યે જ વિવાદ હોય છે. અધિકારભેદથી સાધનભેદ હોવા સમ્ભવ છે, પણ

અન્તિમ ફલમાં ભેદ હોવાનો સમ્ભવ નથી. કોઇકોઇ સ્થલે ગન્તવ્ય-સ્થાન તથા ગન્તવ્યમાર્ગ વા પ્રાપ્તવ્ય વસ્તુવિષયક ભેદ અજ્ઞાનાંશથી સ્થપાયો હોય છે, અને તેથી ઘણાં યોગ્ય શાસ્ત્રીય દૃષ્ટિવિનાનાં મતિહીન મનુષ્યો ભ્રમમાં પડે છે. પરન્તુ જ્યારે તે અલ્પજ્ઞ જીવોને અધિકારથી સત્પુરુષ કે સચ્છાસ્ત્રદ્વારા વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે તત્ક્ષણ તેમનો ભ્રમ છૂટીને તેઓ યથાર્થ નિશ્ચય ઉપર આવે છે; અને કેટલાક દુરાગ્રહી અજ્ઞાન મનુષ્યો પોતાના નિશ્ચયને યથાર્થ જાણ્યા છતાં પણ ત્યજતાં નથી. તેમાં તે શરીરીના અન્તઃકરણમાં રહેલા પાપરૂપ મલ જ કારણરૂપ છે. જ્યારે કોઇ ઉપાયથી વા નિમિત્તથી તે તે પ્રાણીના પાપરૂપ મલ ટળી જાય છે ત્યારે તેવા પાપીના પણ દુરાગ્રહ છૂટી જાય છે. માટે કોઇએ કોઇના દૃષ્ટાન્તથી નિશ્ચય કરવો નહિ, પણ પોતે અનુક્રમે સમજીને નિશ્ચય કરવો, અને તેમાં પ્રયત્નથી દૃઢ થવું. અનેક અલ્પજ્ઞ જીવો કોઇ બે ચાર જાતિના સૂક્ષ્મ ભેદવાળા નિશ્ચયો જાણીને તેમાં યથાક્રમે ચઢતો અને સર્વોત્તમ નિર્દોષ નિર્ણય કર્યો છે તે સમજી શકતા નથી અને તેથી ઓછી સમજણથી પ્રસંગે ઉત્તમ નિશ્ચયને નિકૃષ્ટ અને નિકૃષ્ટને ઉત્તમરૂપે માની લે છે; અને અધમ નિશ્ચયને સેવીને ઉત્તમનો તિરસ્કાર કે નિન્દા પણ કરે છે. તથાપિ એ સ્વભાવ અનર્થ આપનાર હોવાથી દુષ્ટ છે. તેથી કોઇ પણ નિશ્ચયને મનથી યોગ્ય પ્રકારે સમજ્યાવિના તેના ખરાખોટા કે ઊંચા નીચાપણાનો નિશ્ચય કલ્યાણની ઇચ્છાવાળાએ બાંધવો નહિ, પરન્તુ તે તે નિશ્ચયને ઉત્તમ પ્રમાણોથી ખરા કરી જાણી લેવાનો યત્ન કરવો ઘટે છે. આથી એવો નિયમ નીકળે છે કે મનુષ્યે નિશ્ચય કરવાપૂર્વે બહુ પ્રકારથી વિચાર કરવો. એક એક નિશ્ચયને ત્યજી બીજા બીજા નિશ્ચયને ધરવાના સમયે યોગ્ય પ્રમાણોથી સબલ દુર્બલ જાણીને પછી ગ્રહવાત્યજવાની ટેવ રાખવી, પણ **દુરાગ્રહથી અયોગ્ય નિશ્ચયને ન ત્યજવો તથા ઉત્તમ યોગ્ય નિશ્ચયને ન ગ્રહણ કરવો એવો દુષ્ટ સ્વભાવ રાખવો નહિ.**

જે જે શંકાઓને પ્રશ્નરૂપે મારા સમીપ પ્રકટ કરી છે તે સર્વ શરીરીએ અવશ્ય જાણવાયોગ્ય વાર્તાવિષયક છે, તથાપિ ઊંચા નીચા અધિકારથી કોઇને કોઇ શંકાનું સમાધાન પ્રથમ અવશ્યનું છે અને કોઇને કોઇ શંકાનું સમાધાન પશ્ચાત્ ઉપયોગનું છે. કેટલીએક શંકાનું સમાધાન, ગ્રહણ કરવાની યોગ્યતાવિના સમજી શકાય એમ નથી. આઆદિ વિચારથી પ્રકટ કરેલી શંકાઓને શ્રોતાઓના અધિકારથી

મને યોગ્ય ભાસે તેવા ક્રમમાં રાખીને સમાધાન આપીશ, માટે સર્વ શ્રેયઅર્થે શ્રવણની ઇચ્છાવાળાએ સાવધાનતાથી શ્રવણ કરવું અને પ્રકટ કરાયેલી શંકામાંથી કોઇ શંકાનું સમાધાન આપવું કે સમજાવવું રહી જાય તો તે, તેમ જ કોઇ નવીન પ્રશ્ન શંકારૂપે પ્રકટ થતો હોય તો તે, મારા મૌનને જોઇજાણીને પછી ઘટે તેમ પ્રકટ કરજો. જો થઇ શકે એમ હોય તો શ્રોતાને પ્રસ્તુત વિષયમાં સન્દેહરહિત કરવા એ જ વક્તાનો પ્રધાન ધર્મ છે.

આ જનસમુદાયમાં ખરું જોતાં અયોગ્ય વક્તાઓ, અયોગ્ય લેખકો, અને અયોગ્ય નિશ્ચયોમાં યોગ્ય બુદ્ધિ સ્થાપી તદનુકૂલ વર્તનાર અજ્ઞાન મનુષ્યો જ અયોગ્ય પ્રવૃત્તિના તથા અયોગ્ય જ્ઞાનના પ્રવર્તક છે. અયોગ્ય વા અયથાર્થ જ્ઞાન આ જીવને અર્થાત્ શરીરીને બહુ અનર્થ આપનાર હોય છે તેથી શરીરિમાત્રે અર્થાત્ મનુષ્યમાત્રે પોતાના તથા પરના વાસ્તવ કલ્યાણાર્થે અયોગ્ય લેખકોના લેખ, ઓળખીને તે ત્યજવા જોઈએ, અને અન્ય કોઇ શુભની ઇચ્છાવાળાં મનુષ્યો પણ તે લેખોને અયોગ્ય જાણી ત્યજે એવા પ્રયોગો સાધવા જોઇએ. જેમ લેખથી સાવધાન રહેવાનું છે તેમ જ તેવા અયોગ્ય વક્તાને ઓળખીને તેમનાં વચનો શ્રવણ કરવામાં પણ બહુ સાવધાનતા રાખવી અવશ્યની છે. અયોગ્ય નિશ્ચયોના વક્તાનાં વચનોથી પણ જો તે વક્તા, વક્તાનાં સામાન્ય લક્ષણોથી યુક્ત હોય છે તો તેના વક્તૃત્વથી ઘણા સામાન્ય મનુષ્યો મોહ પામે છે, અને તેનાં વચનોમાં વિશ્વાસ બાંધી તેમના આપેલા નિશ્ચયો પ્રમાણે વર્તે છે, અને દુઃખી થાય છે. તેથી પ્રથમ શ્રવણ કરવામાં તથા પાછળથી તે નિશ્ચયોને ગ્રહણધારણ કરવાયોગ્ય ગણવામાં મનુષ્યોએ બહુ વિચાર કર્તવ્ય છે. અનિષ્ટ કોઇને પણ પ્રિય નથી, તોપણ પ્રમાદથી કે અસાવધ અયોગ્ય લેખક વક્તાઆદિમાં અસાવધાનતાથી પ્રકટતા વિશ્વાસથી મનુષ્યો પોતે પોતાનું અનિષ્ટ સાધી લે છે. તેથી મનુષ્યોએ નિરંતર અયોગ્ય લેખકના લેખોથી તથા અયોગ્ય વક્તાનાં વચનોથી મોહિત થવું નહિ, પણ યોગ્ય પ્રકારે પોતાના હિતનો યોગ્ય લેખકોના લેખથી તથા યોગ્ય પરોપકારી કુશલ વક્તાઓનાં વચનથી નિશ્ચય કરવો, અને તે પ્રકારે વર્તીને સુખી થવું. ઘણા મનુષ્યો બીજાના વર્તનને જોઇને વા જાણીને તે પ્રમાણે વર્તે છે, પરંતુ એ નિયમ સર્વાંશે નિર્દોષ નથી. શ્રેષ્ઠ સજ્જનોના સંબંધીસંસર્ગીઓ

તો શ્રેષ્ઠ સજ્જનોના આચારને જોઈ જાણી સેવે છે; અને તે યોગ્ય છે. એવો નિયમ પણુ બંધાયો છે કે **यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो-जनः**—મોટા પુરુષો જે જે આચરે છે તેને જ ઇતર જનો પણુ આચરે છે, પણુ સર્વને શ્રેષ્ઠ પુરુષોનો સંબંધ કે સંસર્ગ હોવો દુર્લભ છે; તેમ જ સ્વસ્વભાવાનુસાર તથા વિવિધ નિમિત્તોથી ઘણા મનુષ્યોને દુષ્ટ દુર્જનોનો સંબંધ તથા સંસર્ગ હોય છે, તેથી તે મનુષ્યોને તે દુષ્ટ દુર્જનોના લેખ, વચન અને આચાર જ જોવા, તેમ જ સાંભળવા અનુકરણુ કરવા મળે છે, અને તેથી તે રંકસરખા મનુષ્યો તે અયોગ્ય મનુષ્યોદ્વારા અયોગ્ય નિશ્ચયોને જાણે છે, તેને ગ્રહણુ–ધારણુ કરે છે, અને તે પ્રમાણે વર્તે છે, અને એ અયોગ્ય વર્તનથી આ સંસારમાં અનિષ્ટ મેળવી દુઃખી થઈને નીચી ગતિએ ઉત્તરોત્તર દુઃખ આપનાર પ્રવાહમાં વહેતા જાય છે. આ પ્રકારે યોગ્યઅયોગ્ય મનુષ્યોના સંબંધ-સંસર્ગથી મનુષ્યોને ઇષ્ટાનિષ્ટપ્રાપ્તિનો સંભવ છે. તેથી જ આપણુા પૂર્વમહાપુરુષો અને વર્તમાન મહાપુરુષો નિરન્તર સત્સંગતિની અને સચ્છાસ્ત્રની સ્તુતિ કરતાં તેમના સંત્સંગને સેવવા કહી ગયા છે, અને કહે છે; અને એ જ પ્રમાણે દયાલુ મહાપુરુષો મનુષ્યોને અનિ-ષ્ટથી રક્ષવાઅર્થે દુષ્ટ દુર્જનોના સંબંધસંસર્ગથી નિવૃત્ત રહેવાને કહી ગયા છે અને કહે છે.

અબુદ્ધ અને સામાન્ય મતિના મનુષ્યોને સજ્જનદુર્જનની પરી-ક્ષા કરવાનું સામર્થ્ય પ્રાપ્ત હોતું નથી, એ જાણીને તેમના પ્રતિ-ઉપકાર કરતા મહાપુરુષોએ સ્થલે સ્થલે લક્ષણુ સ્પષ્ટ કરીને તે યોગ્ય-અયોગ્ય પુરુષને ઓળખાવવા પ્રયત્ન કર્યો છે, અને તે ગુરુજનોના સુપ્રયોગથી તે અબુદ્ધ તથા સામાન્ય મતિના મનુષ્યોને પણુ બહુ લાભ થયો છે અને થાય છે તથા ઉત્તરોત્તર કાલે થતી તેવી તેવી પ્રજાને તે લાભ થશે. જે પ્રબુદ્ધ જનો છે તેમને તો તે અયોગ્ય જનોની સંગતિથી હાનિનો પ્રસંગ હોતો નથી; તેથી યોગ્ય વય થતા પર્યંતમાં પોતાની મતિનો અધિકાર વધારતાં મનુષ્યોએ દુષ્ટ સંગતિથી નિવૃત્ત રહીને સત્સંગતિ સેવતાં પ્રબુદ્ધ થવું અવશ્યનું ગણાય છે. આઆદિ વિચારોના જ્ઞાતા આપ મહાત્માએ સદા પ્રબોધનને અપ્રાપ્ત એવા પોતાના સંબંધીસંસર્ગીઓને પ્રબુદ્ધ કરવાઅર્થે આ પ્રકારે મહા-પુરુષોનો સંગ સેવવા નિયમ રાખ્યો છે એ અતિ ઉત્તમ છે. અનેક દેશમાં મિથ્યા ભ્રમવાથી, અનેક ગ્રંથો વા લેખો યોગ્ય પ્રકારે સમજ્યા

વિના પોતાની મેળે વાંચવાથી અને અનેક પ્રકારે પોતાની મેળે જ અયોગ્ય પ્રકારે વિચાર કે તર્કવિતર્કવડે નિશ્ચયો કરવાથી જે અનર્થ થાય છે તે અનર્થની નિવૃત્તિઅર્થે, તથા તે પ્રકારે કરેલા શ્રમથી ન પ્રાપ્ત થઈ શકે એવા ઉત્તમ પ્રબોધને પ્રાપ્ત થવાઅર્થે આપે આરંભેલો આ મહાત્માના સમાગમરૂપ શુદ્ધ પ્રયોગ નિ:સંદેહ અતિ ઉત્તમ છે. **અનેક સત્પુરુષોથી પ્રાપ્ત થતા નિશ્ચયો એક જ પ્રકારના હોય છે; પણ એક વા અનેક અયોગ્ય પુરુષથી પ્રાપ્ત થતા નિશ્ચયો દુષ્ટ અને અનેક હોય છે; તેથી તે અસાવધ શ્રોતાને બહુ અનર્થ** કરે છે. માટે સમાગમ કરીને નિશ્ચયો ગ્રહણ કરવામાં અને હિતકર જાણી ધારણ કરી પાલન કરવામાં અધિકારપરત્વે વિશેષ સાવધાનતા રાખવી અવશ્યની છે. તે સાવધાનતા આપસમ મહાપુરૂષના સંબંધી સંસર્ગીઓમાં સ્વભાવથી જ પ્રાપ્ત હોય એમાં આશ્ચર્ય નથી, અને તેથી આપસમીપ સુબોધ ગ્રહણ કરનાર સુજ્ઞ મનુષ્યોને કોઇ પ્રકારથી પણ આ પ્રયોગ અનર્થપ્રાપ્તિમાં હેતુરૂપ થઈ પડે એવો સંભવ નથી. મનુષ્યના અંતઃકરણમાં મોટો ભેદ ગુણદોષની ન્યૂનાધિકતાથી હોય છે, અને ગુણદોષ ન્યૂનાધિક થવામાં અંતર્બહિર્ ઉત્તમ, મધ્યમ, મંદ પ્રાણિપદાર્થોનો સંસર્ગ કારણરૂપ હોય છે. માટે નિરંતર તેવા સંસર્ગને ત્યજી રહેનાર ધીમંત મનુષ્યોએ પોતે પોતાના અશુદ્ધ સંબંધીઓને તેવા સંસર્ગથી નિવૃત્ત રહેવા જાગ્રત્ રાખવા પ્રયત્ન સેવવો ઉચિત છે, એ નિયમાનુસાર વર્તતા હે નરેશ! આપ સર્વ સંબંધીવર્ગના વ્યવહારપરમાર્થ ઉભય પક્ષે ગુરુ છો.

મનુષ્યજાતિના શરીરને પામનાર શરીરીએ સાધવાયોગ્ય વિવિધ વ્યવહાર છે તથા અંતમાં અવશ્ય સાધવાયોગ્ય પરમાર્થ છે. તે વ્યવહારપરમાર્થને જે મનુષ્ય જન્મ પામીને યથાવિધિ ઉત્તમ પ્રકારે સાધતું નથી તે મનુષ્ય આ લોકમાં નિંદાને તથા દુઃખને પાત્ર હોય છે, અને લોકાંતરપ્રાપ્તિસમયે અનિષ્ટને પામે છે. દુ:ખ વા અનિષ્ટ અંશતઃ પણ કોઇને પ્રિય નથી. તેથી સદા દુઃખની તેમ જ દુઃખરૂપ સર્વ પ્રકારના અનિષ્ટની નિવૃત્તિ સર્વ મનુષ્યે અનેક પ્રયત્નથી પણ કર્તવ્ય છે. **આલસ્યપ્રમાદાદિ દોષોને વશ વર્તતાં સ્વધર્મને ન જાણનારાં અથવા સ્વધર્મને જાણીને ન સેવનારાં મનુષ્યો અધમ અને દુષ્ટ ગણાય છે.** પ્રજ્ઞ પુરુષોનો એવો બલવાન્ નિશ્ચય છે કે બે હાથવાળાં અને વ્યવહારોપયોગી અંતઃકરણવાળાં મનુષ્ય

શરીરને પામેલાં, ઇન્દ્રિય તથા અવયવોના બલસંપન્ન મનુષ્યોમાં જે કોઇ, 'હું અન્નવસ્ત્રને મેળવવા સમર્થ નથી, અને મરણને શરણ થાઉં છું' એમ વદે, અને અધર્મથી ભિક્ષા માગી જીવવા ઇચ્છે તો તે મનુષ્યને આલસ્યાદિ દોષના આગારરૂપ અને મૂર્ખ જાણવું.

જે મનુષ્ય સમયને અને કર્તવ્યને યોગ્ય પ્રકારે જાણતું નથી, અને સામર્થ્ય છતાં સમયે સમયે કરવાયોગ્ય કર્તવ્યને સાવધાનતાથી કરતું નથી તે મનુષ્ય આલસ્યાદિ દોષમગ્ન અને મૂર્ખ છે, એમ જાણવું.

સમયને તથા કર્તવ્યને ન જાણનાર મનુષ્ય પ્રયત્નવડે ગુરુજનોથી સમયપરત્વે કરવાયોગ્ય કાર્યને જાણે નહિ તથા ઉત્સાહથી કર્તવ્યમાં જોડાય નહિ, તેને પણ પ્રમાદી અને મૂર્ખ જાણવું.

ઉત્તમ મનુષ્યશરીરને પ્રાપ્ત થયેલું અને જેનું સામર્થ્ય રોગાદિ નિમિત્તોથી ક્ષીણ થયું ન હોય એવું મનુષ્ય જો પ્રથમાવસ્થામાં કરવા-યોગ્ય કાર્યને ઉત્તરાવસ્થામાં અને ઉત્તર કે મધ્યમાવસ્થામાં કરવા-યોગ્ય કાર્યોને પ્રથમાવસ્થામાં કરવા ધારે તેને પણ મૂર્ખ જાણવું.

સૃષ્ટિનિયમથી જન્મને પ્રાપ્ત મનુષ્ય, સંસારી શરીરી દશાને પ્રાપ્ત થઈને જે જે કરવા યોગ્ય નિર્દોષ કાર્ય છે, તેને જાણવા, સાધવા તથા યોગ્ય સમયે આશ્રિતોને સધાવવા યત્ન કરતું નથી, તે મનુષ્ય મરણપર્યંત અબુદ્ધ મનાય છે.

પોતાના કુલાચારને જોવાથી જાણીને, તથા પોતાની વડિલ-પરંપરાથી થતા આવતા યોગ્યાયોગ્ય વ્યવહારને જોઈજાણીને તથા તેવાં સામાન્ય મતિનાં મનુષ્યોથી સૂચવાયલા સર્વસામાન્ય વ્યવહારોને જ સાધવા યત્નોવાળું મનુષ્ય સામાન્ય મતિનું ગણાય છે.

જે શરીરી સામાન્ય નિયમથી જાણવાયોગ્ય સર્વ વ્યવહાર જાણીને પછી યોગ્યાયોગ્ય કાર્યને વિવેકથી જાણીને, તેની યોગ્ય પ્રકારે વ્યવસ્થા કરીને પોતાની મતિથી વા શાસ્ત્ર કે સત્પુરુષોથી વિધિ કે નિયમો જાણીને, સર્વ વ્યવહારકાર્યને પોતાના વડિલો કરતાં પણ ઉત્તમ પ્રકારે સાધે છે, તથા આ લોકમાં સદાચાર તથા સદ્‌ગુણથી યુક્ત રહી સંપત્તિસહ સત્કીર્તિ પ્રાપ્ત કરી સમયે સમયે યોગ્ય વિધિનિયમથી અવશ્ય સાધવાયોગ્ય પરમાર્થને સાધવા યત્ન કરતો અંતે સ્વ-પુરુષાર્થથી ઉત્તમ પ્રકારે સાધે છે, તે શરીરી પુરુષ પ્રબુદ્ધ મનાય છે.

આ ત્રણમાં પ્રબુદ્ધ પુરુષ ઉત્તમ હોવાથી અને મનુષ્યત્વને પ્રાપ્ત હોવાથી શ્રેષ્ઠ વા સંસ્કારી ગણાય છે; સામાન્ય મતિનાં મનુષ્યો તો મનુષ્યત્વને, યોગ્ય પ્રયત્ન કરે તો, પ્રાપ્ત થવાયોગ્ય હરે છે તેથી તે મધ્યમમાં ગણાય છે, અને જેમને મનુષ્યતા બહુ કષ્ટે પ્રાપ્ત થવાયોગ્ય છે, એવાં આલસ્યાદિ દોષયુક્ત મૂર્ખમાં ગણાતાં મનુષ્યો મંદમતિ અધમની પંક્તિમાં ન છતાં પણ અધમમાં ગણાય છે. ખરું જોતાં તો જે અનેક પ્રકારના કષ્ટથી પણ મનુષ્યત્વને પ્રાપ્ત થવાયોગ્ય હોતાં નથી તે જ અધમ ગણાય છે. **આ વિશ્વમાં અધમ કે અધમથી પણ અધમ મનુષ્યોએ નિરાશ થવાસરખું નથી, કારણ કે તે અધમ અને અધમથી અધમ મનુષ્યો પણ યોગ્ય ઉપચારોથી ઊંચી ઊંચી પંક્તિમાં આવી શકે છે.** માટે પોતાના અધિકારને જોઈ જાણીને તેથી ચઢવાનો પ્રયત્ન સાધવો ઉચિત છે. કોઈએ પણ મનુષ્યત્વ અસાધ્ય ગણીને નિરાશ થઈ બેસી રહેવું ઉચિત નથી. ગુરુજનોનો અને સત્પુરુષોનો એ જ ધર્મ, શાસ્ત્રે તથા સચ્છાસ્ત્રે પ્રસિદ્ધ છે કે તેમણે વિવિધ યુક્તિથી પરિચિત તથા અપરિચિત મનુષ્યને મનુષ્યત્વને પ્રાપ્ત કરી ક્રમવડે ઉત્કૃષ્ટ ગતિને પ્રાપ્ત કરવાં.

અથ મંગલમ્ ૧

દોહરો.

પૂર્ણ બ્રહ્મ શ્રીનરહરે! પ્રેરો પ્રતિભાસ્ફુર્ણ;[૨]
કે હું તમ શિશુ કરિ શકું, ત્રિજો સમાગમ પૂર્ણ. ૧

હવે વચમાં **શ્રી**પંચવરદ મહારાજાએ પ્રવક્તા મહાત્માને સંબોધીને કહ્યું:—હે જગદુદ્ધારક પરમકૃપાળુ જગન્નિયંતાના સગુણસાકારરૂપ ભગવન્! અદ્યાપિપર્યન્ત જે જે જીવન્મુક્ત મહાત્માઓના સમાગમ પ્રાપ્ત કરવા હું સદ્ભાગી થયો છું, તે સર્વેના વચનામૃતથી હું દશ્ય પ્રપંચનું ભાન વિસરીને આત્મસ્થ વૃત્તિના અવર્ણનીય આનંદના મહાસાગરમાં ઝીલતો હતો, અને સર્વ જિજ્ઞાસાની તૃપ્તિને અનુભવતો હતો. તેમાંથી આપનાં છેલ્લાં વાક્યોએ મને પુનરુત્થાન પમાડીને જિજ્ઞાસાની રંગભૂમિપર આણ્યો છે. તે મારે માટે હિતાવહ છે કે અન્યથા

૧. અહીં લગી આદ્ય આચાર્ય શ્રીમન્નૃહાચાર્યજીનો લખેલો લેખ અત્રથી વર્તમાન આચાર્ય શ્રી સુરેશ્વરાચાર્યે આગળ લખી તૃતીય સમાગમ પૂરો કર્યો છે. ૨. સ્ફૂરણ, સ્ફૂર્તિ

છે, તે હું નિર્ણય કરી શકતો નથી. તેથી આપ સર્વજ્ઞ મને આ સંબંધે યોગ્ય સમજણ પાડશો.

મહાત્માએ મંદ હાસ્યપૂર્વક મર્મજ્ઞ નેત્રચેષ્ટાથી પ્રશ્ન કર્યો:–હે સ્વધર્મપરાયણ તત્વજ્ઞ રાજર્ષિ ! આપ જે પુનરુસ્થાન અને જિજ્ઞાસાનો ઉલ્લેખ કરો છો, તે સ્થિતિનાં સ્વરૂપલક્ષણનો ખ્યાલ આપો, તો એ સંબંધી જે કાંઇ જ્ઞાતવ્ય મન્તવ્ય અને કર્તવ્ય હોય તે સંબંધી સ્પષ્ટ સમજાવી શકાય.

શ્રીપંચવરદ નરેશ સરલ ભાવે કહેવા લાગ્યાઃ–હે સર્વજ્ઞ કૃપાળુ! આપશ્રીએ હમણાં એમ દર્શાવ્યું કે–"કોઇએ પણ મનુષ્યત્વ અસાધ્ય સમજી નિરાશ થઈ બેશી રહેવું ઉચિત નથી. ગુરુજનોનો અને સત્પુરુષોનો એજ ધર્મ શાસ્ત્રે તથા સચ્છાસ્ત્રે પ્રસિદ્ધ છે કે વિવિધ યુક્તિથી પરિચિત તથા અપરિચિત મનુષ્યને મનુષ્યત્વને પ્રાપ્ત કરી ક્રમવડે ઉત્કૃષ્ટ ગતિને પ્રાપ્ત કરવાં." આ ભાવને અનુસરીને મારા શાસનના સમયમાં એટલે જે સમયે હું રાજ્યકાર્યમાં પ્રવૃત્ત હતો તે સમયે વર્ણાશ્રમના નિયમપ્રમાણે મારા પ્રજાજનના અધિકારાનુસાર પઠનપાઠનની વ્યવસ્થા યથેષ્ટ ચાલે તેટલા માટે હું જાતે મારાથી બની શકે તેટલી સાવધાનતા રાખી વ્યવસ્થા કરતો હતો. ગુરુકુલો ચલાવનાર ઉત્તમ બ્રહ્મણો જ હોય તે બાબત હું ખાસ કાળજી રાખતો હતો, અને તે કુલગુરુઓ અને પુરોહિતો પોતાના અંતેવાસીઓ (વિદ્યાર્થીઓ) ધર્મ્ય આચારવિચારવાળા થાય તેમાટે સવિશેષ ધ્યાન આપી તેમને વ્યવહારપરમાર્થવિષયક વિવિધ વિદ્યાકળાઓમાં નિષ્ણાત કરવામાં સંતત સંલગ્ન રહેતા. મારા પોતાના ગુરુજનોએ તેમજ આપશ્રીના સરખા સર્વજ્ઞ મહાત્મા પુરુષવરોએ આ સંબંધી મને જે જે સૂચનાઓ કરેલી તે સાવધાનપણે લક્ષમાં રાખી પ્રજાના રક્ષણશિક્ષણનું કાર્ય શાસ્ત્રવિહિત રીતે કરવામાં આવતુ હતું. આપ્રમાણે મારી પ્રજા પ્રધાનપણે સદ્વિચારમાં અને સદાચારમાં સુદૃઢ બની છે, તેથી વિદ્યાકળામાં કોઇ વ્યક્તિ કે જાતિ કદી ઓછી કુશળ હશે, પણ મારી પ્રજામાં પ્રત્યેક વ્યક્તિ કે જાતિ સદ્વિચારમાં અને સદાચારમાં મોટે ભાગે અધિક શુશિક્ષિત થઈ શકી છે. હાલ આ જે ચિરંજીવી પાટવી કુમાર સર્વ રાજ્યશાસન ચલાવે છે, અને આપના અમૂલ્ય સદુપદેશના શ્રવણમાં અહીં ઉપસ્થિત છે તે પણ મેં અંકિત કરી આપેલી પ્રણાલિકા પ્રમાણેજ રાજ્યમાં રક્ષણશિક્ષણાદિક

વ્યવસ્થા કરે છે. તેથી હું મારી અવસ્થાપ્રમાણે સ્વરૂપાનુસંધાનમાં સર્વ સમય ગાળી શકું છું; અને સ્વરૂપાનુસંધાનના સાધનરૂપ શ્રવણ મનન અને નિદિધ્યાસનરૂપ તથા યોગાનુષ્ઠાનરૂપ પ્રયત્નોમાં નિમગ્ન રહેવાથી પ્રાપ્ત થતાં શાન્તિ અને આનંદથી જીવન વ્યતીત કરું છું. રાજ્યના રક્ષણશિક્ષણમાટે કાળજી કરવાનો ભાર જ્યારે હું વહન કરતો હતો, ત્યારે તેવાં શાન્તિ અને આનંદનું મને ભાન થતું નહોતું તેથી મને હવે રાજ્યકાર્યઉપર અરુચિ ઉપજે છે; અને આત્માનુસંધાનપર વેગ બહુ પ્રબળ થતો જાય છે. પણ આજે આપના શ્રીમુખે ગુરુજનોના અને સત્પુરુષોના ધર્મસંબંધી વચનનોના શ્રવણથી એ જાણવાની ઉત્કટ ઇચ્છા ઉદ્દભવી છે કે—જે વિવિધ યુક્તિઓથી પરિચિત તથા અપરિચિત મનુષ્યોને ઉક્ત ગુરુજનોએ અને સત્પુરુષોએ મનુષ્યત્વને પ્રાપ્ત કરવાનો તેઓનો શાસ્ત્રોક્ત ધર્મ છે, તે યુક્તિઓ શી શી છે, અથવા કેવા પ્રકારની છે, તે આપશ્રીના મુખારવિંદથી જાણવાની ઇચ્છા ઉપજી છે. કેમકે આ ચિરંજીવી કુમાર તથા તેનો કુમાર વગેરે જેઓ આપશ્રીના પુણ્ય પદારવિંદમાં અત્રે ઉપસ્થિત છે, તેઓને આસંબંધી જ્ઞાન અધિક ઉપયોગનું છે; અને મારા શાસનસમયમાં મેં જે પ્રજાશિક્ષણસંબંધી યોજના અને પ્રવૃત્તિ કરી હતી તેમાં શી શી ખામીઓ અને ન્યૂનતાઓ રહી ગઈ છે તે જાણવાની પણ કુતૂહલવૃત્તિ હૃદયમાં જાગ્રત્ થઈ છે. પણ આપ્રમાણે આ મારી વૃત્તિ ભૂતપ્રતિબંધ (ગયાગુજર્યા સમયની બાબતો)ના સ્મરણતરફ વળે છે. તે અંતઃકરણને રુચતું નથી, પણ ખૂચે છે. મારી મતિગતિપ્રમાણે મારી વૃત્તિના પુનરુત્થાન અને જિજ્ઞાસાનું સ્વરૂપ મેં આપશ્રીઆગળ નિવેદન કર્યું, આપ સમર્થ આસંબંધે આપને યોગ્ય લાગે તે ઉપદેશ કરુણાદૃષ્ટિથી આપશો.

મહાત્માએ ગંભીરતાથી મંદહાસ્ય કરીને કહ્યું–હે ઉત્તમ સંસ્કારવાન્ ઋષિકલ્પ રાજેન્દ્ર! આપનો આ પ્રશ્ન આપના અંતઃકરણના ઉચ્ચતર કક્ષાએ પહોંચેલા અધિકારને સૂચવે છે, તેમજ આપના શુદ્ધ ક્ષાત્રકુલની ઉચ્ચગામિની પ્રકૃતિનો પણ પરિચય આપે છે. હે નરવર! આપે તો રજોગુણનું અતિક્રમણ કરીને સત્વગુણની મર્યાદાના પ્રદેશમાં પ્રવેશ કર્યો છે. તેથી તેમજ આપના પ્રાક્તન સંસ્કાર પણ આપને ગુણાતીત અવસ્થાપ્રતિ વેગ આપનાર હોવાથી આપને આ ગુરુજનોના અને સત્પુરુષોના ધર્માધર્મસંબંધી વિષય અરુચિ ઉત્પન્ન કરે એ સ્વાભાવિક છે. પણ એ અરુચિની સાથે સાથે આપને મનુષ્યોને મનુષ્યત્વમાં

અણુવાની વિવિધ યુક્તિઓવિષે સાભળવામાં જે ઇચ્છા પ્રેરે છે, તેતો આપની ક્ષાત્રજન્મસિદ્ધ પ્રકૃતિનો પ્રભાવ જ છે. તેથી અંતઃકરણની આવી સ્થિતિને માટે કોઇ પ્રકારની ચિંતા કરવા જેવું નથી. કેમકે પ્રજાના રક્ષણશિક્ષણમાં જેમનો અંતર્ભાવ થાય છે એવી એ યુક્તિઓનું જ્ઞાન ધર્મ્ય હોવાથી તેવિષેની જિજ્ઞાસા તે પણ ધર્મ્ય જ છે, અને તે ધર્મ્ય હોવાથી હિતકર જ છે. હે ઉત્કૃષ્ટ પ્રારબ્ધવાન્ રાજેન્દ્ર! મોક્ષમાર્ગના પ્રવાસીએ એક વાત તો હંમેશ લક્ષમાં રાખવાનીજ છે, તે આ છેઃ-**ધર્માચરણનાં સાધન અને તેમનો પ્રયોગ એ મોક્ષના ઉમરાઆગળ આવતાંલગી મનુષ્યને અનિવાર્ય આવશ્યકતાવાળાં** છે. ધર્મ પણ સ્વયં મુક્તિપ્રાપ્તિમાં તો પ્રતિબંધ જ ગણાય છે, તોપણ જ્યાંલગી મોક્ષની ભૂમિકા આવે ત્યાંલગી તો એ ધર્મ પ્રતિબંધ નથી, પણ મોક્ષમાર્ગના પ્રવાસીનો આધાર અથવા વાહન છે. તેમાંથી કૂદી બહાર પડતાં અથવા તેને છોડતાં તે પ્રવાસીનું પતન થાય છે, અને તેનો નાશ થાય છે.

આ વિષયને અધિક સ્પષ્ટ કરીને સમજાવવા આપણે એક ઉદાહરણ લેઇશુંઃ-કોઇ ભીંત ચણનાર કડિયો ભીંત ચણતો જાય છે તેમ તેમ પોતે જેના ઉપર બેસીને કામ કરે છે, તે પાલખને ઉપર ઉપર લેતો જાય છે; અને જ્યારે છેવટે પોતે ધારેલી ઊંચાઈએ તે પહોંચે છે, ત્યારે તે પોતાની પાલખ ઉપરથી તૈયાર થયેલી ભીંત-ઉપર પગ દેઈ શકે છે. અથાત્ ત્યારેજ તે પાલકનો ત્યાગ કરી શકે છે. તેવિના તે પાલખનો ત્યાગ કરી શકતો નથી. જો પોતે ઇચ્છેલી ઉચાઈએ એ ભીંત પહોચેલી ન હોય તે સ્થિતિમાં તે કડિયો તે ભીતઉપર જઈ બેસે તો તે ભીંત પોતાની ધારેલી ઉંચાઈએ ચણીને લેઈ જઈ શકાતી નથી. અર્થાત્ તે જ્યાંનો ત્યાં રહે છે, અને પોતાના ભીંત ચણવાના કાર્યથાં આગળ વધી શકતો નથી. એટલું જ નહિ પણ જો તે પેલી ભીંતપર પણ જઈ બેસવા ઇચ્છે નહિ, અને પેલી પાલખ પર પણ બેસી રહેવા ઇચ્છે નહિ તો તો તેને પાલક પરથી કુદી નીચે જમીનપર પછડાઈ મરવા સિવાય ત્રીજો ઉપાય તો છે જ નહિ. તેથી ઇષ્ટભૂમિકાએ પહોચતાં લગી સાધકે ધર્માનુષ્ટાન છોડવું નહિ. પ્રાપ્તવ્ય સ્થાનરૂપ નિર્વિકલ્પદશા પ્રાપ્ત થતાં એની મેળે જ ધર્મ-પ્રતિબંધ પણ છુટી જવાનો. એક બીજું ઉદાહરણઃ-જે માણસને સમુદ્રના એક કાંઠેથી સમુદ્રપાર સામે કાંઠે જવું હોય તો તેણે જેમ

હોડીનો આશ્રય લેઈને પ્રવાસ કરવો પડે છે, અને સામો કિનારો આવે ત્યાંલગી હોડીમાં જ રહેવું પડે છે, તે જ પ્રમાણે મુક્તદશા પ્રાપ્ત થતાંલગી સાધકે ધર્મને વળગી રહેવાનું છે–ધર્મમાં દૃઢ રહેવાનું છે. મોક્ષભૂમિકા આવી પહોંચતાં ધર્મને મોક્ષશાસ્ત્રમાં પ્રતિબંધ કહ્યો છે અને તેથી છેવટે તે પણ છોડવાનો છે એમ કહ્યું છે–તેટલાજ ઉપરથી, ગમે ત્યારે છોડી દેવાનો નથી, પણ દૃઢતાથી તેનું અવલંબન પકડી રાખવાનું છે; કેમકે મોક્ષભૂમિકારૂપ કિનારો આવી લાગ્યાવિના જ ધર્મરૂપ હોડીમાંથી બહાર કૂદી પડનાર તો ભવસાગરમાં પડીને ડૂબે જ છે. તેથી છેક મુક્તાવસ્થાની લગોલગ જઈ પહોંચાય ત્યાંલગી ધર્મના જ્ઞાન ભાન અને અનુષ્ટાનની યથાસંભવ જાગરુકતા રહે એ ઇષ્ટાર્થ જ છે. રાજર્ષિતરીકે આપના સ્વધર્મનું ભાન અને ધર્મવિષયક જિજ્ઞાસા જાગ્રત્ રહે એ આપની પરમાર્થમાં થતી પ્રગતિને કોઇ પણ રીતે હાનિ પહોચાડે તેમ નથી, પરંતુ દૈવી સત્તાદ્વારા આપની તે પ્રગતિને હિતકર ઇષ્ટ વેગ આપે તેમ છે.

શ્રીપંચવરદ મહારાજા કાંઇક સંતોષ પામી બોલ્યાઃ–હે પ્રત્યક્ષ ઈશ્વરસ્વરૂપ મહાત્મન્! આપના મુખથી નિકળેલાં વચનોથી મને મારી મનોદશાથી જે કાંઇક અસંતોષ પ્રતીત થતો હતો તે ઘણે અંશે દૂર થયો છે. પરંતુ મારી વૃત્તિનું આપ્રમાણે પુનરુત્થાન થતાં મને જે સ્વરૂપાનુસંધાનપ્રતિના વેગવાળી દશામાં જીવન્મુક્તિનો નિતાન્તશાન્ત આનંદમય પ્રકાશ સર્વત્ર અનુભવમાં આવતો હતો તેનો લોપ થયો અનુભવાય છે. તેથી મને એવી પ્રતીતિ થાય છે કે એ ઉચ્ચ જીવન્મુક્તિની દશામાંથી મારું નીચે ઊતરવું થયું છે. તે મારા અંતઃકરણમાં ખૂચે છે. આ સ્થિતિ મારે માટે ઇષ્ટરૂપ ગણાય કે અનિષ્ટરૂપ ગણાય તેવિષે આપ સર્વજ્ઞ મહાત્મા મને યોગ્ય સમાધાન કૃપા કરીને આપશો.

શ્રીપંચવરદનાં આ વચનો શ્રવણ કરીને સ્મિતપૂર્વક તે મહાત્મા ધૈર્ય આપતાં બોલ્યાઃ–હે સાત્ત્વિક રાજાધિરાજ! આપને જે ઉચ્ચ દશામાંથી નીચેની દશામાં ઊતર્યાનો અનુભવ થાય છે, તે તો વાસ્તવિક છે. કેમકે આપ આ પ્રમાણે નિત્ય મહાત્માઓના સત્સંગના પ્રભાવથી અને આપના અંતઃકરણના ઉચ્ચ અધિકારથી શ્રવણમનનદ્વારા પ્રાપ્ત થયેલા આત્મદર્શનના નિદિધ્યાસનદ્વારા સહજ સિદ્ધ થતા સ્વરૂપાનુસંધાનથી જીવન્મુક્તિનો સહજાનંદ અનુભવતા હતા તેમાં આપના રાજાતરીકેના ગુરૂધર્મસંબંધી ઉલ્લેખ થતાં તે સંબંધી જ્ઞાતવ્યકર્ત્તવ્યજિજ્ઞાસાનું પુનરુત્થાન થતાં આપના અંતઃકરણની વૃત્તિની શાન્તપ્રવાહિતામાં વિક્ષેપ પડવાથી આપને પ્રતીત થતો જીવન્મુક્તિનો

આનંદમય શાન્ત પ્રકાશ પ્રવૃત્તિની પૂર્વભૂમિકામાં અવરોહ પામવાથી આપના અંતઃકરણમાં તે ખૂંચે છે, તે તો નૈસર્ગિક છે. પણ એથી આપના પરિણામી હિતને કાંઇ પણ હાનિ થનાર નહિ હોવાથી તે આપને માટે અનિષ્ટરૂપ નથી, પણ સર્વથા ઇષ્ટરૂપ જ છે, એ આપ નિશ્ચય સમજજો. આ પુનરુત્થાનથી આપને હાલ તાત્કાળિક સ્ફુરતા સહજ આનંદમાં ન્યૂનતા ભાસશે, પણ પરિણામે આપે જે ઉચ્ચ સવિકલ્પ અને અંતિમ નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે, તેની પ્રાપ્તિમાં આપને એથી લાભ જ થશે.

મહાત્માનાં આ વચનોથી સમાધાન પામેલા **શ્રીપંચવરદ** મહારાજાએ કહ્યુંઃ-હે ભગવન્ ! આપનાં આ આશીર્વાદરૂપ વચનોથી મને મારા પરિણામી શ્રેયમાટે અભય પ્રાપ્ત થયું છે. તો હવે જો આપને કોઇ પ્રકારનો બાધ ન હોય તો આપના પોતાના વૃત્તાન્તની સાથે આપને પૂછેલા વિષયોસંબંધી ઉપદેશામૃતથી અમને સઉને તૃપ્ત કરવા આપ અનુગ્રહ કરશો, અને છેવટે મારા અંતઃકરણની હાલ પ્રતીત થતી અવરોહદશા સંબંધે પણ અધિક પ્રકાશ આપે એવું સમાધાન આપશો અને કર્ત્તવ્ય ઉપાય સૂચવવા જેવા હોય તે પણ સૂચવશો.

મહાત્મા સસ્મિત મુખમુદ્રા સાથે બોલ્યાઃ-હે મહીમહેન્દ્ર ! મારા પોતાના વૃત્તાન્તમાં આપને કાંઇ વધારે જ્ઞાનનો કે સાધનદશાના અનુભવનો લાભ થાય તેમ નથી. તોપણ આપની જિજ્ઞાસાને સંતોષ આપવા અર્થે જ કહું છું તે શ્રવણ કરો. વિદ્યાપલ્લી નામના એક બ્રાહ્મણોના અગ્રહારગામમાં મારો જન્મ એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુટુંબમાં મારાં માતાપિતા અને હું તેમનો એકનો એક પુત્ર એમ અમારી ત્રણ જ વ્યક્તિઓ હતી. એક પર્ણકૂટીમાં અમારો નિવાસ હતો. નીવાર, શ્યામાક વગેરે મુન્યન્ન તથા પત્ર ફળ અને કંદ-મૂળથી અમે અમારા બ્રાહ્મણજીવનનો નિર્વાહ કરતાં હતાં. સાતમા વર્ષમાં મારાં માતાપિતાએ મને વિધિપૂર્વક યજ્ઞોપવીત દીધું અને મને ગુરુકુલમાં મૂકયો. એ ગુરુકુળના કુલપતિ એક શ્રુતપર્વા નામે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ મહર્ષિ હતા. તે ગૃહસ્થાશ્રમી હતા, અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એમના ગુરુકુલમાં બ્રહ્મચર્ય પાલન કરતાં વેદાદિ વિવિધ વિદ્યાઓ અને કળાઓનો અભ્યાસ કરતા હતા. મારા જેવા છેક નાના વિદ્યાર્થીઓને આરંભમાં અમારા ગુરુદેવ પોતે ભણાવતા હતા; અને બહુ વાત્સલ્યથી તથા મધુરવાણીવડે અમને રુચિ ઉપજે અને ભણવાના વિષયમાં અમારી બુદ્ધિનો સુખપૂર્વક પ્રવેશ થાય તેમ

શિક્ષણ આપતા હતા. એ આરંભક વિદ્યાર્થીઓ જ્યારે પોતાના અભ્યાસમાં પ્રવિષ્ટ થતા ત્યારપછી તે તે વિદ્યાર્થીઓને તે ગુરુજી વિવિધ વિદ્યામાં નિષ્ણાત એવા પોતાના છાત્રોને સોંપતા. છાત્રોની પાસે ભણી તૈયાર થયેલા વિદ્યાર્થીઓને કુલપતિના હાથ નીચે કામ કરનાર ઉપાધ્યાયોને સોંપવામાં આવતા. પૂર્ણ વિદ્યાધ્યયન કર્યા પછી કુલપતિની આજ્ઞાથી વિદ્યાર્થીઓ સમાવર્તન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતા અથવા એવી યોગ્યતા હોય તો સંન્યસ્ત પણ લેતા. પણ એવા તો અધિકારી કોઇ કોઇ જ નીવડતા. કોઇ નૈષ્ઠિક બ્રહ્મચારી-તરીકે આશ્રમમાં રહેતા, અને એ ગુરુકુલની અને ગુરુજીની સેવા બજાવતા. કુલપતિ છાત્રોના અને ઉપાધ્યાયોના શિક્ષણકાર્યપર એવું તો ધ્યાન આપતા કે વિદ્યાર્થીઓનાં શિક્ષણ અને વર્ત્તન તથા ચારિત્ર્ય જેમ બને તેમ સંપૂર્ણ અને નિર્દોષ બની શકે.

આ આચાર્યકુલમાં મેં પ્રવેશ કર્યાપછી એકાદ વર્ષમાં મારાં માતાપિતા એક પછી એક પરલોકવાસી થયાં. પરંતુ એ ગુરુકુલવાસને લીધે હું બહુ સારી રીતે ઊછર્યો-મોટો થયો અને સુશિક્ષણ પામ્યો. વિદ્યાધ્યયનમાં જેમ જેમ હું વૃદ્ધિંગત થતો ગયો તેમ તેમ મને આ દૃશ્ય જગત્‌નું નિસ્સારપણું સમજાતું ગયું, અને વેદોનાં બ્રાહ્મણભાગનો તથા ઉપનિષદોનો અભ્યાસ પૂરો થતાં મને મારી વૃત્તિ સ્વરૂપાનુસંધાનપ્રતિ આકર્ષવા લાગી. તે સમયે મારા અંતઃકરણમાં આ સંસારમાંના સમગ્ર વિષયોપ્રતિ નિઃસારતાનો ભાવ તો પ્રથમથી જ ઊપજી ચૂકયો હતો. મારી મનોવૃત્તિપ્રમાણે મારું વર્ત્તન પણ એક વિરક્તના સમાન જ થઇ ગયું હતું. શ્રીગુરુદેવ પણ મારા ઉપર સંતત દૃષ્ટિ રાખતા હતા અને જ્યારે હું પૂર્ણ અભ્યાસ કરી રહ્યો ત્યારે મારે સમાવર્તન કરીને શું કરવું એવિષે જ્યારે મેં શ્રીગુરુદેવનો અભિપ્રાય માગ્યો, ત્યારે તેઓશ્રીએ મને વિવિધ પ્રશ્નો પૂછ્યા. તેના મેં સરલ હૃદયથી જે ઉત્તર આપ્યાં, તે ઉપરથી શ્રીગુરુદેવે મને પૂછ્યુંઃ-વત્સ ! તને સંન્યસ્ત લેવું રુચે છે ?

ત્યારે મેં કહ્યુંઃ-ભગવન્ ! મારી વૃત્તિમાં તો એ વેગ ઊપજ્યો છે. પણ મારો અધિકાર ચતુર્થ આશ્રમને માટે પકવ થયો છે કે નહિ, તે બાબતમાં આપ સર્વજ્ઞની શિખામણ પ્રમાણે જ હું વર્ત્તવું શ્રેયસ્કર ગણું છું. મારી વયને લીધે હું મારા પોતાના વિચારઉપર વિશ્વાસ રાખવો યોગ્ય ગણાતો નથી. ત્યાગ એ અધ્યયન કે તપ ઉપર આધાર રાખતો નથી, ત્યાગ એ મનની સંપૂર્ણ વૈરાગ્યમય અવસ્થાવિશેષ-ઉપર જ અવલંબે છે. સંસારનાં સુખદુઃખનો મને પોતાનો સાક્ષાત્

અનુભવ નથી. તે તો મેં શાસ્ત્રોથી જાણ્યાં છે અથવા અન્ય મનુષ્યોનાં સુખદુઃખ જોયાં છે, તથા બીજા અનુભવી સંસારી સજ્જનોના મુખેથી કદી શ્રવણ કર્યાં છે. મારા મનની પરીક્ષા કરવાની મારી શક્તિને હું પૂર્ણ સમજતો નથી. તેથી આપ કૃપાળો ! જે પ્રમાણે દિશા બતાવશો તે પ્રમાણે વર્તવું–એવો જ મેં નિશ્ચય કરેલો છે.

શ્રીગુરુદેવે વિચાર કરીને મને કહ્યું:–સૌમ્ય ! તારું પોતાનું મન જ તારે પોતાને માટે શું શ્રેયસ્કર છે તેનો નિર્ણય કરી શકે.

મેં શ્રી ગુરુદેવને વિજ્ઞપ્તિ કરીઃ–પ્રભો ! મારા મનને ત્યાગ ગમે છે. પણ ડાહ્યા માણસે મનનો વિશ્વાસ ન કરવો એમ શાસ્ત્રો તેમજ શિષ્ટ પુરુષો કહે છે. તેથી જો કે **आत्मबुद्धिर्हितार्थाय** એવું વચન શાસ્ત્રનું છે, તો પણ તેની સાથે તે જ શાસ્ત્ર એમ પણ કહે છે કે **गुरुबुद्धिर्विशेषतः** ગુરુની બુદ્ધિ વિશેષ હિતકર્ત્તા છે. તેથી આ બાબતમાં હું આપશ્રીની આજ્ઞાપ્રમાણે જ વર્ત્તવાનો, એવો મેં નિશ્ચય કર્યો છે.

ત્યારે ગુરુશ્રીએ વિચાર કરીને કહ્યું:–વત્સ ! તારાં મન, વાણી અને ક્રિયાઉપર હું આટલાં વર્ષોલગી એકધારૂં અવલોકન કરતો આવ્યો છું. તેમાં મને એમ જણાયું છે કે તારા અંતઃકરણમાં આ લોકના કે પરલોકના કોઇ પણ વિષય, પછી તે દૃષ્ટ હો કે સાંભળેલા હો તેવિષે કદીએ લેશ પણ અભિલાષા ઉપજી હોય એવું મારા જાણવામાં કે જોવામાં આવ્યું નથી. આ આશ્રમમાં પણ તારાં વિચાર અને વર્ત્તન એક ઉત્તમ ચતુર્થાશ્રમી જેવાં શુદ્ધ અને સંયમયુક્ત છે. તોપણ જો તને મારા અભિપ્રાયની અપેક્ષા રહે છે તો વધારે દૃઢતાના નિશ્ચય માટે હાલ તું નૈષ્ઠિક બ્રહ્મચારીતરીકે આપણા આશ્રમમાં રહે. યોગ્ય સમય એ સ્થિતિમાં તારું અવલોકન કર્યા પછી હું જેથી તારું શ્રેયઃ થાય એવો અભિપ્રાય દર્શાવીશ.

ગુરુજીની એ સૂચના સરલ ભાવે મેં મસ્તકે ચઢાવી અને ત્રણ વર્ષ મેં નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવામાં વીતાવ્યાં. ત્યારપશ્ચાત્ શ્રી ગુરુદેવે આજ્ઞા કરી કે વત્સ ! ચતુર્થ આશ્રમ પાળવામાં કાંઇ ખામી ન આવે એવો તારો અધિકાર તો થયો છે. પણ પરિવ્રાજકતરીકે એક સ્થળે ન રહેતાં પ્રતિદિન સ્થાનાન્તર કરી વિચરતા રહેવું પડે છે, તેમાં તને પ્રથમથી કે અભ્યાસ પડયે ફાવશે કે કેમ ? આ પ્રશ્નનો પ્રયોગસિદ્ધનિર્ણય કરવાની મને આવશ્યકતા જણાય છે. તેથી આ બ્રહ્મચર્ય આશ્રમમાં જ હું તને–આ દ્વીપના આપણા ખંડમાં આવેલાં પવિત્ર સ્થાનોની યાત્રા કરી આવ–એવી સૂચના કરું છું.

ગુરુદેવની આ આજ્ઞાપ્રમાણે હું તીર્થાટન કરવા તૈયાર થયો. ગુરુશ્રીએ નક્કી કરેલા મુહૂર્તે મધ્યાન્હસંધ્યા કરીને હું પ્રસ્થાન કરવા તૈયાર થયો, ત્યારે શ્રી ગુરુદેવે અત્યંત વાત્સલ્યથી આ પ્રમાણે વચનો કહ્યાં:—

"હે પરમ કલ્યાણભાજન પુત્ર! આ ત્રણ વર્ષ તેં યોગાનુષ્ઠાનવડે વૃત્તિનિરોધ સાધ્યો છે, તેથી અંતઃકરણનો ઉચ્ચ અધિકાર તો તને પરમેશ્વરના અનુગ્રહથી સિદ્ધ થયો છે; અને વેદાન્તશાસ્ત્રોક્ત ષટ્સંપત્તિપૂર્વક જ્ઞાન પણ તારા પ્રાક્તન પુણ્યબળથી પ્રાપ્ત થયું છે. તેથી સંન્યસ્તદીક્ષા ગ્રહણ કરી તેને સપૂર્ણ નિભાવી પરમમોક્ષને પ્રાપ્ત કરવાની યોગ્યતા તને પ્રાપ્ત થઈ છે. પણ સંન્યાસી પરિવ્રાજકે પ્રતિદિન વિચરતા રહેવાનો ધર્મ છે. તે તને અનુકૂળ પડે છે કે નહિ તેના પ્રયોગઅર્થે તને તીર્થાટન કરવા સૂચવ્યું છે. આટલાં બધાં આશરે વીશ વર્ષ આશ્રમમાં એક સ્થાને નિવાસ કરવાનો તને અભ્યાસ પડેલો છે, તેથી એક સ્થાને એક દિવસ કરતાં અધિક વાસ કરવો નહિ એવો પ્રવ્રજ્યાનો નિયમ તારાથી પાળી શકાશે તેનો નિર્ણય કરવાઅર્થે આ પ્રયોગ છે. ભિક્ષા અને ઇન્દ્રિયનિગ્રહ તથા મનોનિગ્રહના નિયમ તો એક સરખા છે. ભિક્ષામાં કાંઇક અધિક મિતપણું છે. તું તો બ્રહ્મચર્યઆશ્રમમાં છે, પણ સંન્યસ્તના નિયમો પણ શાસ્ત્રદ્વારા તેં સારી પેઠે જાણ્યા છે, તેપ્રમાણે તું આગ્રહપૂર્વક પાળજે. પણ પ્રતિદિન એક ગ્રામથી બીજે ગ્રામ જઈ રહેવાના નિયમથી વાયુજળઆદિથી આરોગ્યને બાધા થાય અથવા નિત્ય પ્રવાસીની અવસ્થાથી વૃત્તિને વિક્ષેપ થાય તો તે તિતિક્ષાવડે સહન કરવાનો અભ્યાસ કરજે. પણ કદી પ્રતિબંધક પ્રારબ્ધવશાત્ એ અન્તરાય સહન થવા અશક્યજ બને તો તું પાછો આપણા આશ્રમમાં આવજે અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને તથા યોગાનુષ્ઠાનદ્વારા ઉત્તમ ગતિને પામજે."

હે ધર્મમૂર્તિ રાજેન્દ્ર! એ પ્રમાણે હિતવચન કહી શ્રીગુરુદેવે મને આશીર્વાદ આપ્યો—"હે પુત્ર! શ્રીઅગ્નિનારાયણ તારું રક્ષણ કરો અને પરમાર્થસિદ્ધિમાં જગન્નિયંતા તને કૃતકૃત્ય કરો. પ્રવાસમાં પણ તું મૃત્તિકાના સ્થંડિલપર વિધિપૂર્વ મંત્રાગ્નિ સ્થાપી તેમાં સમિધ્ હોમ કરી અગ્નિપરિચર્યા કરવા ચૂકીશ નહિ. તેમજ બ્રહ્મચારીએ કરવાનાં નિત્યકર્મ કરવામાં પ્રમાદ કરીશ નહિ. તીર્થાટન કરીને તું કુશલક્ષેમ આવીશ તેપછી તારો વૃત્તાન્ત શ્રવણ કર્યાપછી તારે સંન્યસ્ત લેવું કે નહિ તે વિષે હું અભિપ્રાય દર્શાવીશ."

શ્રીગુરુદેવના ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરી મેં તીર્થાટન માટે પ્રસ્થાન કર્યું. તે હું પૂર્વદિશાનાં સર્વપ્રધાન તીર્થોની યાત્રા કરતો કરતો આજ આપના આ રાજધાનીના નગરમાં આવી ચઢયો છું. પણ આવતી કાલે મારે અત્રેથી અન્ય ગ્રામે જવું જોઈએ એવો મારો નિયમ છે. તેથી આજે જે કાંઇ મારાથી બની શકે તે પ્રમાણે આપના ગંભીર પ્રશ્નોનાં સંક્ષેપમાં ઉત્તર આવવાનો યત્ન કરીશ તેથી આપ સંતોષ માનશો.

શ્રીપંચવરદે કાળજીપૂર્વક પૂછ્યું:-ભિક્ષા આપે અત્યારમાં કરી છે કે હવે પછી કરવાના છો ?

મહાત્મા બોલ્યા:-આ નગરમાં આવ્યા પછી નિત્યકર્મથી પરવારી નગરમાં બ્રાહ્મણોને ત્યાંથી માધુકરી લેઇ સરિતા તટે જઈ ભિક્ષા કરી છે. હવે સાંજે નિત્યકર્મ માત્ર કરવાનું છે. ત્યાંલગી નિવૃત્તિ છે.

શ્રીપંચવરદ હસ્ત જોડીને બોલ્યા:-હે પરમાત્મસ્વરૂપ મહાત્મન્! ત્યારે આપ શું અમારૂં આતિથ્ય સ્વીકારી અમને પાવન નહિ કરો ?

મહાત્મા બહુ નમ્રપણે બોલ્યા:-હે દેવસ્વરૂપ નરદેવ ! આપ સદાસર્વદા સ્વધર્મવડે સ્વયં પાવન છો અને અન્યને પાવન કરવાની પણ શક્તિ ધરાવો છો, પણ મારું એવું અંગીકૃત વ્રત છે કે મારે આ તીર્થાટનમાં પવિત્ર બ્રાહ્મણોને ત્યાંથી માધુકરી લેઇને ભિક્ષા કરવી. આપના નગરમાંથી મળેલી ભિક્ષા તે આપની પોતાની તરફથી અપાયલી ભિક્ષા છે.

શ્રીપંચવરદે સંકોચ પામતાં કહ્યું:-ભગવન્ ! આપના વ્રતબંધન આગળ હું આપને કાંઇ પણ આગ્રહ કરી શકતો નથી.

મહાત્મા બોલ્યા:-રાજર્ષિવર્ય ! આપના સ્વધર્મનિષ્ઠ હૃદયમાં મને સફળતા પ્રાપ્ત થાવ એવી શુભેચ્છા આપ કરશો. એને જ હું મોટામાં મોટો અતિથિસત્કાર માનીશ. તો હવે આપ પ્રસન્ન અંતઃકરણથી આપે જે વિષયોની જિજ્ઞાસા કરેલી છે, તે વિષયોસંબંધી સમાધાન શ્રવણ કરો.

શ્રીપંચવરદે શાન્ત પ્રસન્ન હૃદયથી નમસ્કાર કરી કહ્યું:-હે ઈશ્વરથી અભિન્ન પરમકૃપાળુ પૂજ્યપાદ ભગવન્ ! આપના તપોબળપૂર્ણ સત્સંકલ્પથી જ અમસરખા અજ્ઞ જીવોનો ઉદ્ધાર થઈ જાય તેમ છે, તો આપના સદ્ઉપદેશથી તો અમારૂં નિઃશ્રેયસ થાય જ એમાં શો સંદેહ ? તો હવે આપશ્રી આપના અમૃતમય પ્રવચનનો આરંભ કરો. અમે સર્વ એકાગ્રતાથી શ્રવણ કરવા સજ્જ છીએ.

મહાત્મા પ્રસન્નતાપૂર્વક પોતાના શ્રીગુરુદેવનું મનથી સ્મરણ વંદન કરીને બોલ્યાઃ–આ દૃશ્યપ્રપંચનું સ્વરૂપ શું છે, એ વિષયથી આપણે આરંભ કરીશું, તે યોગ્ય છે. કારણ કે આ વિશ્વમાં પ્રાણિમાત્રને સર્વકાળ એટલે જાગ્રત્અવસ્થામાં અને સ્વપ્નઅવસ્થામાં પણ આ દૃશ્યપ્રપંચની જ પ્રીતિતિ થયા કરે છે. આપ્રમાણે જે સ્વરૂપ દૃશ્યપ્રપંચનું પ્રત્યક્ષ પ્રતીત થાય છે, તે તેનું વાસ્તવ સ્વરૂપ નથી, એમ સચ્છાસ્ત્ર અને અનુભવી સત્પુરુષો સ્પષ્ટ રીતે કહે છે. પ્રથમ તો એ જ પ્રશ્ન થાય છે કે–આ દૃશ્યપ્રપંચવિષે કે તેના કારણ અને સ્વરૂપવિષે વિચાર કરવાની આપણે શી જરૂર છે? તો એનું ઉત્તર તો એ જ છે કે–એ દૃશ્યપ્રપંચથી આપણને સુખદુઃખ થાય છે. તેથી આપણે એ દૃશ્યપ્રપંચની સાથે એક પ્રકારનો સંબંધ છે અને તે પણ મહત્ત્વનો સંબંધ છે. પણ આ દૃશ્યપ્રપંચથી આપણને સુખદુઃખ થાય છે, એ વાત જ મુદ્દે ખોટી છે. આ કથન પ્રથમ તો આપણા માનવામાં જ નહિ આવે. કેમકે આ દૃશ્યપ્રપંચમાં આપણાં સગાં, સંબંધી, ગૃહ, ધન આદિ પદાર્થોમાંથી કોઇનું મરણ અથવા નાશ થાય છે, તો આપણને તીવ્ર દુઃખ થાય છે; અને તે સંબંધી કાંઇ શુભ કે લાભ થાય છે, તો આપણને સુખ અથવા આનંદ થાય છે એવો પ્રત્યક્ષ અનુભવ પણ સઉને છે. પણ જરા ઊંડો વિચાર કરીશું તો આપણને સમજાશે કે એ આપણો અનુભવ ખરો નથી પણ તેમાં કાંઇક ભેદ છે. હવે એક ઉદાહરણ લેઈએઃ–એક માણસનો છોકરો પરદેશ કમાવા ગયો છે, તે ત્યાં કમાઈને ધનવાન્ થયો છે અને સુખી છે. પણ કોઇ દ્વેષી દુર્જને તે છોકરાના બાપને એવો પત્ર લખ્યો કે તે છોકરો અમુક તારીખે વિશૂચિકાના રોગથી એકદમ મરી ગયો છે તો તેનાં માબાપને અને નિકટના સ્નેહીસંબંધીઓને કેવો શોકસંતાપ અને દુઃખ થાય છે, એ આપણે સઉ જાણીએ છીએ. હવે જો આ દૃશ્યપ્રપંચ જ દુઃખદ હોય તો તે માતાપિતાને આ પ્રમાણે દુઃખ અને શોક થવાં જોઈએ નહિ, કેમકે દૃશ્યપ્રપંચમાં તો તેનો છોકરો જીવતો અને સુખી છે. તે જ પ્રમાણે બીજા એક માણસનો છોકરો વિદેશ નોકરી કરવા ગયો છે, તેને શેઠે નોકરીના પગારમાં વધારો કરીને ગુમાસ્તામાંથી મુનીમના ઉપરીદરજ્જે ચઢાવ્યો, તેના સમાચારનો પત્ર લખી પોતાનાં માબાપને તેમાં પોતાની કુશળતાની વાત પણ જણાવી. તે પત્ર જાસૂસજોડે વિદાય કર્યાપછી તે છોકરો એક પ્રહરપછી મરી ગયો. પણ પેલા જાસૂસે તે છોકરાનાં માબાપને તે પત્ર પહોંચાડયો તે વાંચીને તે માબાપોના જીવને ઘણો

આનંદ થયો. જો કે તે છોકરો તેની નોકરીને ગામ આ સમયે મૃત્યુ પામી ગયેલો હતો. હવે દશ્યપ્રપંચમાં તો તે છોકરો મરી ગયેલો હોવાથી તેનાં માતાપિતાને આ સમયે પરમ શોક થવો જોયતો હતો તે છતાં તેમને હર્ષ થતો હતો. તેથી સિદ્ધ થાય છે કે દશ્યપ્રપંચની સાથે આપણા સુખદુઃખનો કશો સંબંધ નથી. હવે આમાં વિચાર એ કરવાનો છે કે આ દશ્યપ્રપંચ જ તે છોકરાઓનાં માબાપને શોક કે હર્ષ, દુઃખ કે સુખ આપનાર નથી, કેમકે પ્રથમ દૃષ્ટાન્તમાં છોકરો જીવતો છે, અને બીજા દૃષ્ટાન્તમાં છોકરો મરી ગયો છે. ત્યારે પ્રથમ દૃષ્ટાન્તમાં કોણ મરી ગયું ? અને બીજા દૃષ્ટાન્તમાં કોણ જીવે છે ? પ્રત્યક્ષ દશ્યપ્રપંચ ઉક્ત બે છોકરાઓનાં માતાપિતાઓને અનુક્રમે શોક અને હર્ષનું કારણ નથી; પણ ઉપરનાં દૃષ્ટાન્તોમાં શોક અને હર્ષનું કારણ તે માતાપિતાઓનો માનસ પ્રપંચ જ પ્રથમ પુત્રના માતાપિતાને દુઃખ શોક આપે છે, અને બીજા પુત્રના માતાપિતાને હર્ષ આપે છે. દશ્યપ્રપંચમાં એટલે ઈશ્વરરચિત સૃષ્ટિમાં તો જે એક છોકરો હયાત છે, તેનાં માબાપની માનસસૃષ્ટિમાંનો તે છોકરો મરી જવાથી અત્યંત શોક અને દુઃખ થાય છે. તેજ પ્રમાણે આ દશ્યપ્રપંચ એટલે ઈશ્વરરચિત સૃષ્ટિમાં તો પેલો બીજો છોકરો મરી ગયો છે, તેમ છતાં તેનાં માતાપિતાની માનસસૃષ્ટિમાંનો છોકરો જીવે છે અને તેને વધારે પગારસાથે મુનીમગિરી મળી છે, તેથી તેનાં માતાપિતા હર્ષ પામે છે. આથી એ વાત સ્પષ્ટ છે કે આ પ્રત્યક્ષ દશ્યપ્રપંચ જીવોને શોક હર્ષ કે દુઃખ સુખનું કારણ નથી, પણ તે તે જીવોના માનસ દશ્યપ્રપંચ જ તેમને પ્રાપ્ત થતા હર્ષશોક કે સુખદુઃખનું કારણ છે.

તેથી આ દશ્યપ્રપંચનું સ્વરૂપ તો એવું છે કે જો જીવોએ પોતાના મનથી કલ્પીને બીજો દશ્યપ્રપંચ ન ઊપજાવ્યો હોય તો આ ઈશ્વરે સૃજેલો દશ્યપ્રપંચ તેમને સુખદુઃખાદિ આપે તેમ નથી. પણ જીવો પોતાના મનવડે અહંમમ એટલે હું અને મારૂં એવી માન્યતાવડે બીજો ખાસ પોતાનો જે નવીન એટલે જુદો દશ્યપ્રપંચ ખડો કરે છે તેજ તે જીવોને સુખદુઃખાદિ આપે છે. માટે જીવોએ અહંમમ અને તેના કાર્યરૂપ પોતે ઉપજાવેલા દશ્યપ્રપંચને પ્રથમથી ઉત્પન્ન ન જ કરવો જોઈએ અને જો ઉત્પન્ન કર્યો હોય તો તેનો **સદ્‌વિચાર**દ્વારા લય કરવો એજ પરમસુખસ્વરૂપ થવાનો માર્ગ છે. પણ આ જે ઈશ્વરસૃષ્ટ દશ્યપ્રપંચ છે તેને જોઈને તેમાં મોહ પામીને જીવો પોતાના અજ્ઞાનથી અહંભાવ અને મમભાવથી પોતાની

માનસિક સૃષ્ટિનો દશ્યપ્રપંચ ખડો કર્યાવિના રહી શકતા નથી, તેથી આ ઈશ્વરરચિત દશ્યપ્રંચનું સ્વરૂપ આપણે વિચારવાનું પ્રાપ્ત થાય છે. કેમકે એ વિચાર આ જીવોને પૂર્વોક્ત **સદ્‌વિચાર** કરવામાં સહાયભૂત થાય તેમ છે.

આ દશ્યપ્રપંચવિષે આપણે જો ઉપલક ઉપલક વિચાર કરીશું તો સામાન્યમતિવાળાં મનુષ્યોને પણ એ સમજાય તેમ છે કે–આ દશ્યપ્રપંચ ઉત્પત્તિ અને નાશવાળો છે તેથી આ દશ્યપ્રપંચરૂપ સંસાર આગમાપાયી કહેવાય છે, તે યથાર્થ છે. તેથી તત્ત્વજ્ઞાનના કોઇપણ વાદને માનનાર મનુષ્યે આગમાપાયી સંસારમાં પોતાના અહંમમથી ખાસ પોતાનો માનસદશ્યપ્રપંચ ખડો કરવો નહિ એવો સદ્‌બોધ સ્વતઃ પ્રાપ્ત થાય તેમ છે. વળી આ દશ્યપ્રપંચનું સ્વરૂપ માયિક છે, છે, એટલે ઇન્દ્રજાળના ખેલ જેવું છે. અર્થાત્ આ દશ્યપ્રપંચ જોવામાત્ર છે, વસ્તુતઃ તે છેજ નહિ એવો વેદાદિક સચ્છાસ્ત્રનો સિદ્ધાન્ત છે અને યોગીઓનો અનુભવ પણ છે. જેમ ભળભાંખળા અજવાળામાં પડેલી દોરડીને જોઈને એ સાપ છે એવી ભ્રાન્તિ થાય છે, તેમ જ્ઞાન અને અજ્ઞાન (સત્ય અને અનૃત)ના મિશ્રણજન્ય ભાસરૂપ ભળભાંખળામાં આ સમગ્ર દશ્યપ્રપંચવ્યતિકર જીવોના જોવામાં આવે છે. તે એક માયાવી દેખાવ છે. એ માયાવી ખેલ કોણે રચ્યો છે, એ પ્રશ્નના ઉત્તરમાં સચ્છાસ્ત્ર જણાવે છે કે એ માયાનો અધિપતિ પરમેશ્વર છે, અને એ માયા તે પ્રકૃતિ છે. તે પ્રકૃતિ જડ છે અને પરમેશ્વર તે ઇચ્છા (ઈક્ષણ) શક્તિવાળું ચૈતન્ય છે. તેના ઈક્ષણથી જડપ્રકૃતિમાં જગત્ (વિશ્વપ્રપંચ)–સમગ્ર દશ્યપ્રપંચને પ્રસવવાની યોગ્યતા આવે છે. તે પછી પ્રકૃતિ અર્થાત્ માયા આ દશ્યપ્રપંચરૂપ વ્યતિકરનું પ્રદર્શન કરે છે.

આ દશ્યપ્રપંચ ઉપર જણાવ્યાપ્રમાણે ઈશ્વરે પોતાની માયાથી રચેલો ખેલ હોવાથી તે પ્રપંચ પરમાર્થતઃ એટલે વસ્તુતઃ ખરો નથી પણ દેખવામાત્રનો કલ્પિત છે, એ તો આ પ્રપંચ માયાવી હોવાથી જ પોતાની મેળે સિદ્ધ થાય છે. તોપણ વિશેષ પ્રમાણ અને યુક્તિથી આ સિદ્ધાન્તને વધારે દૃઢ કરીએ, તો પછી આ દેખવામાત્રના દશ્યપ્રપંચમાં જણાતાં પ્રાણિપદાર્થોવિષે અહંમમભાવ કરી જીવોએ પોતાની પૃથક્ મનોમયી સૃષ્ટિ રચી સુખદુઃખાદિ બંધનમાં પડવું યોગ્ય નથી એવો બોધ સુદૃઢ થાય.

માયિક દશ્યપ્રપંચમાં જણાતા જડચેતન સર્વ પદાર્થ તે સત્ય નથી પણ સ્વપ્નના પદાર્થ જેવા અસત્ય પદાર્થો છે. આ વાત સા-

માન્ય લોકોક્તિ પણ સ્વીકારે છે. સાધારણ જનતા પણ કહે છે કે–આ સંસાર એક સ્વપ્નું જ છે. હવે એ તો સ્પષ્ટ જ છે કે સ્વપ્નના પદાર્થોવિષે અહંતામમતા કરી કોઇ હર્ષશોક પામતું નથી. કોઇ કુંવારાને સ્વપ્નમાં બઇરાંછોકરાં થાય અને મરી જાય તો તે સ્ત્રી–પુત્રના મૃત્યુને માટે તે માણસ જાગ્યા પછી શોક કરતો નથી, પણ આ જાગ્રત્‌અવસ્થામાં દૃશ્યપ્રપંચમાં જણાતા પદાર્થોમાં મમતા બાંધી જીવો દુઃખી થાય છે. કેમકે તેઓને એ વાત સમજાઈ નથી કે જેવા સ્વપ્નાના પદાર્થો મિથ્યા તેવા જ આ જાગ્રત્‌અવસ્થામાં જણાતા પદાર્થો પણ મિથ્યા છે. પણ જાગ્રત્ અને સ્વપ્ન અવસ્થા-ઓવિષે સહજ સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરતાં જણાશે કે–જાગ્રત્‌અવ-સ્થામાં આપણા ઘરમાં પાંચ સાત સારી લાકડીઓ હોય પણ આપણે ઊંઘી ગયા અને સ્વપ્નુ આવ્યું તેમાં એક કૂતરો કરડવા આવ્યો, તે વખતે આપણા ઘરમાંની પેલી પાંચ સાત લાકડીઓમાંની એક પણ લાકડી કામમાં આવે? એટલે સ્વપ્નામાં તો એ લાકડીઓ મિથ્યા જ છે ને? તેજ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં જો આપણો સ્ત્રીપુત્રાદિક વસ્તાર થયો હોય તો આપણે જાગ્રત્‌અવસ્થામાં માંદા થઇએ તો તે સ્ત્રીપુત્ર આપણી સારવાર કરવામાં કાંઇ ઉપયોગનાં છે? માટે આ બાબતો આપણે ધ્યાનમાં રાખી વિચાર કરીશું તો આપણને એ સ્પષ્ટ સમજાશે કે જેમ સ્વપ્નના પદાર્થો જાગ્રત્‌માં મિથ્યા છે તેમ જાગ્રત્‌ના પદાર્થો સ્વપ્નમાં મિથ્યા છે, તેજ પ્રમાણે આ લોકના પદાર્થો પરલોકમાં મિથ્યા છે તેમ પરલોકના પદાર્થો આલોકમાં મિથ્યા છે–અસત્ છે. તાત્પર્ય એ કે આ દૃશ્યપ્રપંચ સર્વ કાળે અને સર્વ સ્થળે સત્ નથી. તેથી તે પદાર્થોમાં મોહ પામી સુખદુઃખાદિ દ્વંદ્વના બંધનમાં પડવું એ વિચારવાન્ મનુષ્યને યોગ્ય નથી. ખરી રીતે વિચાર કરતાં આ દૃશ્યપ્રપંચ એક ઈશ્વરની કલ્પનામાત્રથી પ્રતીત થતો આશ્ચર્યમય વ્યતિકર છે એટલુંજ નહિ પણ આ પ્રપંચ જીવોના મનમાં પડેલા અનેક જન્મજન્માતરના સંસ્કારપ્રમાણે કર્મફળપ્રદાતા ઈશ્વરે પોતાની માયાશક્તિથી કલ્પેલો છે–રચેલો છે. તેથી એ પ્રપંચ તે જીવોનાં કર્મ તેમજ ઈશ્વરના સંકલ્પથી ઉપજેલો હોવાથી જોવામાત્ર છતાં વ્યવહારસત્તાવાળો જીવોને માટે છે તોપણ તે વાસ્તવે એટલે પરમાર્થે સત્તાવાળો નથી; કારણકે તે દૃશ્યપ્રપંચ ઈશસંકલ્પમાત્રથી માયાનું કાર્ય છે. તેથી તે પરમાર્થસત્ય નથી, છતાં તે જીવોનાં પૂર્વકર્માનુસાર મોહ ઉપજાવી બંધનમાં નાંખી કર્મમાં પ્રેરે છે અને કર્મદ્વારા લક્ષ-ચોરાશીરૂપ ચક્રમાં અનંતકાળથી ભ્રમણ કરાવે છે અને તેનો અંત

આવતો નથી. તેથી જીવો જન્મ, મરણ અને તે વચ્ચેના જીવના- યુષ્યરૂપ અંતરાલ સમયમાં વિવિધ કૃતકર્મોના ફળરૂપ સુખદુઃખાદિ ભોગવે છે. તેમાં મળતું સુખ પણ દુઃખરૂપ જ છે એમ વિચાર કરતાં સમજાય તેમ છે; તેથી અનુભવી મહાપુરૂષો અને શાસ્ત્રો કહે છે કે આ સંસાર–દશ્યપ્રપંચ દુઃખરૂપજ છે. વિચારશીલ સજ્જનો કહે છે કે આ સંસારમાં સુખ અને સુખનાં સાધનો સંપાદન કરવામાં જે ચિન્તા અને શ્રમરૂપ કલેશો ભોગવવા પડે છે તેની સાથે પ્રાપ્ત થતા સુખની તુલના કરતાં એમ જ સિદ્ધ છે કે આ દશ્યપ્રપંચરૂપ સંસારમાં દુઃખ તો એક રેતીના મોટા પહાડ જેવડા ઢગલા જેટલું છે અને તેમાં સુખનો અંશ તો એક રતિ ખાંડના જેટલો જ છે, અને તે સુખને પણ અન્ય આક્રમણકારીઓથી બચાવી રાખવાનાં ચિન્તા અને શ્રમનો વિચાર કરીએ છીએ તેમજ તે સુખ કોઇ કાળે પણ અળ- પાઈ જશે એવા ભયથી હૃદયમાં જે ફડફડાટ રહે છે તથા બીજા વિશેષ સુખી જીવોનું સુખ અધિક છે એમ જણાવાથી તે પ્રાપ્ત સુખ ભોગવતાં છતાં પણ અંતરમાં જે અસૂયા કે અસંતોષ અથવા અતૃપ્તિ રહે છે, તેને પણ હિસાબમાં લેતાં તથા બીજાં દુઃખોથી પ્રાપ્ત થતા કલેશનો પણ તે બધા કલેશોસાથે સરવાળો કરતાં દુઃખનો તો પાર જણાતો નથી, જ્યારે સુખ તો સો મણમાં એક કણ જેટલુંજ બની જાય છે. તેના મોહમાં જીવો પુનઃ પુનઃ ચોરા- શીના ચક્રમાં અટવાય છે; અને તે પણ આ મિથ્યા દશ્યપ્રપંચમાં જણાતા તુચ્છ વિષયોથી મળતા ક્ષણિક આનંદને માટે અનેક જન્મ મરણની પરંપરાની યાતનામાં જીવો તણાયા જાય છે. જેવા સ્વપ્ન- ના દશ્યપદાર્થો મિથ્યા છે, તેવા આ જાગ્રત્‌ના દશ્યપદાર્થો મિથ્યા છે એ વાત કેટલાક પ્રત્યક્ષવાદી મનુષ્યોને ગળે ઉતરતી નથી. તેઓ શંકા કરે છે કે સ્વપ્નના પદાર્થોનો આપણે વ્યાવહારિક ઉપયોગ કરી શકતા નથી જાગ્રત્‌ના પદાર્થોનો તો આપણે વ્યવહારમાં ઉપયોગ કરી શકીએ છીએ, પણ તે પ્રત્યક્ષવાદીઓની શંકા ખોટી છે, તે આ- પ્રમાણે વિચાર કરવાથી આપણે સમજી શકિયે છીએઃ—

જેમ જાગ્રત્‌ના દશ્ય પદાર્થોનો આપણે જાગ્રત્‌માં વ્યવહારમાં ઉપયોગ કરી શકિયે છીએ તેમ સ્વપ્નના પદાર્થોનો પણ આપણે સ્વપ્નમાં વ્યવહારમાં ઉપયોગ કરી શકીએ છીએ. તેથી જાગ્રત્- દશ્યમાં અને સ્વપ્નદશ્યમાં કાંઇપણ ફરક નથી, પણ તે બંને એક સરખા મિથ્યા છે. આ શંકાના પરિહારસામે વળી પ્રત્યક્ષવાદી એવી શંકા કરે છે કે–જાગ્રત્‌ના દશ્યપદાર્થો તો લાંબો સમય અથવા કેટલોક

સમય પણ કાયમ રહે છે, અને સ્વપ્નના દશ્ય પદાર્થો તો સ્વલ્પ સમયમાં નાશ પામી જાય છે. આ શંકા પણ વિચાર કરતાં ટકે તેવી નથીઃ—

જાગ્રત્‌ના લાંબા સમયમાં જેમ જાગ્રત્‌ના દશ્યપદાર્થો લાંબો સમય કે કેટલોક સમય ટકનારા છે, તેપ્રમાણે સ્વપ્નના સમયના પ્રમાણમાં સ્વપ્નના દશ્યપદાર્થો પણ અમુક થોડોક કે ઘણો સમય ટકે છે. તેથી તેમાં પણ એ બંને દશ્યોની સમાનતા છે.

આપ્રમાણે આપેલા સમાધાન વિરુદ્ધ વળી એવી શંકા કરવામાં આવે છે કે–જાગ્રત્‌માં માણસ જે કાંઇ કરે છે, તેનો લાભ તો તેને મળે છે, પણ તેણે સ્વપ્નમાં કરેલા કામનો લાભ તેને જાગ્રત્‌માં મળતો નથી.

પરંતુ આ શંકાનું સમાધાન પ્રકારાન્તરે આગળ આવી ગયું છે, તેમ છતાં શંકાકારના શબ્દોમાં જ અત્રે સમાધાન આપવાથી વધારે સ્પષ્ટતા કરવી યોગ્ય છે. તે સમાધાન આ પ્રમાણે છેઃ—

કોઇ ભૂખ્યો મનુષ્ય ઊંઘી જાય અને તેને સ્વપ્નામાં ભોજન મળે છે, તેથી તેને સ્વપ્નાવસ્થામાં તૃપ્તિનો પણ લાભ થાય છે, પણ જ્યારે તે માણસ જાગ્રત્ અવસ્થામાં આવે છે ત્યારે તે તો જેવો ભૂખ્યો સૂતો હતો તેવો ભૂખ્યો જ જાગે છે. જાગ્યાપછી તેને ભોજન કરવું જ પડે છે. આથી સિદ્ધ થાય છે કે સ્વપ્નાવસ્થાનું ભોજન અને તેથી થયેલી તૃપ્તિ તે પણ મિથ્યાજ છે. તેજ પ્રમાણે કોઇ જાગ્રતમાં જમેલો મનુષ્ય તૃપ્તિ પામીને ઊંઘી જાય છે, તે સ્વપ્નમાં ભૂખ્યો થાય છે અને પાછો સ્વપ્નમાં ભોજન કરે છે, ત્યારે તેને સ્વપ્નમાં તૃપ્તિ મળે છે. તેથી એ સિદ્ધ થાય છે કે જાગ્રત્‌દશામાં કરેલું ભોજન અને તેથી થયેલો તૃપ્તિનો લાભ તે સ્વપ્નાવસ્થામાં મિથ્યા છે. તેથી ફલિત એ થયું કે જેવું સ્વપ્નનું દશ્ય મિથ્યા છે, તેવું જ જાગ્રત્‌નું દશ્ય પણ મિથ્યા છે. તેથી આ સંસાર એ ઐન્દ્રજાલિક (જાદુગર)ના ખેલજેવો અથવા સ્વપ્નાજેવો મિથ્યા છે. જાગ્રત્‌ના દશ્ય પદાર્થોનો જાગ્રત્‌માં જ જેમ વ્યવહાર થાય છે તેમ સ્વપ્નના દશ્યપદાર્થોનો સ્વપ્નમાં જ વ્યવહાર થાય છે. સ્વપ્નના પદાર્થ જાગ્રત્‌માં મિથ્યા છે, તે જ પ્રમાણે જાગ્રત્‌ના પદાર્થ સ્વપ્નમાં પણ મિથ્યા છે. જીવનો દરેક જન્મ એ એક દીર્ઘ સ્વપ્ન જ છે. તેથી યોગીઓ આ જાગ્રત્‌માં જણાતા દશ્યપદાર્થમય સંસારને સ્વપ્નના દશ્યવત્ જોવાના અભ્યાસને પણ એક યોગસાધનતરીકે સેવે છે. સ્વપ્નપર સ્વપ્ન

આવ્યા કરે તેમ અવિદ્યાના નિશાથી જન્મપર જન્મ થયા જ કરે છે. તે નિશો ઊતરી જાય ત્યારે જીવને પોતાના શુદ્ધ બુદ્ધ મુક્ત ચૈતન્ય સ્વરૂપનું ભાન થાય છે. તેને પછી સંસારરૂપ સ્વપ્ન રહેતું નથી. તેને આ દેહમાંજ જીવન્મુક્તિનો અનુભવ થાય છે, અને પ્રારબ્ધકર્મોના ભોગને અંતે શરીર પડ્યાપછી તેને તત્ક્ષણ વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.

આ દશ્યપ્રપંચને, મિથ્યાત્વનાં ત્રણ જે લક્ષણો વેદાન્તમાં ગણેલાં છે, તે ત્રણે લક્ષણો લાગુ પડે છે. એ ત્રણ લક્ષણો આ પ્રમાણે છેઃ-

૧. ખરા જ્ઞાનથી મિથ્યા પદાર્થની નિવૃત્તિ થાય છે, જેમકે રજ્જુ (દોરડી) માં જણાતો સર્પ તે દોરડી જ છે એવું ખરું જ્ઞાન થતાં સર્પની નિવૃત્તિ થાય છે અર્થાત્ સર્પ જણાતો નથી. તે જ પ્રમાણે બ્રહ્મજ્ઞાનથી આ સૃષ્ટિ (દશ્યપ્રપંચ) ની નિવૃત્તિ થાય છે.

૨. જે પદાર્થને સત્ કે અસત્ કાંઇ પણ કહી શકાતો નથી તે પદાર્થ મિથ્યા હોય છે. દાખલા તરીકે આ જગત્ (દશ્યપ્રપંચ) બ્રહ્મની પેઠે સત્ પણ નથી, અને આકાશકુસુમ, શસલાની શિંગડી, અને વાંઝણીના પુત્રની પેઠે અસત્ પણ કહી શકાય તેમ નથી. તેથી વેદાન્તશાસ્ત્રમાં તેને મિથ્યા કહેવામાં આવે છે.

૩. જે પદાર્થની નિવૃત્તિ તેના અધિષ્ઠાનમાં થાય છે તે પદાર્થ મિથ્યા છે. બ્રહ્મજ્ઞાનથી જગત્‌ની નિવૃત્તિ બ્રહ્મમાં થાય છે. જેમ દોરડીના જ્ઞાનથી દોરડીમાં ભાસતો સર્પ દોરડીમાં નિવૃત્ત થાય છે, તેમ બ્રહ્મમાં ભાસતું જગત્ (દશ્યપ્રપંચ) બ્રહ્મનું જ્ઞાન થયે તેના અધિષ્ઠાન બ્રહ્મમાં જ નિવૃત્ત થાય છે. તેથી જગત્ પણ પેલા સર્પની પેઠે મિથ્યા છે.

વળી દશ્યપ્રપંચ તેની ઉત્પત્તિપહેલાં ન હતો, અને તેના નાશપછી રહેવાનો નથી, પણ મધ્યમાં પ્રતીત થાય છે, તેથી તે સ્વપ્નના દશ્યની પેઠે મિથ્યા છે.

આપ્રમાણે જ્યારે જગતનું મિથ્યાપણું સિદ્ધ થાય છે, ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન એ ઊઠે છે કે—આ જગત્ જે જણાય છે તે તો મિથ્યા છે તો એ વસ્તુ શી છે ? તો તેનો ઉત્તર એજ છે કે— જેમ દોરડીમાં થયેલો સર્પનો ભ્રમ મિથ્યા છે, તે સાપ નથી પણ દોરડી છે તે પ્રમાણે બ્રહ્મરૂપ અધિષ્ઠાનમાં ભ્રાન્તિથી જણાતું જગત્ તે જગત્ નથી પણ આ સર્વનું અધિષ્ઠાન બ્રહ્મ જ છે.

હે મહાભાગ રાજેન્દ્ર ! આપ્રમાણે દશ્યનું સ્વરૂપ સત્ પણ નથી અને અસત્ પણ નથી એમ શ્રુતિ અને યુક્તિથી સમજાય છે.

આ વિષયની ચર્ચામાં અવચ્છેદવાદ, પ્રતિબિંબવાદ. આભાસવાદ, દૃષ્ટિસૃષ્ટિવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ, કલ્પનાવાદ અથવા અજાતવાદ એવા સૂક્ષ્મવાદો છે, પણ તે પ્રત્યેક વાદવિષે સંપૂર્ણ વિવેચન કરવા પૂરતો સમય નથી, તેમ જ જે સાધકની સાધનના અનુષ્ઠાનપર ચોટ છે, તેને તો આ દૃશ્ય પ્રપંચ શ્રીઈશ્વરે પોતાની માયાથી કલ્પેલો છે, એવો જે કલ્પના વાદ છે, તે તેના કામ પૂરતો અલં છે; અને તેથી જગત્ (દૃશ્યપ્રપંચ) એક માયાનો વ્યતિકર હોવાથી જોવામાત્રનો મિથ્યા છે એટલું સમજાય તો બ્રહ્મજ્ઞાનના માર્ગમાં આગળ વધવાને અને નિદિધ્યાસનદ્વારા દૃશ્યપ્રપંચમાંથી જગદ્ભાવનો બાધ કરી બ્રહ્મભાવ કરી કૃતકૃત્ય થવા-લગી તેનો માર્ગ ખુલ્લો થઈ જાય છે. આ કલ્પનાવાદ જે અજાતવાદ રૂપ છે, તેજ સકળ વેદાન્તની શ્રુતિઓનો વાસ્તવિક વાદ છે; જ્યારે બીજાવાદો એ વિવિધ અધિકારવાળા જિજ્ઞાસુઓને બ્રહ્મનું સત્યત્વ અને જગત્ (દૃશ્યપ્રપંચ)નું મિથ્યાત્વ સમજાવવાની વિવિધ યોજનારૂપ છે. તેમ જ જેઓ આસ્તિક છે એટલે ઈશ્વરના અસ્તિત્વને માનનારા છે, અથવા ઈશ્વરવાદ સમજવા જેટલા અંતઃકરણના અધિકારમાં આગળ વધેલા છે તેઓ એ મુદ્દો સહજ સમજી શકે છે કે ઈશ્વર સર્વ શક્તિમાન્ હોવાથી પોતાની માયા(શક્તિ)થી ચહાય તેવા વ્યતિકરો બતાવી શકે છે, કેમકે શ્રી ઈશ્વરની માયા એ **अघटितघटना-पटीयसी शक्तिः** છે. એ માયા આ જગત્રૂપ વિચિત્ર પ્રકારનું દૃશ્ય-પ્રપંચનું પ્રદર્શન કરે છે. તે જોવામાત્રનો વ્યતિકર છે, વાસ્તવે તે કાંઈ જ નથી. તેથી જ તેને લોકો એક માયાનો ખેલ કહે છે, એટલું જ જો મનુષ્ય સમજી લે અર્થાત્ પોતાની વૃત્તિમાં આરૂઢ કરે તો પછી તેને ફક્ત એટલું જ જાણવા સમજવાનું રહે છે કે—જે આ દૃશ્યપ્રપંચ જણાય છે તે એક માયાવી મિથ્યા વ્યતિકર (દેખાવ) છે તો તેની પાછળ કે તેની નીચે તેના અધિષ્ઠાનરૂપ કોઈ વાસ્તવ તત્વ રહેલું છે કે નહિ ?

આ પ્રશ્નનું ઉત્તર આ પ્રત્યક્ષ જણાતા દૃશ્ય પ્રપંચના મિથ્યાત્વના પ્રતિપાદનના જેટલું કઠણ અને લાંબું નથી. આ દૃશ્યપ્રપંચ જોવામાત્રનો અને વ્યવહારક્ષમ છે તથાપિ મિથ્યા છે તો તેનો બાધ થતાં તેની પાછળ અથવા તેની નીચે જે તત્ત્વ અધિષ્ઠાનરૂપે છે તે બ્રહ્મતત્વ છે. આમાં પ્રમાણ વેદની શ્રુતિ છે તે સ્પષ્ટ કહે છે કે **सर्वं खलु इदं ब्रह्म नेह नानस्ति किंचन** અર્થાત્ "આ જે બધું જણાય છે તે બ્રહ્મ છે, આ નાના પ્રકારના દૃશ્ય પદાર્થો જણાય છે તે કાંઈ પણ નથી." પણ આ દૃશ્યપ્રપંચ જે પ્રત્યક્ષ જણાય છે તે મિથ્યા

છે, એ મુદ્દો આપણે ચર્ચી ગયા છીએ; એટલે આ શ્રુતિને આધારે જે તત્ત્વ બ્રહ્મ એવા નામથી કથેલું છે તે જ તત્ત્વ આ દશ્યપ્રપંચરૂપ વ્યતિકરનું અધિષ્ઠાન છે. તે બ્રહ્મ સર્વત્ર વ્યાપક તત્ત્વ છે. દેશકાળ-વસ્તુવડે બ્રહ્મતત્ત્વ મર્યાદિત નથી.

કોઇ એમ કહે કે આ દશ્યપ્રપંચ જો મિથ્યા છે, તો તેની નીચે કે તેની પાછળ કશુંએ છે એમ શું કરવા માનો છો ? એમ જ માનોને કે તેની નીચે અથવા પાછળ શુન્ય જ છે. આ શંકાનુ સમાધાન આ પ્રમાણે છેઃ—વંધ્યાપુત્ર, આકાશનું ફુલઆદિ મિથ્યા પદાર્થજેવો મિથ્યા આ દશ્યપ્રપંચ નથી. વંધ્યાપુત્ર, આકાશનું ફુલ—એઆદિ મિથ્યા પદાર્થો જેમ વાણીમાં નામ માત્રથી કહેવામાત્ર છે, તેવો મિથ્યા આ દશ્યપ્રપંચ નથી, પણ વ્યવહારક્ષમ છે; અર્થાત્ આ દશ્યપ્રપંચ જ્યાંલગી ભાસમાન છે ત્યાંલગી તેમાં વ્યવહાર થાય છે. વંધ્યાપુત્ર તો ભાસમાન જ નથી એટલે તેનું ઉપનયન કે વિવાહ કાંઇપણ થતાં નથી, તેમજ આકાશનાં ફુલોની કોઇએ માળા બનાવતું નથી તો તે પહેરે તો કયાંથી જ ? પણ આ દશ્યપ્રપંચના પદાર્થો એવા મિથ્યા નથી, પણ આ પદાર્થો અને આ દશ્યપ્રપંચ-સમસ્ત છે તે સદ્ અને અસદ્‌થી વિલક્ષણ એટલે અનિર્વચનીય છે. અર્થાત્ આ દશ્યપ્રપંચની વ્યાખ્યા અથવા લક્ષણ બાંધીને વર્ણવી શકાય તેમ નથી, તેથી આ ભાસમાન દશ્યપ્રપંચ તે રજ્જુમાં ભાસતા સર્પની પેઠે તે આભાસ વિદ્યમાન હોય ત્યાંલગી ભય કંપાદિ વ્યવહાર્ય કાર્ય થાય છે, તેવો આ દશ્યપ્રપંચ છે. તે મિથ્યા છે, પણ વધ્યાપુત્રવત્ અસદ્ નથી. તેથી આ મિથ્યા દશ્યપ્રપંચની નીચે સર્પ જેમાં આરોપિત છે અથવા ભાસમાન છે તે અધિષ્ઠાનરૂપ દોરીની પેઠે એ પ્રપંચનું અધિષ્ઠાન બ્રહ્મતત્વ છે—એ શ્રુતિવાકયનું કથન સત્ય છે, એમ એકલા શબ્દપ્રમાણથી જ નહિ કિન્તુ પૂર્વોક્ત તર્કયુક્તિથી પણ જણાય છે. તેમાં યોગીઓનો અનુભવ પણ એવો જ છે. સમાધિ અવસ્થામાં કેવળ ચિતિતત્ત્વ જ સર્વત્ર અનુભવાય છે, અને રાજયોગને શિખરે સ્થિત થયેલા જ્ઞાની યોગીને તો બાધિતાનુવૃત્તિથી આ દશ્ય-પ્રપંચને સ્થાને પોતાનો આત્મા(બ્રહ્મતત્વ)જ અનુભવાય છે. હવે આ બ્રહ્મ તે પરમાત્મતત્ત્વ છે, અને જે શરીરી આત્મા જીવ છે. તે આ પરમાત્માનો જ અંશ છે, એમ વેદાદિશાસ્ત્રો કહે છે, અને તર્કથી વિચારતાં તથા યોગદ્વારા અનુભવ પણ થાય છે. સંક્ષેપમાં વિચાર કરતાં પણ એ અનુભવગમ્ય થાય છે કે આ જીવાત્મા પણ આ દશ્ય-પ્રપંચના સ્થૂળ વિષયોથી માંડીને તે ઠેઠ પોતાની ઇન્દ્રિયો, મન

અને બુદ્ધિલગીના પદાર્થોનો દ્રષ્ટા છે. બુદ્ધિની પેલી પાર અને બુદ્ધિનું પ્રકાશક કોઈ તત્ત્વ છે. તે તત્ત્વ બ્રહ્મ અથવા પરમાત્મતત્ત્વ છે. આ બ્રહ્મ તત્ત્વ જ માયોપાધિથી ઈશ્વર થયું છે, અને અવિદ્યાઉપાધિથી જીવાત્મા થયું છે. એ ઉપાધિઓ બ્રહ્મ અને પ્રકૃતિના યોગથી જ ઉત્પન્ન થઈ છે અને તેથી જ તે ઉપાધિઓ અને તેમનાં કાર્યરૂપ આ સર્વ દૃશ્યપ્રપંચ સદ્ બ્રહ્મથી તેમજ અસદ્ પ્રકૃતિથી વિલક્ષણ એટલે અનિર્વચનીય અને મિથ્યા છે. ઈશ્વરે માયોપાધિને પોતાના વશમાં લીધી તેથી તે સર્વદશ્યપ્રપંચના નિયંતા જગદીશ્વર વિશ્વાધિરાજ પુરુષોત્તમ છે, અને જીવો અવિદ્યાના વશમાં પડ્યા તેથી સંસારચક્રમાં ભ્રમણ કરે છે, અને કર્મ કરી કર્મફલપ્રદાતા જગન્નિયંતાના શાસનમાં રહે છે. જ્યારે જીવોને શ્રીગુરૂ, શાસ્ત્ર અને શ્રીપરમેશ્વરના અનુગ્રહથી આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય ત્યારે તે જીવોને એવો બોધ થાય છે કે ઈશ્વરમાં અને જીવોમાં બ્રહ્મતત્વ જ આત્મારૂપે રહેલું છે, અને જીવોપાધિ અને ઈશ્વરોપાધિ વિવર્ત્ત હોવાથી જીવ ઈશ્વર અને બ્રહ્મ એ જુદાં તત્ત્વો નથી પણ એક જ પરમતત્વ છે એમ અનુભવગમ્ય થતાં જીવનો બ્રહ્મીભાવ(મોક્ષ) થાય છે. આવું જ્ઞાન થયાપછી પણ શરીરાદિ પ્રારબ્ધ કર્મ શેષ હોય છે, તો તે પુરુષ તે પ્રારબ્ધનો ભોગદ્વારા અંત આવતાં લગી જીવન્મુક્ત દશા એટલે જીવતાં છતાં પણ મુક્ત જેવી સ્થિતિનો આનંદ ભોગવે છે. છેવટે દેહાન્તે વિદેહકૈવલ્ય (પરમમોક્ષ)ને પામે છે, આપ્રમાણે સંક્ષેપમાં દૃશ્યપ્રપંચનું સ્વરૂપ અને કારણ, જીવ અને ઈશ્વરનું સ્વરૂપ અને તે બંન્નેનો પરસ્પર સંબંધ આપની આગળ કહેવાનો પ્રયત્ન કર્યો છે.

હવે **મહત્તત્વનું** સ્વરૂપ પણ સંક્ષેપમાં કહું છું:—હે ધર્મરક્ષક રાજેન્દ્ર! મહત્તત્વ એ **પ્રકૃતિ** તત્ત્વનું જ બીજું સ્વરૂપ છે, અથવા અવસ્થાન્તર છે. તે અવસ્થાન્તરનો વિચાર આ દૃશ્યપ્રપંચની સૃષ્ટિ-(રચના)સંબંધી તત્ત્વવિચારમાં શાસ્ત્રે કરેલો છે:—

શ્રુતિપ્રમાણે સત્ય, જ્ઞાનસ્વરૂપ, અનંત, આનંદરૂપ, અમૃતરૂપ, શાન્ત, શિવરૂપ, અદ્વૈત, શુદ્ધ અને લેશ પણ પાપના સ્પર્શવિનાનું બ્રહ્મ તત્ત્વ છે; અને આવરણશક્તિ તથા વિક્ષેપશક્તિયુક્ત અસદ્રૂપ નિર્ગુણ એવી પ્રકૃતિ છે. તે **પ્રકૃતિનો** બ્રહ્મના કલ્પિત એક દેશસાથે સંબંધ હોવાથી ત્રિગુણાત્મક સગુણ એવો મૂળપ્રકૃતિનો પરિણામ થયો અર્થાત્ અવસ્થાન્તર થયો. આને જ સાંખ્યતત્વજ્ઞાનીઓ **પ્રકૃતિ** કહે છે. આને જ તેઓ સૃષ્ટિનું મૂળ કારણ માને છે. **પ્રકૃતિ** અથવા **માયાનાં** જે જે અવસ્થાન્તર થતા ગયા, તે તે પ્રત્યેક

અવસ્થાન્તરમાં પ્રતિબિમ્બિત થયેલા બ્રહ્મનાં પ્રતિબિંબોનાં નામ પણ ભિન્ન ભિન્ન પડ્યાં. એ માયામાં વાસનારૂપે લીન થઈ રહેલા અનેક જીવોનાં કર્મોને લીધે "**હું એક છું**" '**एकोऽहम्**' એવું પ્રથમ સ્ફુરણ થયું. આ ઉક્ત માયા(પ્રકૃતિ)નું પ્રથમ કાર્ય છે, તેને શાસ્ત્રમાં **જગદીશ્વરવિદ્યા** એવું નામ આપેલું છે; **યોગીઓ** તેને **ઈશ્વર** કહે છે; અને **સાંખ્યવાદીઓ** તેને **મહત્તત્ત્વ**, **સમષ્ટિબુદ્ધિ** એવાં નામ આપે છે. ત્યાર પછી "**बहु स्याम्**" "હું અનેક થાઉં" એવું સ્ફુરણ થયું, તેને **પ્રથમજીવાત્મા**, **હિરણ્યગર્ભઅવિદ્યા** એવાં નામ આપ્યાં છે; સાંખ્યતત્વજ્ઞાનીઓ તેને **અહંકાર**, **ચિત્ત** એવાં નામ આપે છે. તેમાંથી પંચમહાભૂતોની તન્માત્રાઓ ઉત્પન્ન થઈ તેમાંથી પંચભૂતના પરમાણુ ઉત્પન્ન થયા. આ પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓમાં મૂળ પ્રકૃતિના ત્રણ ગુણ સત્વ, રજ અને તમ તો રહેલા છે જ; તેમાં પ્રત્યેક તન્માત્રાના સત્વગુણના અંશથી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા પાંચ **જ્ઞાનેન્દ્રિયોના** અનુક્રમે પ્રત્યેકના એક એક એમ પાંચ દેવતાઓ થયા, અને પ્રત્યેક તન્માત્રાના રજોગુણના અંશથી પાંચ **કર્મેન્દ્રિયો** તથા તેમના દેવતાઓ થયા. પાંચે તન્માત્રાઓના સત્વાંશ મળીને અંતઃકરણ ઉત્પન્ન થયું. પાંચે તન્માત્રાઓમાંના રજોગુણના અંશ મળીને પાંચ પ્રાણ ઉત્પન્ન થયા. આ સર્વ સમુદાયને **લિંગશરીર**, **સૂક્ષ્મદેહ**, **આતિવાહિક શરીર**, એવાં નામ આપવામાં આવ્યાં છે; અને પંચ ભૂતોના પંચીકરણરૂપ મિશ્રણથી આ સ્થૂળ સૃષ્ટિ ઉપન્ન થઈ છે.

આ સર્વચર્ચાનું તાત્પર્ય એ છે કે **મહત્તત્વ** એ **ઈશ્વરતત્વ** છે. તે સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છેઃ અને યોગીઓ તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાના સાધનને **પારમેશ્વર યોગ** કહે છે. તે સર્વોત્કૃષ્ટ યોગ છે. એ યોગદ્વારા, સાધકને પોતાના પ્રત્યક્આત્માનો, ઈશ્વરનો અને બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે, એટલે છેવટે તેને કૈવલ્ય મોક્ષપણ પ્રાપ્ત થાય છે. ઉપનિષદ્‌માં બોધેલું તત્ત્વજ્ઞાન પણ શ્રવણ, મનન અને નિદિધ્યાસનના પરિપાકે કૈવલ્યપ્રાપ્તિ કરાવે છે. આમ વિચારમાર્ગે પણ કૃતકૃત્ય થવામાં એ પારમેશ્વર યોગ ઘણો સહાયભૂત થાય તેમ છે. તેથી વેદાન્ત શ્રવણાદિકની સાથે સાથે આ પારમેશ્વર યોગ એ બહુ સુંદર અને સબળ સાધન છે. એ જીવોનું પરમકર્તવ્ય છે. આ વિષયમાં ઘણી બારીક આલોચના શાસ્ત્રોમાં કરેલી છે. પણ તે સર્વમાં ઊંડા ઊતરવા જેટલો સમય નથી.

આપ્રમાણે યોગમાર્ગે કે જ્ઞાનમાર્ગે બ્રહ્મતત્વમાં એકીભાવ પામવો એ કૃત્ય જેઓ સિદ્ધ કરે છે, તેઓ કૃતકૃત્ય અથવા

કૃતાર્થ પુરુષ કહેવાય છે—તેઓ વાસ્તવે કૃતાર્થ છે પણ ખરા. જે જીવો આ સર્વ દશ્યપ્રપંચનો બ્રહ્મજ્ઞાનથી બાધિતાનુવૃત્તિ કરી ત્રણે કાળમાં અભાવ સિદ્ધ કરે છે, તેઓનો જીવભાવ ટળી તેઓ શિવરૂપ થાય છે. ત્યારે તેઓ જીવ નહિ પણ શિવ જ કહેવાય છે. તેમના સંબંધમાં **ब्रह्मवेद ब्रह्मैव भवति** (બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે) એ શ્રુતિવચન સત્ય થાય છે. પરન્તુ આપ્રમાણે જીવે, શિવપદને પ્રાપ્ત થાય તેટલા માટે પ્રથમ કેવળ જીવત્વ અથવા પ્રાણીની દશામાંથી આગળ વધી, મનુષ્યત્વ પ્રાપ્ત કરવાની આવશ્યક્તા છે. અર્થાત્ જીવત્વ તો કીટાદિક સર્વ પ્રાણીઓને–પશુપક્ષિઆદિકને પણ પ્રાપ્ત જ છે. પણ તેઓનાં જન્મસિદ્ધ શરીર અને અંતઃકરણોમાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ મટી શિવ(બ્રહ્મ) થવાની સામગ્રી નથી, પણ એ સામગ્રી જીવને મનુષ્યજન્મમાં જ પ્રાપ્ત થાય છે. પણ મનુષ્ય એ પણ એક પ્રાણી હોવાથી તેનામાં પૂર્વ જન્મોના સંસ્કાર પશુઆદિક જેવા હોય છે. તે સંસ્કારોમાંથી છુટીને શુદ્ધ મનુષ્યત્વ પ્રાપ્ત કરી મનુષ્યત્વથી આગળ વધી અથવા ઉપર ચઢીને દેવત્વની પ્રાપ્તિ અને તેથી પણ ઉપર ચઢીને બ્રહ્મત્વની પ્રાપ્તિ કરવાનું તેનું કર્ત્તવ્ય છે, તે કર્ત્તવ્ય વેદાદિ સચ્છાસ્ત્રોમાં બતાવેલું છે. તેથી મનુષ્યે વાસ્તવ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શિવત્વ પ્રાપ્ત કરી મનુષ્ય જન્મનું સાર્થક્ય કરવું જોઈએ. અર્થાત્ મનુષ્યપ્રાણીએ પોતાનામાં રહેલા પશુત્વના ગુણકર્માદિકનો નિગ્રહ કરી મનુષ્યત્વના વિશેષ(ખાસ) ગુણોનો વિકાસ કરવો જોઈએ, જેથી તે મનુષ્યત્વથી ચઢતા દેવત્વની અથવા તેથી ચઢતા મુક્તત્વની પ્રાપ્તિ કરી જીવન્મુક્તિ અને અંતિમ વિદેહકૈવલ્ય પ્રાપ્ત કરવાને સમર્થ થાય. વિદેહકૈવલ્યપ્રાપ્તિ તે શિવત્વ એટલે બ્રહ્મત્વની પ્રાપ્તિ. આ **દેવત્વ**ની અને **બ્રહ્મત્વ**ની પ્રાપ્તિને શાસ્ત્રોમાં અનુક્રમે **સ્વર્ગ** અને **અપવર્ગ** એવાં નામો આપેલાં છે. મનુષ્યનો ખાસ ગુણ **જ્ઞાન** છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન–એ તો મનુષ્યને છે, તેમ બીજાં પ્રાણીઓને પણ છે, તેથી મનુષ્ય જો પોતાના **જ્ઞાન** ગુણનો વધારો કે વિકાસ ન કરે તો તે મનુષ્યનો મનુષ્ય જ જન્માન્તરમાં જન્મે પણ તેથી ઉલટું જો મનુષ્ય પોતાના જ્ઞાનાંશનો સંકોચ અથવા ઘટાડો થાય એવા આચારવિચારને સેવે તો તેને પાછો પશુઆદિ યોનિઓમાં જન્મ પ્રાપ્ત થાય છે. તેથી કાંઇ નહિ તો મનુષ્યે મનુષ્ય બન્યા રહેવા જેટલું મનુષ્યત્વ તો સંપાદન કરવું જ જોઈયે, જો મનુષ્ય પશુત્વથી પણ ઉતરતી કોટિના આચારવિચારને સેવે તો તે વૃક્ષાદિક સ્થાવરયોનિમાં જન્મ પામે છે.

હે ગોબ્રાહ્મણપ્રતિપાલ ધર્મજ્ઞ નરેન્દ્ર ! આપના તત્વજ્ઞાન-વિષયક જે પ્રશ્નો હતા, તેનાં સંક્ષેપમાં ઉત્તર અપાઈ ગયાં. હવે મનુ-ષ્યોને કેવી રીત્યે અને કેવી કેવી યુક્તિઓથી વાસ્તવ મનુષ્ય બનાવવાં તેવિષે આપની જિજ્ઞાસાઅર્થે ગુરુશાસ્ત્રથી જાણેલાં તત્વો યથાશક્તિ આપની આગળ ઉપસ્થિત કરું છું. તેથી પ્રથમ મનુષ્યોના પ્રકૃતિશાસ્ત્ર-પ્રમાણે કેટલા પ્રકાર થાય છે તે કહેવાનું પ્રાપ્ત થાય છે.

જુદા જુદા હેતુઓથી વિદ્વાનો મનુષ્યોની જાતિ સમસ્તના જુદા જુદા પ્રકાર અથવા ભાગ પાડે છે. પણ શાસ્ત્ર પ્રકૃતિના ધોરણ પ્રમાણે માનવ જાતિના પાંચ ભાગ પાડે છે; તે આપણી પ્રસ્તુત ચર્ચા-માટે પૂર્ણ રીતે ઉપયુક્ત છે. તે વિભાગો આ પ્રમાણે છે:—

મનુષ્યો પાંચ પ્રકારનાં થાય છે. (૧) ઉત્તમોત્તમ, (૨) ઉત્તમ, (૩) મધ્યમ, (૪) અધમ, (૫) અધમાધમ. આ સંસારમાં પ્રાણિ-માત્રની પ્રવૃત્તિ બે પ્રકારની હોય છે:–એક તો સુખની પ્રાપ્તિમાટે અને બીજી દુઃખની નિવૃત્તિમાટે. (૧) તેમાં જે મનુષ્યો સુખની પ્રાપ્તિમાટે કે વિશેષ કરીને દુઃખની નિવૃત્તિ માટે પ્રવૃત્તિ કરતા નથી, પણ સુખદુઃખ તો પૂર્વ જન્મોનાં કર્મો પૈકી પ્રારબ્ધ કર્મપ્રમાણે પ્રાપ્ત થાય છે તેપ્રમાણે જેમ થવાનું હોય તેમ થાઓ–એવી સમજણ ધારણ કરીને નિઃશ્રેયસઅર્થે જ યત્ન કરનાર હોય છે તે મનુષ્યો ઉત્તમોત્તમ વર્ગમાં આવે છે. આ વર્ગના મનુષ્યોમાં સત્વગુણ રાજાના જેવી પ્રધાન સત્તા ધરાવે છે, અને રજોગુણ તથા તમોગુણ તે સત્વગુણના તાબામાં સેવક જેવી ગૌણ અવસ્થામાં હોય છે તેથી તે રજોગુણ અને તમોગુણ કાંઈ પણ સ્વતંત્ર પ્રવૃત્તિ કરી શકતા નથી. આવા મનુષ્યોએ પૂર્વે પોતાનાં પાપ કર્મોનો ક્ષય કરી નાખેલો હોય છે; આવા મનુષ્યો વેદના ઉપનિષદ્ભાગમાં પ્રતિપાદન કરાયલા બ્રહ્મજ્ઞાનના માર્ગે જીવબ્રહ્મની એકતાનું જ્ઞાન પામી મુક્તિ પામવાના અધિકારી છે. આવા મનુષ્યો હાલ દ્વાપરયુગમાં પણ આ દ્વાપરયુગના તૃતીય ચરણમાં બીજાઓની સરખામણીમાં થોડા છે. પણ કળિયુગ આવશે ત્યારે તેવા મનુષ્યો અત્યંત વિરલ જ થઈ જશે. આવા મનુષ્યો **ઉત્તમોત્તમ** છે.

(૨) જે મનુષ્યો સુખપ્રાપ્તિ માટે વિશેષ પ્રવૃત્તિ કરતા નથી, પણ દુઃખ નિવૃત્તિ માટે જ વિશેષ કરીને પ્રવૃત્તિ કરે છે, અને એમ માને છે કે સુખ તો પ્રારબ્ધાનુસાર મળવાનું હશે તે પૂર્વજન્મનાં કર્મ-પ્રમાણે મળશે. આ સત્ત્વગુણપ્રધાન મનુષ્યો **ઉત્તમ** છે. આવા મનુ-ષ્યોમાં સત્વગુણ મુખ્ય રાજાતરીકે હોય છે, રજોગુણ તે સત્વગુણના

સાથી તરીકે હોય છે અને તમોગુણ તો તેના દાસ તરીકે હોય છે. આવા મનુષ્યોની સંખ્યા આ યુગમાં ઉત્તમોત્તમ મનુષ્યો કરતાં વધારે છે, પણ બીજાઓ કરતાં તો થોડી જ છે. આવા મનુષ્યો નૈમિત્તિક કર્મ અને યોગસાધનથી આત્મસાક્ષાત્કાર કરવાના અધિકારી છે. તેઓ નિત્ય નૈમિત્તિક કર્મદ્વારા પોતાનાં પાપકર્મનો ક્ષય કરે છે. આવા પુરુષો હાલ છે તે કરતાં પણ કળિયુગ આવશે ત્યારે ઓછા થઈ જશે.

(૩) જે મનુષ્યો સુખની પ્રાપ્તિઅર્થે વિશેષ પ્રવૃત્તિ કરે છે, તેમ જ દુઃખની નિવૃત્તિ અર્થે પણ વિશેષ પ્રવૃત્તિ કરે છે તે મનુષ્યો રજોગુણપ્રધાન **મધ્યમ** વર્ગમાં આવે છે. આ મનુષ્યોમાં રજોગુણ મુખ્ય રાજાતરીકે પ્રવર્તે છે, સત્વગુણ તે રજોગુણના સાથીતરીકે રહે છે, અને તમોગુણ તો તે રજોગુણના દાસતરીકે રહે છે. તેઓ દુઃખની નિવૃત્તિઅર્થે કરેલાં નિત્યનૈમિત્તિક કર્મથી પોતાનાં પાપોનો ક્ષય કરે અને કામ્યકર્મોવડે સુખની પ્રાપ્તિઅર્થે પણ પ્રયત્ન કરે છે. આવા મનુષ્યો પૂર્વોક્ત બીજા વર્ગના મનુષ્યો કરતાં તો હાલ સંખ્યામાં વધારે છે, પણ કળિયુગ આવતાં પ્રમાણમાં તે પણ ઓછા રહેશે.

(૪) જેમની વિશેષે કરીને પ્રવૃત્તિ સુખપ્રાપ્તિઅર્થે જ હોય છે, અને જેઓ એમ સમજે છે કે દુઃખની નિવૃત્તિ તો ભાગ્યાનુસાર પૂર્વજન્મનાં કર્મપ્રમાણે થવાની હોય તો થાવ-એવા તમોગુણ-પ્રધાન મનુષ્યો **અધમ** વર્ગમાં આવે છે. તેઓમાં તમોગુણ તે મુખ્ય રાજાતરીકે પ્રવર્તે છે, રજોગુણ તે તમોગુણના સાથીતરીકે રહે છે, અને સત્ત્વગુણ તે તમોગુણના દાસતરીકે રહે છે. તે મનુષ્યો જો કે નિત્યનૈમિત્તિક કર્મ કરે છે ખરા તોપણ તેમની પ્રવૃત્તિ વિશેષે કરીને કામ્ય(સકામ)કર્મમાં જ થાય છે, તેઓની મારણ(અભિચાર)કર્મમાં પણ પ્રવૃત્તિ ન થાય એમ નહિ, અર્થાત્ તેઓ અભિચારકર્મ પણ કરે ખરા. આવા મનુષ્યોની સંખ્યા ત્રીજા વર્ગના મનુષ્યો કરતાં વધારે છે. કળિયુગ આવશે ત્યારે આવા મનુષ્યોની સંખ્યા હાલ છે તેના કરતાં પણ વધી જશે.

(૫) જેઓ શ્રદ્ધાહીન હોય છે અને જેઓ વેદે બતાવેલા કોઈ-પણ માર્ગને અનુસરતા નથી એવા નાસ્તિકો તમોગુણપ્રધાન મનુષ્યો છે. તેઓમાં તમોગુણ રાજાતરીકે સત્તા ચલાવે છે, અને સત્વગુણ અને રજોગુણ તે તો પેલા તમોગુણના કિંકરતરીકે રહેલા હોય છે. આવા જનો તો **અધમાધમ** (અધમમાં પણ અધમ) વર્ગમાં આવે છે. આ યુગમાં પણ પૂર્વોક્ત વર્ગોની અપેક્ષાએ આ વર્ગના મનુષ્યોની

સંખ્યા વધારે છે. કળિયુગ આવશે ત્યારે તો આ વર્ગનાં મનુષ્યોની સંખ્યા અધિક જ વધી જશે.

હે ચક્રવર્ત્તી મહાત્મન્! આ પ્રમાણે આ પાંચવર્ગના મનુષ્યોમાં પહેલા બે વર્ગના મનુષ્યો તો કહેવામાત્રમાં મનુષ્યો છે. તેઓમાં દૈવીસંપત્તિ એટલી બધી હોય છે કે તેઓને દેવો અથવા સિદ્ધતરીકે ગણીએ તોપણ યોગ્ય જ છે. કેમકે પ્રથમ વર્ગના મનુષ્યો તો દેવો કરતાં પણ અધિક–અરે ઈશ્વરકરતાં પણ ઉપર **બ્રહ્મસ્વરૂપ** પ્રાપ્ત કરવાના અધિકારસંપન્ન મુમુક્ષુઓ છે, અને દ્વિતીય વર્ગના મનુષ્યો પણ યોગસિદ્ધિઓ દ્વારા સિદ્ધકોટિમાં પ્રવેશવાના અથવા તો સિદ્ધિઓની ઉપેક્ષા કરી નિર્વિકલ્પ સમાધિદ્વારા પરમાત્વતત્વની સાથે અભેદ થઈ મોક્ષને પામવાના અધિકારવાળા ઉત્તમ સાધકો છે.

હવે ત્રીજા વર્ગના મનુષ્યો તે મનુષ્યત્વના વાસ્તવગુણો પામેલા હોય છે. તેઓ શાસ્ત્રના સદ્‌ગુરુદ્વારા પરિશીલનથી, સજ્જનોના સંગથી, સાત્વિક આહારના સેવનથી તથા નિષ્કામ કર્મથી અને સમર્થ ગુરુદ્વારા યોગના અનુષ્ઠાનથી દ્વિતીય અને પ્રથમ વર્ગમાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત કરીને પરમાર્થ ક્ષેત્રમાં પણ સફળતા મેળવી શકે તેવા હોય છે; અને વ્યવહારના ક્ષેત્રમાં તો તેઓ આ સંસારમાં ઉપયોગી તત્વરૂપ છે. તેઓ જો વેદ અને લોકમર્યાદાના અંકુશમાં રહીને પ્રવૃત્તિમાર્ગના અનુભવી ગુરુજનોની આજ્ઞામાં રહી કામ કરે તો આ સંસારના વ્યવહારને દીપાવવા જેટલા તો ઉપયોગી થઈ જ પડે. અર્થાત્ રાષ્ટ્રનાં બળ અને સમૃદ્ધિના સંચયમાં અને સંરક્ષણમાં અગત્યનો ભાગ તેઓ ભજવી શકે એમાં કાંઇ સંશય નથી. વ્યવહારના ક્ષેત્રમાં પોતાના સામાન્ય અને વિશેષ સ્વધર્મથી વિહિત એવી પ્રવૃત્તિદ્વારા તેઓ પોતાનો અધિકાર એટલો ઉચ્ચ બનાવી શકે કે તેઓ ઉપરઉપરના વર્ગોમાં ક્રમેક્રમે અથવા તો પોતાના પુરુષાર્થના પ્રમાણે પગથિયું ઓળંઘીને પણ પ્રવેશી શકે તેમ છે. તોપણ તેમને સારા ગુરુજનો, સંગીસાથીઓ અને સાત્વિક આહારવિહારની આવશ્યતા રહે છે. અન્યથા પતનનો ભય ખરો.

તેપછી ચોથાવર્ગના મનુષ્યો તમોગુણપ્રધાન પ્રકૃતિવાળા હોવાથી તેમને જોકે મનુષ્યત્વમાં આણવાનું કામ વધારે કઠણ છે, તો પણ તેમના તમોગુણના સાથી તરીકે રજોગુણ રહે છે; અને રજોગુણ ક્રિયાજનક છે, એટલે જો તેની ક્રિયા ઊર્ધ્વગામી થાય તો તે તમોગુણ ‘સંગ તેવો રંગ’ એ નિયમપ્રમાણે પોતાના સાથી અથવા સહકારી

રજોગુણ જેવો બની જાય, એટલે સત્વગુણ જે તમોગુણના દાસ તરીકે રહેલો હોય છે તે પોતાનો ભાવ કાંઇક વધારે અંશે ભજવી શકે, કારણકે દાસને હમેશ પોતાના સ્વામીની રુચિને અનુસરવું પડે છે. એટલે આ અધમ વર્ગનો મનુષ્ય ગુણક્રમમાં કાંઇક ઊંચી સ્થિતિએ આવે છે, અને એવી જ ઉચ્ચગામી ક્રિયા રજોગુણની ચાલુ જ રહે તો પરિણામે આ અધમ મનુષ્ય પણ વાસ્તવ મનુષ્ય બની શકે અને એવી પ્રક્રિયા આગળ ને આગળ ચાલુ જ રહે તો તે મનુષ્ય તેથી પણ ઊંચા વર્ગે કાળક્રમે કરીને પહોંચી શકે. પણ આ પ્રક્રિયાનો આરંભ થવામાં અને તે આગળ વધતાં સદ્‌ગુરૂનો બોધ, સત્સંગમય વાતાવરણ અને સાત્ત્વિક આહારની આવશ્યકતા છે, તેની વ્યવસ્થા ગુરુજનોએ રાખવી જોઈએ. આ વર્ગના મનુષ્યોમાં કામ્યકર્મો અને નિત્યનૈમિત્તિક કર્મો કરવા જેટલી શાસ્ત્ર, દેવ અને ઈશ્વરપર શ્રદ્ધા હોય છે, તેથી ગુરુજનોને ઉક્ત વ્યવસ્થા કરવામાં કાંઇક અનુકૂળતા પણ મળે છે.

છેવટે હવે અધમાઅધમ મનુષ્યોની બાબતનો વિચાર કરવો રહ્યો. આ મનુષ્યોમાં તમોગુણનું સામ્રાજ્ય પ્રવર્તે છે. તેમ જ તેઓ નાસ્તિક અને શ્રદ્ધારહિત હોવાથી તેમની સુધારણા માટે યત્ન કરવો એ બહુ દુષ્કર કાર્ય છે. આવાં મનુષ્યોને પણ ખરા મનુષ્યમાં આણી શકાય તેમ છે. પણ તેમને માટે સાચા બ્રહ્મવર્ચસવાળા મહાત્મા સદ્‌ગુરુની આતસ્યકતા છે, અથવા ખરેખરા રાજર્ષિ રાજ્યકર્ત્તાની જરૂર છે, પૂર્વ-કાળના ઇતિહાસોથી આપણે જાણીએ છીએ કે સિંહ વ્યાઘ્રાદિક પશુઓ પણ પરમ સાત્ત્વિક ઋષિઓના આશ્રમોમાં હરિણ અને ગાય જેવાં સાત્ત્વિક થઈ જતાં. તે મહાત્માઓના શુદ્ધ સાત્ત્વિક સંકલ્પ અને ઓજસ્વી વાતાવરણનો પ્રતાપ છે. તે પશુજેવાં મનુષ્યોને પણ પશુભાવ છોડાવી તેમને મનુષ્યત્વને પ્રાપ્ત કરી શકે છે; તેજ પ્રમાણે ઇતિહાસ એવા રાજર્ષિનાં ઉદાહરણો પણ બતાવે છે કે જે રાજર્ષિઓ એમ નિશ્ચયપૂર્વક કહી શકતા હતા કે મારા રાજ્યમાં કોઇ પણ ચોર કે જાર નથી. અત્યારે પણ એવા કેટલાક બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓ છે, પણ કળિયુગ આવશે ત્યારે એવા ગુરુજનોનાં દર્શન પણ દુર્લભ થઈ જશે.

હે રાજાધિરાજ ! આપ્રમાણે સંક્ષેપમાં આપને સમાધાન આપ્યાં છે. આ વિષયોસંબંધે વિશેષ વિવેચનની બહુ આવશ્યકતા છે, પણ સમયાભાવને લીધે તે બની શકે તેમ નથી.

અંતે કહેવાનું કે આપને રાજધર્મસંબંધી પ્રજાના રક્ષણ-શિક્ષણમાટે વિચારમાં ઊતરતાં વૃત્તિને કિલષ્ટતાનો અનુભવ થાય છે,

પણ તેવો અનુભવ રાજાને માટે અહિતકર નથી, કિન્તુ તે શ્રેયસ્કર છે અને નિઃશ્રેયસના માર્ગમાં પ્રગતિ સધાવનાર છે, એમ મારા સર્વજ્ઞ ગુરુદેવથી મેં જાણ્યું છે. તેમ જ તત્ત્વજ્ઞાનના સંબંધમાં પણ શ્રીગુરુદેવથી મારા જાણવામાં આવ્યું છે કે-બ્રહ્મજ્ઞાનના બે સંપ્રદાયો છે. એક તો બ્રહ્મર્ષિ સંપ્રદાય અને બીજો રાજર્ષિ સંપ્રદાય-તેમાં મને મારા બ્રાહ્મણવર્ણના અધિકારપ્રમાણે બ્રહ્મર્ષિપરમ્પરા પ્રમાણે ઉપદેશ પ્રાપ્ત થયો છે. રાજર્ષિસંપ્રદાય આ સમયમાં ઘટતો જાય છે, તોપણ હજુએ કેટલાક રાજર્ષિઓ એ સંપ્રદાયના અનુભવી જ્ઞાતાઓ ક્ષત્રિય જાતિમાં છે. તેવો કોઇ ક્ષત્રિય બ્રહ્મજ્ઞાની મહાત્મા હોય તે જ એ રાજર્ષિસંપ્રદાયપ્રમાણે આપશ્રીને તત્ત્વજ્ઞાન સમજાવી શકે, માટે એવો કોઇ મહાત્મા આપને પ્રાપ્ત થાય તેનાથી ક્ષાત્રધર્મપ્રતિબંધ અથવા રાજધર્મપ્રતિબંધ અને બ્રહ્મજ્ઞાનસંબંધી સાંગોપાંગ જ્ઞાનપ્રાપ્તિને અર્થે શ્રવણ કરવાનું રાખશો. તેથી આપને અધિક સંતોષ થશે. મને તો માત્ર બ્રહ્મર્ષિસંપ્રદાયનું જ જ્ઞાન છે, તે જ્ઞાનને અનુભવમાં નિદિધ્યાસનદ્વારા મૂકવાને હું ચતુર્થાશ્રમમાં પ્રવેશવાના પૂર્વની દશાના પ્રયોગમાં આ તીર્થાટન સંન્યાસીના જેવા ધર્મ પાળીને ગુરુની આજ્ઞાપ્રમાણે વિચરું છું. બ્રહ્મર્ષિપરંપરામાં કેવળ નૈષ્કર્મ્ય-પર્યવસાની બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ કર્ત્તવ્યરૂપ છે. રાજર્ષિપરમ્પરાનું બ્રહ્મજ્ઞાન સકર્મ હોવા છતાં પણ નૈષ્કર્મ્યફળજનક છે. તેથી બ્રહ્મર્ષિ-સંપ્રદાય જો કે વધારે અનુકૂળતાવાળો છે, તેમ છતાં તેમાં દેખાવ અથવા દંભને પ્રવેશવાનું અને નભવાનું સ્થાન છે. તેવો દંભ કળિયુગના સંન્યાસીઓમાં પ્રસરશે, એમ સર્વજ્ઞ સત્પુરુષો અત્યારે આ દ્વાપરયુગના તૃતીય ચરણમાં જ ભવિષ્ય ભાખે છે. તે જ કારણથી આદિમનુભગવાને પોતાની સ્મૃતિસંહિતામાં કલિયુગમાં સંન્યાસનો પ્રતિષેધ કર્યો છે. એ જ આદિમનુમહારાજને રાજર્ષિસંપ્રદાયનું બ્રહ્મજ્ઞાન શ્રીસૂર્યનારાયણે આપ્યું હતું. શ્રીસૂર્યનારાયણને સ્વયં શ્રી ભગવાને તે જ્ઞાન આપ્યું હતું. શ્રીમનુભગવાને મહારાજા ઇક્ષ્વાકુને એ જ્ઞાન આપ્યું હતું, તે શિષ્યપ્રશિષ્યપરમ્પરાએ રાજર્ષિઓમાં ઉતરતું આવેલ છે. પણ હવે એ પરમ્પરાના બ્રહ્મવેત્તાઓ થોડા જ રહ્યા છે, અને કલિયુગ શરુ થશે એટલે આ રાજર્ષિસંપ્રદાયનો લોપ જ થઇ જશે, અને બ્રહ્મર્ષિસંપ્રદાયનો માત્ર દંભ જ પ્રવર્ત્તશે, તેથી અમારા શ્રીગુરુદેવ સરખા વિચારશીલ મહર્ષિઓ અત્યારથી સાવધાનતાની ખાતર સંન્યાસ લેવાની ઇચ્છાવાળા બ્રાહ્મણની પૂરેપૂરી કસોટીથી પરીક્ષા કર્યાવિના

તેને સંન્યસ્તદીક્ષા ગ્રહણ કરવાની સંમતિ આપતા નથી. તો હવે હું અહીંથી પ્રસ્થાન કરવા ઇચ્છું છું, અને અસંગ તથા અસહાય વિચરી **एकाकी विचरेद्यतिः** એ નિયમ પાળી તીર્થાટન પૂર્ણ કરવા યત્નપરાયણ થાઉં છું.

આપ્રમાણે કહી એ નૈષ્ઠિક બ્રહ્મચારી મહાત્મા સ્મિત કરી પોતાને આસનેથી ઉઠયા, એટલે શ્રીપંચવરદાદિ સર્વ શ્રોતાઓ પણ ઉભા થયા અને શ્રીપંચવરદ પોતે તે મહાત્માને દ્વારલગી વળાવવા તેમની પાછળ ગયા, અને દ્વાર આગળ પહોચતાં શ્રીપંચવરદ મહારાજે બે હાથ જોડીને તે મહાત્માને નમસ્કાર કરીને પૂછયું કેઃ—હે મહાત્મન્! આપે કૃપા કરીને જે વચનામૃતનું અમને પાન કરાવ્યું છે, તે ઉપકાર અમે કોઇ પણ રીત્યે વાળી શકીએ તેમ નથી, હે સર્વજ્ઞ નિસ્પૃહ તપોમૂર્ત્તિ ! જો રાજર્ષિસંપ્રદાયની પરમ્પરાના કોઇ ક્ષત્રિય મહાત્મા આપના અત્યારલગીના તીર્થાટનમાં આપના જોવામાં આવ્યા હોય તો આ સેવકને જણાવશો તો મોટો ઉપકાર થશે.

મહાત્માએ તરત જ ઉત્તર આપ્યુંઃ—હે સ્વધર્મનિષ્ઠ રાજેન્દ્ર ! એવા રાજર્ષિસંપ્રદાયના જ્ઞાનયોગના રહસ્યજ્ઞાતા આપના જ આશ્રિત મહારાજાઓ પૈકીના એક શ્રીસોરભસંસ્થાનાધીશ્વર શ્રીવજ્રવન્વા મહારાજ છે. તેઓ આપને ઉક્ત પરમ્પરાના જ્ઞાનસંબંધે સંપૂર્ણ સંતોષ આપી શકે એવા સમર્થ છે.

શ્રીપંચવરદે કહ્યુંઃ—ભગવન્! એ અમારા ભાયાતવર્ગના પણ છે. એ ક્ષાત્રધર્મની તો મૂર્ત્તિરૂપેજ આખા જગતમાં પ્રસિદ્ધ છે, પણ તેઓ રાજર્ષિપરમ્પરાનાતત્ત્વવેત્તા છે એ વાત તો અમે કોઇ જાણતા નથી.

મહાત્માએ પ્રેમપૂર્વક કહ્યુંઃ—આપશ્રી એમનેજ આમંત્રણ કરી તેમનો સમાગમ કરશો તો આપને સંતોષ થશે. જે મહાપુરુષો પાસે એવી મહાવિદ્યાઓ હોય છે તેઓ તે ગુપ્તજ રાખે છે. બહાર પ્રસિદ્ધ કરતા નથી.

એટલું કહીને તે મહાત્મા ત્યાંથી ચાલી નીકલ્યા. શ્રીપંચવરદ મહારાજા રાજર્ષિસંપ્રદાયનો પત્તો લાગવાથી પ્રસન્ન થતા પોતાના મહાલયમાં ગયા.

इति श्रीपंचवरदवृत्तान्ते तृतीयः समागमः